# નિયમસાર સાધના

## ભાગ - ૪

પૂ. ગુરુદેવશ્રી દ્વારા નિયમસાર શાસ્ત્ર પર (૧૯૭૧-૭૩)માં થયેલાં પ્રવચનોનું અક્ષરશઃ શાસ્ત્ર



શ્રી સીમંધરસ્વામી



શ્રી કુંદકુંદઆચાર્યદેવ

ૐ



શ્રી પદ્મપ્રભમલધારિદેવ



પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામી

**અધિકાર**

જીવ | અજીવ | શુદ્ધભાવ | વ્યવહારચારિત્ર | પરમાર્થ-પ્રતિક્રમણ | નિશ્ચય-પ્રત્યાખ્યાન
પરમ-આલોચના | શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત | પરમ-સમાધિ | પરમ-ભક્તિ | નિશ્ચય-પરમાવશ્યક | શુદ્ધોપયોગ

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમસાર સાધના
# ભાગ-૪

( શ્રીમદ્ કુંદકુંદાચાર્યવર પ્રણીત શ્રી નિયમસાર
ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ. સ. ૧૯૭૧-૭૩ની સાલના પ્રવચન )

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૮૦

વીર સંવત
૨૫૫૦

ઈ. સન
૨૦૨૪

: પ્રકાશન પ્રસંગ :
અષાઢ સુદ ૧૫, ૨૧-૦૭-૨૦૨૪;
૮મા નંદીશ્વર દ્વીપમાં આવેલ શાશ્વત જિનપ્રતિમાના પૂજનના
શાશ્વત પર્વ શ્રી અષ્ટાન્હિકા પર્વની પૂર્ણતા
(અષાઢ માસની અષ્ટાન્હિકા)

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ, સૌરાષ્ટ્ર-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com,
email : info@vitragvani.com

ટાઈપ સેટીંગ
નિજેશ જૈન
મો. : ૯૬૬૨૫૩૫૩૮૭

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ સીમંધરભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ; પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધરભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતા–કરતા તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવતત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. ''નિયમસાર'' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયા છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ શ્રી વીરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતાં કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમ પારિણામિક ભાવની ખૂબ મહિમા ગાઈ છે. આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે. સંસાર દાવાનળ સમાન છે અને સિદ્ધદશા તથા મુનિદશા પરમ સહજાનંદમય છે--એવા ભાવનું એકધારું વાતાવરણ આખી ટીકામાં બ્રહ્મનિષ્ઠ મુનિવરે અલૌકિક રીતે સર્જ્યું છે અને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓની વ્રત, નિયમ, તપ, બ્રહ્મચર્ય, ત્યાગ, પરિષહજય ઇત્યાદિરૂપે કોઈ પણ પરિણતિ હઠપૂર્વક, ખેદયુક્ત, કષ્ટજનક કે નરકાદિના ભયમૂલક હોતી નથી પણ અંતરંગ આત્મિક વેદનથી થતી પરમ પરિતૃપ્તિને લીધે સહજાનંદમય હોય છે.

શ્રી નિયમસારમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ૧૮૭ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ મૂળ ગાથાઓનો તથા ટીકાનો હિંદી અનુવાદ કર્યો છે. પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા આ નિયમસારની મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત ટીકા અને તે ગાથા – ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. આ શાસ્ત્રજીમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર, (૨) અજીવ અધિકાર, (૩) શુદ્ધભાવ અધિકાર, (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર, (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર, (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર, (૭) પરમ આલોચના અધિકાર, (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર, (૯) પરમ સમાધિ અધિકાર, (૧૦) પરમ ભક્તિ અધિકાર, (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર, (૧૨) શુદ્ધોપયોગ અધિકાર.

આ નિયમસાર ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય હતો. આચાર્યદેવે નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે, જે ગુરુદેવશ્રી પોતાના આચાર્ય ગુરુવરની ઉત્કૃષ્ટ સાધના યાદ કરાવતું. તેમને તેની ઉપર ખૂબ જ ઊંડાણથી સ્વાધ્યાય કર્યો હતો અને જાહેરમાં ઘણીવાર તેની ઉપર પ્રવચન પણ કર્યા હતા. આ પ્રવચનોમાંથી આપણી પાસે છ વખતના પ્રવચન આખા ઉપલબ્ધ છે. અત્રે પ્રસ્તુત પ્રવચન તેમાંથી એક વારના પ્રવચનો છે, જે વી. સં. ૨૪૯૭ થી ૨૪૯૯ (ઈ. સ. ૧૯૭૧-૭૩) વર્ષ દરમ્યાનના નિયમસાર શાસ્ત્ર પરના ૨૧૫ પ્રવચનો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને નિરંતર એવી ભાવના રહેતી કે મુમુક્ષુઓ નીતરતા સતધર્મનું શ્રવણ કરી અને નિજ કલ્યાણના માર્ગમાં આગળ વધે. આ જ ઉત્કૃષ્ટભાવનાથી આવાં ગહન શાસ્ત્ર કે જે કુંદકુંદાચાર્યદેવે નિજ ભાવના અર્થે રચ્યું છે, તેને પૂજ્યશ્રીએ છ-છ વાર જાહેર સભામાં લીધું હતું. આ ગહન પ્રવચનો અત્રે અક્ષરશઃ શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે આ શાસ્ત્ર ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવનાનું જ ફળ છે. અધ્યાત્મનું ઊંડું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવામાં અમો અસમર્થ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબસાઈટ (www.vitragvani.com), એપ (Vitragvani App) તથા સોશ્યલ મીડિયા (www.youtube.com/c/vitragvani) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે, કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે નિયમસાર શાસ્ત્ર ઉપરના ૧૯૭૧-૭૩માં થયેલ ૨૧૫ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી નિયમસાર સાધના ભાગ-૪માં અત્રે (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર અને (૭) પરમ આલોચના અધિકાર પરના સળંગ ૩૯ પ્રવચનો પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરતધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય શ્રી નિજેશ જૈન, સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી દિનેશભાઈ શાહ, વિલે પાર્લા, શ્રી અતુલભાઈ જૈન, મલાડ અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો (www.vitragvani.com અને Vitragvani App) ઉપર ઉપલબ્ધ છે.

પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ,
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ




કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદગુરુદેવ
# શ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ''ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં રુંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે. વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ''શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં

સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

''સ્ટાર ઓફ ઇન્ડિયા''માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર''નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું.

આ ''સ્વાધ્યાય મંદિર'' જીવન-પર્યન્ત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી ''આત્મધર્મ'' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું ''શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ'' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તકરૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત

દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ (ગુજરાત) ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ સાતમ, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં

એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરુપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છેઃ

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ - ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસનસ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો.

# અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| (૬) નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર | | | | | | |
| ૯૩ | ૧૦-૦૯-૧૯૭૨ | ભાદરવા સુદ ૩ | રવિવાર | ૯૫-૯૬ | - | ૧-૧૧ |
| ૯૪ | ૧૧-૦૯-૧૯૭૨ | ભાદરવા સુદ ૪ | સોમવાર | ૯૬ | ૧૨૭ | ૧૨-૨૦ |
| ૯૫ | ૧૨-૦૯-૧૯૭૨ | ભાદરવા સુદ ૫ | મંગળવાર | ૯૬ | - | ૨૧-૩૦ |
| ૯૬ | ૧૪-૦૯-૧૯૭૨ | ભાદરવા સુદ ૭ | ગુરુવાર | ૯૭ | ૧૨૮ | ૩૧-૪૧ |
| ૯૭ | ૧૫-૦૯-૧૯૭૨ | ભાદરવા સુદ ૮ | શુક્રવાર | ૯૭ | ૧૨૯ | ૪૨-૫૩ |
| ૯૮ | ૧૬-૦૯-૧૯૭૨ | ભાદરવા સુદ ૮ | શનિવાર | - | ૧૩૦-૧૩૨ | ૫૪-૬૪ |
| ૯૯ | ૧૭-૦૯-૧૯૭૨ | ભાદરવા સુદ ૯ | રવિવાર | ૯૮ | - | ૬૫-૭૫ |
| ૧૦૦ | ૧૮-૦૯-૧૯૭૨ | ભાદરવા સુદ ૧૦ | સોમવાર | ૯૯ | ૧૩૩ | ૭૬-૮૬ |
| ૧૦૧ | ૧૯-૦૯-૧૯૭૨ | ભાદરવા સુદ ૧૧ | મંગળવાર | ૧૦૦ | ૧૩૪ | ૮૭-૯૮ |
| ૧૦૨ | ૨૦-૦૯-૧૯૭૨ | ભાદરવા સુદ ૧૨ | બુધવાર | ૧૦૦ | - | ૯૯-૧૦૯ |
| ૧૦૩ | ૨૧-૦૯-૧૯૭૨ | ભાદરવા સુદ ૧૩ | ગુરુવાર | ૧૦૦ | - | ૧૧૦-૧૨૧ |
| ૧૦૪ | ૨૨-૦૯-૧૯૭૨ | ભાદરવા સુદ ૧૪ | શુક્રવાર | ૧૦૧ | ૧૩૫-૧૩૬ | ૧૨૨-૧૩૩ |
| ૧૦૫ | ૨૪-૦૯-૧૯૭૨ | ભાદરવા વદ ૧ | રવિવાર | ૧૦૨ | ૧૩૭ | ૧૩૪-૧૪૫ |
| ૧૦૬ | ૨૫-૦૯-૧૯૭૨ | ભાદરવા વદ ૨ | સોમવાર | ૧૦૩ | ૧૩૮ | ૧૪૬-૧૫૭ |
| ૧૦૭ | ૨૬-૦૯-૧૯૭૨ | ભાદરવા વદ ૩ | મંગળવાર | ૧૦૩ | - | ૧૫૮-૧૭૦ |
| ૧૦૮ | ૨૭-૦૯-૧૯૭૨ | ભાદરવા વદ ૪ | બુધવાર | ૧૦૩-૧૦૪ | ૧૩૯ | ૧૭૧-૧૮૪ |
| ૧૦૯ | ૨૮-૦૯-૧૯૭૨ | ભાદરવા વદ ૬ | ગુરુવાર | ૧૦૪ | - | ૧૮૫-૧૯૭ |
| ૧૧૦ | ૨૯-૦૯-૧૯૭૨ | ભાદરવા વદ ૭ | શુક્રવાર | - | ૧૪૦-૧૪૧ | ૧૯૮-૨૦૯ |
| ૧૧૧ | ૦૧-૧૦-૧૯૭૨ | ભાદરવા વદ ૯ | રવિવાર | ૧૦૫ | - | ૨૧૦-૨૨૨ |
| ૧૧૨ | ૦૨-૧૦-૧૯૭૨ | ભાદરવા વદ ૧૦ | સોમવાર | ૧૦૫ | ૧૪૨ | ૨૨૩-૨૩૬ |
| ૧૧૩ | ૦૩-૧૦-૧૯૭૨ | ભાદરવા વદ ૧૧ | મંગળવાર | ૧૦૬ | ૧૪૩-૧૪૪ | ૨૩૭-૨૪૮ |
| ૧૧૪ | ૦૬-૧૦-૧૯૭૨ | ભાદરવા વદ ૧૪ | શુક્રવાર | - | ૧૪૫-૧૪૭ | ૨૪૯-૨૬૦ |
| ૧૧૫ | ૦૮-૧૦-૧૯૭૨ | આસો સુદ ૧ | રવિવાર | - | ૧૪૮-૧૫૦ | ૨૬૧-૨૭૦ |

| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧૧૬ | ૦૯-૧૦-૧૯૭૨ | આસો સુદ ૨ | સોમવાર | ૧૦૭ | ૧૫૧ | ૨૭૧-૨૮૧ |
| (૭) પરમ આલોચના અધિકાર | | | | | | |
| ૧૧૭ | ૧૦-૧૦-૧૯૭૨ | આસો સુદ ૩ | મંગળવાર | ૧૦૮ | ૧૫૨-૧૫૩ | ૨૮૨-૨૯૨ |
| ૧૧૮ | ૧૧-૧૦-૧૯૭૨ | આસો સુદ ૪ | બુધવાર | ૧૦૯ | ૧૫૪ | ૨૯૩-૩૦૩ |
| ૧૧૯ | ૧૩-૧૦-૧૯૭૨ | આસો સુદ ૬ | શુક્રવાર | - | ૧૫૪-૧૫૬ | ૩૦૪-૩૧૩ |
| ૧૨૦ | ૧૪-૧૦-૧૯૭૨ | આસો સુદ ૭ | શનિવાર | - | ૧૫૭-૧૫૯ | ૩૧૪-૩૨૪ |
| ૧૨૧ | ૧૫-૧૦-૧૯૭૨ | આસો સુદ ૮ | રવિવાર | ૧૧૦ | - | ૩૨૫-૩૩૪ |
| ૧૨૨ | ૧૭-૧૦-૧૯૭૨ | આસો સુદ ૧૦ | મંગળવાર | ૧૧૦ | - | ૩૩૫-૩૪૫ |
| ૧૨૩ | ૧૮-૧૦-૧૯૭૨ | આસો સુદ ૧૧ | બુધવાર | ૧૧૦ | - | ૩૪૬-૩૫૫ |
| ૧૨૪ | ૧૯-૧૦-૧૯૭૨ | આસો સુદ ૧૨ | ગુરુવાર | ૧૧૧ | ૧૬૦-૧૬૧ | ૩૫૬-૩૬૩ |
| ૧૨૫ | ૨૦-૧૦-૧૯૭૨ | આસો સુદ ૧૩ | શુક્રવાર | - | ૧૬૨-૧૬૫ | ૩૬૪-૩૭૩ |
| ૧૨૬ | ૨૧-૧૦-૧૯૭૨ | આસો સુદ ૧૪ | શનિવાર | - | ૧૬૬-૧૬૯ | ૩૭૪-૩૮૪ |
| ૧૨૭ | ૨૨-૧૦-૧૯૭૨ | આસો સુદ ૧૫ | રવિવાર | ૧૧૨ | ૧૭૦ | ૩૮૫-૩૯૫ |
| ૧૨૮ | ૨૪-૧૦-૧૯૭૨ | આસો વદ ૨ | મંગળવાર | ૧૧૨ | ૧૭૧-૧૭૨ | ૩૯૬-૪૦૬ |
| ૧૨૯ | ૨૫-૧૦-૧૯૭૨ | આસો વદ ૩ | બુધવાર | - | ૧૭૩-૧૭૫ | ૪૦૭-૪૧૭ |
| ૧૩૦ | ૨૬-૧૦-૧૯૭૨ | આસો વદ ૪ | ગુરુવાર | - | ૧૭૬-૧૭૭ | ૪૧૮-૪૨૮ |
| ૧૩૧ | ૨૭-૧૦-૧૯૭૨ | આસો વદ ૬ | શુક્રવાર | ૧૧૩ | ૧૭૮-૧૭૯ | ૪૨૯-૪૩૯ |

**ભાદરવા સુદ ૩, રવિવાર, તા. ૧૦-૯-૧૯૭૨**
**ગાથા-૯૫-૯૬, પ્રવચન નં. ૯૩**

નિયમસાર, ૯૫ ગાથા, (નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકારની) પહેલી ગાથા. **અહીં ગાથાસૂત્રનું અવતરણ કરવામાં આવે છે.**

**मोत्तूण सयलजप्पमणागयसुहमसुहवारणं किच्चा ।**
**अप्पाणं जो झायदि पच्चक्खाणं हवे तस्स ॥९५॥**
**પરિત્યાગી જલ્પ સમસ્તને, ભાવી શુભાશુભ વારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, પચખાણ છે તે જીવને. ૯૫.**

આ પચ્ચક્ખાણની વ્યાખ્યા છે. પ્રતિક્રમણની વ્યાખ્યા ગઈ. ભવિષ્યને માટે શુભ-અશુભભાવનો ત્યાગ એટલે કે સ્વરૂપ આનંદકંદ ઘન છે એમાં ઠરવું (અર્થાત્) જ્ઞાન ને આનંદરૂપ છે એમ રહેવું, એનું નામ પ્રત્યાખ્યાન છે. કહો સમજાણું કાંઈ?

**ટીકા : આ, નિશ્ચયનયના પ્રત્યાખ્યાનના સ્વરૂપનું કથન છે.** છતાં પહેલો વ્યવહાર સમજાવે છે. **અહીં એમ કહ્યું છે કે—વ્યવહારનયના કથનથી...** મુનિની મુખ્યતાએ વ્યાખ્યા છેને. **મુનિઓ દિને દિને ભોજન કરીને...** મુનિને એકવાર આહાર હોય છે. **દિને દિને ભોજન કરીને પછી યોગ્ય કાળપર્યંત...** અમુક કાળપર્યંત ચોવીસ કલાક, અડતાલીસ કલાક વિગેરે. **અન્ન, પાન, ખાદ્ય અને લેહ્યની રુચિ છોડે છે...** ચાર પ્રકારના આહારની વૃત્તિ છોડે છે. અંતરના આનંદના અને જ્ઞાનના ભાવની ભાવના દ્વારા આ રુચિ છોડે છે. **આ વ્યવહાર-પ્રત્યાખ્યાનનું સ્વરૂપ છે.** રાગાદિ.... ચાર પહોર કે આઠ પહોર આહાર ન લેવો એવી વૃત્તિ વ્યવહાર હોં. નિશ્ચય તો છે, અનંત જ્ઞાન, આનંદ, વીર્ય ને સુખ એવું સ્વરૂપ પોતાનું છે એવી તો દ્રષ્ટિ ને અનુભવ થયો છે. એ ઉપરાંત વ્યવહારના આહારાદિના ત્યાગની વૃત્તિ જે છે એ વૃત્તિ છોડે છે.

**નિશ્ચયનયથી, પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાના પ્રપંચના પરિહાર...** ભાષા 'વચન' લીધી છે, પણ 'વિકલ્પ' (અર્થ) છે ત્યાં. શુભ-અશુભ જે રાગ છે એના પ્રપંચનો વિસ્તાર, એનો પરિહાર એ ત્યાગ. **શુદ્ધજ્ઞાનભાવનાની સેવાના પ્રસાદ દ્વારા...** પ્રત્યાખ્યાન, આ પ્રત્યાખ્યાનનું સ્વરૂપ છે. કે શુદ્ધજ્ઞાન જે આત્મા ત્રિકાળી, સામાન્ય જે શુદ્ધ જ્ઞાનસ્વભાવ ત્રિકાળ એની ભાવનાથી, એની ભાવના (એટલે) શુદ્ધસ્વભાવની એકાગ્રતા, ત્રિકાળ શુદ્ધ જ્ઞાનાનંદ-સ્વભાવ એની એકાગ્રતા, એની સેવાના પ્રસાદ દ્વારા... **ભાવનાની સેવાના પ્રસાદ દ્વારા...** છે તો શુદ્ધજ્ઞાન ત્રિકાળી એની સેવા. એની એકાગ્રતા થઈ એ એની ભાવનાની સેવા. શુદ્ધ આનંદઘન પ્રભુ એના (સ્વભાવમાં) ત્રણે કાળ, ત્રણ લોકમાં ઉદયભાવ–સંસારભાવ છે જ નહીં. એવા

સ્વભાવના અવલંબનમાં જે ભાવના–એકાગ્રતા પ્રગટે, એની સેવાના પ્રસાદ દ્વારા... આ પચ્ચખાણની વ્યાખ્યા આવી.

પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનના ત્યાગ વડે અને શુદ્ધજ્ઞાનભાવનાની સેવા, એના પ્રસાદ દ્વારા... આહા! હજી તે, જ્ઞાનસ્વરૂપ દ્રવ્ય શું છે એનો જેને પત્તો નથી એ ભાવના કઈ રીતે કરે? સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધજ્ઞાન–પવિત્ર જ્ઞાનમય પિંડ પ્રભુ છે એવું દ્રષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યા વિના એની ભાવનાની સેવા શી રીતે કરે? સમજાણું કાંઈ? માર્ગ પ્રભુ વીતરાગનો બહુ ઝીણો. અત્યારે તો કહે, અપવાસ કરે, પચખાણ કરે, થઈ ગયો ધર્મ, જાઓ. આ પર્યુષણમાં આઠ અપવાસ કરે, થઈ ગયા પ્રત્યાખ્યાન–પચ્ચખાણ.

શ્રોતા : હજારો માણસમાં ઊભા થઈને પચ્ચખાણ લે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, હા. હજાર, શું લાખ માણસમાં ઊભા થઈને લે. હજાર માણસમાં ઊભો થઈને લેને? અંદરમાં ઊભો થઈને નહીં ને? વાણિયા છે એ. ભલે એને એમ હોય, પણ એમ કે હું ત્યાગ (કરું), મારે પચ્ચખાણ છે એની ખબર નથી એ ચીજની.

પચ્ચખાણ તે શું ચીજ છે? ભગવાન આત્માનો જ્ઞાનસ્વભાવ, શુદ્ધસ્વભાવ એ રાગરૂપે પરિણમ્યો જ નથી, રાગ એમાં વ્યાપતો જ નથી, વિકાર એમાં આવતો જ નથી. સમજાણું કાંઈ? આ પર્યુષણમાં આવું આવે લ્યો. કહો, સમજાણું કાંઈ? આત્મા વસ્તુ અસ્તિ–સત્તા છે, જેમાં શુદ્ધજ્ઞાનનું હોવાપણું ત્રિકાળ છે. જેનું શુદ્ધ–પવિત્ર જ્ઞાન ધ્રુવ ત્રિકાળ છે. એની ભાવના એટલે અંતર એકાગ્રતામાં એ જ્ઞાનસ્વભાવ રાગ ને પુણ્ય-પાપના વિકલ્પમાં વ્યાપતો નથી, એમાં આવતા નથી એટલે કે જ્ઞાનસ્વરૂપની એકાગ્રતા થતાં એ વિકાર દૂર રહી જાય છે અને અંદર સ્થિરતા સ્વરૂપમાં થાય, જ્ઞાન આનંદરૂપે રહે, જ્ઞાનસ્વરૂપ જ્ઞાનરૂપે રહે એનું નામ પ્રત્યાખ્યાન છે. આહાહા! કહો, સમજાય છે કાંઈ?

એ તો નિશ્ચયની વાત કરી, પણ વ્યવહાર? વ્યવહાર કહ્યો પહેલો. આવું જ્યાં ભાન હોય છે, ત્યાં ચાર પહોર, આઠ પહોર ત્યાગની વૃત્તિ ઉઠે એને વ્યવહાર વિકલ્પ કહેવાય છે. પણ આવું જ્યાં ભાન જ નથી એને વ્યવહારેય કહેવાતો નથી. સમજાણું કાંઈ? આહાહા! દેહના પિંડમાં પ્રભુ ચૈતન્ય બ્રહ્માનંદ... 'ખોજ પિંડ બ્રહ્માંડકા તો પતા લગ જાય'. ભગવાન અંદર પૂર્ણાનંદસ્વરૂપ પોતાની મહાસત્તા–હોવાપણાથી શોભિત એવું જે ત્રિકાળી જ્ઞાન શુદ્ધ–પવિત્ર, એની ભાવના કરતા એમાં રાગ વ્યાપતો નથી, રાગ આવતો નથી, પણ સ્વરૂપની સ્થિરતા થતાં અરાગી–નિરાગી પરિણતિ થાય તેને પચ્ચખાણ કહેવામાં આવે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

**શુદ્ધજ્ઞાનભાવનાની સેવના**... ભાવનાની સેવા, એમ. એટલે અંદર સ્વરૂપ શુદ્ધજ્ઞાનઘન, આનંદ–નિત્યાનંદ અનંત ચતુષ્ટયથી બિરાજમાન છે પ્રભુ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત

આનંદ, અનંત વીર્ય એવા ચાર અનંત.. એવા ચાર અનંત-બેહદ સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા, એ પોતે સ્વભાવની એકાગ્રતા કરતાં એમાં રાગ દૂર રહી જાય છે. એ દૂર રહી જાય છે એને 'છોડ્યું' એમ વ્યવહારે કહેવાય છે. નિશ્ચયથી તો એ જ્ઞાનસ્વરૂપમાં ઠરે છે, જ્ઞાન જ્ઞાનરૂપે રહેલું જ છે એને એ પ્રમાણે રાખીને ઠરે છે, એને પચ્ચખાણ કહે છે. ભારે વ્યાખ્યા. સમજાણું કાંઈ? કેમકે જે પર્યાયમાં-અવસ્થામાં પુણ્ય-પાપના વિભાવનું વ્યાપવું થયું એ તો મિથ્યાભાવ છે. સમજાણું કાંઈ? પણ સ્વભાવની દ્રષ્ટિ કરતા, ભગવાન ચૈતન્યસ્વભાવે પૂર્ણ પ્રભુ એની અંતર એકાગ્રતાની સેવા કરતા, રાગનું વ્યાપવું એના સ્વભાવભાવની પર્યાયમાં પણ નથી. સમજાણું કાંઈ?

આવું પચ્ચખાણ. આવું પચ્ચખાણનું સ્વરૂપ વીતરાગમાર્ગમાં છે. ભક્તિનું વ્યાખ્યાન કરશે. આ તો પ્રપંચના પરિહાર વડે એટલે કે શુભાશુભ રાગને અડ્યા વિના... સ્વરૂપ શુદ્ધ જ્ઞાનઘન પ્રભુ આત્મા એ ચીજ શું છે? અનંત-બેહદ-અપરિમિત સ્વભાવનો પિંડલો એ પ્રભુ છે. એવા સ્વભાવનો અંતર્મુખ થઈને સ્વીકાર કરવાથી અને એમાં વિશેષ એકાગ્ર થવાથી... સમજાણું કાંઈ? એને પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞ તીર્થંકરદેવ પચ્ચખાણ કહે છે. અજ્ઞાનીઓ માની બેસે છે કે મારે પચ્ચખાણ ... છે. સમજાણું કાંઈ? એ પચ્ચખાણ નહીં. પચ્ચખાણ-સ્વરૂપમાં ઠરે એને જન્મ-મરણના અંત આવ્યા, એને પચ્ચખાણ હોય છે. સમજાણું કાંઈ? એટલે કે ભવિષ્યના જન્મ-મરણના કારણના ભાવો પણ જ્યાં અડતા નથી એને. સમજાણું કાંઈ?

શુભ ને અશુભ રાગ, એ તો વર્તમાનથી છૂટ્યો એવો જ પ્રત્યાખ્યાન ભવિષ્યથી પણ છૂટ્યો છે. આ તો એક એની સમજાવવાની રીત છે. વર્તમાન રાગ ને દ્વેષના પરિણામ-વિભાવ એને ભિન્ન રાખતો સ્વભાવ, એ પણે નહીં પરિણમતો, જેણે સ્વભાવ જાણ્યો કે આ તો ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ એવો સ્વભાવ તે રાગના વિભાવપણે કેમ વ્યાપે? સમજાણું કાંઈ? એ તો પોતાના પવિત્ર સ્વભાવની સેવામાં વ્યાપે છે. આહાહા! શેઠ! આહાહા! આવી વાત છે. (શ્રોતાઃ જૈનધર્મમાં સેવા આવે છે ખરી). સેવા, આ સેવા નથી? આહાહા! (શ્રોતાઃ ...) એ નહીં. ...... ઓલા પાંચ-પચાસ હજાર લાખની મૂડી (હોય), આપી હશે સેવામાં. સેવાધર્મ.. ધર્મ. ધૂળેય નથી ધર્મ એમાં. (શ્રોતાઃ સેવાધર્મ પરમજ્ઞાન ....... યોગીનાંપિ) યોગીનાંપિ. એ સેવા.

સમયસારમાં ૧૯ ગાથામાં આવ્યું છે અંદર. મહારાજ! આ આત્મા અને જ્ઞાન બેની સેવા તો અનાદિની ભેગી છે. આત્માએ જ્ઞાનની સેવા તો તદાત્મ્યપણે સેવા કરી છે. ના, ના, ભાઈ! એ જ્ઞાનસ્વભાવ અને આત્મા બેય એક-અભેદ છે એવી દ્રષ્ટિની પર્યાય થયા વિના જ્ઞાનની સેવા કરી છે એમ હોઈ શકે નહીં. આહાહા! તો એ સેવા છે. આહાહા! કોણ પરની સેવા કરી શકે? સમજાણું? ભગવાન પોતાનો સ્વભાવ એનો પ્રેમ છોડીને, આત્મા સિવાય રાગાદિ પરમાં સુખબુદ્ધિનું થવું, મારાપણાની વૃદ્ધિ થવી અને કર્તાપણે પરિણમવું-કર્તા થઈને

પરિણમવું હોં આમ—એ ત્રણ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? પોતાના સિવાય કોઈપણ રાગાદિનો વિકલ્પ, એના બંધન કે એના ફળમાં કંઈપણ સુખબુદ્ધિ થવી, હિતબુદ્ધિ થવી, કર્તાની બુદ્ધિ થવી અને મારાપણાનું અભિમાન થવું, સમજાણું કાંઈ? આહાહા! એનું નામ મિથ્યાદ્રષ્ટિપણું છે. બહારનો ત્યાગી થયો માટે એને કાંઈ મિથ્યા દ્રષ્ટિ વઈ ગઈ એમ છે નહીં. આહાહા!

ત્યાગની વ્યાખ્યા ચાલે છેને! અંતરથી ત્યાગ જોઈએ. સ્વરૂપથી વિપરીત માન્યતા એનો ત્યાગ થતાં, સ્વરૂપમાં પરમસ્વરૂપનો સત્કાર, આદર, બહુમાન, મહિમા થતાં જે પરિણમન થાય એ પરિણમનની અવસ્થાને સમકિત કહે છે. સમજાણું કાંઈ? 'તત્પ્રતિ પ્રીતિ..' આવે છેને. ..... પ્રીતિ કર. નિર્જરા અધિકારમાં છે. અરે ભાઈ! પરમપ્રભુ પરમાત્મા તું છો એની પ્રીતિ કર. રાગ ને રાગના બંધન ને એના ફળની પ્રીતિ છોડ તું. એ ઝેરની સાથે ભાઈબંધપણા છે. આ તો અમૃતનો સાગર ભગવાન આત્મા એની સાથે ગોઠડી કરને. આહાહા! પૂર્ણ જ્ઞાન આનંદ શુદ્ધ... આવ્યુંને. શુદ્ધજ્ઞાન. બહુ ટૂંકી વ્યાખ્યા કરી છે. આત્મા એટલે શુદ્ધજ્ઞાન. પર્યાયની વાત અત્યારે નથી આમાં. સમજાણું કાંઈ?

શુદ્ધજ્ઞાન, પવિત્રજ્ઞાન, ઉજળું જ્ઞાન, શોભિતજ્ઞાન, ચકચકિત થતું જ્ઞાન ત્રિકાળી એમાં અંદરમાં એકાગ્ર થઈ અને એની સેવા કરવામાં આવે એનું નામ પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. કાંઈ પત્તો ખાય નહીં. અહીં તો સાધારણ અત્યારે પર્યુષણમાં હો-હા, હો-હા, પોષા કર્યા, પડિકમણા કર્યા ને તપસ્યાઓ કરી, હજારો માણસો ભેગા થયા. અરે ભાઈ! એક સમયનું પચ્ચખાણ ભવિષ્યના સંસારનો અભાવ કરે છે. પચ્ચખાણ છેને આ. સમજાણું કાંઈ? એને અંતરમાં ભણકાર વાગે, નાદ આવે પરિણતિનો કે હું તો ભગવાન પૂર્ણ પરમાનંદ શુદ્ધ એની પરિણતિવાળો હું છું, એની દશાવાળો છું. એ દશાને સંસાર ન હોય. એને વર્તમાનમાંય ન હોય ને ભવિષ્યમાંય ન હોય, એનું નામ પચ્ચખાણ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

એ શુદ્ધજ્ઞાન, એની ભાવના. ભાવના શબ્દે વિકલ્પ ને ચિંતવના એ નહીં. ભાવનાનો અર્થ રતનચંદજી આદિ કેટલાક (એમ) કરે છે. સામાયિકમાં તે શુદ્ધોપયોગની ભાવના હોય છે એવું આવે છે પ્રવચનસાર ટીકામાં. ત્યારે એનો અર્થ એ કરે છે, એની ચિંતવના હોય છે કે શુદ્ધભાવ આવો હોય. ચિંતવના તો વિકલ્પ છે, રાગ છે. એ ભાવના ન કહેવાય. ભાવ જેમાંથી પ્રસરે, પરિણમે, જેવો ત્રિકાળીભાવ છે એવું પરિણમન એને થાય, સમજાણું કાંઈ? એને ભાવના કહેવામાં આવે છે. આહાહા! (શ્રોતાઃ ......) દુનિયા તો ગાંડી છે માટે કહે છે. પાગલ છે દુનિયા. ક્યાંનું ક્યાંય માને, રખડી મરે બિચારા. અરેરે! એવા પચ્ચખાણવાળા... સમજાણું કાંઈ? પચ્ચખાણ નામ આપે ને રખડે ચાર ગતિમાં, એ પચ્ચખાણ કહેવાય?

જેનો અંતર સંસારનો ઉદયભાવ આખો વેગળો પડી ગયો–રહી ગયો (જુદો અને) એકલો પરમસ્વભાવભાવ એની ભાવના પછી એ ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિકભાવે હો. એની સેવાના પ્રસાદ દ્વારા, આહાહા! **જે નવાં શુભાશુભ દ્રવ્યકર્મોનો તેમજ ભાવકર્મોનો સંવર થવો...** નવા જડકર્મ પણ ન આવે અને પુણ્ય-પાપના વિકલ્પ–ભાવકર્મ પણ ન થાય અને થાય તો શુદ્ધની એકાગ્રતા થાય. ભારે વ્યાખ્યા આવી. આ વીતરાગમાર્ગ તો એવો છે. જૈનમાં જન્મ્યા એને વીતરાગની ખબર નથી.

વીતરાગ ત્રણ લોકના નાથ પરમાત્મા એને એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન છે. પોતાની પર્યાયનું જ એવડું સામર્થ્ય છે. એ નિર્મળદશા થતાં પોતાની ત્રણ કાળની પર્યાય પણ પોતે જાણી. એવા જગતના પદાર્થો પોતાની પર્યાયને પરિણમી જતાં જણાઈ જાય છે. એવા ભગવાનના શ્રીમુખે પ્રત્યાખ્યાનની તો આ વ્યાખ્યા આવી છે. સમજાય છે કાંઈ? જેને ભગવાન પરમાનંદ પ્રભુ.... એ પોપટભાઈ! આવું માનતા હતા કે નહીં ત્યાં પહેલા? ...... એ વખતે જે મળ્યું હોય એ.... બાહ્ય નજરથી એવું છે. આહાહા!

કહે છે કે પ્રભુ એકરૂપ જીવ જે છે ચૈતન્યસ્વરૂપ એમાં જેટલા એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય ને ચૌઇન્દ્રિયના ભેદ પડે એ બધા પુદ્ગલને કારણે પડ્યા માટે પુદ્ગલ છે, જીવ નહીં. આહાહા! સમજાણું કાંઈ? વળી (સમયસાર) ૪૬ ગાથામાં એમ આવ્યું, જો એને એ રીતે નહીં માનો તો એની હિંસા કરતા..... ...સર્વથા એકેન્દ્રિયાદિ જીવ નથી અને શરીરને ને આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી, તો તો જેમ ભસ્મને ચોળવાથી જેમ પાપ નથી તેમ એકેન્દ્રિય જીવને ચોળવાથી પાપ નથી. આરે ભારે વાત. ભાઈ! ત્યાં તો એમ (કહ્યું કે) જીવને પુદ્ગલ સાથે, કર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, ભેદ છે એકેન્દ્રિય-બેન્દ્રિયનો એવો પણ વ્યવહારે એની સાથે સંબંધ છે. ખરેખર વ્યવહારનયથી કહીએ તો એકેન્દ્રિય આદિ જીવ છે. આહાહા! સમજાણું કાંઈ?

પણ એ તો અભૂતાર્થદ્રષ્ટિથી એનો સંબંધ બતાવવા એના છે એમ કહ્યા છે, પણ અહીં નિશ્ચયસ્વરૂપ જે એનું–જીવનું છે એ તો ચૈતન્યમય છે, જ્ઞાનમય છે. એ આનંદની પર્યાય રાગરૂપે ન પરિણમી–વ્યાપી નહીં, પોતાની શુદ્ધ અવસ્થાપણે દ્રવ્ય વ્યાપ્યું, એવા પ્રસાદ દ્વારા... આહાહા! શુભાશુભ જડકર્મ... દેખો! શુભ-અશુભ ને જડકર્મ બધું અને એના કારણરૂપ ભાવકર્મો—બેયનો સંવર થવો, બેયનો આસ્રવ અટકી જવો અને સ્વરૂપમાં સ્થિરતાની જમવટ થઈ જવી, આહાહા! સમજાણું કાંઈ? એને ભગવાન પચ્ચખાણ–**પ્રત્યાખ્યાન** કહે **છે.** હજી પચ્ચખાણ કોને કહેવા એની ખબરું ન મળે, એની શ્રદ્ધાની ખબર ન મળે તો સ્થિરતાના પચ્ચખાણ કેમ આવે? એ તો ક્યાંય (દૂર) રહ્યા. આહાહા! સમજાણું કાંઈ?

**જે સદા અંતર્મુખ પરિણમનથી પરમ કળાના આધારરૂપ અતિ અપૂર્વ આત્માને ધ્યાવે છે...** આહાહા! જે સદા અંતર્મુખ ભગવાન પૂર્ણાનંદ બિરાજે છે એના પરિણમનથી પરમ કળાના આધારરૂપ એવી જે પરમ વીતરાગી પરિણતિનો આધાર અતિ અપૂર્વ આત્મા... ભાષા દેખો! એ દ્રષ્ટિમાં આવ્યો, સ્થિર થયો, એ અતિ અપૂર્વ આત્મા થયો. એવો અતિ અપૂર્વ આત્મા ત્રિકાળી હોં. વિશ્વાસ–દ્રષ્ટિમાં આવ્યો ત્યારે એને 'આ છે' એમ થયુંને. નહીંતર 'આ છે' એમ ભાસ્યા વિના આ છે એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? **પરમ કળાના આધારભૂત...** પરિણમનથી પરમકળા... નિર્દોષ દશા–શુભ-અશુભ રાગ વિનાની પરિણતિ એવી પરમકળાનો આધાર... આહાહા!

**અતિ અપૂર્વ આત્મા...** એવા આત્માને જે ધ્યાવે છે, એના ધ્યાનમાં જાય છે, એના પૂર્ણ સ્વરૂપને પકડીને ઠરે છે, વર્તમાન જ્ઞાનની દશામાં એને વિષય બનાવે છે, એને ધ્યાનમાં ધ્યેય બનાવે છે, તેને નિત્ય પ્રત્યાખ્યાન છે. એને સદાય ચોવીસ કલાક પ્રત્યાખ્યાન છે. કહો, સમજાણું કાંઈ? આરે, આવી વ્યાખ્યા. એવા ભગવાન આત્માને ધ્યાવે છે એટલે ધ્યાનમાં એને લે છે, એનું અંતર ધ્યાન કરે છે, એને પ્રત્યાખ્યાન હોય છે. સમજાણું કાંઈ? હજી તો એક સમજવું કે પ્રત્યાખ્યાન કોને કહે છે. ભાવવું એ તો અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન કોને કહેવું એવું શ્રદ્ધામાં જે આવવું... એટલે કે સંવર-નિર્જરાની દશા કોને કહેવી, આહાહા! અને આસ્રવની અટકતી દશા એનું શું સ્વરૂપ છે એ જાણવું જ વસ્તુસ્થિતિ છે. એ જાણવામાં આવવું એ જ અપૂર્વ વાત છે. સમજાણું કાંઈ?

**અતિ અપૂર્વ આત્માને ધ્યાવે છે**. આહાહા! પૂર્વે દ્રષ્ટિમાં આવ્યો નહોતો, 'આવો છે' એવો દ્રષ્ટિમાં કબૂલ્યો નહોતો. એવો કબૂલ્યો અતિ અપૂર્વ ભગવાન આત્માને. આહાહા! આઠ વર્ષની બાલિકા સમ્યગ્દર્શન પામે ત્યારે અતિ અપૂર્વ આત્માને ધ્યાવે છે. કહો, સમજાણું કાંઈ? આ સમાજમાં કહેવા માટે આ લખ્યું હશે કે ગોખવા માટે લખ્યું હશે? ભગવાન! તું તો પ્રભુ છેને. ઘણા આત્માનો સમુદાય છે એને સમાજ કહીએ. એક એક આત્મા જ આવો છેને. સમજાણું કાંઈ? એકલો શુદ્ધ જ્ઞાન, આનંદ, શુદ્ધ શાંતિ, શુદ્ધ પ્રભુતાનો સાગર એને કાંઠે એકાગ્ર થઈને, કાંઠે (એટલે) એની પર્યાયમાં આનંદનું આવવું એનું નામ પ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ?

એ તો નિશ્ચયની વાતું છે. આ નિશ્ચયની સાથે નાખ્યું. એ તો છે, હવે કરવું શી રીતે અમારે? સાધન શું? આ સાધનની તો વાત આવે છે. ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ એની એકાગ્રતા એ એનું સાધન છે. સમજાણું કાંઈ? વચમાં વિકલ્પ શુભાદિનો આવે એને વ્યવહાર સાધન કહેવાય. એ નથી એને કહેવું એનું નામ વ્યવહાર. નિમિત્તાદિની અપેક્ષાએ.. નિમિત્તાદિની અપેક્ષાએ ત્યાં જ્ઞાન કરાવ્યું છે. મોક્ષમાર્ગ પ્રકાશક. મોક્ષમાર્ગ પ્રકાશકમાં પણ ભારે કરી છે!

ટોડરમલજી. ........ જે પ્રમાણે જે કાળે .... હોય છેને. એમાં વળી એનું મોક્ષમાર્ગ પ્રકાશક, એનો પાછો ...... એટલે એમાં પરીક્ષા દેવામાં એક-એક લીટીમાં...........

**એવી રીતે (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૩૪મી ગાથા દ્વારા) કહ્યું છે કેઃ** પદ્મપ્રભમલધારિદેવ આધાર આપે છે. આ નિયમસારની ગાથા તો કુંદકુંદાચાર્યની છે, પણ એમણે ટીકા કરી પોતે એટલે વળી એમની ગાથાનો આધાર આપે છે.

**सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं ।**

**तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेयव्वं ॥**

**ગાથાર્થ : પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે...** પોતે એટલે શુદ્ધ આનંદઘન, જ્ઞાનકંદ. એ સિવાયના બધા પદાર્થો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, દેવ-ગુરુ-શાસ્ત્ર, સમ્મેદશિખર, શેત્રુંજય બધા પર છે. **પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે એમ જાણીને પ્રત્યાખ્યાન કરે છે...** એનામાં એમ છેને. કહ્યું હતુંને, હમણા કાઢ્યું હતું. જ્ઞાતાદ્રવ્ય પોતાના સ્વભાવથી પરભાવમાં વ્યાપતો નથી અને જેને પરભાવ તરીકે જ્ઞાનમાં જાણ્યું એ જ્ઞાન જ્ઞાનમાં રહ્યું એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. ભગવાનજીભાઈ! આવી વાતું ભારે આકરી હોં. ત્યાં ઓલા પર્યુષણમાં નાઈરોબીમાં ધમાધમ ચાલતી હોય. મોમ્બાસા?.... બધું બહારમાં દેખાય હો-હા.. હો-હા. આહાહા! અહીં તો વિકલ્પની કોલાહલનો અભાવ અને શાંતિનો અંતરથી સદ્ભાવ એવી દશાને પચ્ચખાણ કહેવામાં આવે છે.

**એમ જાણીને પ્રત્યાખ્યાન...** એટલે રાગાદિ શુભાશુભ પરિણામ એ પર છે એમ જે ભૂમિકામાં જાણ્યું એ ભૂમિકા ત્યાં ને ત્યાં ઠરી એનું નામ પરને ત્યાગે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! રાગના ત્યાગનું કથનમાત્ર આત્મામાં છે. ગજબ છેને! આહાહા! અસ્તિથી વાત તો જુઓ! રાગનો ત્યાગ આત્મા કરે છે એ નામમાત્ર વ્યવહારનું કથન છે. એમ થયુંને. સમજાણું કાંઈ? અહીં તો હજી બાહ્ય ત્યાગ કરીને અમે ત્યાગ કર્યા, એના અભિમાન. આહાહા! બહુ આકરું. આહાહા! એના અભિમાન, અમે બાયડી છોડી, છોકરા છોડ્યા, ધંધો છોડ્યો. આહાહા!

એ છોડ્યું જ નથી. એને અસદ્ભૂત વ્યવહારનયે છોડ્યું ક્યારે કહેવાય? અસદ્ભૂત વ્યવહારે. કે જ્યારે અંદરમાં સ્વભાવમાં સ્થિર થઈને રાગ છૂટી જાય. રાગને છોડે પણ નહીં. (શ્રોતાઃ ઉત્પન્ન જ ન થાય). આહાહા! ઉત્પન્ન ન થાય એનો અર્થ કે છૂટી જાય. ત્યાં હતો ને છૂટે એ ક્યાં છે? નહોતો ને છૂટે એ ક્યાં છે? વહેલી તકે આવે એ આવે. આહાહા! સર્વ.. પોતા સિવાય સર્વ પદાર્થ પર છે. રાગનું હોવાપણું પણ મારામાં નથી, આહાહા! સંસારનો કણ મારામાં નથી, સંસારના કણનું ઋણ–દેણું મારે માથે નથી. આહાહા! સમજાણું કાંઈ? એવો પોતાનો ભગવાન સ્વભાવ... જાણ્યું કે આ રાગ છે એ હિંસા છે અને પર છે એટલે હું એમાં

વ્યાપતો નથી. એ એમાં વ્યાપતો નથી (અને) જ્ઞાન જ્ઞાનમાં વ્યાપે એનું નામ પચ્ચખાણ. માળે વાત. કહો, સમજાણું કાંઈ? શાંતિભાઈ! આવો ભારે કહ્યો હોં. સંપ્રદાયવાળાને તો એવું લાગે. એકલી માંડી છે સત્યની, કહે છે. જૂઠું તો એમાં આવતું નથી ક્યાંય. આહાહા!

અરે! તારા સત્યની શું કિંમતું! એના સત્‌નો આશ્રય લઈને થતી પરિણતિ એની શું કિંમત! જેના ફળ તરીકે કેવળજ્ઞાન ને ભવનો અંત આવે એવી જે પચ્ચખાણરૂપી પરિણતિ એની શું કિંમત! આહાહા! સમજાણું કાંઈ? **પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે**... દેવ-ગુરુ એ પર? એ શિવલાલભાઈ! દેવ, ગુરુ, સિદ્ધ ને અરિહંત અને એની શ્રદ્ધા કરવી એ રાગ, એ પણ પર છે. સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદનો નાથ પોતે, આહાહા! અતીન્દ્રિય આનંદથી ઓપતો શોભતો નાથ એનામાં રહે અને રાગમાં ન વ્યાપે એનું નામ પ્રત્યાખ્યાન. કહો, સમજાણું? એય પ્રકાશદાસજી! આ બધા પચખાણ કરવા હતાને. સર્વવિરતી લ્યો. અણુવ્રત ને મહાવ્રત લ્યો. અણુવ્રત લ્યો બહારથી.

ઓલો બિચારો ગુણભદ્ર એ હમણા આવતો નથી, નહીં? શું થયું હશે? ત્રણ-ચાર આવી ગયો. એ કહે, મને પચ્ચખાણ આપ્યા પણ મારી પાસે આવ્યા નહીં કાંઈ. ત્યાં ફિરોજાબાદમાં થયું હતુંને. ઓલા વર્ણીજી ને બધા ભેગા થયા હતા. ૭ની સાલ. ૨૧ વર્ષ થયા. ત્યાંથી એનો તાર આવ્યો હતો. તમારો તાર આવ્યો હતો. ૨૧ વર્ષ થયા. ફિરોજાબાદ. બધા ભેગા થયા ને ત્યાગ, વ્રતિવાળા. લેવા માંડ્યા વ્રત.... અરે ભગવાન! વ્રત ક્યાંથી આવતા હશે? આહાહા!

તે દિ' એ કહેતા હતા. એને સાત પડિમા આપીને હાથ ઝાલ્યો. અહીં આવીને કહે, મને સાત પડિમા આપી, પણ મારી પાસે આવી નથી. શેઠ! શું નામ એનું? સુંદરલાલ. પહેલા અહીં આવતા. બ્રહ્મચારી હતા. બીડી પીને રાતે.... એવો થઈ ગયો. (શ્રોતાઃ પીને નિરાંતે આવતા.) પીને આવતા. ..... કીધું, આ તે બ્રહ્મચારી, પડિમાધારી છે ને આ બીડી પીને આવ્યા છે. અરેરે! એવું હોય? ..... રાતે આહાર-પાણી એવું સાધારણ માણસને હોય? જૈન હોય એને ન હોય. સમજાણું? એવા માણસ ......... એમ મશ્કરી ન થાય. ....... રાત્રિભોજન–આહાર-પાણી તો સાધારણ પ્રાણીને (ન હોય). જીવાત હોય છે રાત્રે. સમજાણું કાંઈ?

અહીંયા તો એ વ્યવહારથી સાધારણ વિકલ્પ ઉઠે, પણ યથાર્થ પ્રત્યાખ્યાન તો એને કહેવાય... સમજાણું કાંઈ? એ ત્યાગ કર્યાનો એવો જે વિકલ્પ એનો પણ ત્યાગ, એટલે વિકલ્પરૂપે ન થવું એનું નામ ત્યાગ. સમજાણું કાંઈ? અહો! કેવળજ્ઞાનના ભંડાર ભગવાન, એ ભગવાનના ઘરમાં જવા ભગવાનના દાસ થવું, એ ભગવાનના ઘરમાં ભગવાનનું દાસ(પણું) સ્થાપવું એ અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? સમકિતથી દાસ થવું એ અલૌકિક છે, તો પ્રત્યાખ્યાનની વાત જ શી! ધન્ય અવતાર! જેણે જ્ઞાનને જ્ઞાનમાં વાળ્યા, જેનો સ્વભાવ

પરિણમતા રાગમાં ગયો નહીં, જેનો સ્વભાવ પર્યાયમાં પરિણમતા, નિર્મળ પર્યાયરૂપ થતા રાગરૂપે થઈ નહીં પરિણતિ, આહા! એનું નામ રાગનો ત્યાગ. એમાં શું ત્યાગ્યું? સ્વભાવની પરિણતિ થઈ છે ત્યાં ત્યાગ્યું શું? સમજાણું કાંઈ? એવા એક સમયના પચ્ચખાણ ભવના અંત લાવે ને મુક્તિને નજીક લાવે. સમજાણું કાંઈ?

**તેથી પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે...** એ આત્મા તે પ્રત્યાખ્યાન છે. એટલે આત્મા જે જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનમાં રાગાદિ જાણ્યો કે આ પર છે, તો પરપણે જ્ઞાન ન પરિણમ્યું, એ જ્ઞાન જ પ્રત્યાખ્યાન છે. ભીખાભાઈ! આહાહા! એની શ્રદ્ધા તો કરે કે માર્ગ આ છે. એનું જ્ઞાન તો કરે કે વસ્તુની સ્થિતિ આવી છે. આહાહા! (શ્રોતાઃ ......) એ બધા સમજવા જેવા છે. એ જેઠાભાઈને ખબર છે. જેઠાભાઈ નક્કી કરીને આવ્યા છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! 'એગો ભૂલ્યા, દોનોં ભૂલ્યા, ભૂલ્યા સકળ સંસાર..' આવે છેને એમ. 'દાસ ચલિયો એક ન ભૂલ્યા, એને અલખનો આધાર..' આહાહા! ભગવાન ચૈતન્યસ્વરૂપનો જેને આધાર છે, એ બધા ભૂલ્યા એમાં પોતે ભૂલ્યો નહીં. સમજાણું કાંઈ?

ભગવાન ભૂલાની ખડકી છેને? અહીં આત્મારામ નહોતા આવતા? દાદા એટલે ભગવાન ભૂલા. એની ખડકી કહેવાય? ખડકી કહેવાય. ભગવાન ભૂલાની ખડકીએ ચડી ગયો. આહાહા! ભગવાન જાગતો છે ત્યાં ગયો નહીં. સમજાણું કાંઈ? આનંદકંદથી બિરાજમાન, શુદ્ધજ્ઞાનથી ભરપૂર એવા ભગવાનને અંદર જોયો નહીં. નિજ ભગવાનને જોયો નહીં એને બીજા ભગવાનની વાતું બધી માથાફોડ છે. આહાહા! સમજાણું કાંઈ?

**એ પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે**, એમ કહે છે. આહા! જ્ઞાન એટલે? જ્ઞાનમાં જ્ઞાન ઠર્યું એ પ્રત્યાખ્યાન, એમ. ઓલા પાછા કહે છે, તમારે જ્ઞાન જ થઈ ગયું બધું (સર્વસ્વ)? ચારિત્રેય જ્ઞાન ને પ્રત્યાખ્યાનેય જ્ઞાન. અરે, સાંભળને ભાઈ! તો દર્શન-જ્ઞાન-ચારિત્ર ક્યાંથી આવ્યું? એકલું જ્ઞાન જ જ્ઞાન થઈ ગયું. એ આવ્યું એમાં ભાઈ! તને ખબર નથી. એ શુદ્ધજ્ઞાન ભગવાન એને જ્યાં પકડ્યો અને જ્ઞાનમાં રાગ વ્યાપ્યો નથી એમ જ્યાં જાણ્યું અને જાણીને જ્યાં આમાં છે ત્યાં રહ્યો એનું નામ જ્ઞાન, એનું નામ સમકિત, એનું નામ ચારિત્ર, એનું નામ પ્રત્યાખ્યાન. સમજાણું કાંઈ?

એ જ્ઞાન જ છે એનો અર્થ કે એ રાગ નહીં, એમ કહેવું છે. સમજાણું કાંઈ? જ્ઞાન એટલે એકલું જ્ઞાન જ છે એમ નહીં. એમાં બધા ગુણો આવી ગયા. અનંતા ગુણોનું પરિણમન એકસાથે આવી જાય છે. આહાહા! ભાઈ! તારા ઘરની વાતું તેં સાંભળી નથી. સમજાણું કાંઈ? તારા પ્રભુને તેં પિછાણ્યો નથી. આહાહા! 'પ્રભુ તારી પાસે રે પ્રભુ નથી વેગળા રે..' આવે છેને. નરસિંહ મહેતાએ ઈશ્વરની વાત કરી. 'હરિ તારે પાસે રે હરિ નથી વેગળા..' એમ ભગવાન આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદનો પિંડ હરિ પ્રભુ પોતે તું છો. તારી પાસે છે એમ કહેવું

એમાં વળી બે થઈ જાય છે. આહાહા! એવા ભગવાનને જોવા, જાણવા, શ્રદ્ધવાની દરકાર કરી નહીં અને બીજી માથાફોડ કરી, એને સંસારના અંત નહીં આવ્યા. ચોરાશીના અવતારથી એ દુ:ખી છે. ચોરાશીના અવતાર કરી રહ્યો છે. જેને રાગ તે હું, એક સમયની પર્યાય હું (એમ છે), એને માથે મિથ્યાત્વને લઈને અનંતા સંસારનો બોજો પડ્યો છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા રાગમાં વ્યાપ્યો નથી, ઉદયમાં વ્યાપતો નથી. અરે! ગજબના ચારિત્ર છે આ! એ તો આનંદમાં ક્ષાયિક, ઉપશમ, ક્ષાયિકભાવમાં વ્યાપે છે. સમજાણું કાંઈ? વ્યાપે એટલે ઠરે છે ને રહે છે, એમાં એ આવે છે. એવો જે ભગવાન પોતાનો પરમાત્મા એને એમને એમ રાખ્યો, જાણીને અનુભવીને પ્રસિદ્ધ કર્યા પછી જેમ છે એમ રાખ્યો, પર્યાયમાં એને એમને એમ રાખ્યો... આહાહા! ભવના અંત લાવ તારા. તું સંસારને કાંઠે આવી ગયો છો. સમજાણું કાંઈ? મુક્તિના ભણકાર વાગ્યા છે. આહા! કેવળજ્ઞાન.. કેવળજ્ઞાન.. કેવળજ્ઞાન.

ધવલમાં આવ્યું હતુંને, કેવળજ્ઞાનને બોલાવે છે. નહોતું આવ્યું? આહાહા! જેણે–જ્ઞાને પરમાત્મા પોતાના સ્વભાવને પકડ્યો, એ જ્ઞાન પોતાની પૂર્ણ પર્યાયને બોલાવે છે. આવ, આવ, અલ્પકાળમાં પૂર્ણ થાઓ. સમજાણું કાંઈ? અધૂરું-ઊણું મારામાં ન રહી શકે હવે. મેં પૂર્ણ પ્રભુને પકડ્યો, પરમાત્મા પૂર્ણસ્વરૂપ ભગવાન એને મેં પકડ્યો, હવે પર્યાયમાં પૂર્ણતા સિવાય અધુરું ન રહી શકે. પાટનીજી! આહાહા! જુઓ! તો એક વીતરાગમાર્ગ. આહાહા! ત્રણ લોકના નાથ એમની વાણીમાં આવતું. અરેરે! પંચમકાળમાં ભગવાનના વિરહ પડ્યા. કહો, સમજાણું કાંઈ? આવી ધ્વનિ ત્રણ લોકના નાથની આવતી. આહાહા!

કહે છે કે તું પોતે પ્રત્યાખ્યાન છો, એમ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ સ્વભાવને પકડીને ઠર્યો, રાગમાં વ્યાપ્યો નહીં, એ સ્વભાવ રાગપણે વ્યાપે એવું એનું સ્વરૂપ જ નથી. ભલે પ્રત્યાખ્યાન ન હોય, ત્યારે પણ એ રાગપણે વ્યાપે છે એમ સમકિતીને નથી. સમજાણું કાંઈ? આહાહા! એ શુભભાવના વિકલ્પપણે વ્યાપે નહીં એવી એની જાત છે. એ કજાતમાં જાત કેમ જાય? સમજાણું કાંઈ? બસ, ન જાય ને એમાં રહે એનું નામ પ્રત્યાખ્યાન છે. આહાહા! સમજાણું કાંઈ?

**પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા...** લ્યો ઠીક! રાગના અભાવરૂપ અવસ્થા થઈ અને જ્ઞાનની અસ્તિરૂપ અવસ્થા થઈ, રાગના અભાવરૂપ અવસ્થા થઈ **તે જ પ્રત્યાખ્યાન છે એમ નિયમથી જાણવું.** એમ નિશ્ચયથી–ચોક્કસ જાણવું. આનું નામ પ્રત્યાખ્યાન છે. આહાહા! પ્રત્યાખ્યાન કર્યા તો નહીં, પ્રત્યાખ્યાન થયા તો નહીં, પણ પ્રત્યાખ્યાન કોને કહેવાય એને જાણ્યા નહીં. સમજાણું કાંઈ? અને બહારથી આમ ચાલી નીકળ્યા કે અમે ત્યાગી છીએ, વ્રતિ છીએ. આહા! ભાઈ! એ પોપાબાઈનું રાજ નથી ત્યાં. આહાહા! એવું સ્વરૂપ એને નિયમથી પ્રત્યાખ્યાન જાણવું.

**એવી રીતે સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં પણ (૨૨૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :** સર્વવિશુદ્ધ અધિકારમાં આવે છે

**प्रत्याख्याय भविष्यत्कर्म समस्त निरस्तसंमोहः।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ॥**

**શ્લોકાર્થ : પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને (ત્યાગીને)...** વર્તમાનમાં રાગનું જેણે એકત્વ છોડ્યું, જ્ઞાન રાગમાં વ્યાપ્યું નહીં, એને ભવિષ્યમાં પણ છોડ્યું એમ કહેવામાં આવે છે. એ તો પછી ત્રણ કાળ(ના નામ) એને આપ્યા. વર્તમાન આલોચના, ભૂતકાળનું પ્રતિક્રમણ ને ભવિષ્યના પ્રત્યાખ્યાન. આહાહા! વર્તમાનના વિકલ્પ જેના જ્ઞાનમાં વ્યાપ્યો નહીં અને જ્ઞાન જ્ઞાનમાં વ્યાપ્યું ને પ્રસર્યું, રહ્યું, એને ભવિષ્યના પચ્ચખાણ જ છે. હવે રાગ થશે (એમ છે નહીં.) સમજાણું કાંઈ?

કહ્યું હતું એક ફેરી. આલોચના કરતા જામનગરમાં. સંપ્રદાયમાં કહ્યું હતું ૮૭માં. કે ભાઈ! આ પચ્ચખાણ ને વ્રત આદિ ત્રણ નામ આપ્યા છે હોં. ૮૭માં જામનગર. આ તો વસ્તુ પોતે અંતરમાં ઠરી છે, રાગનો અભાવ કરીને પરિણમી છે, એને ત્રણ નામે ઓળખાવી છે. ગયા કાળના સંવર તરીકે પ્રતિક્રમણ, ભવિષ્યના પત્યાખ્યાન, વર્તમાનના સંવર તરીકે આલોચના, ગયા કાળના પડિકમણ તરીકે, ભવિષ્યના પચ્ચખાણ તરીકે. એય! આલોચના આવે છેને. ન્યાં વંચાય છેને. આપણે સંવત્સરીમાં વાંચીએ છીએ. પરમ દિ' સંવત્સરી છેને. આપણો દિવસ છે પહેલો, મંગળવાર. દસલક્ષણી પર્વનું પહેલું પર્વ છે. કાલ રામજીભાઈને ૯૦મું વર્ષ બેસે છે. ૯૦. પોણી એકાણું થયા. પોણી એકાણું. નેવું બેસે છે તો પોણી એકાણું થયા. એવો જેને ભવિષ્યનો સમસ્ત પચ્ચખાણ છે... **જેનો મોહ નષ્ટ થયો છે.** વિશેષ કહેવાશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ ૪, સોમવાર, તા. ૧૧-૯-૧૯૭૨**
**શ્લોક-૧૨૭, ગાથા-૯૬, પ્રવચન નં. ૯૪**

આ નિયમસાર, નિશ્ચય પ્રત્યાખ્યાન. સાચો ત્યાગ અથવા સાચું પચ્ચખાણનું સ્વરૂપ. આ શ્લોક સમયસારનો છે.

**प्रत्याख्याय भविष्यत्कर्म समस्त निरस्तसंमोहः।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ॥**

ધર્મી જીવ એવી રીતે વર્તે છે કે જેનો મોહ નષ્ટ થયો છે. મોહ એટલે રાગ-દ્વેષાદિ પરિણામ મારા, એવો જેનો મોહ એટલે મિથ્યાત્વ નાશ થયો છે, એને પ્રત્યાખ્યાન હોય છે. કારણ કે શુદ્ધસ્વરૂપ પરમાનંદની મૂર્તિ એમાં ઠરવું એ પ્રત્યાખ્યાન છે. પણ જેને એ શુદ્ધ સ્વરૂપ દ્રષ્ટિમાં આવ્યું નથી, દ્રષ્ટિ બદલી નથી, એને ઠરવાનું કેમ હોય? સમજાણું કાંઈ? એ કહે છે,

**શ્લોકાર્થ : પ્રત્યાખ્યાન કરનાર જ્ઞાની કહે છે કે ભવિષ્યના સમસ્ત કર્મને પચખીને (ત્યાગીને)...** પહેલો એ અર્થ છે કે **જેનો મોહ નષ્ટ થયો છે...** હું એક આત્મા છું, શુદ્ધજ્ઞાનઘન પરમેશ્વર છું. એવી જેની દ્રષ્ટિ અંદર થઈ છે એને મોહ, રાગ-દ્વેષ પુણ્ય-પાપમાં સુખબુદ્ધિ, કર્તાબુદ્ધિ, મારા(પણાની)બુદ્ધિ નષ્ટ થઈ છે. સમજાય છે કાંઈ? સમ્યક્-દ્રષ્ટિમાં રાગાદિ, ચાહે તો શુભ હો કે અશુભ હો... શરીર, વાણી, મનના તો વાત જ જુદી, એ તો પર જડ છે, પણ શુભ ને અશુભભાવ જેમાં અચેતનપણું છે, જેમાં ચૈતન્યસ્વભાવ-સ્વરૂપનો અભાવ છે, એનો પહેલો ત્યાગ કરે દ્રષ્ટિમાં. સમજાય છે કાંઈ?

**એવો હું નિષ્કર્મ અર્થાત્ સર્વ કર્મથી રહિત ચૈતન્યસ્વરૂપ આત્મામાં...** એ રાગરૂપી પરિણામ–કર્મચેતનાના પરિણામ.... કર્મચેતના એટલે રાગ અને દ્વેષમાં એકાગ્ર થવું તે કર્મચેતના છે. એનાથી રહિત ભગવાન જ્ઞાનચેતના છે. સમજાણું કાંઈ? કર્મચેતનાને છોડી (અર્થાત્) રાગ-દ્વેષના ભાવ અને રાગ-દ્વેષની એકતા—બેયને છોડી, **ચૈતન્યસ્વરૂપ આત્મામાં...** હું ચૈતન્યસ્વભાવી આત્મામાં, ચૈતન્યસ્વરૂપ-ભાવવાળો જે આત્મા એમાં આત્મા વડે (એટલે) શુદ્ધજ્ઞાનની ચેતના વડે... **આત્મામાં આત્માથી** (એટલે) શુદ્ધ જ્ઞાનચેતના વડે... પુણ્ય-પાપના વિકલ્પ તો કર્મચેતના, દુઃખરૂપ ભાવ, આકુળતારૂપ ભાવ, અચેતનભાવ છે. એને હું મારા સ્વભાવની દ્રષ્ટિથી તજું છું. એ મારા છે નહીં. પછી રાગ ને દ્વેષમાં અંદર અસ્થિરતાની એકાગ્રતા એવી કર્મચેતના એને પણ છોડીને હું મારી શુદ્ધ-ઉપયોગરૂપી જ્ઞાનચેતનામાં આવું છું. કહો, જેઠાભાઈ! આવું પચ્ચખાણ. આહાહા! પચ્ચખાણ આવું હશે? આ બધા લાખો, કરોડો માણસો કરે છેને પચ્ચખાણ? એ દુઃપચ્ચખાણ છે કહે છે. સમજાણું કાંઈ?

જે કંઈ છોડવા માગે છે રાગ-દ્વેષાદિ, એનો અર્થ કે જેનામાં રાગ-દ્વેષ નથી એવો આત્મા જેની દ્રષ્ટિમાં ન આવે, એને અંદર ઠરવાનું કેમ થાય? કહો, જેઠાભાઈ! આવી વાત છે. કહે છે, ભવિષ્યના કર્મને પચખીને એટલે શુભ ને અશુભભાવ જે કર્મચેતના છે એને હું છોડું છું. 'છોડું છું' એ વ્યવહારથી વાત છે. છેને એમાં? ત્યાગીને. હું એક ભગવાન આત્મા, નિષ્કર્મ ચૈતન્યસ્વરૂપ આત્મા, જેમાં રાગ-દ્વેષરૂપી પરિણામ ત્રણ કાળમાં નથી. પ્રત્યાખ્યાન હજી કોને કહેવું? પ્રત્યાખ્યાન થાય તો એ અલૌકિક વાત છે, પણ હજી પ્રત્યાખ્યાનનું સ્વરૂપ જાણવું એ અલૌકિક વાત છે. સમજાય છે કાંઈ? કહે છે કે જ્ઞાની એમ કહે છે... એટલે કે સમ્યગ્દ્રષ્ટિ તો છે, જેણે મોહ તો નષ્ટ કર્યો છે એટલે પુણ્ય-પાપની કર્મચેતના મારી છે એવું તો એણે નષ્ટ કર્યું છે. મારા સ્વરૂપમાં એ નથી. હું તો જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા છું. આહાહા! ભારે ભાઈ!

**નિષ્કર્મ ચૈતન્યસ્વરૂપ**... જોયું! ભગવાન આત્મા તો નિષ્કર્મ.... મારો આત્મા પુણ્ય ને પાપના રાગ વિનાની મારી ચીજ છે, એમાં હું જ્ઞાનચેતના–શુદ્ધોપયોગ વડે ઠરું છું એમ કહે છે. સમજાણું કાંઈ? એ શુદ્ધ-ઉપયોગ થવો એ પચ્ચખાણ છે. આહાહા! સમજાણું કાંઈ? જેમાં શુભાશુભ રાગ ભળતા નથી, મળતા નથી, આવતા નથી. આવે તો ચૈતન્યસ્વભાવ નિષ્કર્મ વસ્તુ જેના ઉપયોગમાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! નિષ્કર્મ (એટલે) ઓલા કર્મ વિનાનો આત્મા? ઓલા તો એમ કહે, આઠ કર્મવાળો આત્મા, રાગવાળો આત્મા, દ્વેષવાળો આત્મા. એમ આવેને. એ તો પર્યાય અને કર્મના નિમિત્ત-નૈમિત્તિક સંબંધને ઓળખાવવા વાત કરી છે. વસ્તુમાં એ નથી. એવી જેની દ્રષ્ટિમાં, કર્મ નામ પુણ્ય ને પાપના રાગની એકતા તૂટી અને જ્ઞાનાનંદ પ્રભુ નિષ્કર્મ ચૈતન્યસ્વરૂપ એમાં જેની એકતા થઈ છે અને વિશેષે શુદ્ધ-ઉપયોગ દ્વારા એમાં લીન રહેશે, ત્યારે અસ્થિરતાની કર્મચેતના એ છૂટી જાય છે. સમજાણું કાંઈ? ભાષા એકેક આકરી છે.

(શ્રોતાઃ આવું સ્વરૂપ સાંભળ્યું જ નહોતું.) સાંભળ્યું નથી, ખબર નથી એને. આહાહા! ચૈતન્ય ભગવાન... 'નિષ્કર્મ' શબ્દ વાપર્યો છેને. એ તો પુણ્ય ને પાપના રાગ વિનાનું નિષ્કર્મ ચૈતન્યસ્વરૂપ આત્મા છે, એ ચૈતન્યસ્વભાવી આત્મા છે. એવું જેને દ્રષ્ટિમાં આવ્યું છે એ હવે, અંદર અસ્થિરતાના જે શુભ-અશુભ પરિણામ ઉત્પન્ન થાય છે એને અંતરમાં શુદ્ધ-ઉપયોગ દ્વારા ઉત્પન્ન થવા (દેતો) નથી એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. કહો, ચંદુભાઈ! આ પર્યુષણમાં પડિકમણું ને પચ્ચખાણ આવ્યું. કાલ દસલક્ષણીપર્વનો દિવસ છે, કાલ પહેલો દિવસ છે. અગિયાર દિવસ છે. બે આઠમ છેને. પર્વ તો અંતરમાં ઉજવાય એવી ચીજ છે. કાંઈ બહારમાં ઉજવાય એવી ચીજ નથી. એ કહે છે. આ ચારિત્રનો ભાગ છેને પ્રત્યાખ્યાન. પ્રત્યાખ્યાન, એ ચારિત્રનું વર્ણન કરતા એનો ભાગ આવ્યો છે. નિશ્ચયચારિત્રનું વર્ણન કરશું, એમાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને આલોચના આવે છે.

તો કહે છે કે અહો! વર્તમાનમાં જેના જ્ઞાન પુરુષાર્થે, દ્રષ્ટિ રાગ અને પર ઉપર હતી એ દ્રષ્ટિ ગુંલાટ ખાય છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ નિષ્કર્મ ચૈતન્યસ્વભાવ આત્મા છે. 'નિષ્કર્મ' એ તો નાસ્તિથી વાત કરી. અસ્તિથી એ ચૈતન્યસ્વભાવ આત્મા છે. જાણન-દેખન સ્વભાવ આત્મા એ અસ્તિ. પુણ્ય-પાપ ને રાગ ને કર્મ રહિત એ નાસ્તિ. સમજાણું કાંઈ? એવા નિષ્કર્મ ચૈતન્યસ્વરૂપ આત્મામાં જેનો મોહ નષ્ટ થયો છે. અરે! જેને પરપણાની બુદ્ધિ નાશ થઈ છે. રાગનો કણ ને રજકણ પણ મારું નથી. એવો જેણે વિપરીત અભિનિવેશરૂપી મિથ્યાત્વમોહ નાશ કર્યો છે, એ હવે નિષ્કર્મ ચૈતન્યસ્વભાવી ભગવાન આત્મામાં લીન થવા માંગે છે. સમજાણું કાંઈ?

જેવો નિષ્કર્મ સ્વભાવ જોયો, જાણ્યો, માન્યો હતો, એમાં હવે શુદ્ધોપયોગથી ઠરે છે. શુદ્ધોપયોગ કોને કહીએ? કે પુણ્ય—દયા-દાનાદિ વ્રતાદિના પરિણામ એ તો શુભ-ઉપયોગ છે. હિંસા, જૂઠું ચોરી, વિષયના પરિણામ એ તો અશુભ-ઉપયોગ છે. બેય પરિણામથી હઠીને ભગવાન આત્મામાં શુદ્ધ-ઉપયોગરૂપ પરિણમન કરે છે, એને શુભાશુભ પરિણામ ઉત્પન્ન થતા નથી, એનો એણે ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? માર્ગ છે જુદો, અંતરનો માર્ગ કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ? એ **આત્મામાં આત્માથી જ** એટલે કે શુદ્ધ-ઉપયોગથી ને જ્ઞાનસ્વભાવથી જ. સમજાણું કાંઈ? **આત્માથી જ** એટલે શુદ્ધ-ઉપયોગ ને જ્ઞાનચેતના દ્વારા હું **નિરંતર**... આહાહા! પુણ્ય-પાપના ભાવનો ઉપયોગ છોડીને નિષ્કર્મ ચૈતન્યસ્વભાવમાં નિરંતર વર્તવું એનું નામ પચ્ચખાણ કહેવામાં આવે છે, એનું નામ ચારિત્રનો એક ભાગ કહેવામાં આવે છે, એને ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા!

ચારિત્રની વ્યાખ્યા તો આમ વ્રત કર્યા ને તપ કર્યા ને ચારિત્ર થઈ ગયું. એ બાળવ્રત ને બાળતપ છે. ભગવાન ચૈતન્યને જગાડ્યા વિના અને જાગેલાનું જ્ઞાન થયા વિના... એ જાગતી જ્યોત પ્રભુ છે, ચૈતન્યસ્વભાવી આતમરામ એવી જાગતી જ્યોતને સંભારીને જેણે આત્માને પ્રાપ્ત કર્યો છે દ્રષ્ટિમાં, એ હવે આત્મામાં ઠરવા માગે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ શુદ્ધોઉપયોગમાં નિરંતર વર્તે છે. અહીં તો એમ કહ્યું, **નિરંતર વર્તું છું.** આહાહા! આચાર્ય પોતાનો ભાવ મૂકે છે. જુઓ! આ મુનિની દશા, ચારિત્રવંતની દશા, પ્રત્યાખ્યાની જીવની દશા. એ પ્રકાશદાસજી! અહીં તો બહાર અણુવ્રત ને મહાવ્રત... અરે! તારા અણુવ્રત, મહાવ્રતના વિકલ્પેય ક્યાં રહ્યા? આહાહા! અરેરે! નિષ્કર્મ ભગવાન આત્મા એનો માર્ગ છોડીને ક્યાંય ક્યાંય પ્રવૃત્તિએ પડ્યા. આ તો રાગના શુભ પરિણામથી પણ નિવૃત્તિ. શેઠ! આહાહા!

અરે! આવો ભાવ ક્યારે આવશે? મનુષ્યનો દેહ અનંતે કાળે મોંઘા મૂલ્યની ચીજ (મળી), એ ધર્મ કરવા માટે છે હોં. એ મોંઘા મૂલની ચીજ વિષય ને ભોગ માટે નહીં. સમજાણું કાંઈ? **નિરંતર વર્તું છું**. બસ, આટલી ખબર પડે કે હું શુદ્ધોપયોગમાં ને ચારિત્રમાં વર્તું છું? એવું પંચમ આરાના ધર્મી જીવને ભાન થાય? ઓલા તો કહે, ભાઈ! આપણને કાંઈ ખબર પડે નહીં,

સમ્યગ્દર્શનની ખબર પડે નહીં, ચારિત્ર તો બહુ અલૌકિક સૂક્ષ્મ એની ખબર પડે નહીં. અરે ભાઈ! જાગતી ચૈતન્યજ્યોત જાગે અને ન ખબર પડે? એ તે કાંઈ આંધળો છે? ત્રણ કાળ, ત્રણ લોકને પોતાની એક પર્યાયમાં જાણનારી શક્તિવાળું તત્ત્વ છે એ તત્ત્વમાં હું વર્તું છું, કહે છે. આહાહા! એ નિષ્કર્મ તત્ત્વ કેવું એવું પણ ભાનમાં આવી ગયું છે. હવે એ નિષ્કર્મ અવસ્થાપણે હું વર્તું છું. અમરચંદભાઈ! આહાહા! એ શ્લોક (થયો).

**વળી આ ૯૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :** મુનિ પોતે ટીકાકાર આનો આધાર એના વિશેષ સ્પષ્ટ માટે શ્લોક કહે છે.

**सम्यग्दृष्टिस्त्यजति सकलं कर्मनोकर्मजातं**
**प्रत्याख्यानं भवति नियतं तस्य संज्ञानमूर्तेः।**
**सच्चारित्राण्यघकुलहराण्यस्य तानि स्युरुच्चैः**
**तं वंदेहं भवपरिभवक्लेशनाशाय नित्यम् ॥१२७॥**

ઘણું વર્ણન આવ્યું. દિગંબર સંતોની કથની તે, આહાહા! મારફાડ કરતો (અર્થાત્) રાગને તોડતો, વીતરાગીદશા પ્રગટ કરતો ભગવાન જાગે છે. એના અંતરના પોકાર છે. કથન, કથન માટે નથી. સમજાણું કાંઈ? એ અંતરના પોકાર છે. આહાહા! હું એક સમ્યગ્દષ્ટિ... છે?

**શ્લોકાર્થ : જે સમ્યગ્દૃષ્ટિ સમસ્ત કર્મ-નોકર્મના સમૂહને છોડે છે...** પહેલો તો દ્રષ્ટિમાં છોડે છે. રાગનો કણ ને શરીરની કોઈ અવસ્થાદિ એ મારામાં નથી. આ શરીર કહેવાય, આમ થાય એની અવસ્થા એ મારામાં નથી. એમ શરીરની અવસ્થાને અને રાગની દશાને છોડે છે. 'સમૂહ' છેને? આહાહા! ભગવાન એકસ્વરૂપે પરમાત્મા પોતે એનું અવલંબન લઈને આને છોડે છે. સમજાણું કાંઈ? જરીક શાંતિથી–ધીરેથી સાંભળે તો ખબર પડે કે માર્ગ તો આવો લાગે છે. પહેલું એનું એ જાતનું જ્ઞાન સાચું તો કરે. સમજાણું કાંઈ? હજી જેના જ્ઞાન જ એ જાતના સાચા નથી, એને તો સમ્યગ્દર્શન ને ચારિત્ર ક્યાંથી હોય? સમજાણું કાંઈ?

**જે સમ્યગ્દૃષ્ટિ**... આહાહા! મારો સ્વભાવ પૂર્ણ આનંદ ને જ્ઞાન છે, એમાં કર્મ-નોકર્મનો અભાવ છે, ભાવકર્મ એવા પુણ્ય ને દયા-દાનના ભાવ એનો પણ મારા સ્વભાવમાં અભાવ છે. આ પૈસા-બૈસા એ તો પુણ્યને લઈને મળશે હોં શેઠ! ન્યાં કાંઈ પૈસા કામ કરતા નથી. ન્યાં ડહાપણ કરે છે માટે થાય છે? એ શેઠ! એ તો ધૂળું એને આવવાની હોય (એ આવે). ઉપાદાન તો એનું છે, એનું એની પાસે કોઈ કર્મ પડ્યું હોય તો નિમિત્ત થાય. આહાહા! એમાં આત્મા ક્યાં આવ્યો? એમાં આત્માએ કર્યું એ ક્યાં આવ્યું? આત્મા શું જડને મેળવે? સમજાણું કાંઈ? અને કર્મ જે પૈસા આવવામાં નિમિત્ત છે એ કર્મ જીવના છે? કર્મ જીવકા હૈ? કર્મ તો કર્મકા હૈ.

એમ કહે છેને કે **કર્મ-નોકર્મના સમૂહને છોડે છે**. એ કર્મ મારા નથી, ભાવકર્મ ને દ્રવ્યકર્મ ને શરીર–નોકર્મ એ મારા નહીં, મારામાં નહીં, હું એમાં નહીં, એ મારે લઈને નહીં. આહા! અરે!

વીતરાગમાર્ગ. અરે! શરણભૂત ચૈતન્ય એવો સાંભળવા મળે નહીં, એ ક્યાં જશે? ભાઈ! ચોરાશીના અવતાર માથે પડ્યા છે મોટા. જ્યાં સુધી પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ, પુણ્યબુદ્ધિ, સુખબુદ્ધિ, પરમાં કર્તૃત્વબુદ્ધિ, પરમાં મારાબુદ્ધિ—એવી બુદ્ધિ છે ત્યાં સુધી નરક, નિગોદના ચોરાશી અવતાર માથે તલવારની જેમ (લટકે) છે આમ. સમજાણું કાંઈ? એને તોડવાને, છોડવાને તો ભગવાન આત્મા, એ ભવના ભાવ ને ભવ વિનાની મારી ચીજ છે. મારા ભગવાનમાં તો પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલો હું છું, મારામાં રાગાદિ કર્મ-નોકર્મ એ છે નહીં. આહાહા!

આવડી મોટી વાતું! ભગવાન! મોટી નથી, આ તો બહુ નાની છે. એ કેવળજ્ઞાન પામે એ મોટી વાત છે. આ તો હજી સમ્યગ્દર્શન સહિત ચારિત્રની વાત છે. સમજાણું કાંઈ? **જે સમ્યગ્દૃષ્ટિ સમસ્ત કર્મ-નોકર્મના સમૂહને છોડે છે...** એટલે કે મારા છે એ તો દ્રષ્ટિ ગઈ છે, પણ હવે એ રાગાદિના પરિણામને પણ છોડીને... નાસ્તિથી વાત કરી છે. **તે સમ્યગ્જ્ઞાનની મૂર્તિને...** આહાહા! સમ્યગ્જ્ઞાનની મૂર્તિ ભગવાન આત્મા... આ પર્યાયની વાત છે હોં. દ્રષ્ટિ (જેમાં) મૂકી હતી **તે સમ્યગ્જ્ઞાનની મૂર્તિને હંમેશા પ્રત્યાખ્યાન** ચારિત્ર હોય **છે.** આહાહા! ત્રણે મૂક્યા ભાઈ! સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર. ભગવાન પૂર્ણસ્વરૂપ પરમાત્મા તે હું, હું તે પરમાત્મા, બીજો પરમાત્મા નહીં હોં. આહાહા!

એવી સમ્યક્ દ્રષ્ટિ કરીને પછી શુદ્ધોપયોગમાં ઠરે છે ત્યારે, કહે છે કે આને છોડે છે એમ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો ભગવાનની વાણી છે. આ તો ભગવાનના ચોપડાના ઉકેલ છે. આહાહા! એ વાણી સાધારણ નથી. સમજાણું કાંઈ? સાધક જીવના જ્ઞાનને નિમિત્ત છે જે વાણી... નિમિત્ત છે. સમજાણું કાંઈ? એવી વાણી, વાણીને લઈને છે, એમાં નિમિત્ત કોણ અંદર છે? જ્ઞાન ત્રિકાળી ભગવાન અથવા જ્ઞાનાનંદમૂર્તિ. આહાહા! એમાં એમ કહ્યું કે જ્ઞાનની મૂર્તિને હંમેશા પ્રત્યાખ્યાન છે. જે કોઈએ જ્ઞાનસ્વરૂપી ભગવાનને પકડ્યો અને અનુભવ્યો અને એ જ્ઞાનમાં જ્ઞાન રહ્યું, જ્ઞાનમાં જ્ઞાન ઠર્યું, જ્ઞાનમાં જ્ઞાન જાણ્યું, એને પ્રત્યાખ્યાન કહે છે. આરે, આ પ્રત્યાખ્યાનની વ્યાખ્યા પણ જુદી. આ તો હલાહલ આગળ ચાલશે કાલથી. કાલથી દિગંબરમાં ચાલશે. પહેલું શ્વેતામ્બરનું થયું... અપાસરા ભરાય એટલું ભરાઈ જાશે. આહાહા! ભાઈ! એ સંખ્યાએ સત્‌ની કિંમત નથી. સમજાણું કાંઈ?

સત્ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, અરે! એ શ્રદ્ધામાં, જ્ઞાનમાં લાવવો એ કંઈ વાત છે! એ કોઈ ભાવ છે! સમજાણું કાંઈ? જેને દેખાતી અલ્પજ્ઞતા ને રાગાદિની દ્રષ્ટિ છોડી, જે પર્યાયમાં નથી આવતો એને જ્ઞાનમાં પ્રગટ કરી... આહાહા! સમજાણું કાંઈ? આહાહા! એ પુરુષાર્થની વાત શું કરવી! જોકે એ પુરુષાર્થ તો, સ્વભાવમાં પુરુષાર્થ છે એને અનંતમે ભાગે છે. ભગવાન આત્મામાં જે વીર્ય પડ્યું છે, પૂર્ણ.. પૂર્ણ.. કેવળ વીર્ય, એકલો પૂર્ણ વીર્યસ્વભાવ અરૂપી જ્ઞાનઘન, એનાથી આ સમ્યગ્દર્શન ને પુરુષાર્થ એ તો અનંતમે ભાગે છે. સર્વજ્ઞને અનંતવીર્ય પ્રગટે એ અનંતમે

ભાગે છે. સમજાણું કાંઈ? પરમાત્માને જે આ વીર્ય પ્રગટે પ્રત્યાખ્યાનના ફળમાં, ચારિત્રના ફળમાં... 'ચરિત્ત ખલ્લુ ધમ્મો' છેને? પ્રત્યાખ્યાનની સ્વરૂપની રમણતા એ ચારિત્ર છે, એનું ફળ એ મોક્ષ છે. એ મોક્ષ એટલે અનંત જ્ઞાન-દર્શન-આનંદનું પ્રગટવું, એમાં અનંત વીર્યનું પ્રગટવું. આહાહા!

એવું અનંત-અનંત વીર્ય જેની એક સમયની પર્યાયમાં આવ્યું છે, કહે છે કે એ વીર્યથી અનંતગુણો.. અનંતગુણો.. અનંતગુણો પુરુષાર્થ પડ્યો છે અંદર. ભગવાનજીભાઈ! આહાહા! આવો આત્માને કબૂલવો, આહાહા! ભાઈ! તારા ગજા–માપ મોટા કરવા પડશે. સમજાણું કાંઈ? સાધારણ મતિ ને તર્કથી પર રાગ હું, પર્યાય હું, એ માપ તારા ખોટા છે. એ માપલા તારા જૂઠા છે. આહાહા! ભગવાન પૂર્ણસ્વરૂપ પરમાત્મા જેના કેવળજ્ઞાનની પર્યાય પણ ગુણની આગળ અનંતમે ભાગે છે. કેવળજ્ઞાનની પર્યાય પણ જેના, ઓહો! ભગવાન આત્મા એના જ્ઞાનગુણના સામર્થ્ય આગળ કેવળજ્ઞાન પણ અનંતમા ભાગે છે. અનંતના અનંતા.. અનંતા.. અનંતા.. અનંતમા ભાગે છે. ભગવાનજીભાઈ! આહાહા! જેનું ક્ષાયિક સમકિત... આહાહા! અહીં કીધુંને પહેલું. ક્ષાયિક સમકિતની જે પર્યાય એથી અનંત અનંતગુણો જેમાં શ્રદ્ધાનો સ્વભાવ પડ્યો છે. સમજાણું કાંઈ? ક્ષાયિક સમકિત કે જે મોક્ષનું તાત્કાલિક કારણ છે, એને ભવ હોય નહીં ત્રણ-ચારથી વધારે.

ક્ષાયિક સમકિત. આહાહા! એની પ્રતીતિની પર્યાય–ક્ષાયિક પ્રતીતિ એથી તો અનંત.. અનંત.. અનંતગુણી પ્રતીતિનો સ્વભાવ અંદર પડ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? અનંત આનંદ, ભગવાન સર્વજ્ઞને, સિદ્ધને જે અનંત આનંદ પ્રગટે એથી તો અનંત.. અનંત.. અનંતગુણો આનંદ સ્વભાવમાં પડ્યો છે. સમજાણું કાંઈ? અને અનંત વીર્ય જે પ્રગટ્યું છે, કેવળીને પ્રગટ્યું એથી અનંત અનંતગુણું વીર્ય–બળ આત્મામાં પડ્યું છે. એવો અનંત ચતુષ્ટય... આવશે હવે હમણાં. (આના) પછી જ આવશે. સમજાણું કાંઈ? છન્નું ગાથામાં આવશે. આહાહા! આવા એક-એક ગુણની પ્રગટેલી પર્યાયથી (સહિત) જેનો અનંત-અનંત સ્વભાવ છે, એવા ચૈતન્ય સ્વભાવની મૂર્તિ પ્રભુ આત્મા... આહાહા!

કહે છે, **અને તેને પાપસમૂહનો નાશ કરનારાં...** આહાહા! પાપ શબ્દે પુણ્ય ને પાપ બેય. જેને સત્‌ચારિત્ર પ્રગટ્યા છે. આહાહા! એ ચારિત્ર જે પ્રગટ્યું છે એનાથી પણ અનંતગુણું ચારિત્રની સ્થિરતા અંદર પડી છે. સબ પડી હૈ, અભી પડી હૈ. કહાં પડી હૈ? કિસકી બાત ચલતી હૈ? અંદરમેં જો ચારિત્ર પ્રગટ હુઆ, સમ્યગ્દર્શન સહિત ચારિત્ર, કહે છેને જુઓને! એ સત્‌ચારિત્ર અતિશયપણે છે. વર્તમાન જેની પર્યાયમાં... સાંભળો, સમજો, બાપા! બાકી વાતું મોટી છે. સમજાણું કાંઈ? આત્મા એટલે શું એ વાત બહુ મોટી છે. સમજાણું કાંઈ?

એવા આત્માની પ્રતીત સહિત સત્ચારિત્ર, પુણ્ય-પાપના વિકલ્પના ત્યાગમાં શુદ્ધોપયોગરૂપી ચારિત્ર જ્યાં વર્તે છે, આહાહા! એ ચારિત્રની રમણતાની આગળ અંદરનો સ્વભાવ તો એથી અનંતગુણો છે. ચારિત્રગુણ જે અંદરમાં છે એ તો અનંત.. અનંત.. અનંત... આ તે કંઈ વાતું છે! સમજાણું કાંઈ? આહાહા! આવા સ્વભાવની સન્મુખ થઈને જેણે પ્રતીત કરી, હવે એ પુણ્ય-પાપના ભાવને છોડીને સ્વરૂપમાં ઠરે છે, એને સાચું ચારિત્ર હોય છે. પ્રત્યાખ્યાન ચારિત્રનો ભાગ છેને, એથી ચારિત્ર લીધું. સમજાણું કાંઈ? આહાહા!

તે મૂર્તિ–**સમ્યગ્જ્ઞાનની મૂર્તિને હંમેશા પ્રત્યાખ્યાન છે**... પ્રગટ પર્યાયની વાત છે. દ્રષ્ટિ, જ્ઞાન અને સત્ચારિત્ર અતિશયપણે છે, એમ ત્રણે આવી ગયા. આહાહા! જેની દ્રષ્ટિમાં પૂર્ણાનંદ આવા અનંત-અનંત ગુણના સામર્થ્યવાળું તત્ત્વ વર્તે છે, જેના જ્ઞાનમાં આવો પૂર્ણાનંદ આત્મા જ્ઞેયપણે વર્તે છે અને જેની સ્થિરતામાં સત્ચારિત્રની રમણતા વર્તે છે, એ મોક્ષનો માર્ગ છે. આહાહા! બીજા સાધારણ તો પાગલ જેવા..... અરે ભગવાન! આવી વાત ચારિત્રની એકલી નિશ્ચય.. નિશ્ચયની. બાપુ! તું છો તો એવો હોં. તું છો તો એવો. એવાની વાત સાંભળતા તને એમ લાગે આ તે શું છે? આ તે અતિશયોક્તિ છે? અતિશયોક્તિ છે એમ નથી. એ છે એથી અનંતમાં ભાગે કહેવાય છે એ વાત. વસ્તુ તો વસ્તુ તે શું કહેવાય! સમજાણું કાંઈ?

જેને ભગવાન કેવળજ્ઞાની પણ કહી શક્યા નહીં, કહ્યું તો અનંતમે ભાગે કહ્યું. આહાહા! એ ગોમ્મટસારમાં આવે છે. ભગવાને જાણ્યું એના અનંતમે ભાગે વાણીમાં આવ્યું. આવડું જ્ઞાન જેને નિમિત્ત છે વાણીને, છતાંય વાણીમાં એટલી તાકાત પૂરું કહેવાની નથી. ચંદુભાઈ! એવો જે ભગવાન આત્મા... જેને એવા સત્ (ચારિત્ર)... છેને? **પાપસમૂહનો નાશ કરનારા એવાં**... એટલે શુભ ને અશુભભાવ છે એ અચારિત્ર છે. મહાવ્રતના પરિણામ છે એ પણ અચારિત્ર છે. કહો, પ્રકાશદાસજી! આહાહા! એવા શુભ ને અશુભભાવનો નાશ કરનારું કોણ? 'કરનારા' એમ કીધું છેને? **નાશ કરનારા એવાં સત્ ચારિત્રો,** એમ. આહાહા! સમજાણું કાંઈ? જેમાં–ભગવાન આત્મામાં ઠરતાં.. ઠરતાં, રમતાં, જામતાં, આનંદમાં લેતાં, એ ચારિત્ર પુણ્ય-પાપનું નાશ કરનારું છે. એનો અર્થ કે પુણ્ય-પાપની ઉત્પત્તિ થાતી નથી. સમજાણું કાંઈ? આહાહા! એક-એક શ્લોકે સિદ્ધપદ ભર્યું છે.

**ભવ-ભવના ક્લેશનો નાશ કરવા માટે,** આહાહા! **તેને હું નિત્ય વંદું છું.** પોતાની વાત કરે છે હોં. આહા! પોતે સંત છે, ભવના જેને અંત (નજીક) છે, મોક્ષની પર્યાય જેને નજીક છે, સમજાણું કાંઈ? એ કહે છે, અહો! એવું જે ચારિત્ર અતિશયપણે વર્તે છે, શોભિતપણે, વિશેષપણે, ખાસપણે વર્તે છે. આહાહા! **ભવ-ભવના ક્લેશનો નાશ કરવા માટે તેને હું નિત્ય વંદું છું**. એ ચારિત્રને હું નિત્ય આદર કરનારો છું. એ ભવ-ભવના ક્લેશનું નાશ કરનારું ચારિત્ર છે. આહાહા! કહો, જેઠાભાઈ! આવી વાત છે. આ કોઈ આલીદુઆલી જેવું ચારિત્ર (નથી). એકવાર થયું (એને) ભવ

ન મળે. સાધારણ હોય (એને), લ્યો દીક્ષા, થઈ ગયું ચારિત્ર. અને ઓલા શેઠિયા જઈને 'તિખ્ખુત્તો આયાહિયણ... આહાહા! અરે ભગવાન! ... આહાહા! આ તો પરમેશ્વરને વંદન છે. સમજાણું કાંઈ?

જેની પર્યાયમાં પરમેશ્વરતા પ્રગટ થઈ ગઈ છે, સમજાણું કાંઈ? જેને વસ્ત્રનો ધાગો બહારમાં નથી, જેની શરીરની દશા શરીરને કારણે નગ્ન થઈ ગઈ છે. આહાહા! એવું જે અતિશય ચારિત્ર વર્તે છે એને ભવ-ભવના ક્લેશના નાશ માટે હું વંદું છું. એનો અર્થ કે મારા સ્વરૂપમાં હું ઠરું છું. સમજાણું કાંઈ? નવ તત્ત્વમાં સંવર-નિર્જરાની દશા કેવી હોય એ એણે જાણવું પડશે કે નહીં? સમજાણું કાંઈ? અરે! નવ તત્ત્વમાં સંવર ને નિર્જરા જે ચારિત્રની દશા આવી હોય એની ખબરુંય ન મળે, એને નવ તત્ત્વની સાચી શ્રદ્ધા લાવવી ક્યાંથી? સમજાણું કાંઈ? એ ૯૫ થઈ. ૯૬. આહાહા! પ્યાલો ફાટી ગયેલાની વાત છે અહીં તો.

**केवलणाणसहावो केवलदंसणसहावसुहमइओ।**
**केवलसत्तिसहावो सो हं इंदि चिंतए णाणी॥९६॥**
**કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે,**
**વળી સૌખ્યમય છે જેહ તે હું એમ જ્ઞાની ચિંતવે. ૯૬.**

એ ભગવાન આત્મા આવો છે એમ કહે છે. **सुहमइ** નહોતું? (એનો અર્થ) સુખમય. આહાહા! **ટીકા : આ, અનંતચતુષ્ટયાત્મક નિજ આત્માના ધ્યાનના ઉપદેશનું કથન છે.** આ અનંત ચતુષ્ટયસ્વરૂપ ત્રિકાળની વાત છે હોં. ભગવાન અનંત ચતુષ્ટય સહિત ત્રિકાળ છે, કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય, કેવળ સુખસ્વરૂપ એવો એકલો ત્રિકાળી જેનો સ્વભાવ છે એવો નિજ આત્મા–એવો પોતાનો આત્મા... જે અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર ને સુખ, દર્શન ને વીર્ય, એનાથી સહિત જે ભગવાન આત્મા છે. એ રાગ સહિત નહીં, એક સમયની પર્યાય સહિત નહીં. સમજાણું કાંઈ? આહાહા! બાપુ! તીર્થંકરના ઘરની વાતું છે. જેને થવું છે તીર્થંકર ને કેવળી, એની વાતું સીધી જ હોયને. આહાહા! સમજાણું કાંઈ? જગત સાથે મેળ નહીં ખાય ભાઈ! મોટા પંડિતો ચર્ચાઓ કરીને મંથન કરીને ઝેર કાઢશે. આ મંથન જુદી જાતનું છે. આહાહા!

આ અનંતચતુષ્ટય આત્મા... અનંત ચતુષ્ટયસ્વરૂપ... આખું છેને. જેના સ્વભાવમાં જ્ઞાન, તે જ્ઞાન–કેવળજ્ઞાનની પર્યાયથી અનંતગુણું જ્ઞાન જેના સ્વભાવમાં છે. અરેરે! કેવળજ્ઞાનથી મોટપ કોની? સમજાણું કાંઈ? તેથી મોટપ એના જ્ઞાનગુણની. જેનો સ્વભાવ–સ્વભાવવાનનો સ્વભાવ, સ્વભાવવાન ભગવાન એનો સ્વભાવ અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત દર્શન, અનંત વીર્ય. આહાહા! એ શબ્દે ને વિકલ્પે પાર પડે એવું છે પ્રતીત? આવા આત્માની પ્રતીતિ કાંઈ વાણી અને વિકલ્પથી થાય? સમજાણું કાંઈ? એની જાતના સ્વભાવની પર્યાય દ્વારા એની પ્રતીત થાય. સમજાણું કાંઈ? એવો નિજ આત્મા એનું ધ્યાન, એ પર્યાય છે. અનંત ચતુષ્ટયસ્વરૂપ આત્મા એ તો ત્રિકાળી છે. એક સમયમાં વર્તમાન હોં. આહાહા! એનું ધ્યાન, એવા પૂર્ણસ્વરૂપ તરફનું ધ્યાન,

તેને વિષય બનાવી, આવા અનંત ચતુષ્ટયસ્વરૂપ આત્માને વિષય બનાવી અને એના ધ્યેયનું ધ્યાન જે કરે એ ઉપદેશ છે. સમજાણું કાંઈ?

બાપુ! એને એવું લાગે કે આવી તો મોટી વાતું હોં. એક રાગમાં રોળાઈ ગયો. એક શુભરાગ આવે ત્યાં તો એને (એમ થાય કે) શું કર્યું. એ આત્માને વહેરી નાખ્યો–મારી નાખ્યો ત્યાં. આહાહા! પર્યાયમાં હોં. વસ્તુ તો વસ્તુ છે. આહા! એક રાગનો કણ એમાં આત્માને એકતાબુદ્ધિ અથવા તેના પ્રત્યે પ્રેમબુદ્ધિ, હરખબુદ્ધિ, ઉત્સાહબુદ્ધિ છે, એને આખા ભગવાન આત્માની ઉત્સાહબુદ્ધિનો નાશ થઈ ગયો છે. સમજાણું કાંઈ? એમાં પૈસા-બૈસા ધૂળનો ઉત્સાહ તો... આહાહા.. પાંચ-પાંચ લાખની પેદાશોના દરેડા, છોકરા આઠ-આઠ હાથના લાંબા રૂપાળા હોય. એય! નહી? ત્યાં એને ઉત્સાહ આવે. ભાઈ! તારો ઉત્સાહ ક્યાં જાય છે? એ ઝેરના વલણમાં તારો ઉત્સાહ જાય છે. એ ઝેરના પીણા પીવામાં ઉત્સાહ જાય છે. આહાહા!

ભગવાન અનંત ચતુષ્ટયથી બિરાજમાન પરમાત્મા છેને, ત્યાં ઉત્સાહ કરને! આહાહા! ત્યાં તારા બળને બળુકો થઈને લાવને! વીર્ય છેને. એય! આહાહા! એવા આત્માનું... નિજ આત્મા પાછો હોં. સિદ્ધનો નહીં, ભગવાનનો નહીં. આહાહા! સિદ્ધ ભગવાનને તો અનંતમા ભાગની પર્યાય પ્રગટી છે અંદર. આહાહા! નિજ આત્માની શક્તિથી તો અનંતમા ભાગની પર્યાય પ્રગટી છે સિદ્ધને. એય!

એવો **નિજ આત્માના**.. આહાહા! **ધ્યાનના ઉપદેશનું કથન છે**. એને ધ્યેય (બનાવીને) પકડ ને એનું ધ્યાન કર. આહાહા! ધ્યાન કરવાલાયક હોય તો એ ચીજ છે. ભગવાન પણ નહીં, તીર્થંકર પણ નહીં, રાગ પણ નહીં ને એક સમયની પર્યાય પણ નહીં. સમજાણું કાંઈ? આહાહા! મહાપ્રભુ અંદર બિરાજે છે. તારી પર્યાયના માપમાં એનું માપ આવવું જોઈએ. આહાહા! એની પર્યાય એના તરફ વળે એને અહીંયા ધ્યાન કહેવામાં આવે છે. **સમસ્ત બાહ્ય પ્રપંચની વાસનાથી વિમુક્ત** પ્રભુ છે. આહાહા! આ ધર્મી કેવો હોય છે એની વ્યાખ્યા છે. સમસ્ત બાહ્ય પ્રપંચના વિકલ્પની વાસનાની ગંધથી તો વિમુક્ત છે. આહાહા!

**નિરવશેષપણે અંતર્મુખ પરમતત્ત્વજ્ઞાની જીવને શિખામણ દેવામાં આવી છે.** એટલે આનું સ્વરૂપ આવું હોય એમ જણાવ્યું છે. **નિરવશેષપણે અંતર્મુખ પરમતત્ત્વજ્ઞાની**... જેનું જ્ઞાન ને દ્રષ્ટિ અંતરમાં વળી છે અને અંતરમાં સ્થિરતા જેની વળી છે, એવા જીવને શિખામણ એટલે એનું સ્વરૂપ છે એ જણાવવામાં આવ્યું છે. એ તો ધ્યાનમાં હોય. એને ક્યાં ફુરસદ છે? પણ આવા જીવ હોય છે એવી શિખામણ નામ જણાવવામાં આવે છે. **કયા પ્રકારે?** એ જરી લાંબી વાત છે, કહેશે કાલે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ ૫, મંગળવાર, તા. ૧૨-૯-૧૯૭૨**
**ગાથા-૯૬, પ્રવચન નં. ૯૫**

ઉત્તમ દશલક્ષણી ધર્મમાં ઉત્તમ ક્ષમાનો ધર્મ. પ્રથમ એવું બનેલું કે અષાઢ સુદ પૂનમ પછી સાત-સાત (અઠવાડિયા) વરસાદ આવ્યા એવા. પાંચ ને પાંચ બીજા.... એમ ઓગણપચાસ દિવસ થયા. પછી આજનો દિવસ છે. ભરતક્ષેત્રમાં આગળ એવા વરસાદો આવશે અને થઈ ગયા છે એવા. ખરાબ વરસાદ બધા, અગ્નિના ને. એમાંથી બધો ફેરફાર થઈ ગયેલો. એમાં આજના દિવસે આર્યવૃત્તિ ઉઠી હતી, આર્યધર્મ. ધર્મનો ખરેખર પહેલો દિવસ આ છે. ચારિત્રના દસ પ્રકાર દસલક્ષણીમાં ગણાય છે, એની શરૂઆત આજ થઈ એવું ત્યાં શાસ્ત્રમાં આવે છે. સંપ્રદાયમાં એમ કહેતા. એમાંય આવે છે.

ઘણા વર્ષોથી માંસાદિ ખાતા, દારૂ આદિ પીતા, એમાં વરસાદ અમુક આવી ગયા. પછી સારા વરસાદ આવ્યા. એમાં લીલોતરી આદિ બરાબર થઈ અને આર્યમાણસની વૃત્તિ ફરી આજ કે હવેથી કોઈએ માંસાદિ ન લેવું, અભક્ષ ન ખાવું. ઘણા હજારો વર્ષમાં એ વૃત્તિ આજ ઉઠી એવો શાસ્ત્રમાં લેખ છે. એને ઉત્તમ ક્ષમા તરીકે શાસ્ત્રકાર આર્યધર્મ, આર્યધર્મ એટલે આત્માનો ધર્મ. જેને, આત્મા આનંદસ્વરૂપ આત્મા છે એવું ભાન થયું હોય એને ક્ષમા કેવી હોય એનું વર્ણન છે. સમજાણું કાંઈ? આજ મંગળ દિવસ છે, મંગળવાર છે. ઉત્તમ (ક્ષમા)ધર્મ આજ જ પર્યુષણનો મોટો દિવસ ખરેખર તો ગણવામાં આવે છે. આચાર્ય પોતે કહે છે (પદ્મનંદિ આચાર્ય). (પદ્મનંદી પંચવિશંતિ, પાનું-૪૩)

**जडजनकृतबाधाक्रोशहासाप्रियादा–**
**वपि सति न विकारं यन्मनो याति साधोः ।**
**अमलविपुलचित्तेरुत्तमा सा क्षमादौ**
**शिवपथपथिकानां सत्सहायत्वमेति ॥८२॥**

જુઓ! સાધુને લઈને મુખ્ય છેને! અરે! **મૂર્ખજનોં દ્વારા કિયે હુએ બંધન, ક્રોધ, હાસ્ય આદિ(કે હોને પર તથા) કઠોર વચનોંકે બોલને પર ભી જો સાધુ, અપને નિર્મલ ધીર-વીર ચિત્તસે વિકલ નહીં હોતા...** ધીર-વીરનો અર્થ જ્ઞાતા-દૃષ્ટા રહકર, કઠોર વચન ને પ્રતિકૂલતાકો જાનતે હૈં. અપના શાંત સ્વભાવ, અવિકારી–વીતરાગી સ્વભાવ ઉસમેં રહકર પ્રતિકૂલતાકા શબ્દ, હાસ્ય, મશ્કરી આદિ કોઈ કરે, ક્રોધાદિકી પ્રતિકૂલતા કરે તો સમતા રખે. સમ્યગ્દર્શન સહિતની ક્ષમાની વાત છે. ઉત્તમ ક્ષમા હૈ ન. સાધારણ ક્ષમા તો અનંતબૈર કી. યે તો ઉત્તમ ક્ષમા. **अमलविपुलचित्ते उत्तमा...** છેને. નિર્મળ જ્ઞાનાનંદસ્વભાવકી દ્રષ્ટિ રખકર અપને સ્વભાવમેં શુદ્ધ હોકર

**शिवपथपथिकानां...** મોક્ષના પથના પથિકા **सत्सहायत्वमेति...** એને પ્રથમ ક્ષમા **સહાયતા કરનેવાલી હૈ**. આ તો વાત આખી, વીતરાગભાવે ક્ષમા હોય એ ક્ષમાની વાત છે. અમથા વિકલ્પથી સહન કરે, એવા તો પરિષહ સમ્યગ્દર્શન વિના, આત્માના પાતાળકૂવાને જોયા વિના, ઉપરથી રાગની મંદતા આદિ કષાયની મંદતા હો, એ કોઈ ચીજ નથી. વહ ક્ષમા નહીં.

ક્ષમા તો અંતરના સ્વભાવનું સ્વરૂપ જ મારું જ્ઞાન ને દર્શન ને આનંદ છે એવું જેને ભાન વર્તે છે, તેને પ્રતિકૂળતાના પ્રસંગમાં જ્ઞાતા-દ્રષ્ટા શાંતિ.. શાંતિ.. શાંતિ. નહીંતર તો, કહતે હૈં, ગુણરૂપી વૃક્ષના ફળ, એમાં જો ક્રોધાદિ આદિ થઈ જાય તો સબ વૃક્ષનું ફળ નાશ થઈ જાય. સમજાય છે કાંઈ? એ બીજો શ્લોક છે. લાંબુ કરવા જાય તો પાંચ શ્લોક છે. ત્રીજામાં એમ છે કે હમ તો રાગ-દ્વેષ રહિત હોકર રહેંગેં. સ્વેચ્છાચારી લોક ગમે તે બોલે, હમકો ક્યા હૈ? પરદ્રવ્યસે સંબંધ ક્યા? ચાહે તો મિત્ર હો કિ ચાહે તો (શત્રુ હો), વહ તો સબ જ્ઞેય હૈં. મિત્ર-શત્રુ જગતમેં કોઈ હૈ હી નહીં. ઐસા આત્મામેં ધ્યાન રખકર ક્ષમા કરના. થોડો શ્લોક બીજો છે થોડો. હમારા દોષ દેખકર કોઈ સંસારમેં દુર્જન સુખી હો તો હો. સમજમેં આયા? દોષ દેખકર કોઈ સુખી હો તો હો. ધનાર્થી ધન લેકર સુખી હો. ધન તો ક્યાં મુનિ પાસે છે? પણ કોઈ ચીજ... પાઠ તો ઐસા હૈ. 'ધનાર્થી' છેને. ધનાર્થી, પણ સમુચ્ચય વાત કરવી હોય તો એમ થાયને.

વેરી (મેરે) જીવનકો લેકર સુખી હો. મેરે સ્થાન લેનેકી અભિલાષવાલા સ્થાન લેકર સુખી હો, મધ્યસ્થ રહનેવાલા હો તો મધ્યસ્થ રહો. મુજે પરસે કોઈ સુખ-દુઃખકી ચીજ હૈ નહીં. **ઐસા મૈં સબકે સામને પુકાર-પુકાર કર કહતા હૂં.** સુખી હો સબ. મૈં તો આનંદ ને જ્ઞાનસ્વરૂપ હૂં. મુજે કોઈ પ્રતિકૂલતા કરનેવાલા જગતમેં દિખતા હી નહીં. આહાહા! અરે! તું ક્યા વીતરાગભાવ નહીં સમજતા હૈ? એમ કહતે હૈં. વીતરાગભાવકી તુજે ખબર નહીં? તેરી ચીજ હી વીતરાગસ્વભાવસે ભરી હૈ. તો મૂર્ખ દુનિયા ચાહે સો કહે, જડકર્મોંકે પેદા કરનેમેં (નિમિત્ત ઐસા) રાગ કરના વહ તેરા સ્વભાવ નહીં. ઐસા કરકે તુજે... અજ્ઞાની લોગ જડ હૈં ઈસ બાતકા તુજે જ્ઞાન નહીં? એમ કહતે હૈં. ક્ષમા.. ક્ષમા.. આહાહા! વિકલ્પ પણ ઉઠાવવો નહીં. મારા પૂર્વના કોઈ પાપ લઈને આ પ્રતિકૂળ સંયોગ છે એવો વિકલ્પ પણ ન ઉઠાવવો. એનું નામ સમ્યગ્દર્શન સહિત ક્ષમા કહેવામાં આવે છે. એ પહેલો ધર્મ થયો. હવે આજની વાત.

કઈ ગાથા? છન્નું. છન્નું ગાથા બહુ સરસ આવી છે. મંગળની મંગળિક. આ ધર્મનો દિવસ છે. તે દિ' એ ધર્મદિવસ હતો. ઘણા વર્ષથી માંસ ખાતા, એમાંથી આર્યવૃત્તિ આવી. એવો જે આત્મા, ગતકાળ સુધી ગમે તે પ્રકારના વિકલ્પો આદિ હો, હવે મારી ચીજમાં હું તો આવું છું. એ છન્નું ગાથા કહે છે. બોલાઈ ગઈ છે કાલ. ફરીને.

**केवलणाणसहावो केवलदंसणसहावसुहमइओ।**
**केवलसत्तिसहावो सो हं इदि चिंतए णाणी ॥९६॥**
**કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે,**
**વળી સૌખ્યમય છે જેહ તે હું એમ જ્ઞાની ચિંતવે. ૯૬.**

અહીં સુધી આવી ગયું છે. **સમસ્ત બાહ્ય પ્રપંચની વાસનાથી વિમુક્ત, નિરવશેષપણે અંતર્મુખ પરમતત્ત્વજ્ઞાની જીવને શિખામણ દેવામાં આવી છે.** પરમતત્ત્વજ્ઞાની શાંતિમાં કેમ છે એની વાત કરી છે. **સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા...** વર્તમાનમેં-વર્તમાનમાં કેવળજ્ઞાન જે પ્રગટે, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય—જે ચતુષ્ટય પ્રગટ થાય, એ **સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી** છે. કારણ કે જ્યારથી એ ચતુષ્ટય પ્રગટ્યું ત્યારથી આદિ (થઈ), હવે એનો અંત છે નહીં. સમજાય છે કાંઈ?

**સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા...** એવી મારી ચતુષ્ટય પર્યાય શુદ્ધ સદ્ભૂત વ્યવહારનયથી... એ હું છું એમ, ચિંતવવું એમ કહે છે. વર્તમાનમાં પૂર્ણ કેવળજ્ઞાન, પૂર્ણ કેવળદર્શન, અનંતસુખ ને અનંતવીર્ય તે હું છું એમ ભાવના કરવી, એનું નામ અહીંયા પ્રત્યાખ્યાન કહેવાય છે. આહાહા! સમજાણું કાંઈ? અપૂર્ણતા ને રાગાદિ હું નહીં, એવું જે પ્રતિક્રમણ એટલે પ્રત્યાખ્યાન. આહાહા!

**શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત શુદ્ધ પુદ્ગલ-પરમાણુની માફક...** એટલી વાત. આ તો દાખલો આપ્યો છે હોં. શુદ્ધ સ્પર્શ, રસ, ગંધ, વર્ણનો આધાર એકલો પુદ્ગલ-પરમાણુ છેને. શુદ્ધ, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જે છે એની માફક **જે કેવળજ્ઞાન** આત્માનું પ્રગટ થાય એ હોં. **કેવળદર્શન, કેવળસુખ**-એકલું સુખ-એકલો આનંદ. અપૂર્ણ આનંદ ને રાગાદિપણું એમાંથી પાછા હઠવું છે એનું નામ પચ્ચખાણ છે. સમજાણું કાંઈ? એવા કેવળજ્ઞાન, **કેવળસુખ ને કેવળશક્તિ** એટલે વીર્ય (સહિત) એવો પરમાત્મા.. **એવો પરમાત્મા તે હું છું...** કહો, **એમ જ્ઞાનીએ ભાવના કરવી.** હું તો કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ, અનંતબળ—એવી અનંત ચતુષ્ટય વ્યક્ત-પ્રગટ પર્યાય એવો પરમાત્મા તે હું છું, એમ જ્ઞાનીએ ભાવના કરવી. આહાહા!

એ તો વ્યવહારથી વાત થઈ. કારણ કે કેવળજ્ઞાનાદિ પ્રગટે છે એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન, કેવળદર્શન પર્યાય છેને. નવી પ્રગટે છેને. ભલે અનંતકાળ રહે, પણ એ તો શુદ્ધ-સદ્ભૂત વ્યવહારનો વિષય થયો. સમજાણું કાંઈ? હવે નિશ્ચયનો વિષય. આહાહા! **નિશ્ચયથી, હું સહજજ્ઞાનસ્વરૂપ છું...** ત્રિકાળી હું જ્ઞાનસ્વરૂપ, જેમાં એવા કેવળજ્ઞાનની પર્યાય અનંતી-અનંતી પડી છે. એવો ભગવાન હું પૂર્ણ કેવળજ્ઞાનમય છું. એનું પ્રત્યાખ્યાન (અર્થાત્) પર્યાય ને રાગથી પાછો વળે છે અને અંદરમાં ઠરે છે, એમ કહે છે. આહાહા! ભગવાન આત્મા સહજજ્ઞાનસ્વરૂપ, એમ. પહેલું કહ્યું હતું એ પ્રગટ જ્ઞાનસ્વરૂપની વાત હતી, વ્યવહારનો વિષય. કેવળજ્ઞાનાદિ

વ્યવહારનો વિષય છે. આહાહા! શેઠ! નવી પર્યાય થઈને, નવી થઈને. આહાહા! પણ એ બધી કેવળજ્ઞાન (આદિ) કોને આશ્રયે પ્રગટે? એવો જે આશ્રયધામ ભગવાન આશ્રયનો ધામ **હું સહજજ્ઞાનસ્વરૂપ છું**... ત્રિકાળી જ્ઞાનસ્વભાવ તે હું સહજ છું. કહો, સમજાય છે કાંઈ?

એલા! પંચમકાળમાં કેવળજ્ઞાન ન હોય અને એની ભાવના! એની એકાગ્રતાની વાત છે હોં! એકાગ્રતા તો થાયને. અહીં પંચમકાળ શું, કોઈ કાળે આત્મા સહજજ્ઞાનસ્વભાવ વિનાનો છે જ નહીં. સમજાણું કાંઈ? જેને કાળ લાગુ પડતો નથી, જેની સાદિ-અનંત પર્યાય પણ જેને અનંતમે ભાગે ગણવામાં આવે છે. આહાહા! એવો જે આત્મા સહજજ્ઞાનસ્વરૂપ છું. વર્તમાન પર્યાય પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ તરફ ઢળતાં-વળતાં, એ **હું તો સહજજ્ઞાનસ્વરૂપ છું.** એ પર્યાય છે એ હું નહીં, એમ કહે છે. હું સહજજ્ઞાનસ્વરૂપ છું એવું જે જાણનાર પર્યાય છે. સમજાણું કાંઈ? પણ એ પર્યાય એમ જાણે છે કે **હું તો સહજજ્ઞાનસ્વરૂપ છું**. આહાહા!

લ્યો, આ માંગલિક. ત્રિકાળી (છું), પ્રગટ થાય એટલોય હું નહીં. પ્રગટ થાય એ તો પર્યાય પ્રગટે છે. સિદ્ધપદ પ્રગટે એ તો પર્યાય છે. આહાહા! જે પર્યાયે–અવસ્થાએ અંતર્મુખ ચીજને (જાણી કે) હું તો સહજજ્ઞાનસ્વરૂપ છું. આહાહા! હું સહજજ્ઞાનસ્વરૂપ છું એમ ધ્રુવમાં ન હોઈ શકે. પર્યાય એમ કહે છે કે હું તો સહજજ્ઞાનસ્વરૂપ છું. શેઠ! મારી સ્વભાવિક જ્ઞાનલક્ષ્મી તો અનંત છે. સમજાણું કાંઈ? આહાહા! અરે! એની કબૂલાત, એની દ્રષ્ટિ, એનો સ્વીકાર એની મહા કિંમત છે. સમજાણું કાંઈ?

વર્તમાનમાં પર્યાય એક સમયની હોવા છતાં, અપૂર્ણ હોવા છતાં, મતિ અને શ્રુતજ્ઞાનની પર્યાય હોવા છતાં, એ મતિ અને શ્રુતજ્ઞાનની પર્યાય એમ કહે છે, એમ જાણે છે કે હું તો સ્વભાવિક જ્ઞાનમૂર્તિસ્વરૂપ છું. જેમાં કેવળજ્ઞાનનો અંશ પણ નથી. એ તો પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ સ્વરૂપ છે. આહાહા! જુઓ તો દિગંબર સંતોની પચ્ચખાણની રીત! આહાહા! નવડાવી નાખ્યો એને. હું તો આ છું હોં. મારી પર્યાય છે એટલોય હું નહીં, નિર્મળ પર્યાય સમ્યગ્જ્ઞાન એટલોય હું નહીં. આહાહા! જે સમ્યગ્જ્ઞાન સ્વને આશ્રયે પ્રગટેલું છે એટલોય હું નહીં. આહાહા!

પોતાની ખાણ–નિધિ સ્વભાવિક જ્ઞાનસ્વરૂપ છે, સ્વભાવિક જ્ઞાનસ્વરૂપ છે. એ અપેક્ષાએ કેવળજ્ઞાન તો નવું પ્રગટેલું છેને. એ ન્યાયે તો એને સ્વભાવિક ન કહેતાં, ક્ષાયિક કેવળજ્ઞાનને પણ એક ન્યાયે વિભાવિક કહ્યું છે. વિશેષ અવસ્થા થઈને. આહાહા! અરે! આવો આત્મા કોને માને ને ક્યાં જાય? સમજાણું કાંઈ? એવો આત્મા એક સમયની પર્યાયને માને અને રાગવાળો માને, એ મિથ્યાત્વભાવ સંસારનું સ્થાન છે. સમજાણું કાંઈ?

એ પર્યાય એમ માને, જાણે ને ધ્યેય કરીને માને છે કે હું તો સહજજ્ઞાનસ્વરૂપ છું. કેટલો પુરુષાર્થ છે એમાં! સમજાણું કાંઈ? હવે આ વ્રત ને તપને કરવાના પુરુષાર્થ છે? એવું તો અનંતવાર કર્યું છે. કે આ પુરુષાર્થ છે? આહાહા! 'હું' એમ પર્યાયમાં નક્કી કરે છે, નક્કી કરેલું

છે. આહાહા! ચંદુભાઈ! હું પર્યાય નહીં, હું રાગ નહીં, હું નિમિત્તથી થાઉં એવો નહીં. આહાહા! સમજાણું કાંઈ? હું તો સ્વભાવિક છું, એને થવું એ ક્યાં છે? એ તો છે જ. આહાહા! અરે! છદ્મસ્થને આવી પ્રતીત ને જ્ઞાનની ભાવનામાં આવું વર્તે! ભોગીભાઈ! આહાહા!

અરે! ત્રણ લોકનો નાથ છોને પ્રભુ! સિદ્ધપદ પણ તારા જ્ઞાનસ્વભાવની આગળ અનંતમા ભાગે અપરમભાવ છે. આહાહા! એ વસ્તુ જે છે સહજજ્ઞાનસ્વભાવ નિત્ય ધ્રુવ, અપરિમિત જેની શક્તિ (છે કે) જેની હદ નથી. કેવળજ્ઞાનની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક જણાય. એથી અનંતગુણું ક્ષેત્ર, કાળ હોય તો એ પર્યાય જાણે. જેનો સ્વભાવ જાણવાનો હોય, એને ઓછું કેમ રાખે? એવી પર્યાય પણ જેના સહજજ્ઞાન આગળ તુચ્છ છે. આહાહા! સમજાણું કાંઈ?

**હું સહજજ્ઞાનસ્વરૂપ**... આ દસલક્ષણીપર્વનો મંગળ દિવસ આવ્યો. આહાહા! આ મંગળિક થાય છે. પર્યાય એમ જાણે છે કે સંસારનો રાગ તે હું નહીં. આહાહા! પચ્ચખાણ કર્યા છે એણે. આહાહા! મેં તો પચ્ચખાણ કર્યા છે કે એ પર્યાય જેટલોય હું નહીં. આહાહા! એવું નિશ્ચય પ્રત્યાખ્યાન છે... આહાહા! સમજાણું કાંઈ? એનો આશ્રય લઈને... વર્તમાન પ્રગટ પર્યાય તેને અવલંબે છે, અવલંબતાં હું તો સહજજ્ઞાન સ્વભાવિક વસ્તુ છું... એ જ્ઞાનની–સહજજ્ઞાનની પર્યાય જેટલી કિંમત નથી. એવી તો અનંત-અનંતગુણી પર્યાય શક્તિરૂપ જેમાં પડી છે. આહાહા!

એવો જ્ઞાનસ્વભાવી આત્મા એને અંતરમાં કબૂલાતમાં, વિશ્વાસમાં, જ્ઞેય બનાવીને લેવો, આહાહા! એને ભવિષ્યમાં હવે રાગ ને અલ્પજ્ઞપણું નહીં રહે. પ્રત્યાખ્યાન છેને. સમજાણું કાંઈ? એને ભવિષ્યમાં... પૂર્ણ સહજજ્ઞાનસ્વરૂપ એવો હું, મારા સ્વભાવની પરિમિતતા–હદ નહીં એવું જ્ઞાન... કેવળજ્ઞાન જેની પાસે તુચ્છ છે. કેવળજ્ઞાન જેની પાસે અનંતા.. અનંતા અનંતમા ભાગે છે. આહાહા! સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા અંદર સહજજ્ઞાનસ્વરૂપ છું એમ પર્યાય ભાવના કરે છે અને જાણે છે. સમજાણું કાંઈ? આવા પચ્ચખાણની રીત ભારે ભાઈ હોં! એટલે કે હું ભવિષ્યમાં રાગ(રૂપ) ને અલ્પજ્ઞ રહીશ નહીં. આહાહા! એવું મારું પ્રત્યાખ્યાનસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

**હું સહજદર્શનસ્વરૂપ છું...** સ્વભાવિક ત્રિકાળ પરમ પારિણામિકભાવ, ત્રિકાળ દર્શન સામાન્ય સ્વભાવભાવે હું પરિપૂર્ણ છું. જેની પાસે કેવળદર્શન અનંતના અનંતના અનંતમા ભાગે હોય છે. આહાહા! સમજાણું કાંઈ? તું કેવડો છો એની વાત ચાલે છે. ભાઈ! તું રાગવાળો નહીં, પ્રભુ! તું સંસારની પર્યાયવાળો નહીં, તું અલ્પજ્ઞ પ્રગટેલી પર્યાય જેટલો ને જેવડો નહીં. આહાહા! અરે! એવી વાત–ગુણગ્રામ, એના આવા ગુણ છે એમ એના જ્ઞાનમાં આવીને પ્રતીત થવી અલૌકિક વાત છે. એ પર્યાયમાં નથી, શક્તિએ સ્વભાવ આવો છે, એને 'છે' એમ પર્યાયમાં નક્કી કરીને, આવી વસ્તુ પ્રગટ છે એમ પર્યાયમાં નક્કી કરવું. આહાહા! સમજાણું કાંઈ? એ એમ કહે છે કે હું તો સહજદર્શનસ્વરૂપ છું. એવી જે મારી પર્યાય એ આમ કહે છે. હવે મારે કેવળદર્શન

થવાને વાર નથી. હું પચ્ચખાણ કરું છું, કહે છે. પર્યાયમાં અલ્પજ્ઞ નહીં રહું. આહાહા! સમજાણું કાંઈ? અધ્યાત્મની વાત છે. ઝીણી વાતું છે. આહાહા!

પ્રત્યેકનો આત્મા ભગવાન આત્મા છે. આબાલ-ગોપાલ જે બહાર દેખાય છે એમાં રહેલો પ્રભુ પૂર્ણ દૃષ્ટાસ્વભાવ છે. જેમાંથી કેવળદર્શન આવે એવી મોટી ખાણ છે. એવી કેવળદર્શનની પર્યાયો વહ્યા જ કરશે. સમજાણું કાંઈ? હું એવો છું. આહાહા! એમ જેને, અંતર નિઃશંક અને નિઃસંદેહભાવે 'આવો છું' એમ જેને બેઠું, એ નિઃશંક અને નિઃસંદેહ કેવળદર્શનને પામશે. સમજાણું કાંઈ? એ અલ્પદર્શીપણે નહીં રહી શકે. આહાહા! આવું ધર્મનું સ્વરૂપ. આમાં કાંઈ કરવાનું નથી આવતું? મહાપ્રભુ અનંત દર્શનસ્વભાવ વર્તમાનમાં અનંત-અનંત છે, સ્વભાવ હોં, પ્રગટેલ પર્યાય નહીં. આહાહા!

એવી પર્યાયમાં હું અનંત દર્શનસ્વભાવ સહજપણે... 'હું' શબ્દ પણ વાપર્યો નથી. અહીં તો હું સહજદર્શનસ્વરૂપ છું... આહાહા! સમજાણું કાંઈ? ધર્મી આમ આત્માને માને છે. સમજાણું કાંઈ? એને ધર્મી કહીએ (કે) જેના વલણ, વહેણ ગયા છે દ્રવ્યમાં. સમજાણું કાંઈ? આહા! ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાનીપણે રહ્યા એ એમ કહે છે, હે જગતના જીવો! તમે કેવળજ્ઞાન ને કેવળદર્શનની પર્યાય જેટલાય નહીં, મારી જેટલી પર્યાય પ્રગટ છે એવડાય નહીં. અમે તો, અંદર દ્રવ્યસ્વભાવ પરિપૂર્ણ દર્શન છે એના વિશ્વાસના વહાણે ચડ્યા છીએ, અમારા વહાણ તરીને પાર થશે એમ કહે છે. સમજાણું કાંઈ? અમારું વહાણ અલ્પજ્ઞમાં નહીં રહી શકે. સમજાણું કાંઈ? આહાહા!

**હું સહજચારિત્રસ્વરૂપ છું...** પાઠમાં સુખમય હતું ભાઈ! **सुहमइओ...** સમજાણું? ચારિત્ર નહોતું. એ સુખમાં ચારિત્ર ને દર્શન, અનંત-અનંત દર્શન (અને) અનંત-અનંત ચારિત્ર એવો સુખમય ત્રિકાળ છું. શું કીધું સમજાણું? આહાહા! હું સહજચારિત્રરૂપ છું. પાઠમાં **सुहमइओ** હતું. એ સુખમય, સમજાણું? એ પર્યાયમાં નાખ્યું, અનંત ચતુષ્ટય જે પ્રગટ છેને એમાં નાખ્યું. અહીં તો સ્વભાવિક સ્થિરરૂપ બિંબ છું. મારું સ્વરૂપ સ્વભાવિક સ્થિર શ્રદ્ધાના અનંતગુણથી બિરાજમાન, ચારિત્રના અપાર ગુણથી બિરાજમાન, એમ આ સુખના અપાર સ્વભાવથી ભરેલું છે. આહાહા!

મારો આનંદ, મારું ચારિત્ર ને દર્શન એ પર્યાય જેટલું નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? ક્ષાયિક સમકિતની પર્યાય પ્રગટી એટલો હું નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ? એ વસ્તુ જ એવી છે. એક સમયમાં ક્ષાયિક સમકિત જે પ્રગટ્યું એથી અનંત.. અનંત.. અનંત.. અનંત શ્રદ્ધાગુણનો સ્વભાવ અનંત-અનંત છે. યથાખ્યાત ચારિત્ર પ્રગટ્યું કેવળીને, એથી અનંત.. અનંત.. અનંત શાંત ને સ્થિર સ્વરૂપ છું. સ્વભાવિક જ આવો છું. સમજાણું કાંઈ? મારી સહજ ચીજમાં

સ્વભાવિક સુખ ને શાંતિ ને ચારિત્ર પડ્યું છે. આહાહા! કોઈ દિ' આ સાંભળ્યું ન હોય. એય શેઠ! આહાહા! કેટલી વાતું..... જુઓને!

હું તો અનંત ચારિત્ર એટલે બહાર પ્રગટેલી ચારિત્ર દશા નહીં, (પણ) અનંત શાંત.. શાંત.. શાંતિનો દરિયો છું. અકષાયસ્વભાવરૂપ ચારિત્ર, સહજ અકષાયસ્વભાવરૂપ ચારિત્ર તે હું છું. આહાહા! ચારિત્રની પ્રગટેલી પર્યાય એટલો હું નહીં. આહાહા! સમજાણું કાંઈ? આ તો ભગવાનના ભગવાન અંદર ભેટ્યા, કહે છે. ભગવાન તો કેવળજ્ઞાની પરમાત્મા છે. એવા અનંતા-અનંતા ભગવાન જેમાં પડ્યા છે એવો હું એટલે કે મારું અસ્તિત્વ–મારા હોવાપણામાં હું સહજચારિત્રસ્વરૂપ છું. સ્વભાવિક શ્રદ્ધાસ્વરૂપ છું અને સ્વભાવિક આનંદસ્વરૂપ છું એ એમાં આવી જાય છે. સમજાણું કાંઈ? કારણ કે જ્યાં ચારિત્રસ્વરૂપ લીધું ત્યાં એના કારણરૂપ શ્રદ્ધા પણ ત્રિકાળ (આવી જાય) અને ચારિત્ર લીધું ત્યાં આનંદ હોય છે. ચારિત્ર આનંદસ્વરૂપ છે. આહાહા!

સિદ્ધમાં સમકિત લીધું. અહીં વળી પર્યાયમાં, છેને? કેવળજ્ઞાન, કેવળસુખ એમ લીધું. અપેક્ષાથી છે. સિદ્ધના આઠ ગુણોમાં સમકિત લીધું, અહીં સિદ્ધપર્યાયમાં સુખ લીધું. સમજાણું કાંઈ? એમ કહીને કહે છે કે શ્રદ્ધા ને ચારિત્ર ગુણ તો અંદરથી આનંદ લપટાયેલો છે, એકમેક અવિનાભાવ છે. આહાહા! મારી શ્રદ્ધા, પર્યાય કહે છે કે હું એક સમયની શ્રદ્ધા જેટલો હું નહીં, હું તો પૂર્ણ સહજ શ્રદ્ધાસ્વરૂપ ત્રિકાળ છું. અને પ્રગટેલું ચારિત્રના આચરણનો અંશ એટલો હું નહીં, હું તો સહજ ચારિત્રની મૂર્તિ ત્રિકાળ ચારિત્ર છું. પ્રગટવું કે ન પ્રગટવું એ છે જ નહીં મારામાં. સમજાણું કાંઈ?

સ્વભાવિક ચારિત્રસ્વરૂપ છું. અરે! આ તે સ્વીકાર! આવી ચીજનો આદર એ જ અલૌકિક સમ્યગ્દર્શન છે. સમ્યક્ નામ સત્યનું દર્શન અથવા જેવું સત્ છે તેવું અંદર ભાન થઈને પ્રતીતિ કે આવું સત્ છે. સમજાણું કાંઈ? નિઃસંદેહ–નિઃશંક. આમાં જોવું રહે કે આમ હશે કે તેમ હશે? કાંઈ નથી એમાં. આહાહા! જેમાં 'જોવું' તો એનામાં નથી, પણ સાચી શ્રદ્ધા જેટલોય એ આત્મા નથી. આહાહા! સમજાણું કાંઈ?

હું સહજ આનંદસ્વરૂપ છું. સ્વભાવિક આનંદ મારામાં એટલો છે કે એકલું સુખસ્વરૂપ જ છું. મારા સુખની હદ–મર્યાદા ટાંકવું એ પર્યાયની પ્રગટ દશામાં ન આવે, જાણે ભલે, પણ એ આખી ચીજ એમાં ન આવે. ઓહો! આનંદ અનંત પ્રગટે તોપણ એ અનંત આનંદ એમાં ન આવે. સમજાણું કાંઈ? અરે! આવી કેવી ધર્મકથા? ધર્મ કોને કહીએ? ભગવાન! 'વત્થુ સહાવો ધમ્મો.' વસ્તુનો આ સ્વભાવ છે એને જાણીને ઠરવું એનું નામ ધર્મ. ધર્મ કોઈ બહારથી લટકતી ચીજ નથી કે બહારથી આવી જાય. આહાહા! સમજાણું કાંઈ? વસ્તુસ્વભાવ એ ધર્મ, એટલે કે વસ્તુ ભગવાન આત્મા એનો ત્રિકાળી સ્વભાવ એ એનો કાયમીધર્મ અને એનો સ્વીકાર થઈને શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતા થાય એ પર્યાયધર્મ. સમજાણું કાંઈ?

આ તો સમકિતનો–ધર્મની શરૂઆતનો દિવસ છે કહે છે. પદમચંદજી કહેતા હતા. પણ આવી શરૂઆત હોં. થઈ ગયું હોય તોપણ થાય એવો આ મારો સ્વભાવ છે. હું સ્વભાવિક આનંદસ્વરૂપ છું. પ્રગટવું કે અવરાવવું જેના સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? હું સ્વભાવિક શ્રદ્ધાસ્વરૂપ, સ્વભાવિક ચારિત્રસ્વરૂપ, સ્વભાવિક સુખસ્વરૂપ છું. એને અવરાવવું કે પ્રગટવું જેનામાં નથી એવો સહજસ્વભાવ તે હું છું. આહાહા! આવી મોટપને માને એને તુચ્છ વસ્તુનું સ્વામીપણું કેમ રહે? સમજાણું કાંઈ? એ રાગનો સ્વામી કેમ થાય? એ પત્નીનો પતિ–સ્વામી કેમ થાય? એ નરનો–મનુષ્યનો રાજા નૃપતિ કેમ થાય? એ લખપતિ ને કરોડપતિ કેમ થાય? એમ કહે છે.

આવો નિધાન, અનંત આનંદથી ઉછળતું તત્ત્વ આમ ભર્યું છેને કહે છે. એના નજરે નિધાન પડતાં જ તને પર્યાયમાં આનંદ આવે એવી એ ચીજ છે. દુઃખ થાય ને કષ્ટ લાગે એવી ચીજ જ નથી. એટલે શું? કે આ ચારિત્ર પાળવા એમાં બહુ સહન કરવું પડે છે, કષ્ટદાયક છે. કરી તો જુઓ! શું કરવું? ભગવાન! એમ કે આ વ્રત, તપ ને નગ્નપણા લો તો ખરા. આહાહા! અરે ભાઈ! એ ચીજની તો શું વાત કરવી? એ તો સાધારણ વિકલ્પ છે. એવા ક્લેશના ભાર તો અનંતવાર કર્યા. આત્મા હળવો કેટલો છે એને કદી જોયો ને જાણ્યો નથી. આ તો રાગનો બોજો છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સહજાનંદની મૂર્તિ છે. એમ કહે કે 'સહજાનંદી શુદ્ધસ્વરૂપી..' 'સહજાનંદી' તો સ્વામીનારાયણમાં આવે. આપણે ક્યાંથી આવ્યું? આવા જડભરત. 'સહજાનંદી શુદ્ધસ્વરૂપી અવિનાશી..' અમારે ઉમરાળામાં ગવાતું હશે. એક શેઠાણી બેઠી હતી બહાર. આવું સહજાનંદી ક્યાંથી? બિચારા ધર્મના નામે જૈનમાં પડ્યા, ભાન ન મળે કાંઈ. આહાહા! વીતરાગધર્મ એટલે શું અને એ વીતરાગધર્મને પ્રગટવાનું નિધાન એ દ્રવ્ય શું? સહજાનંદની મૂર્તિ પ્રભુ આત્મા. સહજાનંદસ્વરૂપ છે આત્મા. એ લોકોએ તો નામ રાખ્યું છે સહજાનંદ. બાપુ! આહાહા! આ તો સ્વરૂપ જ આવું છે. સમજાણું કાંઈ?

સહજ આનંદસ્વરૂપ છું, એટલે એનો અર્થ થયો કે હું સાધક અવસ્થાપણે હવે નહીં રહી શકું. આહાહા! ગજબ કર્યું.... હું સાધક અવસ્થાપણે હવે નહીં રહી શકું. મારી સાધ્યદશા પૂર્ણ (થશે). આવા પૂર્ણ ભગવાનને જ્યાં ભેટ્યા એને સાધકપણામાં અધૂરાશ કેમ રહે? ત્રણ લોકના નાથ તીર્થંકરની દિવ્યધ્વનિનો સાર આ છે. આહાહા! સીમંધર ભગવાન સમવસરણમાં એ જ કહી રહ્યા છે. સમજાણું કાંઈ? જેમ અહીં (પૂર્ણ) પર્યાયનો વિરહ છે એ ભગવાનનો વિરહ છે. પણ કહે છે કે જેણે આવા આત્માને જાણ્યો એને પર્યાયનો વિરહ નહીં રહે હવે. આહાહા! ભગવાનના વિરહ પડ્યા એ હવે વિરહ નહીં રહે. સમજાણું કાંઈ?

સમવસરણમાં સ્તુતિમાં આવે છેને. 'રે રે સીમંધરજિનના વિરહા પડ્યા આ ભરતમાં..' આવો જેણે અંદરમાં કબૂલ કર્યો, એ તને (વિરહ) નહીં રહે, કહે છે. આહાહા! એ ત્રણ લોકના નાથ તો પર છે, પણ તારી પૂર્ણ પર્યાય હવે અધૂરી નહીં રહે. આહાહા! એમ પોકાર કરતો આત્મા પોકારે છે કહે છે. જુઓ! તો એક રીત તો રીત પણ. આહાહા! સર્વજ્ઞ વીતરાગના માર્ગના પંથની રીત. કાયરના કાળજા કંપી ઉઠે એવું છે અને વીરોના વીર્ય ફાટી નીકળે એવું છે. સમજાણું કાંઈ? આહાહા!

**અને હું સહજચિત્શક્તિસ્વરૂપ છું**... મારું વીર્ય–બળ.. અનંત વીર્ય પ્રગટે કેવળીને એ તો ક્યાંય રહી ગયું. આહાહા! **હું સહજચિત્શક્તિ**... આમ તો પહેલું જ્ઞાન નાખ્યું હતું, પણ ચિત્શક્તિ એટલે જ્ઞાનની શક્તિ એટલે વીર્ય. જ્ઞાનની શક્તિ એટલે બળ. મારું સહજ અનંત બળ સ્વરૂપ છે. એ મારું અનંત બળ પર્યાયમાં પણ બહાર ન આવે. આહાહા! સમજાણું કાંઈ? આ પચ્ચખાણ ચાલે છે. આહાહા! તારી કથનપધ્ધતિ, તારી શૈલી આહાહા! હું (એટલે) સાધક પર્યાય કહે છે કે હું આવો છું. હું મારું હોવાપણું... મારા હોવાપણામાં સહજચિત્શક્તિરૂપ હોવાપણે છું. આહાહા! અરે! એક વાક્ય પણ ક્યાં છે આ? સમજાણું કાંઈ? એના વાચ્યની વાતું શું કરવી! અનંત.. અનંત.. અનંત.. અનંતના અપાર વીર્યવાળો હું છું. આહાહા! શરીરના બળની તો વાત શું કરવી? એ તો જડ છે. આહાહા!

સાધકવીર્ય સ્વભાવની રચના કરે એની તો ક્યાં વાત રહી? અને સાધકથી કેવળ વીર્ય પ્રગટ થાય એ પણ, આહાહા! અનંતમા ભાગે છે. ભાગ પડતા ભાગ અનંત. હું એક... વાણીની વાતું નથી આ. આહાહા! જેનો જ્ઞાનનો પર્યાય, સાધકનો પર્યાય એમ પોકાર કરે છે, પોકાર કરે છે, હું પૂર્ણ વીર્યસ્વરૂપ છું. જ્ઞાનશક્તિનું પૂર્ણ વીર્ય તે હું છું. જ્ઞાનનું વીર્ય એમ કહે છેને. શરીરનું વીર્ય એ અહીં નહીં એમ કહે છે. વીર્ય રેત નહીં. ચિત્શક્તિ ભગવાન, જ્ઞાનની શક્તિરૂપ વીર્ય, સ્વભાવિક બળનો પિંડ છું. આહાહા!

એ પર્યાયની કબૂલાતમાં જગતના સ્વર્ગ ને નરકના ભાવો તો ક્યાંય ચ્યુત (થઈને) નીકળી ગયા. સમજાણું કાંઈ? અરે! અહીં તો તીર્થંકરપણાનો ભાવ પણ ક્યાંય નીકળી ગયો. આહાહા! પચ્ચખાણ તો જુઓ! એમ આવ્યુંને ભાઈ! એ શેઠ! હું તો પૂર્ણ વીર્ય–બળનો પિંડ છું, જેમાંથી અનંતમા ભાગે વીર્ય પ્રગટે કેવળીને. હવે પ્રગટવું બાકી નહીં એવું વીર્ય પ્રગટ્યું, એ પણ અનંતમા ભાગે છે. જુઓ! એ શ્રદ્ધાનો વિષય, સમ્યગ્દર્શનની પર્યાયનો ધ્યેય. સમજાણું કાંઈ?

**અને હું સહજચિત્શક્તિસ્વરૂપ છું એમ ભાવના કરવી.** આવ્યુંને છેલ્લું. પર્યાય વસ્તુમાં આ રીતે એકાગ્ર થાય છે. સમજાણું કાંઈ? આ પ્રત્યાખ્યાનના અધિકારમાં નાખ્યું છે. આહાહા! એની ભાવના પૂરી થશે હોં તારી. તે પૂરાને પકડ્યો એ ભાવનામાં હવે અપૂર્ણતા નહીં રહે. સમજાણું કાંઈ? શ્રીમદે કહ્યુંને,

'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં તે પણ ભગવાન જો,
તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે, અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું જ્ઞાન મેં, ગજા વગર ને હાલ મનોરથરૂપ જો..'
પૂર્ણ કેવળજ્ઞાનને પામવાની ગજા અત્યારે નથી. સમજાણું કાંઈ?
'તોપણ નિશ્ચળ રાજચંદ્ર મનને રહ્યો, પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો,
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?'

પ્રગટ અવસ્થાની વાત છે. સમજાણું કાંઈ? જેણે ભગવાનને જોયો, જાણ્યો, અનુભવ્યો એની વાણીમાં પણ એ સ્વરૂપ (આવે). આહાહા! ગોમ્મટસારમાં કહે છે, ભગવાને જાણ્યું એના અનંતમા ભાગે વાણીમાં આવ્યું. વાણી જડ, ઓલો ચૈતન્ય ભગવાન. જડની પાસે વાતું કરાવવી આત્માની. આહાહા! અને એના અનંતમા ભાગમાં શ્રુતમાં નિબદ્ધ થયું છે. પંચાધ્યાયીમાં તો કહે છે કે બાર અંગમાં સ્થૂળ કલ્પના છે. આહાહા! બાર અંગ હોં, ચૌદ પૂર્વમાં આવ્યું છે. વાત સાચી.. સાચી છે. બાર અંગમાં પણ સ્થૂળ આવ્યું છે. આવો ભગવાન સૂક્ષ્મ કેમ એમાં આવે? સમજાણું કાંઈ? જેનો સૂક્ષ્મ પૂર્ણ સ્વભાવ, એની પૂરી કથની બાર અંગમાં ન આવે. સમજાણું કાંઈ? **એમ ભાવના કરવી**. આહાહા! ધર્મના ધાબા નાખ્યા. આ ધાબા નથી કરતા? (શ્રોતા: અગાસીમાં ધામા નાખે છે). હા, એવો ધાબો નાખ્યો છે ધર્મનો. એ ઉખડે નહીં એવો ધાબો હોં. એવી ભાવના કરવી, લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## ભાદરવા સુદ ૭, ગુરુવાર, તા. ૧૪-૯-૧૯૭૨
## શ્લોક-૧૨૮, ગાથા-૯૭, પ્રવચન નં. ૯૬

આજ દસલક્ષણીપર્વકા તીસરા દિન આર્જવધર્મકા હૈ. પહલે (ક્ષમા) આ ગયા, દૂસરા માર્દવ. ક્રોધ સામે (ક્ષમા), માન સામે માર્દવ, માયા સામે આર્જવ–સરળતા. સમ્યગ્દર્શન સહિતકી બાત હૈ. (પદ્માનંદી પંચવિંશતિ, પાનું-૪૬)

**हृदि यत्तद्वाचि फलति तदेवार्जवं भवत्येतत् ।**
**धर्मो निकृतिरधर्मो द्वाविह सुरसद्मनरकपथौ ॥८९॥**

**મનમેં જો બાત હોવે ઉસીકો વચનસે પ્રગટ કરના...** ન કિ મનમેં કુછ દૂસરા હોવે અને વચનમેં કુછ દૂસરા હી બોલે. વહ તો માયા હૈ. સમજમેં આયા? ઇસકો આચાર્ય આર્જવધર્મ કહતે હૈં, જૈસા મનમેં હો, ઐસી વાણી સરલતાસે કહે, ઉસકા નામ આર્જવધર્મ કહતે હૈં. 'કહે' વહ તો વાણી હૈ, પણ અંદરમેં સ્વભાવ... યહાં ઉસકા ફલ સ્વર્ગ મિલેગા ઐસે કહતે હૈં. આર્જવધર્મકા વિકલ્પ આતા હૈ ન બીચમેં. ઉસકા ફલ સ્વર્ગ હૈ આર્જવકા. મૂલ આર્જવધર્મકા ફલ મુક્તિ હૈ. અપના શુદ્ધ સ્વભાવ ઉસમેં પૂર્ણતા, જૈસા હૈ ઐસા વિશ્વાસ કરકે સરલતા પ્રગટ કરના વહ મુક્તિકા પંથ હૈ. બીચમેં ઐસા સરલતાકા વિકલ્પ આતા હૈ શુભરાગ ઉસકા ફલ સ્વર્ગ.. સ્વર્ગ...

કહતે હૈં દેખો! **धर्मो द्वाविह सुरसद्मनरकपथौ...** આર્જવધર્મસે સ્વર્ગકી પ્રાપ્તિ હોતી હૈ. **ઇસે આચાર્ય આર્જવધર્મ કહતે હૈં તથા મીઠી બાત કરકે દૂસરેકો ઠગના ઇસકો અધર્મ કહતે હૈં. निकृति...** મીઠી-મીઠી બાત કરકે દૂસરોંસે અજ્ઞાન(પૂર્વક) માયા, કપટ, કુટિલતા (કરના) ઉસકા ફલ નરક હૈ. ઔર **આર્જવધર્મસે સ્વર્ગકી પ્રાપ્તિ હોતી હૈ. सुरसद्म** હૈ ન. **सुरसद्मनरकपथौ..** ભવ્ય જીવોંકો કિસીકે સાથ માયાસે વ્યવહાર નહીં કરના ચાહિયે. દૂસરા શ્લોક.

**मायित्वं कुरुते कृतं सकृदपि च्छाविघातं गुणे—**
**ष्वाजातेर्यमिनोऽर्जितेष्विह गुरु-क्लेशैः समादिष्वलम् ।**
**सर्वे तत्र यदासतेऽतिनिभृताः क्रोधादयस्तत्त्वत—**
**तत्पापं बत येन दुर्गतिपथे जीवश्चिरं भ्राम्यति ॥९०॥**

**આચાર્ય કહતે હૈં કિ યદિ એકબાર ભી કિસીકે સાથ માયાચારી કી જાય તો યહ માયાચારી બડી કઠિનતાસે સંચયિત કિયે હુએ અહિંસા, સત્યાદિ ધર્મકો ફીકા બના દેતી હૈ.** માયાસે દુનિયાકો તો ઉસકા વિશ્વાસ નહીં રહતા ઔર અપનેમેં ગુણ હૈં ઉસકો ફીકા કર દેતા હૈ. **વે ગુણ આદરણીય નહીં રહ પાતે. માયારૂપી મકાનમેં અનેક પ્રકારકે ક્રોધાદિ શત્રુ છુપે હુએ બૈઠે રહતે હૈં.** કપટ હૈ વહાં ક્રોધ હૈ, માન હૈ, લોભ હૈ—સબ ઉસમેં પડા હૈ. ઔર ઉન માયાચારસે

**ઉત્પન્ન હુએ પાપસે જીવ અનેક પ્રકારકે દુર્ગતિ-માર્ગોંમેં ભ્રમણ કરતા રહતા હૈ.** ઇસલિયે મુનિયોંકો અથવા ધર્માત્માકો માયાકો પાસમેં નહીં ફટકને દેના ચાહિયે. યે બાત હૈ. નહીં તો કપટસે તો તિર્યંચાદિ દુર્ગતિમેં જાયેગા, (કોઈ તો) સીધા નરકમાં જાયેગા.

અહીં આપણે ૯૬ ગાથા, એમાં કળશનો આધાર આપે છે.

**केवलज्ञानदृक्सौख्यस्वभावं तत्परं महः।**
**तत्र ज्ञाते न किं ज्ञातं दृष्टे दृष्टं श्रुते श्रुतम्॥**

**શ્લોકાર્થ : વહ પરમ તેજ કેવલજ્ઞાન...** જિસકા સ્વભાવ ત્રિકાલ... જિસકા ત્રિકાલ કેવલજ્ઞાન સ્વભાવ હૈ. પર્યાયકી બાત નહીં. ત્રિકાલ ધ્રુવ કેવલજ્ઞાન જિસકા સ્વભાવ હૈ. **મહઃ** નામ તેજ હૈ ન. **પરમ તેજ કેવલજ્ઞાન**... આહાહા! સ્વભાવરૂપ પરમ તેજ કેવલજ્ઞાન ધ્રુવ ઔર **કેવલદર્શન...** જિસકા પૂર્ણ દેખનેકા સ્વભાવ ધ્રુવમેં પડા હૈ... **ઔર કેવલસૌખ્યસ્વભાવી હૈ.** ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપી હૈ. પૂર્ણ સુખસ્વરૂપી હોં ધ્રુવ. પર્યાય ભી નહીં, રાગ ભી નહીં, નિમિત્તકી બાત યહાં નહીં. આહાહા! અનંત આનંદ ઐસા સુખસે ભરા પડા પ્રભુ આત્મા ધ્રુવ.. ધ્રુવ.. વહ કેવલ સુખસ્વભાવી હૈ. ઉસકા તો અકેલા સુખ સ્વભાવ હી હૈ. રાગ, સંસાર કિ નિમિત્ત ઉસમેં હૈ નહીં. ઐસી ચીજ નિત્યાનંદ પરમાત્મા અપના ધ્રુવસ્વભાવી ભગવાન ઉસે જાનતે હુએ ક્યા નહીં જાના? આહાહા!

ઐસી ચીજ જો અપની ત્રિકાલી કેવલજ્ઞાનમૂર્તિ પ્રભુ હૈ. કેવલ શબ્દસે કેવલજ્ઞાન નહીં. કેવલજ્ઞાન તો પર્યાય હૈ. યે તો કેવલ જ્ઞાન–અકેલા જ્ઞાન, ત્રિકાલ જ્ઞાનસ્વભાવ જિસકે આગે કેવલજ્ઞાનકી પર્યાય તો અનંતવે.. અનંતવે.. અનંતવે ભાગમેં હૈ. ઐસા ભગવાન આત્મા કેવલજ્ઞાન સ્વભાવ, કેવલદર્શન સ્વભાવ... 'સ્વભાવ' સબમેં લેના. ઔર કેવલ-સૌખ્યસ્વભાવી... તેજ–પરમ તેજ, પ્રભુ આત્માકા ત્રિકાલ પરમ તેજ, કેવલજ્ઞાનસ્વભાવી, કેવલદર્શન સ્વભાવી, કેવલસુખસ્વભાવી. ઓહો! ઐસા ધ્રુવસ્વભાવ જિસને જાના (ઉસને) ક્યા નહીં જાના? ક્યા નહીં જાના? સબ જાનનેમેં આ ગયા. અકેલા પૂર્ણ કેવલજ્ઞાન સ્વભાવ તરફકા ઝુકાવ કરનેસે ઉસકો જાના, ઉસને **ક્યા નહીં જાના?** એમ કહતે હૈં. આહાહા!

**ઉસે દેખને પર ક્યા નહીં દેખા?** કેવલદર્શન સ્વભાવી ત્રિકાલી ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપી... અપના સ્વભાવ પરમાત્મસ્વરૂપી હૈ, કેવલદર્શનસ્વભાવી હૈ ઉસકો દેખનેસે ક્યા નહીં દેખા? કેવલદર્શનકી પર્યાય ભી જિસમેં અનંતી-અનંતી શક્તિરૂપ પડી હૈ. ઐસા કેવલદર્શનસ્વભાવી ભગવાન આત્મા ઉસકો દેખને પર ક્યા નહીં દેખા? ઔર **ઉસકા શ્રવણ કરને પર ક્યા નહીં સુના?** કેવલસૌખ્યસ્વભાવી આત્મા, કેવલજ્ઞાનસ્વભાવી, કેવલદર્શન-સ્વભાવી આત્મા ઉસકા શ્રવણ કરતે હુએ... ઓહોહો! જિસને વહ શ્રવણ કિયા... ભગવાન આત્મા પૂર્ણ આનંદાદિ સ્વભાવિક ત્રિકાલ હોં. ઐસા ત્રિકાલી ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા સાક્ષાત્

પ્રગટ પરમાત્મા હી હૈ વહ. દ્રવ્યરૂપસે પ્રગટ પરમાત્મા હૈ. ઉસકો જિસને સુના, દેખો! યે વાણી. આહાહા! ઉસકા શ્રવણ કરતે હુએ... ઐસા આત્મા હૈ ઐસા જિસને શ્રવણ કિયા. **શ્રવણ કરને પર ક્યા નહીં સુના?** સારા ભાવ–સાર સુનનેમેં આ ગયા. સમજમેં આયા?

ઓહોહો! વસ્તુ ત્રિકાલી પરમાત્મા સહજાનંદકી મૂર્તિ પ્રભુ હૈ, પૂર્ણ બ્રહ્મસ્વરૂપ હૈ, પૂર્ણ ઈશ્વરસ્વરૂપ હૈ, પૂર્ણ પરમાત્મા હૈ, પૂર્ણ ભગવાનસ્વરૂપ હૈ. આહાહા! સમજમેં આયા? ઉસકો જિસને સુના (ઉસને) ક્યા નહીં સુના? સબ બાત–બાર અંગ અને ચૌદ પૂર્વકા સાર ઉસમેં આ ગયા, સારા જૈનશાસન. 'જિન સો હી હૈ આત્મા..' આત્મા વહ તો જિનસ્વરૂપ હી હૈ, અકષાયરસ વીતરાગસ્વભાવી હૈ, કેવલ–અકેલા જ્ઞાન, અકેલા દર્શન, અકેલા સુખ, અકેલા વીર્યસ્વભાવી હૈ. ઐસા આત્મા જિસને સુના... ઐસા આત્મા હૈ, ઐસી અસ્તિ.. અસ્તિ–સત્તા જિસકી ઐસી હૈ. આહાહા! એક સમયકી પર્યાયકો ભી ગૌણ કરકે, ઐસી ચીજકી જિસને દ્રષ્ટિ કી, ઉસને ક્યા ન કિયા? ઉસકા જ્ઞાન કિયા ઉસને ક્યા ન જાના? ઉસકા સુનનેમેં આયા ઉસને ક્યા ન સુના? આહાહા! એ પદ્મનંદિ પંચવિંશતિની ગાથા. એકત્વસપ્તતિ હૈ ઉસમેં યહ ૨૦વાં શ્લોક હૈ.

ઓહોહો! દિગંબર સંતોને તો બાદશાહ આત્માકો જહાં હો વહાં ચિત્રિત કિયા હૈ. ક્યા કરે? પરમાત્મા! તું પૂર્ણાનંદ હો નાથ! આહાહા! અકેલા જિસકા આનંદસ્વભાવ... 'જિસકા' ક્યા કહે? ભગવાન કેવલીકો જો અતીન્દ્રિય આનંદ પ્રગટ હુઆ હૈ, વહ તો અનંતવે ભાગમેં (પ્રગટ) હુઆ હૈ. અંતરમેં તો પૂર્ણ કેવલ આનંદસ્વભાવી વસ્તુ હૈ ઉસકી શ્રદ્ધા કી, ઉસને ક્યા નહીં કિયા? ઉસકા જ્ઞાન હુઆ તો ઉસને ક્યા નહીં જાના? ઉસકો દેખા તો ક્યા ન દેખા? ઉસકો સુના તો ક્યા ન સુના? કહો, શેઠ! આહાહા! કેવલજ્ઞાનકી પર્યાય નહીં, ત્રિકાલ ભગવાન પૂર્ણાનંદકા તેજ જિસમેં કેવલજ્ઞાન તો એક અલ્પ કિરણ હૈ. કેવલજ્ઞાન તો ઉસકી એક અલ્પ કિરણ હૈ. આહાહા! ઐસા ભગવાન આત્મા, ઐસી ઉસકી મૌજૂદગી હૈ, અસ્તિ–સત્, સત્‌કા સત્ત્વ હી ઐસા પૂર્ણ હૈ. ઓહોહો! ઇસકી જિસકો રુચિ હુઈ ઉસે ક્યા ન રુચા? ક્યા ન પોષણમેં આયા? આહાહા! સબ બાત પુસ ગઈ હૈ, રુચિમેં આ ગઈ સબ. આહાહા! સમજમેં આયા?

અકેલા આનંદસ્વરૂપ ભગવાન... પર્યાયકે આનંદકી તો ક્યા બાત? અલ્પ હૈ. ઔર શરીરમેં પૈસામેં સુખકી કલ્પના વહ તો મહા ઝેર હૈ. (સુખ) તો ઉસમેં હૈ નહીં, આહાહા! પાંચ ઇન્દ્રિયકે વિષયકા સુખ, શરીરકી જુવાની હો, પાંચ-પચ્ચીસ લાખ પૈસા હો, કુટુંબ હો બડા, ઉસમેં હુશિયાર કુછ હો તો (કહે) હમારે કુટુંબમેં બડા કર્મી જાગા હૈ. કર્મી. ધર્મી નહીં. આહાહા! પ્રભુ! તેરી ચીજકે પાસ ઉસ ચીજકી કિંમત ક્યા? ચક્રવર્તીકે રાજકી કિંમત નહીં, ઇન્દ્રકે પદકી જહાં કિંમત નહીં, અરે! કેવલજ્ઞાન (આદિ) અનંત ચતુષ્ટય પ્રગટ હુઆ ઉસકી ભી જિસકે પાસ કિંમત નહીં. આહાહા! ઐસા ભગવાન તુમ હૈ હી. સમજમેં આયા? ઐસા મૌજૂદ.. મૌજૂદ.. મૌજૂદ–

હયાતીવાલા–સત્–સત્ત્વ–સ્વભાવ ઐસા હી તેરા હૈ. વહ (કોઈ) અતિશયોક્તિ નહીં, વિશેષ કરકે કહના ઐસી બાત નહીં એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

વહ હૈ ઐસા તો કહનેમેં આતા હી નહીં એમ કહતે હૈં. અતિશયોક્તિ (નહીં). ઇતના આત્મા અંદર... અનંત આત્મા ઐસે હૈં. અનંત આત્માકી મૌજૂદગી–સત્તા–હયાતી ઐસી હૈ ઉસકો આત્મા કહતે હૈં. સમજમેં આયા? જિસકે પાસ કેવલજ્ઞાન, કેવલદર્શન ભી વ્યવહારકા વિષય હૈ. કેવલજ્ઞાન તીન કાલ, તીન લોકકા જાનના વહ કેવલ વ્યવહાર હૈ. ક્યોંકિ દ્રવ્યકા એક અંશ હુઆ હૈ ઐસા. આહાહા! અરે! ઉસકા માહાત્મ્ય સુના નહીં કભી. અપની ચીજ ક્યા હૈ? 'અપ્પા સો પરમપ્પા' યે પરમાત્મા સ્વરૂપ હૈ અંદર. પરમસ્વરૂપ.. પરમસ્વરૂપ.. પરમાત્મા એટલે પરમસ્વરૂપ. પરમજ્ઞાન, પરમદર્શન, પરમ-આનંદ, પરમવીર્ય, પરમપ્રભુતા, પરમ- સ્વચ્છતા, પરમ-પરમેશ્વરતા—ઐસે પૂર્ણ સ્વભાવસે ભરા ભગવાન હૈ. ઓહો! આચાર્ય કહતે હૈં, ઓહો! ઉસકો જાના ઉસને ક્યા નહીં જાના? આહાહા!

ક્યોંકિ એક સમયકી પર્યાયમેં તીન કાલ, તીન લોક જાના. તો ઐસી-ઐસી અનંતી પર્યાયકા પિંડ ભગવાન આત્મા ઉસકો જાના ઉસને ક્યા ન જાના? સમજમેં આયા? સાર(રૂપ શ્લોક) હૈ. એકત્વકી બાત હૈ ન. એકત્વ વસ્તુ... એક સમયકી પર્યાય નહીં, રાગાદિકી તો બાત ભી નહીં. .... તેરા દયા, દાન, વ્રત, ભક્તિ વિકલ્પકી તો ક્યા બાત? યે તો ઝેર, બંધનકા કારણ હૈ. યે તો અબંધસ્વરૂપી ભગવાન આત્મા હૈ. આહાહા! જિસને ઐસા અબંધસ્વભાવી આત્મા ઉસકો જાના, ઉસને સારા જૈનશાસન જાના. સમજમેં આયા? વહ પંદરવી ગાથામેં આતા હૈ કિ નહીં? અબદ્ધસ્પૃષ્ટ. વહ બંધા નહીં, પરસે સ્પર્શ નહીં, અપૂર્ણ નહીં, ભેદ નહીં, એક સમયકી પર્યાયવાલા નહીં. આહાહા! ઐસી પૂર્ણ ચીજ જિસકે જ્ઞાનમેં આયા, અનુભવમેં આયા વહ જૈનશાસન. વહ પર્યાય જૈનશાસન હોં. દ્રવ્યમેં તો જૈનશાસનકી ઐસી-ઐસી અનંતી પર્યાય પડી હૈ. આહાહા! સમજમેં આયા? દૂસરા જ્ઞાન હો--ન હો, દૂસરા જાનપના હો--ન હો, ઉસકે સાથ કોઈ સંબંધ હૈ નહીં.

ભગવાન પૂર્ણાનંદકી શક્તિકા પિંડકે પડખે જહાં આયા, પર્યાય અને રાગકે પડખેસે... પડખે સમજે? બાજુ. એક સમયકી પર્યાય ને વિકલ્પકે બાજુમેં થા તો પામર થા. આહાહા! દ્રષ્ટિમેં જહાં પરમાત્મા પૂર્ણાનંદ આયા તો વહ પરમાત્મા હુઆ, પર્યાયમેં પરમાત્મા હુઆ. આહાહા! મહંત મહાત્મા હુઆ, પર્યાયમેં મહાત્મા મહંત હુઆ. સંતકી દ્રષ્ટિ પર્યાયમેં મહંત.. મહંત–મોટો ભગવાન આત્મા ઐસા પ્રતીત, જ્ઞાનમેં આયા, વહ મહાત્મા હુઆ. આગે બઢકર વહ પરમાત્મા હો જાયેગા. સમજમેં આયા? આહાહા! યે ચીજ સુનનેમેં આવે નહીં. બહારની વાતું બધી વ્યવહારની. ઐસી ભક્તિ કરો ને ઐસી પૂજા કરો ને ઐસા શાસ્ત્ર લિખો, શાસ્ત્રકી પ્રભાવના કરો—

યે સબ વિકલ્પકી બાત હૈ. સમજમેં આયા? ઉસકી તો કિંમત નહીં, ઉસકો જાનનેકી પર્યાય જો વર્તમાન હૈ ઉસકી ભી કિંમત નહીં. આહાહા!

ચૈતન્યહીરા, કલ્પવૃક્ષ સમાન ભગવાન, ઉસકા જિસને આશ્રય લિયા, બંધ કહાંસે આ ગયા? સમજમેં આયા? ઉસકા નામ પચ્ચખાણ હૈ. ઉસકો સારા સંસારકા અભાવ હો ગયા. અરે! વહ તો ઠીક, પણ 'મૈં પૂર્ણ હૂં' ઐસા જહાં દ્રષ્ટિમેં આયા, સાધકપર્યાયકા ભી ઉસમેં અભાવ હૈ. આહાહા! સમજમેં આયા? ઉસકો તો સાધકપર્યાયકા ત્યાગ હો ગયા, કહતે હૈં. એક આત્મા પૂર્ણાનંદકા આદર હુઆ. આહાહા! સમજમેં આયા? એ પ્રકાશદાસજી! સુના હૈ ઐસા આત્મા? આહાહા! ઐસા આત્મા હૈ, એક-એક આત્મા ઐસા હૈ. આહાહા! સમજમેં આયા?

**ઔર ઇસ ૯૬વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહતે હૈં:** વહ શ્લોક તો પદ્મનંદિમેંસે થા. અબ ટીકાકાર કહતે હૈં.

**जयति स परमात्मा केवलज्ञानमूर्तिः**
**सकलविमलदृष्टिः शाश्वतानंदरूपः।**
**सहजपरमचिच्छक्त्यात्मकः शाश्वतोयं**
**निखिलमुनिजनानां चित्तपंकेजहंसः ॥१२८॥**

આહાહા! **શ્લોકાર્થ : સમસ્ત મુનિજનોંકે હૃદયકમલકા હંસ ઐસા જો યહ શાશ્વત, કેવલજ્ઞાનકી મૂર્તિરૂપ...** આહાહા! ભગવાન પોતે સ્વરૂપે હંસ છે. ક્યોંકિ પર્યાય ને રાગસે પૃથક્ રહા વહ હંસ હૈ. સમજમેં આયા? ઉસ હંસકા ખોરાક સારા આત્મા હૈ. આહાહા! સમસ્ત ધર્માત્માજનોંકે હૃદયકમલકા–જ્ઞાનકી પર્યાયકા હંસ પૂર્ણ વસ્તુ હોં. **ઐસા જો યહ શાશ્વત કેવલજ્ઞાનકી મૂર્તિરૂપ**... ત્રિકાલ જ્ઞાનમૂર્તિરૂપ હંસલો. આહાહા! હંસ મોતીકા ચારા ચરતા હૈ. એ ભૂખ્યો રહે પણ અનાજના દાણા નહીં ચરે. આહા! ઐસે ભગવાન આત્મા પૂર્ણાનંદકી જહાં દ્રષ્ટિ હુઈ, વહાં આનંદકા ચારા–પર્યાયમેં આનંદકા અનુભવ કરતે હૈં. ધર્મી રાગરૂપી જુવારકે દાનેકા ખોરાક નહીં ખાતે. સમજમેં આયા?

**સમસ્ત મુનિજનોંકે હૃદયકમલકા હંસ**... જૈસે કમલમેં હંસ રહતા હૈ ન. બડા કમલ હોતા હૈ ન. એમ આ જ્ઞાનરૂપી કમળ ભગવાન પૂર્ણાનંદ, વહી હંસ હૈ. આહાહા! **ઐસા જો યહ શાશ્વત કેવલજ્ઞાનકી મૂર્તિરૂપ...** હંસલા કેવળજ્ઞાનમૂર્તિરૂપ... આહાહા! કભી અપની પૂર્ણ સત્તાકી સંભાલ લી નહીં. અને બધી વાતું ઐસા-ફૈસા, રાગ ને શાસ્ત્રકે અભ્યાસમેં ભી ઉલઝ ગયા, યે સબ વિકલ્પકા અભ્યાસ હૈ. આહાહા! સમજમેં આયા? ભગવાન આત્મા શાશ્વત કેવલજ્ઞાનકી મૂર્તિરૂપ, શાશ્વત કેવલજ્ઞાનસ્વરૂપ, મૂર્તિકા અર્થ (સ્વરૂપ), એકરૂપ ઐસા સ્વરૂપ, ઐસી શાશ્વતી ચીજ. **સકલવિમલ દ્રષ્ટિમય (સર્વથા નિર્મલ દર્શનમય)...** દર્શનનો 'દ્રષ્ટિ' અર્થ કરે છેને. ઉપયોગમાં કરે છે.... હા, બેય અર્થ થાય. સકલ દ્રષ્ટિમય પૂર્ણ અને સર્વદર્શનમય પૂર્ણ. સમ્યગ્દર્શન આદિકી

પર્યાય નહીં. સકલ દ્રષ્ટિમય પૂર્ણ–સારા આત્માકો સ્વીકાર કરનેવાલી શક્તિરૂપ દ્રષ્ટિ હોં. આહાહા! સમજમેં આયા?

પૂર્ણ પરમાત્મા ત્રિકાલી ચીજ ઉસકો સ્વીકાર કરનેવાલી દ્રષ્ટિસે પૂર્ણ હૈ. પ્રગટ કરને(રૂપ) ક્ષાયિક સમકિત વહ ભી ઉસકે અનંતવે ભાગમેં હૈ. આહાહા! અરે! તુને તુજે સુના નહીં, તુજે તેરી ચીજ રૂચી–જચી નહીં. તેરી પૂર્ણ (ચીજ) રૂચી–જચી નહીં. આહાહા! નિમિત્તકી રુચિ, એક વિકલ્પકી રુચિ અને એક સમયકી પર્યાયકી રુચિ—વહ તુજે રૂચીમેં આયા. પર્યાયવાન પૂર્ણ પરમાત્મા વહ રૂચીમેં ન લિયા. કરનેકા થા વહ ન કિયા. બાકી વાદવિવાદ ને જગતમેં ઝગડા. સમજમેં આયા?

ઐસા જ્ઞાનીકા હૃદયકમલકા હંસલા–આત્મા હોં. અરે! આહાહા! એનો પૂર્ણ ઘંટ વાગ્યો અહીં. સમજાણું કાંઈ? ઉસકી દ્રષ્ટિ હુઈ તો ઘંટ બજા કિ મૈં પરમેશ્વર હૂં. સમજમેં આયા? મૈં સંસારી તો નહીં, મૈં સાધક (ભી) નહીં. આહાહા! કહો, શેઠ! મૈં બાધક નહીં, મૈં સાધક નહીં. આહાહા! એ તો કાંઈ વાત છે! એ સ્વભાવ છે. ઐસા પરિપૂર્ણ સ્વભાવમૂર્તિરૂપ **સકલવિમલ દ્રષ્ટિમય**... આહાહા! પૂર્ણ દ્રષ્ટિ, નિર્મળ દ્રષ્ટિમય ત્રિકાલ હોં. અથવા દર્શનમય–ત્રિકાલ દર્શનમય. દોનોં લેતે હૈં. ઉપયોગ અધિકારમેં લિયા હૈ. ઉપયોગમાં, ભાઈ! પંડિતજી! ઉપયોગમાં બેય દ્રષ્ટિ ને દર્શન. ગજબ કિયા હૈ પદ્મપ્રભમલધારિદેવકી ટીકા ગજબ! કુંદકુંદાચાર્યકી ગાથામેં તો પેટ બડા ગંભીર હૈ, ઉસકી ટીકા ભી બડી ગંભીર હૈ. અરેરે! એવા મુનિઓની ટીકા પણ પોતાની રુચિ પ્રમાણે ન મળે એટલે ન ગોઠે. સમજમેં આયા? ઉસકો આત્મા પરિપૂર્ણ કૈસે રુચે? સમજમેં આયા?

**શાશ્વત આનન્દરૂપ...** મેરા રૂપ શાશ્વત આનંદ હૈ. યે ઇન્દ્રિયકા સુખ તો કલ્પના, જહર હૈ. ભગવાન આત્મામેં શાશ્વત આનંદ પડા હૈ. પર્યાયમેં આનંદ પ્રગટતા હૈ વહ તો અનંતવે ભાગમેં હૈ. યે તો આનંદકા દલ હૈ, આનંદકા કંદ હૈ, આનંદકા મૂલ પદાર્થ હૈ, આનંદમય પદાર્થ હૈ. સમજમેં આયા? આહાહા! ઐસા ભગવાન નિજ.. નિજ પરમાત્મા હોં. પર પરમાત્માકી યહાં બાત નહીં. આહાહા! અરે! ઐસી ચીજ તેરે પાસ તું સ્વયં હૈ. મૃગકી નાભિમેં કસ્તૂરી.. મૃગકી નાભિમેં કસ્તૂરી હૈ, ઉસકો કસ્તૂરીકી કિંમત નહીં. જિસમેં આખા ભગવાન પડા હૈ ઉસકી કિંમત નહીં. આહાહા! સમજમેં આયા?

થોડી લક્ષ્મી મિલી, શરીર ઠીક મિલા, કુટુંબ કુછ હો, આબરૂ ઓહોહો... હમ તો બઢ ગયે. જહરમેં બઢા હૈ. એય! શાસ્ત્રકે જાનપનેમેં બઢા હૈ. આહાહા! જાનપના, શાસ્ત્રકા જાનપના ભી વિષફલ-જહર હૈ, કાળા ઝેર છે. વીતરાગકી વાણી, પરલક્ષી શાસ્ત્રકા જ્ઞાન વહ ભી જહર હૈ. ક્યોંકિ ઉસમેં આનંદ નહીં આયા તો જહર હૈ હી. આહાહા! યહાં તો સ્વલક્ષી જ્ઞાન જો હુઆ,

ઉસકી ભી યહાં કિંમત નહીં. આહાહા! કિંમત તો, ભગવાન ત્રિકાલ આનંદકંદ શાશ્વત સુખ ઉસકી કિંમત હૈ. સમજમેં આયા?

કહતે હૈં, શાશ્વત આનંદરૂપ અને સહજ પરમ ચૈતન્ય શક્તિમય એકલું બળ, ચૈતન્ય–જ્ઞાનનું બળ, જ્ઞાનકા બળ. શારિરીક બલ ધૂલમેં ભી નહીં. આહાહા! શારીરિક બલ તો જડકી પર્યાય હૈ. ઉસકો જાનનેવાલી જ્ઞાનકી પર્યાય, ઐસા અનંત-અનંત પર્યાયકા પિંડ વીર્ય જો ભગવાન આત્માકા... ભગવાન કેવલીકો વીર્ય જો પ્રગટ હુઆ વહ તો અનંતવે ભાગમેં હુઆ. ગુણકી ખાણ કભી ખુટતી નહીં. આહાહા! ઐસા ભગવાન... કહો, ભોગીભાઈ! કિસકી સેવા કરના? આહાહા! અરે! ઉસકી (ખુદકી) સેવા કભી કી નહીં. સેવા નામ સ-એવ. સ-એવ—આ છે એવી માન્યતા કદી કરી નહીં. સાધુ હુઆ. સાધુ હુઆ તો ક્યા હુઆ? બાહરકા ક્રિયાકાંડ પંચમહાવ્રતધારી, નગ્ન મુનિ, ૨૮ મૂળગુણધારી, ક્યા હુઆ? આહાહા! એ તો ઝેરના પ્યાલા પીવે છે. પંચમહાવ્રતકા પરિણામ જહર હૈ. આહાહા! ભગવાન અમૃતસ્વરૂપ પરમાત્મા ઉસકા અમૃત પિયા નહીં, પ્રભુ! અમૃત પીવે વહ મરણરહિત હો જાતા હૈ. સંસારરહિત, શરીરરહિત. શરીર હોને પર ભી શરીર રહિત. આહાહા! સમજમેં આયા?

**શાશ્વતરૂપ આનંદરૂપ, સહજ પરમ ચૈતન્યશક્તિમય પરમાત્મા...** ઐસા જો યહ પરમાત્મા **વહ જયવન્ત હૈ.** આહાહા! મુનિએ તો ગજબ વાત કરી છે! એવો આત્મા અમારી દ્રષ્ટિમાં તરવરે છે, એ જયવંત છે. આહાહા! ઐસા પરમાત્મા હમારી પર્યાયમેં દ્રષ્ટિમેં–પ્રતીતમેં, જ્ઞાનમેં જ્ઞેય તરીકે આ ગયા હૈ, જયવંત વર્તે છે. આહાહા! સમજમેં આયા? પર્યાય પ્રગટી વહ કહતી હૈ કિ યે આત્મા જયવંત વર્તતા હૈ. સમજમેં આયા? ક્યોંકિ પર્યાય તો પલટતી હૈ, નાશવાન હૈ. ચાહે તો સમ્યગ્દર્શન-જ્ઞાનકી પર્યાય હો, પર્યાય તો એક સમયકી હૈ. ઉસકા તો પલટા હોતા હૈ. આહાહા! પર્યાય કહતી હૈ કિ યે પરમાત્મા જયવંત હૈ. 'હૈ' (ઐસા) તો થા, પણ કબૂલાતમેં ન આયા તો 'હૈ' કહાંસે આયા ઉસકો? સમજમેં આયા? આવી ધર્મકથા કઈ જાતની? ભગવાન! તેરી બાત ઐસી હૈ. કેવલીકો ભી (વાણીમેં) તેરી બાત પૂર્ણ આતી નહીં. ભગવાનને દેખા ઉસકે અનંતવે ભાગમેં તો વાણીમેં આયા. આહાહા! ઉસકે અનંતવે ભાગે તો શ્રુતમેં નિબદ્ધ હુઆ. યે શ્રુતકી બાત હૈ. આહાહા!

જુઓને! રાત્રિકો બાત કરતે થે. ઇર્યા... ઇર્યાપથ. આહાહા! કિતના શબ્દ લિયા હૈ! તેરેમેં ... અલ્પ, .... બાદર, આહાહા! ... લુખા, બહુત વ્યયવાલા... ઓહોહો! ગજબ તત્ત્વ હૈ! એક સમય રજકણ આવે ઉસકી બાત ઐસી, તો ઉસકી એક સમયકી પર્યાયકી ક્યા બાત? અને ઉસકે ત્રિકાલી ભગવાનકી તો ક્યા બાત! આહાહા! સમજમેં આયા? ઓહોહો! દિગંબર આચાર્યોને ભગવાનકી વાણી જો નિકલી થી ઉસકે સાથ સંબંધ કરકે ધવલ, જયધવલ બનાયા હૈ. ઓહોહો!

ઉસકા એકેક બોલ દેખો તો ભગવાનકી વાણીસે આયા હૈ. આચાર્યોંને.... ઐસી શક્તિ... પૂર્ણાનંદકી શક્તિકી ક્યા બાત! આહાહા!

પ્રભુ જયવંત બિરાજે છે હોં, કહે છે. તારી પ્રતીતમાં લે તો જયવંત બિરાજે છે. નહીં તો હૈ વહ તો હૈ. તેરે લિયે જયવંત ન હુઆ. વિશ્વાસ.. વિશ્વાસ.. વિશ્વાસ.. દર્શનશુદ્ધિ. આ જયવંત વર્તે છે. આહાહા! પ્રભુ! આપને લક્ષમેં લિયા ઔર બાત કરતે હો. તું લે ન, સમજ ન. જો કહતે હૈ ઉસમેંસે નિકાલ ન. ઐસા પરમાત્મા વહ.. વહ જયવંત વર્તતા હૈ. દ્રષ્ટિ ને જ્ઞાનમેં લિયા તો જયવંત વર્તતા હૈ. ભાનમેં આયા કિ ભગવાન બિરાજતા હૈ. આહાહા! અનાદિસે ભગવાન ઐસા ને ઐસા હૈ. નરકમેં ગયા તો કમી ન હુઈ, સર્વાર્થસિદ્ધમેં ગયા તો વૃદ્ધિ ન હુઈ, સમવસરણમેં–ભગવાનકે સમવસરણમેં ગયા તો (ભી) જ્ઞાનકી પુષ્ટિ ન હુઈ. સમજમેં આયા? ક્યા કરે? ભગવાનકી વાણી ક્યા કરે? ભગવાન ક્યા કરે? આહાહા! ગજબ વાત છે! એ ૧૨૮ કળશ. હવે ૯૭ ગાથા. યે પચ્ચખાણકી બાત ચલતી હૈ હોં. મુજે તો એક ભગવાન હી આદરણીય હૈ. આહાહા!

મીરાંબાઈ કહતી થી, મેરા તો એક ગિરધર મેરા હૈ. ગિરધર મેરા ઈશ્વર–ભગવાન હૈ. એને કંઈ ભાસ્યું નહોતું. મેરા પતિ કોઈ હૈ નહીં. રાણા હોં મોટો રાજા ચિત્તોડગઢનો. એય! ચાલ મારા ઘરમાં રાણી બનાવું. હું તો આવી છું ક્યાંકથી હોં રાણા. હું તો ગોકુળમાં ગોપી હતી. હું અહીં અવતાર પામી ગઈ, ગમે તે વચમાં હોય. સમજાણું કાંઈ? રાણા તને પરણાવી, પણ હું તને પરણી નથી હોં. હું તો મારા ગિરધરને પરણી છું. એમ ભગવાન કહે છે કે પર્યાય એમ કહે છે કે હું પર્યાયને પરણી નથી. આહાહા! હું તો મારા ભગવાનને પરણી છું. કહો, સમજાણું કાંઈ? એ ગિરધરભાઈ! એવી વાતું સાંભળી ન હોય જિંદગીમાં. થડ કાઢી-કાઢીને મરી ગયા. આનું કર્યું ને આનું કર્યું. બોલાય કાર્યકર્તા. મરી ગયા એવા કાર્યકર્તા. આ જેણે કાર્ય કર્યું એ જીવતા શાશ્વત સિદ્ધ થઈ ગયા. આહાહા! સમજાણું કાંઈ? ૯૭.

**णियभावं णवि मुच्चइ परभावं णेव गेण्हए केइं ।**
**जाणदि पस्सदि सव्वं सो हं इदि चिंतए णाणी ॥९७॥**
**નિજભાવકો છોડે નહીં, કિંચિત્ ગ્રહે પરભાવ નહિં,**
**દેખે વ જાને મૈં વહી, જ્ઞાની કરે ચિન્તન યહી. ૯૭.**

આ પરમાત્માની ચિંતવના, ધર્માત્માકી સ્વભાવમેં એકાગ્રતા. **ટીકા : યહાં, પરમ ભાવનાકે સમ્મુખ ઐસે જ્ઞાનીકો શિક્ષા દી હૈ.** ભગવાન પરમાનંદસ્વરૂપ ઉસ તરફકી એકાગ્રતામેં હૈ વહ કૈસી ચીજ હૈ વહ સમજાયી હૈ. વહ તો ધ્યાનમેં હૈ, ઉસકો તો શિખામણ દેના વહ કથન હૈ, પણ ઉસકી ચીજ કૈસી હૈ વહાં? યે સમજાતે હૈં. સમજમેં આયા? પરમાનંદકે સ્વાદમેં પડા હૈ, અતીન્દ્રિય આનંદકે સ્વાદકા જહાં ભોજન કરતા હૈ ધર્માત્મા. આહાહા! વહ ભાવના,

પરમભાવના, દ્રવ્યસ્વભાવમેં એકાગ્રતા. એની સન્મુખ–ભાવનાની સન્મુખ થયો **ઐસે જ્ઞાનીકો શિક્ષા દી હૈ**.

**જો કારણપરમાત્મા...** આહાહા! કૈસા હૈ ભગવાન? અરે! એકવાર ભૂલી જા. પ્રભુ! તું પરમાત્મા છો એમ અંતર અનુભવ કર. જુઓ! આ કારણપરમાત્મા. ત્રિકાલી ભગવાન આત્મા–એક સમયકી પર્યાય બિનાકા આત્મા ઉસકો યહાં કારણપરમાત્મા કહતે હૈં. **(૧) સમસ્ત પાપરૂપી બહાદુર શત્રુસેનાકી વિજય-ધ્વજાકો લૂટનેવાલે...** આહાહા! કૈસા હૈ વહ? સમસ્ત પુણ્ય ને પાપરૂપી–સંસારરૂપી બહાદુર શત્રુસેના, એનો વિજય.. એનો વિજય જ્યાં છે એને લૂંટી નાખે છે. તારો વિજય નહીં. આહાહા! સંસારની સેનાની જે ધ્વજા–વિજયધ્વજા છે એને તો લૂંટનારો આ ભગવાન છે. એનો વિજય હવે નહીં હોં. અને અમારા વિજય થયા એ હવે પાછા પડે નહીં. ..... જાય છે. આહાહા! જયવંત પ્રત્યાખ્યાન છે આ. આહાહા! લાલાપેઠાના માર્ગ નથી આ. સમજાણું કાંઈ? વીરો જે રસ્તે ચઢ્યા એ રસ્તે–વીરોના માર્ગે ચાલનારા વીર હોય છે, એ કાયર ને અધીર પુરુષના કામ નહીં. આહાહા!

**સમસ્ત પાપરૂપી**... પાપ શબ્દે પુણ્ય ને પાપ બેય. એ બેય પાપ જ છે. એ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ પૂજા ને ભગવાનનું સ્મરણ, ભગવાનની વાણીની ભક્તિ એ બધા ભાવ પાપ. એ શેઠ! શેઠ તો પહલેસે આતે હૈં ન. પીછે તુમ મજુરી કરકે આતે હો. કહો, સમજમેં આયા? આહાહા! અરે! તારી કિંમત તેં કરી નહીં હોં. દુનિયાની કિંમત કરનેકો નિકલ ગયા. ઐસા અંદર ભગવાન આત્મા પૂર્ણાનંદકા નાથ, કહતે હૈં, પુણ્ય-પાપ સમસ્ત બહાદૂર શત્રુસેના... શત્રુની સેના બહાદુર હોં, વળી પાછી કાયર નહીં. સામી પણ બહાદુર, એમ. એની વિજયધ્વજા... એનો વિજય હતો અનાદિથી. એ ભગવાનનો જ્યાં આશ્રય લીધો, વિજયધ્વજા તોડી નાખી. સમજાણું કાંઈ?

એ રાણપુરમાં બનેલું. 'રાણા રમતું છોડ, કટક આવ્યું કિનારે..' એક રાણો હતો રાજા. છેને ગઢ છે અત્યારે ૫૦૦ વર્ષનો. એનું જોડે ગામ નાનું. રાણો રાજા હતો, રમતો હતો બાજી... રમતું છોડ રાણા, રમત છોડ, કટક આવ્યું કિનારે. તારે કિનારે આવ્યું કટક. રાજા કહે છે, હું જાઉં છું ત્યાં. મારી ધ્વજા આમ ફરકશે માથે. એ ધ્વજા જો લૂંટાય તો સમજવું કે હું હારી ગયો. રાણીઓ પાછળ મોટી મહા.... મોટો કોટ હતો ગઢનો. એમાં કુદરતે એવું થયું કે રાજા હાર્યો નહોતો, પણ એ ધ્વજા પડી ગઈ. અહીં રાણીયું ફટ-ફટ કુવામાં (પડી). (શ્રોતાઃ હવાસે ગિર ગઇ ધ્વજા કુંઆમેં). ખબર ન પડી. ધ્વજા લૂંટાઈ ગઈ. રાજા ગયા. એ તો રાણીયું ક્ષત્રિય, ક્ષત્રિયની દીકરીયું, ક્ષત્રિયની દીકરીયું. અમારે બીજા પતિ હોય નહીં. સમજાણું કાંઈ? એ કુવો છે. બડા કુઆં અભી હૈ. ધ્વજા જ્યાં પડી ગઈ ત્યાં બાઈયું.... રાજા...... મૈંને તો દેખા કિ ઐસા હુઆ.

યહાં ઐસા નહીં. આ તો ધ્વજા લૂંટાણી એ લૂંટાણી. સમજાણું કાંઈ? આહાહા! બહાદુર શત્રુસેના... પાછી ભાષા કેવી છે જુઓ! સંસાર બહાદુર હતોને અનાદિથી. બહાદુર સેના મિથ્યાત્વ

ને અજ્ઞાન મહાબહાદુર. વિજય એનો જ હતો અનાદિથી. એની ધ્વજા ફરકતી. જૈનનો સાધુ થયો દિગંબર મુનિ, ૨૮ મૂળગુણનો પાળનાર, પણ ત્યાં મિથ્યાત્વની ધ્વજા ફરકતી હતી. રાગની ક્રિયા મારી ને હું રાગ કરું છું—ઐસી બહાદુર મિથ્યાત્વકી વિજયધ્વજા ફિરકતી થી. આહાહા! સમજમેં આયા?

**ત્રિકાલ-નિરાવરણ, નિરંજન, નિજ પરમભાવકો કભી નહીં છોડતા...** ઐસા કારણપરમાત્મા ત્રિકાલ-નિરાવરણ... **ત્રિકાલ-નિરાવરણ...** દ્રવ્યમેં આવરણ ક્યા? ભગવાન પ્રગટસ્વરૂપ શુદ્ધઘન ઉસકો આવરણ ક્યા? આહાહા! **નિરંજન...** અંજન ક્યા? મૈલ ક્યા? નિર્મળાનંદ પ્રભુ ત્રિકાલી કારણપરમાત્મા. સ્વભાવ એનો સ્વભાવ... ક્ષેત્ર છોટા શરીર પ્રમાણ હૈ ઐસા ન લેના. આત્માકા (ક્ષેત્ર) શરીરપ્રમાણ હૈ. નિગોદકે શરીરમેં જીવ તો કહાં હૈ દેખો! ઓહોહો! અંગુલકે અસંખ્ય ભાગમેં અનંત જીવ. એક-એક જીવકા કારણપરમાત્મા ઐસા હૈ. સમજમેં આયા? ક્ષેત્રકી મહિમા નહીં. ઉસકે સ્વભાવકે સામર્થ્યકી મહિમા હૈ. ઐસા કારણપરમાત્મા નિજ પરમભાવકો કભી નહીં છોડતા. ક્યા છોડે? પરમભાવ, સ્વભાવભાવ, ધ્રુવભાવ ક્યા છૂટે? સમજમેં આયા?

પર્યાય કહતી હૈ, પર્યાય ઐસે કહતી હૈ. ભગવાન અપના ધ્રુવભાવ કભી નહીં છોડતા. આહાહા! ઐસી પર્યાયમેં કબૂલાત આયી હૈ. સમજમેં આયા? આહાહા! એક રાજદરબારમેં–ચક્રવર્તીકે દરબારમેં જાના હો તો કિતના શણગાર પહનકર જાતા હૈ. લગનમાં જાય તો એક દાગીનો અહીં ખોસ્યો હોય, એક અહીં નાખ્યો હોય, અહીં કેટલો..... મડદાના શણગાર. યે તો ભગવાનકા પાસ જાના હૈ. કિતની તૈયારી પર્યાયમેં ચાહિયે એમ કહતે હૈં. યે પર્યાય ઐસી તૈયારીવાલી હૈ. મેરા નાથ કભી ઝૂકતા નહીં એમ કહતે હૈં. ધ્રુવસ્વરૂપને કભી અપના સ્વભાવ છોડા નહીં હૈ. આહાહા! સમજમેં આયા?

**(૨) પંચવિધ (પાંચ પરાવર્તનરૂપ) સંસારકી વૃદ્ધિકે કારણભૂત...** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ. પંચ પરાવર્તન હૈ ન. **સંસારકી વૃદ્ધિકે કારણભૂત, વિભાવપુદ્ગલદ્રવ્યકે..** વિભાવ પુદ્ગલદ્રવ્યકે **સંયોગસે જનિત રાગાદિ પરભાવકો ગ્રહણ નહીં કરતા...** અપના નિજ ત્રિકાલભાવ કભી છોડતા નહીં ઔર રાગાદિકો કભી ગ્રહતા નહીં. આહાહા! ભગવાન આત્મા, ભગવાનને કહા વહ આત્મા હોં. સર્વજ્ઞ સિવા ઐસા આત્મા કોઈ કહ સકે નહીં તીન કાલમેં. સમજમેં આયા? 'આત્મા.. આત્મા' શબ્દ કરે ભલે. બૌદ્ધમેં ને વેદાંતમેં બહોત કરતે હૈં. ઓલા રાધાસ્વામીમાં સબ ગપેગપ. સર્વજ્ઞ પરમાત્માને પર્યાયમેં જૈસા આત્મા દેખા, ઐસા હૈ, ઐસા વર્ણન કિયા. દૂસરેમેં વર્ણન કરનેકી તાકાત વ્યવહારસે ભી હૈ નહીં. આહાહા! નિશ્ચય જાને બિના કથન કહાંસે હોગા? નીચે લખ્યું છે.

**રાગાદિ પરભાવકી ઉત્પત્તિમેં પુદ્ગલકર્મ નિમિત્ત બનતા હૈ.** છેને. **વિભાવ- પુદ્ગલદ્રવ્યકે સંયોગસે**, એમ. વિભાવિક જો પુદ્ગલદ્રવ્ય હૈ ન જડ. સંયોગસે જનિત કૌન? કિ રાગાદિ પરભાવ. પુણ્ય ને પાપ જો ઉત્પન્ન હોતા હૈ (ઉસમેં) નિમિત્ત કર્મ હૈ. પુણ્ય ને પાપ ભગવાનમેં કભી દેખા નહીં હૈ (ક્યોંકિ) આત્મામેં વહ હૈ હી નહીં. આહાહા! નિજભાવકો છોડા નહીં, પરભાવકો ગ્રહા નહીં.

**ઔર (૩) નિરંજન સહજજ્ઞાન-સહજદ્રષ્ટિ-સહજચારિત્રાદિ સ્વભાવધર્મોંકે આધાર-આધેય સમ્બન્ધી વિકલ્પોં રહિત...** આહાહા! કૈસા હૈ ભગવાન આત્મા ત્રિકાલી? કિ સહજજ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય વહ આધેય અને દ્રવ્ય આધાર—ઐસા ભી ઉસમેં નહીં. આધાર-આધેયકે વિકલ્પકા જિસમેં અભાવ હૈ. આહાહા! યે જ્ઞાન, યે દર્શન, આનંદ રહતા હૈ દ્રવ્યમેં. દ્રવ્ય આધાર ને જ્ઞાન-દર્શન આધેય, સમજમેં આયા? ઉસ સંબંધી વિકલ્પ રહિત... આહાહા! રાગભાવસે રહિત હૈ ઐસા પરમાત્મા ઉસકી અંતર્દૃષ્ટિ કરના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. એ વિના વાત બધી ફોગટ ને નિરર્થક છે. વિશેષ આયેગા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ ૮, શુક્રવાર, તા. ૧૫-૯-૧૯૭૨**
**ગાથા-૯૭, શ્લોક-૧૨૯, પ્રવચન નં. ૯૭**

સત્ય યથાર્થપને કૌન બોલ સકતા હૈ? જિસકો વાસ્તવિક સ્વરૂપકી પ્રતીતિ ને ભાન હુઆ હો વહ સત્ય કહ સકતા હૈ. સમજમેં આયા? અપના સ્વરૂપ પૂર્ણ શુદ્ધ દ્રવ્યસ્વભાવ પરમ સત્યકા જો ભાન હુઆ હો, પરમ સત્ત્વ ઐસા સત્ય ઉસકા જિસકો જ્ઞાન ને દર્શન હુઆ હો, વહ યથાર્થપને સત્ય બોલનેકે લાયક હૈ. સમજમેં આયા? વહ સત્યકા વર્ણન કરતે હૈં. (પદ્મનંદી પંચવિંશતિ પાનું-૪૭)

**स्वपरहितमेव मुनिभिर्मितममृतसमं सदैव सत्यं च ।**
**वक्तव्यं वचनमथ प्रविधेयं धीधनेर्मौनम् ॥९१॥**

**ધીધને** એમ શબ્દ પડ્યો છેને પહેલો. ઉત્કૃષ્ટ જ્ઞાનકો ધરનેવાલા... **ધી**-જિસકા જ્ઞાન.. **ધી**-બુદ્ધિવાલા જ્ઞાન હૈ. વિવેકજ્ઞાન જિસકો પ્રગટા હૈ. અપની ચીજ ક્યા, પર ક્યા—ઉસકી પૃથકતાકા ભાન હુઆ હૈ વહ **ધીધને**. ધીરજવંત અથવા ધીર બુદ્ધિ કરનેવાલે **મુનિયોંકો પ્રથમ તો બોલના હી નહીં ચાહિયે**. આત્મા આનંદસ્વરૂપ હૈ ઉસમેં મૌન રહકર સાધના, યે તો મુખ્ય હૈ. ઐસા વચન બોલના ચાહિયે, **જો બોલેં તો સમસ્ત પ્રાણિયોંકા હિત કરનેવાલા હો**... હૈ ન **સ્વપરહિતમ્**.. અપના ને પરકા હિત હો, ઓહોહો! અપના હિત(રૂપ) મોક્ષ ઔર પરકો ભી કહના કિ મોક્ષ હો ઐસા વચન હો. સમજમેં આયા? અપના ભી હિત—અપને સ્વભાવકી જાગૃતિ હો ઔર મોક્ષ તરફ વલણ હો ઔર પરકો ભી મોક્ષ તરફ વલણ કરાનેવાલા વચન હો ઉસકા નામ યહાં સત્યવચન કહતે હૈં. સમજમેં આયા?

ઔર **પરિમિત હો**–મર્યાદિત શબ્દ હો. થોડેમેં બહોત કહનેકી ચીજ ઐસી ચીજ હો. અમૃતકે સમાન હો. વાણી અમૃત (સમાન હો). જિસસે મોક્ષ પ્રાપ્ત હો ઐસી વાણી નિકલતી હૈ તો વહ તો અમૃત સમાન હૈ. **સર્વથા સત્ય હો. કિન્તુ જો વચન જીવોંકો પીડા દેનેવાલા ઔર કડવા હો, ઉસ વચનકી અપેક્ષા મૌન સાધના હી અચ્છા હૈ**. પહેલું લખ્યું છેને **ધીધનેર્મૌનમ્**.. એ કરતા મૌન રહેવું, પણ અહિતવાક્ય કહના વહ વ્યાજબી નહીં. બહોત કહતે હૈં ઉસમેં. સત્યવચનમેં તો મોક્ષકા માર્ગ યથાર્થ હૈ વહી બતાતે હૈં. સમજમેં આયા? અપને ભી મોક્ષમાર્ગ, મુક્તિ જૈસે હો ઐસા અપના હિત સાધતા હૈ વહ સત્યવચનકા બોલનેવાલા કહનેમેં આતા હૈ. દૂસરી ગાથા. (પદ્માનંદી પંચવિંશતિ પાનું-૪૭)

**सति सन्ति व्रतान्येव सूनृचे वचसि स्थिते ।**
**भवत्याराधिता सद्भिः जगत्पूज्या च भारती ॥९२॥**

**જો મનુષ્ય સત્ય વચન બોલનેવાલા હૈ...** અપના સત્યસ્વરૂપ જાનકર સત્ય બોલનેવાલા હૈ. **સત્યવ્રતકા પાલન કરનેવાલા હૈ, ઉસકે સમસ્ત વ્રત વિદ્યમાન રહતે હૈં અર્થાત્ સત્યવ્રતકે પાલન કરનેસે હી વહ સમસ્ત વ્રતોંકા પાલન કરનેવાલા હોતા હૈ**. પરમ સત્ય હૈ ન. ભગવાનકી આજ્ઞા પ્રમાણસે સત્ય હૈ ઐસા જો વ્રત પાલતા હૈ વહ તો મુક્તિકે લાયક હી હો ગયા. **વહ સત્યવાદી સજ્જનપુરુષ.. जगत्पूज्या च भारती..** જો સરસ્વતી કેવલજ્ઞાન આદિ અથવા શુદ્ધજ્ઞાન જો સરસ્વતી.. **તીન લોકકી પૂજનિક સરસ્વતીકો ભી સિદ્ધ કર લેતા હૈ**. સમજમેં આયા? પહલે બાવા આતે થે ન બાવા, પૈસા માગનેકો. દુકાન પર આતે થે ન. વે ઐસે બોલતે થે, 'સતીયા સત્ મત છોડીએ, સત્ છોડે પત જાય, સત્‌કી બાંધી લક્ષ્મી, ફિર મિલેગી આય.' એમ બોલતા હોં. હવે તો બધું ફરી ગયું છે. બાવા આવેને બાવા, નહીં પૈસા માંગવા? દુકાન દીઠ માગે. અમારા દુકાનમાં બહુ આવેને, ઘણા માણસ આવે. પાવૈયાય આવે.

દુકાનમાં પાવૈયા–હીજડા એક ફેરી આવ્યા હતા. ઢોલ વગાડીને... હીજડા હોતા હૈ ન. પછી આપવું પડે બે આના-ચાર આના. આ લોકો તો એક પૈસો (માગે). સાધારણ બાવા હોયને. એ બોલતા. આહાહા! 'સતીયા સત્ મત છોડના..' (શ્રોતાઃ એટલે અમને પૈસો દઈ દ્યો, નહીંતર તમારું સત્ નહીં રહે). બાત ઐસી હૈ. 'સત છોડે પત જાય..' જિસને સત્ છોડા ઉસકી આબરૂ જાતી હૈ. આપણે તો યહાં લેના હૈ. 'સત્‌કી બાંધી લક્ષ્મી, ફિર મિલેગી આય.' કદાચિત્ સ્વરૂપકી લક્ષ્મી આદિ ન હો ઔર અસ્થિરતા આદિ હો કિ બાહ્યલક્ષ્મી સ્વર્ગાદિકી ન હો, સત્ય બોલનેવાલેકો સબ મિલ જાયેગી. સત્યકે પંથમેં રહનેવાલેકો અંતરલક્ષ્મી ઔર બાહ્યલક્ષ્મી દોનોં મિલેગી. વહ કહતે હૈં. પાઠ ઘણો..... કલ હૈ ન આઠમ.

યહાં અપને આયા હૈ. ૯૭ આયી ન, ૯૭ ગાથા. આહાહા! ભગવાન આત્મા કારણપરમાત્મા, એક સમયમેં નિત્યાનંદ પ્રભુ ધ્રુવસ્વભાવી આત્મા, જિસમેં પર્યાયકા ભી અભાવ હૈ, રાગકા અભાવ, સારી સંયોગીચીજકા તો અભાવ (હૈ હી), પણ ઉસમેં એક સમયકી પર્યાયકા અભાવ હૈ. યે પચ્ચખાણકી વ્યાખ્યા હૈ. પરમપરમાત્મા કારણપ્રભુ અપના નિજ ધ્રુવ... અહીં સુધી આવ્યું છે જુઓ! અપને ભાવકો છોડતા નહીં અને પરભાવકો ગ્રહતા નહીં. અપના ત્રિકાલી આનંદકંદ પ્રભુ ઉસકો ક્યોં છોડે વહ? અને સંસાર, રાગાદિકો ગ્રહતા નહીં. આહાહા! ઐસા કારણપ્રભુ, એક સમયમેં ત્રિકાલી જ્ઞાયકભાવ, દ્રવ્યભાવ, ધ્રુવભાવ કૈસા હૈ?

**(૩) નિરંજન સહજજ્ઞાન-સહજદ્રષ્ટિ-સહજચારિત્રાદિ સ્વભાવધર્મોંકે આધાર-આધેય સમ્બન્ધી વિકલ્પોં રહિત** હૈ. આહાહા! ભગવાન આત્મા વસ્તુ આધાર ઔર ઉસમેં ત્રિકાલી જ્ઞાન, ત્રિકાલી દર્શન, ત્રિકાલી વીર્ય, ત્રિકાલી સુખ વહ આધેય. ઉસમેં–આધારમેં રહતે હૈં ઐસા વિકલ્પકા ભી જિસમેં અવકાશ નહીં. સમજમેં આયા? આહાહા! ઐસી ચીજ અપના ભગવાન અતીન્દ્રિય આનંદમય પૂર્ણાનંદ પ્રભુ... પર્યાયકી બાત યહાં નહીં. ત્રિકાલ અપના સ્વરૂપ

પરમાત્મસ્વરૂપ ઉસમેં **સહજજ્ઞાન**... નિરંજન સહજજ્ઞાન, ત્રિકાલી સ્વભાવિક જ્ઞાન, ત્રિકાલી સ્વભાવિક દ્રષ્ટિ અથવા દર્શન. દોનોં લેના. ત્રિકાલી ધ્રુવ સ્વભાવિક દ્રષ્ટિ આત્મામેં પડી હૈ. ત્રિકાલી **સહજચારિત્રાદિ**... સ્વભાવિક ચારિત્ર નામ વીતરાગતાકા બિંબ પ્રભુ હૈ.

ત્રિકાલ જિનસ્વરૂપ વીતરાગભાવસે ભરા હૈ ઐસી જો અપની ચીજ, આહાહા! **આધાર-આધેય સંબંધી વિકલ્પોંસે રહિત** હૈ. યે તો આધાર આત્મા અને સ્વભાવિક અનંત જ્ઞાન, દર્શન, આનંદાદિ ગુણ જો ધ્રુવ હૈં વે આધેય નામ આત્મામેં રહનેવાલે હૈં અને આત્મા આધાર હૈ— ઐસા ભેદકા વિકલ્પકા ભી વહાં અવકાશ નહીં. આહાહા!

શ્રોતા : ગુણ-ગુણી ભેદ નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ગુણ-ગુણી ભેદ નહીં.

ઐસા પરમાત્મા નિજસ્વરૂપ ભગવાન કારણ-પરમાત્મા **સદા મુક્ત હૈ.** યે તો સદા મુક્ત હી હૈ. પર્યાયમેં મુક્તિ હોના વહ દૂસરી ચીજ હૈ. ભગવાન આત્મા તો સદા મુક્ત હી હૈ. આહાહા! 'અબદ્ધસ્પૃષ્ટ' કહા ન. ત્રિકાલી ભગવાન અપના સ્વરૂપ નિત્ય ધ્રુવ જો પર્યાયકે પીછે પડા હૈ... 'પર્યાયકે પીછે પડા હૈ'કા અર્થ? પર્યાયકે પીછે રહા હૈ ધ્રુવ. આહાહા! 'પર્યાયકે પીછે પડા હૈ' (એનો અર્થ) લોકો માને કે એની પાછળ પડ્યો છે એમ? આહાહા! એક સમયકી પર્યાય ચાહે તો કેવલજ્ઞાન હો, ઉસકે પીછે પડા હૈ સારા ધ્રુવસ્વરૂપ ભગવાન. આહાહા!

શ્રોતા : પીછે પડા હૈ તો ઉસે નજર ક્યોં નહીં આતા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : માનતા નહીં તો નજર કહાંસે આવે? માને ઉસકો નજરમેં આવે ન. માને કિ ઐસા હૈ, ઐસી માન્યતા હૈ ઉસકો નજરમેં આવે. માન્યતા નહીં કરે તો નજરમેં કહાંસે આવે?

શ્રોતા : .... આપકે સામને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નજરમેં કહાં આયા? આહાહા! 'હૈ' ઐસા જિસકી માન્યતામેં આયા, ઉસકો હૈ. માન્યતામેં નહીં આયા ઉસકો હૈ કહાં? ઉસકો તો હૈ નહીં. ઉસકો તો પર્યાય ને રાગ હૈ. આહાહા! સમજમેં આયા?

કહતે હૈં, યે સદા મુક્ત હૈ. તો ક્યોં હાથ નહીં લગતા? એમ કહતે હૈં. યે પ્રશ્ન હો ગયા હૈ ચર્ચામેં. ઐસા આત્મા હૈ તો સંસારમેં રખડતા હૈ ક્યોં? એક બાર પ્રશ્ન કિયા થા. એકને ઐસા કહા કિ કારણપરમાત્મા કહતે હો તો કાર્ય ક્યોં નહીં હોતા? ઐસા પ્રશ્ન હુઆ થા. સમજમેં આયા? તમારા વીરચંદભાઈ લાઠીવાળા, નહીં? એમણે પ્રશ્ન કર્યો હતો. કારણ-પરમાત્મા કહો, કારણ કહો ને કાર્ય ન હો? માનતા હૈ કૌન? કારણપરમાત્મા માને ઉસકો કાર્ય હોતા હૈ. માને નહીં ઉસકો કાર્ય કહાંસે હો? માનતા હી નહીં કિ કારણપરમાત્મા પૂર્ણ હૈ. ઉસકી જિસકો શ્રદ્ધા, સત્યતાકી પ્રતીતિ હુઈ ઉસકો કાર્ય આયે બિના રહે નહીં. સમજમેં આયા?

ભાઈએ પ્રશ્ન કર્યો હતો વારીયા, ત્રિભુવનદાસ વારિયાએ. કહે, આવો છે તો રખડે કેમ? રખડે છે કેમ? એવો જાણ્યો છે કોણે? એવો છે એવું માન્યું છે કોણે? માને, જાણે અને રખડે એ બને નહીં. સમજમેં આયા? આહાહા!

એક સમયમેં ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ સદા મુક્ત, ત્રિકાલ મુક્ત ભગવાન આત્મા તો હૈ, વસ્તુ મુક્ત હૈ. આહાહા! **તથા સહજ મુક્તિરૂપી સ્રીકે સંભોગસે ઉત્પન્ન હોનેવાલે સૌખ્યકે સ્થાનભૂત...** ત્રિકાલ હોં. સ્વભાવિક મુક્તિરૂપી સ્રી ઉસકે સંભોગસે ઉત્પન્ન હોનેવાલે સૌખ્યકા સ્થાન હૈ. સદા આનંદકા સ્થાન હૈ, મુક્તિરૂપી આનંદકા સ્થાન હૈ વહ. ઓહોહો! સમજમેં આયા? માપ કરના આયે નહીં ને કહે જમીન ઇતની કૈસે? માપમેં આતી નહીં અને કહે ઇતની બડી હૈ? પણ માપ કિયા હૈ કભી? સમજમેં આયા? ભગવાન આત્મા દેહસે તો ભિન્ન, કર્મસે ભિન્ન, વિકલ્પસે ભિન્ન, પર્યાયસે ભિન્ન હૈ. સમજમેં આયા? અરે! ઐસા આત્માકા વિશ્વાસ કહાં હૈ? યે હૈ, મૈં ઐસા હૂં—ઐસી દ્રષ્ટિકી કિંમત ક્યા? જિસને સારા આત્મા કબૂલ કિયા.. ઓહો! સમજમેં આયા?

**મુક્તિરૂપી સ્રીકે સંભોગસે ઉત્પન્ન હોનેવાલે સૌખ્યકે સ્થાનભૂત ઐસે કારણપરમાત્માકો નિશ્ચયસે નિજ નિરાવરણ પરમજ્ઞાન દ્વારા જાનતા હૈ...** આહાહા! ટીકા તે ટીકા! આત્મા કારણપરમાત્મા, ગુણ-ગુણીકે ભેદરહિત, મુક્તરૂપ, મુક્તિકે સુખકા સ્થાન અપના... મુક્તિ એટલે ત્રિકાલી મુક્તિરૂપી મુક્તિકા સ્થાન હૈ વહ. ઔર **નિજ નિરાવરણ પરમજ્ઞાન દ્વારા જાનતા હૈ**. ત્રિકાલ હોં. પર્યાયકી બાત યહાં નહીં. ત્રિકાલ જો સહજ પરમજ્ઞાન હૈ ઉસસે વહ જાનતા હૈ. ઐસા જાનનેકા સ્વભાવ હૈ. આહાહા! **નિશ્ચયસે નિજ નિરાવરણ પરમજ્ઞાન**... ખરેખર નિજ નિરાવરણ... **નિજ નિરાવરણ પરમજ્ઞાન દ્વારા જાનતા હૈ**... ઓહો! ત્રિકાલી જ્ઞાનસે આત્માકો જાનતા હૈ ઐસા હી ઉસકા સ્વભાવ હૈ. ત્રિકાલી હોં. આહાહા! સમજમેં આયા?

ઐસા પરમાત્મા–એવો આ આત્મા ઉસકી ઉસને કિંમત કભી કી નહીં ઔર કિંમત કિયે બિના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરીને મરી ગયો. સમજમેં આયા? મડદા.. મડદા. જીવતી જ્યોતને જગાડી નહીં. જીવતી જ્યોત ભગવાન પૂર્ણાનંદકા નાથ અપને ત્રિકાલીજ્ઞાનસે અપનેકો જાને ઐસા સ્વભાવવાલા હૈ, ત્રિકાલીજ્ઞાનસે અપનેકો જાને ઐસા સ્વભાવવાલા હૈ. આહાહા! સમજમેં આયા?

શ્રોતા : ત્રિકાલી જ્ઞાનને એકરૂપકો કૈસે જાના?

પૂજ્ય ગુરૂદેવશ્રી : જાને ઐસા હી હૈ. સ્વભાવ હૈ ન. ત્રિકાલી જ્ઞાનસ્વભાવ અપને આત્માકો જાને ઐસા સ્વભાવ હૈ કિ નહીં? જાનતા હૈ ઐસા કહનેમેં આતા હૈ. અંધા હૈ નહી. આહાહા! વર્તમાન પર્યાયકી બાત નહીં. પાઠ હી ઐસા હૈ દેખો!

**णियभावं णवि मुच्चइ परभावं णेव गेण्हए केइं।**
**जाणदि पस्सदि सव्वं सो हं इदि चिंतए णाणी ॥९७॥**

**जाणदि पस्सदि सव्वं...** ભગવાન આત્મા અપને સહજજ્ઞાન દ્વારા પૂર્ણકો જાને, અપના પૂર્ણ સ્વભાવ ઉસકો જાને ઐસા હી ઉસકા સ્વભાવ હૈ. પરકી યહાં બાત નહીં. સમજમેં આયા? આહાહા! ત્રણ લોકનો નાથ પરમાત્મા મુક્તસ્વરૂપ છે. મુક્તિકા સુખસ્વરૂપ સ્થાન હૈ ઔર અપને જ્ઞાન, દર્શનસે જાને-દેખે ઐસા સ્વરૂપ હૈ. સમજમેં આયા?

શ્રોતા : નિર્મળ નિરાવરણ ઐસા નહીં કહા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, યે બાત નહીં ઇસમેં. યહાં બાત નહીં.

**નિશ્ચયસે નિજ નિરાવરણ પરમજ્ઞાન દ્વારા જાનતા હૈ ઔર ઉસ પ્રકારકે સહજ અવલોકન દ્વારા (સહજ નિજ નિરાવરણ પરમદર્શન દ્વારા) દેખતા હૈ...** વહ ઉપયોગમેં આ ગયા હૈ પહલે ૧૦-૧૧ ગાથા. સમજમેં આયા? પહલે તો સાધારણ આધાર-આધેયની બાત કી. આધાર-આધેય નહીં. પીછે કહા કિ ઉસકા જ્ઞાન ઉસકો જાનતા હૈ ઐસા હી ઉસકા ત્રિકાલી સ્વભાવ હૈ ઔર ત્રિકાલીકો દેખતા હૈ ત્રિકાલી દર્શન.. ત્રિકાલી દર્શન ત્રિકાલીકો દેખતા હૈ (ઐસા) હી ઉસકા સ્વભાવ હૈ. આહાહા! આત્મજ્ઞાન. યે આત્મા ઐસા હૈ ઐસા જ્ઞાન કરના ઉસકા નામ આત્મજ્ઞાન હૈ. સમજમેં આયા? ઐસા આત્મા પૂર્ણાનંદ ભગવાન મુક્તસ્વરૂપ, મુક્તિકે સુખકા સ્થાન (ઐસા) ત્રિકાલી સ્વરૂપ ઔર ત્રિકાલ જ્ઞાન-દર્શનસે દેખે-જાને અવલોકન કરે, ઐસા ત્રિકાલ દર્શન ત્રિકાલીકો દેખે ઐસા ઉસકા સ્વભાવ હૈ. સમજમેં આયા? આહાહા!

આવી વાત ક્યાં છે? ઓલા તો કહે છ કાયની દયા પાળો. સહેલુંસટ, જાઓ. સેલું– રાખ. સેલી તો રાખને કહેવાય છે. ઓલા કહે જાત્રા કરો સમ્મેદશિખરની. 'એકવાર વંદે જો કોઈ..' જાઓ, સુખી થઈ જાય. નરક પશુ હોય નહીં. ધૂળમાંય નથી, સાંભળને હવે! સમ્મેદશિખર(રૂપ) ભગવાન તો અહીં બિરાજે છે અંદર. સમજમેં આયા? ઐસા સમ્મેદશિખર ત્રિકાલી જ્ઞાયક ભગવાન ઉસકા સ્વીકાર કરના, ઉસકા નામ જાત્રા હૈ. એય! જબ અભેદ ન હો તો બીચમેં શુભભાવ આતા હૈ, યે બાત દૂસરી હૈ, પણ યે શુભભાવ ધર્મ નહીં ઔર ધર્મકા કારણ ભી નહીં. આહાહા! સમજમેં આયા?

શ્રોતા : ...તો પરંપરા કહા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂલમેં પરંપરા કારણ નહીં. ભાન બિનાકા... પણ વહ તો સમકિતીકો રાગ આતા હૈ તો અશુભ છૂટા. વહ (શુભ)રાગ છોડકર વીતરાગ હોગા ઉસકી બાત યહાં હૈ. ભાન બિનાકો પરંપરા (નહીં), અનર્થકા કારણ હૈ. અર્થ–પ્રયોજનકા કારણ નહીં. આહાહા!

અજ્ઞાની જિસકો ઐસા આત્માકા ભાન નહીં, બોધ નહીં, જ્ઞાન નહીં, પ્રતીત નહીં, વિશ્વાસ નહીં... મૈં એક સમયમેં પૂર્ણ આનંદઘન અને કારણપરમાત્મા, મૈં ત્રિકાલી કારણપરમાત્મા હૂં. અરે! કારણપરમાત્માકા વિશ્વાસ સ્વસન્મુખ હોકર દ્રષ્ટિમેં આતા હૈ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકા કાર્ય હુએ બિના રહે નહીં. બસ વહ કહતે હૈં. દેવ-ગુરુ-શાસ્ત્રકો માનો, નવ તત્ત્વકો માનો. ક્યા માને? વહ તો રાગ હૈ. એય! સમજમેં આયા? ..... નવતત્ત્વની વાત..... વહ તો આત્મા જાના ઉસકો સબ જાનનેમેં આતા હૈ. યે બાત યહાં હૈ. આહાહા!

અરે! ઉસકે જ્ઞાનમેં ઐસી ચિંતવના કરો, એકાગ્ર હો, એમ કહતે હૈં. મૈં તો પૂર્ણાનંદ કારણપરમાત્મા હૂં. બાલ-ગોપાલ શરીરકી દ્રષ્ટિ છોડ દે. યે તો માટી, જડ, માંસ, હાડકા અજીવતત્ત્વ હૈ. અરે! ઉસમેં દયા, દાન, ભક્તિકા વિકલ્પ આતા હૈ (ઉસકી) દ્રષ્ટિ છોડ દે, વહ રાગ હૈ, વિભાવ હૈ. ઔર ઉસકે જાનનેકી પ્રગટ વર્તમાન પર્યાય જો હૈ (ઉસકી) દ્રષ્ટિ છોડ દે. ભીખાભાઈ! આવું છે. આહાહા! કાયરના તો કામ (નહીં). (શ્રોતાઃ આ વાણીનો મહિમા કેમ કેટલો!) એમ છે. પહેલી જ વાત આ ધર્મની છે. શુરૂઆતકી બાતમેં ઐસા ધર્મ પ્રગટ હોતા હૈ. સમજમેં આયા?

**કારણપરમાત્માકો નિશ્ચયસે નિજ નિરાવરણ પરમજ્ઞાન દ્વારા જાનતા હૈ**... આહાહા! સમજમેં આયા? અપના ત્રિકાલીજ્ઞાન–ધ્રુવજ્ઞાન કારણપરમાત્માકો જાનતા હૈ ઐસી શક્તિ હૈ, યે કહનેમેં આતા હૈ. આહાહા! સર્વજ્ઞશક્તિ. સર્વજ્ઞશક્તિ દ્વારા અપને પૂર્ણ સ્વરૂપકો જાનતા હૈ. આહાહા! પરકો જાનના યે તો વ્યવહાર હૈ. પરકો જાનનેકી પર્યાય અપની અપનેસે હોતી હૈ વહ ભી વ્યવહાર હૈ. કેવલજ્ઞાનસે જાનનેમેં આતા હૈ વહ કેવલજ્ઞાન પર્યાય ભી વ્યવહાર હૈ. આહાહા! સમજમેં આયા? **કારણપરમાત્માકો**... હેઠે લખ્યું છેને ભાઈ!

**કારણપરમાત્મા 'સ્વયં આધાર હૈ ઔર સ્વભાવધર્મ આધેય હૈં' ઐસે વિકલ્પોંસે રહિત હૈ, સદા મુક્ત હૈ ઔર મુક્તિસુખકા આવાસ હૈ.** આહાહા! **નિશ્ચયસે નિજ નિરાવરણ પરમજ્ઞાન દ્વારા જાનતા હૈ...** નિજ નિરાવરણ ત્રિકાલી પરમજ્ઞાન, આહાહા! ઉસકે દ્વારા કારણપરમાત્માકો જાનતા હૈ. **ઔર ઉસ પ્રકારકે સહજ અવલોકન દ્વારા** (-સ્વભાવિક નિશ્ચય **નિરાવરણ દર્શન દ્વારા**) **દેખતા હૈ** અપનેકો. આહાહા! કહતે હૈં, કિસકો ઐસા માન્યતામેં આતા હૈ? જિસકો પ્રતીતમેં, જ્ઞાનમેં, અનુભવમેં આયા ઐસે આત્માકી બાત કરતે હૈં. યે આત્મા અપને જ્ઞાન-દર્શનસે અપનેકો જાનતા-દેખતા હૈ. ઐસા ત્રિકાલી સ્વભાવ હૈ ઉસકી પ્રતીત હુઈ, ઉસ સુખકા આદર કિયા... પર્યાયકા, રાગકા આદર અનાદિકા થા, પર્યાયબુદ્ધિ છૂટ ગઈ ઔર દ્રવ્યબુદ્ધિ જબ હુઈ તો ઐસા આત્મા મેરા હૈ ઐસા ઉસકો એકાગ્રતામેં, ચિંતવનમેં આતા હૈ. આહાહા! ભારે વાતું ભાઈ!

શ્રોતા : આપને ત્રિકાલી મુક્ત ભી કહા ને મુક્તિ ભી ત્રિકાલી લી—દોનોંમેં ક્યા ફરક હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : મુક્તિકે આનંદ(રૂપ) શક્તિ અંદર હૈ, સુખ.. સુખરૂપ શક્તિ. જ્ઞાન-દર્શન-ચારિત્રકો લિયા ન પીછે. પહલે સુખશક્તિ લી હૈ. મુક્તિકે સુખકી (શક્તિ), અંતરમેં ત્રિકાલી સુખ. ભાઈ! સમજાય છે કાંઈ? 'મુક્ત' તો સાધારણ વાત કરી પહેલી. કૈસી ચીજ હૈ? કિ સુખકે સ્થાનસ્વરૂપ હૈ, આનંદકે સ્થાનસ્વરૂપ હૈ. અતીન્દ્રિય આનંદ જિસમેં અનંત પડા હૈ ઐસા ઉસકા સ્થાન હૈ, ઐસા ભગવાનકા ભવન હૈ. સમજમેં આયા? અપને ભવનમેં અનંત આનંદ રહા હૈ. આહાહા! વાત સાંભળી કંટાળો લાગે સાધારણને, કે આ શું હશે? આ તે અતિશયોક્તિ હશે? અતિશયોક્તિ હશે? કોઈ વિશેષતા હશે? બહુ વખાણ કરીને શું કહેવા માગતા હશે? બાપુ! એમ નથી, તું છો જ એવો. આહાહા! સમજાય છે કાંઈ? તારી ચીજની કિંમત કરતા... ભગવાન આત્મા પૂર્ણાનંદકા નાથ. આહાહા!

**વહ કારણસમયસાર મૈં હૂં.** દેખો! હવે. હૈ ન? વહાં કારણપરમાત્મા કહા થા. વહ કારણસમયસાર ભગવાન આત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદકા નાથ અંદર અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય દર્શન ને અતીન્દ્રિય સુખકે સ્વરૂપસે ભરા પડા પૂર્ણ ધ્રુવ હૈ. ઐસા અપના આત્મા **વહ કારણસમયસાર**... લ્યો, વહ કારણસમયસાર હૈ. વહ મૈં હૂં યે પર્યાય કહતી હૈ. સમજમેં આયા? પર્યાય જાનતી હૈ કિ યે કારણસમયસાર મૈં હૂં. આહાહા! કારણસમયસાર મૈં હૂં ઐસા કહાં હૈ? પર્યાય ક્યાં...? સમજમેં આયા? યે કારણસમયસાર મૈં હૂં, ધ્રુવ ભગવાન આત્મા ધ્રુવ નિત્યાનંદ પરમાત્મા સ્વયં વહ મૈં હૂં. ઐસા વર્તમાન પર્યાય કહતી હૈ કિ યે મૈં હૂં. (પર્યાય)મેં મૈં નહીં, યે મૈં હૂં. સમજાણું કાંઈ? દિગંબર સંતોની શૈલી અજબ-ગજબની છે! સમજાય છે કાંઈ?

ઐસા મૈં હૂં **ઐસી સમ્યગ્જ્ઞાનિયોંકો...** એમ. સમ્યગ્જ્ઞાનિયોંકો... પ્રગટ જ્ઞાનકી બાત હૈ. જિસે ઐસા આત્મા જ્ઞાનમેં આયા, ઐસા આત્માકા જિસકો પર્યાયમેં વેદન હુઆ, ઐસે સમ્યગ્જ્ઞાનિયોંકો **સદા ભાવના કરના ચાહિયે.** ઐસી સમ્યગ્જ્ઞાનિયોંકો... ઐસી સમ્યગ્જ્ઞાનિયોંકો સદા ભાવના કરની ચાહિયે. આહાહા! પૂર્ણાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદકા પૂર્ણાનંદ સ્વરૂપ ઔર પૂર્ણ સુખસ્વરૂપ, પૂર્ણ જ્ઞાન-દર્શનસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ, નિત્યસ્વરૂપ, અચલસ્વરૂપ, અબાધિત-સ્વરૂપ, પર્યાયસે ભિન્ન સદૃશસ્વરૂપ ઐસા મૈં હૂં.. ઐસા મૈં હૂં—**ઐસી સમ્યગ્જ્ઞાનિયોંકો ભાવના કરની ચાહિયે**. આહાહા!

'સદા ભાવના' ઉસકા અર્થ ક્યા? કિ ત્રિકાલી પરમાત્મા કારણસ્વરૂપ ભગવાન મૈં હૂં ઉસ તરફકી એકાગ્રતા સદા હોતી હૈ. ભારે ભાઈ! આવો ધર્મ કઈ જાતનો? ભાઈ! ઓલા કહે, દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો, પૂજા કરો, દાન કરો, દેરાસર બંધાવો. આમાં તો એકેય

વાત આવી નહીં. કોણ બનાવે? સુન તો સહી! પરચીજ કૌન બનાવે? અને બનાનેમેં ભાવ શુભ આદિ હૈ વહ ક્યા અપના ભાવ હૈ? વહ તો વિકાર હૈ. આહાહા! સમજમેં આયા?

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માકી વાણીમેં આયા કિ હમારી વાણી સુનનેમેં તુજે રાગ હૈ. ગજબ બાત હૈ! ઐસા ભગવાન કહતે હૈં. ભગવાન કહતે હૈં ઐસા અંદરમેં આતા હૈ કિ યે તો રાગ હૈ, મૈં નહીં. તબ ભગવાન કહતે હૈં ઉસકો માના કહનેમેં આતા હૈ. આહાહા! અજર પ્યાલા છે. સિંહણના દૂધ છે. એ સોનાને પાત્રે રહે, લોઢાના પાત્રના તો ભૂકા ઉડાડી દે. કટકા, જ્યાં એમાં પડે, ભૂકા ઉડી જાય. ઐસે પાત્ર-જીવકી દ્રષ્ટિમેં યે સમાતા હૈ. અપાત્રકો યે બાત સમાતી નહીં. સમજમેં આયા? સમ્યગ્દષ્ટિકો હી પાત્ર કહતે હૈં હોં. આહાહા!

ઐસી ચીજ, એક સમયમેં અનંત આનંદ ને અનંત જ્ઞાન ને અનંત દર્શનસે ભરી હૈ મેરી ચીજ. ઐસા કારણપરમાત્મારૂપ કારણસમયસારકો, પર્યાય કહતી હૈ કિ વહ મૈં હૂં, યે મૈં હૂં. આહાહા! એય! આહાહા! પત્ની કહતી હૈ ન. એ આવ્યા, એ ગયા, એમ કહે છે. નામ ન લે. એમ આ પરિણતિ કહે છે કે આ હું. સમજાય છે કાંઈ? મેરા પતિ વહ હૈ. સમજમેં આયા? આહાહા! અરે! કભી સુના નહીં, તો પ્રતીત કભી કરે? બહારમાં ભટક્યાભટક વાડા બાંધી. સમજમેં આયા?

આહાહા! યે કારણસમયસાર મૈં હૂં. યે કારણસમયસાર મૈં હૂં (ઐસા) કારણસમયસાર જાનતા હૈ? કારણસમયસાર કારણસમયસારકો જાનતા હૈ? અબ યે પર્યાય જાનતી હૈ ઉસકો. સમજમેં આયા? ભગવાન કારણસમયસાર, કારણપરમાત્મા હૈ, જિસમેંસે કેવલજ્ઞાન ને સિદ્ધપદકા કાર્ય પ્રગટ હોતા હૈ ઐસા કારણસમયસાર મૈં હૂં. મૈં સાધકપર્યાય ભી નહીં. ઓહોહો! સમજમેં આયા? યે પચ્ચખાણકી વ્યાખ્યા ચલતી હૈ. મૈં સાધકપર્યાય ભી નહીં, મૈં રાગ ભી નહીં ઔર સંયોગમેં તો મૈં હૂં હી નહીં. આ... પૂર્ણસ્વરૂપ ભગવાન મેરા નિજસ્વભાવ વહ સ્વભાવવાન ઔર સ્વભાવ દોનોં એક હી–અભેદ હૈં વહ મૈં હૂં.

**ઐસી સમ્યગ્જ્ઞાનિયોંકો**—ધર્માત્માકો—સચ્ચા જ્ઞાન પ્રગટા હૈ ઉસકો—સદા.. સદા.. જબસે ભાન હુઆ તબસે સદા ભાવના (અર્થાત્) અંતરમેં એકાગ્રતા કરના ચાહિયે. કહો, સમજમેં આયા? આમાં વ્યવહારરત્નત્રયથી નિશ્ચય થાય એ તો ક્યાંય ભૂકા ઉડી ગયા. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, શ્રદ્ધા કરો રાગ, તો ઉસસે નિશ્ચય હોગા, વ્યવહાર કારણ ને નિશ્ચય કાર્ય. આતા હૈ બહોત ઠિકાને, (પણ) વહ સબ સમજાનેકી ચીજ હૈ. આહાહા! સમજમેં આયા?

ભગવાન! તુમ મર્યાદાતીર્થ... શું કહે છે રામચંદ્રજીને? હા, મર્યાદા પુરુષોત્તમ. ભગવાન તો આતમરામ હૈ, તેરી મર્યાદામેં–હદમેં રહનેવાલા આતમરામ હૈ. સમજમેં આયા? તેરી મર્યાદામેં રહનેવાલા તુમ આતમરામ હો. ધર્મીજીવને ઐસે ત્રિકાલી ભગવાનકે સન્મુખ હોકર એકાગ્રતા કરની ચાહિયે. સદા એકાગ્રતા, યૂં. કોઈ સમય (આત્મામેં) એકાગ્રતા ને કોઈ

સમય રાગમેં એકાગ્રતા ઐસા કભી હોતા નહીં. રાગ આતા હૈ ભગવાનકી ભક્તિ, પૂજા, દાન, દયા, વિકલ્પ આઓ, પણ ઉસમેં એકાગ્રતા નહીં. આહાહા! સમજમેં આયા? ભારે માર્ગ ભાઈ!

'ધાર તરવારની સોહ્યલી દોહ્યલી, ચૌદમા જિન તણી ચરણસેવા..' એ પરમાત્માએ કહેલો પરમાત્મા એની સેવના તો અલૌકિક વાત છે! એ સેવા. દેવ-ગુરુ-શાસ્ત્રકી સેવાસે વહ સેવા નહીં હોતી. આહાહા! પાઠ તો ઐસા હૈ તીસરી ગાથામેં, નહીં? અપનેકો તો અનાદિસે આત્મજ્ઞાન નહીં, પણ (જિસને) આત્મજ્ઞાન પાયા હૈ ઉસકી સેવા કભી કી નહીં. તીસરી ગાથામેં ઐસા હૈ. ઉસકા અર્થ કિ જ્ઞાની ક્યા કહતે હૈં ઉસે કભી અંતરમેં માના નહીં. અપની કલ્પનાસે સારા અર્થ કરે શાસ્ત્રકા. માને કિ હમ બરાબર કરતે હૈં, બરાબર કરતે હૈં. કરતા હોય આખા ઊંધા. આહાહા! આકરું કામ હોં પણ.

યે હજારો વર્ષ પહલેકી ટીકા હૈ ઔર શ્લોક તો દો હજાર વર્ષ પહલેકે હૈં ઔર ઉસકા ભાવ તો અનાદિકાલકા હૈ. યે કોઈ નયા નહીં. આહાહા! સમજમેં આયા? કોણ ખોલે? પોતે ખોલે અંદરથી ત્યારે ખુલ્યા કહેવાય. પરકા ખોલના ને પરકા બતાના યે આત્મામેં હૈ કહાં? આહાહા! અરે! ક્યાં છો તું પ્રભુ? તું ક્યાં છો? કહાં હૈ? કૈસા તું હૈ? જ્ઞાની કહતે હૈં, મૈં તો પૂર્ણાનંદ કારણપરમાત્મા હૈ વહાં મૈં હૂં. મૈં તો સંયોગી ચીજ બાયડી-કુંટુંબમેં નહીં, મૈં તો ઉસ તરફકા રાગ ઉઠતા હૈ ઉસમેં નહીં, પર્યાય ભી મૈં નહીં. આહાહા! પ્રભુ! તું કહાં હૈ? મૈં મેરેમેં હૂં. સમજમેં આયા? આહાહા! યે દ્રષ્ટિ નિહાલ.. નિહાલ (હો ગઈ). મહાલક્ષ્મીકી પ્રતીત હુઈ, મહા નિધાન આનંદલક્ષ્મી કારણપરમાત્મા ભાનમેં, પ્રતીતમેં, શ્રદ્ધામેં, ભરોસેમેં, જ્ઞાનકી પર્યાયમેં આયા, છૂટ ગયા–સંસારસે છૂટ ગયા ઔર મોક્ષકી પર્યાયકી તૈયારી હુઈ. મૈં તો સાધક ભી નહીં એમ કહતે હૈં યહાં. ઐસી ચીજમેં એકાગ્ર હોઉં યે એકાગ્રતા સાધક હૈ. આહાહા! ગજબ વાત છેને!

પૂર્ણ સ્વરૂપ ભગવાન અંદર ચૈતન્ય હીરલો અનંત જ્ઞાનાદિ ધ્રુવ પાસાથી શોભિત પડ્યો છે. જેના જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંત પાસા એકરૂપ અભેદવસ્તુ છે એ કારણસમયસાર, કારણપરમાત્મા, અરે! કારણજીવ એ. કારણજીવ હી ઇસકો કહતે હૈં. સમજાણું કાંઈ? પૂર્ણ વસ્તુકો હી કારણજીવ કહતે હૈં. પર્યાય ભી કારણજીવ નહીં. આહાહા! વીતરાગના માર્ગમાં અપૂર્ણતા એને પાલવે નહીં. 'પાલવે નહીં' ક્યા કહતે હૈં? સમાતા નહીં. અહીં તમારા પાંચ-પચાસ લાખ, કરોડની કિંમત–ગણતરી કાંઈ નથી એમ કહે છે. કહો, સમજમેં આયા? આહાહા! '**ઐસી**' એમ છેને? '**ભાવના**' છેને?

**સમ્યગ્જ્ઞાનિયોંકો**... આહાહા! ઉસકો સમ્યગ્જ્ઞાની કહનેમેં આતા હૈ, કારણસમયસાર મૈં હૂં ઉસ તરફકી એકાગ્રતા કરતા હૈ ઉસકો યહાં જ્ઞાની–સમ્યગ્જ્ઞાની કહતે હૈં. શાસ્ત્રકા વિશેષ બોધ હો-ન હો, ઉસકે સાથ સંબંધ હૈ નહીં. આહાહા! સમજાનેકો આવે ભી નહીં ઉસસે કોઈ

સંબંધ નહીં. સમજમેં આયા? સંબંધ તો પરમાત્મા સ્વીકારા હૈ, લગા દિયા હૈ, યે સંબંધ મોક્ષકી પર્યાયકો લાયેગા. સગાઈ કી તો લગ્ન હો જાયેગા. સમજમેં આયા? આહાહા!

ઐસા કારણસમયસાર (ઐસા) મૈં ધ્યેય હૂં, યે હી મૈં હૂં. પર્યાય મૈં નહીં, રાગ, વ્યવહાર રત્નત્રય મૈં નહીં. ચક્રવર્તીકા રાજ, ઇન્દ્રકા ઇન્દ્રાસન મૈં નહીં. આહાહા! સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિ જીવ ઐસી ચીજકો અપની માનતા હૈ ઔર ઉસમેં એકાગ્ર હોતા હૈ. આહાહા! કહો, જુગરાજજી! આવે છે? તમારે સેવામાં એવું આવતું નહીં હોય? સેવા કરો, ફલાણી કરો, એ તો માન માટે કરે. અમે મોઢાના કાર્યકર્તા છીએ, લ્યો, અમે આવ્યા છીએ. માન.. માન. અહીં તો ધર્મને નામે દયા ને વ્રત ને તપ કરે એ પણ ફોગટ, નિરર્થક છે. આહાહા! એકડા વિનાના શૂન્ય છે. ભગવાનકા અંક તો લક્ષમેં આયા નહીં. સમજમેં આયા? મહાપ્રભુકા આદર તો અંદર હુઆ નહીં. આહાહા! કિસકા તુમ આદર કરને જાઓગે? સમજમેં આયા? ઓહો! સમ્યગ્જ્ઞાન.. પાઠ હી ઐસા હૈ હોં. કેવલ સમજ્યાને?

**णियभावं णवि मुच्चइ** ત્રિકાલી **परभावं णेव गेण्हए केइं। जाणदि पस्सदि सव्वं** ત્રિકાલી **सो हं इदि चिंतए णाणी।** લ્યો, **चिंतए** નામ વિકલ્પ નહીં હોં. ચિંતનની વ્યાખ્યા ત્યાં ભાવના કરી છે. ભાઈ! શબ્દ તો 'ચિંતા' પડ્યો છે. ચિંતાનો અર્થ એ ભાવના છે. ચિંતા કર, કલ્પના કર, વિકલ્પ ઐસા કર—ઐસા (અર્થ) નહીં. વસ્તુ ભગવાન પરમાત્મામેં એકાગ્રતા હોના વહી ઉસકી ભાવના હૈ.

**ઇસીપ્રકાર શ્રી પૂજ્યપાદસ્વામીને (સમાધિતંત્રમેં ૨૦વેં શ્લોક દ્વારા) કહા હૈ કિ :**

**यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुंचति ।**
**जानाति सर्वथा सर्वं तत्स्वसंवेद्यमस्म्यहम् ॥**

સમાધિશતક, પૂજ્યપાદસ્વામી. જિન્હોંને તત્ત્વાર્થસૂત્રકી સર્વાર્થસિદ્ધિ ટીકા બનાયી. વે મુનિ એમ કહતે હૈં.... પૂજ્યપાદસ્વામી ઐસે કહતે હૈં. કુંદકુંદાચાર્ય ઐસે કહતે હૈં, મૈંને ટીકા કરી, મૈં ઐસા કહતા હૂં. સમજમેં આયા? સબ મુનિયોંકી એક બાત હૈ. એક કાંઈક કહે, બીજા કાંઈક કહે, ત્રીજા કાંઈક કહે, એ માર્ગ નથી. સમજમેં આયા?

**શ્લોકાર્થ : જો અગ્રાહ્યકો (ગ્રહણ ન કરને યોગ્યકો) ગ્રહણ નહીં કરતા...** આહાહા! નિશ્ચયસે રાગકો, પર્યાયકો ગ્રહણ નહીં કરતા. આહાહા! કૌન? ભગવાન આત્મા અપના. અગ્રાહ્યકો નહીં ગ્રહતા. **ગ્રહણ નહીં કરતા તથા ગૃહીતકો (ગ્રાહ્યકો, શાશ્વત સ્વભાવકો) છોડતા નહીં હૈ...** જો નિજ સ્વભાવ ત્રિકાલી હૈ વહ કભી છૂટતા નહીં. સમજમેં આયા? એક સમયકી પર્યાય ભી નાશવાન હૈ. યે તો કભી છૂટે નહીં. ત્રિકાલી ભગવાન દલ–આનંદકા દલ, જ્ઞાન, શાંતિ, શ્રદ્ધા આદિ સ્વભાવકી શક્તિકા દલ, સત્ત્વ–અરૂપી સત્ત્વ, સ્વભાવ સત્ત્વ વહ કભી અપનેકો છોડતા નહીં. સમજમેં આયા?

આવી ધર્મકથા કેવી હશે? આ પર્યુષણના દિનમાં કંઈ વ્યવહાર તો નાખો. આ શ્રદ્ધવું ને સમજવું એ જ વ્યવહાર છે. શેઠ! યે વ્યવહાર હૈ. ત્રિકાલીદ્રવ્યકી શ્રદ્ધા, જ્ઞાન કરના (ઐસી) પર્યાય વહી વ્યવહાર હૈ. વીતરાગ તારો માર્ગ. વીતરાગના કુળમાં જન્મ્યા હોય. કુળમાં તો ક્યાં હોય? વાડામાં. એને સાંભળવા મળે નહીં અને જિંદગીયું ચાલી જાય. પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ વર્ષ ગયા, કાંઈ ઠેકાણા ન મળે. ભીખાલાલભાઈ! આહાહા!

**જો અગ્રાહ્યકો ગ્રહણ નહીં કરતા તથા ગ્રહીતકો (ગ્રાહ્યકો, શાશ્વત સ્વભાવકો) છોડતા નહીં...** દેખો! ગ્રાહ્ય એટલે સ્વભાવ શાશ્વત હૈ વહ ગ્રહા હુઆ હી હૈ, ઉસકો નહીં છોડતા. આ પૂજ્યપાદસ્વામી. લ્યો, ઠીક. સર્વાર્થસિદ્ધકી ટીકા વ્યવહારકે શાસ્ત્રની. વસ્તુ તો જેમ છે એમ છેને. **સર્વકો સર્વ પ્રકારસે જાનતા હૈ, વહ સ્વસંવેદ્ય (તત્ત્વ) મૈં હૂં.** સર્વકો સર્વ પ્રકારસે જાનતા હૈ ઐસા સ્વસંવેદ્ય... મૈં મેરેસે પ્રત્યક્ષ હોનેવાલા મૈં તત્ત્વ હૂં. સ્વ નામ અપનેસે, સમ્ નામ પ્રત્યક્ષ, સર્વ દેખનેવાલા-જાનનેવાલા ઐસા ભગવાન અપની પર્યાયમેં વેદનમેં આવે (ઐસા) મૈં, (વહ) મૈં હૂં. મેરે વેદનમેં આયે ઐસા મૈં હૂં. સ્વસંવેદ્ય મૈં હૂં. આહાહા! વેદનમેં આનેયોગ્ય ઐસા તત્ત્વ મૈં હૂં. પર્યાયમેં વેદન(યોગ્ય) આયા. આયા ક્યા? વહ ચીજ, ઐસા મૈં હૂં. આહાહા! અપના–સ્વ, સમ્ નામ પ્રત્યક્ષ, સ્વ નામ અપનેસે, સમ્ નામ પ્રત્યક્ષ, વેદનેમેં આયા. કૌન? વહ ત્રિકાલી તત્ત્વ. વેદનેમેં તો પર્યાય આતી હૈ, પણ ઐસા સ્વસંવેદ્ય મૈં હૂં.

**ઔર ઇસ ૯૭વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહતે હૈં):** મુનિ પોતે ચાર શ્લોક કહે છે. **णियभावं** આવ્યુંને. ભગવાન આવ્યા, કહે છે. તો કરો હવે, શણગારો, શોભાવો. પૂર્ણાનંદના નાથ અહીંયા આવ્યા. કથન કરવામાં આવ્યા. આહા!

**आत्मानमात्मनि निजात्मगुणाढ्यमात्मा**
**जानाति पश्यति च पंचमभावमेकम्।**
**तत्याज नैव सहजं परभावमन्यं**
**गृह्णाति नैव खलु पौद्गलिकं विकारम् ॥ १२९॥**

**શ્લોકાર્થ : આત્મા આત્મામેં નિજ આત્મિક ગુણોંસે સમૃદ્ધ આત્માકો...** આહાહા! ભગવાન આત્મા અપને પૂર્ણ આત્મામેં નિજ આત્મિક ગુણોંસે સમૃદ્ધ આત્માકો **એક પંચમભાવકો જાનતા હૈ...** એક પંચમભાવકો જાનતા હૈ વહ જ્ઞાની. આહાહા! ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ને પારિણામિક ઐસે પાંચ ભાવ હૈં. તત્ત્વાર્થસૂત્રમેં આતા હૈ ન. દૂસરે અધ્યાયમેં પહલા સૂત્ર. વહાં જીવમેં પાંચ તત્ત્વ કહે. યહાં કહે, યે નહીં. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક વહ મૈં નહીં. આહાહા! સમજમેં આયા?

**આત્મા આત્મામેં નિજ આત્મિક ગુણોંસે સમૃદ્ધ આત્માકો એક પંચમભાવકો જાનતા હૈ ઔર દેખતા હૈ...** અપની પર્યાયમેં પૂર્ણ પંચમભાવકો દેખતા હૈ, જાનતા હૈ. આહાહા! સમજમેં

આયા? ઉસકા નામ સમ્યગ્જ્ઞાન હૈ. આહાહા! અહીં તો શાસ્ત્ર ભણે, વાતું મોટી કરે, થઈ ગયા પંડિત. શેના પંડ્યા? એય! તમારા જેવા શેઠિયા પછી માને. હું કાંઈક (છું). ધંધો નહીં ને ઓલો કહે તો આહાહા.. ચાલો ભાઈ! શેઠ! નવરા થાય નહીં, નવરા હોય તો કાંઈક થોડુંક કહે. આહાહા!

કહતે હૈં, **એક પંચમભાવકો જાનતા હૈ**. આહાહા! જાનનેકી પર્યાય વર્તમાન હૈ, પણ જાનતી હૈ પંચમભાવ ત્રિકાલ. જાનતા હૈ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાયસે. ગુણુભાઈ! થોડું આનું વાંચન જોઈએ, થોડો અભ્યાસ હોય તો ઝટ (સમજાય). બેસે નહીં કેટલાકને તેથી આ ક્લાસ કાઢ્યા. જુઓને! ચારેકોર શિબિર નીકળી છે. શિબિર એટલે શું? છાવણી. શિક્ષણની છાવણી, ઠીક. શિબિર કહતે હૈં ન. શિક્ષણ શિબિર કહે છેને. શિબિર શું? શિખનારની છાવણી. ઓલા લશ્કરમાં થાય છેને ઓલી પોલીસવાળી. બંદુકો અને એની છાવણી. આ જ્ઞાનના લશ્કરની છાવણી.

**ઉસ સહજ એક પંચમભાવકો ઉસને છોડા નહીં હી હૈ...** પંચમભાવકો ઉસને કભી છોડા નહીં. પંચમભાવ એટલે કારણપરમાત્મા ધ્રુવસ્વરૂપ ભગવાન. ધ્રુવસ્વભાવને કભી ધ્રુવસ્વભાવ છોડા નહીં. આહાહા! **તથા અન્ય ઐસે પરભાવકો કિ જો વાસ્તવમેં પૌદ્ગલિક વિકાર હૈ...** પૌદ્ગલિક કહતે હૈં પુણ્ય-પાપ આદિ. **વાસ્તવમેં પૌદ્ગલિક વિકાર હૈ ઉસે—વહ ગ્રહણ નહીં હી કરતા.** કભી નહીં ગ્રહણ કરતા હૈ. સંસાર તો કભી આત્મામેં આયા હી નહીં. સંસાર–ચોરાશીકે અવતારકા કારણભાવ વહ ભગવાન આત્મામેં કભી આયા હી નહીં. આહાહા! સંસારકો ગ્રહા નહીં, પંચમભાવકો છોડા નહીં. ઐસે આત્માકી ચિંતવના–એકાગ્રતા કરના ઉસકા નામ ધર્મ હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ ૮, શનિવાર, તા. ૧૬-૯-૧૯૭૨**
**શ્લોક-૧૩૦-૧૩૨, પ્રવચન નં. ૯૮**

**आस्तामेतदमुत्र सूनृतवचाः कालेन यल्लप्स्यते**
**सद्भूपत्वसुरत्वसंसृतिसरित्पाराप्तिमुख्यं फलम् ।**
**यत्प्राप्नोति यशः शशाङ्कविशदं शिष्टेसु यन्मान्यतां**
**तत्साधुत्वनिहैव जन्मनि परं तत्केन संवर्ण्यते ॥९३॥**

**આચાર્ય કહતે હૈં કિ સત્યવાદી** પુરુષ... જિસકો અંતરમેં સત્‌સ્વરૂપ આત્મા પૂર્ણાનંદકા અનુભવ, ભાન હો ગયા હૈ ઔર અનુભવપૂર્વક ચારિત્ર નામ સ્વરૂપકી સ્થિરતા કી હૈ, જો સત્ય બોલતે હૈં, સત્યકા વિકલ્પ જો હૈ (ઉસે) સત્ય બોલતે હૈં કહનેમેં આતા હૈ. **સત્યવાદી મનુષ્ય આગામી ભવોંમેં જાકર શ્રેષ્ઠ ચક્રવર્તી રાજા બનતે હૈં...** વિકલ્પ હૈ ન શુભરાગ. સ્વરૂપકી દ્રષ્ટિ અને સ્થિરતા હૈ વહ તો મોક્ષકા કારણ હૈ, પણ બીચમેં ઐસા શુભભાવ હોતા હૈ જિસકા ફલ ચક્રવર્તી, રાજાકી સંપદા હૈ. **ઇન્દ્રાદિ ફલકો પ્રાપ્ત**... મનુષ્યપના કિયા વહાંસે નિકલકર ઇન્દ્રાદિ પદ–ઇન્દ્ર-અહમિન્દ્ર આદિ પદ પ્રાપ્ત કર લેતે હૈં. પૂર્ણ પરમ સત્યસ્વરૂપ ઐસે ભગવાન આત્માકા જિસને આશ્રય લિયા હૈ ઔર અંદર સ્થિરતાપૂર્વક ભગવાનકી આજ્ઞાકે પ્રમાણસે સત્ય બોલતે હૈં, વે ઇન્દ્રપદકો ભી પ્રાપ્ત કર લેતે હૈં. **ઔર સબસે ઉત્કૃષ્ટ... મુખ્યં** છેને. મોક્ષરૂપી સરિતા–નદી પ્રવાહ ઉસકે ફલકો ભી પ્રાપ્ત કર લેતે હૈં.

**યહ બાત તો દૂર રહો, કિન્તુ ઇસી ભવમેં વે ચંદ્રમાકે સમાન ઉત્તમ કીર્તિકો પા લેતે હૈં.** સત્યવાદીકી પ્રતિષ્ઠા ભી અનુકૂલ હો જાતી હૈ. તથા **શિષ્ટ મનુષ્ય, ઉનકો બડી પ્રતિષ્ઠાસે દેખતે હૈં...** ધર્માત્મા સત્યસ્વરૂપકા સત્કાર કરકે સત્ય બોલતે હૈં, ઇસસે સારે શિષ્ટજનોંસે પ્રતિષ્ઠાકો પ્રાપ્ત કરતે હૈં. ઔર **વે સજ્જન કહે જાતે હૈં...** સત્-જન. સત્યકો બોલનેવાલા, સત્યકી પ્રાપ્તિ કરનેવાલા સજ્જન કહનેમેં આતા હૈ. યે સજ્જન હોં, લૌકિક નહીં.

**ઇત્યાદિ નાના પ્રકારકે ઉત્તમ ફલ ઉનકો મિલતે હૈં, જો કિ સર્વથા અવર્ણનીય હૈં...** ઓહો! જિસે અપને આત્માકા ... શુરૂ હો ગયા, શુદ્ધતા શુરૂ હો ગયી, ઉસકો જો મહાવ્રતાદિકા પરિણામ આતા હૈ ઉસકા ફલ અવર્ણનીય કહનેમેં આતા હૈ. શુભભાવ આતા હૈ બીચમેં, ... નહીં. હૈ તો ઝેર, હૈ તો બંધકા કારણ, પણ જબ લગ (પૂર્ણ) વીતરાગ ન હો તબ લગ ભાવ શુભ આતા હૈ, તો શુભકે ફલમેં ઇન્દ્ર, નરેન્દ્રાદિ હોતા હૈ. **સજ્જનોંકો અવશ્ય હી સત્ય બોલના ચાહિયે**. સત્પુરુષકો સત્ય હી બોલના ચાહિયે. અસત્ય સ્વપ્નમેં ભી બોલના નહીં ચાહિયે. ઐસા સત્યધર્મ હૈ.

ચાલતો અધિકાર. નિયમસાર, ૧૩૦ કળશ આવ્યો. છેને. ૧૨૯ કલશ પૂરા હુઆ. ૧૩૦ કલશ ચલતા હૈ.

**मत्स्वान्तं मयि लग्नमेतदनिशं चिन्मात्रचिंतामणा-**
**वन्यद्रव्यकृताग्रहोद्भवमिमं मुक्त्वाधुना विग्रहम् ।**
**तच्चित्रं न विशुद्धपूर्णसहजज्ञानात्मने शर्मणे**
**देवानाममृताशनोद्भवरुचिं ज्ञात्वा किमन्याशने ॥१३०॥**

કહે છે, ધર્માત્મા કિસકો કહીયે? કિ જિસને, **શ્લોકાર્થ : અન્ય દ્રવ્યકા આગ્રહ કરનેસે ઉત્પન્ન હોનેવાલે ઇસ વિગ્રહકો અબ છોડકર**... આહાહા! પુણ્ય ને પાપકા વિકલ્પ હૈ વહ અન્ય દ્રવ્ય હૈ. અપને સ્વસ્વભાવ(મય) દ્રવ્યસે વહ ભિન્ન હૈ. ઐસા **અન્ય દ્રવ્યકા આગ્રહ કરનેસે...** રાગ-દ્વેષ આદિ અથવા શરીર... શરીર હૈ ન પર. **ઉત્પન્ન હોનેવાલે ઇસ વિગ્રહકો અબ છોડકર...** પ્રત્યાખ્યાનકી બાત હૈ ન. સચ્ચા પ્રત્યાખ્યાન. શુભાશુભભાવ વહ અન્ય દ્રવ્યકે આગ્રહસે ઉત્પન્ન હોનેવાલી ચીજ હૈ. કિસકો? પરમાત્મા દ્રષ્ટિસે છોડકર...

**વિશુદ્ધ પૂર્ણ સહજજ્ઞાનાત્મક સૌખ્યકી પ્રાપ્તિકે હેતુ...** વિશુદ્ધ–નિર્મલ પૂર્ણ સહજ જ્ઞાનસ્વરૂપ સુખ... જ્ઞાનસ્વરૂપ સુખ... અપનેમેં જો જ્ઞાન ને આનંદ પૂરા ભરા હૈ ઉસ સન્મુખ હોકર જ્ઞાનકે સાથ આનંદ આયા તો જ્ઞાનાનંદ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? વિષય-કષાય, પુણ્ય પરિણામ યે તો દુઃખ હૈ, દુઃખકા વેદન હૈ. આહાહા! યહાં **પૂર્ણ સહજજ્ઞાનાત્મક** સુખ... ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનસ્વરૂપ ઐસા **સહજજ્ઞાનાત્મક સૌખ્યકી પ્રાપ્તિકે હેતુ**... અધ્યાત્મ બાત હૈ, સૂક્ષ્મ બાત હૈ.

પરમાનંદ ભગવાન આત્મા... કહતે હૈં, **મેરા યહ નિજ અન્તર મુજમેં—ચૈતન્યમાત્ર-ચિંતામણિમેં—નિરન્તર લગા હૈ...** ધર્મીકી લગની અપને પરમાનંદસ્વરૂપમેં લગી હૈ. સમજમેં આયા? યે ધર્મ કૈસા? યહ ધર્મ ઐસા હૈ, જૈસા હૈ વૈસા હૈ. જ્ઞાનાનંદસ્વભાવ... વિષયાનંદ, રાગાનંદ આદિ શુભાશુભભાવસે રહિત અપના સ્વરૂપ જો ત્રિકાલી જ્ઞાન ને આનંદ હૈ, ઉસમેં જિસકા ચિત્ત લગા હૈ, જિસમેં–અંતરમેં લગા હૈ, જિસકા અંતર સ્વભાવમેં લગા હૈ... આરે, ભારે વાત ભાઈ! સમજમેં આયા?

**ચૈતન્યમાત્ર-ચિંતામણિમેં**... આહાહા! અપના ચૈતન્ય ભગવાન ચિંતામણિ રત્ન હૈ. જિતના એકાગ્ર હોતા હૈ ઇતના અંતરમેં ચિંતામણિ ખુલતા હૈ. સમજમેં આયા? દેવ-અધિષ્ઠિત ચિંતામણિ રત્ન હોતા હૈ ન. ઇચ્છા હોય એ પ્રમાણે ચિંતામણિ રત્ન દે છે ફળ. બંગલા લાઓ, ઐસા લાઓ, ફૈસા લાઓ. યે તો અંતરકી ચીજ **ચૈતન્યમાત્ર-ચિંતામણિમેં નિરંતર**... આહાહા! શુદ્ધ આનંદઘન પરમાત્મા સ્વયં ઉસમેં જિસકા અંતર લગા હૈ, જિસકી લગની અપને પૂર્ણ સ્વભાવ તરફ લગી હૈ, સમજમેં આયા? ઇસકો ધર્મી કહતે હૈં. ભારે વાત ભાઈ!

પૂજા, ભક્તિ, દાન, જાત્રાકા ભાવ વહ હો, બીચમેં વ્યવહાર આતા હૈ, વહ કોઈ (ભૂતાર્થ) ચીજ નહીં, વહ ધર્મ નહીં, પુણ્ય હૈ. પાપસે બચનેકો ભાવ હો, પણ વહ ચીજ નહીં. ચૈતન્ય ભગવાન ચિંતામણી મહાપ્રભુ ઉસમેં જિસકા ચિત્ત–અંતઃકરણ લગા હૈ, **ઉસમેં આશ્ચર્ય નહીં હૈ...** કહતે હૈં કિ જ્ઞાનીકો અંતરમેં લગની લગી વહ આશ્ચર્ય નહીં હૈ, એમ કહતે હૈં. અજ્ઞાની–બહિરાત્માકો તો પુણ્ય ને પાપકી રુચિ ને લગની લગી હૈ. સમજમેં આયા? જ્ઞાનીકો અંતર સ્વભાવમેં લગની લગી હૈ વહ કોઈ આશ્ચર્યકી બાત નહીં હૈ. આશ્ચર્ય (કૈસા)? વહ તો સ્વરૂપ હી ઐસા હૈ. સમજમેં આયા? પુણ્ય-પાપકે વિકલ્પકો છોડકર ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ પરમાનંદ, કલ્પવેલી, કલ્પવૃક્ષ... યહાં તો ચિંતામણિ રત્ન કહા. ઉસમેં જિસકા ચિત્ત લગા હૈ, ઉસમેં આશ્ચર્ય નહીં. સમજમેં આયા?

**મેરા યહ નિજ અંતર**... ઐસા આયા ન. સહજાત્મસ્વરૂપ આનંદ ને જ્ઞાનકી પ્રાપ્તિ, ઉસકી પ્રાપ્તિ હેતુ મેરા અંતર ચિંતામણિમેં લગા હૈ ઉસમેં આશ્ચર્ય નહીં. ક્યા કહતે હૈં? મેરે જ્ઞાનાનંદ સુખસ્વરૂપકી પ્રાપ્તિકે લિયે સ્વર્ગાદિકા સુખ ધૂલ, ઝેર હૈ. શેઠિયાકા સુખ વહ ઝેરકા પ્યાલા હૈ. શેઠ! યે તો અમૃતકા પ્યાલા હૈ. ભગવાન આત્મા ચૈતન્ય ચિંતામણિમેં જિસકા ચિત્ત–અંતઃકરણ લગા હૈ, ઐસા મુજમેં (ચિત્ત) લગા હૈ ઉસમેં કોઈ આશ્ચર્ય નહીં, વહ કોઈ વિશેષતા નહીં કહતે હૈં. વહ તો ઐસા સ્વરૂપ હી હૈ. આહાહા! સમજમેં આયા? ધર્મીકી જ્ઞાનકી પર્યાય ધ્રુવમેં લગી હૈ વહ કોઈ આશ્ચર્ય નહીં, વહ તો વસ્તુકી સ્થિતિ ઐસી હૈ. સમજમેં આયા?

મુજમેં–ચૈતન્યમાત્રમેં... ક્યા હેતુ? પૂર્ણ જ્ઞાન ને આનંદકી પ્રાપ્તિ હોતી હૈ. જ્ઞાનસ્વભાવકી પ્રાપ્તિ, અતીન્દ્રિય આનંદકી પ્રાપ્તિકે હેતુ મેરા અંતર ચૈતન્ય ચિંતામણિમેં લગા હૈ, વહ કોઈ આશ્ચર્યકી બાત નહીં, વહ તો સ્વરૂપ હી ઐસા હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? અલક-મલકની વાતું લાગે. આ જાણે કોની વાત હશે? ભાઈ! તેરે ઘરકી બાત હૈ. ભગવાન પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદ નિર્વિકલ્પસ્વરૂપ બિરાજમાન હૈ. ઉસમેંસે પૂર્ણાનંદ ને જ્ઞાનકી પ્રાપ્તિકે હેતુ ઉસમેં લગની લગ ગઈ, ઉસમેં આશ્ચર્ય નહીં એમ કહતે હૈં. સમજમેં આયા?

**કારણ કિ અમૃતભોજનજનિત સ્વાદકો જાનકર દેવોંકો...** દેવોંકો અમૃતકા ભોજન હોતા હૈ. યે દાલ-ભાત-શાક ઐસા ભોજન નહીં (હોતા). હજારોં વર્ષકે બાદ કંઠમેંસે સીધા અમૃત ઝરતા હૈ. **દેવોંકો અમૃતભોજનજનિત સ્વાદ**... અમૃતભોજનજનિત ઉસસે ઉત્પન્ન હુઆ **સ્વાદકો જાનકર દેવોંકો અન્ય ભોજનસે ક્યા પ્રયોજન હૈ?** ઉસે રોટી, મૈસૂબસે ક્યા પ્રયોજન હૈ? સમજમેં આયા? વહ તો કુચા, ધૂલ હૈ. અપને અમૃતકે ભોજનમેં જહાં લગા હૈ ઐસે દેવોંકો અન્ય ભોજનસે ક્યા પ્રીતિ? સમજમેં આયા? **જિસ પ્રકાર અમૃતભોજનકે સ્વાદકો જાનકર દેવોંકા મન અન્ય ભોજનમેં નહીં લગતા**, આહાહા! **ઉસીપ્રકાર જ્ઞાનાત્મક સૌખ્યકો જાનકર...** મૈં

તો જ્ઞાન ને આનંદ સ્વરૂપ હૂં ઐસા જાનકર (સ્વાદ) હુઆ, મૈં તો જ્ઞાન ને અતીન્દ્રિય આનંદની મૂર્તિ હૂં ઐસા જાનકર જ્ઞાનકા, આનંદકા સ્વાદ આયા સમકિતીકો. આહાહા! સમજમેં આયા?

અમૃતભોજનકે સ્વાદ આયા જાનકર **હમારા મન ઉસ સૌખ્યકે નિધાન ચૈતન્યમાત્ર ચિન્તામણિકે અતિરિક્ત અન્ય કહીં નહીં લગતા.** કહીં લગતા નહીં, કોઈ ભાવ આવે, પણ કહીં ચિત્ત લગતા નહીં. આહાહા! સમજમેં આયા? હમારા અતીન્દ્રિય આનંદકા નાથ ભગવાન ઉસકા સ્વાદ જિસને સમ્યગ્દર્શનમેં ચખા હૈ, સમજમેં આયા? ભલે ગૃહસ્થાશ્રમમેં હો... યહાં સમ્યક્ત્વપને ...કી બાત કરતે હૈં. જિસકે ચિત્તમેં જ્ઞાનાનંદકા સ્વાદ આયા, ઉસકા ચિત્ત દૂસરેમેં લગતા નહીં. આહાહા! યે અપ્સરાકા ભોગ, યે ચક્રવર્તીકી રાનીકા ભોગ ઉસમેં ચિત્ત લગતા નહીં. સમજમેં આયા? હોતી હૈ અંદર આસક્તિ આદિ, પણ અંદર રુચિ નહીં, પુસાન નહીં, વહ સુખ હૈ ઐસી દ્રષ્ટિ નહીં ઔર સુખકો વારંવાર ભોગું ઐસી ભાવના નહીં. મેરા આનંદસ્વરૂપ પ્રભુ, આહાહા! આનંદકી ખાન આત્મા...

અતીન્દ્રિય આનંદના સ્વાદી અમૃતના ભોજનવાળાને અન્ય ભોજન શું રુચે? મૈસુબ ને તમારા પતરવેલિયાના ભજીયા એને ન રુચે હોં. મુંબઈમાં નથી કરતા, શું કહેવાય? વીશી. શું વીશી નહીં? શું કહેવાય? આ લગ્ન-બગ્ન કરે ત્યારે આપે છેને? વીશી નહીં, શું કહેવાય? હોટલ. મોટી હોટલ-લોજમાં આપેને ત્યાં? ૫૦૦ માણસ અમારા જમશે, આ ફલાણી-ફલાણી ચીજ જોઈશે. ઓલો કહે પાંચ-પાંચ રૂપિયા થશે એકેકના. પાંચ નહીં ચાલતું હોય, કાંઈક વધારે હશે. દસ-દસ. એક-એક જણના પંદર. પાંચસોના ગણી લો. જાઓ લોજમાં કરો જમણ. લડકેકા લગ્ન હૈ, ભોજન.... આહાહા! માવાના જાંબુ, મેવો, બદામ-પિસ્તાનો શીરો, સમજાય છે? પિસ્તાના પાપડ અને મરીના અથાણા. મરી સમજતે હૈં? કાલી મિર્ચ. કાલી મિર્ચ નહીં હોતી? અથાણા હોતા હૈ. ગોલ-ગોલ.... દેખા હૈ, સબ હમને તો દેખા હૈ.

કહતે હૈં, આહાહા! અમૃતકા આનંદકા ભોજન ધર્મીકો હોતા હૈ, સ્વાદ આયા હૈ. સ્થાપા હૈ, આત્માકી સ્થાપના કી હૈ. આહાહા! સમજમેં આયા? ઉસકે સામને જાંબુકા સ્વાદ ફીકા લગતા હૈ. આહાહા! કહો, ભીખાભાઈ! અહીં તો જરી સાકર આવે ને આ આવે ત્યાં આહા.. બદામ, પિસ્તા ને શું કીધું? હમણાં આવ્યું હતું એ? ચારોળી. બદામ, પિસ્તા, ચારોળી આવતાને. હમણા આવ્યું હતું, આપણે ઘણા વર્ષે આવ્યું. આપણે એક કટકી ચાખી નહીં. હમણાં કોઈક આવ્યું હતું લઈને.... કોઈક આવ્યા હતા...... દેવા માટે. ચારોળી, બદામ, પિસ્તા એના શીરા.

કહે છે કે અમૃતકા ભોજન દેવોંકો આયા, ઉસે યે ભોજનકી રુચિ કૈસે હો? આહાહા! ઐસે જિસકો અમૃતસ્વરૂપ ભગવાનકે આનંદકા સ્વાદ આયા, ઐસે ધર્મીકો દૂસરેમેં ક્યોં આસક્તિ લગે? ચિત્ત લગે હી નહીં. સમજમેં આયા? આહાહા! ઉસકા નામ ધર્મ હૈ. ધર્મ કોઈ

સાધારણ ચીજ નહીં. સમજમેં આયા? લ્યો, હમ ધર્મ કરતે હૈં, પીછે ફલ મિલેગા સ્વર્ગમેં. કહો, શેઠ! ભગવાન ચૈતન્ય ચિંતામણિરત્ન ઉસકી એકાગ્રતામેં ધર્મીકો જો સ્વાદ આયા, ઉસ સ્વાદકે આગે કહીં રુચિ જમતી નહીં. આહાહા!

(શ્રોતાઃ ..કા સ્વાદ). અંદર લે ત્યારે આવેને. બહારમાં પડ્યા હોય બીડીમાં, તમાકુમાં. બાલક બીડી, જ્યાં હોય ત્યાં બાલક બીડી.. બાલક બીડી. ત્યાં પહોંચેય નહીં. મન લગના ચાહિયે ન, એમ કહતે હૈં. શેઠ! આહાહા! દરવાજા ઉપર લખે બાલક બીડી. મલ્હારગઢ.... મોટા દરવાજા જોયા હતાને મલ્હારગઢમાં, નહીં? આહાહા! ક્યાં બીડી ને ક્યાં બાળક ને ક્યાં આત્મા? આહાહા! એ ગિરધરભાઈ! અમારા ગિરધરભાઈ એમ કરતા મફતના ઓલા...... આમ કરે ને આમ કરે. આમાં ન (ફાવ્યા), હાર્યા તો આગળ બેઠા. કાર્યકર્તા મોઢા આગળ... કેટલા? ૪૫ હજાર ખરચ્યા. શું કહેવાય એ? ચૂંટણીમાં ૪૫ હજાર ખરચ્યા. નાપાસ. એ સારી વાત થઈ, સારું થયું. મગનભાઈ કહેતા હતા કે વોટ લખતા વખતે થયું કે આ નાપાસ થાય તો ઠીક થાય, નવરાશ મળે. આહાહા! લાખો રૂપિયા ખર્ચે છેને. ધૂળમાંય નથી...

ભાઈ! આત્માના આનંદની પદવી આગળ જગતની પદવી તુચ્છ.. તુચ્છ. આહાહા! વિષ્ટાના સ્વાદ.. આહાહા! સમજે? બાળક વિષ્ટા કરે ને એને ચાટે, ઐસા સ્વાદ જગતકે પૈસા ને રાગકા હૈ. આહાહા! અપના ચૈતન્ય-ચિંતામણિ જ્ઞાનાત્મક–સ્વરૂપકા સ્વાદ જિસકો આયા, ઉસકે **અતિરિક્ત અન્ય કહીં નહીં લગતા**. ઉસકા ચિત્ત કહી લગતા નહીં. આ પ્રવચનસારમાં આવે છેને છેલ્લે, ચરણાનુયોગમાં. રજા લે છે મા-બાપ પાસે, સ્ત્રી પાસે રજા લે છે. હે આ શરીરને રમાડનારી સ્ત્રી! શરીરને રમાડનારી. હું તો આત્મા છું. હવે તું મને રજા દે. હું તો મારી અનુભૂતિ આનંદની રમણી પાસે જાઉં છું. સમજમેં આયા? રાજકુમાર હોય, રાજા હોય, ચક્રવર્તીના પુત્ર હોય, આહાહા!

માતા! મને ક્યાંય ચેન પડતું નથી એમ કહે છે. ભાઈ! આ બંગલા, રાણી–પદમણી જેવી રાણીયું. મા! મારા આનંદ સિવાય મને ક્યાંય ચેન પડતું નથી. મારો આનંદ મેં અંદર જોયો ને જાણ્યો છે. એ સિવાય, માતા! મને ચેન પડતું નથી. મા રોવે. માતા! રોઈ લે એકવાર હોં, પણ અમે કોલકરાર કરીએ છીએ કે ફરીને જનેતા નહીં કરીએ. અમે ફરીને મા નહીં કરીએ, હવે નહીં અવતરીએ હોં બા! આહાહા! અવતાર આવ્યા એ આવ્યા, માતા! જનેતા! એકવાર રોવું હોય તો રોઈ લે. બીજી જનેતા નહીં કરીએ, અમને અમારા આનંદના સ્વાદ આગળ ક્યાંય ચેન પડતું નથી. આહાહા! સમજાણુ કાંઈ? મુનિપણું એનું નામ કહેવાય છે. .... આ લૂગડાં ફેરવ્યા.

અપને આનંદકા સ્વાદ આયા ઉસ સ્વાદમેં લીન હોનેકે લિયે નિવૃત્તિ લેતે હૈં. સ્ત્રીની રજા (લે છે). હે શરીરને રમાડનાર સ્ત્રી! મેરી અનુભૂતિરૂપ રમણીકે પાસ મૈં તો જાતા હૂં. મેરે

આનંદકે સ્વાદકી રમણી ઉસકે પાસ મૈં જાતા હૂં. છોડ. સમજમેં આયા? માતા-પિતાકો કહે, હે શરીરને જનક! શરીરના જનક કીધા. મૈં તો શરીર હૂં નહી, મૈં તો આત્મા હૂં. આહાહા! મેરા આનંદકે પાસ મૈં તો જાતા હૂં. મેરા આનંદકા ધામ ભગવાન ઉસકે પાસ મૈં જાતા હૂં. માતા-પિતા! રજા દો.. રજા દો. માતા પણ કહે, દીકરા! ભાઈ! તારા આનંદના સ્વાદમાં જા, અમે રાજી છીએ. અમે એમ કહીએ છીએ, તારો લીધેલો માર્ગ અમને હજો. આહાહા! એ એમ કહે, બાપા! આહાહા! તારા અતીન્દ્રિય આનંદના પંથે તું પડે છો, અમે સુખી છીએ ભાઈ! આહાહા! ચોરાશીના અવતારને ટાળવા માટે તું નીકળ્યો, ભાઈ! આહાહા! સમજાણું કાંઈ?

એવો અંદર ભગવાન આત્મા ચૈતન્ય-ચિંતામણિની પર્યાયને પ્રાપ્ત કરવા, એના સ્વાદ આગળ ક્યાંય એના ચિત્ત ચોંટે નહીં. આહાહા! ગૃહસ્થાશ્રમમાં હોય તોય. આવે છે કે નહીં? યોગસારમાં. 'હેયાહેયનું જ્ઞાન'. અઢારમી ગાથા, પાંચમી ગાથા—બેય ગાથામાં આવે છે. 'ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં હેયાહેયનું જ્ઞાન.' સ્વરૂપમાં લીનતાના પ્રેમ આગળ ક્યાંય ચિત્ત ચોંટતું નથી. વેપારધંધામાં બેઠો દેખાય. સમજાય છે કાંઈ? ક્યાંય અમારું મન પ્રસન્નતાને પામતું નથી. અમારી પ્રસન્નતા તો અમારામાં છે. સમજાય છે કાંઈ? એનું નામ ધર્મ કહેવાય. ધર્મ કાંઈ આલીદુઆલી સાધારણ માની લે, આ પોષા કર્યા ને પડિકમણા કર્યા ને સામાયિક કરી ને અપવાસ કર્યા ને ધર્મ થયો. ધૂળેય ધર્મ નથી ભાઈ! ધર્મમેં તો અતીન્દ્રિય આનંદકા સ્વાદ આતા હૈ ઉસકા નામ ધર્મ હૈ. સમજમેં આયા? આહાહા!

આચાર્ય મુનિ પોકારતે હૈં, અરેરે! હમારા મન... મુજે તો આત્માકી લગની લગી હૈ. હમારા ચિત્ત કહીં લગતા નહીં. સુખકી સામગ્રી દેખકર હમારા ચિત્ત વહાં લગતા નહીં, સ્રીકા આમંત્રણ દેખકર હમારા ચિત્ત વ્યગ્ર હોતા નહીં. ઐસા હમારા આત્મા પ્રભુ ઉસકે પાસ હમ જાતે હૈં ઉસકા નામ પચ્ચખાણ કહનેમેં આતા હૈ. આ દુઃખના કર્યા પચ્ચખાણ. આહાહા! જેઠાલાલભાઈ! લ્યો, આવો ધર્મ. આવો ધર્મ સોનગઢવાળાએ કાઢ્યો એમ કહે છે. આ શેમાં છે? સનાતન વસ્તુ વીતરાગમાર્ગ પરમાત્માનો. આહાહા! દુઃખને દિવાસળી મૂક અને આત્માના આનંદને જગાડ, નાથ! તારું કામ એ છે. સમજાય છે કાંઈ? બાળગોપાળ આત્મા ભગવાન હૈં સબ. અંતરમેં આનંદસે બિરાજમાન હૈ. ઐસા ચૈતન્ય-ચિંતામણિકા જિસે રસ આયા ઉસે દૂસરેમેં રસ આતા નહીં. લ્યો, આ પચ્ચખાણ. આહાહા! અમને ઇન્દ્રના ઇન્દ્રાસનના સુખમાં માતા! દુઃખ લાગે છે. અમે એના ત્યાગી છીએ, અમે તો એ દુઃખનો ત્યાગ કર્યો છે. આહાહા! પચ્ચખાણની વ્યાખ્યા છેને. સમજાણું કાંઈ?

અમે, માતા!.... એ રાણીઓ બત્રીસ... આવે છે નિર્જરા અધિકારમાં. નવી આમ પરણેલી રાણીયું, જુવાન ફાટેલા શરીરના અવયવ, શરીરના અવયવ જાડા માંસના. આહાહા! એ બેટા! એ રાણી છેને. માતા! મારો ભગવાન મને મળ્યો ત્યાં એના સિવાય મારું ચિત્ત ક્યાંય

લાગતું નથી. સમજાય છે કાંઈ? બહાર નીકળે તો મને અગ્નિ લાગે છે, દુઃખ લાગે છે એમ કહે છે. હું શુભાશુભભાવમાં આવું, અશુભમાં તો તીવ્ર અગ્નિ લાગે, (પણ) શુભમાં પણ અગ્નિ લાગે છે. આહાહા! સમજાય છે કાંઈ? આચાર્ય પોતે મુનિરાજ જાતના અનુભવ કરતા-કરતા આ વાત લખાઈ ગઈ છે. સમજાય છે કાંઈ? ૧૩૧.

**निर्द्वंद्वं निरुपद्रवं निरुपमं नित्यं निजात्मोद्भवं**
**नान्यद्रव्यविभावनोद्भवमिदं शर्मामृतं निर्मलम् ।**
**पीत्वा यः सुकृतात्मकः सुकृतमप्येतद्विहायाधुना**
**प्राप्नोति स्फुटमद्वितीयमतुलं चिन्मात्रचिंतामणिम् ॥१३१॥**

અરે! યે તો ભગવાનકી બાત ચલતી હૈ ભાઈ! પરમાત્મા.. સમ્યગ્દર્શનમેં પરમાત્માકા ભેટા હુઆ. સમજમેં આયા? નિજ આત્મા પરમાત્મા હોં. પર પરમાત્માકી ભક્તિ આદિકા વિકલ્પ હો, આતા હૈ, વહ પુણ્યબંધકા કારણ હૈ. સમજમેં આયા? ભગવાન આત્માકા સ્વભાવ... કહતે હૈં, મૈં કૈસા હૂં? **દ્વંદ્વ રહિત**... આહાહા! મેરા અમૃત સુખ–સુખામૃત... આત્માકી અંતર દ્રષ્ટિ હુઈ તો બહિરકી દ્રષ્ટિ છૂટ ગઈ. ઐસે ધર્માત્માકો સુખામૃતકા સ્વાદ આયા. કૈસા હૈ વહ? **દ્વન્દ્વ રહિત...** ઉસમેં કોઈ રાગકા, ક્લેશકા દ્વંદ્વ નહીં. અકેલા જ્ઞાનકા આનંદ આત્મા હૈ. સમજમેં આયા? અરે! એના ભગવાનની વાત એણે સાંભળી નહીં. ત્રણ લોકનો નાથ જેને ત્રણ કાળ, ત્રણ લોક એક સમયની પર્યાયમાં સમાઈ જાય.

ઐસી અનંતી પર્યાયકા પિંડ ને અનંતગુણકા પિંડ પ્રભુ, કહે છે, ઉસકા આશ્રય જહાં હુઆ તો સુખામૃતકા સ્વાદ આયા. ઉસ સુખામૃતકે સ્વાદમેં દ્વંદ્વ નહીં. રાગકા લેશ નહીં. આહાહા! આ તે શેની વાત છે? એ કાંઈ ...ની વાત છે આ? સાધકજીવકી યે બાત હૈ. ઉસકો સાધક કહતે હૈં. ભગવાન જ્ઞાન ને આનંદ સ્વરૂપી પ્રભુ દ્રષ્ટિમેં, અવલંબનમેં જહાં આયા, તો કહતે હૈં કિ હમારા સુખામૃત સ્વાદ જો હમકે પ્રગટ હુઆ, કોઈ દૂસરી ચીજકા ઉસમેં લેશ દ્વંદ્વ નહીં, અકેલા આત્મા જ્ઞાનાનંદકા અનુભવ કરતે હૈં. આહાહા! સમજમેં આયા?

**ઉપદ્રવ રહિત...** કિસીકા ઉપદ્રવ નહીં, જિસમેં વિકલ્પકા પ્રવેશ નહીં. સમજમેં આયા? વીંછીકા ડંક હો તો ભી આનંદકે અનુભવમેં જિસકા પ્રવેશ નહીં, ઉપદ્રવ નહીં. આહાહા! અરે! ઐસા ભગવાન આત્મા અનાદિ બિરાજમાન હૈ, સમજમેં આયા? ઉસ તરફકા આશ્રય, ઝુકાવ કિયા નહીં તો ધર્મ નહીં હુઆ. બહિર્બુદ્ધિસે લાખ દેરાસર બનાવે, ભક્તિ કરે, પૂજા કરે, દાન કરે, વ્રત પાલે, અપવાસ કરે, તપસ્યા કરે છ મહિના—સબ બહિર્બુદ્ધિસે મિથ્યાત્વ સહિત પુણ્યબંધ હોતા હૈ. સમજમેં આયા? યહાં સમ્યગ્દર્શન સહિત આનંદ હોતા હૈ એમ કહતે હૈં. આહાહા!

મેરા સુખ કૈસા હૈ? ઉત્પન્ન હોનેવાલા **દ્વંદ્વ રહિત...** આહાહા! આઠ વર્ષકી બાલિકા ભી જબ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતી હૈ, ધૂન ચડ જાતી હૈ અંદરમેં. પીછે લગન કરે, પણ લગનમેં, રાગમેં કહીં રસ નહીં. અપના નિજરસકા જહાં સ્વાદ આયા, ઉસ સ્વાદકે આગે સારા દુનિયાકા સ્વાદ લૂખા હો જાતા હૈ. સમજમેં આયા? આ ધર્મ. ચાર ગતિમેં પડતે.... ઐસા અપના આત્માકા આનંદ વહી ધર્મ હૈ. ચાર ગતિ.... નિરુપદ્રવ-ઉપદ્રવ રહિત. નિરુપદ્રવ હૈ ન પાઠમેં. નિરુપદ્રવ-ઉપદ્રવ નહીં. આત્માકે આનંદમેં અતીન્દ્રિય આનંદકા જહાં અંતરભાન હુઆ, અનુભવ હુઆ, સ્વાદ આયા ધર્મીકો, ઉસમેં કોઈ ઉપદ્રવ નહીં. આહાહા!

**ઉપમા રહિત...** નિરુપમ. ઉસકો ઉપમા ક્યા? સિદ્ધ જૈસા સુખ ઉસકો ઉપમા ક્યા? સમજમેં આયા? અપના શુદ્ધ આનંદ, પવિત્ર આનંદ જહાં પ્રગટ હુઆ, (વહ) ઉપમા રહિત હૈ. **નિત્ય** હૈ. આહાહા! ઐસા ત્રિકાલ ભગવાન નિત્ય હૈ, ઉસમેં પ્રગટ હુઆ આનંદ ભી નિત્ય હો ગયા. યે આનંદ રહેગા અંદર. આહા! નિજ આત્મા.. ઐસે **નિજ આત્માસે ઉત્પન્ન હોનેવાલે...** લ્યો. સમજમેં આયા? આત્મા ઐસા હૈ, પર્યાય પ્રગટી વહ ભી ઐસી હૈ. ભારે આકરી વાત ભાઈ! વ્યાખ્યાન આવું! ભારે ધર્મકથા. ધર્મકથા તો યે હૈ.

શાસ્ત્રમાં આવે છે સમ્યક્-કથા ને એક મિથ્યાકથા. એવી બેની વાત ધવલમાં આવે છે. ઓલામાં તો આવે જ છે. દીપચંદજી... શું કહેવાય? ...તરંગિણી. આમાં આવે છે ધવલમાં. દસ પ્રકારની ભાષા, એમાં સમકિતની ભાષા ને મિથ્યાત્વની ભાષા. જે વાણીમાં રાગ ને પુણ્ય ને પરથી લાભ મનાવે એ મિથ્યાભાષા છે. વહ સમ્યક્ ભાષા નહીં. આહાહા! સમજમેં આયા? સમ્યક્ ભાષા.. સમકિત ભાષા એમ કહેવાય. જૈસા ભગવાન આત્માકા અતીન્દ્રિય આનંદસ્વરૂપ હૈ ઉસકો બતાનેકી ભાષા વહ સમ્યક્ ભાષા હૈ. ઉસસે વિરુદ્ધ હૈ વહ સમ્યગ્દર્શનકી ભેદણી કથા હૈ. સમજમેં આયા?

ઐસે બતાવે દુનિયાકા રંજન કરનેકો, તુમ્હેં સાધન હોગા, જાઓ ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, ઐસા કરો. દુનિયાકા રંજન કરનેકા ભાવ સમકિતભેદણી કથા હૈ. નવનીતભાઈ! એને લોકો ધર્મકથા પછી માને. સમકિતને તોડનારી. પમાડનારી નહીં, પણ તોડનારી કથા છે. વ્યવહારસે તુજે ધર્મ હોગા, પરસે હોગા, રાગકી મંદતાસે તુજે કલ્યાણ હોગા, યે સબ સમકિતકો તોડનેવાલી કથા હૈ, ભેદનેવાલી કથા હૈ. અહીં તો પાવૈયાના કામ નહીં-હીજડાના કામ નહીં. અહીં તો શૂરવીરના કામ છે. સમજાણું કાંઈ? આહાહા! નિજ આત્માસે ઉત્પન્ન હોનેવાલા... આહાહા! કૈસા સુખ?

**અન્ય દ્રવ્યકી વિભાવનાસે ઉત્પન્ન ન હોનેવાલે...** ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ ઉસસે ઉત્પન્ન હુઆ આનંદ. અન્ય દ્રવ્યસે ઉત્પન્ન હોનેવાલા નહીં હૈ. **(અન્ય દ્રવ્યોં સંબંધી વિકલ્પ કરનેસે) ઉત્પન્ન ન હોનેવાલે-ઐસે ઇસ નિર્મલ સુખામૃતકોં પીકર...** આહાહા! જિસને નિર્મલ

આનંદકા પીણા પિયા, નિર્વિકલ્પ પીણા. આહાહા! આત્મ-અનુભવ... અનુભવ હૈ રસ કૂપ, અનુભવ માર્ગ મોક્ષનો... 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.' આત્માની અનુભૂતિ એ ધર્મ. આહાહા! ભગવાને એ (ઉપદેશ) દીધો, સિદ્ધાંતમેં–આગમમેં વહ કહા હૈ. સમયસારમેં આતા હૈ કલશમેં.

કહતે હૈં, ઓહો! **નિર્મલ સુખામૃતકો પીકર (ઉસ સુખામૃતકે સ્વાદકે પાસ સુકૃત ભી દુઃખરૂપ લગનેસે)...** શુભભાવ—ભગવાનકી ભક્તિ પૂજા, દાન, દયા, વ્રત ને તપ યે ભાવ સુખામૃતકે આગે દુઃખ લગતા હૈ. ભારે કામ ભાઈ! શેઠ! કિતના વર્ષ નિકાલા? કરે કોણ કે બંધ કરે? ઉસ વક્ત હોનેવાલી જડકી ક્રિયા વહ તો હોગી, શુભભાવ આનેવાલા આયેગા, પણ ધર્મીકો તો શુભભાવ દુઃખરૂપ લગતા હૈ. આહાહા! ભારે આકરું કામ. તદ્દન નવા માણસ હોય એને તો એવું લાગે કે આ તો ધર્મનો ભૂંસાડીયો વાળે છે. અધર્મનો ભૂંસાડીયો છે. આહાહા!

અરે ભાઈ! ધર્મ એટલે અપૂર્વ ચીજ છે. અનંત કાલમેં એક સેકંડ ભી નહીં કિયા ઐસી ચીજ હૈ. વહ તો અપના આનંદસ્વરૂપ ભગવાન ઉસકે આશ્રયસે ઉત્પન્ન હુઆ. અન્ય દ્રવ્યકે આશ્રયસે, વિકલ્પસે.. બીચમેં વિકલ્પ હોતા હૈ ન, ઉસસે ઉત્પન્ન નહીં હુઆ. શુભરાગ આતા હૈ બીચમેં, પણ ઉસસે ઉત્પન્ન નહીં હોતા. આહાહા! આ વાત સાંભળનારા થોડા હોય. લાખો માણસો રાજી થઈ જાય એવી આ વાત છે નહીં. એ શું પકડે... આવો ધર્મ કેવો? જૈનધર્મ હશે આવો? બાપુ! જૈનધર્મ યહી હૈ. જૈનકા અર્થ, જિસને અજ્ઞાન ને રાગ-દ્વેષ જીતકર જ્ઞાન ને આનંદ પ્રગટ કિયા, આહાહા! ઉસકા નામ જૈનધર્મ હૈ. જૈનધર્મ કોઈ સંપ્રદાય નહીં, વાડા નહીં હૈ, વસ્તુકા સ્વરૂપ હૈ. ઓહો! જિન એટલે જીતનેવાલા. કિસકો? અજ્ઞાનકો. અજ્ઞાનકો જીતકર સમ્યગ્જ્ઞાન પ્રગટ હુઆ, રાગ-દ્વેષ જીતકર શાંતિ ને આનંદ પ્રગટ હુઆ. સમજમેં આયા? આમાં તો વ્યવહારથી થાય એ વાત જ આવતી નથી. નહીં થાય... નહીં થાય એમ આવ્યું નહીં? વ્યવહારસે ઉત્પન્ન નહીં હોતા વહ તો આયા હૈ.

ઓહો! ઐસે ઇસ નિર્મલ સુખામૃતકો પીકર... આનંદઘનજીમાં આવે છે, 'લાગી લગન હમારી, જિનરાજ સુજશ સુણ્યો મૈં, કાહૂકે કહે કબહૂ ન છૂટે, લોકલાજ સબ ડારી.' દુનિયા ક્યા કહેગી વહ બાત સબ છોડ દી. સમજમેં આયા? 'જૈસૈ અમલી અમલ કરત સમય..' અફીણ પીતે હૈ ઔર અમલ ચડતા હૈ, ખુમારી આતી હૈ. 'જૈસે અમલી અમલ કરત સમય, લાગ રહી ખુમારી..' ઐસે અપના અમલ–નિર્મલ ભગવાન આત્મા ઉસકી દ્રષ્ટિ, જ્ઞાન, ભાન જહાં હુઆ, અમલ ચડ ગયા, ખુમારી ચડ ગઈ. આહાહા! સમજમેં આયા?

કહતે હૈં, **જો જીવ સુકૃતાત્મક હૈ...** છેને નીચે. **સુકૃતવાલા, શુભકૃતવાલા, પુણ્યકર્મવાલા, શુભભાવવાલા**. આહાહા! જિસકે આગે, તીર્થંકરગોત્ર બંધા વહ ભાવ ભી દુઃખ લગે. આહાહા! સાંભળ્યું કેમ જાય? તીર્થંકરકા ભાવ? અરે! સુન તો સહી! તીર્થંકરપ્રકૃતિ જડ હૈ. વહ જિસ

ભાવસે બંધતી હૈ વહ આસ્રવ હૈ, વિકાર હૈ, શુભભાવ હૈ, દુઃખ હૈ. સમજમેં આયા? તીર્થંકરપ્રકૃતિ બંધે તો કેવલજ્ઞાન પાવેગા હી. કિસકે કારણસે? ઉસકે કારણસે પાયેગા? વહ તો રાગકા અભાવ કરકે વીતરાગસ્વરૂપમેં લીન હોકર કેવલજ્ઞાન પાયેગા. અમૃતકા સ્વાદ લેતે લેતે, અમૃતકા ઘૂંટ પીતે-પીતે કેવલજ્ઞાન લેગા. દુઃખ હોતે-હોતે કેવલજ્ઞાન લેગા ઐસા નહીં. બહુત કષ્ટ સહન કરના પડેગા, ચારિત્રમેં કષ્ટ હૈ. કષ્ટ હૈ વહ ચારિત્ર નહીં. સમજમેં આયા? યે તો અમૃતકા આનંદ સ્વાદ લેતે-લેતે કેવલજ્ઞાન લેગા.

આ કહે, કરી તો જુઓ! અપવાસ ને તપાદિ આદિ બાહ્ય ત્યાગ, નગ્ન(પણું). અરે! વહ તો ઢોર ભી કરતા હૈ. (ઉસમેં) ક્યા હૈ? પશુ ભી નગ્ન રહતે હૈં. વે ખુલ્લે પૈર ચલતે હૈં. હૈ જૂતા? પશુકો જોડા હૈ? જોડાકો ક્યા કહતે હૈં? જૂતા. પશુકો હૈ નહીં. આહાહા! આત્માકા અંદર અનુભવ ને આનંદકા સ્વાદ લિયે બિના યે સબ ક્રિયાકાંડ ચાર ગતિમેં રુલાનેવાલી હૈ. આ ગયા હૈ અપને 'ઘોર સંસારકા મૂલ.' સમજમેં આયા? ઐસી બાત હૈ. વીતરાગકે ઘરકી ઐસી હૈ. જુગરાજજી! સેવા-બેવા કરનેસે ક્યા હોગા? કૌન સેવા કરે, કિસકી કરે? મૂઢ માનતા હૈ કિ મૈં પરકી સેવા કરતા હૂં. પરદ્રવ્ય સ્વતંત્ર નહીં કિ ઉસકી પર્યાય તુમ કરો? સમજમેં આયા? મૈં પરકી સેવા કરતા હૂં તો મુજે લાભ હોગા. મિથ્યાત્વકા લાભ હોગા. સમજમેં આયા? આવી વાત આકરી ભારે હોં. એના ઘરમાં જવાની વાત છેને. દર્દ મટાડવાની રીત આ છે. આહાહા!

**સુકૃતાત્મક હૈ વહ અબ ઇસ સુકૃતકો ભી છોડકર...** દેખો! યે પચ્ચખાણ. શુભભાવકો ભી છોડકર આનંદમેં લીન હોના ઉસકા નામ પચ્ચખાણ હૈ. સમજમેં આયા? ભારે વાત ભાઈ! એક જણો ઓલો લલિતપુરનો કહેતો હતો છેલ્લું વ્યાખ્યાન સાંભળીને. આ તમે કહો છો એ એકાદ માણસને સમજાય. લ્યો ઠીક! પણ સાચું છે કે ખોટું એ તો કહે? એ કહેતો હતો, નહીં? એ તો ગુજરી ગયો. લલિતપુરનો હરિપ્રસાદ. હરિપ્રસાદ ને? એ વખતે તો... બિચારો ગુજરી ગયો. ગુજરી ગયો. સાંભળેલું નહીંને આ. ... વાત હતી. આ તમારી વાત એકાદ કોઈ સમજે, બીજા કોઈ ન સમજી શકે. અરે! સાચી છે કે ખોટી એ તો કહે? સમજે, ન સમજે.... ન પણ સમજે કોઈ, એમાં શું? ઉસસે સત્ અસત્ હો જાતા હૈ? સમજમેં આયા?

જો જીવ સુકૃતસ્વરૂપ **વહ અબ ઇસ સુકૃતકો ભી છોડકર...** આહાહા! દ્રષ્ટિમેંસે ઉસકા આશ્રય છોડકર... આહાહા! **અદ્વિતીય અતુલ ચૈતન્યમાત્ર ચિન્તામણિકો સ્ફુટરૂપસે (પ્રગટરૂપસે) પ્રાપ્ત કરતા હૈ.** ભગવાન આત્માકા અતીન્દ્રિય સ્વાદ લેતે-લેતે જબ બીચમેં શુભરાગ આયા, તો કહતે હૈં, ઉસકો છોડકર આત્મામેં ચોંટ. વહાં તેરી શાંતિ ને ચારિત્ર પ્રાપ્ત હોગા. બાકી ચારિત્ર કોઈ બહારસે હોતા નહીં. બે વાર નામ છે હોં સુકૃતનું. છેને? **सुकृतात्मकः सुकृत-मप्येतद्विहायाधुना...** સુકૃતવાલા એમ. **સુકૃતાત્મક** છેને પહેલું? શુભવાલા ઐસે સુકૃતકો છોડકર એમ. સુકૃત છોડના. આહાહા! દુષ્કૃત તો છોડના, સુકૃત (ભી છોડના). **સુકૃતાત્મક વહ**

**અબ સુકૃતકો છોડકર અદ્વિતીય અતુલ ચૈતન્યમાત્ર...** અદ્વિતીય-દૂસરા જોડ નહીં, અતુલ-જિસકી તુલના નહીં **ઐસે ચૈતન્યમાત્ર ચિંતામણિકો પ્રગટરૂપસે પ્રાપ્ત કરતા હૈ**. અંદર ભગવાનકો પ્રાપ્ત કરતા હૈ. શુભકો છોડે તો શુદ્ધકો પ્રાપ્ત હોતા હૈ. આહાહા! સમજમેં આયા? (કળશ) ૧૩૨.

**को नाम वक्ति विद्वान् मम च परद्रव्यमेतदेव स्यात्।**
**निजमहिमानं जानन् गुरुचरणसमर्च्चनासमुद्भूतम् ॥१३२॥**

**શ્લોકાર્થ : ગુરુચરણોંકે સમર્ચનસે ઉત્પન્ન હુઈ...** આહાહા! ગુરુને ઐસા કહા થા કિ તું તેરે આત્મામેં લીન હો. આહાહા! મેરે સામને દેખના છોડ દે, ઐસે કહતે થે ગુરુ તો. આહાહા! **ગુરુચરણોંકે સમર્ચનસે ઉત્પન્ન હુઈ નિજ મહિમાકો જાનનેવાલા...** ગુરુને ઐસા કહા થા કિ તેરી મહિમા કર. મેરી મહિમા કરનેકે (બજાય) તેરી મહિમા કર. જેસા કહા ઐસા કિયા ઉસને. સમજમેં આયા? ઐસા કહા થા. એમ કહે છે. ગુરુને ઐસા કહા થા કિ તુમ્હારા ભગવાન તેરે પાસ હૈ, ઉસકી મહિમા કર. ઉસકા માહાત્મ્ય કર, દૂસરાકા માહાત્મ્ય ન કર. રાગ આયેગા. તીર્થંકરકે માહાત્મ્યમેં વિકલ્પ આયેગા. આહાહા! આ તે વીતરાગમાર્ગ! કાયરના તો કાળજા તૂટી જાય, કંપી ઉઠે. અરર!

કહ્યું હતુંને એકવાર. ૮૫કી સાલમેં ઇતના કહા, ૮૫મેં સભામેં હોં. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહીં અને પંચમહાવ્રતના પરિણામ એ આસ્રવ. ૮૫કી બાત હૈ. ૧૫ ને ૨૮ = ૪૩ વર્ષ થયા. સંપ્રદાયમેં થે ન. સભા મોટી બોટાદ. એ શિવલાલભાઈ! તમારા..... વીરચંદભાઈ ને બધા બેઠા હતા, રાયચંદભાઈ ને બધા. મોટી સભા હજાર-પંદરસો માણસો. એક સાધુ વોસરે.. વોસરે (બોલ્યો એટલે) આ તમારી શ્રદ્ધા ને માન્યતા અમારે જોઈતી નથી. કોણ કહે છે કે તું લે? વોસરે વોસરે એટલે છોડી દઈએ છીએ. શ્રદ્ધા છોડીએ છીએ. ભગવાન! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહીં? વોસરે.. વોસરે..

યહાં કહતે હૈં, વહ ભાવ દુઃખ હૈ. છોડ દે. આહાહા! તેરે ભગવાનકે પાસ જાના હૈ કિ રાગકે પાસ જાના હૈ તુજે? આહાહા! **નિજ મહિમાકો જાનનેવાલા કૌન વિદ્વાન...** જાનનેવાલા કૌન વિદ્વાન એમ. નથી જાણતો એ વિદ્વાન નહીં. **'યહ પરદ્રવ્ય મેરા હૈ' ઐસા કહેગા?** પુણ્ય મેરા હૈ, રાગ મેરા હૈ, મુજે લાભ હુઆ ઐસા કૌન કહેગા? કૌન હૈ વિદ્વાન ઐસા? અપનેકો જાના હૈ ઐસા વિદ્વાન કહે કિ રાગ મેરા હૈ? ઐસા કભી હોતા નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## ભાદરવા સુદ ૯, રવિવાર, તા. ૧૭-૯-૧૯૭૨
## ગાથા-૯૮, પ્રવચન નં. ૯૯

આજ દસલક્ષણીપર્વકા પાંચવાં દિન હૈ. આઠમ તો ચલી ગઈ ન. શૌચધર્મ. પહલે આયા થા ઉત્તમ ક્ષમા, દૂસરા આયા થા માર્દવ–નિર્માનતા, તીસરા આયા થા સરલતા, ચૌથા આયા થા સત્ય. ઉસમેં શૌચકી જગહ સત્ય લિયા હૈ. પાંચવાં યહાં શૌચધર્મ હૈ. શૌચધર્મકા અર્થ હૈ નિર્લોભતા. દેખો! (પંદ્મનંદિ પંચવિંશતિ, પાનું-૪૮)

**यत्परदारार्थादिषु जन्तुषु निःस्पृहमहिंसकं चेतः ।**
**दुश्छेद्यान्तर्मलहृत्तदेव शौचं परं नान्यत् ॥९४॥**

**જો** કોઈ પ્રાણી... ઉસમેં નહીં હૈ, યે ઉપરસે હૈ. **પરસ્ત્રી તથા પરાયે ધનમેં ઇચ્છારહિત હૈ, કિસી ભી જીવકો મારનેકી જિનકી ભાવના નહીં હૈ ઔર જો અત્યંત દુર્ભેદ લોભ...** જીવનકા લોભ, આરોગ્ય રખનેકા લોભ, ઇન્દ્રિયોં અચ્છી રખનેકા લોભ ઔર ઉપભોગકા લોભ ઐસા લોભ, **ક્રોધાદિ મલોંકા હરણ કરનેવાલા હૈ**... યે તો લોભ ને ક્રોધાદિકા નાશ કરનેવાલા હૈ ઐસા ચિત્ત વહ શૌચધર્મ હૈ. **કિન્તુ ઉસસે ભિન્ન કોઈ શૌચધર્મ નહીં હૈ.** કહે છે, પવિત્રતા અંદરની એ શૌચધર્મ છે. મિથ્યાત્વમલસે રહિત, કષાયમલસે રહિત અપના ચિત્ત પવિત્ર હોના ઉસકા નામ શૌચધર્મ કહનેમેં આતા હૈ. બાહરસે સ્નાન આદિ કરે, તો મચ્છી ભી પાનીમેં બહોત રહતી હૈ ઉસસે કોઈ શૌચ રહતા નહીં.

**गङ्गासागरपुष्करादिषु सदा तीर्थेषु सर्वेष्वपि**
**स्नातस्यापि न जायते तनुभृतः प्रायो विशुद्धिः परा ।**
**मिथ्यात्वादिमलीमसं यदि मनो बाह्येऽतिशुद्धोदकै-**
**र्धौतः किं बहुशोऽपि शुद्ध्यति सुरापूरप्रपूर्णो घटः ॥९५॥**

**આચાર્ય કહતે હૈં કિ જિસ પ્રકાર અત્યંત ઘૃણિત મદ્યસે ભરા હુઆ ઘડા**–દારૂસે ભરા હુઆ ઘડા **યદિ બહુતબાર શુદ્ધ જલસે ધોયા ભી જાયે તો ભી વહ શુદ્ધ નહીં હો સકતા, ઉસી પ્રકાર જો મનુષ્ય બાહ્યમેં ગંગા-પુષ્કર આદિ તીર્થોંમેં સ્નાન કરનેવાલા હૈ**... શેત્રુંજી (નદી) યહાં હૈ ન, શેત્રુંજી. એમ કહેવાય કે શેત્રુંજીમાં ન નહાયા એનો ભવનો અંત..... આવા ને આવા બધા. નદીમાં નહાવાથી.... મછલી બહોત હોતી હૈ નદીમેં. ઉસસે પવિત્ર હોતા હો તો વહ ભી પવિત્ર હો જાય. મચ્છી તો ઉસમેં રહતે (હુએ) નરકમેં ભી જાતી હૈ. ...... હા, બસ એ કહેવાય છે. ...... ધૂળમાંય નથી. સુન ન! શેત્રુંજીકા ક્યા, સાક્ષાત્ ભગવાનકા દર્શન કિયા વહ ભી શુભરાગ હૈ, ઉસસે ભી આત્માકી શુદ્ધિ હોતી નહીં. સમજમેં આયા?

તો કહતે હૈં, **જો મનુષ્ય બાહ્યમેં ગંગા-પુષ્કર આદિ તીર્થોમેં સ્નાન કરનેવાલા હૈ, કિન્તુ ઉસકા અંતઃકરણ નાના પ્રકાર**–અનેક પ્રકારકે મિથ્યાત્વાદિ **કષાયોંસે મલીમસ હૈ**... એમાં 'મિથ્યાત્વ' છે ભાઈ? ક્રોધાદિ છે, આમાંય 'ક્રોધાદિ' છે. ખોટી વાત છે. પાઠમાં છેને. **मिथ्यात्वादिमलीमसं** છેને. વિપરીત માન્યતા... ભગવાન આત્માકે સ્વભાવસે ઉલટી માન્યતા વહ મહા મૈલ ને મલિનતા હૈ. ઉસસે **મલીમસ હૈ તો વહ કદાપિ ઉત્કૃષ્ટ શુદ્ધિકો પ્રાપ્ત નહીં કર સકતા**... અપેક્ષાસે લિયા. કોઈ કહતા હૈ કિ થોડી તો શુદ્ધિ પ્રાપ્ત કર સકતા હૈ કિ નહીં? **કદાપિ ઉત્કૃષ્ટ શુદ્ધિકો**... ઉત્કૃષ્ટ નામ નિર્મલ–પવિત્ર અપના હૃદય જો મિથ્યાત્વ રાગરહિત હૈ, વહ બાહરકે સ્નાનસે (નિર્મલ) હો સકતા નહીં.

**ઇસલિયે મનુષ્યકો સબસે પહલે અપને અંતઃકરણકો શુદ્ધ કરના ચાહિયે**. જ્ઞાનાનંદ-સ્વભાવમેં સ્નાન કરના ચાહિયે. ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ નિર્મલ ચૈતન્યજલસે ભરા હુઆ કુંભ અપના આત્મા, ઉસમેં પ્રવેશ કરકે સ્થિર હોના વહી યથાર્થ પવિત્ર હોનેકા ઉપાય હૈ. સમજમેં આયા? બહારમેં ઐસા શેત્રુંજય જાય ને સમ્મેદશિખર જાય. સમ્મેદશિખરકી બહોત મહિમા હૈ. ત્યાં તો જે જાય.... અભવિ ન જાય, એમ કહે. જે જાય એ ભવિ થઈ ગયો. આવા ને આવા ગપ છે. સમજમેં આયા? વિપરીત માન્યતા રહિત અપના ચૈતન્યસ્વરૂપ ભગવાન, પવિત્ર આનંદ ને જ્ઞાનસે ભરા હુઆ સમુદ્ર પ્રભુ આત્મા હૈ. ઉસમેં સ્નાન કરના, પ્રવેશ કરના વહી સ્નાન ને શુદ્ધિકા કારણ હૈ. સમજમેં આયા? વહ શુદ્ધ ન હો **તબ તક સર્વ બાહ્ય ક્રિયાયેં વ્યર્થ હૈં**. શૌચધર્મકી વ્યાખ્યા હુઈ. પાંચવાં (દિન) હૈ ન. પાંચ દિવસ બાકી રહ્યા. કલ તો સુગંધદશમી હૈ ન, સુગંધદશમી. અપને યહાં આયા હૈ. ૯૮.. ૯૮ ગાથા.

**पयडिट्ठिदिअणुभागप्पदेसबंधेहिं वज्जिदो अप्पा।**
**सो हं इदि चिंतिज्जो तत्थेव य कुणदि थिरभावं॥९८॥**
**જો પ્રકૃતિ સ્થિતિ અનુભાગ ઔર પ્રદેશ બંધવિન આત્મા;**
**મૈં હૂં વહી, યોં ભાવતા જ્ઞાની કરે સ્થિરતા વહાં. ૯૮.**

બંધવિન એટલે બંધરહિત હોં. પ્રત્યાખ્યાન કિસકો કહતે હૈં, ત્યાગ કિસકો કહતે હૈં વહ બાત ચલતી હૈ.

**ટીકા : યહાં (ઇસ ગાથામેં), બન્ધરહિત આત્મા**... સમયસારમેં ૧૪-૧૫ દો ગાથામેં આયા હૈ ન. **जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं**.. અપના આત્મા બંધરહિત હૈ. બંધસહિત હૈ વહ તો વ્યવહાર હૈ. વસ્તુકી દ્રષ્ટિ કરનેસે આત્મા બંધરહિત હૈ. કર્મસે ને રાગસે ભી બંધા નહીં. આહાહા! ઐસા જ્ઞાનાનંદ ભગવાન આત્મા **બંધરહિત આત્મા ભાના ચાહિયે.** ઉસકી અંતરમેં ભાવના–એકાગ્રતા કરની ચાહિયે. **ઇસ પ્રકાર ભવ્યકો શિક્ષા દી હૈ.** ભવ્ય પ્રાણી નામ મોક્ષકે પાત્ર–લાયક હૈ ઉસકો શિક્ષા દેનેમેં આયી હૈ. **શુભાશુભ મનવચનકાયસમ્બન્ધી કર્મોંસે**

**પ્રકૃતિબન્ધ ઔર પ્રદેશબન્ધ હોતા હૈ...** ક્યા કહતે હૈં? શુભાશુભ મનવચનકાયા... જો કંપન–યોગ... પયડિ પદેશ આતા હૈ કિ નહીં? કહાં આતા હૈ? દ્રવ્યસંગ્રહ. વહ કહતે હૈં. મન, વચન ને કાયાકા યોગ ઉસસે પ્રકૃતિ નામ કર્મકા સ્વભાવ ઔર કર્મકે પરમાણુકે પ્રદેશકા બંધ હોતા હૈ.

ઔર **ચાર કષાયોંસે સ્થિતિબન્ધ ઔર અનુભાગબન્ધ હોતા હૈ...** કર્મમેં સ્થિતિ–મુદત ઔર અનુભાગ ચાર કષાયોંસે (હોતા હૈ). કષાયમેં મિથ્યાત્વ આ ગયા. **ઇન ચાર બંધો રહિત...** ભગવાન આત્મા વ્યવહારસે બંધસહિત હૈ ઔર નિશ્ચયસે બંધરહિત હૈ. આહાહા! સમજમેં આયા?

શ્રોતા : .......

પૂજ્ય ગુરૂદેવશ્રી : અનુભાગ એ નહીં, એ જુદો. એ તો એક સમયનો રસ હોય છે, કર્મ પડ્યું હોય એ અપેક્ષાએ. એ આ નહીં. યહાં તો અનુભાગ વિશેષ પડતા હૈ ઉસકા કારણ મિથ્યાત્વ અને કષાય હૈ. પર્યાયમેં એક કર્મરૂપ પરિણમન હુઆ ન ઉસ અપેક્ષાએ અનુભાગ (કહા). જો પરમાણુ કર્મરૂપ નહીં થા વહ કર્મરૂપ હુઆ ઇતના અનુભાગ અંશ હૈ ઇતના ગિના. વો ગણતરી નહીં, ઉસકી યહાં ગિનતી નહીં.

યહાં **ઇન ચાર બન્ધોં રહિત...** અપના સ્વભાવ ભગવાન આત્મા જ્ઞાન-આનંદ સ્વરૂપ હૈ ઐસી ચીજ રાગ ને પ્રકૃતિ... કષાયસે રહિત ઐસા અપના આત્મા હૈ. આહાહા! જ્ઞાનસ્વરૂપ આત્મા ત્રિકાલી વસ્તુ જોગ અને કષાયસે રહિત ચીજ હૈ. સો ઉસકો બંધ હૈ નહીં. આહાહા! કભી? અભી. બંધ હોને પર ભી બંધ નહીં અને અબંધ હૈ ઐસી દ્રષ્ટિ કરના ઉસકા નામ આત્માકી એકાગ્રતાકી ભાવના હૈ. આહાહા! સમજમેં આયા? **ઇન ચાર બંધો રહિત** ઔર **સદા નિરુપાધિસ્વરૂપ...** મૈં તો ત્રિકાલી–સદા ઉપાધિ (અર્થાત્) રાગ અને કર્મકી ઉપાધિસે રહિત ઐસા આત્મા સો મૈં હૂં. સમજમેં આયા? ઐસા આત્મા તો કેવલીકા હોતા હૈ? અભી ઐસા હૈ, સુન તો સહી! દ્રષ્ટિ કરનેસે, અપની ચીજ ઉપર દ્રષ્ટિ કરનેસે વહ ચીજ ચાર બંધસે રહિત હી હૈ. આહાહા! (શ્રોતા: દ્રષ્ટિ મુક્ત). દ્રષ્ટિ.. સમજમેં આયા?

**નિરુપાધિસ્વરૂપ જો આત્મા...** વિકલ્પ નામ રાગ અને યોગ નામ મન-વચનકા કંપન વહ બંધકા કારણ હૈ. (આત્મા) બંધકે કારણ રહિત હૈ તો બંધ ઉસમેં હૈ નહીં. આહાહા! ઐસા દ્રષ્ટિમેં કબૂલાત આના (વહ) અનંત પુરુષાર્થ હૈ. સમજમેં આયા? મૈં રાગ ને કષાય ઔર કંપન રહિત સદા નિરુપાધિ ભગવાન પરમાનંદસ્વરૂપ હૂં ઐસી દ્રષ્ટિ કરના, વહી 'મૈં આત્મા' ઐસે માને. વહ મૈં આત્મા, અબદ્ધસ્વરૂપ યે આત્મા. આહાહા! સમજમેં આયા? **સો મૈં હૂં...** ત્રિકાલ નિરુપાધિ આનંદઘન પ્રભુ સચ્ચિદાનંદ આત્મા પૂર્ણ જ્ઞાનસ્વભાવી અબંધસ્વરૂપી વહ મૈં હૂં. **ઐસી ભાવના સમ્યગ્જ્ઞાનીયોંકો...** હૈ ન? **સમ્યગ્જ્ઞાનીયોંકો નિરન્તર ભાવના કરની ચાહિયે.** આહાહા! નિરંતર–સમયકા અંતર પડે બિના. મૈં તો અબદ્ધસ્વરૂપ હૂં. ઓહોહો! સ્વભાવ ઉપર

જહાં દ્રષ્ટિ પ્રસરી.. સમજમેં આયા? વહ આત્મા તો અબદ્ધસ્વરૂપ હૈ. 'મૈં હૂં' વહ તો પર્યાય જાનતી હૈ. ક્યા કહા?

**નિરુપાધિ(સ્વરૂપ) જો આત્મા હૈ સો મૈં હૂં...** યે દ્રવ્ય–ધ્રુવ નહીં જાનતા. સ્વસન્મુખ હુઈ પર્યાય... માર્ગ અલૌકિક હૈ ભાઈ! વીતરાગકા ધર્મ લોગોંને સાધારણ માન રખા હૈ, (પર) ઐસી ચીજ નહીં. યહાં તો પર્યાય કબૂલ કરતી હૈ. દ્રષ્ટિ જહાં... દ્રષ્ટિ પર્યાય હૈ ન. દ્રષ્ટિ એક સમયકી પર્યાય હૈ. વહ દ્રષ્ટિ ત્રિકાલ નિરુપાધિસ્વરૂપકો જહાં સ્વીકાર કરતી હૈ કિ મૈં તો યહ હૂં. 'મૈં હૂં' ઐસા નહીં, મૈં યહ હૂં. પોતે એનો નિર્ણય કરે છે. પર્યાય નિર્ણય કરે છે. નિર્ણય તો પર્યાયમેં હોતા હૈ ન. કિ ધ્રુવમેં હોતા હૈ? ભારે ઝીણું ભાઈ! પર્યાય, દ્રવ્ય ને ગુણ. ધ્રુવકા આશ્રય લેતી હૈ વહ પર્યાય. વહ પર્યાય ઐસે કહતી હૈ. યહાં તો દૂસરી બાત હૈ. **નિરુપાધિસ્વરૂપ જો આત્મા સો મૈં હૂં...** ત્રિકાલ અબદ્ધસ્વરૂપ નિરુપાધિ ભગવાન જિસમેં સંસાર–ઉદય(ભાવ)કી ગંધ નહીં... સમજમેં આયા? અરે! જિસમેં ઔપશમ, ક્ષાયોપશમ ને ક્ષાયિક ભી નહીં.

ઐસા ત્રિકાલી ભગવાન આત્મા અબદ્ધસ્વરૂપ અર્થાત્ મુક્તસ્વરૂપ જો હૈ વહ મૈં હૂં. ઐસી અપની પર્યાય–વર્તમાનદશા 'મૈં નિરુપાધિ ભગવાન આત્મા હૂં' ઐસા નિર્ણય કરતી હૈ, ઐસી કબૂલાત કી હૈ. આહાહા! સમજમેં આયા? ભારે આવો ધર્મ ભાઈ! વીતરાગકા ધર્મ વીતરાગભાવસે ઉત્પન્ન હોતા હૈ. વીતરાગી પર્યાય ઐસે કહતી, જાનતી હૈ... આહાહા! રાગસે હઠકર અપને અબદ્ધસ્વભાવ ઉપર દ્રષ્ટિ પડનેસે દ્રષ્ટિ ઔર વર્તમાન જ્ઞાનકી પર્યાય ઐસે જાનતી હૈ કિ મૈં તો નિરુપાધિ આત્મા વહ મૈં હૂં. આહાહા! યે હોતા હૈ પર્યાયમેં, પણ વહ પર્યાય નિરુપાધિ ત્રિકાલીકો નિર્ણય, લક્ષમેં લેતી હૈ. આહાહા! ભારે માર્ગ ભાઈ! (શ્રોતાઃ એવો માનતો નથી.) એ સ્વભાવાંતર આમ થયું ત્યારે એણે માન્યુંને. આમ જે હતું કે હું અલ્પજ્ઞ છું, રાગ છું ત્યાં સુધી પરમુખ હતી. એ પર્યાય નહીં પણ બીજી પર્યાય. એ તો ગઈ.

જો પર્યાય (માને કિ) વર્તમાન પર્યાયરૂપ હૂં, રાગરૂપ હૂં, વહ તો મિથ્યાત્વભાવકી પર્યાય થી. આહાહા! એક સમયકી પર્યાય ઐસે જાને કિ મૈં પર્યાયરૂપ હૂં, રાગરૂપ હૂં, વહ તો મિથ્યાત્વભાવ થા. આહાહા! વહ મિથ્યાદર્શન શલ્ય થા. સમજમેં આયા? વહ નહીં. મૈં પર્યાયરૂપ નહીં, આહાહા! મૈં રાગરૂપ નહીં. જો પર્યાય અંતર્મુખ હુઈ વહ પર્યાય કહતી હૈ કિ મૈં તો નિરુપાધિ આત્મા હૂં. આહાહા! આવો ધર્મ. એ મનુભાઈ! લોઢાના વેપારમાં હવે આ ભાવ.... આહાહા! ક્યાં વેપાર હતો લોઢાનો? એને ઘરે ક્યાં હતો? એને ઘરે તો હું પર્યાય છું, રાગ છું એ વેપાર હતો. ઉસકે ઘરમેં તો મૈં એક સમયકી પર્યાય ને રાગ વહ વ્યાપાર થા. વહ મિથ્યાવ્યાપાર, વહ મિથ્યાદ્રષ્ટિકા વ્યાપાર હૈ. આહાહા! સમજમેં આયા?

સમ્યગ્દૃષ્ટિકા વ્યાપાર, પર્યાય કહતી હૈ કિ મૈં તો નિરુપાધિસ્વરૂપ ભગવાન હૂં, મેરા દ્રષ્ટિકા વિષય ધ્રુવ નિરુપાધિસ્વરૂપ હૈ, મેરી દ્રષ્ટિકા વિષય નિરુપાધિ ભગવાન હૈ, વહ દ્રષ્ટિકા

વિષય વહી મૈં હૂં. ભગવાનજીભાઈ! આહાહા! ભારે ઝીણી ભાઈ! દ્રષ્ટિ જાનતી હૈ કિ મૈં દ્રષ્ટિરૂપ નહીં. દ્રષ્ટિ તો એક સમયકી પર્યાય હૈ. સમજમેં આયા? આહાહા! યે પર્યાય સ્વસન્મુખ હોતી હૈ, તો સ્વીકારમેં તો 'નિરુપાધિ આત્મા મૈં હૂં' ઐસા આયા. મૈં પર્યાય હૂં ઐસા ઉસમેં નહીં. આહાહા! સમજમેં આયા? આ સમ્યગ્દર્શન. લોગ બહારસે માને કિ દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા હૈ, નવ તત્ત્વકી હમ શ્રદ્ધા સચ્ચી રખતે હૈં યે સમ્યગ્દર્શન. દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ, ભગવાનનો કહેલો ધર્મ હમ માનતે હૈં (તો) સમકિત હૈ. ધૂળેય નથી, સુન તો સહી! ધૂલકા અર્થ? લોકોત્તર પુણ્ય ભી ઉસમેં નહીં. સમજમેં આયા? આહાહા!

ચાર બંધસે રહિત... જો દ્રષ્ટિ, જો જ્ઞાનકી વર્તમાન પર્યાય (જાનતી હૈ કિ) ચાર બંધસે રહિત ઐસા નિરુપાધિસ્વભાવ આત્મા સો મૈં હૂં, યે મૈં હૂં. મૈં (પર્યાય) હૂં વહ મૈં નહીં. આહાહા! દેખો! એક વીતરાગમાર્ગકી મોજ. આવી ચીજ સર્વજ્ઞ વીતરાગ, એના સંતો–દિગંબર મુનિઓ એ સિવાય ક્યાંય છે નહીં. પર્યાય ક્યા? પર્યાય યહાં સન્મુખ હોતી હૈ, પર્યાય સન્મુખ હોતી હૈ. તો પર્યાય કહતી હૈ કિ મૈં ઇતના નહીં, મૈં તો ત્રિકાલી નિરુપાધિસ્વરૂપ વહ મૈં હૂં. સમજમેં આયા? સમજમેં આયે ઐસી બાત હૈ. સમજમેં ન આયે ઐસી નહીં. વસ્તુ હૈ અનંત.. અનંત શાંતિ ને સ્વચ્છતાકા પિંડ પ્રભુ સદૃશ ધ્રુવસત્તા મહાપ્રભુ. ઉસ તરફ પર્યાયકે ઝુકના વહ સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન હૈ. વહ પર્યાયમેં–દ્રવ્યદ્રષ્ટિમેં આયા કિ અબદ્ધસ્વરૂપ મૈં હૂં ઐસે આયા. આહા! મૈં પૂર્ણ પર્યાયરૂપ હૂં ઐસા ભી ઉસમેં ન આયા. હીરાભાઈ! આહાહા!

એની મોજું, રાજા રમતે ચડ્યો આત્મામાં જતા. પોતાના ઘરમાં રમત માંડી, એ રમત કહે છે કે હું તો નિરુપાધિ આત્મા છું. મારી રમતની પર્યાય જેટલો પણ હું નહીં. આહાહા! નવનીતભાઈ! આહાહા! જેમાં હું (-પર્યાય) નથી તે હું (ધ્રુવ) છું. સમજમેં આયા? પર્યાય કૈસે જાનતી હૈ? સમ્યગ્દર્શનકી પર્યાય, સમ્યગ્જ્ઞાનકી પર્યાય ઐસે જાનતી હૈ. એ દુલેરાયજી! કોઈ દિ' કાનેય પડ્યું ન હોય આ. આ સેવા કરો ને આ કરો, મરી ગયો. ધૂળની સેવા કરતો નથી, રાગની સેવા કરે છે. સમજાણું કાંઈ?

**ચાર બંધોં રહિત સદા નિરુપાધિસ્વરૂપ** ત્રિકાલી ધ્રુવસ્વરૂપ આત્મા.. **જો આત્મા સો મૈં હૂં**. આહાહા ગજબ વાત છે! શેઠ! કોઈ દિ' સાંભળ્યુંય ન હોય. જિસમેં મૈં નહીં વહ મૈં હૂં. સમજમેં આયા? પર્યાય જો હૈ વહ ધ્રુવમેં નહીં. પર્યાય ઐસે જાનતી હૈ. સમજમેં આયા? ત્રિકાલી નિરુપાધિસ્વરૂપ ભગવાન જિસમેં મૈં (-પર્યાય) નહીં વહ મૈં હૂં. આહાહા! ગજબ વાત છે! હજુ તો પર્યાય, દ્રવ્ય, ગુણની જ્યાં ખબર નથી. કોને પર્યાય કહીએ, કોને ગુણ કહીએ, કોને દ્રવ્ય કહીએ. આહાહા!

એક બાર સાધુકો પૂછા. બહોત વર્ષ હુએ. ૮૨કી સાલ હૈ. કીધું, આ સામાયિક છે... સ્થાનકવાસી સાધુ હતો. આ સામાયિક છે એ ત્રસ છે કે સ્થાવર? એણે જવાબ એવો આપ્યો કે

મારા ગુરુએ શીખવ્યું નથી. અરર! આ સાધુ નામ ધરાવે. સામાયિક ત્રસ હશે કે સ્થાવર એની ખબર નથી. એ તો આખો દિ' સામાયિક કરે. સાધુ છેને. માનેલી હોં. આહાહા! સાધુને ચોવીસે કલાક સામાયિક હોય છે. અહીં 'સદા' કીધુંને. મૈં ઐસા સદા હૂં. પર્યાય સદા ઉસકો સ્વીકારતી હૈ. નિરંતર ધારાવાહી.. આહાહા! અરેરે! વીતરાગનો માર્ગ સાંભળવામાં આવે નહીં અને બહારના કડાકૂટામાં જિંદગી ચાલી જાય એ તો જેવા ઇયળુંના મરણ, એવા એના મરણ છે. સાધુ હો ભલે બાહરકા, પણ અંતરકી દ્રષ્ટિકે વિષયકી ખબર નહીં. મેરી દ્રષ્ટિ ક્યા હૈ, વહ દ્રષ્ટિ કિસકો સ્વીકાર કરતી હૈ? આહાહા! મૈં તો ત્રિકાલી નિરુપાધિસ્વરૂપ ધ્રુવસ્વરૂપ ભગવાન મૈં હૂં. સમ્યગ્જ્ઞાનકી પર્યાય ને સમ્યક્-દ્રષ્ટિકી પર્યાય ઐસા સ્વીકારતી હૈ. આહાહા! આ વાત છે ભાઈ! આહાહા!

**ઐસી સમ્યગ્જ્ઞાનીકો**... દેખો! ઓલો સદા નિરુપાધિ, અહીં નિરંતર ભાવના કરવી. ત્રિકાળ નિરુપાધિસ્વરૂપકી દ્રષ્ટિ હુઈ, વહ દ્રષ્ટિ નિરંતર કરની. આહાહા! ચાલુ. સમજમેં આયા? સંચા ચાલુ હો ગયા. નિરુપાધિ ભગવાન ત્રિકાલી ધ્રુવ વહ મૈં.. વહ મૈં ઐસી દ્રષ્ટિ નિરંતર શુરૂ હૈ. ઉસકા નામ આત્માકી ભાવના કી ઐસા કહનેમેં આતા હૈ. આરે, ભારે વાત ભાઈ! આવા પર્યુષણના દિનમાં આવું? આ બધા આફ્રિકાથી આવ્યા હોય એને સમજાવવું મુશ્કેલ. એય વીરચંદભાઈ! તમારા દિકરાએ આવું ન્યાં કાંઈ સાંભળ્યું ન હોય કોઈ દિ'. નહીં? પૈસા, પૈસા, ધૂળ.

શ્રોતા : અનંતા જન્મ-મરણ ટાળે એવી આ વાત છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : જન્મ-મરણ હૈ હી નહીં યહાં તો. આહાહા! ભગવાન આત્મા નિરુપાધિસ્વરૂપ જન્મ-મરણસે રહિત, બંધસે રહિત હૈ. ત્રિકાલ જન્મ-મરણસે રહિત મૈં હૂં ઉસમેં જન્મ-મરણ ટાલના વહ ભી રહતા નહીં. હૈ નહીં ને ટાલના ક્યા? આહાહા! મૈં ભગવાન પૂર્ણાનંદકા નાથ સચ્ચિદાનંદ પ્રભુ મૈં પૂર્ણ હૂં. પર્યાય કહતી હૈ કિ મૈં પૂર્ણ હૂં. આહાહા! મેરેમેં જન્મ-મરણ નહીં, મેરેમેં અલ્પજ્ઞ પર્યાય નહીં. આહાહા! સમજમેં આયા? જન્મ-મરણ તો કહાં રહે? જો પર્યાય હૈ ઇતના ભી મૈં નહીં. આહાહા!

જુઓ! આ વીતરાગમાર્ગની દ્રષ્ટિ અને વીતરાગમાર્ગની દ્રષ્ટિનો એ વિષય. કહો, સમજાય છે કાંઈ? આહાહા! આ ધંધા આખો દિ' રાગ ને દ્વેષના ધંધા. ચોરાશીના અવતારના ધંધા વસ્તુમાં તો છે નહીં. એ રાગનો વિકલ્પ ઊભો કરી એની ભાવના વારંવાર કર્યા કરે નિરંતર, એ સંસાર છે, સંસાર હૈ. ચોરાશીનો ભવોદધિ... ભવોદધિ—ભવનો ઉદધિ–દરિયો, આહાહા! ઉસમેં ડૂબકી મારતે હૈં. ભગવાન આત્મા અપની ચીજકા જહાં સ્વીકાર હુઆ, વહાં ભવ તો હૈ નહીં, ભવકા ભાવ તો હૈ નહીં, પણ જો અપની પર્યાય ઇસકો સ્વીકાર કરતી હૈ વહ પર્યાય ભી મૈં નહીં. આહાહા! અમરચંદભાઈ! આહાહા!

અરે! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ગણધરો ને ઇન્દ્રો વચ્ચે કથા કરતા હશે એ કેવી કથા હશે? જ્યાં અર્ધલોકના દક્ષિણનો સ્વામી સૌધર્મ, ઉત્તરનો સ્વામી ઇશાનેન્દ્ર. જેને (સૌધર્મ ઇન્દ્રને) ૩૨ લાખ વિમાન, કેટલાક વિમાનમાં એક (વિમાન દીઠ) અસંખ્ય દેવ, કોઈમાં સંખ્યાતા. આને (ઇશાનેન્દ્રને) ૨૮ લાખ વિમાન. અસંખ્ય-અસંખ્ય દેવ એના સ્વામી–લાડા ભગવાન પાસે આમ (ગલુડીયાની જેમ બેસે), આહાહા! એ કથા કેવી હોય ભાઈ! એ ઇન્દ્રો એકાવતારી છે. એક ભવ કરીને મુક્તિ જવાના છે, મનુષ્યનો દેહ ધારણ કરીને. સમજાણું કાંઈ? શક્રેન્દ્ર, ઇશાનેન્દ્રાદિ. અરે! શક્રેન્દ્રની રાણી એ બધા એકાવતારી–એક ભવે મોક્ષ જનારા. મનુષ્ય થઈને મોક્ષ જનારા. ત્રણ-ત્રણ જ્ઞાનના ધણી, શક્રેન્દ્ર ક્ષાયિક સમકિતી. સમજમેં આયા?

હૈ અવિરતી સમ્યગ્દૃષ્ટિ. તો કહતે હૈં, મૈં અવિરતી તો નહીં, ભાઈ! આહાહા! મૈં અવિરતી નહીં હોં. આહાહા! અવિરતીકો જાનનેવાલી પર્યાય જો ત્રિકાલીકો કબૂલ કરતી હૈ ઇતના ભી મૈં નહીં. સમજમેં આયા? ત્રણ લોકના નાથ કેવળીઓના કેવળણીનો અધિકાર આ છે. કેવળીની કેળવણી છે આ. આ શું તમારે કહે છેને? કેળવણી. તમારા ભણતરને કેળવણી નથી કહેતા? કેળવણી. ધૂળેય કેળવણી નથી. એય! આ તો કેવળજ્ઞાનની કેળવણી છે. આહાહા! રાત્રે પ્રશ્ન આવ્યો છેને મોટો. ... મુંઝાઈશ નહીં... કેવળજ્ઞાન હોય એ એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એમ થાય તો અમારે પુરુષાર્થ કરવો ક્યાં રહ્યો? એવો મોટો પ્રશ્ન આવ્યો છે. ...ભાઈ નથી અત્યારે? એમના ભાઈનો પ્રશ્ન છે. અહીં તો એણે નથી લખ્યો, એણે પ્રબુદ્ધ જૈનમાં આપ્યું હતું. બીજા માણસને શંકા પડી કે આનો ખુલાસો શું પણ?

એક સમયનું કેવળજ્ઞાન હોય એ ત્રણ કાળને જાણે (અને) એ જાણે એમ થાય, ત્યારે અમારે કરવું શું, કરવાનું ક્યાં રહ્યું? બડા પ્રશ્ન હૈ. પંડિતજીકો દિયા, અભી કાગજ દિયા ન. એ પ્રશ્ન તો અમારે ૫૬ વર્ષ પહેલા ચાલ્યો હતો. ૭૨કી સાલમેં. ૫૬ વર્ષ પહલે. સમજમેં આયા? બહોત લિખા આયા હૈ. જેણે પૂછ્યું છે એ તો બિચારો મુંઝાણો છે. એ મુમુક્ષુ જીવ લાગે છે. અનુપચંદ છે કોઈક. અનુપચંદ પોપટલાલ, રાજકોટ. ના, ના, એ નહીં. એ તો ભીખાઈ.. અનુપચંદ ભીખાભાઈ. આ તો અનુપચંદ પોપટલાલ કહ્યું. એમ? લ્યો, ભાઈએ કહ્યું હતું. ભીખાભાઈનું નામ પોપટલાલ છે? ઠીક! એક ભીખાભાઈ હતા. એ તો આપણા હરગોવિંદભાઈના જમાઈ બોટાદવાળા. એ તો અહીંયા આવે છે. અમે એના ઘરે ગયા છીએ.

લખાણ છે મૂળ પ્રબુદ્ધ જૈનમાં. આ પ્રાણભાઈનો નાનો ભાઈ છે. આપણે પ્રાણભાઈ, નહીં? એનો નાનો ભાઈ ગુલાબ. ચોપડીયું લખે છે મોટી ચોપડીયું..... મુંબઈમાં. અહીં આવે છે આપણે. (શ્રોતાઃ ગુલાબદાસ બ્રોકર લેખક). હા, એ. એમણે લેખ લખ્યો હશે, બીજાએ વાંચ્યું અનુપચંદે. એને બિચારાને મુંઝવણ થઈ. હવે એનું શું કરવું? ના પાડીએ કે કેવળજ્ઞાની બધું નથી જાણતા, તો એ વાત બેસતી નથી. કેવળજ્ઞાન બધું જાણે એ પ્રમાણે થાય, તો આપણે તો

યંત્ર જેવા રહ્યા. થવાનું હોય એ થાય, આપણે કાંઈ કરી શકીએ નહીં. હવે આમાં અમારે શું કરવું? એય! અનુપચંદ.. અનુપચંદ. ધાંગધ્રાવાળા ને? ના, એ વઢવાણનો-જોરાવરનો. આહાહા! ...... ભાઈ! તને ખબર નથી. ભાઈ! શું ચીજ છે? આહાહા!

કેવળજ્ઞાન–એક સમયનું જ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોકને જાણે. એ ત્રણ કાળ ને ત્રણ લોક છે માટે જાણે એમ નહીં. અને જેને વિકલ્પનો સહારો નથી એવી એક સમયની પર્યાય એ જાણે એમ થાય. ભગવાન! પણ એ પર્યાયની સત્તા આવડી એટલી છે એ કબૂલે કોણ? એ માને કોણ? સમજમેં આયા? જિસકી માન્યતામેં ઐસા આયા કિ એક સમયકી પર્યાય તીન કાલ, તીન લોકકો દેખે ઐસી તાકાત હૈ. ઐસી પર્યાય કબૂલ કરનેવાલા જિસમેંસે કેવલજ્ઞાન નિકલા હૈ ઐસા કેવલજ્ઞાનસ્વભાવી ભગવાન ઉસકા નિર્ણય કરે, તબ કેવલજ્ઞાનકી પર્યાયકા નિર્ણય હોતા હૈ. (ઉસમેં) પુરુષાર્થ આ ગયા. એ નવનીતભાઈ! સમજમેં આયા? બહુ ઝીણી વાત છે. અમારે ૭૨માં બહુ ચાલી હતી. હમારે ગુરુભાઈ રોજ–વારંવાર કહતે થે. (મૈંને કહા), ક્યા કહતે હો? યે શબ્દ ક્યા આગમકા હૈ? એ વખતે બે વર્ષની દીક્ષા હતી. આ તો ૫૭ વર્ષ પહેલાની વાત છે, ૫૭. આવી ભાષા ક્યાંથી (કાઢી)? આગમની ભાષા આવી (હોય)?

આગમ તો જુઓ! ગજસુકુમાર–શ્રીકૃષ્ણના ભાઈ હાથીને હોદ્દે ભગવાનના દર્શન કરવા જાય છે. શ્રીકૃષ્ણ દ્વારિકામાં નેમિનાથ ભગવાનના દર્શન કરવા જાય છે. ખોળામાં બેસાડ્યો છે રાજકુમાર ગજસુકુમાર. હાથીના તાળવા જેવું જેનું શરીર કોમળ. એમાં એક સોનીની દીકરી રમતી હતી દડે. બહુ સુંદર, રૂપાળી. કૃષ્ણે દેખી ઓહો.. આ કન્યા તો ગજસુકુમાર માટે રાખો. જાઓ, અંતેપુરમાં લઈ જાઓ ત્યાં રાણીઓ પાસે. હજી આ વચમાં હતા, ભગવાન પાસે દર્શન કરે છે. ગજસુકુમાર દર્શન કરે ને જ્યાં સાંભળ્યું. કપાટ ફાટી ગયા અંદરથી. પ્રભુ! આપ આજ્ઞા દો, મૈં દીક્ષિત હોનેવાલા હૂં. હજી કૃષ્ણ ખોળામાં બેસાડે છે અને હાથીના હોદ્દે લાવે છે. પ્રભુ! ....... ભાઈ! એવો શબ્દ છે. તે દિ' બધું કહ્યું હતું, મોઢે હતું. આવું બોલે, કીધું, ....

પ્રભુ! આપની આજ્ઞા હોય તો હું દીક્ષિત થવા માગું છું. ભગવાનના મુખમાંથી... એની ભાષા શ્વેતામ્બરની છે. ........ યથા સુખ હોય એમ કરો, પ્રતિબંધ ન કરો. એવી ભાષા છે ...ની. માતા દેવકી પાસે જાય છે. એનો લાડકવાયો આ દીકરો. કૃષ્ણ તો ગોકુળમાં ઉછર્યા હતાને કૃષ્ણ. અહીં દેવકીએ આને રમાડ્યો હતો. માતા! હું ભગવાન પાસે ગયો આજ સાંભળવા. મુજે દીક્ષિત હોનેકા ભાવ હો ગયા હૈ. મૈં નગ્ન દિગંબર મુનિ હોઉં. માતાએ બહુ કહ્યું, એકનો બે ન થયો. ગયા ભગવાન પાસે.

પ્રભુ! મારી રુચિ આત્મા સિવાય ક્યાંય જામતી નથી. ક્યાંય રાગમાં મન ઠરતું નથી. પ્રભુ! મને દીક્ષિત કરો. દીક્ષા જ્યાં આપી અને જ્યાં ચારિત્ર થયું, ત્યાં કહે છે, પ્રભુ! મને આજ્ઞા આપો, દુનિયા સ્મશાનમાં ઠાઠડી ઉપર જાય છે, પ્રભુ! હું ચાલીને સ્મશાનમાં જાઉં અને હું

બારમી ભિક્ષુ પડિમા (લઉં). ભિક્ષુની પડિમા બારમી થાય છે. આપણામાંય છે હોં દિગંબરમાં છે બાર પ્રતિમા. આપની આજ્ઞા હોય તો ત્યાં બારમી-છેલ્લી ભિક્ષુની પડિમા ચોવિહારા અટ્ઠમ કરીને મારા ધ્યાનમાં રહું. ભગવાન કહે છે, ...સોહમ્. કરો ફતેહ પ્રભુ! આહાહા! સમજાણું કાંઈ?

આ તે દિ' વાત કરી હતી ૭૨માં. કીધું, ભગવાનની વાણીમાં શું આવ્યું હશે કે જેના પ્યાલા ફાટી ગયા? ભગવાને દીઠું હશે તે થાશે એમ.... છે એને? આહાહા! એને તો ભગવાન આત્મા ત્રિલોકીનાથ આત્મા એની સામે જોવું છે. 'સામું' કહતે હૈં ન? હિંદીમેં ક્યા કહતે હૈં? સામને. અને એમાં ભિક્ષુપડિમા, એમાં ઓલો સોમલ આવે છે, ઓલી બાઈને ઘરે મોકલી હતીને એનો બાપ. અગ્નિ ભરે છે. ગજસુકુમાર—ગજનું-હાથીનું તાળવું હોય એવું શરીર. પાળ બાંધે છે રાખની અને સળગતા અંગારા મૂકે છે. ધ્યાનમાં કેવળજ્ઞાન. આહાહા! એ જ દિવસે સાંભળ્યું, એ જ દિવસે દીક્ષા ને એ જ દિવસે કેવળ અને ન્યાં ને ન્યાં મોક્ષ. એય ભીખાભાઈ! એ તે કેવી વાણી હશે ભગવાનની? આહાહા!

એમ ન કરો, કીધું, તમે આ શું કહો છો? ભગવાને દીઠું એમ થાશે એને પુરુષાર્થ ન થાય, શું કહો છે તમે આ? જેણે ભગવાનને જ્ઞાનમાં બેસાડ્યા, એને તો અનંતો પુરુષાર્થ થયો. ભગવાનની કબૂલાત આવી કે કેવળી આવા હોય. આહાહા! ત્યાં આટલું કહ્યું. દ્રવ્ય સામું જોવું એવું નહોતું કહ્યું. પણ આટલું અંદરથી આવ્યું હતું કે સર્વજ્ઞ પરમાત્મા જેના જ્ઞાનમાં બેઠા, ભગવાને એના ભવ દીઠા નથી, એને ભવ હોય નહીં. ભગવાને દીઠા એમ ભાવ થાશે (એમ) એને હોય નહીં. એ ભગવાનજીભાઈ! ભગવાનને જો ભવ હોય તો ભગવાન જેને જ્ઞાનમાં બેઠા એને ભવ હોય. એકાદો ભવ હોય એની ગણતરી અહીંયા છે નહીં.

મોટી તકરાર થઈ હતી. ફાગણ સુદ ૧૩, ૭૨ની સાલ, ૭૨. એય! ૫૬ વર્ષ હુએ. બહોત ચર્ચા હુઈ થી, મોટી ચર્ચા. વાણી... એવા ગુરુ ન જોઈએ, સંપ્રદાય ન જોઈએ, એ વાણી ન જોઈએ. ઐસા કહા થા. આ હવે આજે આવ્યું પાછું. આહાહા! અરે ભાઈ! કેવલજ્ઞાની હૈં ઐસી કબૂલાત કરના અને વળી કેવળજ્ઞાનીએ દીઠું એમ થાય, એને એમાં ફેરફાર કરવાનો ભાવ થાય (એમ) હોય જ નહીં. જેને કેવળજ્ઞાન જગતમાં મહાપ્રભુ એક સમયનું જ્ઞાન... બાપુ! એ વાતું નથી, સમજાણું કાંઈ? એ હૃદયનો પોકાર છે. જ્ઞાનનો એક સમયનો પર્યાય.. એક સમય ને અહીં ત્રણ કાળ. આહાહા! ભાઈ! એવી જ્ઞાનની સત્તા જગતમાં છે એમ જેને સ્વીકાર આવે, એ તો અનંત સંસારને ટાળીને અલ્પ ભવે મોક્ષનો ગામી હોય છે. સમજાણું કાંઈ? ભવ-બવ હોય નહીં. ભગવાને દીઠું (ત્યારે) થાશે માટે તમારે ભવ છે, એ તમારે હશે. એમ વાત...

આ તો ૭૨ની વાત છે. સમજાણું કાંઈ? એય કાળીદાસભાઈ! સાંભળ્યું હતું કે નહીં? પાળિયાદ, ૭૨ની વાત છે. ...... વિંછીયાથી આવ્યા હતા પાળિયાદ. અરે ભગવાન! તું શું કહે છો

આ? તેરે જ્ઞાનની એક સમયકી પર્યાય, યહાં તો કહતે હૈં કિ મૈં પૂર્ણ આનંદઘન ધ્રુવ હૂં ઐસે કહતી હૈ. આહાહા! જિસે એક સમયકી પર્યાય પ્રગટ હો ગઈ... સમજમેં આયા? વહ પર્યાય ઐસે કહતી હૈ કિ ત્રિકાલી દ્રવ્યસ્વરૂપ ધ્રુવસ્વરૂપ મૈં હૂં. મૈં પર્યાય નહીં. મૈં (પર્યાય) હૂં નહીં, મૈં તો યહ હૂં. આહાહા! એ તે કાંઈ વાત છે! સમજમેં આયા?

જે પર્યાય એમ કહે, મૈં તો ત્રિકાલ નિરુપાધિસ્વરૂપ હૂં. અરે! જિસકો ત્રિકાલીકા જ્ઞાન પ્રગટ હુઆ, વહ પર્યાયમેં કિતની તાકાત હૈ (ઉસકી) સમ્યગ્દર્શનમેં પ્રતીત આ ગઈ હૈ. સમજમેં આયા? અને ઉસ પ્રમાણસે હોગા ઐસા પ્રતીત ભી હો ગઈ હૈ. વહ તો જ્ઞાતા-દૃષ્ટા હો ગયા ને સ્વરૂપકે સન્મુખ હોકર કેવલજ્ઞાન લેગા. સમજમેં આયા? એમાં શંકા શી–સંદેહ શા? સમજમેં આયા? ભગવાનને દેખા ઐસે હોગા .... ઐસી બાત કહાં..? પાવૈયા–હિજડા જેવી વાતું છે. એ વખતે તો ખબર ક્યાં હતી પ્રવચનસારની? વાંચ્યું હતું ક્યાં? હાથમાંય નહોતું આવ્યું. એ ૮૨ ગાથામાં જે ભાવ કીધો એ નીકળ્યો. તે દિ' કહ્યો એ પ્રવચનસાર ૮૨ (ગાથા)માં ભાવ નીકળ્યો.

જે ભગવાને એમ કહ્યું, **अरहंतं दव्वत्तगुणपज्जयत्तेहिं**... ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને જે જાણે, એ પર્યાય એટલે કેવળજ્ઞાન, એ જાણે તેને આત્માનું જ્ઞાન થાય અને આત્માનું જ્ઞાન થાય તેનો મોહ નાશ થાય. સમજમેં આયા? આવું ભગવાનનું જ્ઞાન, કહે છે... સમજમેં આયા? **जो जाणदि अरहंतं दव्वत्तगुणपज्जयत्तेहिं**... અને પીછે દૂસરી ગાથા ૮૧. ઐસા જ્ઞાન હુઆ પીછે રાગ-દ્વેષ ટાલકર ચારિત્ર હુઆ. સર્વજ્ઞ હુઆ તો સર્વજ્ઞને ઐસા ઉપદેશ દિયા, ઐસા ૮૨મેં પાઠ હૈ. જૈસા આપને કિયા ઐસા ઉપદેશ આયા, ક્યોંકિ વિકલ્પ ઐસા થા. સમજમેં આયા? કિયા ક્યા, વહ તો વિકલ્પ ઐસા થા કિ મૈં પૂર્ણ હોઉં.. પૂર્ણ હોઉં.. પૂર્ણ હોઉં તો પરમાણુ ઐસા બંધ ગયા (ઔર) વાણી–ધ્વનિ ઐસી નિકલી અંદરસે. સમજમેં આયા?

જો કોઈ અરિહંતકે દ્રવ્ય-ગુણ-પર્યાયકો જાનેગા, ઉસકા આત્મા કલ્યાણ(કા પાત્ર) હોકર સમકિત પ્રાપ્ત કરકે મોહકા નાશ કરેગા. ભગવાનકી વાણીમેં ઐસા ઉપદેશ આયા. આવી લથડપથડ તમારી વાણી. તમે એ સાંભળવાને લાયક નથી. અમે એ સંપ્રદાયમાં રહેવાના નથી. બે વર્ષની દીક્ષા, ૨૫ વર્ષની ઉંમર. સમજાય છે કાંઈ? આહાહા! આ ગરબડ અત્યારે આવી પાછી. કે આવું હોય એને આમ ન થાય, અમે મુંઝાણા છીએ. ભાઈ! મુંઝાવાનો માર્ગ નથી આ. સમજમેં આયા? આહાહા! શું કહે છે? જુઓને!

**નિરુપાધિસ્વરૂપ જો આત્મા સો મૈં હૂં**... કેવલજ્ઞાનકી પર્યાયકા નિર્ણય કરનેવાલા, 'મૈં નિરુપાધિ આત્મા હૂં' ઐસા નિર્ણય કરતા હૈ. સમજમેં આયા? આહાહા! એવી દ્રવ્યસન્મુખની વાત ક્યાં હતી? પણ જેના જ્ઞાનમાં કેવળી બેઠા, એને ભવ હોય નહીં ત્રણ કાળમાં. સમજમેં આયા? ઓહો! જેને કેવળજ્ઞાનનો સ્વીકાર છે, એક સમયમાં ત્રણ કાળ જાણે એવી જ્ઞાનની તાકાતનો સ્વીકાર (છે, એને) ભવ ન હોય. દૂલેરાયજી! સમજમેં આતા હૈ? આહાહા! **ઐસી**

**સમ્યગ્જ્ઞાનીકો**... દેખો! આહાહા! પહેલું કહ્યું છેને, **સદા નિરુપાધિસ્વરૂપ જો આત્મા સો મૈં હૂં**... હવે કહે છે કે **ઐસી સમ્યગ્જ્ઞાનીકો નિરંતર ભાવના કરની ચાહિયે**. 'મૈં હૂં પૂર્ણ, મૈં હૂં પૂર્ણ' ઐસી એકાગ્રતા કાયમ રખની ચાહિયે. તો વહ મોક્ષકા માર્ગ હૈ. સમજમેં આયા? આહાહા!

**ઐસી સમ્યગ્જ્ઞાનીકો નિરંતર**... અર્થાત્ ત્રિકાલી નિરુપાધિસ્વરૂપ વહ મૈં હૂં ઐસી **નિરંતર ભાવના કરની ચાહિયે**. મૈં અલ્પજ્ઞ હૂં, રાગ હૂં ઐસી ભાવના છોડ દે. એ ભીખાભાઈ! એ તો 'રણે ચડ્યા રજપૂત છૂપે નહીં..' આવે છે કે નહીં? 'ચંચળ નારીકા નૈન છૂપે નહીં, ભાગ્ય છૂપે નહીં ભભૂત લગાયા..' ભભૂત લગાવે, બાવો થાય તેથી ભાગ્ય છૂપાય? આ તે પુણ્યવંત પ્રાણી કોઈ છે. સમજાણું કાંઈ? 'દાતા છૂપે નહીં ઘેર માગણ આયા.' દાતા છૂપે? આહાહા! રામજીભાઈ જ્યાં રહેતા ને ધંધો કરતા. વેપાર શું, આ વકીલાત. ત્યારે આવક હતી તો એને ઘરે કોઈપણ જાય તો (ત્યાંથી) કાંઈ લઈને જ જાય. બે રૂપિયા, ફલાણું. એવું સાંભળ્યું છે. આપણે ક્યાં જોવા ગયા હતા? વકીલાત બંધ કરી પછી.... એય! કોઈ ... લેવા આવે, કોઈ દાણા લેવા આવે. આપતા રામજીભાઈ. એમ જ્યાં માગવા આવે ને દાતા છૂપ્યો રહે નહીં.

એક માણસ હતો, બીડી પીતો હતો. દિવાસળી થોડી હોયને આમ અડધી બાકી, ત્યારે ઓલામાં–બોક્સમાં નાખી. હવે ઓલા લેવા આવેલા ઉઘરાણી. શું કહેવાય તમારે? ફાળો લેવા ફાળો. ફાળો લેવા આવેલા ને ઓલો બીડી પીને અડધી ઓલામાં નાખી. આપણે શું માગીએ આની પાસેથી? ઓલાએ કહ્યું, ભાઈ! શું કરવા આવ્યા છો? 'ફાળો લેવા' સમજે? ચંદા.. ચંદા લેનેકો આયા. દિવાસળી સળગાવી. બોક્સ સમજે? દિવાસળી(નું બોક્સ) એમાં નાખી, અડધી બાકી રહી એટલી. ઓલો કહે, હમ ચંદા લેનેકો આયે હૈં, યે તો કિતના લોભી હૈ, ક્યા દેગા? કેમ છે ભાઈ? ક્યા લેનેકો આયે હો? સાહેબ! આપની કૃપા હોય તો થોડા.... કેટલી માગણી છે તારી? પચ્ચીસ હજાર. લઈ જાઓ, એય! આપી દો. ઓય માળે! ... દિવાસળી નાખી ઓલામાં.... સમજમેં આયા? ઐસે ભગવાન આત્મા અંતર એકાગ્રતા હોને પર દાતા છૂપે નહીં. સમજમેં આયા? **ઐસી સમ્યગ્જ્ઞાનીકો નિરંતર આત્માકી ભાવના કરની ચાહિયે**.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## ભાદરવા સુદ ૧૦, સોમવાર, તા. ૧૮-૯-૧૯૭૨
## શ્લોક-૧૩૩, ગાથા-૯૯, પ્રવચન નં. ૧૦૦

આજ પર્યુષણકા છઠવાં દિન હૈ. સંયમધર્મકી બાત હૈ. છઠવાં સંયમધર્મ હૈ. સંયમધર્મકા અર્થ? સમ્+યમ. અપના નિજાનંદસ્વરૂપ ચિદાનંદ પરમાત્મા ઉસકા સમ્યક્ અનુભવ હોકર પીછે સ્વરૂપમેં લીનતા હોની. ઇન્દ્રિયોં ઔર બાહરકે અવ્રતસે પરિણામ હઠાકર અંદરમેં લીનતા વહ સંયમ હૈ. દસ ધર્મમેં આજ છઠવેં દિનકા ધર્મ હૈ. આચાર્યવર સંયમધર્મકા વર્ણન કરતે હૈં. (પદ્મનંદિ પંચવિંશતિ, પાનું-૪૮).

**जन्तुकृपार्दितमनसः समितिषु साधोः प्रवर्तमानस्य ।**
**प्राणेन्द्रियपरिहारं संयममाहुर्महामुनयः ॥९६॥**

**જિસકા ચિત્ત જીવોંકી દયાસે ભીગા હુઆ હૈ...** કોઈ ભી પ્રાણીકો મારના ઐસા જિસકા ભાવ નહીં હૈ. એકેન્દ્રિયસે લેકર પંચેન્દ્રિય છ કાયકે જીવ હૈં... જિસકા ચિત્ત દયાસે ભીગા હુઆ હૈ. દયાસે લીલા હુઆ હૈ–રંગા હુઆ હૈ, ઈર્યા આદિ સમિતિઓંસે પાલન કરનેમેં તત્પર હૈ. **ઐસે સાધુકે ષટ્કાયકે જીવકી હિંસા તથા ઇન્દ્રિયોંકે વિષયોંકા ત્યાગ હૈ...** સંયમ હૈ ન સંયમ. **ઉસીકો ગણધરાદિ દેવ સંયમધર્મ કહતે હૈં.** મહામુનિ ઉસકો સંયમ કહતે હૈં. છકાયકી હિંસાકા ત્યાગ, ઇન્દ્રિયોંકે વિષયોંકા ત્યાગ ઔર અપના સ્વરૂપ શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ ઉસકા અનુભવ કરકે લીન હોના, વહ સંયમધર્મ હૈ. (પદ્મનંદિ પંચવિંશતિ, પાનું-૪૯)

**मानुष्यं किल दुर्लभं भवभृतस्तत्रापि जात्यादय-**
**स्तेष्वेवाप्तवचःश्रुतिः स्थितिरत यस्याश्च दृग्बोधने ।**
**प्राप्ते ते अतिनिर्मले अपि परं स्यातां न येनोज्झिते**
**स्वर्मोक्षैकफलप्रदे स च कथं न श्लाघ्यते संयमः ॥९७॥**

**આચાર્ય કહતે હૈં કિ પ્રથમ તો સંસારરૂપી ગહન વનમેં ભ્રમણ કરતે હુએ...** ચૌરાસી લાખ (યોનીમેં) ભ્રમણ (કરતે)–રખડતે હુએ પ્રાણીયોંકો મનુષ્યભવ મિલના દુર્લભ હૈ. શા માટે? ધર્મને માટે–ધર્મકે કારણ. ઐસા મનુષ્યપના ચૌરાસી લાખમેં રુલતે કભી મિલતા હૈ. **ઔર કિસી કારણસે મનુષ્ય જન્મ પ્રાપ્ત ભી હો જાએ તો ઉત્તમ બ્રાહ્મણાદિ જાતિ...** જિસમેં આત્માકા ધર્મ પ્રાપ્ત હો ઐસી જાતિ મિલના બહોત કઠિન હૈ. પ્રબલ દૈવયોગસે જાતિ મિલી... સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માકા વચન સુનના મહા દુર્લભ હૈ. જિસસે ભવકા અભાવ હો ઐસી વીતરાગકી વાણીકા સુનના મહાદુર્લભ હૈ. સમજમેં આયા? ઔર વહ ભી મિલ ગયા

કદાચિત્, તો **અધિક જીવન નહીં મિલતા**. આયુષ્ય થોડા (હો), પચ્ચીસ-પચાસ-સાઠ વર્ષકી જિંદગી ચલે જાયે. જીવનસ્થિતિ નહીં. ઐસા જીવન મિલના ભી દુર્લભ હૈ.

ઔર યહ ભી મિલ જાયે કદાચિત્, તો સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનકી પ્રાપ્તિ હોના મહાદુર્લભ હૈ. અપના ભગવાન સચ્ચિદાનંદસ્વરૂપ ઉસકા અંતરમેં ભેટા હોના, અંતરકી ચીજ અપના પરમાત્મસ્વરૂપ ઉસકી પ્રાપ્તિ હોના ઐસા સમ્યગ્દર્શન-જ્ઞાન મહાદુર્લભ હૈ. સમજમેં આયા? પૈસા દુર્લભ હૈ, સ્ત્રી-કુટુંબ દુર્લભ હૈ ઐસા નહીં કહા યહાં. શેઠ!

શ્રોતા : સાધન તો....

પૂજ્ય ગુરૂદેવશ્રી : સાધન એક હી હૈ આત્મા, દૂસરા કોઈ સાધન નહીં હૈ. ....કા સાધન ક્યા ભગવાનકો? ભગવાન પૂર્ણાનંદકા નાથ ઉસકા સાધન.. ઉસકા સ્વભાવ વહ સાધન હૈ. આહાહા!

યહાં તો કહતે હૈં કિ સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ પાયા તો ભી સંયમ મહા કઠિન હૈ. અંતર સ્વરૂપમેં ઇન્દ્રિયોંકા વિષય ઔર છકાયકી હિંસાકો છોડકર અહિંસક પરિણમનમેં આ જાના ઔર અતીન્દ્રિય આનંદમેં આના ઐસા સંયમ તો મહાદુર્લભ હૈ. સમજમેં આયા? ઐસા સંયમધર્મ તો મનુષ્યપનેમેં હી પ્રાપ્ત હોતા હૈ, દૂસરી ગતિમેં નહીં. દૂસરી ગતિમેં સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ હો, (પણ) સંયમ તો મનુષ્યપનેમેં મિલતા હૈ. (સંયમ) ક્યા ચીજ હૈ ઉસકી ખબર નહીં. યહ સંયમધર્મકી વ્યાખ્યા હુઈ.

અભી ચલતા હૈ, અપને ૧૩૩ શ્લોક આયા હૈ. છેને. મોક્ષમાર્ગ. નિશ્ચયપ્રત્યાખ્યાન (અધિકાર), ઉસમેં ૧૩૩ શ્લોક. **અબ ઇસ ૯૮વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્લોક કહતે હૈં :**

**प्रेक्षावद्भिः सहजपरमानंदचिद्रूपमेकं**
**संग्राह्यं तैर्निरुपममिदं मुक्तिसाम्राज्यमूलम्।**
**तस्मादुच्चैस्त्वमपि च सखे मद्वचःसारमस्मिन्**
**श्रुत्वा शीघ्रं कुरु तव मतिं चिच्चमत्कारमात्रे ॥१३३॥**

આહા! મુનિ કહે છે, હે સખા! તું પણ આવી જાને ભાઈ! આમાં. આહાહા!

**શ્લોકાર્થ : જો મુક્તિસામ્રાજ્યકા મૂલ હૈ ઐસે ઇસ નિરુપમ...** મોક્ષ નામ પરમશુદ્ધિ. પરમ આનંદકી પ્રાપ્તિ ઉસકા નામ મુક્તિ. પરમ સહજાનંદકી પૂર્ણ પ્રાપ્તિ ઉસકા નામ મુક્તિ. યે મુક્તિસામ્રાજ્યકા મૂલ.. ઉસકા મૂલ કૌન? નિરુપમ ભગવાન આત્મા. અંતરમેં જિસકી ઉપમા નહીં ઐસા નિર્મલાનંદ ભગવાન આત્મા ત્રિકાલ સહજાનંદકી મૂર્તિ પ્રભુ હૈ. નિરુપમ **સહજ પરમાનન્દવાલે ચિદ્રૂપકો...** જુઓ! ભાષા. સાથે ને સાથે આનંદ ને જ્ઞાન. કૈસા હૈ

ભગવાન આત્મા અંદર? સ્વભાવિક પરમ આનંદવાલા જ્ઞાન, પરમ અતીન્દ્રિય આનંદવાલા–સહિત જ્ઞાન ઐસા ચિદ્રૂપ. અપના સ્વરૂપ પરમ સહજ આનંદવાલા ચિદ્રૂપ, વહ આત્મા. સમજમેં આયા?

ઐસે **નિરુપમ, સહજ પરમાનંદવાલે ચિદ્રૂપકો (ચૈતન્યકે સ્વરૂપકો) એકકો...** એકકો હી. આહાહા! મુક્તિકા મૂલ, ભગવાન આત્મા સહજાનંદસ્વરૂપ એક હી મુક્તિકા મૂલ હૈ. સમજમેં આયા? કોઈ ક્રિયાકાંડ, શરીર, બાહ્ય-અભ્યંતર દયા, દાન વિકલ્પ (આદિ) યે સબ મુક્તિકા મૂલ નહીં. સમજમેં આયા? વહ તો અશુભસે બચનેકો શુભભાવ હો, પુણ્યબંધ હો. અબંધસ્વરૂપી ભગવાન નિરુપમ સહજ પરમાનંદવાલા ચિદ્રૂપ ઉસકો એકકો... આહાહા! **બુદ્ધિમાન પુરુષોંકો...** ડાહ્યા પુરુષોંકો–જ્ઞાની પુરુષોંકો–સમજદાર પુરુષોંકો એક પરમાનંદસ્વરૂપ ભગવાન અપના આત્મા ઉસકા શરણ ગ્રહના. આહાહા! સમજમેં આયા? ખરેખર મહાભાગ્યની વાત છે.

પરમાનંદકી મૂર્તિ પ્રભુ અનાદિ-અનંત સહજાનંદસ્વરૂપ અપના સ્વરૂપ, સહજાનંદરૂપી ચિદ્રૂપવાલા ભગવાન ઉસકો એકકો હી બુદ્ધિવંતને–જ્ઞાનીને–જ્ઞાની પુરુષોંકો **સમ્યક્ પ્રકારસે,** એમ. અર્થાત્ ઐસા અંતરમેં લિપ્ત હોના, શુદ્ધસ્વભાવમેં ઐસા એકાગ્ર હોના કિ ફિરે નહીં. આહાહા! યે કરના હૈ. કરના હો તો યે હૈ ઔર છોડના હો તો સારા સંસાર. આહાહા! સમજમેં આયા? અરે પ્રભુ! ઐસા અવતાર કબ મિલે? સમજમેં આયા?

મુનિરાજ કહતે હૈં, અરે! **સમ્યક્ પ્રકારસે ગ્રહણ કરના યોગ્ય હૈ**. ભગવાન સહજાનંદ મૂર્તિ–જ્ઞાન ને આનંદની મૂર્તિ પ્રભુ આત્મા ધ્રુવ, વહ સમ્યક્ પ્રકારસે ગ્રહણ કરને યોગ્ય હૈ. સત્ય રીતસે સત્યકા શરણ પકડના યોગ્ય હૈ. ભગવાનજીભાઈ! આહાહા! પરમાનંદરૂપી મુક્તિ–મોક્ષ, મુક્તિરૂપી સામ્રાજ્ય, રાજ–સામ્રાજ્ય... ઐસી અપની મુક્તિરૂપી સામ્રાજ્યકા મૂલ ભગવાન સહજાનંદ ચૈતન્યરૂપ હૈ, ઉસકો બુદ્ધિવંત પ્રાણીને સમ્યક્ પ્રકારસે ગ્રહણ કરના વહ મૂલ હૈ. આહાહા! જેઠાલાલભાઈ! આહાહા! યે ક્યા કહતે હૈં (વહ) સમજમેં આયે નહીં. આ શરીર જડ માટી, એ તો માટીનો પિંડલો માટી હાડકા છે. એ ગળે વળગ્યું હોય કે આ હું, શરીર એ હું. અંદરમાં કર્મ મને નડ્યા છે. ઐસી બુદ્ધિમેં...

અપની ચીજ અંદરમેં આનંદકંદ પ્રભુ સહજાનંદ ચૈતન્ય-ચમત્કારસે ભરા હૈ, ઐસી ચીજકો બુદ્ધિવંતને... બુદ્ધિવંત કહા ન સમ્યગ્જ્ઞાનીકો. વહી બુદ્ધિવંત હૈ. જો સમ્યક્ ચૈતન્યમૂર્તિકા ગ્રહણ કરે વહ બુદ્ધિવંત હૈ. આહાહા! ક્યા કહતે હૈં યે? કોઈ બાત ચલતી હો સબ મીંડા (-શૂન્ય). ઐસી ભક્તિ ને ઐસી પૂજા ને ઐસી દયા ને જાત્રા—યે સબ અશુભરાગસે બચનેકો હો, પર વહ કોઈ ચીજ નહીં, વહ કોઈ મુક્તિકા કારણ નહીં. આહાહા! ભગવાન તેરી મુક્તિ અર્થાત્ 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' અપની પૂર્ણ શુદ્ધિકી પ્રાપ્તિ ઉસકા નામ મુક્તિ. વહ મુક્તિકા મૂલ તો ત્રિકાલી શુદ્ધ આત્મા હૈ. આહાહા! સમજમેં આયા? અંતર આત્મા ભગવાન

પૂર્ણસ્વરૂપ ઉસકો અંદરમેં પકડના, ઉસમેં એકાગ્ર હોના, ઉસમેં સમ્યક્ અનુભવ કરકે લીન હોના, આહાહા! બુદ્ધિવંત–ડાહ્યા પુરુષોંકા કર્તવ્ય યે એક હૈ. સમજમેં આયા?

**બુદ્ધિમાન પુરુષોંકો સમ્યક્ પ્રકારસે ગ્રહણ કરના યોગ્ય હૈ; ઇસલિયે, હે મિત્ર!** આહાહા! મુનિ પણ શિષ્યને (કહે), હે મિત્ર! હે આત્મા! તું મેરી જાતકા હૈ તો મેરા મિત્ર હૈ. આહાહા! સહજાનંદકી મૂર્તિ પ્રભુ તું હૈ. હમ સહજાનંદમૂર્તિ હૈં ઐસા તુમ હો. હે મિત્ર! આહાહા! શેઠ! કિતની કરુણા દેખો! 'હે ભાઈ! હે જીવ' એમ ન કહ્યો. હે મિત્ર! મેરે સાથ ચલનેવાલા. આહાહા! પૂર્ણાનંદ પ્રભુ ઉસમેં મૈં એકાગ્ર હોતા હૂં તો મૈંને સમ્યક્ પ્રકારસે ગ્રહણ કિયા હૈ. હે મિત્ર! તું ભી ઉસ રસ્તે પર ચલ ન! હે મિત્ર! **તું ભી મેરે ઉપદેશકે સારકો સુનકર...** ક્યા કહતે હૈં? હમારા સંતોકા, જ્ઞાનીયોંકા ઉપદેશકા સાર હો તો યે હૈ. પૂરે બાર અંગ ને ચૌદ પૂર્વકા સાર હો તો યે હૈ.

**તુરંત હી ઉગ્રરૂપસે ઇસ ચૈતન્યચમત્કારમાત્રકે પ્રતિ અપની વૃત્તિ કર.** આહાહા! સમજમેં આયા? અરે! ક્યા કહતે હૈં યે અભી સમજમેં ન આવે. તીન લોકકા નાથ કેવલજ્ઞાન એક ક્ષણમેં પ્રગટ કરે ઐસી તાકાતવાલા ઉસકી બાત કૈસી હૈ યે સમજમેં (લેના કઠિન હૈ). આહાહા! ભાઈ! મિત્ર તરીકે કહા હોં. મુનિ, પદ્મપ્રભમલધારિ મુનિ. જિનકે મુખમેંસે પરમાગમ ઝરતા હૈ, વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા કહે ઐસી વાણી ઝરતી હૈ. 'મારા ઉપદેશનો સાર' કહેતાં સર્વ સંતોકા ઉપદેશકા સાર, સર્વજ્ઞકા ઉપદેશકા ભી સાર યે હૈ. સુનકર, ઉપદેશ સુનકર **તુરન્ત હી...** શીઘ્ર હૈ ન. **શીઘ્રં**–તુરત હી. વાયદા નહીં. આહાહા! કલ કરેંગે, પીછે કરેંગે, પીછે કરેંગે ઐસા નહીં.

શાહુકાર તો તરત ચૂકવે. કાલ આપજો હુંડી એમ ન કહે. લાવો પચાસ હજાર. એ કહે લઈ જાવ ભાઈ! સમજમેં આયા? શાહુકારકી તિજોરીમેં તો ઈતના પૈસા (હોતા હી હૈ). કરોડપતિ હોય તો પાંચ લાખ-દસ લાખ પડ્યા જ હોય. કોઈની હુંડી આવે તો તૈયાર. લ્યો ભાઈ! લઈ જાવ. કલ લો ઐસા નહીં. ઐસે યહાં કહતે હૈં, અંદર ચૈતન્ય ભગવાનમેં પૂર્ણ પુંજી પડી હૈ. ભગવાન! વહાં તુરંત જા ન અંદરમેં. આહાહા! ભારે વાત ભાઈ! લ્યો, આ બધા શાસ્ત્રનો સાર, સંતોના ઉપદેશનો સાર. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસકો પકડકર–ગ્રહણ કર ઉસમેં લીન હોના વહ સબ સંતોકે ઉપદેશકા સાર હૈ. બીચમેં ક્યા કરના, હોના વહ બાત યહાં કરતે હી નહીં. સમજમેં આયા?

તુરત હી હમ ઐસા કર દેં? અરે! સુન તો સહી ભાઈ! તેરી ચીજ પૂર્ણ હૈ ન. પૂર્ણ પરમાત્મા હી તુમ હૈ, સાક્ષાત્ ભગવાન હૈ. તેરેમેં ઔર ભગવાન પરમાત્મામેં કુછ ફેર નહીં. આહાહા! **હે મિત્ર! તું ભી મેરે ઉપદેશકે સારકો સુનકર...** ઉપદેશને સાંભળીને... તેં આવું કોઈ દિ' સાંભળ્યું ન હોય, સમજમેં આયા? તો એક વાત સાંભળ ભાઈ! તું. પણ સુનકર ઉસકા

સાર ક્યા હૈ (વહ ગ્રહણ કરના). ભગવાન પૂર્ણાનંદકા નાથ પ્રભુ અખંડ ચૈતન્ય-ચમત્કારસે ભરા આત્મા ઉસમેં એકાગ્ર હોના યે સાર હૈ. કરના હૈ તો જ્ઞાનીકો ધર્માત્માકો યે કરના હૈ. બાકી સબ થોથા હૈ. આહાહા! સમજમેં આયા?

શાસ્ત્રકા પઢના અને શાસ્ત્રકા કહના, ભગવાનકી ભક્તિ કરના, પૂજા કરના ને જાત્રા કરના, નામસ્મરણ કરના, કહતે હૈં, વહ સબ કરનેલાયક હૈ નહીં. બીચમે આઓ, પણ વહ કરનેલાયક હૈ નહીં. આહાહા! સમજમેં આયા? જબ લગ વીતરાગ ન હો તબ લગ વહ બીચમેં આતા હૈ, આતા હૈ વહ વિઘ્ન કરનેવાલી ચીજ હૈ. મુક્તિકા મૂલ તો ભગવાન આત્મા પૂર્ણાનંદકા શરણ હૈ. મહા મંગલિક પ્રભુ, મહા પરમ મંગલિક આત્મા પરમાત્મા ઉસકા શરણ ગ્રહણ કર, તુજે મુક્તિ હોગી. હમ ભી મુક્તિ જાનેવાલે હૈં, તો મિત્ર! તુમ ભી હમારે સાથમેં ચલો. આહાહા! સમજમેં આયા? એમ કહતે હૈં. હમ ભી મુક્તિમેં જાનેવાલે હૈં. હમ હમારે આત્મામેં એકાગ્રતા કરતે હૈં, કરતે-કરતે હમારી મુક્તિ હોગી અલ્પકાલમેં. મિત્ર! તું ભી ચલ ન સાથ. આહાહા!

પણ જિસકી બુદ્ધિ રાગમેં, પુણ્યમેં, પાપમેં, પરમેં સુખબુદ્ધિ.. સુખબુદ્ધિ, પ્રેમબુદ્ધિ જબ લગ હૈ, તબ લગ ઉસકો ભગવાનકા પ્રેમ નહીં આયેગા. સમજમેં આયા? અપની ચીજ સિવા વિકલ્પસે લેકર પુણ્યકા પરિણામ (આદિ) સારી ચીજ જગતકી, ઉસમેં કુછ ભી ઉલ્લસિત વીર્યસે 'ઠીક' હૈ ઐસા લગે, તબ લગ ભગવાન (આત્મા)મેં તુમ જા સકતે નહીં. કહો, મોહનભાઈ! આહાહા! આ છોકરા–લડકા સારા થયા છે, પેદાશ કરે છે, રૂપાળા છે, બડા હૈ, કન્યા ભી કરોડપતિકી આયી હૈ. અપને સિવા કોઈ ભી પરચીજમેં સુખબુદ્ધિ, હિતબુદ્ધિ, ઠીકબુદ્ધિ, ધ્યેયબુદ્ધિ લગે, તબ લગ ભગવાનમેં આ સકે નહીં. સમજમેં આયા? ભગવાન અપના આત્મા હોં. સચ્ચિદાનંદ સહજાનંદ ચૈતન્યમૂર્તિ ઉસકા પ્રેમ (છોડકર) પરકે પ્રેમકી ગંધ રહે તો સ્વકા પ્રેમ જગે નહીં ઔર સ્વકા પ્રેમ જગે ઉસકો પરકા પ્રેમ રહે નહીં. સમજમેં આયા?

હે મિત્ર! ઉપદેશકે સારકો... બહુ નાખ્યું. ઓહોહો! એમ કે સારા વીતરાગકા ઉપદેશકા સાર યે હૈ, એમ કહે છે. ચાર અનુયોગકા ઉપદેશ દિયા હો, પણ ઉસકા સાર ક્યા? આહાહા! ભગવાન જ્ઞાનાનંદનો સાહ્યબો સત્-સ્વરૂપ મહાપ્રભુ ઉસકે શરણમેં જાના વહ સબ શાસ્ત્રકા સાર હૈ. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો..' સમજમેં આયા? તેરી અસ્તિ–તેરી સત્તા–તેરે હોનેપનેમેં તો પૂર્ણ આનંદ ને જ્ઞાન ભરા હૈ નાથ! ઉસકી રક્ષા કર. રાગ ને પરકી રક્ષા કરનેસે પ્રભુ! તેરી રક્ષાકા નાશ હોતા હૈ. સમજમેં આયા? આહાહા! કૈસા?

**ઉગ્રરૂપસે ઇસ ચૈતન્યચમત્કારમાત્રકે પ્રતિ...** ચૈતન્ય-ચમત્કારમાત્ર વસ્તુ. આહાહા! જિસમેં એકાગ્ર હોનેસે તીન કાલ, તીન લોકકો જાને ઐસી શ્રુતજ્ઞાનકી પર્યાય પ્રગટ હો ઔર જિસમેં કેવલજ્ઞાન પ્રગટ હો ઐસા ચૈતન્યચમત્કારમાત્ર... ભગવાન! ચમત્કાર યહ હૈ. દુનિયા

કહતી હૈ ન કિ યે જાદુ હૈ, ઉસકે વચનસે લડકા આયા, પૈસા આયા ને શું કહેવાય? આ તમારા મુંબઈનું? સાંઈબાબા, ફલાણા. આંખ ફડકે ને બતાવે છેને. ઐસા લો, ઐસા લે જાઓ. અરે! ધૂળમાં છે નહીં, મરી જઈશ. ધૂલમેં ક્યા હૈ. આહાહા! અંગ ફરક... તેરા લક્ષણ તેરેમેં હૈ, ત્યાં ફરીને આવી જા. યે અંગ ફરક હૈ યહાં તો. સમજમેં આયા?

દૂસરા કોઈ ચમત્કાર કિ લડકા હો, પૈસા હો, હમ નાગા-ભૂખ્યા ન રહે, સુખી રહે. ભક્તામર ગણેને. 'ભક્તામર પ્રણિત..' શું કરવા? આપણે સુખી રહીએ. અરે! સુખો ક્યાં હતો ધૂળમાં? સુન તો સહી! ઐસી ભ્રમણામેં ભગવાનકો .... આતા હૈ. ધૂળમાંય સુખ નથી. ક્યાં સુખ છે? ઝેર હૈ. ચક્રવર્તીકા, ઇન્દ્રકા સુખ ભી રાગકા સુખ હૈ, યે તો ઝેર હૈ. અપને અમૃતકો લૂંટનેવાલા ભાવ યે હૈ. આહાહા! કરોડો અપ્સરાઓ, ઇન્દ્રાણીઓ આ અનાજના ઢીંગલાં નહીં. આ (સ્ત્રીઓ) તો ધાનના ઢીંગલા છે. વહ તો અપ્સરાઓ સુંદર, નમણી, કરોડો. ઇન્દ્ર ભી ઉસકે સાથ વિષય લે (તો) ઝેરકા પ્યાલા પીતા હૈ. અપને અમૃતસ્વરૂપકા ઘોલન છોડકર ઝેર પીતા હૈ ઉસમેં સુખ કહાં આયા? આહાહા! એ ઇન્દ્રિય સુખનો અર્થ ઇન્દ્રિય(નું) સુખ ને? આત્મસુખ કહા હૈ? ભાષા આવે વ્યવહાર બતાનેકો.

ચારોં ગતિ દુઃખસે ભરી હૈ. ભગવાન આત્મા સુખરૂપ–આનંદરૂપ હૈ. આનંદરૂપકી ગતિ બિના ચાર ગતિ સબ દુઃખરૂપ હૈ, પરાધીન હૈ. આતા હૈ ન. પંચાસ્તિકાયમેં આતા હૈ પહલે. 'ચાર ગતિ' આવે છેને. પરાધીન, પરરૂપ હૈ. ભાઈ! તને ખબર નથી. આહાહા! ભગવાન ચૈતન્ય-ચમત્કાર પ્રભુ ઉસકો છોડકર વિકલ્પ શુભરાગ ઉઠતે હૈં તો શાંતિ જલતી હૈ. સમજમેં આયા? શુભરાગ (દાહ હૈ), તો અશુભરાગકી વાસનાકી તો ક્યા બાત કહના. એ તો ઝળહળજ્યોતિ ભગવાન રાગમાં બળે છે. આહાહા! સમજમેં આયા? સમકિતીકો છન્નુ હજાર સ્ત્રી–રાણી હો, એક (મુખ્ય) રાણીકી હજાર દેવ તો સેવા કરે. ઉસકા વિકલ્પ આતા હૈ તો કાલા નાગ લગે. જેમ કાળો નાગ દેખાય ફેણ માંડીને આવતો હોયને, આહા.. ઐસે ધર્માત્માકો અપને આનંદકે આગે પરચીજમેં તો સબ દુઃખ ભાસતા હૈ. સુખકી ગંધ નહીં. અજ્ઞાનીકો ભાન નહીં. સમજમેં આયા?

કહતે હૈં, **તુરંત હી**... વાયદો ન કર. આહાહા! ભગવાનને દેખા તબ હોગા. તુરંત ક્યોં કહતે હો તુમ? ક્રમબદ્ધમેં આનેવાલા હો તો આયેગા હી. અરે! સુન તો સહી. ભગવાનકા જિસકો પ્રેમ હુઆ, ઉસકો તો અપને પ્રેમમેં ઝુકનેકે કારણ ભગવાનકા પ્રેમ (આતા) હૈ. આહાહા! પ્રેમ છોડકર ભગવાન આત્મા... સમજમેં આયા? **ઉગ્રરૂપસે ઇસ ચૈતન્ય-ચમત્કારમાત્ર**... ભગવાન આત્મા ચૈતન્યચમત્કારમાત્ર. આહાહા! ઉસકે **પ્રતિ અપની વૃત્તિ કર**. અપની પરિણતિ–વર્તમાન દશામેં ઉસ તરફકા ઝુકાવ કર. આહાહા! સમજમેં આયા? તેરી

પરિણતિ–વર્તમાન પર્યાય જો ચલતી હૈ, ઉસે ચૈતન્યચમત્કારમાત્ર ભગવાનકે સાથ જોડ દે. ક્યોંકિ વહ ભગવાન આત્મા હી મુક્તિકા મૂલ હૈ. આહાહા! ૯૯, ગાથા ૯૯. ૯૮ હુઈ.

**ममत्तिं परिवज्जामि णिम्ममत्तिमुवट्ठिदो।**
**आलंबणं च मे आदा अवसेसं च वोसरे॥९९॥**

**મૈં ત્યાગ મમતા, નિર્મમત્વ સ્વરૂપમેં સ્થિતિ કર રહા;**
**અવલમ્બ મેરા આત્મા, અવશેષ વારણ કર રહા. ૯૯.**

આહાહા! મેરા અવલંબન તો મૈં હૂં, ત્રિલોકનાથ તીર્થંકર ઔર વાણી ભી મેરા અવલંબન નહીં. આહાહા! કહો, શેઠ! ક્યા હૈ અર્થમેં? વાણીકા ભી અવલંબન નહીં. વાણી તો જડ હૈ, ભગવાન પર હૈ. સ્વ ભગવાન આત્મા મેરા અવલંબન હૈ. આહાહા! એ કહે છે. આધાર હૈ ન અપના ભગવાન. પંગુ નહીં હૈ કિ પરકા આધાર લે. મહાપુરુષાર્થકા પિંડ પ્રભુ ચૈતન્ય હૈ. જિસકે ચમત્કારમેં ક્ષણમેં જાગ્રત હો... 'જાગીને જોઉં ત્યાં જગત દિસે નહીં..' અંદરમેં જગત ને રાગ કોઈ હૈ નહીં ઐસી ચૈતન્યચમત્કારચીજ ઉસકા અવલંબન હૈ. દૂસરા અવલંબન ધર્મીકો હોતા નહીં. ઔર દૂસરે અવલંબનસે મેરા કલ્યાણ હો (ઐસા) માને વહ મૂઢજીવ હૈ. લ્યો, આ તકરાર. ગીરધરભાઈ! તમારે સ્થાનકવાસી ને દેરાવાસી. સ્થાનકવાસી કહે, આ અવલંબન માનતા નથી મૂર્તિ ને પૂજા અને ઓલો કહે અવલંબન જોઈએ. આહાહા! બેની મોટી તકરારું.

એ તો શુભભાવ હોય ત્યારે દયા, ધર્મ, પૂજા, વ્રત આદિ હોય છે. એ કોઈ મૂળ ચીજ નથી. અપના અવલંબન ભગવાન આત્મા હૈ. આહાહા! અરે! એકેક શબ્દે ચૈતન્યચમત્કારના પ્રવાહ ફૂટે છે. આહાહા! ભાઈ! તું ક્યાં છો? જ્યાં છો ત્યાં એને જગાડ. તું રાગમેં, શરીરમેં નહીં નાથ! તું તો જ્ઞાન ને આનંદમેં હૈ ન પ્રભુ! અંદર. ઉસકા અવલંબન લે. આહાહા! વહ તકરાર યહાં. અને બહારમાં એમ કહે, અત્યારે આગમ ને મૂર્તિ બેય, એય ચેતનજી! ભવિજનકો આધાર. ...જી બિચારા બોલતા બહુ. 'ભવિજનકો આધાર, આગમ ને મૂર્તિ બે.' અરે ભાઈ! આગમ તો પર ને મૂર્તિ પર. આહાહા! સમજમેં આયા?

ભગવાન ચિદાનંદસ્વરૂપ અનંત.. અનંત.. અનંત–અપરિમિત જ્ઞાન ને આનંદાદિ શક્તિયોંકા ખજાના–નિધાન–ભંડાર ભગવાન હૈ ઉસકા આલંબન લે ન પ્રભુ! એમ કહે છે. સમજમેં આયા? કહો, શેઠ! બહારનું આલંબન માગે છે શેઠ. આ બહારમાં રખડ્યાને બધા. બાહરકે આધારસે રાગ હોગા. ઉસસે મેરા કલ્યાણ હોગા (ઐસા માને) તો મિથ્યાત્વ હોગા એમ કહતે હૈં. ઐસી બાત હૈ યહાં તો. આહાહા! દેખોને! આ પંચમ આરાના મુનિ 'મિત્ર' કહીને કહે છે, પ્રભુ! તું ચાલને મારી સાથે. આહાહા! અરે! તેરા અવલંબન તેરે પાસ હૈ, તુજે પરકી જરૂર નહીં. તું અખંડાનંદ.. આહાહા! સચ્ચિદાનંદ પરમાત્મા સત્–શાશ્વત જ્ઞાન ને આનંદકા ભંડાર તેરી ચીજ હૈ ભાઈ! તું આતમરામ હૈ. અપને નિજ સ્વરૂપમેં રમે સો રામ કહીએ. રાગમાં રમે તે રામ નહીં, તે હરામ છે. સમજમેં આયા? આહાહા! ભગવાન આત્મા દેહદેવલમેં

પરમાત્મસ્વરૂપમેં છુપા પડા હૈ. રાગકી આડમેં દિખતા નહીં ઉસકો. પરકે પ્રેમમે અપના–નિજ ભગવાન દિખતા નહીં. સમજમેં આયા?

કહતે હૈં.. **ટીકા : યહાં સકલ વિભાવકે સંન્યાસકી (ત્યાગકી) વિધિ કહી હૈ.** સકલ વિભાવકા ત્યાગ... બાહરમેં હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસનાકા ત્યાગ હૈ, પણ અંદરમેં તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકા વિકલ્પકા ભી ત્યાગ હૈ. કારણ કે વૃત્તિકા ઉત્થાન રાગ હૈ. આહાહા! ભગવાન! તેરી ચીજમેં યે નહીં. તુમ તો સચ્ચિદાનંદ પૂર્ણાનંદ અખંડાનંદ તુમ હો. કેમ બેસે? પામર હોકર બૈઠે (ઉસે) ઉસે પ્રભુતાકા સ્વીકાર કૈસે હો? સમજમેં આયા? એકવાર હા તો પાડ નાથ! મૈં તો પૂર્ણાનંદસ્વરૂપ હૂં. મૈં અપૂર્ણ નહીં. વિકાર તો નહીં, પરમેં તો નહીં, પણ અપૂર્ણ નહીં. સમજમેં આયા? જો વસ્તુ હૈ વહ અપૂર્ણ કૈસે હો? એકરૂપ વસ્તુ હૈ ઉસમેં–અખંડમેં અપૂર્ણતા કૈસે હો? સમજમેં આયા? આહાહા!

પર્યુષણ ઉસકા નામ હૈ. અંતર આનંદસ્વરૂપમેં પરિ નામ સમસ્ત પ્રકારસે, ... નામ જોડ દેના, અપની વર્તમાન પરિણતિ–વૃત્તિકો જોડ દેના ઉસકા નામ પર્યુષણ હૈ. બહારનું તો બધું ધમાધમ છે. એય! ધામધૂમે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર. એ રામજીભાઈ! આવી વાત ... બહુ. વાત સાચી છે. વાત બીજી છે. દેખનારો પ્રભુ મોટો છેને અંદર. રાગને પણ દેખનારો ભગવાન અંદર છે. દેખનારને દેખ્યો નહીં અને નહીં દેખનારને દેખ્યા. સમજમેં આયા? આહાહા!

**સકલ વિભાવ**... એમાં કોણ રહી ગયું? ભગવાન કહતે હૈં કિ મેરી શ્રદ્ધા, પંચ મહાવ્રતકા પરિણામ, શાસ્ત્રકા પઢના ઐસા વિકલ્પ–સબ વિભાવકા સંન્યાસ. વિભાવકા ત્યાગ બતાતે હૈં. તેરી ચીજમેં વહ નહીં, ભાઈ! આ ત્યાગ હોં. આ બાયડી છોકરા છોડીને બાવા થઈને બેસે અને (પોતાને) સાધુ કહે. ધૂળેય નથી, સાંભળને! સમજમેં આયા? પુણ્ય ને પાપકે અસંખ્ય પ્રકારકે વિકારકા સ્વભાવકા આશ્રય કરકે ત્યાગ ઉસકા નામ ત્યાગ હૈ. આહાહા! સમજમેં આયા? **સકલ વિભાવકે ત્યાગકી વિધિ કહી હૈ**, વિધિ. ઓહો!

**સુન્દર કામિની...** સુંદર સ્ત્રી. માંસના, હાડકાના આકાર છે એ તો. ચૂડેલનો દેખાવ એવો દેખાવ માંસનો છે. 'ચૂડેલ' સમજતે હો? ભૂતડી હોતી હૈ ન ભૂતડી, વ્યંતરી, વ્યંતરણી. કહા થા ન એક બાર. હમ પાલેજ ગયે. ૫૯કી સાલકી બાત હૈ. સંવત ૫૯. કિતને વર્ષ હુએ? ૬૯. સંવત ૫૯, આસો માસ. ૫૯ નહીં, ૬૯ (થયા). પહલી બાર ગયે થે છોટી ઉંમરમેં. હમારે પિતાજીકી દુકાન થી વહાં. આસો મહિનેકી પૂનમ થી. ચંદ્ર ખીલા થા. હમારી તો છોટી ઉમ્ર ૧૩-૧૪ વર્ષકી ઉમ્ર. હમ પહલી બાર બાહર નિકલે દેશમેંસે. કભી બાહર નિકલે નહીં થે.

ત્યાં નજીક છે અમારે ત્યાં. હજી અત્યારે મકાન છેને ભાઈ. મનસુખભાઈના મકાન. ત્યાં એ બાઈયું કોઈક રાસડા લેતી હતી. 'રાસડા' સમજતે હો? ગરબા. મૈં પૂછ્યું, આ કોણ છે? ત્યારે એ લોકોએ એવું કહ્યું. આ તો બાળક છેને નાની ઉંમરનો. એ ચુડેલ છે ત્યાં ન જવાય આપણે. એ પંડિતજી! નાની ઉંમર, શરીર સુવાળું, કૂણું–કોમળ બહુ, ૧૩ વર્ષની ઉંમર. સાડા

૧૩ વર્ષની હશે. ચુડેલ છે ત્યાં, એ રાસડા લે છે. આપણે જવાય નહીં ત્યાં. પછી ઘણા વર્ષે જોયું. માલ લેવા... આ તો ત્યાંના માણસોની બાઈયું છે. રાસડા લેતી હતી.

અહીં તો કહે છે, આ સુંદર શરીર એ સાક્ષાત્ ચુડેલ છે. એની સામું જોવાલાયક છે નહીં. આહાહા! સમજમેં આયા? સુંદર સ્ત્રીકે સામને દેખનેસે યે ચુડેલ તેરા સ્વરૂપ હર લેગી. આહાહા! એ **સુંદર કામિની, કાંચન**–સોનું **આદિ સમસ્ત પરદ્રવ્ય...** આદિ સમસ્ત પરદ્રવ્ય. પછી વિકલ્પ આદિ સબ. **પરદ્રવ્ય-ગુણ-પર્યાયોંકે પ્રતિ મમકારકો મૈં છોડતા હૂં.** આહાહા! શુભવિકલ્પ ઉઠે ભગવાનકા સ્મરણકા, વહ ભી વિભાવ હૈ. ભારે કામ ભાઈ! આકરું કામ માણસને. ભાઈ! તારી ખબર નથી તને. તેરી મહિમાકી તુજે કિંમત નહીં, તારી મોટપની તને ખબર નથી. ઐસા ભગવાન પૂર્ણાનંદકા નાથ ઉસકા આશ્રય લેકર મૈં સર્વ મમકારકો છોડતા હૂં. સમજમેં આયા? મમકાર મૈં છોડતા હૂં.

**પરમોપેક્ષાલક્ષણસે લક્ષિત...** કૈસા હૈ આત્મા? પરમોપેક્ષાલક્ષણસે લક્ષિત. **નિર્મમકારાત્મક આત્મામેં...** નિર્મમત્વ... નિર્મમત્વસ્વરૂપ. નિર્મમત્વકા લક્ષણ પરમ ઉપેક્ષા. પરમ ઉપેક્ષા. ભગવાન આત્મામેં પૂરે સંસાર ને વિકલ્પકી ઉપેક્ષા હૈ. સમજમેં આયા? વસ્તુ ભગવાન આત્મા ચૈતન્યચમત્કારકી પરમ નિર્મમસ્વરૂપ મૂર્તિ ઉસમેં પરકી ઉપેક્ષા હૈ. જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે ઉસ ભાવકી ભી ઉપેક્ષા હૈ. ઉસમેં મેરા ભી મમકાર નહીં. આહાહા! ભારે કઠણ ભાઈ! એમાં જુવાન શરીર હોય ૨૦-૨૦ વર્ષના અને રૂપાળા, આંખ્યું મોટી આમ, ચૂરમાના લાડવા ત્રણ-ત્રણ ચડાવતા હોય અને બાયડી હોય અનુકૂળ, રૂપાળી ને આમ-આમ કરતી હોય આંખ્યું. આહાહા! એય! શું છે? ક્યા હૈ? ક્યાં ગયો? ભગવાન પૂર્ણાનંદના નાથનો સંગ છોડીને ક્યાં ગયો તું? સમજમેં આયા? આહાહા! કૈસા હૈ? ભાષા કૈસી હૈ?

મમતાકો છોડતા હૂં. નિર્મમસ્વરૂપ જો આત્મા પરમોપેક્ષાલક્ષણ નિર્મમકારાત્મક–નિર્મમસ્વરૂપ આત્મા... ભગવાન આત્મામેં તો વિકલ્પ મેરા હૈ ઐસી ચીજ હી નહીં. આહાહા! સારા ઉદયભાવ મેરા હૈ યે વસ્તુમેં હૈ નહીં. વસ્તુ મમકારકી ઉપેક્ષા સહિત હૈ, અપેક્ષા સહિત નહીં. સમજમેં આયા? ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, જિસ ભાવસે મહાવ્રત પલે ઉસ ભાવસે ભી ઉપેક્ષિત હૈ. આહાહા! અપેક્ષિત નહીં. આહાહા! શ્રીમદ્‌માં આવે છે એક ઠેકાણે. વાણીની કિંમત કરવા જાય ત્યાં મારી કિંમત થઈ જાય છે. આહા! 'આત્માથી નિજ મતિ મપાણી..' સાચી વાત છે. એમ ભગવાનનું માપ કરવા જતાં, તું માપ કરીશ તો નહીં મપાય. કેવી રીતે કરીશ?

બાહરકી ચીજ આકર્ષક માનતા હૈ. ધૂળેય નથી. આહાહા! આ સુમનભાઈને ઘરે આવેને, આઠ હજારનો પગાર ને પગ દાબે આમ. આકર્ષક હશે? એય! ઓલો મોટો ઓફિસર. આઠ હજારનો પગાર મહિનાનો હોં. એનો એક દીકરો છેને. માસિક આઠ હજાર. શું કહેવાય ઓલો? ઉડતો ઘોડો. શું કહેવાય એ? તેલ કહેવાયને? શું કહેવાય એ? પેટ્રોલ. પેટ્રોલ એમાં..... અમેરિકા. એમાં એ પોતે ઓફિસર છેને. અડતાલીસ વર્ષ થયા હશે. આઠ હજારનો માસિક

પગાર. એ આવીને બાપુજી.. બાપુજી.. કરે. પગ તો એના નથી, પણ પગ દાબે. એ ભગવાનજીભાઈ! આહાહા!

એક ફેરી વાત આવે છેને શંકરાચાર્યની. પેશ્વા. પેશ્વો હતોને રાજા. શંકરાચાર્ય એને ઘરે આવેલા. આમ બ્રહ્મચારી હતા, પણ દ્રષ્ટિફેર. વેદાંતની એ દૂસરી બાત.... પણ એ આવેલા. ઓલો પગ ધોવે પેશ્વો. શંકરાચાર્ય બેઠા. ... એ પેશ્વો રાજા હોં મોટો રાજા પગ ધોવે. શું આવ્યું? પેશ્વાને... આહાહા! કેટલા ભાગ્યશાળી આપ! પેશ્વો પગ ધોવે આપના. અરે પેશ્વા! શંકરાચાર્ય કહે, અમારા તત્ત્વજ્ઞાનના સુવિચારોમાં કાંઈક ગાંઠ પડી હોય, એના વિચારમાં અમે હોઈએ અને એનો ઉકેલ થાય એ વખતના આનંદ આગળ તારા આનંદને કોણ ગણે? ચાલને. પેશ્વો પગ દાબે. આહાહા! પગ ધોવે. મોટો રાજા કરોડોનો તાલુકાદાર. શું કહેવાય? મહારાષ્ટ્રનો.

ઓલાને એમ થઈ ગયું કે આહાહા.. શંકરાચાર્ય કેટલા ભાગ્યશાળી છે! રાજા પણ જેના પગ ધોવે છે. મારા પગ ધોવે મોટા લાખોપતિઓ. એના (શંકરાચાર્યના) પગ હું ધોઉં છું. જરીક દાંત આવ્યા. શું છે પેશ્વા? કેટલા ભાગ્યશાળી. અરે! ચાલ ચાલ તારા... અમારા તત્ત્વના વિચારમાં કોઈ ગૂંચ પડી હોય અને ખુલાસો ન થતો હોય, શિષ્યપરિવાર સહિત એના મંથનમાં બેસીએ અને એ મંથનમાં ખુલાસો થાય અને એ વખતે અમને જે આનંદ આવે એ તારી (સેવામાં) ધૂળમાં નથી, સાંભળને! એ વિકલ્પાત્મક આનંદ છે. એ બહારની વાત છે. સમજમેં આયા?

આ તો ભગવાન આત્મા, આહાહા! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એના ઘરમાં જતાં જે આનંદનો એક પળનો સ્વાદ આવે, એની આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો સડેલા તરણા લાગે. મીંદડા ને કૂતરા સડ્યા હોય ને ગંધાય, એવા ઇન્દ્રના-ઇન્દ્રાણીઓના સુખ ભગવાનના આનંદ આગળ દેખાય. આહાહા! સમજાય છે કાંઈ? બાપુ! ધર્મ એ કોઈ સાધારણ ચીજ નથી. આહાહા! ઓહો! **પરમોપેક્ષાલક્ષણસે લક્ષિત નિર્મમકારાત્મક આત્મા**... ભગવાન આત્મા.. આહા! એને આત્મા કહીએ કે જેમાં આખા સંસારની ઉપેક્ષા વર્તે છે. સમજાય છે કાંઈ? આહાહા! ઇન્દ્રના ઇન્દ્રાસનના સુખની કલ્પનાની પણ ઉપેક્ષા છે ત્યાં. એવો ભગવાન સાહ્યબો ચૈતન્ય પ્રભુ સત્‌સાહેબ. એય પ્રકાશદાસજી! કબીરમાં કહે છેને સત્‌સાહેબ. સત્‌સાહેબ આ આત્મા હોં.

એવો સત્‌-શાશ્વત સાહ્યબો, કહે છે, એવા આત્મામાં **સ્થિત રહકર...** આહાહા! આકર્ષણ થયું હવે એને. સમજાય છે કાંઈ? આમ પરમાં જે આકર્ષણ હતું, એ ભગવાનમાં આકર્ષણ કર્યું હવે. એમાં સ્થિર થયો. પૂર્ણાનંદનો નાથ આત્મા, જેની પાસે ઇન્દ્રના સુખો પણ સડેલા તરણા, સડેલા મડદા જેવા દેખાય. આહાહા! એવો અમૃતનો સાગર ભગવાન (એમાં), કહે છે કે **સ્થિત રહકર તથા આત્માકા અવલમ્બન લેકર...** આહાહા! 'સ્થિત રહકર'માં આત્માનું અવલંબન (કહેવું છું) એમ પાછું. ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ ઉસકા અવલંબન લે. સમજમેં આયા? તુમ ઐસી ચીજ નહીં કિ પરકા આલંબન પહલે હો તો નિજ આલંબન હોતા

હૈ. ઐસા તુમ હૈ નહીં. આહાહા! સમજમેં આયા? અલિંગગ્રહણમેં આયા હૈ. અપને સ્વભાવસે જાનનેમેં આતા હૈ ઐસા પ્રત્યક્ષ જ્ઞાતા ભગવાન હૈ. આહાહા! અરે! કેમ બેસે? એક સરખી દાળ ન હોય, અડદની–ઉડદની દાળ ને છાશ સરખા ન હોય, ત્યાં ઉડે ઢીંચણીયા.

શ્રોતા : હવે તો ખુરશી-ટેબલ પર બેસે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ખુરશી-ટેબલ ઉપર (બેસે). તમારે અહીંયા લપ કરવાનું છે. કોઈક કહેતું હતું કે અહીં ટેબલ લાવવાના છે સમિતિમાં. કોઈક કહેતું હતું. કોણ કહેતું હતું? રામજીભાઈ કહેતા હતા? બીજું કોઈક કહેતું. અહીં તો કોઈક કહે ત્યારે સાંભળીએ. એક જણો કોઈક કહેતું આપણમાંનું. રામજીભાઈ કે.... કોણ હતું? હવે તો ટેબલ ને ખુરશીયું આવવાની છે. આહાહા! ઉપર પંખા ફરવાના છે. અહીં પરણવા આવ્યો હશે? એ શેઠ! ...... તમારી સમિતિ છેને રસોડું, ત્યાં મહેમાન માટે ખુરશીયું ને પંખા લાવવાના છે. આ તમારા જેવા બેસે તો કેવી રીતે બેસાડવા? આહાહા! જાનમાં આવ્યા હશે અહીં? જાન સમજતે હો? લગન.. લગન હોતા હૈ ન. દુલ્હેકી જાન નહીં હોતી? જાન હોય એની તો સગવડતા હોય. યહાં ધર્મ સુનનેકો આયે હો કિ જાન હૈ યહાં? આહાહા!

અહીં તો ભગવાન ત્રણ લોકનો નાથ પરમાત્મા અંદરનું આલંબન લેને નાથ! તું એવો છો ભાઈ! તને તારા આલંબનમાં પરની અપેક્ષા નથી પ્રભુ! તું એવો નથી પાંગળો, આહાહા! કે બીજા ભગવાનનો આશ્રય લે તો પ્રાપ્ત થાય એવો તું નથી હોં. ઐસા તું નહીં નાથ! તારી જુદી ચીજ છે, પણ તને ખબર નથી. સમજાય છે કાંઈ? એ ચૈતન્યહીરલો અંદર પડ્યો, પ્રભુ! ઉસકા તેરી પર્યાયમેં–અવસ્થામેં આલંબન લે. આહાહા! આચાર્ય મુનિ તો અંદરમેં આહ્લાદમેં આ જાતે હૈં. '**સ્થિત રહકર.. આત્માકા અવલંબન લેકર**' બે શબ્દ પડ્યા છેને. **णिम्ममत्तिमुवट्ठिदो** ને **आलंबणं,** એમ. એટલે જુદા પડ્યા છે. આહાહા! એકલો જુદો પ્રભુ, દેહદેવળમાં રાગના રજકણ ને રાગનો ભાવ એની પાછળ પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે.

અરે, કેમ બેસે? એક બીડી વિના ચાલે નહીં, તમાકુ વિના ચાલે નહીં. બે બીડી-સીગરેટ પીવે ત્યારે પાયખાનામાં દિશા ઉતરે. આહાહા! આ તે ક્યાં ચડી ગયો? સમજમેં આયા? ભગવાન! તું ઐસા નહીં હોં. જેમ હોળી ને હુતાશણીમાં ઘોડાના, ગધેડાના લીંડા ચોપડે છે, એમ પરની ઉત્સાહદશામાં તારા આત્માને ગધેડાના લીંડા ચોપડે એવું છે ભાઈ! સમજમેં આયા? ભાઈ! તારી પ્રભુતા અમે વાણીમાં કહી શકીએ એવી નથી ભાઈ! આહાહા! સર્વજ્ઞની વાણીમાં પણ તારી પ્રભુતા (આવે નહીં). વાણી શું કહે? વાણી જડ નીકળે. આ વાણી જડ, ભગવાન ચૈતન્ય. એની વાત વાણી શું કરી શકે? ભાઈ! તેરા આલંબન લે. આહાહા! **આલંબન લેકર, સંસૃતિરૂપી સ્ત્રીકે સંભોગસે ઉત્પન્ન...** સંસારરૂપી સ્ત્રી એની એકાગ્રતાથી ઉત્પન્ન **સુખ દુઃખાદિકી** કલ્પના **અનેક વિભાવરૂપ પરિણતિકો મૈં પરિહરતા હૂં.** મૈં મેરા આલંબન લેકર સબ વિકલ્પકો છોડતા હૂં ઉસકા નામ મોક્ષ ને ધર્મમાર્ગ હૈ. વિશેષ કહેંગેં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## ભાદરવા સુદ ૧૧, મંગળવાર, તા. ૧૯-૯-૧૯૭૨
## શ્લોક-૧૩૪, ગાથા-૧૦૦, પ્રવચન નં. ૧૦૧

દસલક્ષણીપર્વકા આજ સાતવાં દિન હૈ. દો-તીન દિન ... હો ગયા ન. તપકા લક્ષણ ક્યા? સાતવાં દિન તપકા દિન હૈ. (પદ્મનંદિ પંચવિંશતિ, પાનું-૪૯)

**कर्ममलविलयहेतोः बोधदृशा तप्यते तपः प्रोक्तम् ।**
**तद् द्वेधा द्वादशधा जन्माम्बुधियानपात्रमिदम् ॥९८॥**

**સમ્યગ્જ્ઞાનરૂપી દ્રષ્ટિસે...** કહતે હૈં, પહલે તો ભગવાન આત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદકા સમ્યગ્જ્ઞાન હોના ચાહિયે, પીછે તપ હોતા હૈ. સમજમેં આયા? સમ્યગ્જ્ઞાન કિયા હો, રાગકી મંદતા જિતની હો ઉતના પુણ્ય બંધતા હૈ, પણ ધર્મ... પહલે **कर्ममलविलयहेतोः बोधदृशा..** ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકા પુંજ પ્રભુ આત્મા ઉસકા અંતરબોધ પહલે હોના ચાહિયે. **बोधदृशा** છેને. પીછે **तप्यते तपः प्रोक्तम्..** બાર પ્રકાર, દો પ્રકાર આદિ તપ જો હૈ (વહ) પીછે હોતા હૈ. **तद् द्वेधा द्वादशधा जन्माम्बुधियानपात्रमिद्म...** સંસારસમુદ્રકો પાર કરનેકે લિયે જહાજકે સમાન ચારિત્ર તપ હૈ. અંતર સ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકા સાગર, ઉસમેં અંતરમેં લીન હોનેસે જો અમૃતકા અનુભવ વિશેષ હોતા હૈ ઉસકો યહાં તપ કહતે હૈં. એ તપ સંસારસમુદ્રના પાર કરવા માટે જહાજ છે. વહાણ.. વહાણ. આહાહા!

ચોરાશીના અવતાર... બૂડે છે ચોરાશીના અવતારમાં. એ સંસારમાં દુઃખના ગળકા ખાય છે. દુઃખી હૈ દુઃખી. પ્રાણીયોં આત્માકે ભાન બિના દુઃખી હૈં, દુઃખમેં શિકતે હૈં, જલતે હૈં. ઉસકો ઉગારનેકે લિયે અપના ભગવાન આત્મા ઉસકી કિંમત કરકે... વહ શબ્દ આયા થા ન સવેરમેં? ભાઈ! અણમોલ... વહ આતા હૈ તારણસ્વામીમેં. અણમોલ દ્રષ્ટિ કરના ચાહિયે. એ તો કાંઈ ખબર નહીં. શેઠ! અણમોલ દ્રષ્ટિ (અર્થાત્) જિસકી કિંમત નહીં, ઐસા અણમોલ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન... સ્વભાવ ભગવાન પૂર્ણાનંદ પરમાત્મા આનંદકા ધામ ચિદ્ધામ ઐસી અપની ચીજ ઉસકા જ્ઞાન-દર્શન કરના યે અણમોલ ચીજ હૈ. સમજમેં આયા? શેઠ! તારણસ્વામીમેં શબ્દ પડા હૈ 'અણમોલ'. ખબર નહીં ને એમને એમ હાંકે રાખે ગાડાં. યહાં કહતે હૈં, દો પ્રકાર સામાયિકકા તપ કરના.

**कषायविषयोद्भटप्रचुरतस्करौघो हठात्**
**तपः सुभटताडितो विघटते यतो दुर्जयः ।**
**अतो हि निरुपद्रवश्चरति तेन धर्मश्रिया**
**यतिः समुपलक्षितः पथि विमुक्तिपुर्याः सुखम् ॥९९॥**

**मिथ्यात्वादेर्यदिह भविता दुःखमुग्रं तपोभ्यो**
**जातं तस्मादुदककणिकैकेव सर्वाब्धिनीरात् ।**
**स्तोकं तेन प्रभवमखिलं कृच्छ्र लब्धे नरत्वे**
**यद्येतर्हि, स्खलति तदहो, का क्षतिर्जीव ते स्यात् ॥ १०० ॥**

પીછે આચાર્ય કહતે હૈં, **ક્રોધાદિ કષાયરુપી ઉદ્ધત તથા પ્રબલ ચોરોંકા સમૂહ દુર્જય હૈ અર્થાત્ સાધારણ રીતસે જીતનેમેં નહીં આ સકતા, તો ભી જિસ સમય તપરૂપી પ્રબલ યોદ્ધા ઉસકે સામને આતા હૈ**.. આહાહા! વિકારભાવ, મિથ્યાત્વ ને રાગદ્વેષાદિભાવ જીતનેમેં તો તપ એક યોદ્ધા હૈ. આ તપની વ્યાખ્યા કે અતીન્દ્રિય આનંદસ્વભાવમેં લીન હોના. આહાહા! સમજમેં આયા? ઉસસે તપરૂપી યોદ્ધા કષાયકો જીત લેતા હૈ ઔર અપની મુક્તિપુરીમેં જાતા હૈ. હૈ ન વહાં? **विमुक्तिपुर्याः सुखम् याति**.. મુક્તિરૂપી પુરીમેં સુખસે, ધર્માત્મા આનંદ કરતે-કરતે મુક્તિપુરીમેં જાતા હૈ. મિથ્યાત્વ આદિ **સમુદ્રકી અપેક્ષા જલકા કણ અત્યંત છોટા હોતા હૈ, ઉસી પ્રકાર તપકે કરનેસે (તુજે બહુત) થોડે દુઃખકા અનુભવ કરના પડે**... દુઃખ તો હૈ નહીં, પણ જરી વાત કરી છે. **જિસ સમય મિથ્યાત્વકે ઉદયસે**... ઓહો! ભગવાન આત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદકા નાથ ઉસકા અનાદર કરકે પુણ્ય-પાપકા પ્રેમ કરના વહ મહા મિથ્યાત્વ હૈ. સમજમેં આયા?

મિથ્યાત્વસે **તું નરક જાયેગા, ઉસ સમય તુજે અનેક પ્રકારકે છેદન-ભેદન આદિ અસહ્ય દુઃખોકા સામના કરના પડેગા તો ભી તું ન જાને તપસે ક્યોં ભયભીત હોતા હૈ?** ચારિત્રરૂપી તપ, ઇચ્છાનિરોધરૂપી તપ, અંદરમેંસે આનંદરૂપી આત્માકા ઉછલના ઐસે તપસે ક્યોં ભયભીત હોતા હૈ? ભગવાન! તેરા આત્મા તેરેમેં પરિપૂર્ણ પડા હૈ. સમજમેં આયા? તેરા પ્રભુ તેરેમેં જાગ સકે તો જાગ. તેરા પ્રભુ તેરેમેં જાગ સકે તો જાગ. તું હી પ્રભુ હૈ ભગવાન! તુજે ખબર નહીં તેરી. પામર ઇન્દ્રિયના વિષયો ને કષાયમાં જાય છે. પામર હૈ, વહ ભિખારી હૈ. અપની કિંમત કરતા નહીં. અપની કિંમત કરનેમેં પરકી કિંમત હટ જાતી હૈ. ઐસી આત્મામેં લીનતા હૈ ઉસકો યહાં ભગવાન તપ કહતે હૈં. યે તપકા ધર્મ આજ હૈ. હવે ચાલતો અધિકાર. આયા હૈ ન ૯૯ ગાથા. સમયસારકા કલશ આયા કલશ.

**ઇસીપ્રકાર (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચન્દ્રસૂરિને (શ્રી સમયસારકી આત્મખ્યાતિ નામક ટીકામેં ૧૦૪વેં શ્લોક દ્વારા) કહા હૈ કિ :**

**निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल**
**प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः संत्यशरणाः।**
**तदा ज्ञाने ज्ञानं प्रतिचरितिमेषां हि शरणं**
**स्वयं विंदंत्येते परमममृतं तत्र निरताः॥**

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વર હોનેકી કલા બતાતે હૈં. સમજમેં આયા? તું શક્તિરૂપ–સ્વભાવરૂપ પરમેશ્વર હૈ હી. સમજમેં આયા? શક્તિરૂપ પ્રભુ તું પૂર્ણ હૈ, પરમાત્મા હી હૈ. ઉસકી પર્યાયમેં પરમેશ્વર હોનેકી કલા બતાતે હૈં. આહાહા!

કહતે હૈં, **શ્લોકાર્થ : શુભ આચરણ કર્મ...** દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકા શુભભાવ વહ પુણ્યરૂપ આચરણ હૈ, વહ ધર્મ નહીં. 'શુભ આચરણરૂપ કર્મ' ઐસા હૈ ન. શુભ આચરણરૂપ કર્મ. વ્રત, તપ આદિરૂપ ભાવ જો વિકલ્પ હૈ શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા યે શુભ આચરણરૂપ કર્મ–વિકારી કાર્ય હૈ. અશુભ આચરણરૂપ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના યે **અશુભ આચરણરૂપ કર્મ** હૈ. **ઐસે સમસ્ત કર્મોંકા નિષેધ કિયા જાને પર...** ભગવાનને તો દોનોં કર્મકા–કાર્યકા નિષેધ કિયા હૈ. દોનોં ધર્મ નહીં. સમજમેં આયા? આહાહા! શુભ ને અશુભ દોનોં ભાવ.. દોનોં ભાવ બંધકા કારણ હૈ. ભગવાનને નિષેધ કિયા હૈ. તો કહતે હૈં, નિષેધ કિયા તો મુનિકો શરણ ક્યા? દોનોં આચરણકા તો નિષેધ કિયા કિ વહ ધર્મ નહીં, તો શ્રાવકકો ઔર મુનિકા ધર્મ ક્યા? ઉસકો આચરણ ક્યા કરના? વહ કહતે હૈં.

**ઔર ઇસપ્રકાર નિષ્કર્મ અવસ્થા વર્તને પર...** આહાહા! ભગવાન આત્મા પુણ્ય ને પાપકે રાગસે નિવૃત્ત હોકર... સમજમેં આયા? શુભ-અશુભભાવસે નિવૃત્ત હોકર... તબ કરના ક્યા? તો કહતે હૈં, અંદર ભગવાન નિષ્કર્મ વસ્તુ અપની હૈ ઉસકી નિષ્કર્મ અવસ્થા કરના. આહાહા! ભગવાન આત્મા અંદરમેં પુણ્ય-પાપકે રાગસે રહિત પ્રભુ બિરાજતા હૈ. તેરા નાથ તેરે પાસ હૈ, તેરા પ્રભુ તેરેમેં હૈ. આહાહા! તેરા સાહિબા તેરેમેં હૈ. તેરો સાહેબ કહીં દૂસરી (જગહ) હૈ નહીં. ઐસા અંતર ભગવાન આત્મા અનંત આનંદ ને અનંત જ્ઞાનસે બિરાજમાન પ્રભુ હૈ, ઉસમેં એકાગ્ર હોનેસે નિષ્કર્મ અવસ્થા હોતી હૈ. સમજમેં આયા? આહાહા! ભારે કામ ભાઈ! અહીં તો વ્રત, તપ ને, ભક્તિ ને પૂજા ને દાન ને દયા એ ધર્મ. પોકાર કરતે હૈં.

યહાં કહતે હૈં કિ ભગવાન યે તો શુભ-અશુભ આચરણ હૈ ન પ્રભુ! તેરે સ્વભાવકા આચરણ યે નહીં. તું ક્યા હૈ તુજે ખબર નહીં નાથ! તું તો પરમાનંદ જ્યોતિ, જ્ઞાનકી પૂર્ણ જ્યોતિ, જળહળજ્યોતિ બિરાજતી હૈ અંદરમેં. નિષ્કર્મ અવસ્થા.. પુણ્ય-પાપકે વિકલ્પકો છોડકર ભગવાન આત્મામેં એકાગ્ર હોના વહ નિષ્કર્મ અવસ્થા હૈ. પુણ્ય-પાપરૂપી કર્તવ્યસે રહિત નિષ્કર્મદશા હૈ. નિષ્કર્મદશા વહ ધર્મ હૈ. આહાહા! સમજમેં આયા? નિષ્કર્મ અવસ્થા વર્તને પર **મુનિ કહીં અશરણ નહીં હૈ...** આહાહા! શુભ-અશુભભાવકા આશ્રય અથવા લક્ષ છોડકર અપના ભગવાન આત્મા પૂર્ણાનંકા નાથ પ્રભુ સહજાનંદકી મૂર્તિ આત્મા હૈ, (ઉસકે) આનંદમેં રહના વહ શરણ હૈ, ધર્મીકો આત્મા શરણ હૈ. પુણ્ય ને પાપરૂપી ભાવ શરણ નહીં. આહાહા! સમજમેં આયા?

**મુનિ કહીં અશરણ નહીં હૈ, (કારણ કિ) જબ નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ અવસ્થા) વર્તતી હૈ...** અહો! શુભ ને અશુભ વિકલ્પ જો રાગ હૈ ઉસસે હઠકર જબ ભગવાન અપને સ્વરૂપમેં એકાગ્ર હોતા હૈ, તબ નિષ્કર્મ નામ પુણ્ય-પાપકે રાગ બિનાકા દશા ઉત્પન્ન હોતી હૈ. ઉસ અવસ્થામેં **રમણ કરતા હુઆ–પરિણમન કરતા હુઆ જ્ઞાન હી ઉન મુનિયોંકો શરણ હૈ**. આહાહા! શ્રાવક ને મુનિયોંકો વહ શરણ હૈ. આહાહા! 'અરિહંતા શરણં, સિદ્ધા શરણં' આતા હૈ કિ નહીં? વહ તો સબ વિકલ્પકી બાત હૈ. ભગવાન! તેરા શરણ અંદર પરમાત્મા બિરાજતા હૈ. તુજે કિંમત નહીં, તુજે ખબર નહીં. તું કૈસા હૈ, કહાં હૈ, કૈસે હૈ (ઉસકી) ખબર નહીં. તેરા નાથ આત્મા અંદર આનંદસ્વરૂપમેં બિરાજતા હૈ. ઉસ તરફકી એકાગ્રતા હોનેસે નિષ્કર્મદશા (હોતી હૈ). આહાહા!

તબ નિષ્કર્મ નામ પુણ્ય-પાપકે ભાવસે રહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી નિષ્કર્મદશા ઉસમેં **રમણ કરતા હુઆ–પરિણમન કરતા હુઆ જ્ઞાન હી ઉન મુનિયોંકો શરણ હૈ...** ધર્મીયોંકો–ધર્મીજીવકો ભગવાન આનંદ ને જ્ઞાનસ્વરૂપી પ્રભુ વહી એક શરણ હૈ. આહાહા! ભગવાન ભી શરણ નહીં. સમજમેં આયા? તારો ભગવાન પરમાનંદની મૂર્તિ પ્રભુ (એની) તને ખબર નથી. ચૈતન્યચમત્કાર હીરા ભરા પડા હૈ અંદર. આહાહા! સમજમેં આયા? તો શ્રાવકકો... આમાં મુનિ લીધા છે. ભાઈએ બેય લીધા છે સમયસાર નાટકમાં. શ્રાવક ને મુનિ બેય લીધા છે. બેય સંયમી છે. સંયમીકો ભી આત્માકા જ્ઞાનાનંદ સ્વરૂપ વહી શરણ હૈ. આહાહા! સમજમેં આયા? ઐસે સમ્યગ્દૃષ્ટિકો ભી આનંદસ્વરૂપ ભગવાન હી શરણ હૈ. આહાહા!

સારી દુનિયા અશરણ હૈ. અરે! ભીખારીની જેમ માગે છે, લાવો પૈસા, લાવો આબરૂ, લાવો વિષયનો ભોગ. અરે રાંકા પામર! તેરી પ્રભુતાકો છોડકર યે પામરતાકે પ્રવાહમેં ક્યોં ગયા? એકવાર છોડ તો ખરો. આહાહા! સમજમેં આયા? ભગવાન.. આહાહા! આત્માકો 'ભગવાન' તરીકે સંબોધન કરતે હૈં. પ્રભુ! તેરી પ્રભુતાકા પાર નહીં નાથ! તેરી શક્તિમેં–તેરે ગુણમેં–તેરે સ્વભાવમેં હૈ ઉસ તરફ જા ન. વહ તેરા શરણ હૈ. આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિ આદિકા પરિણામ શરણ નહીં. વહ તો રાગ હૈ. ત્રણ લોકના નાથ પરમાત્મા તીર્થંકરદેવ પણ તારે માટે શરણ નથી. તારે માટે એ શરણ નથી. શેઠ! આહાહા!

એક અનુકૂળ જ્યાં પૈસા પાંચ-પચ્ચીસ લાખ મળે ત્યાં રાજી-રાજી થઈ જાય. આહાહા! આ પામરને પ્રભુતા કેમ બેસે? અંદરની પ્રભુતા, સિદ્ધની લક્ષ્મી કરતાં પણ અનંતગુણી પ્રભુતા અંદર પડી છે. સમજમેં આયા? અરે! તું ક્યા હૈ, પ્રભુ! તું કૌન હૈ? તું તો જ્ઞાનસ્વરૂપી, આનંદ-સ્વરૂપી પરમાત્મા હૈ. આહાહા! યે પુણ્ય-પાપમેં વર્તના વહ તો બહિરાત્મા હૈ. સમજમેં આયા? ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, નિત્યાનંદકે સ્વભાવસે ભરા પ્રભુ, ઉસ તરફ જાનેસે તુજે શરણ હૈ

આત્મા. પુણ્ય-પાપકા બાહ્ય-આચરણ છોડા ઇસલિયે (આત્મા) અશરણ હૈ ઐસા હૈ નહીં. સમજમેં આયા?

ભાઈ! હમેં કરના ક્યા? (રાગકો) તો તુમને બંધકા કારણ બતાયા. વ્રત, પાલના, દયા કરની, ભક્તિ કરના, પૂજા કરના, તુમ તો કહતે હો કિ યે તો બંધકા કારણ હૈ, રાગ હૈ. આચરણ કરનેકી ચીજકો તુમને રાગ બતાયા. તો હમેં આચરણ કરના ક્યા? એ મગનભાઈ! ભગવાન! તેરા આચરણ તેરેમેં હૈ. તેરે આચરણમેં તેરા પ્રભુ શરણ હૈ. સમજમેં આયા? પુણ્ય-પાપમેં (રમના) વહ આચરણ તેરા નહીં, યે તો વિભાવિક આચરણ હૈ, અધર્મ આચરણ હૈ. આહાહા! સમજમેં આયા? તેરે ધર્મકે આચરણમેં તેરા ધર્મી પરમાત્મા આચરણ, શરણ હૈ. આહાહા! વાત સાંભળી ન હોય એની મેળાએ. એ ભીખાભાઈ! જ્યાં હોય ત્યાં ભીખ માગ્યા કરવી.

તું એક દેહમંદિરમેં પરમાત્મા સ્વયં સાક્ષાત્ પરમાત્મા હૈ. ઉસ પરમાત્માકા તુજે શરણ મિલેગા. આહાહા! વિકારસે હઠનેસે અશરણ નહીં, એમ કહતે હૈં. નિરાધાર નહીં. ભગવાન પૂર્ણાનંદકા નાથ અંદર આત્મા સ્વયં બિરાજતા હૈ. પુણ્યકી ક્રિયાસે હઠકર, ઉસકે શરણમેં તેરા આત્મા તુજે મિલેગા. આહાહા! ક્યાં છે કાંઈ સૂઝ પડતી નથી. એય ચીમનભાઈ! મારી નાખ્યા પણ. બહારના પૈસા, આબરૂ, દુકાન, વિષય, શરીર સુંદર ને બળદ જેવા શરીર હોય નિરોગી. આહાહા! અરે! એ તો જડ છે, પ્રભુ! એ કાંઈ તું નહીં હોં. રાગને મેરુપર્વતકો હિલા દિયા. ભગવાન વજ્રનો બિંબ પ્રભુ, ચૈતન્યવજ્રકા બિંબ, અરેરે! રાગકી રુચિમેં ઉસે હરા દિયા. સમજમેં આયા? આહાહા!

ભક્તિમાં આવ્યું હતુંને પરમ દિવસે. મેરુ પર્વતમાં, એમ કે ઇન્દ્રો આવ્યા ને મેરુપર્વતકો હિલા દિયા, તો ઉસમેં ક્યા હૈ, ઉસસે ક્યા હુઆ? આહાહા! સમજમેં આયા? ભગવાન આત્માકી કિંમત કરનેસે જગતકી કિંમત છૂટ જાતી હૈ. સમજમેં આયા? ઐસા તીન લોકકા નાથ તું પામર હોકર ક્યા કરતા હૈ? આહાહા! સમજમેં આયા? એકવાર છોડ તો ખરો નાથ! પુણ્ય ને પાપકા આચરણ છૂટનેસે તુજે શરણ નહીં રહેગા ઐસા નહીં હૈ. તુજે ભગવાનકા અંદરમેં શરણ મિલેગા. આહાહા! સમજમેં આયા? **પરિણમન કરતા જ્ઞાન હી ઉન મુનિયોંકો શરણ હૈ**... આહાહા! શ્રાવકકો ભી જ્ઞાનસ્વરૂપ ભગવાન શરણ હૈ. ભગવાન ત્રિલોકના નાથ 'અરિહંતા શરણં, સિદ્ધા શરણં' યે તો વ્યવહારસે બાત હૈ.

કહ્યું હતુંને ભાઈએ એકવાર. આપણે ઓલો ફોજદાર રાજકોટમાં હતાને. કોઈક પાંજરાપોળમાં હતા જયચંદભાઈ. હા, એ જયચંદભાઈ. બિચારા ધર્મ-બર્મ ... નહીં. ફોજદાર હતા. લખુભાઈ... હોશિયાર માણસ હતા. પછી છેવટે આ લોહીનું પાણી થઈ ગયું. બૈઠે થે. બુલાઓ મહારાજકો. મંગલિક સંભળાવો મહારાજ! એને ખાતરી હતી કે આ ફોજદારી–

બોજદારી એ કાંઈ નથી. .... મંગલિક સંભળાવ્યું. ડાહ્યો માણસ ને. મહારાજે મંગલિક કહ્યું, પણ મંગલિકનો અર્થ શું? હુશિયાર માણસ હતો હોં. અને છેલ્લે એમ થઈ ગયું હાય.. હાય! આ દેહ ચલા.. ચલા. પાણીના રેલાની પેઠે શરીર ચાલ્યું જાય છે. મૈં અકેલા રહૂંગા. આહાહા! સદર. સદરમાં પાંજરાપોળ છે. ...... પાંજરાપોળ છે. પાંજરાપોળ છે. એને એમ થઈ ગયું કે અરર! સાઈઠ-સાંઈઠ વર્ષ થઈ ગયા ફોજદારીમાં, ........ બેઠા હતા. પણ એક-બે દિ'ની તૈયારી (દેહ) છૂટવાની. માંગલિકમાં મહારાજ! શું કહ્યું? ભાઈ! મંગલિકમાં કહ્યું, ભગવાને જે આજ્ઞા કરી ધર્મની, એ અંતરમાં ધર્મમાં.... અંતરમેં રહના વહી ભગવાનકા શરણ ને વહી મંગલિક હૈ. ખુબ ડાહ્યો માણસ હતો.

મેં કીધું, બાપુ! કોઈ શરણ નથી. પાંચ-પચ્ચીસ લાખ એકઠા થયા, રાડ પાડને, એની પાસે પોકાર કર કે તારે માટે મૈં પાપ બહુ કર્યા, હવે શરણ દે. આહાહા! એય! એવો પાઠ છે શ્વેતામ્બરમાં. બહુ પાપ કરીને લક્ષ્મી એકઠી કરી હોય, મરતા ટાણે એમ પ્રાર્થના કર, હે લક્ષ્મી! તારે માટે મેં જિંદગી ગુમાવી, હવે કંઈ શરણ દે. એ પ્રવીણભાઈ! લક્ષ્મી કહે, તું મૂરખ મને શું કરવા તારી માને છો? હું ક્યાં તારી ચીજ છું? તેરી લક્ષ્મી તો તેરે પાસ હૈ. મૂર્ખ હોકર તુને મેરી માના ઔર અબ મેરે પાસ પ્રાર્થના કરતા હૈ. બડા મૂર્ખ હૈ. આહાહા!

આનંદઘનજીમાં આવે છે હોં. 'ચલો કાયા હમારે સંગ..' કાયાકો કહતે હૈં, અબ મૈં ચલતા હૂં આત્મા. હે કાયા! તારા માટે બહુ સંભાળ કરી, લાડુ ખાધા, સવારમાં ચા-કોફી, બપોરે લાડવા, વળી સેવ, સાંજે ખીચડી ને કઢી ને પાપડ. અત્યારે બીજું હશે. ભજીયા-બજીયા કરે સાંજે. ભજીયા સમજતે હો? સાંજે પકોડી લ્યોને, સાંજે પકોડી કરતા હોય. આહાહા! રેશમી લૂગડાં, બબ્બે રૂપિયાના સાબુ. ઘસીઘસીને ઘસી નાખ્યું, પાછું સડી ગયું. સમજમેં આયા? ચલો કાયા! અબ તો હમ જાતે હૈં હોં. અરે! કાયા કહે, મૂરખ હૈ? હમ કિસીકે સાથ ગયે હૈં? આનંદઘનજીમેં આતા હૈ. આહાહા!

યહાં તો પરમાત્મા ઐસે કહતે હૈં, તેરી પુંજીકા પાર નહીં નાથ! તને ખબર નથી ભાઈ! આહાહા! તેરી (બાહ્ય) પુંજીકી કિંમત કરતે-કરતે હાર ગયા જગતકા પ્રાણી. ઐસી (સ્વયંકી) કિંમત કી ઔર મુક્તિમેં ગયા. સમજમેં આયા? એક સ્વભાવ તુજે શરણ હૈ નાથ! પુણ્ય ને પાપકા આચરણ છૂટનેસે તુમ અશરણ નહીં. આહાહા! પણ કેમ બેસે? કોઈક ગુરુ તારી દે, દેવ તારી દે. એય! કોણ તારતું હતું? પ્રભુ! તરણતારણ તારો સ્વભાવ કહ્યો છેને. આહાહા! સમજમેં આયા?

કહતે હૈં, **વે ઉસ જ્ઞાનમેં લીન હોતે હુએ પરમ અમૃતકા સ્વયં અનુભવન કરતે હૈં...** આહાહા! ધર્માત્મા શુભાશુભ આચરણકી ક્રિયાસે હઠકર જ્ઞાનસ્વરૂપી ભગવાનમેં લીન હોનેસે અતીન્દ્રિય અમૃતકા અનુભવ કરતે હૈં. દેખો! શ્રાવકકો ભી કહા. ઉસકો શ્રાવક કહતે હૈં.

સમજમેં આયા? અંતર સ્વરૂપ ભગવાન, અંતરમેં જાતે અમૃતકા સ્વાદ આતા હૈ. અમૃતકા અનુભવ કરતે હૈં ઉસકો ધર્મ કહનેમેં આતા હૈ. આહાહા! સમજમેં આયા? કહો, પ્રકાશદાસજી! આ તો મરી જાય, અપવાસ કરો ને વ્રત કરો ને તપ કરો. હોય રાગની મંદતા, ....., પણ યે ધર્મકા સ્વરૂપ (નહીં). ભાઈ! સમજમેં આયા?

યહાં તો (કહતે હૈં), પુણ્ય ને પાપકા શુભાશુભરાગ દયા, દાન, વ્રત, તપકે વિકલ્પકા, પ્રભુ! આપ તો નિષેધ કરતે હો નાથ! તો હમેં કિસકા શરણ? પ્રભુ! તેરે પાસ પૂર્ણાનંદ નાથ પડા હૈ ન, ઉસકા શરણ લે. ઉસસે તુજે અમૃતકા અનુભવ હોગા. આહાહા! પુણ્ય-પાપકા અનુભવ, નાથ! તુજે ઝેરકા અનુભવ હૈ, કાળકૂટ ઝેરનો અનુભવ છે. આહાહા! સમજમેં આયા? પુણ્ય ને પાપકે પરિણામકા અનુભવ તો ઝેર હૈ. ભાઈ! ઝેરનો અનુભવ છોડ. જો તુજે સ્વરૂપકા શરણ લેના હો તો શરણ વહાં હૈ.. વહાં હૈ. નહીં હૈ ઐસા નહીં. નિત્યાનંદ પ્રભુ બિરાજતા હૈ. આહાહા! સમજમેં આયા?

શુભ-અશુભ આચરણકે પરિણામકા નિષેધ ભગવાનને કિયા કિ વહ ધર્મ નહીં, તો જ્ઞાની ધર્માત્મા અમૃતકા સ્વયં અનુભવ કરતે હૈં, આસ્વાદ લેતે હૈં. આત્માકે આનંદકા આસ્વાદ. આહાહા! સમજમેં આયા? અજ્ઞાની ઝેરકા આસ્વાદ લેતે હૈં. સમજમેં આયા? વિષયભોગકા ઝેરકા સ્વાદ હૈ, દયા, દાન, વ્રતકા પરિણામ ઝેરકા સ્વાદ હૈ. અરર! સમજમેં આયા? ઉસકા લક્ષ છોડકર પ્રભુ! તેરે પાસ પરમાત્મા હૈ ન તું. વહાં જા, તુજે અમૃતકે આનંદકા સ્વાદ આયેગા. આહાહા! ઉસ અમૃતકે સ્વાદકે આગે ઇન્દ્રકા ઇન્દ્રાસન સડા હુઆ મીંદડા... મીંદડા સમજતે હો? બિલ્લી. ગંધાય બિલ્લી અને કુત્તા સડેલા. ઇન્દ્રકે ઇન્દ્રાસનકા ભોગ ઐસા લગેગા તુજે. સમજમેં આયા?

આત્માકે શરણમેં અમૃતસ્વરૂપકા સ્વાદ આતા હૈ, તો સારી દુનિયાકા સ્વાદ ફીકા હો જાતા હૈ. ભલે ગૃહસ્થાશ્રમમેં હો... જુઓ! ... ગૃહસ્થાશ્રમમાં મૂક્યું છે, ઓલો કહે ના, એમાં હોય નહીં. ગૃહસ્થાશ્રમાં એવો ધર્મ શુદ્ધ ન હોય. એ તો મુનિ જેટલી શુદ્ધતા ગૃહસ્થાશ્રમમાં નથી એની ના પાડી છે. આહાહા! અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય કષાયકા અભાવ કરકે સ્વરૂપમેં લીનતા કી હૈ તો અમૃતકે આનંદકા ભોજન કરતા હૈ. નિત્યાનંદ ભોજી ભગવાન હૈ. આહાહા! સમજમેં આયા?

**ઔર ઇસ ૯૯વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્લોક કહતે હૈં :**

**अथ नियतमनोवाक्कायकृत्स्नेन्द्रियेच्छो**
**भववनधिसमुत्थं मोहयादःसमूहम् ।**
**कनकयुवतिवांच्छामप्यहं सर्वशक्त्या**
**प्रबलतरविशुद्धध्यानमय्या त्यजामि ॥ १३४॥**

અરે! **શ્લોકાર્થ : મન-વચન-કાયા સમ્બન્ધી ઔર સમસ્ત ઇન્દ્રિયોં સમ્બન્ધી ઇચ્છાકા જિસને નિયંત્રણ કિયા હૈ...** અધિકારમેં લે લિયા હૈ. ઉસસે કબ્જે નહીં હુઆ, એમ કહતે હૈં. આહાહા! ધર્માત્મા ઇચ્છાકે તાબેમેં નહીં હોતે. વે તો અપને સ્વભાવકે તાબે હોતે હૈં. ઈશ્વર સ્વરૂપ પરમાત્મા આત્મા પોતે–સ્વયં ઈશ્વર ભગવાન હૈ, ઈશ્વર હૈ. આહા! 'મેરો ધણી નહીં દૂર દિસંતર..' આતા હૈ. 'મેરો ધણી નહીં દૂર દિસંતર, મોહીમેં હૈ મોહિ સૂઝત નીકૈ.. મોહીમેં હૈ મોહિ સૂઝત નીકૈ.' (બંધ દ્વાર, પદ ૪૮). આહાહા! મેરા ધણી, મેરા ઈશ્વર તો મેરેમેં મૈં હૂં. ભાષા તો સમજાય એ રીતે આવે. આહાહા!

અરે! એક બીડી વિના ચાલે નહીં, તમાકુ વિના ચાલે નહીં, ઉની-ઉની રોટલી સરખી ન આવે તો ઢીંચણીયા ઉડે, એને આ કેમ બેસે? ઢીંચણીયા સમજતે હો? ખાતે વક્ત ટેકા મૂકતે હૈં ન. તમારે નહીં મૂકતા હોય. અમારે કાઠિયાવાડમાં છે. લકડેકા ઇતના હોતા હૈ. ભોજન કરતે વક્ત રખે. બે બાજુ ટેકા રાખે, કોઈ એક બાજુ રાખે. ઘણીવાર એક જ બાજુ હોય. લકડેકા ઇતના હોતા હૈ. દેખા નહીં? હમારે કાઠીયાવાડમેં બહોત હૈ. ઉસકો ઢીંચણીયા કહતે હૈં. ઢીંચણ હૈ ન ઢીંચણ, ઉસકો ટેકા દેનેકી ચીજ. આહાહા! પછી ભોજન કરે. એમાં સરખાઈનું ભોજન ન હોય અને દીકરીનો સાસરો–વેવાઈ કોઈ .. આવ્યો હોય અને અહીં ખીચડી બગડી ગઈ હોય. જુઓ! ધુંઆપુંઆ. ધાનના ધૂળ કરી નાખ્યા. માગો ત્યારે આપીએ છીએ. એ બેઠો હોય ત્યારે ન કહેવાય, પાછળથી કહે. એ ચીમનભાઈ! એવા હોય છેને સત્તાપ્રિય.

હું.. હું.. હું.. થતું હોય.... એય! જુવાન, પાંચ-પચ્ચીસ લાખની પુંજી, છોકરા ઠીક, બાયડી ઠીક, બધે ઠેકાણે હું.. હું.. ધૂળેય નથી, સાંભળને! બોકડા જેવો છો તું. ઘેટા મૈં મૈં કરતા હૈ ન ઘેટા. ઘેટા સમજતે હો? ઘેટા સમજતે હો? મેંઢા. એકબીજાને મૈં મૈં કરતે ચલતે હૈં. અજ્ઞાની રાગ ને પર મૈં.. મૈં.. કરતે ઘેટા જૈસા ચલતા હૈ. ભીખાભાઈ! આવું છે ભાઈ અહીંયા તો. અહીં કંઈ માખણ-બાખણ છે નહીં. અરે પ્રભુ! માખણકા પિંડ પડા હૈ ન નાથ! આહાહા! અતીન્દ્રિય આનંદકા દરિયા–સમુદ્ર પ્રભુ તેરી ચીજ હૈ. આ જા ન અંદરમેં, કહે છે. એકવાર સ્વાદ લેનેકો આ જા ન અંદર.

મુનિ કહતે હૈ, મૈં તો સબ ઇચ્છા છોડકર.. **અબ ભવસાગરમેં ઉત્પન્ન હોનેવાલે મોહરૂપી જલચર પ્રાણિયોંકે સમૂહકો તથા કનક ઔર યુવતીકી વાંછાકો...** સોનું અને જુવાન સ્ત્રીઓ એની વાંછા **અતિપ્રબલ વિશુદ્ધ ધ્યાનમયી સર્વ શક્તિસે છોડતા હૂં.** મૈં તો અંદરમેં ધ્યાન કરતા (હૂં તો યે) છૂટ જાતી હૈ. આહાહા! સમજમેં આયા? ઉસકા નામ વ્યવહારત્યાગ કહનેમેં આતા હૈ. અંદરમેં ધ્યાનમેં લીન હોતા હૈ તો રાગ ઉત્પન્ન નહીં હોતા, (ઉસે) 'રાગ છોડતે હૈં' કહનેમેં આતા હૈ.

આવો ધર્મ કઈ જાતનો? ભાઈ! જૈનધર્મ આવો? પર્યુષણમાં અપવાસ કરવા, તપસ્યાઓ કરવી, એક ટાણું ખાવું—એવું હોય તો ધર્મ કહેવાય. અહીં તો કહે, એ ધર્મ નહીં. સાંભળ ભાઈ! રાગની મંદતા હો, શુભ હો, પણ વહ આચરણ ધર્મ નહીં પ્રભુ! કહતે હૈં, મૈં તો અપને આનંદસ્વરૂપકે ધ્યાનમેં એકાગ્ર હોકર, રાગ–સર્વ વાંછા, યુવતી–સ્ત્રી, કનક અને ઇન્દ્રિયોં ને પુણ્ય-પાપકે કષાયકા ભાવ સબ છૂટ જાતા હૈ. સમજમેં આયા? ઉસકા નામ ધર્મ હૈ. ભારે ભાઈ ધર્મ આવો. કેટલાક કહે કે સોનગઢે આવો ધર્મ કાઢ્યો. આ સોનગઢનો ક્યાં છે? એ વાત સાચી કે ખુલ્લો મૂક્યો છે, પણ સાચો છેને. યે પુસ્તકમેં હૈ કિ નહીં? એ શેઠ! આહાહા!

મૈં તો અપના સ્વરૂપ શુદ્ધ આનંદધામ ઉસમેં એકાગ્રતારૂપી ધ્યાનસે યે સબ વસ્તુ છોડ દેતા હૂં. (સિર્ફ) છોડતા હૂં.. છોડતા હૂં—ઐસા નહીં. ઐસે નહીં. છોડા ક્યા છોડે? રાગ ભી અપનેમેં હૈ નહીં. જો ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ અપનેમેં હૈ નહીં. ભગવાન તો સચ્ચિદાનંદ પ્રભુ હૈ. આહાહા! અરે! ક્યાં પામરને બેસે? તેરા પ્રભુ તેરેમેં ડોલતા હૈ, તેરા પરમેશ્વર–ઈશ્વર તું પૂર્ણ હૈ. આહાહા! ઐસી ઈશ્વરકી સંપદા જો અપની હૈ ઉસમેં મૈં એકાગ્ર હોકર, મુનિ કહતે હૈં કિ મૈં સર્વ ઇચ્છા–ઇન્દ્રિયકી, વિષયકી, ભોગકી છોડતા હૂં. મૈં આનંદસે છોડતા હૂં. આહાહા! સમજમેં આયા? આ ધર્મ પામવાની કળા ને રીત છે, બાકી બધા ફાંફાં છે. આહાહા! ૧૦૦ ગાથા બહુ ઊંચી છે. ગાથા બરાબર આવી છે પર્યુષણમાં જ. પહેલા ભક્તિ ને એવું કરતા. .... હળવે હળવે ચાલેને. પેલા કહે, હળવે-હળવે લઈને ક્યાં લઈ ગયા? ...... ૧૦૦.

**आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्ते य ।**
**आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे ॥ १०० ॥**
**મમ જ્ઞાનમેં હૈ આતમા, દર્શન ચરિતમેં આતમા;**
**હૈ ઔર પ્રત્યાખ્યાન, સંવર, યોગમેં ભી આતમા. ૧૦૦.**

મેરા પરમાત્મા તો પ્રત્યેક પર્યાયમેં સમીપ બિરાજતા હૈ, કહતે હૈં. આહાહા! મેરી ધર્મરૂપી પર્યાયમેં, મેરા ભગવાન મેરે સમીપમેં રહતા હૈ. સમજમેં આયા? ક્યા કહતે હૈં?

**ટીકા : યહાં (ઇસ ગાથામેં), સર્વત્ર આત્મા ઉપાદેય...** ભગવાન પૂર્ણ જ્ઞાનકા પુંજ પ્રભુ... અરેરે! કિંમત કરતા આવડે નહીં. યે ક્યા ચીજ હૈ (ઉસકી) તુજે ખબર નહીં. અરે! આઠ વર્ષની બાલિકા પણ જ્યારે સમ્યગ્જ્ઞાન પામે છે, તો ઉસકો અંદર આત્મા ઐસા હૈ ઐસી નજર પડતી હૈ. સમજમેં આયા? નજરુંના નિધાન ભગવાન આત્મા.., મેરી કોઈ ભી ધર્મકી અવસ્થામેં વિકાર દૂર હૈ, આત્મા સમીપ હૈ. આહાહા! કહો, સમજમેં આયા? **આત્મા વાસ્તવમેં અનાદિ-અનંત...** ભગવાન આત્મા તો અનાદિ-અનંત હૈ. સત્ ઉસકી આદિ ક્યા? હૈ ઉસકી આદિ ક્યા? હૈ ઉસકા અંત–વિનાશ ક્યા? દેહકા નાશ હોતા હૈ. ભગવાન તો અવિનાશી હૈ. આહાહા!

શાંતાબેન બોલ્યા હતા. ભૂલી ગયા હતા. પ્રભુભાઈ ઘીયાના ઘરે. જ્યારે પ્રભુભાઈ શરીરમાંથી.... કરોડપતિ માણસ. છ-છ દિ અસાધ્ય. આહાહા! પા કલાક, હમ ગયે તબ પાવ ઘંટા સાધ્ય આ ગઈ. પીછે દેહકા જાના.... પિતાજી, ભાઈ, લડકા, કરોડ પૈસા–કરોડો રૂપિયા. જાતે હૈં તો બેન કહતે હૈં... ઐસા સુના થા હોં. જા, આત્મા! યહાંસે. પત્ની (કહતી હૈ), જા, આત્મા તુમ તો નિત્ય હો ન. કહાં તેરા નાશ હોતા હૈ? એવું સાંભળ્યું હતું. પછી એ પણ ભૂલી ગયા હતા. સમજમેં આયા? આમ.... તીન દિન પીછે હમ ગયે થે. રામજીભાઈ હતાને સાથે. પ્રેમચંદભાઈ હતા. અસાધ્ય.. અસાધ્ય..

કરોડો રૂપિયા હોં. બે ભાઈઓ, પિતાજી, લડકા, બંગલા મોટા. ક્યા કરે? મંગલિક સુનાયા તબ કુછ નહીં થા. પીછે ચંદુભાઈ ડોક્ટર હૈ ન, ઉસને કહા, અરે પ્રભુભાઈ! ગુરુદેવ આવ્યા છે સોનગઢથી. ૩૬ કલાકથી અસાધ્ય... આમ આંખમાંથી આંસુ. ખબર પડી. ઓહો! મહારાજ આવ્યાને ઘરે. .... પછી બેન બોલ્યા, જા, આત્મા અહીંથી જા. તુમ તો નિત્ય હો. તુમ્હારા તો નાશ હૈ નહીં. સમજમેં આયા? કહતે હૈં, મૈં તો અનાદિ-અનંત હૂં. મૈં કિસ કાલમેં નહીં થા ઔર મૈં કિસ કાલમેં નહીં હોઉંગા? કિસ કાલમેં નહીં રહૂંગા? મૈં ત્રિકાલ ઐસા આત્મા હૂં. આહાહા!

**આત્મા વાસ્તવમેં અનાદિ અનન્ત, અમૂર્ત...** જિસમેં કોઈ રંગ, ગંધ, સ્પર્શ હૈ નહીં. ભગવાન આત્મા તો અરૂપી હૈ અંદર. **અતીન્દ્રિય સ્વભાવવાલા...** વહ તો અતીન્દ્રિયસ્વભાવ-સ્વરૂપ હૈ ભગવાન. ઇન્દ્રિયસે પતા લગતા નહીં. વિકલ્પ–રાગસે પતા મિલતા નહીં. આહાહા! **અતીન્દ્રિય સ્વભાવવાલા, શુદ્ધ** હૂં મૈં. અકેલા પવિત્ર.. પવિત્ર.. પવિત્રતાકા પિંડ હૂં મૈં. મેરેમેં અપવિત્રતાકી ગંધ નહીં, સંસારકી ગંધ મેરેમેં નહીં. આહાહા! ઐસા મૈં આત્મા **સહજ-સૌખ્યાત્મક હૈ.** આહાહા! જ્ઞાનકે સમીપમેં લેના હૈ ન, ઇસલિયે સુખસ્વરૂપ લિયા. જ્ઞાનકે સમીપમેં આત્મા હૈ (ઐસા) લેના હૈ ન પહલે. મેરે સમ્યગ્જ્ઞાનમેં આત્મા સમીપ હૈ. આહાહા! સમ્યગ્જ્ઞાનમેં શાસ્ત્ર સમીપ હૈ ઐસા નહીં. આહાહા! મેરે સમ્યગ્જ્ઞાનમેં, મેરે સ્વભાવકે આશ્રયસે મેરા જ્ઞાન જો હુઆ ઉસ સમ્યગ્જ્ઞાનમેં સહજ સૌખ્યાત્મકસ્વરૂપ સ્વભાવિક આનંદ-સ્વરૂપ ભગવાન હૈ.

**સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપસે પરિણમિત જો મૈં...** આહાહા! મૈં કૌન હૂં? ધર્મી કહતે હૈં. ધર્મી કહતે હૈં કિ મૈં કૌન હૂં. મૈં તો સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપસે પરિણમિત સમ્યગ્જ્ઞાનરૂપી પરિણતિ અવસ્થાવાલા મૈં હૂં. ઉસરૂપ પરિણમિત જો મૈં **ઉસકે (અર્થાત્ મેરે) સમ્યગ્જ્ઞાનમેં સચમુચ વહ (આત્મા) હૈ...** આહાહા! સમજમેં આયા? જ્ઞાન તો ઇસકો કહિયે કિ વર્તમાન જ્ઞાનકી અવસ્થા, જ્ઞાનકી અવસ્થામેં ભગવાન સમીપ વર્તતા હૈ. ક્યોંકિ વહાં દ્રષ્ટિ પડી હૈ. આહાહા! સમજમેં આયા? આ બધા પૈસાવાળા ને આ બધા રાજાઓના અહંકાર ઊડી જાય છે,

.... શેઠ! આહાહા! ધૂળેયે નથી ભગવાન! એ રૂપાળા શરીર લાગે, બાપુ! એ સ્મશાનમાં સળગશે. હળહળ અગ્નિ ઉપડશે. આ તો ધૂળ છે ધૂળ. યે કહાં આત્મા હૈ ઔર ઉસસે કહાં જ્ઞાન હોતા હૈ? એમ કહતે હૈં. કિતને કહતે હૈં ન કિ શરીર ને ઇન્દ્રિય હો તો જ્ઞાન (હો). અરે! યે તો આત્મા હૈ તો જ્ઞાન હોતા હૈ એમ કહતે હૈં. આહાહા! હવે ચાલને માળા. ઇન્દ્રિયો ને જડ શરીર પર સામગ્રી વહ હો તો જ્ઞાન હોતા હૈ? મૂર્ખ હૈ, સમજમેં આયા?

મેરે સમ્યગ્જ્ઞાનમેં તો... એમ કહતે હૈં. આહાહા! સમ્યગ્જ્ઞાન ઉસકો કહીયે, મોક્ષકા માર્ગ જો મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર... ઉસમેં પહલા માર્ગ યહાં જ્ઞાન લિયા. જ્ઞાન–મોક્ષકા માર્ગ જો પ્રગટ હુઆ, ઉસ જ્ઞાનકી પર્યાયમેં પ્રભુ સમીપમેં હૈ. મેરી નજર તો વહાં હૈ એમ કહતે હૈં. મેરા જ્ઞાનસે ભગવાન દૂર નહીં. આહાહા! સમજમેં આયા? ઉસકા નામ સમ્યગ્જ્ઞાન. શાસ્ત્રના ભણતર ને આ બધા વકીલાતના ભણતર, આ શું કહેવાય? આ ફોજદારના ને શું, આ ડોક્ટરના થોથેથોથા, રખડવાના છે બધા. એ ચીમનભાઈ! લોઢાના જ્ઞાન ને સંચામાં આમ નાખવું, ઢીકણું નાખવું. યહાં તો પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરકી દિવ્યધ્વનિમેં આયા (ઔર) સંતોં અપને અનુભવસે કહતે હૈં. આહાહા!

મેરી જ્ઞાનદશા–વર્તમાન સમ્યગ્જ્ઞાનદશા, મિથ્યાજ્ઞાન નાશ હોકર જો સમ્યગ્જ્ઞાન હુઆ, ઉસમેં તો મેરા પ્રભુ સમીપમેં હૈ, તબ મેરા સમ્યગ્જ્ઞાન આયા હૈ. સમજમેં આયા? આહાહા! શું છે આવું...? ભગવાન વીતરાગકા ધર્મ યે હૈ. 'કેવલિ પણ્ણત્તો ધમ્મો શરણં' આતા હૈ ન. મંગલાચરણમેં આતા હૈ. ગોખે જાય, હાંકે જાય ગાડાં, ભાન ન મળે કાંઈ. 'કેવલિ પણ્ણત્તો ધમ્મો શરણં, અરિહંતા શરણં, સિદ્ધા શરણં...' યહાં તો કહતે હૈં કિ મેરા સમ્યગ્જ્ઞાનમેં શરણ તો પ્રભુ હૈ. મેરી જ્ઞાનકી નજર વહાં તરવરતી હૈ. સમજમેં આયા? આહાહા! જિસમેં પૂર્ણ જ્ઞાન ભરા હૈ, પૂર્ણ જ્ઞાન હૈ, અકેલા ચૈતન્ય પાતાલકૂઆં ભરા હૈ. ઉસમેંસે થોડા સમ્યગ્જ્ઞાન જો હુઆ, પણ વહ ભગવાનકી સમીપતાસે હુઆ હૈ. આહાહા! એય! ગુરુકે સમીપસે હુઆ હૈ? ભગવાનકી વાણી સુનનેસે હુઆ હૈ? ના. વાણીકે વાંચનેસે હુઆ હૈ? કે ના. આહાહા! ભગવાનકા જ્ઞાન તો ભગવાનકે સમીપ નજર કરનેસે હોતા હૈ. વહ તો સમીપ હૈ ઉસ વક્ત. સમજમેં આયા? આહાહા! હીરાભાઈ! આ ગાથા સારી આવી છે હોં. આહાહા!

ભાઈ! એક સમ્યગ્જ્ઞાનકા કણ મતિ-શ્રુતજ્ઞાન. કેવલજ્ઞાનકી તો બાત હૈ નહીં. યહાં તો મતિ-શ્રુતજ્ઞાન, સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન.. પ્રભુ પરમાત્મા મહા કામકુંભ, કલ્પવેલી ઐસા ભગવાન આત્માકા આશ્રય કરકે મુજે સમ્યગ્જ્ઞાન હુઆ હૈ, તો મેરે જ્ઞાનમાં ભગવાન સમીપ હૈ, મારે પડખે ભગવાન પડ્યો છે. સમજમેં આયા? મેરી બાજુમેં તો મેરા ભગવાન હૈ, કહતે હૈં. મેરે જ્ઞાનકી બાજુમેં ભગવાન હૈ. સમજમેં આયા? ઉસને યે ભી કહા કિ સમ્યગ્જ્ઞાન કૈસે પ્રગટ હો. મોક્ષકા જ્ઞાન, મોક્ષકે માર્ગકા અવયવ... જ્ઞાન-દર્શન-ચારિત્ર તીનોં હોકર મોક્ષ હૈ ન.

તીનમેંસે એક જ્ઞાનરૂપી અવયવ મોક્ષકા કારણ કહાંસે, કૈસે ઉત્પન્ન હોતા હૈ? કિ તીન લોકકા નાથ પરમાત્મા ઉસકે આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા? આહાહા! ભારે!

તેરી મહિમાકા પાર નહીં નાથ! સર્વજ્ઞકી વાણીમેં તેરી મહિમા પૂરી ન આયી. ઐસી તેરી ચીજ ઉસકી તુજે કિંમત નહીં ને દુનિયાકી કિંમત કરને નિકલે. હીરા ઐસી કિંમતકા હૈ, માણિક ઐસી કિંમતકા હૈ, યે મકાન ઐસી કિંમતકા હૈ મકાન. ચાલીસ લાખકા હજીરા. હજીરા સમજતે હો? આ લોટીયા વ્હોરાને દાટેને એને હજીરા કહેવાય. જામનગરમાં છે નદીને કાંઠે મોટા હજીરા. લોટિયા વ્હોરા હોયને, એ ગુજરી જાય પછી દાટે, એને હજીરો કહેવાય. બડા-બડા. જામનગરમેં હૈ. દૂસરે હૈ કહીં. હળવદ. હળવદ ત્યાંય લોટિયા વ્હોરાના મકાન છે. હળવદ.. હળવદ, નહીં? ધ્રાંગધ્રા પાસે લોટિયા વ્હોરા બહુ. વ્યાખ્યાનમાં આવ્યા હતા વ્હોરા. એક મુલ્લો આવ્યો હતો.... આહાહા! એના ધર્મગુરુ આવ્યા હતા. વ્યાખાનમાં આવ્યા હતા. જુવાન માણસ. ત્યાં ગયા. માણસ બહુ આવ્યા હતા. અરે! એ હજીરા નહીં બાપા!

ભગવાન! જેની કળાના ઉકેલમાં કેવળજ્ઞાન પ્રગટ થાય એવું મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનનું કારણ, એનું કારણ પરમાત્મા છે. સમજમેં આયા? સમ્યગ્જ્ઞાન પ્રગટ કરનેમેં કારણ પરમાત્મા સ્વયં હૈ. આહાહા! આવા વખાણ કરીને ક્યાં લઈ જવું છે? એય! ભાઈ! તેરી ચીજ હૈ ઉતના બખાન હોતા હી નહીં, વીતરાગકી વાણીમેં નહીં આતા. વાણી જડ, ભગવાન ચૈતન્ય અમૃતકા સાગર. વિરુદ્ધ દુશ્મન વાણી (દ્વારા) કહના કિ યે આત્મા ઐસા હૈ, એસા હૈ (યહ કૈસે સંભવે?) સમજમેં આયા? આહાહા! ભગવાન આત્મા... કહતે હૈં, મેરી સમ્યગ્જ્ઞાનરૂપી કલા, ઉસ કલામેં કલાબાજ ભગવાન સમીપ હૈ. સમજમેં આયા? હૈ?

**જ્ઞાનચેતનારૂપસે પરિણમિત જો મૈં**... ઐસી ખબર પડતી હૈ? આહાહા! મૈં તો સ્વભાવિક જ્ઞાનચેતનાસંપન્ન હૂં. રાગ–પુણ્ય-પાપકી કર્મચેતના ને કર્મફળચેતના મૈં નહીં. સમજમેં આયા? અરેરે! કભી કિયા નહીં. ટાણા આવ્યા ત્યારે ચૂકી ગયો, ક્યાંક સલવાઈ ગયો. શિવલાલભાઈ! છોકરાવાળા છોકરામાં સલવાણા, છોકરા વિનાના બીજામાં સલવાણા. 'સાંગડો કહે સલવાળા, કંઈક ચઙ્યા કંઈક પાવા.' ત્યાગી થયા તો સલવાણા માન ને સન્માન એમાં. અમે આ છીએ, અમે ત્યાગી છીએ ને અમને આગળ કરો. આહાહા! કહે છે. તેરી જ્ઞાનકલા જો મોક્ષકા કારણ હૈ, પરમાનંદકી કારણરૂપ જ્ઞાનકલામેં મેરા ભગવાન સમીપ હૈ અને વહ ભગવાન તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ હૈ. જ્ઞાનચેતનામેં મુજે અતીન્દ્રિય આનંદ આયા હૈ. ઉસે જ્ઞાન કહનેમેં આતા હૈ અને વહ જ્ઞાન મોક્ષકા કારણ હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## ભાદરવા સુદ ૧૨, બુધવાર, તા. ૨૦-૯-૧૯૭૨
## ગાથા-૧૦૦, પ્રવચન નં. ૧૦૨

દસલક્ષણી પર્વમેંસે આઠવાં દિન હૈ આજ. ત્યાગધર્મ. (પદ્મનંદિ પંચવિંશતિ પાનું-૫૧).

**व्याख्या यत् क्रियते श्रुतस्य यतये यद्दीयते पुस्तकं**
**स्थानं संयमसाधनादिकमपि प्रीत्या सदाचारिणा ।**
**स त्यागो वपुरादिनिर्ममतया नो किंचनास्ते यते-**
**राकिंचन्यमिदं च संसृतिहरो धर्मः सतां संमतः ॥१०१॥**

**શાસ્ત્રોંકા ભલીભાંતિ વ્યાખ્યા કરના...** ઉસમેં મમતા છોડકર... વ્યવહારસે વિકલ્પ આતા હૈ ઉસમેં અશુભકા ત્યાગ અથવા મમતાકા વિશેષતા ત્યાગ હૈ. અંદરમેં રાગકે અભાવરૂપ સ્વભાવ પરિણમન હોના, ઉસકા નામ યથાર્થ ત્યાગધર્મ હૈ. **ઔર મુનિયોંકો પુસ્તક, સ્થાન** દેના. મુખ્ય મુનિની વ્યાખ્યા છેને. સ્થાન, પુસ્તક, સંયમકે સાધન–પીંછી, કમંડળ આદિ **प्रीत्या** દેના–પ્રીતિ સહિત દેના ઐસા પાઠ હૈ. એ શબ્દ પડ્યો રહ્યો છે. એમાં છપાણું છે? **प्रीत्या** એમાં છપાણું છે? એમને એમ છાપી દીધું લાગે છે. (શ્રોતાઃ **प्रीति आदि** કે **प्रीत्यादि...**) ના, ના. **प्रीत्यादि** એમાં છે. પ્રીતિ જોઈએ. લખ્યું છે? યે બાત હૈ. આમાં નથી. પ્રેમપૂર્વક દેના ચાહિયે.

**સદાચારીયોંકા ઉત્કૃષ્ટ ત્યાગધર્મ હૈ. મેરા કુછ ભી નહીં હૈ...** રાગ આદિ હોં મેરા... **ઐસા વિચારકર અત્યંત નિકટ શરીરસે ભી મમતા છોડ દેના, આકિંચન્ય ધર્મ હૈ.** ત્યાગની સાથે આ જોડી દીધો. એ તો કાલનો છે. **વહ યતિકે હોતા હૈ, વહ સમસ્ત સંસારકા નાશ કરનેવાલા હૈ...** યથાર્થમેં તો રાગકા અભાવરૂપ ત્યાગ સ્વભાવરૂપ પરિણમન કરના વહી મોક્ષકા માર્ગ હૈ. સાથમેં જરી શુભભાવ રહતા હૈ, બાહ્યત્યાગ કરનેમેં, નિમિત્તાદિ છોડનેમેં, પુસ્તકાદિ દેનેમેં, ઉસમેં પુણ્યબંધ હોતા હૈ. તો કહતે હૈં, **સમસ્ત સંસારકા નાશ કરનેવાલા હૈ ઔર સમસ્ત શ્રેષ્ઠ પુરુષોંકે દ્વારા... सतां संमतः** છેને? **सतां** નામ સત્પુરુષોકે દ્વારા **संमतः** ધર્મ હૈ. **આદરણીય હૈ. संमतः** નામ આદરણીય હૈ. સત્પુરુષોંકે દ્વારા રાગકા અભાવ-સ્વભાવસ્વરૂપ અપને સ્વભાવમેં પરિણમન હોના, વહ સત્પુરુષોકો આદરણીય હૈ. યે ત્યાગધર્મ.

શ્રોતા : એ તો પુણ્ય છે, પુણ્ય આદરણીય હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી : પુણ્યની વાત ક્યાં? બે વાત કરીને. રાગકા અભાવસ્વભાવરૂપ પરિણમન વહ આદરણીય હૈ ઔર બીચમેં દેનેકા વિકલ્પ આતા હૈ વહ પુણ્યબંધ હૈ, વહ વ્યવહારસે આદરણીય કહનેમેં આતા હૈ. નિશ્ચય તો.... બાહ્યત્યાગકી બાત..... હૈ તો વિકલ્પ સબ. પણ છતાં ઐસે મમતા અંદર હોતી હૈ કિ મેરે પાસ પુસ્તક હૈ, લ્યો વાંચો, વિચારો.

સમજમેં આયા? દેના, પ્રીતિસે–પ્રેમસે અપની ચીજ દેના, ઉસમેં રાગ અંદરસે ઘટના ઉસકા નામ ત્યાગધર્મ કહનેમેં આતા હૈ.

અબ ચલતી હૈ ૧૦૦ ગાથા. બહોત સાર(રૂપ) ગાથા હૈ. ધર્માત્માકો ધર્મ કૈસે હોતા હૈ? ધર્મકી પર્યાયમેં દ્રષ્ટિ અને સમીપતા તો અપને ભગવાન આત્માકી હૈ. સમ્યગ્જ્ઞાનમેં ભી અપને ચિદાનંદ ધ્રુવતત્ત્વ ભગવાન આત્માકા આશ્રય હૈ, ઉસકા આશ્રય કરકે જો જ્ઞાન હોતા હૈ ઉસકા યહાં સમ્યગ્જ્ઞાન કહનેમેં આયા હૈ. યે સમ્યગ્જ્ઞાન મુક્તિકા કારણ હૈ. આયા ન? પહલે તો યહ કહા કિ **આત્મા વાસ્તવમેં અનાદિ-અનંત...** ભગવાન આત્મા **અનાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિય સ્વભાવવાલા...** અતીન્દ્રિય સ્વભાવવાલા હૈ. વસ્તુ આત્મા અતીન્દ્રિય સ્વભાવ, **શુદ્ધ**–પવિત્ર **સહજ સૌખ્યાત્મક હૈ**–આનંદસ્વરૂપ હૈ. ભગવાન આત્મા તો સ્વભાવિક આનંદ અતીન્દ્રિય આનંદસ્વરૂપ હૈ.

ઐસા **સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપસે પરિણમિત...** ઐસા જો મેરા આત્મા સ્વભાવિક શુદ્ધ જ્ઞાનચેતનાસે પરિણમિત હૈ... સ્વભાવિક જ્ઞાનકી ચેતના નામ સ્વભાવમેં એકાગ્ર હોકર, જો જ્ઞાનચેતના રાગ ને પુણ્યપરિણામકે ફલ આદિસે રહિત હૈ (ઐસી) અપની જ્ઞાનચેતનારૂપ પરિણમન કરના, ઉસ પરિણતિમેં **'જો મૈં'** પરિણમિત હુઆ હૂં એમ કહતે હૈં. **ઉસકે (અર્થાત્ મેરે) સમ્યગ્જ્ઞાનમેં...** યથાર્થ તો અપને જ્ઞાનકી પર્યાયમેં આત્મા સમીપ હૈ. યે સાર હૈ. અંતર આત્મામેં આશ્રય કરના અને આત્માકા સમીપપના જ્ઞાનમેં હોના ઉસકા નામ સમ્યગ્જ્ઞાન હૈ. સમજમેં આયા?

**સચમુચ વહ (આત્મા) હૈ...** મેરી જ્ઞાનકી દશા જો શાસ્ત્રકે પાર, વાણીસે પાર, મનસે પાર, રાગસે પાર હૈ. અપના નિજાનંદ ભગવાન ત્રિકાલી પ્રભુ ઉસકા આશ્રય કરકે મેરી પરિણતિ જો સમ્યગ્જ્ઞાન(રૂપ) હુઈ હૈ, પરિણતિ નામ વર્તમાનદશા, ઉસ દશામેં દશાવાન ભગવાન સમીપ હૈ, મેરે સમ્યગ્જ્ઞાનમેં ધ્યેય આત્મા હૈ એમ કહતે હૈં. આહાહા! વાણીસે, ભગવાનસે, શાસ્ત્રસે ઉસ જ્ઞાનકી ઉત્પત્તિ નહીં હોતી. મોક્ષકે માર્ગરૂપ જ્ઞાનકી પરિણતિ–અવસ્થા અપને ત્રિકાલી આત્માકે આશ્રયસે ઔર સમીપમેં રહનેસે ઉત્પન્ન હોતી હૈ. સમજમેં આયા? આવી વાત છે ભાઈ! જો આજ કહા વહ તો કલ આ ગયા હૈ. કલ આ ગયા. આજ દર્શનકી બાત હૈ અબ. સમ્યગ્દર્શન યે ક્યા ચીજ હૈ?

**પૂજિત પરમ પંચમગતિકી પ્રાપ્તિકે હેતુભૂત...** મોક્ષરૂપદશા, અપની આત્માકી પરમાનંદદશા, પરમ શુદ્ધદશા, પરમ પવિત્રદશા, ઐસી જો પૂજિત (અર્થાત્) પૂજનેલાયક પરમ પંચમગતિ... પરમ પંચમગતિ... ભાષા જ એમણે 'પરમ' વાપરી છે. ઉસકી પ્રાપ્તિકે હેતુભૂત–પંચમગતિ મુક્તિકી પ્રાપ્તિકા હેતુ–કારણ **પંચમભાવકી ભાવનારૂપસે પરિણમિત...** પંચમભાવ જો ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ ધ્રુવસ્વરૂપ, જ્ઞાયકસ્વભાવભાવ, ત્રિકાલીભાવસ્વરૂપ,

પંચમભાવસ્વરૂપ ઉસકી ભાવના.. **પંચમભાવકી ભાવનારૂપસે પરિણમિત**... એક તો યે મુક્તિકા માર્ગ હૈ. દૂસરા વ્યવહાર-બ્યવહાર બીચમેં આતા હૈ વહ મુક્તિકા માર્ગ નહીં. આહાહા!

**પૂજિત પરમ પંચમગતિકી પ્રાપ્તિ**... બધા 'પ.. પ' છે. પૂજિતનો 'પ', પરમનો 'પ', પંચમનો 'પ', પ્રાપ્તિનો 'પ'. પૂજનેલાયક પરમ પંચમગતિ નામ મોક્ષ ઉસકી જો પ્રાપ્તિ, ઉસકા કારણ–ઉસકે હેતુભૂત પંચમભાવકી ભાવનારૂપસે પરિણમિત... આહાહા! સારા જૈનદર્શનકા સાર હૈ. સમ્યગ્દર્શન કિસકો કહે? પંચમભાવ ત્રિકાલસ્વરૂપ ઉસકો દ્રષ્ટિમેં લેકર પંચમભાવકી અંતર એકાગ્રતા, ઉસ-રૂપ હુઈ અપની પરિણતિકી દશા. 'યે મૈં' ઐસા પરિણમનેવાલા મૈં. યે પરિણમનમેં કોઈ દૂસરી ચીજ નહીં. આહાહા! ભારે કામ ભાઈ!

પંચમગતિકી પ્રાપ્તિકા હેતુ... લ્યો, આ કારણ. પંચમભાવકી પરિણતિ–ભાવના યે પંચમગતિકા હેતુ હૈ. સમજમેં આયા? પંચમગતિ નામ મુક્તિ. ઉસકી ભાવના. કિસકી? કે પંચમભાવ, પરમભાવ, પારિણામિકભાવ, ત્રિકાલી ધ્રુવસ્વભાવ, આદિ-અંત બિનાકી ચીજ અપની વહ પંચમભાવ. હૈ ન? પંચમભાવ કહા દેખો! ઉસકી **ભાવનારૂપસે**... દેખો! ભાવના નામ કલ્પના ને વિકાર ઐસા નહીં હૈ. આહાહા! ત્રિકાલી ધ્રુવસ્વભાવ પંચમભાવ, ઉસમેં વર્તમાન પર્યાયકી પરિણતિ.. પરિણમિત જો ભાવનારૂપ પરિણતિ.. શુદ્ધ ધ્રુવસ્વરૂપ નિત્યાનંદ પ્રભુ ઉસકી એકાગ્રતારૂપ પરિણતિ ઐસા જો મૈં... આહાહા!

ઐસા પરિણમિત **જો મૈં,** એમ. **ઉસકે સહજ સમ્યગ્દર્શનવિષયમેં (અર્થાત્ મેરે સહજ સમ્યગ્દર્શનમેં)...** ઉસકે સ્વભાવિક સમ્યગ્દર્શનવિષયમેં–મેરે સમ્યગ્દર્શનમેં (વિષય) આત્મા હૈ. લ્યો, સમ્યગ્દર્શનમેં (વિષય) આત્મા હૈ. ત્રિકાલી ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરને જૈસા દેખા, પંચમભાવ-સ્વભાવસ્વરૂપ, પૂર્ણસ્વરૂપ, જ્ઞાયકભાવસ્વભાવ પંચમભાવસ્વરૂપ, સદશસ્વરૂપ, સામાન્યસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ, એકરૂપ ઐસી જો ત્રિકાલી અપની ચીજ, ઉસકી એકાગ્રતા–ભાવનારૂપ પરિણમન ઐસા જો સમ્યગ્દર્શન ઉસમેં મેરા આત્મા સમીપ હૈ. આહાહા! કહો, સમજમેં આયા? અપને સમ્યગ્દર્શન પ્રાપ્તિમેં ભગવાન ભી કારણ–હેતુ નહીં એમ કહતે હૈં ઔર ભગવાનકી શ્રદ્ધા ભી પંચમગતિકી પ્રાપ્તિમેં હેતુ નહીં. શેઠ! દેખો! પંચમ પરમગતિકી પ્રાપ્તિકે હેતુ–કારણ...

જુઓ! ઉસમેં આતા હૈ ન 'નિયતકા હેતુ'? 'હેતુ નિયતકો હોઈ..' યહાં તો મના કરતે હૈં. વ્યવહારકા કથન હૈ. નિયતકો હેતુ... યહાં તો કહે, નિયત હૈ જો શુદ્ધ પરિણતિ વહ મુક્તિકા હેતુ. આહાહા! સમજમેં આયા? મેરા સમ્યક્, સહજ સમ્યગ્દર્શનકા વિષય, સ્વભાવિક સમ્યગ્દર્શનકા ધ્યેય, વિષય પંચમ પારિણામિકભાવ હૈ. મેરે વિષયમેં **વહ (આત્મા) હૈ...** મેરી સમ્યગ્દર્શનકી પરિણતિમેં, મેરે ધ્યેયમેં આત્મા હૈ. ઉસ ધ્યેયકો પકડકર ધ્યાનમેં મુજે

સમ્યગ્દર્શન હુઆ એમ કહતે હૈં. સમજમેં આયા? આવી વાતેય સાંભળી ન હોય લ્યો. પંચમગતિકા હેતુ... ઓહોહો! પૂર્ણ આનંદની પ્રાપ્તિ.... જો આનંદસ્વરૂપ પંચમભાવ, જો પરમ અતીન્દ્રિય આનંદસ્વરૂપ પંચમભાવ જો પંચમગતિ–સુખસ્વરૂપકી પૂરી પરિણતિ ઉસકા હેતુ હૈ. પંચમ ત્રિકાલી સુખરૂપભાવ ઉસકી એકાગ્રતા વહ મુક્તિકા હેતુ હૈ. સમજમેં આયા? આહાહા!

વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વહ મુક્તિકા માર્ગ. એની ના પાડી કે એ (કારણ) છે જ નહીં. આહાહા! ભગવાન પંચમગતિકા કારણરૂપ હૈ. પંચમભાવ જ્ઞાયક ત્રિકાલીસ્વભાવકી ભાવનારૂપ એકાગ્રતાકી પરિણતિ, ઉસ મેરી પરિણતિમેં મેરા આત્મા સમીપ હૈ. મેરા ભગવાન નજીકમેં હૈ, બાકી સબ દૂર હૈ. ભગવાનજીભાઈ! આહાહા! મેરી સમ્યગ્દર્શનકી પર્યાયમેં મેરી પર્યાય ભી દૂર હૈ. મેરા ભગવાન સમીપમેં હૈ. આહાહા! એ મોતીલાલજી! આવો ધર્મ. ભગવાન આત્મા અનંત સુખસ્વરૂપ, કહ્યુંને પહેલા. શુદ્ધ સહજ સુખસ્વરૂપ.. યે ભગવાન આત્મા તો ત્રિકાલ સહજ આનંદસ્વરૂપ હૈ. અનાદિ-અનંત શુદ્ધ સહજસ્વરૂપ ઐસા જો પંચમભાવ અર્થાત્ ઐસા જો જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, ઉસ ધ્રુવકી એકાગ્રતારૂપી પરિણતિ વહ મુક્તિકા હેતુ–કારણ હૈ. આહાહા! પહેલું તો હજી સમજવામાં (ન આવે કે) શું કહે છે આ પંચમગતિનો હેતુ, પંચમભાવની ભાવના. આ ક્યાં હશે કંઈ? એ શેઠ! આહાહા!

ત્રણ લોકનો નાથ પરમાત્મા એક સમયમાં પરમસુખથી ભરેલો આનંદમય આત્મા છે. ઐસા અપના નિજાત્મા આનંદસ્વરૂપ ત્રિકાલી ઉસમેં એકાગ્ર હોકર, ઉસકી ભાવના નામ ભાવકી ભાવના, ઉસ ભાવકી ભાવના, ઐસે પંચમભાવકી ભાવના (અર્થાત્) ઉસમેં એકાગ્રતા, ઉસરૂપ પરિણતિ જો મુજે હુઈ, ઉસમેં મેરા ભગવાન આત્મા સમીપ હૈ. આહાહા! બાકી ભગવાન ત્રણ લોકનો નાથ પણ મારા સમ્યગ્દર્શનથી દૂર છે. ચીમનભાઈ! પૈસા તો ક્યાંય દૂર રહેતા હશે, નહીં? ઉસકા તો અત્યંત અભાવ હૈ. આહાહા! સમ્યગ્દર્શનપ્રાપ્તિમેં પૈસા–લક્ષ્મી કુછ કામ નહીં કરતી, દયા, દાન, વ્રત, ભક્તિકા શુભભાવ ભી કામ નહીં કરતા. આહાહા! પૂજિત પંચમગતિ પરમ પરમાત્મપર્યાય ઉસકી પ્રાપ્તિમેં કારણ–હેતુ.... હેતુ મૂક્યો છે. હેતુમાં તકરાર કરે છેને. એને પહેલાં 'ઉદાસીન' નામ કીધું ને ઓલાને 'હેતુ કર્તા' કીધો છે. એવું આવે છે. હેતુ કર્તા....... આહાહા!

ભાઈ! તેરી ચીજમેં તો પરમાનંદ સુખ પડા હૈ પૂર્ણ.. પૂર્ણ આનંદ. આહાહા! સર્વજ્ઞકો જો પૂર્ણાનંદ પ્રગટ હૈ ઉસસે ભી અનંત.. અનંત.. અનંતગુના આનંદ પડા હૈ અંદર. પરમાત્માકો જો આનંદ હૈ વહ આત્માકે અતીન્દ્રિય આનંદકે અનંતવે ભાગમેં હૈ. સમજમેં આયા? ઐસા પંચમભાવ... આહાહા! પરિણતિ(રૂપ) પરિણમિત જો મૈં... ખાતરી હો ગઈ? મૈં સમકિતરૂપ પરિણમા હૂં ઐસી ખબર પડ ગઈ? કહતે હૈં, સમકિતકી ખબર ન પડે. અજ્ઞાની કહતે હૈં ન. સમ્યક્ તો ક્ષયોપશમ હૈ. લખ્યું એ કઈ અપેક્ષાએ લખ્યું છે. એ તો પ્રત્યક્ષ આમ ન ગણાય એ

અપેક્ષાએ (કહ્યું છે). પણ યહાં તો સ્વસંવેદનજ્ઞાનમેં પ્રત્યક્ષ 'સમકિત યે હૈ' ઐસા (ખ્યાલ આ જાતા હૈ). કહા ન? મહાવ્રતધારી મુનિ હૈ, સત્યવક્તા હૈ. **सतां संमतः** આવ્યું હતુંને? સત્પુરુષોંકો માન્ય હૈ. આહાહા! સમજમેં આયા?

ભગવાન કેવલજ્ઞાની પરમાત્માને દેખા-જાના, ઐસા કહા. ભગવાન! તુમ પરમ આનંદ સ્વરૂપસે પૂર્ણ હૈ. જૈસે કોઠીમેં અનાજ ભરા હો ઐસા નહીં. કોઠી ને અનાજ જુદા છે. ભાષા ઐસે કહે, આત્મામેં પરમ આનંદ ભરા હૈ. કોઠીમેં અનાજ ભરા હૈ ઐસા હૈ? ભગવાન પરમાનંદસ્વરૂપ હી હૈ, ઉસે આત્મા પરમાનંદસ્વરૂપસે ભરા હૈ ઐસા કહનેમેં આતા હૈ. આહાહા! અરે! આત્મા ક્યા ચીજ કહે. આહાહા! જેની પાસે સિદ્ધપદ પણ અનંતમે ભાગે છે. મોક્ષમાર્ગકી બાત ક્યા કહના, વ્યવહારકી તો બાત ક્યા કહના ને નિમિત્તકી ક્યા બાત કહના? આહાહા! સમજમેં આયા? હમારા સમ્યગ્દર્શનમેં કહાં આયા? આહાહા!

રામચંદ્રજીકો સવેરમેં વનવાસ આયા. વશિષ્ઠ મુનિ જેવા... મુનિ એટલે બાવા. એવા તો જ્યોતિષ. આજના જ્યોતિષી જૂઠા પડે એ વાત... એ ભાઈએ વાત કરી. આ અઢાર-ઓગણીસ-વીસની વાત હતીને ભાઈ! આ વીસની આવી લ્યોને. અનરાધાર વરસાદ. ઓલો વશિષ્ઠ મુનિ. રામચંદ્ર મોક્ષગામી, પુરુષોત્તમ પુરુષ, નીતિના પૂતળા ને ધર્મના નાયક. આહાહા! એને સવારમાં વશિષ્ઠ મુનિએ જોએલું, જ્યોતિષ બાવા. સુબહમેં ઉસકો રાજ મિલેગા. આહાહા! ત્યાં સવારમાં વનવાસ. સમજમેં આયા?

યહાં તો દૂસરા કહના હૈ, રામચંદ્રજીકો અયોધ્યા છોડને (સમય) વિષયરૂપ આધાર તો આત્મા થા. સમજમેં આયા? વનવાસમેં હમ હૈં અને રાજમેંસે જાતે હૈં વહ બાત થી હી નહીં. આહાહા! સમજમેં આયા? પોતે ઓરમાન માતા. રાણી હતીને કૈકેયી. મોટી પુરુષ જેવી, રાણી પુરુષ જેવી. યુદ્ધમાં રથમાં દશરથ બેઠેલા, પોતે સારથી થઈને બેઠી. બહુ યુદ્ધમાં જબરી. રાણી પણ ક્ષત્રિયાણીને. (યુદ્ધમાં) જીત્યા. દશરથ રાજા કહે છે કે રાણી! માંગ, માંગ. માંગ એ આપું. આજ તો બહુ યુદ્ધ કર્યું તેં. ઓહો! રાજકુમાર જેવા કામ તેં આજ કર્યા, માંગ. સ્વામી! હમણાં નહીં. ટાણું આવશે ત્યારે માંગીશ. થાપણ રાખો.

એમાં રામચંદ્રજીને રાજની ગાદીએ મૂકવાનું આવ્યું ત્યારે વચન માંગ્યું દશરથ પાસે. સ્વામી! મેરા વચન ઉસ દિનકા હૈ ન. ક્યા હૈ? ભરતકો રાજ દો. દશરથ મૂર્છા ખાઈ ગયા. અરેરે! મારો રામ ક્યાં જશે? આમ વર્તન ના હોય. મેં વચન આપ્યું છે. આહાહા! જુઓ તો ખરા! સમજમેં આયા? 'રઘુકુળ રીતિ ઐસી ચલી આયી, પ્રાણ જાય પર વચન ન જાય.' આહાહા! અમારા કુળની રીત, વચન દીધું એ ફરે નહીં. પ્રાણ જાય, રાજ જાય, મૃત્યુ થાય, ગમે તે થાય. આહાહા! અમ કુળવટ રીત.

કહતે હૈં આનંદઘનજી. હે નાથ! અમારી કુળની વટની રીત તીર્થંકર જે કેડે ચાલ્યા, એ કેડે ચાલવાની અમારી વટની અમારી રીત છે, અમારો વટ એ છે. જે પંથે ભગવાન સંચર્યા, આહાહા! એ અમ કુળવટ રીત. અમે એ કુળના વટ રાખનારા. ઓહોહો! અમે એ કુળે જાઈને પૂરું કરનારા. રામચંદ્રજીને કહે છે, ભાઈ! તારી માએ આમ માંગણી કરી. તને રાજનો ... દિવસ છે ભાઈ! મૂર્છા આવી જાય છે. રામચંદ્ર જેવા પુરુષોત્તમ પુરુષ, એ ભવે મોક્ષ જનારા, છેલ્લો દેહ. સમકિતી હોં. ભાઈ! આમ કહ્યું છે. પિતાજી! અમે ખુશી છીએ. આપનું વચન પળે તો અમે વનમાં જઈએ, અમે ખુશી છીએ. મને દુઃખ નથી. અમારો આત્મા અમારી પાસે છે. અમે ક્યાંય દૂર નથી. અમારા ધર્મની પરિણતિથી અમે દૂર નથી હોં. પિતાજી! આપસે દૂર રહેંગેં, વસ્તીસે દૂર રહેંગેં, પણ અમારો આત્મા અમારા આત્માથી દૂર નહીં રહે.

સીતાજી કહે, હું આવું. (રામ કહે), અરે! તું ક્યાં આવીશ વનમાં? લક્ષ્મણ કહે, હું આવું. ત્રણેય (ચાલ્યા). એ સરયૂ નદીને કાંઠે પ્રજા ઉભી છે અને વહાણમાં બેસે છે. મોટી નદી. સામે કાંઠે ઉતરે છે, પ્રજા રોવે છે. અમારો રામ જાય છે વનમાં. પિતાજી! આ શું કર્યું? પિતાજી કહે, મૈંને વચન દિયા, દૂસરા હોવે નહીં. આહાહા! નીતિના નિપુણ. સમજાય છે કાંઈ? બીજું અમારે ઘેર ન હોય હોં. આહાહા! એમ અહીં કહે છે, અમારે ઘેર આત્મા સિવાય ન હોય હોં. એ ભગવાનજીભાઈ! આહાહા! ચૌદ વર્ષ વનમાં. જેના શરીર સુંદર રાજકુમાર. ન્યાં ક્યાં ખાટલા.. પલંગ ને ખાટલા ત્યાં ક્યાં હતા સાથે? હાંડલાય ક્યાં સાથે હતા કે રાંધે? આહાહા! માટીના હાંડલા સમજતે હો? વાસણ–બર્તન. મહાપુરુષ બર્તન, ખાટલા સાથે રાખે? અહીં તો કેટલા તૈયાર રાખે? જંગલમાં જાય છે.

લક્ષ્મણ છે એ રામચંદ્રજીના ભગત છે. નાનાભાઈ વાસુદેવ છે. ફૂલ લઈ આવે જંગલમાંથી. ચાલે બધા સાથે. પોતે જાય ને ફૂલ લઈને પાથરે ને બેસાડે રામચંદ્ર ને સીતાજીને. પછી માટીના વાસણ બનાવે નવા. લક્ષ્મણજી માટીના નવા વાસણ બનાવે, એમાં રાંધે, એ દિવસે વાસણ ફોડી નાખે. એય! આહાહા! એમ ભગવાન આત્મા આતમરામ જેની સમ્યગ્દર્શનની પર્યાય પરિણમિત થઈને જેમાં ભગવાન સમીપ છે, એ પર્યાય સમયે-સમયે બદલે, પણ ભગવાન તો સમીપમાં રહ્યા છે. સમજાણું કાંઈ? આહાહા! આવો ભગવાન અમારાથી દૂર નહીં રહે હવે, એમ કહે છે. પિતાજી! આપથી દૂર થઈ..... સમકિતી છે. સમજાણું કાંઈ? ભરત મારો ભાઈ છે એ રાજ કરે.

ભરત કહે, પ્રભુ! હું એકલો નહીં રહી શકું. ભાઈ! પિતાજીની આજ્ઞા છે. બહાર ન અવાય, ભાઈ! મારી સાથે ન અવાય. આહાહા! હું નહીં રહી શકું તમારા વિના. તમારી આજ્ઞા પળશે. આહાહા! જ્યોતિષીના જ્યોતિષ જૂઠા પડ્યા, પણ ભગવાનની આજ્ઞાનો માર્ગ એ જૂઠો ન પડ્યો. આહાહા! પછી અયોધ્યામાંથી વિદાય લે છે. સરયૂ નદી છે. કાંઠે લાખો પ્રજા ઉભી,

રાજકુમારો, રાણીઓ. ... આનંદમાં લેતો જાય. પિતાજી! મારી ... આહાહા! અહીં પ્રભુની આજ્ઞા છે. ત્રણ લોકના નાથ પરમાત્માની આજ્ઞા (છે કે) પ્રભુ! તું તારી પાસે જાને ભાઈ! આહાહા! મારી પાસેથી છૂટી જા. પ્રભુ અંદર બિરાજે છે, તારો આનંદનો નાથ બિરાજે છે. એના સમીપમાં જા, જગતનો વિરહ ભૂલી જા. આહાહા! અમારા ભગવાન તો અમારી પાસે છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનમાં ભગવાન આત્મા પાસે છે એમ કહે છે. એય ભગવાનજીભાઈ! આહાહા!

લક્ષ્મી આદિ તો અત્યંત અભાવરૂપે છે, શરીર અત્યંત અભાવરૂપે, રાગ અત્યંત અભાવરૂપે અને સમ્યગ્દર્શનની પર્યાય દ્રવ્યમાં અભાવરૂપે છે, છતાં એ પર્યાયમાં મારો નાથ અંદર છે. આહાહા! સમીપમાં પ્રભુ વર્તે છે, મેં સમીપપણું છોડ્યું નથી. આહાહા! કહે છે કે આ સમ્યગ્દર્શનના આવા વિશેષણ વાપર્યા જુઓ! કેવા? ઓલામાં તો એટલું જ લખ્યું છે. આમાં તો 'પૂજિત પરમ પંચમગતિની પ્રાપ્તિનો હેતુ.' પૂજિત પરમ પંચમગતિની પ્રાપ્તિનો હેતુ પંચમ-ભાવની ભાવના. આહાહા! મારો પ્રભુ પંચમભાવ એમાં મારી એકાગ્રતા છે. ઉસરૂપ **જો પરિણમિત મૈં ઉસકે સહજ સમ્યગ્દર્શનવિષયમેં...** સ્વભાવિક સમ્યગ્દર્શન. એ વિભાવિક નહીં, વ્યવહારેય નહીં એમ કહે છે. સ્વભાવિક સમ્યગ્દર્શનકે ધ્યેયમેં **વહ આત્મા હૈ**... મેરે સમ્યગ્દર્શકે સમીપમેં તો મૈં આત્મા હૂં. આહાહા! સમજમેં આયા? બે બોલ થયા–સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન. (હવે) ચારિત્ર.

એક બાવો હતો જુવાન છોકરો જુવાન હોં. (વઢવાણ) કેંપમાં. ભગતની હોટલ ચાલતી. ઓલા કસ્તુર ભગત. જુવાન બાવો હતો તે ન્હાવા ગયો. લંગોટી પહેરેલી. એ નહાતા લંગોટી કાઢી નાખી, (પછી) ભૂલી ગયો પહેરતા. એમને એમ આવ્યો હોટલમાં. કસ્તુર ભગત કહે, અરે બાવાજી! આપ લંગોટી ભૂલ ગયે, તુમ પહને બિના (આયે). ભગતજી! મૈં લંગોટી ભૂલ ગયા, મૈં કૃષ્ણકો નહીં ભૂલતા. લંગોટી ભૂલ ગયા, મુજે ખબર ન રહી. નહાતા વખતે લંગોટી કાઢી હતી, પહેર્યા વિના હું ચાલ્યો આવ્યો, પણ મારો પ્રભુ એને હું ભૂલતો નથી. એ વૈરાગ. વૈરાગી માણસ હતો. (શ્રોતાઃ ભક્તિ કે પ્રગટ પાગલપન?) એ જાતનું હોયને. લંગોટી ભૂલ ગયા ભગતજી! એ ચા પીવા આવ્યો હોટલમાં. ચા આપે મફત. ભગત હતાને કસ્તુર ભગત. પોપટ ભગત આવે છેને આપણે, એના ભાઈ હતા. ભગતજી! હું લંગોટી પહેરતા ભૂલી ગયો હોં. છોડી હતી ખરી, પણ પહેરતા ભૂલી ગયો છું. આહાહા! પણ હું મારા ભગવાનને ભૂલતો નથી. સમજમેં આયા?

અહીં સમ્યગ્દર્શન કહે, મૈં સારા જગત ભૂલ જાતા હૂં, પણ મેરા આત્મા નહીં ભૂલ જાતા. સમજમેં આયા? જગતકી ચીજ મેરેસે દૂર રહ ગઈ, પણ મેરા પ્રભુ તો મેરે સમીપમેં આ ગયા. આહાહા! જુઓ! આ માર્ગ. આ ત્રણ લોકના નાથ(નો કહેલો અને) સંતો જે માર્ગે ચાલ્યા, એ માર્ગની રાહ આ છે. કાયરના કામ નથી, ત્યાં વીરોના કામ છે. સમજાણું કાંઈ? આહાહા! હવે ચારિત્રની વ્યાખ્યા. **સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિકે...** જુઓ! ભાષા ફરી. ચારિત્ર હૈ ન, સ્વરૂપમેં

રમણતા. આહાહા! ભગવાન આનંદમય પ્રભુ ઉસમેં–આનંદમેં રમણતા. આતમરામ રમે આત્મામેં ઐસી જો ચારિત્રદશા, સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિકા ઉપાય. સમ્યગ્દર્શન-જ્ઞાન એ સાક્ષાત્ કારણ નથી, એ તો ચારિત્રનું કારણ છે. સમજાય છે કાંઈ? અને ચારિત્ર એ સાક્ષાત્ મુક્તિનું કારણ છે.

**સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિકે ઉપાયભૂત, નિજ સ્વરૂપમેં અવિચલ સ્થિતિરૂપ...** પોતાનો સ્વભાવ જે સૌખ્ય–આનંદમય એમાં અવિચળ એવી સ્થિતિરૂપ **સહજપરમચારિત્ર-પરિણતિવાલા...** મુનિ કહે છે, હું તો પરમચારિત્રવાળો છું. આહાહા! આ જૂઠું બોલે છે? ચારિત્રની ખબર ન પડે આપણને, સમ્યગ્દર્શનની ખબર ન પડે, કહે છે. અરે ભગવાન! આહાહા! (શ્રોતાઃ એની ચારિત્રના વ્યાખ્યા તો મહાવ્રત છેને). એ બહારની ક્રિયા મહાવ્રત છે. ભાઈ! એ ચારિત્ર નથી. જિંદગી છેતરાઈ જશે પ્રભુ! આવા જીવન મળ્યા, એવા ટાણાને હવે ભૂલ નહીં હોં. આહાહા! ક્યાં નરક ને નિગોદ, ક્યાં એકેન્દ્રિયના અવતારો, ઊંડા-ઊંડા અવતાર, જ્યાં ત્રસ થવા મુશ્કેલ. એમાંથી બહાર આવ્યો પ્રભુ. સમજાય છે કાંઈ? હવે અવળાઈ છોડને નાથ! આહાહા!

ચારિત્ર તો એને કહીએ કે અવિચળસ્વરૂપ જે ભગવાન આત્મા એમાં અવિચળ સ્થિતિ કરવી એનું નામ ચારિત્ર છે. આ મહાવ્રત-ફહાવ્રત ને નગ્ન, બાવા ને લૂગડાં ફેરવે એ ચારિત્ર-ફારિત્ર નહીં. આહાહા! મોતીલાલજી! આહાહા! **સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિકે ઉપાયભૂત નિજસ્વરૂપમેં અવિચલ સ્થિતિ**... નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિ... નિજસ્વરૂપ જે પંચમપારિણામિકભાવ, જ્ઞાયક સુખરૂપભાવ, આનંદરૂપભાવ એમાં અવિચળ સ્થિતિ–ચળે નહીં એવી રમતમાં રમતો આત્મા એને ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા! સમજાય છે કાંઈ? એ રમણીના સંગમાં રમતો, વિષયની વાસનામાં ઘૂસતો દુઃખી છે. ભગવાન આતમરામમાં રમતો, ચારિત્રની રમણી સાથે રમતો (સુખી છે). આહાહા! સમજાય છે કાંઈ? અરે! એને ઓળખે તો ખરો કે ચારિત્ર કોને કહેવું, ચારિત્ર કિસકો કહતે હૈં. ખબર નહીં. લૂગડાં ફેરવ્યા ને બાવા થયા, નગ્નપણું લીધું એ ચારિત્ર. ઐસા હૈ નહીં ભગવાન! આહાહા!

અહીં તો સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિના ઉપાયભૂત નિજસ્વરૂપમાં અવિચળ, ઐસી **સ્થિતિરૂપ સહજપરમચારિત્રપરિણતિવાલા**... આહાહા! મુનિ પોતાની–અપની દશા કહે છે. મેરા ચારિત્ર, પરમચારિત્રપરિણતિવાલા જો મૈં... આહાહા! આવું ભાન થઈ જાય? સમજાય છે કાંઈ? અત્યારે તો એવી વાતું ચાલે છે, પંચમહાવ્રતના વ્યવહાર પાળવા, શાસ્ત્રનું જ્ઞાન કરવું, સમકિત તો કાળલબ્ધિ હશે ત્યારે થશે. અરેરે! પ્રભુ! શું કરે છો આ? સમજાય છે કાંઈ? એ શુભપરિણામ પણ એને કાળે પ્રગટે છે એમાંય કાળલબ્ધિ નથી એની? ભગવાન આત્મા પોતાના

પૂર્ણાનંદસ્વભાવનું ભાન કરીને પ્રતીતિ થઈ અંદર, હવે એમાં રમણતા.. રમણતા.. રમણતા.. રગડતા માંડી છે અંદરમાં. એવો હું ચારિત્રવંત છું, કહે છે મુનિ. આહાહા!

**પરમચારિત્રપરિણતિવાલા જો મૈં**... આહાહા! **ઉસકે (અર્થાત્ મેરે) સહજ ચારિત્રમેં**... આહાહા! જુઓ! આ વીતરાગમાર્ગ. વીતરાગચારિત્રપરિણતિમેં તો મેરા આત્મા હૈ. **મેરે સહજચારિત્રમેં ભી**... 'ભી' કેમ કહ્યું? ઓલું જ્ઞાન-દર્શન પહેલું કહેવાઈ ગયું છેને. જ્ઞાન ને દર્શનમેં મેરા આત્મા હૈ, ઐસે ચારિત્રમેં ભી મેરા આત્મા હૈ હોં. આહાહા! ધન્ય અવતાર, ધન્ય કાળ! જેની દશા ચારિત્રમય થાય એણે સાક્ષાત્ નિર્વાણના કારણો નજીક પ્રગટ કર્યાં છે. સમજાય છે કાંઈ? કહતે હૈં, અરે! ઐસા **પરમસહજચારિત્રપરિણતિવાલા જો મૈં ઉસકે** અર્થાત્ ઉસમેં–સહજ ચારિત્રમેં **ભી વહ પરમાત્મા**... યહાં શબ્દ ઐસા લિયા હૈ. **વહ પરમાત્મા સદા સંનિહિત (નિકટ) હૈ**... મારી ચારિત્રની રમણતામાં મારો પરમાત્મા નિકટ વર્તે છે. આહાહા! સમજાય છે કાંઈ?

અરે! એના ગાણા સાંભળ્યા નહીં એણે. એ કોણ છે? કેવો છે? ત્રણ લોકનો નાથ જેની પાસે સિદ્ધપદ પણ અનંતમા ભાગે આવે, એવો પરમાત્મા પોતે છે. નિજાનંદથી ભરેલો ભગવાન પરમાત્મા, મારા ચારિત્રમાં તો પરમાત્મા તરવરે છે કહે છે. સમજાય છે કાંઈ? એ પરમાત્મામાં હું રમું છું, એ મારું ચારિત્ર છે, વહ મેરા ચારિત્ર હૈ. સમજમેં આયા? **સદા સંનિહિત હૈ**... આમાં શબ્દમાં નથી, પાછો બીજે આવે છે. 'સન્નિઓ અપ્પા' બીજે આવે છે. મારો આત્મા મારી પરિણતિમાં સંનિહિત–નિકટ છે.. નિકટ છે. એની ધારાવાહીમાં એ પોતે પરિણમે છે એમ કહે છે. મારા સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્રમાં મારો ભગવાન સમીપમાં છે, નિકટ છે, બહુ જ નજીક છે. આહાહા! સમજાણું કાંઈ? માળે આવો માર્ગ! આ તો નિશ્ચયનો માર્ગ કહેવાય. એના વ્યવહારના સાધન-બાધન કોઈક હશે કે નહીં? આહાહા!

પોતે જ સ્વરૂપનું સાધન, મુક્તિનું સાધન તો એ છે. આહાહા! સમજાય છે કાંઈ? આહાહા! તકરાર ચર્ચા.. અરે ભગવાન! એ તકરારમાં સમાધાન માટે રોકાવું પડે ને વાદવિવાદના ઝગડામાં સરખો જવાબ ન આપે... એ.. ખોટા. એ મૌન રહી જાય છે. ઓલાનું નહોતું કહ્યું સાતસો મુનિનું? (શ્રોતાઃ અકંપનાદિ...) ઓલા આવ્યા... મૌન થઈ ગયા. ગુરુએ કહ્યું, બોલશો નહીં ભાઈ હોં. સંઘ ઉપર ઉપદ્રવનો પ્રસંગ છે. કંઈક જાણ્યું હશે..... ઓલો બોલ્યો, મહારાજ બળદ જેવા છે, આવડે નહીં એટલે ધ્યાનમાં બેઠા છે. આહાહા! એના મંત્રીઓ, બલિ મંત્રી. ... બોલતા નથી. આવડે છે કે દિ' બોલતા? ઠીક ભાઈ! સમજાણું કાંઈ? બોલવું એ તો વાણીનો વિલાસ છે, વિકલ્પ ઉઠે એ પણ વિકાર છે.

પરમેશ્વરની પદવી પ્રાપ્ત કરવી હોય, જિસકો પરમેશ્વરકા પદ પ્રાપ્ત કરના હો, ઉસકો તો સાક્ષાત્ મોક્ષકા કારણ–હેતુ ચારિત્ર ઉસકો પ્રાપ્ત કરના ચાહિયે. આહાહા! સમજમેં આયા?

ચારિત્ર વિના મુક્તિ ન જ હોય. એકલા સમ્યગ્દર્શન-જ્ઞાનથી કાંઈ મુક્તિ નથી. આહાહા! સમજમેં આયા? પણ ચારિત્ર આ. બહારના વ્રત ને તપ કરવા માંડે એને ચારિત્ર માને. એને એમ સમજે કે રાગની મંદતા છે એ શુભભાવ હો, હોય છે. સમજાય છે કાંઈ? એ કાંઈ મોક્ષનું કારણ છે એમ છે નહીં. આહાહા! (શ્રોતા: .....) ક્યા કિયા થા? ઝેર પિયા થા. ક્યા કિયા થા? શેઠ! અપવાસ-બપવાસ કિયા હો. અત્યાર સુધી કર્યાને દસલક્ષણી પર્વમાં. ફોગટ? હતું કે દિ'? ધૂળેય નહોતી. ધૂળેય નહોતી એટલે સારા પુણ્ય બંધાય એ ભાવ પણ નહોતા. સમ્યગ્દૃષ્ટિકો જો પુણ્ય બંધતા હૈ ઐસા પુણ્ય ભી અજ્ઞાનીકો નહીં હૈ.

સમ્યગ્દૃષ્ટિકો તો તીર્થંકરગોત્ર બંધ જાય, બળદેવ, વાસુદેવ... ગણધર ઐસી પદવી.... ધવલમાં કહે છે, પુણ્યના ફળમાં અભ્યુદય... તીર્થંકર, બળદેવ, ગણધર, સર્વાર્થસિદ્ધની પદવી એ બધી સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. સમજમેં આયા? તેરે મહાન પદકી પદવીકી ખબર નહીં અને દૂસરા પદ તુજે મિલે, કૈસે મિલે? સમજમેં આયા? ઇસ પદવીકા ભાન (હુએ) પીછે ભગવાનકી પદવી ભી મિલેગી ઔર બીચમેં સંહનન આદિકી પદવી હો વહ ભી આયેગી. સમજમેં આયા? અરે! મેરે નિકટ હૈ–સંનિહિત હૈ, મેરા પરમાત્મા મુજે સદા સંનિહિત હૈ. મેરી ચારિત્રકી પરિણતિમેં મેરા આત્મા સદા નિકટ રહતા હૈ. આહાહા! મેરી ચારિત્રકી પરિણતિ ભગવાન આત્મા કરતા હૈ. સમજમેં આયા? ગાથા અલૌકિક હૈ. એક ગાથાનું એક પદ સમજે તો સંસાર કોલાહલ (શમી જાય). ભવોદધિ તારણહાર પથ હૈ. સમજમેં આયા?

**ભેદવિજ્ઞાની, પરદ્રવ્યસે પરાઙ્મુખ...** અહીં સમીપ કીધુંને આ બાજુ, ત્યારે પરદ્રવ્યથી પરાઙ્મુખ. આહાહા! ભગવાન આત્મા, અપને જ્ઞાનસ્વરૂપમેં, અપને સમકિતસ્વરૂપમેં, અપને ચારિત્રસ્વરૂપમેં ભગવાન નિકટ–સમીપ હૈ, તો ધર્મી તો પરદ્રવ્યસે પરાઙ્મુખ હૈ. સ્વદ્રવ્યકે સન્મુખ હૈ, પરદ્રવ્યસે પરાઙ્મુખ હૈ. આહાહા! **તથા પંચેન્દ્રિયકે વિસ્તાર રહિત...** મુનિ હૈ ન. અપની બાત કરતે હૈં. આહાહા! **દેહમાત્રપરિગ્રહવાલા...** એક દેહમાત્ર રહા હૈ. વહ આયુષ્ય તક છૂટ સકે નહીં, બાકી તો સબ છૂટ ગયા હૈ. આહાહા! વસ્ત્ર ને પાત્ર ને આ ઘડિયાળું રાખે છે જુઓને! અત્યારે તો. દવાની શીશીયું સાથે.

ઓલાએ લખ્યું છેને એકસો આઠ. અર્ધફાલકથી નીકળ્યા, તે એકસો આઠ ઉપકરણ થઈ ગયા અત્યારે, એમ કહે છે. દેરાવાસી સાધુ છે. અહીંનું વાંચે છે. દિગમ્બરમાંથી શ્વેતામ્બર અર્ધફાલક નીકળ્યા, અભી એકસો આઠ ઉપકરણ હો ગયા. ભગવાન મહાવીર તારા માર્ગમાં શું થશે? કેટલા ઉપકરણ વધશે? ખાનગી ઘડિયાળ રાખે.. સમજાય છે? દવાઓ રાખે, ગોળીયું રાખે અનેક પ્રકારની દવાઓ, છીંકણી. આહાહા! પ્રભુ! તારા પંથના આ સાધુ. વીતરાગી મુનિ તો જંગલમેં રહતે હૈં. જંગલમાં જેના વાસ, આકાશ જેના માથે. આકાશ ને પાતાળની વચમાં

રહે છે. ઐસે મુનિ પરદ્રવ્યસે પરાઙ્મુખ હૈં. જમીન પર ચલતે હૈં તો ભી પરદ્રવ્યસે પરાઙ્મુખ હૈં એમ કહતે હૈં. શરીરમેં રહતે હૈં પણ પરદ્રવ્યસે પરાઙ્મુખ હૈં. આહાહા! સમજમેં આયા?

**પંચેન્દ્રિયકે વિસ્તાર રહિત**... પાંચ ઇન્દ્રિયનો વિસ્તાર બંધ થઈ ગયો છે. પાંચ ઇન્દ્રિય તરફનું વલણ જ ઘટી ગયું છે. અકેલા અતીન્દ્રિયભાવ હો ગયા હૈ એકલા. આહાહા! દેખો! યે ચારિત્ર. જિસે સારે શરીરકી ઇન્દ્રિય વશ હો ગઈ હૈ. અતીન્દ્રિયભાવમેં **પંચેન્દ્રિયકે વિસ્તાર રહિત દેહમાત્રપરિગ્રહવાલા જો મૈં...** પદ્મપ્રભમુનિ (કહતે હૈં), દેહમાત્ર પરિગ્રહ ઐસા **જો મૈં ઉસકે નિશ્ચયપ્રત્યાખ્યાનમેં...** આહાહા! મેરે પચ્ચખાણમેં તો ભગવાન સમીપ હૈ. યે મેરા પચ્ચખાણ હૈ એમ કહતે હૈં. મેરે પચ્ચખાણમેં **શુભ, અશુભ, પુણ્ય, પાપ, સુખ ઔર દુઃખ...** શુભ-અશુભ ભાવ, પુણ્ય-પાપ બંધન, સુખ-દુઃખ સંયોગ—સબસે મૈં ભિન્ન હૂં.

શુભ-અશુભ ભાવ, પુણ્ય-પાપ બંધન, સુખ-દુઃખ પ્રતિકૂલ-અનુકૂલ સંયોગ—**ઇન છહકે સકલસંન્યાસસ્વરૂપ હૈ...** સકલ સંન્યાસ (અર્થાત્) છહસે બિલકુલ મૈં દૂર હૂં. આહાહા! શુભાશુભભાવસે મૈં દૂર, ઉસસે બંધે હુએ પુણ્ય-પાપકે રજકણસે દૂર, ઉસસે બાહરકે ફલ મિલે ઉસસે મૈં દૂર હૂં. આહાહા! ભગવાન સમીપમેં હૈ તો સબ ચીજસે મૈં દૂર હૂં, એમ કહતે હૈં. (શ્રોતાઃ જંગલવાસી મુનિ...) ઐસે હી થે મુનિ. .... દૂસરા હૈ ક્યા? શહરમેં પાંચ-પાંચ, દસ-દસ વર્ષ રહના ને મુનિપના (કહે). દ્રવ્યલિંગ ભી હૈ નહીં. સમજમેં આયા? આહાહા! ભગવાનના કેડાયત સંતો, અલ્પકાળમાં મુક્તિ પામનારા એવા..... **(અર્થાત્ ઇન છહ વસ્તુઓંકે સમ્પૂર્ણ ત્યાગસ્વરૂપ હૈ) ઉસમેં વહ આત્મા સદા આસન્ન (નિકટ) વિદ્યમાન હૈ...** પ્રત્યાખ્યાન લિયા ન પ્રત્યાખ્યાન. છહકા ત્યાગ. ઉસકે ત્યાગમેં મેરા આત્મા નજદીક હૈ, ઉસસે મેરા પ્રત્યાખ્યાન પરિણમન હૈ. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ ૧૩, ગુરુવાર, તા. ૨૧-૯-૧૯૭૨**
**ગાથા-૧૦૦, પ્રવચન નં. ૧૦૩**

નવવાં દિન હૈ આકિંચન્ય(ધર્મ). નવવાં દિન હૈ ન. ..... કલ દસવાં. (પર્વ) પૂરા. આકિંચન્યધર્મ. ચારિત્રકા પેટા ભેદ હૈ યે. ચારિત્રકા દસલક્ષણ ધર્મ હૈ યે ચારિત્રકા ભેદ હૈ. કલ આયા થા ન, ચારિત્ર સાક્ષાત્ નિર્વાણકા કારણ હૈ. ઉસકા કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન. ચારિત્રકા ભેદ ઉસમેં આયા આકિંચન્ય. મેરા કુછ નહીં, વહ બતાતે હૈં. (પદ્મનંદિ પંચવિંશતિ, પાનું-૫૨)

**विमोहा मोक्षाय स्वहितनिरताश्चारुचरिताः**
**गृहादि त्यक्त्वा ये विदधति तपस्तेऽपि विरलाः ।**
**तपस्यन्तो ऽन्यस्मिन्नपि यमिनि शास्त्रादि ददतः**
**सहायाः स्युर्ये ते जगति यतयो दुर्लभतराः ॥१०२॥**

**જિનકા મોહ સર્વથા ગલ ગયા હૈ**... સ્વરૂપકી સાવધાનીસે જિનકા મોહ સર્વથા ગલ ગયા હૈ–નાશ હો ગયા હૈ. મિથ્યાત્વ.... **અપને આત્માકે હિતમેં હી નિરંતર લગે રહતે હૈં**... અપને આત્માકે આનંદમેં (અર્થાત્) હિતમેં લગે રહતે હૈં. ઔર **સુંદર ચારિત્રકે ધારણ કરનેવાલે હૈં**... સ્વરૂપકી રમણતા ચારિત્ર સુંદર કરતે હૈં. **ઘર, સ્ત્રી પુત્રાદિકો છોડકર, મોક્ષકે લિયે તપ કરતે હૈં, વે મુનિ સંસારમેં વિરલ હૈં**. ઐસે મુનિ તો સંસારમેં વિરલ હૈં. **સ્વતઃ અપને હિતકે લિયે તપ કરનેવાલે હૈં, દૂસરે તપસ્વીઓકે લિયે શાસ્ત્રાદિકા દાન કરતે હૈં ઔર ઉનકે સહાયી ભી હૈં, ઐસે યોગીશ્વર સંસારકે બીચમેં અત્યંત દુર્લભ હૈં, વે બડી કઠીનાઈસે મિલતે હૈં**. જિસકી પરોપકાર વૃત્તિ હૈ ઉસકી યહાં વ્યવહારસે બાત કી હૈ. સમજમેં આયા? અપના તપ કરતે હૈં મુનિ, પણ દૂસરે સચ્ચે મુનિકો ભી પુસ્તક આદિકી સહાય કરતે હૈં. ઐસે તપસ્વી દુર્લભ હૈં, એમ કહતે હૈં.

**परं मत्वा सर्वं परिहृतमशेषं श्रुतविदा**
**वपुःपुस्ताद्यास्ते तदपि निकटं चेदिति मतिः ।**
**ममत्वाभावे तत्सदपि न सदन्यत्र घटते**
**जिनेन्द्राज्ञाभङ्गो भवति च हठात् कल्मषमृषेः ॥१०३॥**

**સમસ્ત શાસ્ત્રોંકો જાનનેવાલે વીતરાગદેવને અપની આત્મામેં સમસ્ત વસ્તુઓંકો ભિન્ન જાનકર સબકા ત્યાગ કર દિયા હૈ**. મુનિકો તો અપને સ્વભાવકે આદરમેં સબ ત્યાગ હૈ. આકિંચન્ય ધર્મ હૈ ન! **સબકો છોડતે સમય શરીર, પુસ્તકાદિકા ત્યાગ ક્યોં નહીં કિયા? ઉસકા સમાધાન યહ હૈ કિ ઉનકી શરીરાદિમેં ભી કિસીકે સાથ મમતા નહીં રહી હૈ**... વહ તો

આયુષ્ય રહે તબ તક છોડા જાતા નહીં. **વે મૌજૂદ હોતે હુએ ભી નહીં મૌજૂદકી તરહ હૈં...** મુનિયોંકે શરીરાદિકા સાથ આયુકર્મકા નાશ હુએ બિના છૂટ નહીં સકતા...

**ઇસલિયે શરીરાદિ તો રહતે હૈં, કિન્તુ શરીરાદિમેં કિસી પ્રકારકા મમત્વ નહીં રખતે.** આકિંચન્ય—કોઈ મેરા નહીં. મેરા હૈ તો, પૂર્ણ આનંદ, જ્ઞાનાદિ(મય) મેરા આત્મા હી મેરા હૈ. આહાહા! ઐસા ધર્મકા આરાધન કરનેવાલા અલ્પ કાલમેં મોક્ષ લેતા હૈ. **શરીરાદિમેં કિસી પ્રકારકા મમત્વ કરે તો ઉનકો જિનેન્દ્રકી આજ્ઞા-ભંગરૂપ મહાન દોષકા ભાગી હોના પડેગા.** શરીર તો આયુષ્ય નહીં છૂટે તબ તક હો, પણ ઉસકી મમતા કરે તો જિનાજ્ઞાકા ભંગ હોતા હૈ. **જબ તક ઉનકો મમત્વ રહેગા તબ તક વે મુનિ હી નહીં કહે જા સકતે હૈ.** એ મુનિ પણ કહેવાશે નહીં. યે આકિંચન્ય.

અપને યહાં ચલતી હૈ ૧૦૦વીં ગાથા. યહાં આયા હૈ. **आदा खु मज्झ णाणे...** મેરે સમ્યગ્જ્ઞાનમેં આત્મા સમીપ હૈ. સમીપકા અર્થ કિ મેરે જ્ઞાનમેં આત્મા હી જ્ઞેય તરીકે જાનનેમેં આતા હૈ. આહાહા! **आदा मे दंसणे...** મેરા આત્મા, સમ્યગ્દર્શનકે વિષયમેં–ધ્યેયમેં આત્મા હી હૈ. ઔર **चरित्ते...** સાક્ષાત્ નિર્વાણકી પ્રાપ્તિકા કારણ ચારિત્રમેં આત્મા હી સમીપ હૈ. વિકલ્પ ને નિમિત્ત સમીપમેં હૈ નહીં. આહાહા! ઐસે **ભેદવિજ્ઞાની, પરદ્રવ્યસે પરાઙ્મુખ તથા પંચેન્દ્રિયકે વિસ્તારસે રહિત દેહમાત્ર પરિગ્રહવાલા જો મૈં ઉસકે નિશ્ચયપ્રત્યાખ્યાનમેં...** પ્રત્યાખ્યાનકી બાત ચલતી હૈ ન અબ. **आदा पच्चक्खाणे...** પચ્ચખાણમેં આત્મા હી સમીપ હૈ. જિસકે ત્યાગમેં આત્મા હી સમીપ હોકર સબ છૂટ ગયા હો, ઉસકા નામ પ્રત્યાખ્યાન ને ત્યાગ કહનેમેં આતા હૈ.

જો **(નિશ્ચયપ્રત્યાખ્યાન)**–ત્યાગ... **શુભ, અશુભ** પરિણામકા ભી ત્યાગ, શુભાશુભ (ભાવસે) બંધનેવાલા **પુણ્ય, પાપ**કા ભી ત્યાગ ઔર પુણ્ય-પાપસે મિલનેવાલી અનુકૂલ-પ્રતિકૂલ સામગ્રીકા ઉસકા ભી ત્યાગ. છહ આયે છહ. **ઇન છહકે સકલસંન્યાસસ્વરૂપ હૈ (અર્થાત્ ઇન છહ વસ્તુઓંકે સમ્પૂર્ણ ત્યાગસ્વરૂપ હૈ) ઉસમેં વહ આત્મા સદા આસન્ન (નિકટ) વિદ્યમાન હૈ...** આત્માકે આશ્રયસે યે ત્યાજ્ય સબ છૂટ ગયા હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? છહ કહતે હૈં ન. પ્રવચનસારમેં છ (બોલ) આવે છે, નહીં? પુણ્ય-પાપમેં ૭૭ ગાથા. પુણ્ય-પાપમેં જો કોઈ વિશેષ માનતે હૈં–ફેર માનતે હૈં, ઘોર સંસારમેં રુલતે હૈં. યે આયા હૈ. ઉસમેં છહ બોલ લિયે હૈં. ૭૭ ગાથા હૈ પ્રવચનસારકી.

શુભ-અશુભભાવમેં કુછ ફેર હૈ કિ શુભ ઠીક ને અશુભ ઠીક, વહ મિથ્યાદ્રષ્ટિ ઘોર સંસારમેં રમતા હૈ. ઐસે પુણ્ય-પાપ બંધનમેં, પુણ્યબંધન ઠીક ને પાપબંધન અઠીક—ઐસે માનનેવાલા ઘોર સંસારમેં રુલતા હૈ. ઔર અનુકૂલ સામગ્રી ઠીક ઔર પ્રતિકૂલ ઠીક નહીં, યે ભી મિથ્યાદ્રષ્ટિ હૈ. આહાહા! શરીર નિરોગ રહે તો ઠીક, સરોગ રહે તો ઠીક નહીં. ઐસી બાહ્યકી

સામગ્રી જો સુખ-દુઃખકા નિમિત્ત હૈ ઉસકો યહાં સુખ-દુઃખ કહનેમેં આયા હૈ. અનુકૂલ-પ્રતિકૂલ. ઐસી જો અનુકૂલતા હો તો ઠીક. સમજમેં આયા?

એક વાર એવા પ્રશ્ન પૂછ્યા હતા. ભરત ચક્રવર્તી સુખે-સુખે કેવળજ્ઞાન મુક્તિ પામ્યા, વહ ઠીક હૈ કિ કરોડ વર્ષ તક તપસ્યા કરના પડે, ચારિત્ર પાલના પડે વહ ઠીક હૈ? પોરબંદર પ્રશ્ન કિયા થા. પોરબંદર ૮૭ની સાલ. ત્યારે બધા કહે, એ ભરત(વાળું) ઠીક છે. શું એનો અર્થ? ત્યાં તો એ મરુદેવીની વાત હતી. ઠાણાંગમાં આવે છે ખરુંને. મરુદેવી સુખે-સુખે હાથીને હોદ્દે કેવળ પામ્યા ને મોક્ષ ગયા. વાત ખોટી છે હોં. સ્ત્રીકો મુક્તિ હોતી નહીં. હાથીના હોદ્દે મુક્તિ થતી નથી. પણ ઉન લોગોંને ઐસા ચલાયા હૈ. ભગવાનકે પાસ માતા ગઈ દર્શન કરનેકો. અરે મારા ૠષભનું શું થતું હશે? આમ જ્યાં જુએ તો ઓહોહો! સમવસરણ, ઇન્દ્રો. આંખ્યું બંધ હતી તે ખુલી ગઈ ને હાથીના હોદ્દે ભાવના કરતા-કરતા કેવળજ્ઞાન પામ્યા. એમ કે મેરા ૠષભ કહાં હોગા? પણ આ તો ઓહોહો! ઇન્દ્રોકી સભામેં બૈઠે હૈં. અનુકૂલતામેં હૈં, સુખી હૈ. આહાહા!

કહતે હૈં, બાહ્યકી સામગ્રી સુખકા કારણ નહીં, બાહ્યકી સામગ્રી દુઃખકા કારણ નહીં. ઐસી ચીજમેંસે દ્રષ્ટિ જિસકી ઉઠ ગઈ હૈ. અનુકૂલ સામગ્રી હો તો ધર્મ હો, પ્રતિકૂલ હો તો ન હો—ઐસી જિસકી દ્રષ્ટિમેંસે ઉસ પ્રકારકા ભાવ છૂટ ગયા હૈ એમ કહતે હૈં. ઉસકા નામ ત્યાગ હૈ. સમજમેં આયા? શુભ-અશુભભાવ ભી એક સરિખે હૈં, પુણ્ય-પાપ બંધન પડે વે ભી એક સરિખે હૈં ને અનુકૂલ-પ્રતિકૂલ સામગ્રી ભી એક-સી જ્ઞેય હૈં સબ. ઐસે **છહકે સકલસંન્યાસ-સ્વરૂપ...** છના સકલસંન્યાસ–ત્યાગ. અપને સ્વરૂપમેં સ્થિરતા કરતે છહકા ત્યાગ (હો જાતા હૈ). અપેક્ષાસે બાત કી હૈ. શુભ-અશુભભાવકા ત્યાગ વહ તો અશુદ્ધનયસે કહનેમેં આતા હૈ. ખરેખર તો ત્યાગ કરનેવાલા આત્મા હૈ હી નહીં. વળી અહીં (કહે) ત્યાગ કરના. કિસકા? શુભ-અશુભ ભાવ, પુણ્ય-પાપ બંધન, સુખ-દુઃખ સામગ્રી.

**છહકે સકલ સંન્યાસસ્વરૂપ...** આહાહા! **છહ વસ્તુઓંકે સંપૂર્ણ ત્યાગસ્વરૂપ હૈ ઉસમેં—વહ આત્મા...** અર્થાત્ ઉસ તરફકા લક્ષ છૂટકર સ્વરૂપમેં સ્થિરતા હુઈ, ઉસમેં આત્મા હી આશ્રય હૈ. પરકે ત્યાગમેં મેરા આત્મા હી આશ્રય હૈ, યૂં કહતે હૈં. સમજમેં આયા? એક બાજુ ઐસે કહે કિ પુણ્ય ને પાપકે ભાવકા ત્યાગ (કરના) આત્મામેં હૈ નહીં. પુણ્ય-પાપકે ભાવકે ત્યાગકર્તા આત્મા નહીં. પરમાર્થે ત્યાગ કરતા નહીં. વહ તો સ્વરૂપમેં સ્થિરતા હોતી હૈ તો છૂટ જાતે હૈં, તો 'ત્યાગ કરતા હૈ' ઐસા કહનેમેં આતા હૈ. યહાં ઇસસે આગે લે ગયે. બંધન જો પુણ્ય-પાપ ઉસકા મુજે ત્યાગ હૈ, ઉસકા ત્યાગ હૈ. ઉસકા ત્યાગ તો હૈ હી, પણ સાથમેં બાત કી હૈ અસદ્‌ભૂત-અનુપચારનયસે. યે સુખ-દુઃખકી સામગ્રીકા અસદ્‌ભૂત-ઉપચાર (નયસે) સબકા ત્યાગ હૈ મેરેમેં. સ્વરૂપકે આશ્રયસે ત્યાગ હૈ ઉસકા નામ પ્રત્યાખ્યાન કહનેમેં આયા હૈ.

કહતે હૈં, ઓહો! યહ **આત્મા સદા નિકટ વિદ્યમાન હૈ**... પરકે ત્યાગકી દશામેં મેરા આત્મા હી સમીપ હૈ. આત્માકા અનુભવ કરતે હી પરકા ત્યાગ હો જાતા હૈ. આહાહા! અપના અનુભવ બિના પરકે ત્યાગકો ત્યાગ કહનેમેં આતા નહીં. આહાહા! સમજમેં આયા? **સહજ વૈરાગ્યરૂપી મહલકે શિખરકા શિખામણિ...** મુનિ અપની બાત કહતે હૈં. કૈસા હૂં મૈં? સ્વભાવિક વૈરાગ્ય... પુણ્ય-પાપસે વૈરાગ્ય, સામગ્રીસે વૈરાગ્ય. આહાહા! સ્વભાવિક વૈરાગ્યરૂપી મહેલકા શિખર... મહેલ.. મહેલ બડા. શું કહેવાય? બંગલા. ઉસકા શિખર, ઉસકા શિખામણિ. આહાહા! માથે હોય છેને મકાન ઉપર. **સ્વરૂપગુપ્ત...** પ્રત્યાખ્યાનવાલા જીવ અથવા સંવરવાલા જીવ... સમજમેં આયા? મૈં તો સ્વરૂપગુપ્ત હૂં. મૈં તો મેરે સ્વરૂપકે ધ્યાનમેં પડા હૂં. આહાહા! સમજમેં આયા?

**ઔર પાપરૂપી અટવીકો જલાનેકે લિયે....** મૈં ઐસા હૂં કિ પુણ્ય ને પાપરૂપી અટવી... અટવી (એટલે) આ જંગલ. પુણ્ય ને પાપરૂપી જંગલકો જલાનેકે લિયે **પાવક**–અગ્નિ **સમાન જો મૈં...** આહાહા! મુજે આત્માકે સ્વરૂપમેં ઇતની સ્થિરતા હો ગઈ હૈ... યે સંવરકી બાત ચલતી હૈ. **ઉસકે શુભાશુભસંવરમેં (વહ પરમાત્મા હૈ)...** શુભ-અશુભભાવ જો હૈ ઉસકા સંવર, ઉસમેં મેરા આત્મા હૈ. સમજમેં આયા? આત્માકે અનુભવસે શુભાશુભભાવકા સંવર હોતા હૈ. આત્માકા અનુભવ નહીં ઉસકો શુભાશુભભાવકા સંવર હોતા હી નહીં. ક્યા સંવર? કિસકો કહે?

**તથા અશુભોપયોગસે પરાઙ્મુખ** હૂં. મુનિ કહતે હૈં, હમ અશુભ પરિણામસે તો વિમુખ હી હૈં. **શુભોપયોગકે પ્રતિ ભી ઉદાસીનતાવાલા**... પાંચ મહાવ્રત આદિકે વિકલ્પસે ભી મૈં તો ઉદાસીનતાવાલા હૂં. આહાહા! સંવર લેના હૈ ન. મહાવ્રતકા પરિણામ ભી આસ્રવ હૈ. કહો પ્રકાશદાસજી! મહાવ્રત ક્યા હૈ? વહ ચારિત્ર થા. **અશુભોપયોગસે પરાઙ્મુખ, શુભોપયોગકે પ્રતિ ઉદાસીનતાવાલા ઔર સાક્ષાત્ શુદ્ધોપયોગકે સમ્મુખ...** આહાહા! મુનિ અપની દશા વર્ણન કરતે હૈં. વહી મોક્ષકા માર્ગ હૈ, સમજમેં આયા? વહી નિશ્ચય પ્રત્યાખ્યાન હૈ. આહાહા!

શ્રોતા : યે મુનિયોંકે લિયે હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : મુનિયોંકે લિયે હૈ. પેટામેં સબકો સમજાતે હૈં કિ નહીં? ચારિત્ર ઐસા (હોતા હૈ ઐસા) જ્ઞાન તો કરના કિ નહીં ઉસકો? મુનિયોંકે લિયે હૈ (એમ કરીને) પરબારું કાઢી નાખવું. પણ ચારિત્ર કૈસા હૈ, પ્રત્યાખ્યાન કૈસા હૈ—ઉસકા જ્ઞાન તો યથાર્થ કરના ચાહિયે કિ નહીં? નવ તત્ત્વમેં સંવર-નિર્જરા કૈસા હૈ? કિ શુભાશુભપરિણામ કરનેવાલા અશુભ ટાલે ને શુભમેં હૈ તો સંવર હી હૈ? બડી ચર્ચા હૈ સંવરકી. શ્વેતામ્બરમેં પ્રશ્નવ્યાકરણમેં હૈ.

૭૬મેં બડી ચર્ચા હુઈ થી હમારે ધ્રાગ્રંધ્રામેં. ધ્રાગ્રંધ્રામાં શાસ્ત્રના અભ્યાસી બે-ત્રણ હતા. હવે ગુજરી ગયા હશે. પ્રશ્નવ્યાકરણમાં શુભને સંવર કહ્યો છે. પ્રશ્નવ્યાકરણ શાસ્ત્ર હૈ શ્વેતામ્બરમેં. શુભ સંવર છે. ૭૬ની વાત છે. કેટલા વર્ષ થયા? ૫૨. પચાસ ઔર દો.

વીરમગામ થા... વહાં પ્રશ્ન ચલા, એક મૂળચંદભાઈ હતા કે કોણ? ભૂરાભાઈના બાપ, નહીં? મિસ્ત્રી. ધ્રાંગ્રધ્રા. ભૂલી ગયા, ઘણા વર્ષ થયા. મગનભાઈ. મગનભાઈ હતા. અભ્યાસુ હતા. અને એનાથી નાના બેય ભાઈઓ અભ્યાસુ. એ લોકોને, આપણા જે અગિયાર તાલુકા છે એમાંથી છૂટ મળી હતી કે અમદાવાદ કન્યા દેવી હોય તો દઈ શકે. એવી છૂટ હતી. ગૃહસ્થ. ૧૧ તાલુકામાં. બહુ ઓલા ખાનદાન માણસ હતા.

હમ વિરમગામસે આતે થે. ધ્રાંગ્રધ્રા આવ્યા. ત્રણ ગાઉ છેટે હતું. સામે આવ્યા. સામે નદી હતી. નદીને કાંઠે એક દેરી હતી દેરી. છોટી દેરી હૈ. તો ઉસને મગનભાઈને કહા... ૭૬કી બાત હૈ. મગનભાઈ હતા. છોટાભાઈ! નથી ઓળખતા? મગનભાઈ હતા ધ્રાંગ્રધ્રા. મગન મૂળચંદ. ગાંઠીયાવાળા નહીં, ધ્રાંગ્રધ્રાવાળા. મગન મૂળચંદ. આ તો ધ્રાંગ્રધ્રાની વાત છે. એ કોઈ જાણીતા હોય એ ઓળખે. એ બહાર પ્રસિદ્ધ હતા. એનું કુટુંબ પ્રસિદ્ધ હતું. અમદાવાદમાં કન્યા દેવા..... રસ્તેમેં કહા, યહાં રહના હૈ? કીધું, અરે! આ કોણ કહે છે? ૭૬કી બાત હૈ. ... કેવું ગામ છે? ....... આવ્યા, નદી કાંઠે એક દેરી હતી.

મહારાજ! અહીં રહેવું છે–રહના હૈ? આ શું કહે છે? પછી અપાસરે ગયા ત્યારે પછી ખુલાસો કર્યો. એણે કોઈ દિ' દેખ્યો નહોતો મને. કોઈ દિ' દેખ્યા નહોતા. સ્વપ્નમેં લંગોટીવાલા મુનિ તુમકો દેખા હૈ. એ વખતે લંગોટીવાળાને પણ મુનિ માનેને. લંગોટી સહિત આપ મુનિ હૈં ઐસા હમેં દર્શન હુઆ હૈ સ્વપ્નમેં. તો મૈંને કહા, યહાં રહના હૈ તુમ્હેં? એમ કહ્યું હતું.... એની સાથે, એના નાનાભાઈ સાથે ચર્ચા બહુ થઈ. પ્રશ્નવ્યાકરણ હૈ ન. શુભ સંવર હૈ. અહિંસા... ૬૦ બોલ લીધા છે બધા વ્યવહાર. એ સંવરનો અધિકાર, એમાં વ્યવહાર બધા નાખી દીધા. બિચારા મુંઝાઈ જાય માણસો. ભગવાનની વાણી આવી છે, આપણે કેમ ન મનાય? શુભ જોગ તે સંવર. ધૂળેય નથી સંવર. શુભજોગ તો આસ્રવ હૈ. સમજમેં આયા?

વહ યહાં કહતે હૈં દેખો! શુભજોગસે તો મૈં ઉદાસીનવાલા હૂં. આહા! આતા હૈ વિકલ્પ. લિખતે વક્ત ભી હૈ. શુભ વિકલ્પ હૈ ન શુભરાગ, મૈં ઉસકા આદર કરનેવાલા નહીં, ઉદાસીન હૂં. આહાહા! ઔર **શુદ્ધોપયોગકે સન્મુખ**... મૈં તો મેરે પુણ્ય-પાપકે ભાવસે ભિન્ન હૂં, મેરા શુદ્ધોપયોગ–અપના શુદ્ધસ્વભાવ ઉસકા શુદ્ધ વેપાર–ઐસે ઉપયોગમેં મેરી સન્મુખતા હૈ. આહાહા! **જો મૈં—પરમાગમરૂપી પુષ્પરસ જિસકે મુખસે ઝરતા હૈ...** યહાં તો મુનિ હૈં. **પરમાગમરૂપી પુષ્પરસ**... કેવા કહેવાય? ફૂલનો શું કહેવાય એ? પરાગ. ફૂલકા પરાગ હોતા હૈ ન. મધ.. મધ. ફૂલના મધ. **પરમાગમરૂપી પુષ્પરસ...** પરમાગમનું માખણ–મધ જિસકે મુખસે ઝરતા હૈ એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

યહાં કહતે હૈં કિ યે જો ટીકા હૈ વહ તો પરમાગમરૂપી રસ હૈ. એમ કહે છે અહીં. અબ કિતને ઇસકો નહીં માનતે. ઉસકી દ્રષ્ટિ મિલતી નહીં. બહોત નિરપેક્ષ બાત યહાં હૈ.

કારણપરમાત્મા સુના હી નહીં. **ઐસા પદ્મપ્રભ ઉસકે શુદ્ધોપયોગમેં ભી...** વહ **જોગે** આયા ન **જોગે. संवरे** પહલે આયા. **જોગે** એટલે શુદ્ધોપયોગ. મેરે શુદ્ધોપયોગમેં ભી પરમાત્મા વિદ્યમાન હૈ. આહાહા! શુભાશુભપરિણામકે ત્યાગમેં અથવા ઉસકે સંવરમેં મેરા આત્મા સમીપ હૈ ઔર શુદ્ધોપયોગમેં ભી મેરા આત્મા સમીપ હૈ. આહાહા! મેરી દ્રષ્ટિમેં, મેરે જ્ઞાનકી પર્યાયમેં તો મેરા ધ્રુવ આત્મા તરવરતા હૈ. 'તરવરતા હૈ'કો ક્યા કહતે હૈં? ધ્યેયમેં આતા હૈ, વહી ધ્યેય હૈ મેરા. શુદ્ધ આત્મા ભગવાન કારણપરમાત્મા ઉસકી દ્રષ્ટિમેં મેરી જ્ઞાનકી પર્યાય સમીપ–એકાકાર હૈ. આહાહા! સમજમેં આયા?

ઐસા પરમાત્મા વિદ્યમાન હૈ. મેરા પરમાત્મા મેરે શુદ્ધોપયોગમેં વિદ્યમાન હૈ. આહાહા! મેરે શુદ્ધોપયોગકો આશ્રય પરમાત્માકા, મેરે પરમાત્માકા હૈ. સમજમેં આયા? શુભાશુભ વિકલ્પસે રહિત હોનેમેં–સંવર હોનેમેં ભી આત્મા સમીપ હૈ ઔર શુદ્ધોપયોગ હુઆ ઉસમેં ભી સમીપ મેરા ભગવાન પરમાત્મા હૈ. આહાહા! વહ સંવર, શુદ્ધોપયોગ. ઉસકો સંવર કહા હૈ ન પહલે. **आदा मे संवरे..** ગાથા હૈ કિ નહીં? શુભાશુભકા રહિતપના બતાયા, યે સીધા અકેલા શુદ્ધ બતાયા. સંવરમેં શુભ-અશુભ રુકા ઇતના નાસ્તિસે કહા. યે શુદ્ધોપયોગ અસ્તિસે કહા. સમજમેં આયા? પાઠ હૈ ન દેખો! **आदा मे संवरे आदा मे जोगे...** જોગ શબ્દે શુદ્ધોપયોગ. આહાહા! સમજમેં આયા? નિર્વિકલ્પ પરમાત્મા ધ્રુવ ભગવાન મેરે શુદ્ધોપયોગકા આશ્રય હૈ. આશ્રય કહો કિ સમીપ કહો કિ મેરે શુદ્ધોપયોગમેં પરમાત્મા હી વિદ્યમાન હૈ. આહાહા! ત્રિકાલ વસ્તુકી વિદ્યમાનતાકા જહાં સ્વીકાર હુઆ, યે શુદ્ધોપયોગમેં સ્વીકાર હોતા હૈ. સમજમેં આયા?

(બિના સમજે) ઐસા હૈ ઐસા નહીં. હૈ ઐસા ભાનમેં, પર્યાયમેં ખ્યાલમાં આયા. ઓહો! પૂર્ણાનંદકા નાથ સહજાનંદકી મૂર્તિ પ્રભુ આત્મા પરમાત્મા મેરે શુદ્ધોપયોગમેં વિદ્યમાન હૈ. મેરે શુદ્ધોપયોગકા આશ્રય–આધાર ભગવાન હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા? આહાહા! કોઈ દિ' સાંભળ્યુંય ન હોય. એય ગિરધરભાઈ! હાંકે રાખ્યા હોય બહારના ગાડાં. દુકાને પાપ કરતા હોય, (પછી) નવરા થઈને બેસે એટલે સંવર થઈ ગયો અમારે. યે તો કહતે હૈં કિ ભૈયા! એકબાર સુન તો સહી નાથ! તેરા પરમાત્મા પૂર્ણાનંદકા નાથ તેરે ભાવમેં બિરાજે, ઉસ ભાવકો સંવર કહનેમેં આતા હૈ. સમજમેં આયા? શુભાશુભ પરિણામ રુક ગયા થા ઔર અંતરમેં શુદ્ધોપયોગ જો હુઆ ઉસમેં મેરા **પરમાત્મા,** આહાહા! **વિદ્યમાન હૈ,** ઐસા કહા.

**કારણ કિ વહ (પરમાત્મા) સનાતન સ્વભાવવાલા હૈ**. આહાહા! ભગવાન આત્મા સનાતન (અર્થાત્) જૂના, અનાદિકા સ્વભાવવાલી ચીજ હૈ. યે કોઈ નયી ચીજ નહીં એમ કહતે હૈં. મેરા કારણપરમાત્મા સનાનત પરમાત્મા... આહાહા! આ 'સનાતનધર્મી' નથી કહેતા? સનાતનધર્મી, ફલાણા ધર્મી. એ સનાતનધર્મી આ. અનાદિ-અનંત પરમાત્મા અપના નિજસ્વરૂપ કારણ**(પરમાત્મા) સનાતન સ્વભાવવાલા હૈ.** આહાહા! સનાતન સ્વભાવવાલેકો

જિસને અનુભવ કિયા વહ સનાતનધર્મવાલા હૈ. સનાતનધર્મી, યે સનાતનધર્મી. કહો, સમજમેં આયા?

આપણે અહીં લખ્યું છેને મંદિરમાં સનાતન, નહીં? કાઢી નાખ્યું છે? પહેલા હતું. પહેલા હતું નહીં? સનાતન દિગંબર. જૂનું નાનું હતું ત્યારે. સનાતન દિગંબર. યે પરમાત્મા તો પુરાના–જૂના અનાદિકા હૈ. નિત્યાનંદ સહજાનંદ પરમાત્મસ્વરૂપ, સાક્ષાત્ સિદ્ધસ્વરૂપ મુક્ત-સ્વરૂપ હૈ. ઐસા મેરા પરમાત્મા સનાતન સ્વભાવવાલા હૈ. આત્મા કહા, તો ઉસકા સ્વભાવ સનાતન સ્વભાવવાલા હૈ, એમ. આત્મા–પરમાત્મા ઇસકા સ્વભાવ સનાતનસ્વભાવવાલા હૈ. જબસે આત્મા હૈ તબસે સનાતનસ્વભાવકે સાથ હૈ. આહાહા! સમજમેં આયા? એને આત્માની શું સંપદા છે, ઋદ્ધિ છે એની ખબર નથી. સમજમેં આયા?

બહારની ઋદ્ધિ થોડી મળે રૂપિયા જ્યાં પાંચ-પચ્ચીસ લાખ કે ધૂળ લાખ. ઓહોહો! આપણે સુખી છીએ. આ ભવ તો નિરાંત. હા, એમ છે. આ ભવમાં નિરાંત હશે એને? સળગી રહ્યો છે અગ્નિમાં. નિરાંત કહાંસે આયી? નિરાંત તો 'સુખિયા જગતમાં સંત, દુરિજન દુઃખિયા..' પુણ્ય ને પાપસે હટકર, પરસે હટકર અપને આનંદસ્વભાવમેં હૈ વહ જીવ સુખિયા જગતમેં હૈ. એ નિરાંતે જિંદગી ગાળે છે. આહાહા! સમજમેં આયા? બાલગોપાલ શરીર હૈ ઉસમેં ભગવાન પૂર્ણાનંદ પરમાત્મા બિરાજતા હૈ. અપના આત્મા હી પરમાત્મા હૈ. સમજમેં આયા? **પરમાત્મા સનાતન સ્વભાવવાલા**, એમ પાછું. કેમ કે આત્મા વસ્તુ છેને વસ્તુ. તો સ્વભાવ કૈસા હૈ ઉસકા? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ–સુખ, અનંત વીર્ય આદિ સનાતન સ્વભાવવાલા હૈ. લ્યો, યે ગાથાકા અર્થ હુઆ. ૧૦૦ ગાથા. પૂર્ણ.. પૂર્ણ વાત.. આહાહા! સમજમેં આયા?

**ઇસીપ્રકાર એકત્વસપ્તતિમેં શ્રી પદ્મનન્દિ-આચાર્યવરકૃત પદ્મનન્દિપઞ્ચવિંશતિકાકે એકત્વસપ્તતિ નામક અધિકારમેં ૩૯, ૪૦ તથા ૪૧વેં શ્લોક દ્વારા કહા હૈ કિઃ-** પદ્મનંદિકા આધાર દિયા.

**तदेकं परमं ज्ञानं तदेकं शुचि दर्शनम् ।**
**चारित्रं च तदेकं स्यात् तदेकं निर्मलं तपः ॥**

**શ્લોકાર્થ : વહી એક (વહ ચૈતન્યજ્યોતિ હી એક) પરમ જ્ઞાન હૈ...** આહાહા! સમ્યગ્જ્ઞાનકા કારણ ચૈતન્યજ્યોતિ પરમજ્યોતિ પરમ જ્ઞાન હૈ. સમજમેં આયા? એકત્વ હૈ ન એકસ્વરૂપ. એકત્વ સપ્તતિકા અધિકાર બહોત ઉંચા હૈ. પદ્મનંદિમેં હૈ. દિગંબર સંતો તો ગમે તે વાત કરતા હો, ઉસમેં ભગવાન આત્મા સમીપમેં રહતા હૈ યે બાત હૈ. જો રાગ ને પુણ્યમેં રહા ઉસકો તો આત્મા દૂર રહ ગયા, એમ કહતે હૈં. સમજમેં આયા? જિસકા પ્રેમ પુણ્ય ને પાપ ઔર (ઉસકે) ફલમેં રહા, ઉસસે તો આત્મા દૂર રહા આહાહા! જિસકા, પુણ્ય ને પાપકા પ્રેમ

છૂટકર પ્રભુ પ્રતિ પ્રેમ હુઆ, ઐસે પ્રેમમેં પરમાત્મા સમીપ હૈ. આહાહા! સમજમેં આયા? પ્રીતિ લી હૈ ન. ૨૦૬ ગાથામેં, નિર્જરા અધિકારમેં. .... ભગવાન પૂર્ણાનંદ પ્રભુ સનાતનસ્વભાવી ભગવાન ઉસકી પ્રીતિ કર, ઉસમેં પ્રેમ લગા દે ઔર સર્વ ભાવકા પ્રેમ છોડ દે. યે તેરી ધાર્મિક ક્રિયા ને મોક્ષકી ક્રિયા હૈ.

ચૈતન્યજ્યોતિ એ જ પરમજ્ઞાન. ત્રિકાલી પરમજ્યોતિ પરમ જ્ઞાન ઉસકા આશ્રય કિયા ઉસકો જ્ઞાન હુઆ. સમજમેં આયા? **વહી એક પવિત્ર દર્શન હૈ...** સ્તુતિ સમ્યગ્દર્શન. ત્રિકાલી પવિત્ર દર્શનસ્વરૂપ હી આત્મા હૈ, ઉસકા દર્શન હુઆ વહ સમ્યગ્દર્શન હૈ. આહાહા! ભારે વાત ભાઈ! સમજમેં આયા? પરમદર્શન, પવિત્રદર્શન. એક પવિત્ર એક, પાછું એમ. દૂસરી કોઇ ચીજ સાથમેં નહીં. પરમજ્ઞાનસ્વરૂપી ભગવાન એક ઉસકા આશ્રય કરનેસે જ્ઞાન હોતા હૈ. યે એક હી જ્ઞાન મોક્ષકા કારણ હૈ. પવિત્ર દર્શન... **વહી એક ચારિત્ર હૈ...** ત્રિકાલી ચારિત્રસ્વરૂપ હૈ ઉસમેં લીનતા હોનેસે જો ચારિત્ર (હોતા હૈ) ઉસે એકકો હી ચારિત્ર કહા હૈ.

**તથા વહી એક નિર્મલ તપ હૈ.** લ્યો. તપ ઉસકો કહતે હૈં. આહાહા! નિર્મળ તપ. ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ નિર્વિકલ્પ સ્વભાવ જિસકા અનુભવમેં આયા ઔર પરમાનંદદશા પ્રગટ હુઈ વહી એક પરમ તપ હૈ. કહો, ભીખાભાઈ! આ વાંચ્યું છે કે નહીં કોઈ દિ'? ઘરે પુસ્તક છે કે નહીં? છે. આહાહા! જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ—ચાર બોલ લિયે. આહાહા! શું ચીજ પોતે! શુભ-અશુભ ઉપયોગસે ભી ઉદાસ હોકર, અપને શુદ્ધ ભગવાન આત્મામેં જો એકાકાર હોતા હૈ, ઉસકો હી જ્ઞાન, ઉસકો દર્શન, ઉસકો ચારિત્ર, ઉસકો તપ (હોતા હૈ) યૂં કહતે હૈં. સમજમેં આયા? એ સુખને પંથે ચડ્યો, બાકી દુઃખને પંથે પડી છે દુનિયા આખી. સમજમેં આયા? એય ચીમનભાઈ! આ બધા દુઃખી છો તમે, એમ કહે છે. બહારના તો સુખી કહે. પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા. જોરાવરમાં ને એક મુંબઈમાં ફલાણું-ઢીકણું. એય જેઠાભાઈ! .... કહે છે, મોટાભાઈ કહે છે. આહાહા!

ઐસા પરમાત્મા મોટો–બડા હૈ. આહાહા! એ ચીજને એણે લક્ષમાં કદી લીધી નથી. લક્ષમેં લિયે બિના સારા ધંધા કિયા. ધર્મકે નામ પર શુભકી ક્રિયા કી, સબ થોથા નિકલા. સમજમેં આયા? આહાહા! 'તેરા સાહેબ તુજમેં, જાગ સકે તો જાગ, તેરા પ્રભુ તુજમેં, જાગ સકે તો જાગ, તું હી પરમેશ્વર, જાગ સકે તો જાગ.' અહીં તો એક વાત છે. આહાહા! સમજમેં આયા? માણસને એવું લાગે, આ તો બધું નિશ્ચય.. નિશ્ચય. પણ નિશ્ચયનો અર્થ સત્ય. નિશ્ચયનો અર્થ જ સત્ય. નિઃચય આવે છેને. અર્થ કર્યો હતોને કાલ. ઓલામાં કર્યો હતો. તત્ત્વજ્ઞાન ને એના અર્થમાં નિશ્ચય. નિશ્ચયથી જેના અનંત ગુણો પોતપોતામાં છે. ઉપાદાનનો અર્થ કર્યો, નિમિત્તનો કર્યો, નિશ્ચયનો કર્યો, વ્યવહારનો કર્યો. નિશ્ચય–જેમાં બીજો પુણ્ય-પાપ આદિ ભાવ છે નહીં. ઐસા અપના ભગવાન દ્રષ્ટિમેં લેતે હી પરમાત્મા જાગતા હૈ. અને જાગીને

જ્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર થયું, ઉસકા નામ મોક્ષકા માર્ગ કહનેમેં આતા હૈ. આહાહા! દૂસરા શ્લોક.

**नमस्यं च तदेवैकं तदेवैकं च मंगलम् ।**
**उत्तमं च तदेवैकं तदेव शरणं सताम् ॥**

લ્યો, મંગળ, ઉત્તમ ને શરણ. 'અરિહંતા મંગલં, અરિહંતા લોગુત્તમા, અરિહંતા શરણં' આતા હૈ કિ નહીં? મંગલિકમાં આવે છે. અહીં તો કહે, એ બધા શરણ, મંગળ એ તો વ્યવહારની વાત છે. આહાહા! શુભ વિકલ્પ હૈ ઐસે કહનેમેં આતા હૈ. આહાહા!

**શ્લોકાર્થ : સત્પુરુષોંકોં... सताम्** છેને? **સત્પુરુષોંકોં વહી એક નમસ્કારયોગ્ય હૈ...** આહાહા! ત્રણ લોકના નાથને નમસ્કાર કરવો એ પણ વિકલ્પ છે કહે છે. આહાહા! એક ભગવાન પૂર્ણાનંદ આત્મા નમનેયોગ્ય હૈ, નમસ્કાર કરનેયોગ્ય તો અપના પરમાત્મા નિજ સ્વરૂપ હૈ. આહાહા! ઐસા ગાના સુના નહીં કભી. આહાહા! **सताम्** છેને? છેલ્લો શબ્દ છે. **सताम्**—સત્પુરુષો. સત્પુરુષો, ધર્માત્મા ઉનકો નમસ્કારયોગ્ય એક આત્મા હૈ. આહાહા! '**નમઃ સમયસારાય**' આવે છેને પહેલું. 'નમઃ સમયસારાય.' સમય નામ આત્મા, સાર નામ વિકાર રહિત ઐસે મેરે પરમાત્માકો મૈં નમસ્કાર કરતા હૂં. પહલે મંગલિકમેં ઉઠાયા હૈ. સમયસાર. 'નમઃ સમયસારાય.' મૈં પુણ્ય-પાપકો નહીં નમતા. મૈં તો મેરી ચીજમેં નમતા હૂં. ભગવાનકો ભી મૈં નહીં નમતા. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

ઓલા આપણે લગન કરેને ત્યારે બોલે છે ભાઈ! એક ફેરી સાંભળ્યું હતું. કુંવરજીભાઈના બીજા લગ્ન હતાને. હું ગઢડામાં હતો. ... લગ્ન હતા. બહુ ધ્યાન નહીં દીધું. 'નહીં નમે રે નહીં નમે મોટાના છોરું નહીં નમે.' એમ આવે છે. કાઠિયાવાડમાં ગાય. બાઈયું ગાય. વરપક્ષના હોય એ ગાય. એય! 'એ નાણાનો બળિયો વર નહીં નમે.' 'નહીં નમે' સમજતે હો? નહીં ઝુકે. 'નાણાનો બળિયો વર' એક એવું આવે છે. આ જ્ઞાનનો બળિયો આત્મા એ પરને નહીં નમે એમ કહે છે. પૂનમચંદજી! અમારે કાઠિયાવાડમાં બાઈયું ગાય. એ તો તમારેય હશે કાંઈક તો. ચૂલામાં રાખ જ હોયને જ્યાં-ત્યાં. એના શબ્દ હશે કાંઈક બીજા. 'નાણાનો બળિયો નહિ નમે.' સામૈયું કરેને સામૈયું (ત્યારે) વરપક્ષની બાઈયું ગાય. અમારા ભાઈ છે એ નહીં નમે કોઈ દિ'. નાણાનો બળિયો છે એ. આહાહા! ધૂળેય નથી. આ તો બધા રખડવાના છે.

જ્ઞાનનો બળિયો... જ્ઞાન નાણા એટલે જ્ઞાનલક્ષ્મીનો બળિયો પ્રભુ એ કોઈને નહીં નમે. કહો, પ્રવીણભાઈ! આવું ન્યાં સાંભળ્યું પણ નહીં હોય સંચામાં. આહાહા! એક નમસ્કારયોગ્ય... અરે પ્રભુ! પણ આ નિશ્ચય થઈ જાય છે. એક જ નિશ્ચય એકાંત થઈ જાય છે. જેઠાલાલભાઈ! એકાંત સમ્યક્-એકાંત. ઐસા નમસ્કારયોગ્ય હૈ ઉસકા ભાન હુઆ, તો દેવકો નમસ્કાર કરના ઐસા વ્યવહારકા જ્ઞાન હોતા હૈ. જ્ઞાન હોતા હૈ. (આત્મા)કા જ્ઞાન હો તો ઉસકા જ્ઞાન હોતા હૈ.

આહાહા! સમજમેં આયા? અરે! માથાફોડ કરીને બિચારા ક્લેશ.. ક્લેશ કરી.... આવે છેને ક્લેશ? મહાવ્રતનો ભાર ઉપાડી રાગનો ભાર... સવળી ચીજ તો ભાનમાં આવી નહીં. આહાહા! સહજાનંદકી મૂર્તિ તો અનુભવમેં આયી નહીં. મહાવ્રતકે પરિણામસે ક્લેશ કરકે, ભાર ઉઠાકરકે દુઃખી હોતા હૈ. આહાહા! સમજમેં આયા? કહો, પ્રકાશદાસજી! મહાવ્રતકા ભાર ઉઠાકર ક્લેશ ઉઠાતે હૈં, ઐસે કહા. આહાહા!

**સત્પુરુષોંકોં વહી એક નમસ્કારયોગ્ય હૈ**... એક ચિદાનંદ પરમાત્મા નિજાનંદ પ્રભુ વહી નમસ્કાર કરનેલાયક હૈ. નમસ્કાર કરના-નમના વહ પર્યાય હૈ. ઉસકી પર્યાય નમતી હૈ ત્રિકાલીમેં. સમજમેં આયા? **વહી એક મંગલ હૈ...** ભગવાન તીન લોકકા નાથ પરમાત્મા વહી એક મંગલ હૈ. જગતમેં મંગલ હૈ તો યે મંગલ હૈ. આહાહા! 'અરંહતા મંગલં' નિકાલ દિયા. 'અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલી પણ્ણત્તો ધમ્મો મંગલં' આવે છે કે નહીં? આહાહા! તેરી ચીજ મહા આનંદકંદ પ્રભુ, આદર કરનેલાયક હો તો વહ એક હી ચીજ હૈ. મંગલિક ચીજ હૈ તો યે આત્મા મંગલ હૈ. આહાહા! જ્ઞાનમેં પૂર્ણાનંદકા સ્મરણ હુઆ, ઉસકા ધ્યાન હુઆ, વહ વસ્તુ મંગલિક હૈ તો પર્યાય મંગલિક હુઈ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મંગલિક ત્રિકાલી મંગલિકકે આશ્રયસે હોતા હૈ. સમજમેં આયા? આહાહા! ભારે!

લોકોને એમ થાય કે ... ન થાય ત્યાં સુધી શુભ કરવા દો. પણ કરે કોણ? કરે છે ક્યાં, એ હોય છે. પણ જ્યાં સુધી કર્તૃત્વબુદ્ધિ રહેશે ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન થશે નહીં, સમ્યગ્જ્ઞાન નહીં હોગા. આહાહા! આતા હૈ બીચમેં, શુભભાવ હો, પણ વહ કરનેલાયક હૈ ઐસી બુદ્ધિ રખકર કરે ઉસકો છૂટે કભી? સમજમેં આયા? બાત તો, પહલે પ્રયત્ન શુભાશુભસે છૂટનેકા પ્રયત્ન કરના, વહી પ્રથમ માર્ગ હૈ. સમજમેં આયા? **વહી એક મંગલ હૈ, વહી એક ઉત્તમ હૈ...** આહાહા! ચક્રવર્તીકા રાજ્ય, તીર્થંકરપદ ઉત્તમ નહીં એમ કહતે હૈં. વહ તો બાહરકી રૂધ્ધિ હૈ, .....? પરમાત્મા સ્વયં ઉત્તમ હૈ. કહો, શેઠ! તારણસ્વામી કહતે હૈં 'અપ્પા સો પરમપ્પા.' યે આત્મા હી પરમાત્મા હૈ. આ બધાએ એમને એમ ઠોઠ નિશાળીયાની જેમ હાંક્યું હોય. એમને એમ નાખી દીધી વાત. સમજમેં આયા? આહાહા!

**એક ઉત્તમ હૈ**... આહાહા! લોગુત્તમા... આતા હૈ ન વહ? 'અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલી પણ્ણત્તો ધમ્મો લોગુત્તમા.' યહાં તો આત્મા લોગુત્તમા હૈ. ભગવાનજીભાઈ! મંગલિક આવે છે. આવે છેને? સામાયિક કરી છે? સામાયિક કરી છે. કરતા, પણ મોઢે નહીં? સામાયિકનો પાઠ છેને પાઠ. 'તિખ્ખુત્તો, ઇરિયાવહિયા..' આહાહા! આત્મા મહા મંગલિક હૈ, આહાહા! ઉસકા સ્મરણ કરના, યાદ કરના, ધ્યાન કરના, ધ્યેય બનાના વહી એક મંગલિક હૈ. મંગલ કરકે નિકલે ઉસકો મુક્તિ હુએ બિના રહે નહીં. આહાહા!

**વહી એક ઉત્તમ હૈ તથા વહી એક શરણ હૈ.** લ્યો, તીનોં બોલ લે લિયે. 'અરિહંતા શરણં, સિદ્ધા શરણં..' આત્મા શરણં. રતિલાલજી! ક્યાં ભાઈ ગયા તમારા ચિરંજીવ? સમજમેં આયા? **એક શરણ હૈ**. આહાહા! ભગવાન આત્મા ઉસકા ગાના વિકલ્પસે કિતના ગાયે? વહ ભી શબ્દસે સંકેત કરતે હૈં. પૂર્ણાનંદકા નાથ પ્રભુ નિર્વિકલ્પ નિર્લેપ બિરાજતા હૈ, અબંધસ્વરૂપ મુક્તસ્વરૂપ પ્રભુ બિરાજતા હૈ. વહી જગતમેં શરણ હૈ, દૂસરા કોઈ શરણ નહીં. ત્રીજો શ્લોક.

**आचारश्च तदेवैकं तदेवावश्यकक्रिया ।**
**स्वाध्यायस्तु तदेवैकमप्रमत्तस्य योगिनः ॥**

**શ્લોકાર્થ : અપ્રમત્ત સંતોકો** અર્થાત્ અપને સ્વરૂપમેં લીનતા કરનેવાલે સંતોકો–યોગીકો **વહી એક આચાર હૈ**... જ્ઞાનાચાર ને દર્શનાચાર ને ચારિત્રાચાર, કહતે હૈં ન? આહાહા! અંતર ભગવાન પૂર્ણાનંદમેં રહના વહ આચાર હૈ. નહીંતર તો અચાર–અથાણા હૈ. અથાણા નહીં હોતા અથાણા? ઉસકો અચાર કહતે હૈં ન? ક્યા? અથાણા નહીં હોતા હૈ? અથાણાને શું કહે? અચાર. અથાણા કહે અમારે. યહાં તો કહા, ધર્માત્માકો, અપને સ્વરૂપમેં અપ્રમત્ત હોકર સ્થિર હોતા હૈ વહી એક આચાર હૈ. મુનિકા યે આચાર હૈ. નગ્નપના ને વિકલ્પ યે આચાર નહીં. આહાહા! ભારે વાત ભાઈ! અહીં તો હજી તકરાર. કપડા ને થોડું હોય તો ક્યાં વાંધો છે? એ દેવીલાલજી! થોડી લંગોટી હોય, દુનિયા માટે લગાડે તો ક્યા વાંધો છે? બાધક-બાધક નહીં, કૌન કહતે હૈં? પણ વિકલ્પ વસ્ત્ર પર જાતા હૈ વહ રાગ હૈ. રાગ મુનિપનેમેં દોષ હૈ. મુનિપના હૈ હી નહીં વહાં. સમજમેં આયા? આહાહા!

સારા આત્મા અણીન્દ્રિય હો ગયા ઉસકો દૂસરે વસ્ત્રકા ધાગા ક્યા? આહાહા! કુંદકુંદાચાર્ય તો અંતરકી ભૂમિસે પોકાર કરતે હૈં. એક ધાગા રખકર હમ મુનિ હૈં ઐસે માને તો નિગોદમેં જાયેગા. એય જેઠાભાઈ! એક દોરા–ધાગા રખે તો રખનેમેં મમતા હૈ. ઇતની મમતા હૈ વહાં મુનિપના હોતા નહીં. આહાહા! આત્માકે ભાન બિના અકેલા નગ્ન હો જાય વહ ભી ધૂળધાણી હૈ. સમજમેં આયા?

શ્રોતા : ..

પૂજ્ય ગુરૂદેવશ્રી : ક્યા? એ રાખ્યું એ જ મૂર્છા છે. .... આહાહા! એમ કે વસ્ત્ર રાખે પણ મૂર્છા ન હોય તો? 'મૂર્છા પરિગ્રહો..' ઐસા આતા હૈ ન? એય ચેતનજી! મૂર્છા પરિગ્રહો... આવે છેને. મૂર્છા હી હૈ. વસ્ત્ર લેનેકા ભાવ મૂર્છા હૈ.

શ્રોતા : શરીરકી મૂર્છા...

પૂજ્ય ગુરૂદેવશ્રી : ...પરિગ્રહ... કીધુંને? શરીરકી મૂર્છા કહાં હૈ? મમતા નહીં હૈ, મેરા હૈ ઐસા હો તો પરિગ્રહ હો જાય.

શ્રોતા : તો ભોજન ક્યોં લેતે હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભોજનકા પરિગ્રહ નહીં, મમતા નહીં હૈ. વે તો ઉદાસ હૈં. ભોજન કરતે છતે અભોજન–અણાહારી હૈં. આહારકા વિકલ્પ આતા હૈ ઉસકો જાનનેવાલે હૈં. સમજમેં આયા?

**અપ્રમત્ત યોગીકો વહી એક આચાર હૈ....** યોગી નામ સ્વરૂપમેં એકાગ્રતા. ઓહોહો! પરમાત્મા ઉસકે સાથ જિસને પ્રીતિ લગા દી, યોગ જોડ દિયા. લ્યો, આ પર્યુષણ. પરિ–સમસ્ત પ્રકારે, ઉષણ–જોડ દેના. ભગવાનસ્વરૂપકા જ્ઞાન કરકે વહાં જોડ દેના. પર્યાયકો વહાં જોડ દેના વહ યોગી. સમજમેં આયા? ઉસકો એક હી યે આચાર હૈ. **વહી એક આવશ્યક ક્રિયા હૈ...** સામાયિક, ચૌવીસંથો.. એક હી આત્મામેં એકાગ્ર હોના વહી સામાયિક હૈ. આ બે ઘડી 'ણમો અરિહંતાણં... અરિહંતાણં..' સામાયિક કરી. એ સામાયિક-ફામાયિક નહીં. કહો, સામાયિક એક હી પ્રકારકી હૈ. અખંડાનંદ પરમાત્મામેં એકાગ્ર હોના વહી એક સામાયિક ક્રિયા હૈ. પંડિતજી! હૈ ઐસા? આહાહા! શેઠ કહતે હૈં, સબ દેતે હૈં.... સબ જૂઠ થા. આહાહા! શેઠ માનતે થે. વસ્તુ ક્યા....?

**વહી એક** સામાયિક **આવશ્યક ક્રિયા હૈ.** આહાહા! ચૌવિસંથો–ભગવાનની ચોવીસ તીર્થંકરની સ્તુતિ. અપને આત્મામેં એકાગ્ર હોના વહી ચૌબીસ સ્તુતિ હૈ. કહો, 'લોગસ્સ ઉજ્જોયગરે..' આતા હૈ કે નહીં? ભગવાન પૂર્ણાનંદકા નાથ કારણપરમાત્મામેં એકાગ્ર હોના વહી એક ચૌવિસંથો હૈ. ઉસને ભગવાનકી સ્તુતિ કી. આહાહા! ભારે કઠણ જગતને. એકલા વ્યવહારમાં ગૂંચી ગયા ને નિશ્ચયનું ભાન ન મળે. સામાયિકકો વંદના (કહતે હૈં). કહતે હૈં ન કિ ગુરુકો વંદના. વંદના યહ. સબ આવશ્યક, આત્મામેં અવશ્ય કરનેયોગ્ય હૈ તો સ્વરૂપમેં એકાગ્રતા. યે સબ વંદન હૈ. યે પહલેસે કહા હૈ.

**नियमेण जं कज्जं...** નિયમસે જો કરનેલાયક હો તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (અર્થાત્) સ્વરૂપ તરફકી એકાગ્રતા વહ નિયમસે કર્તવ્યલાયક હૈ. વંદન, પ્રતિક્રમણ.. લ્યો, પ્રતિક્રમણકી ક્રિયા યે. આનંદસ્વરૂપમેં એકાકાર હોના વહ પ્રતિક્રમણ હૈ, પ્રત્યાખ્યાન વહ હૈ **તથા વહી એક સ્વાધ્યાય હૈ.** શાસ્ત્રકા (પઢના સ્વાધ્યાય) નહીં. વહ તો વિકલ્પ હૈ. આહાહા! ભગવાન આનંદમૂર્તિ પ્રભુકા સ્વ-અધ્યાય.. સ્વકો ધ્યેય બનાકર લીન હોના વહ એક હી સ્વાધ્યાય હૈ. લ્યો, ત્રણ શ્લોક પૂરા થયા. ટીકાકાર શ્લોક કહેંગે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ ૧૪, શુક્રવાર, તા. ૨૨-૯-૧૯૭૨**
**શ્લોક-૧૩૫-૧૩૬, ગાથા-૧૦૧, પ્રવચન નં. ૧૦૪**

દસલક્ષણી પર્વકા આખિરકા દિન હૈ. બ્રહ્મચર્યધર્મકા દિવસ હૈ. બ્રહ્મ નામ આત્માકા આનંદસ્વરૂપ ઉસમેં ચરના, રમના ઉસકા નામ બ્રહ્મચર્ય હૈ. બ્રહ્માનંદ ભગવાન આત્મા અનંત જ્ઞાન ને આનંદકી લક્ષ્મી સ્વરૂપ હૈ ઉસમેં ચરના, યે દસલક્ષણી પર્વમેં ચારિત્રકા આખિરકા ભાગ હૈ. ચારિત્રકે હી દસોં ભેદ હૈં. (પદ્મનંદિ પંચવિંશતિ, પાનું-૫૩).

**यत्संगाधारमेतश्चलति लघु च यत् तीक्ष्णदुःखौघधारं**
**मृत्पिण्डीभूतं कृतबहुविकृति भ्रान्ति संसारचक्रम् ।**
**ता नित्यं यन्मुमुक्षुर्यतिरमलमतिः शान्तमोहः प्रपश्येत्-**
**जामीः पुत्रीःसवित्रीरिव हरिणदृश तत्परं ब्रह्मचर्यम् ॥१०४॥**

**જિસપ્રકાર કુંભકારકા ચાક...** કુંભારનો ચાક... **જમીનકે આધારસે ચલતા હૈ, ઉસ ચાકકી તીક્ષ્ણ ધારા રહતી હૈ, ઉસકે ઉપર મિટ્ટીકા પિંડ ભી રહતા હૈ તથા વહ ચાક નાના પ્રકારકે કુસૂલ, સ્થાસ આદિ ઘટકે વિકારોકો કરતા હૈ...** ઘટ બનાવવાની અવસ્થાઓ. ઐસે **સંસારરૂપી ચાકકી આધાર યહ સ્ત્રી હૈ...** મુખ્ય ચીજ યે લી હૈ ન. **યહ સ્ત્રી ન હોતી તો યહ જીવ કદાપિ સંસારમેં ભટકના ન ફિરતા. સંસારરૂપી ચાકમેં અત્યંત તીક્ષ્ણ દુઃખોકા સમૂહ હી ધાર હૈ અર્થાત્ સંસારમેં અનેક પ્રકારકા નરકાદિ દુઃખોકા સામના કરના પડતા હૈ. સંસારરૂપી ચાકકે ઉપર નાના પ્રકારકે જીવ હી પિંડ હૈં. સંસારરૂપી ચાક, દેવ-મનુષ્યાદિ નાના પ્રકારકે વિકાર ધારણ કરાકર જીવોંકો ભ્રમણ કરાનેવાલા હૈ. અતઃ સ્ત્રી હી સંસારચક્રકી કારણ હૈ.**

બ્રહ્મચર્યવ્રત હૈ ન. એક થા (આદમી) વહ દો હુઆ (તો) ચાર પગા ઢોર જૈસા હુઆ, એમ કહતે હૈં. ક્યા કહા? મનુષ્ય દો પગા હૈ ન દો પગ. સ્ત્રી આયી તો ચાર પૈર હુએ. ઢોરકો ચાર પૈર હૈં. યહાં તો સ્ત્રી સંબંધી બાત બીચમેં લી હૈ. ઉસકે લેના હો તો, લડકા હોતા હૈ તો છ પૈર હોતે હૈં. છ પૈર (હુએ) તો ભમરા હુઆ, ભમરા. ભંવરા. ભૂં-ભૂં કરે પછી જ્યાં-ત્યાં. અમારા દીકરાને આમ છે ને અમારી બાયડીને આમ છે, ધૂળને આમ છે. અને એ દીકરાના લગ્ન કરે સગપણ (તો) આઠ પગ થાય. આઠ પગ કરોળિયાને હોય. કરોળિયા સમજતે હો? મકડી. મકડી આઠ પૈર... અપની જાલમેં...... ઇસસે આગે તો ક્યા હૈ? કહતે હૈં, ... આગે તો નરક ને નિગોદ હૈ પીછે. મિથ્યાત્વભાવ સેવતા હૈ તો નરક ને નિગોદ હૈ. આહાહા!

**ઇસલિયે જો મોક્ષકા અભિલાષી મનુષ્ય, ઉન સ્ત્રિયોંકો માતા-બહિન-પુત્રીકે સમાન માનતા હૈ, ઉસીકે બ્રહ્મચર્યધર્મકા ભલીભાંતિ પાલન હોતા હૈ. અતઃ બ્રહ્મચારી મનુષ્યકો**

**ચાહિયે કિ વે કદાપિ સ્ત્રીયોંકે સાથ સંબંધ ન રખેં**. જો પુરુષ સ્ત્રિયોંકે હૃદયમેં પ્રીતિ ઉપજાનેવાલે હૈં... વહ ભી એક પુણ્યવંત પ્રાણી હોતા હૈ એમ કહતે હૈં. ક્યા કહતે હૈં? સ્ત્રિયોંકે હૃદયમેં ચાહ ઉપજાવે ઐસા પુરુષ પુણ્યવંત હૈ.

**કિન્તુ જિન મનુષ્યકે હૃદયમેં સ્ત્રીયાં સ્વપ્નમેં ભી નિવાસ નહીં કરતી, વે ઉનસે ભી અધિક ધન્ય** ને ધર્મશાલી હૈં. સમજમેં આયા? ક્યા કહા? એ ભગવાનજીભાઈ! ધ્યાન ન રહ્યું. જો કોઈ પુણ્યવંત પ્રાણીકો સ્ત્રી ઇચ્છતી હૈ વહ તો પુણ્યવંત પ્રાણી કહનેમેં આતા હૈ. શરીર સુંદર આદિ અનુકૂલ હો ઉસે સ્ત્રિયાં ઇચ્છે, પણ યહાં તો જિસકે હૃદયમેં સ્ત્રી નહીં, વહ ધન્ય હૈ. સમજમેં આયા? ધ્યાન રાખવું જોઈએ આમાં. **(ઉન વીતરાગી પુરુષોંકે) ચરણકમલોંકો સ્ત્રિયોંકે પ્રિય પાત્ર, બડે-બડે ચક્રવર્તી આદિ ભી સિર ઝુકાકર નમસ્કાર કરતે હૈં**. લ્યો. **જિન પુરુષોંકો સંસારમેં અપની કીર્તિ ફેલાની હો**, એ તો ઠીક છે, **સ્ત્રિયોંકે જાલમેં નહીં ફંસના ચાહિયે**.

આચાર્ય કહતે હૈં, **જિસે ઇધર-ઉધર વૈરાગ્ય ઔર ત્યાગરૂપી મનોહર કાષ્ઠ લગે હૈં...** બે બાજુ. ઔર બીચમેં **મજબૂત દસ ધર્મરૂપી દંડે મૌજૂદ હૈં, ઐસી સીઢી મોક્ષરૂપી મહેલ પર ચઢનેકી ઇચ્છા કરનેવાલે મનુષ્યકો ચઢનેકે લિયે યોગ્ય હૈ, ક્યોંકિ જો તીનલોકકે પતિ ઇન્દ્રાદિકસે વંદનીક હૈ. ઉન દસ ધર્મોંકે ધારણ કરનેમેં કિસકો હર્ષ નહીં હોતા હૈ**? અનુભવ સમ્યગ્દર્શન સહિતકી બાત હૈ. ઉત્તમ ક્ષમાદિ હૈં ન ભાવ. આત્માકે ભાન બિના ક્ષમાદિ કરે ઉસે કુછ ગિનનેમેં આતા નહીં. **અર્થાત્ સમસ્ત મોક્ષકે અભિલાષીયોં હર્ષકે સાથ પાલતે હૈં**. દસ પ્રકારકે ધર્મ. આખિરમેં બ્રહ્મચર્ય. અઢાર હજાર શીલાંગ વ્રત કહતે હૈં ન, યે ઈસકે ભેદ હૈં. (શ્રોતાઃ અઢાર હજાર શીલકે ભેદ હૈં). હા, યે સબ ઈસકા ભેદ હૈં. અપને યહાં ૧૦૦ ગાથામેં મુનિરાજ દો શ્લોક કહતે હૈં.

**मम सहजसुदृष्टौ शुद्धबोधे चरित्रे**
**सुकृतदुरितकर्मद्वन्दसंन्यासकाले ।**
**भवति स परमात्मा संवरे शुद्धयोगे**
**न च न च भुवि कोऽप्यन्योस्ति मुक्त्यै पदार्थः ॥ १३५॥**

૧૩૫ કળશ હૈ. **શ્લોકાર્થ : મમ.. મેરે સહજ સમ્યગ્દર્શનમેં...** ધર્માત્મા એમ સમજતે–માનતે હૈં ઔર ઐસા હૈ કિ મેરે સમ્યગ્દર્શનમેં તો પરમાત્મા બિરાજમાન હૈ. સમજમેં આયા? સમ્યગ્દર્શનમેં મેરા પરમાત્મા હી સમીપ હૈ. પૂર્ણાનંદકે નાથકા આશ્રય લેકર સમ્યગ્દર્શન હોતા હૈ, દૂસરી કોઈ રીતસે સમ્યગ્દર્શન હોતા નહીં. કારણપરમાત્મા જિસકી શક્તિકા પાર નહીં, ઓહોહો! સવેરમેં કહા થા ન, દ્રવ્ય-કાલ-ક્ષેત્ર-ભાવ. એક વીતરાગી મુનિ બારવે ગુણસ્થાનમેં....

ઔદારિક નિગોદ શરીર કિતને? અસંખ્ય લોકકે પ્રદેશ જિતને. ઓહોહો! પૂરે જગતમેં ઇતને નિગોદ શરીર. ઇસસે (-લોકકે પ્રદેશસે) અસંખ્યગુને તો નિગોદ શરીર. અસંખ્યગુને હોં.

એક-એક શરીરમેં (રહે હુએ જીવસે) અનંતવે ભાગમેં (જીવ) મુક્તિ જાતે હૈં. ઇતને નિગોદ શરીર, ઇતને જીવ. કહો, સમજમેં આયા? દ્રવ્ય હૈ જો જીવ... અનંત જીવ, અનંત પરમાણુ, ઉસસે (તીન કાલકે સમય) અનંતગુને હૈં. ત્રિકાલ અનંતગુના હૈ ન. ઇતને આકાશકે પ્રદેશ, અંગુલકે અસંખ્યવે ભાગ (ક્ષેત્ર)મેં આકાશકે પ્રદેશ કિતને હૈં? અસંખ્ય ચોવીસીકે સમય જિતને હૈં. આહાહા!

જ્ઞાન (પ્રમાણે) જ્ઞેય અને જ્ઞેય પ્રમાણે જ્ઞાન. સમજમેં આયા? વહ જ્ઞાનકી મહિમા કહતે હૈં. દ્રવ્ય જિતને હૈં ઉસસે અનંતગુને તો કાલ(કે સમય) હૈં. ઓહોહો! ઉસસે અનંતગુને (પ્રદેશ) હૈં. ઇતને અંગુલકે અસંખ્યવે ભાગ (ક્ષેત્ર)મેં અસંખ્ય ચોવીસીકે સમય જિતને તો આકાશકે પ્રદેશ હૈં. ઓહોહો! સમજમેં આયા? શેઠ! દરકાર કી નહીં કભી સુનનેકી. આહાહા! દ્રવ્યકી ઇતની સંખ્યા હૈ અનંત, પણ ઉસસે અનંતગુની સંખ્યા કાલકે (સમયકી) હૈ. ઉસસે અનંતગુની સંખ્યા... ઇતને નિગોદ લિયે તો દ્રવ્ય કિતને હુએ? આહાહા! સારે લોકમેં ભરે હૈં નિગોદ સૂક્ષ્મ. એ તો વળી એક-એક શરીરમાં (અનંત જીવ) બીજી વાત. સમજમેં આયા? આહાહા!

અરે! ..... જ્ઞાનકી અપરિમિતતા કિતની? મર્યાદા નહીં ઇતના તો એક સમયકે જ્ઞાનકા પ્રમાણ. ઉસમેં ઇતના પ્રમેય જિસકે જ્ઞાનમેં આતા હૈ.. આહાહા! દ્રવ્યસે (અનંતગુના) કાલ ને કાલસે (અનંતગુના) ક્ષેત્ર, ક્ષેત્રસે અનંત(ગુને) એક-એક દ્રવ્યમેં ગુણ. ભાવ વિશેષ હો ગયા. આહાહા! દ્રવ્ય, કાળ. ક્ષેત્ર.... દ્રવ્ય-કાળ-ક્ષેત્ર-ભાવ. સમજમેં આયા? અનંત-અનંત સબકો જ્ઞાનકી પર્યાય (જાનતી હૈ). વહ હૈ તો જાનતી હૈ ઐસા નહીં. સમજમેં આયા? અપની પર્યાય... યે પ્રત્યેક ઉપર બાત ચલતી હૈ. ઐસે મેરે સમ્યગ્દર્શનમેં તો મેરા પરમાત્મા હૈ. એક સમયકી પર્યાયકી પ્રતીતિ ઉસમેં ભગવાન આત્મા પૂર્ણાનંદ, અનંત-અનંત જ્ઞાનકા સાગર અપરિમિત સ્વભાવ, વહ પરમાત્મા હી મેરે સમ્યગ્દર્શનમેં આશ્રય હૈ.. આશ્રય હૈ. સમજમેં આયા?

ઔર **શુદ્ધ જ્ઞાનમેં...** મેરા શુદ્ધ જ્ઞાન જો હૈ ઉસમેં ભી મેરા પરમાત્માકા આશ્રય હૈ. વહ જ્ઞેય આશ્રય નહીં. ઇતના જ્ઞેય જો કહા, આહાહા! સમજમેં આયા? અનંત દ્રવ્ય, અનંત કાલ, અનંત ક્ષેત્ર, અનંત ગુણ—વે જ્ઞેય હૈં. મેરે જ્ઞાનમેં વહ જ્ઞેયાકાર નહીં એમ કહતે હૈં. આહાહા! જેઠાભાઈ! ભગવાન પૂર્ણ જ્ઞાનકા પિંડ પ્રભુ જિસમેં એક સમયકી પર્યાય ઇતના જ્ઞેય પ્રમાણસે જ્ઞાન કર લેતી હૈ, ઐસી અનંતી પર્યાયકા પિંડ એક-એક ગુણ, ઐસા અનંત ગુણકા પિંડ દ્રવ્ય વહ મેરા સમ્યગ્જ્ઞાનમેં આશ્રય હૈ. સમજમેં આયા? આહાહા! શુદ્ધજ્ઞાન.. શુદ્ધજ્ઞાન લિયા હૈ ન યહાં, પવિત્રજ્ઞાન, જન્મ-મરણકા અંત લાનેવાલા જ્ઞાન. ઐસી જ્ઞાનકી પર્યાયમેં, ઓહો! ભગવાન આત્મા, મુજે તો જ્ઞાનમેં ભગવાનકા આધાર હૈ, અપના ભગવાન હોં. આહાહા! તો આ દેવ-ગુરુનો પણ આધાર ન રહ્યો. ક્યા કરના? પર્યાયકા પર્યાય આધાર નહીં. આહાહા! સમજમેં આયા?

ઇતની પર્યાય.. આહાહા! દરિયો ડોલે છે અંદર. એક સમયની પર્યાયનો અનંત.. અનંત.. અનંત.... અનંત.. નિગોદના અનંત જીવો એના શરીર અસંખ્ય લોકપ્રમાણ, અસંખ્ય લોક... એક લોકનો અસંખ્યમો ભાગ—અંગુલના અસંખ્યમા ભાગમાં એટલા પ્રદેશ કે અસંખ્ય ચોવીસીના સમય જેટલા. આહાહા! એવો જે આ ભગવાન મારો પ્રભુ.. આહાહા! મેરે જ્ઞાનમેં, ઇતને જ્ઞેય જ્ઞાનમેં આતે હૈં, પણ જ્ઞાનકા આધાર જ્ઞેય નહીં. આહાહા! ઇતના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ હો, પણ મેરી જ્ઞાનકી પર્યાયમેં વહ આધાર નહીં. આહાહા! સમજમેં આયા? સમ્યગ્જ્ઞાન જો મોક્ષકા કારણ હૈ ઐસી જો જ્ઞાનપર્યાય, ઉસકા આધાર પરમાત્મા મેરા આત્મા હૈ. પૂર્ણાનંદ પ્રભુ મેરી શ્રુતજ્ઞાનકી પર્યાય સમીપ વર્તતા હૈ. આહાહા!

મેરે **ચારિત્રમેં**—સ્વરૂપકી રમણતામેં બાહરકા કોઈ સાધન નહીં. પંચમહાવ્રતકા વિકલ્પ કિ શરીરકી અનુકૂલતા વહ કોઈ આધાર–આશ્રય નહીં. આહાહા! મેરા વર્તમાન ચારિત્ર જો મુક્તિકા કારણરૂપ આનંદદશા હૈ, ઉસ ચારિત્રમેં મુજે મેરે ભગવાનકા આશ્રય હૈ. સમજમેં આયા? આજ અનંતચતુર્દશી હૈ. અનંત ચતુર્દશી. અનંત આનંદ... આહાહા! ચારિત્રમેં આનંદ હૈ. જિતના આનંદ પ્રગટા વહ સબ આનંદકા આધાર તો મેરા પ્રભુ હૈ. આહાહા! કહો, સમજમેં આયા? અહીં કહે છે કે અમે સુખી છીએ. પૈસા, લક્ષ્મી, આબરૂ, ધૂળધમાલ, આ બંગલા. શેઠના છ-છ લાખના, ઓલાના ચાલીસ લાખના... એ બધા સુખના આધાર છે નહીં. દુઃખના નિમિત્ત છે. અપને ચારિત્રસ્વરૂપમેં આનંદ, ઐસા આધાર આનંદકા નાથ પરમાત્મા મેરે સમીપમેં હૈ. મેરા ભગવાન આત્મા હી આનંદકા આધાર હૈ. આહાહા! સમજમેં આયા?

મેરી ચારિત્રકી આનંદદશામેં કોઈ પર નિમિત્તકા આધાર–આશ્રય બિલકુલ નહીં. કહો, સમજમેં આયા? ભાઈ! પંચ મહાવ્રતકા પરિણામ હૈ તો ચારિત્રકો ઇતના આધાર હૈ કિ નહીં? આહાહા! ૨૮ મૂલગુણ પાલતે હૈં રાગ, ઇતના હૈ તો ચારિત્રકો આધાર હૈ કિ નહીં? ઇતના હૈ તો ચારિત્ર રહતા હૈ કિ નહીં? આહાહા! જેઠાભાઈ! સાંભળ્યું નથી બીજી વાત. કુકડીનું મોઢું કેટલું? આ તો એક ધૂળ જ્યાં મળે ત્યાં આહાહા! કૂકડી સમજતે હો? કૂકડા નહીં હોતા, કૂકડા? સવારના બોલે વહેલા. મુર્ગા.

અમારે કાઠિયાવાડમાં કહેવત છે, કુકડીનું મોઢા કેટલું? કે ઢેફલા જિતના. આ તે જરી ધૂળ સારી મળે તો આહાહા! સમજમેં આયા? કૂકડી હોતી હૈ ન. ઇતના ઢેફા–ધૂલ મિલે તો બસ. આહાહા! ખુરાક યે હૈ. પણ યહાં કહતે હૈં, તેરા ખુરાક તો આનંદ હૈ. આ ધૂળના ખોરાક? રાગકા અનુભવ, વિષયકા અનુભવ, આબરૂકા અનુભવ, પાંચ-પચ્ચીસ લાખ એક દિનમેં પેદા હો ઔર જહાં સુને, કોઈકનું તો ચસકી જાય, ગાંડો થઈ જાય. સમજમેં આયા? એક બાઈને બાર લાખ આવ્યા ઓલા પોટલીમાં. પોટલી કહે છેને? લોટરી. બાર લાખ હોં. ગરીબ માણસ, .... ગાંડી થઈ ગઈ, મગજ ફરી ગયું. આહાહા!

યે તો કહતે હૈં, મેરી પર્યાયમેં શાંતિ ને આનંદ હૈ ઉસમેં આધાર મેરા ભગવાન હૈ તો મેરેમેં કમી કૈસે રહે? આહાહા! સમજમેં આયા? એક સમયમેં કારણપરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ અસ્તિ મહા હોનાપના હૈ. વહ મેરી ચારિત્ર-દર્શન-જ્ઞાન (દશા)કા આશ્રય–આધાર હૈ. આહાહા! પત્ની કહે પતિને કે તમારે આધારે અમે છીએ. છોકરા કહે મા-બાપને કે તમારે આધારે અમે છીએ. (શ્રોતાઃ એ નાના હોય ત્યાં સુધી). પછી એ ગણે પણ નહીં. આહાહા! પણ છે તો એ વાસ્તવિક છે. આહાહા! ઓહો! મેરા પ્રભુ પૂર્ણ આનંદકંદ સચ્ચિદાનંદ ધ્રુવ વહ મેરે દર્શન-જ્ઞાન-ચારિત્રમેં આશ્રય હૈ. આહાહા! મેરા ધણી... 'ધીંગ ધણી માથે કિયો, કોણ ગંજે નર ખેટ..' ધીંગ ધણી પૂણાનંદ નાથકા આશ્રય લિયા, મુજે ક્યા કમી હૈ. દૂસરેકા આશ્રય લેના વહ ચીજ હૈ નહીં. આહાહા! સમજમેં આયા?

**સુકૃત ઔર દુષ્કૃતરૂપી કર્મદ્વંદ્વકે સંન્યાસકાલમેં (અર્થાત્ પ્રત્યાખ્યાનમેં)...** શુભ ને અશુભભાવ વહ તો આસ્રવ હૈ. ઉસકે ત્યાગકાલમેં... આહાહા! ઉસકા ત્યાગકાલ નામ સંવર-કાલમેં–પ્રત્યાખ્યાનમેં મેરા પ્રભુ આશ્રય હૈ. પૂર્ણાનંદકા નાથ મેરી ચીજ જો આત્મા હૈ વહ આશ્રય હૈ. આહાહા! સમજમેં આયા? 'ધીંગ ધણી માથે કિયો, કોણ ગંજે નર ખેટ..' હવે કોણ એવા ગધેડા જેવા માણસ ગણતું હશે? એમ કહે છે. આહાહા! અરે! એ તે કાંઈ વાત છે! પૂર્ણ સ્વરૂપ અનંત.. અનંત.. અનંત.. ગુણોં જિસકે, આકાશકે પ્રદેશ જિસકા માપ નહીં ઉસસે અનંતગુને તો ગુણ હૈં એક આત્મામેં. ઐસા અનંત ગુણકા એકરૂપ ભગવાન વહ મુજે શુભાશુભકે ત્યાગમેં આધાર હૈ. ઉસકે આધારસે મુજે પ્રત્યાખ્યાન ઉત્પન્ન હુઆ હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા?

**સંવરમેં...** સંન્યાસકાલમેં–પ્રત્યાખ્યાનમેં અને સંવરમેં **ઔર શુદ્ધ યોગમેં (શુદ્ધોપયોગમેં)...** સંવર જુદો પડ્યો છેને પચ્ચખાણથી. પ્રત્યાખ્યાનથી સંવર જુદી ચીજ છે એક. ઓલામાં શુભાશુભનો ત્યાગ કર્યો એટલું લીધું, પછી અસ્તિ લીધી. નિર્મલ પવિત્ર આનંદકા પરિણમન સંવરકા, ઉસકા આધાર મેરા પરમાત્મા હૈ. મેરા આત્મા પરમાત્મા મેરે સંવરમેં સમીપ રહતા હૈ. મેરેમેં હાનિ ન આને દે ઐસા ભગવાન મેરે સમીપમેં હૈ. મેરી નજરમેં–નજરુંમાં નિધાન ભગવાન હૈ. મેરી નજરકા નિધાન ભગવાન કારણપરમાત્મા હૈ. આહાહા! સમજમેં આયા? **સંવરમેં ઔર શુદ્ધોપયોગમેં...** શુદ્ધ-ઉપયોગ... અપના શુદ્ધસ્વરૂપ ત્રિકાલી ધ્રુવ (ઉસકા) શુદ્ધોપયોગરૂપી આચરણ, શુદ્ધોપયોગરૂપી વેપાર ઉસકા આશ્રય ભગવાન આત્મા હૈ. સમજમેં આયા?

**વહ પરમાત્મા હી હૈ...** મુજે યે પરમાત્મા હી આશ્રય હૈ. સમજમેં આયા? ગરીબ માણસ કહતા હૈ ન... એવો કાળ-દુકાળ પડે તો શેઠિયાઓને કહે, શેઠીયાઓ! આ કાળ-દુકાળમાં (પાર) ઉતારવું તમારા આશ્રયે છે. હમ તો ગરીબ માણસ હૈં, હમારે પાસ કુછ હૈ નહીં. કહતે હૈં

કિ નહીં ગરીબ લોગ? એ શેઠ! તમારી પાસે આવે, શેઠીયા પાસે. આ કાળ-દુકાળ પડ્યા છે. આ બાર મહિના કાઢવા આપના આધારે છે. ધ્યાન રખના. સમજાય છે? હમારે ઘરમેં દસ માણસ. પૂંજી હમારે પાસ હૈ નહીં. હમ તો ખેતી કરકે કમાતે થે. આ પડ્યા દુકાળ, (હવે) આપનો આધાર છે.

યહાં પર્યાય કહતી હૈ કિ હમેં પરમાત્માકા આધાર હૈ. આહાહા! સમજમેં આયા? હમારા ધ્યેય ક્યા હૈ? યે બડા શ્રેષ્ઠ હૈ. શ્રેષ્ઠ ભગવાન આત્મા પૂર્ણાનંદ યે મેરા શેઠ હૈ, ઉસકે આશ્રયમેં મૈં જાતા હૂં. આહાહા! કહો, કુમુદભાઈ! આ તમારે શેઠીયા પાસે આવે ભિખારા જેવા. આ પણ ભિખારા ભેગા. શેઠ છે બધા વેઠ. શેઠ તો એને કહીએ કે જિસને શ્રેષ્ઠ આત્માકા દ્રષ્ટિ, જ્ઞાન ને શાંતિમેં આધાર લિયા ઉસકા નામ શ્રેષ્ઠ હૈ. શેઠ! આહાહા! જગતથી ઊંધું છે આ.

**અર્થાત્ સમ્યગ્દર્શનાદિ સભીકા આશ્રય અવલમ્બન શુદ્ધાત્મા હી હૈ...** મેરા આધાર ને અવલંબન તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ હી આલંબન હૈ. ભગવાનની પ્રતિમા ને દેરાસર ને પુસ્તકનું આલંબન છે નહીં. આહાહા! કોઈ બાઈનો કાગળ આવ્યો છે. આપણે કાંઈ ઓળખતા નથી. કીધું હશે કોઈ દિ' કે જુઓ! મૂર્તિ શાસ્ત્રમાં છે. સ્થાનકવાસી.... કોઈકનું આવ્યું હતું. આ તો ઉપકાર કર્યો મને (કહીને કે) મૂર્તિ છે, પણ તમે હવે આગમ ને ક્રિયાને માનતા નથી. ભાવિ... ભાવિ...... આપકા તો ઉપકાર મુજે હૈ. આપણે કાંઈ ઓળખતા નથી. કાગળ આવ્યો હતો.

આગમ ને મૂર્તિનો આધાર, લ્યો. એ ચેતનજી! ક્રિયા.. આગમ ને ક્રિયાનો આધાર. અરે! કઈ ક્રિયા એ? ભાઈ! જન્મ-મરણકે સમુદ્રસે પાર કરનેકી ચીજ અંદર પવિત્રતા ઉસકા આધાર તો ભગવાન કારણપરમાત્મા હૈ. પર્યાયકા આધાર રાગકી મંદતા, નિમિત્ત ને શરીર નહીં. સારું સંહનન મજબૂત હોય તો ખૂબ ઉપવાસ કરી શકે, તપસ્યા કરી શકે જાડું શરીર હોય તો. આધાર એ છે? હમારે આનંદરૂપી પરિણતિકી તપસ્યામેં હમારા આધાર આત્મા હૈ. સમજમેં આયા?

**મુક્તિકી પ્રાપ્તિકે લિયે જગતમેં અન્ય કોઈ ભી પદાર્થ નહીં હૈ, નહીં હૈ.** 'નહીં હૈ' બે વાર કહ્યું. છેને? આહાહા! **ન ચ ન ચ**.. મેરા સમ્યગ્દર્શન, મેરા સમ્યગ્જ્ઞાન, ચારિત્ર, સંવર, શુદ્ધ-ઉપયોગકા આશ્રય મેરા ભગવાન ત્રિકાલી આત્મા હૈ, બાકી કોઈ હૈ નહીં. ભાઈ! વ્યવહાર તો રખો, યે તો એકાંત હો જાતા હૈ. મોતીલાલજી! એકાંત હો જાતા હૈ. સમ્યક્ એકાંત હૈ ભગવાન! આહાહા! હૈ ઉસકો જાનતા હૈ. વહ ભી જાનતા હૈ કિ અપની પર્યાય હૈ. ઉપાદાન.... પરદ્રવ્ય હૈ. જૈસે અનંત પરદ્રવ્ય હૈં, ઐસા વહ વ્યવહાર હૈ. ક્યા ઉસકે આધારસે ભગવાનકી પરિણતિ નિર્મલ હોતી હૈ? મોક્ષકા માર્ગકી દશા પરકે આલંબન ને પરકે નિમિત્તસે હોતી નહીં. આહાહા! **મુક્તિકી પ્રાપ્તિકે લિયે જગતમેં અન્ય કોઈ ભી પદાર્થ નહીં હૈ, નહીં હૈ.** લ્યો. ૧૩૬.

**क्वचिल्लसति निर्मल...** એ અમૃતચંદ્રાચાર્યના કળશો આવે છેને (સમયસાર, ૧૬મી ગાથા) પાછળ, એનું અનુકરણ કર્યું છે.

**क्वचिल्लसति निर्मल क्वचन निर्मलानिर्मलं**
**क्वचित्पुनरनिर्मलं गहनमेवमज्ञस्य यत् ।**
**तदेव निजबोधदीपनिहताघभूछायकं**
**सतां हृदयपद्मसद्मनि च संस्थितं निश्चलम् ॥ १३६ ॥**

**શ્લોકાર્થ : જો કભી નિર્મલ દિખાઈ દેતા હૈ...** કૌન? પ્રભુ. નિર્મલ પર્યાયસે પરિણમન દેખો તો નિર્મલ દિખતા હૈ. **કભી નિર્મલ તથા અનિર્મલ દિખાઈ દેતા હૈ...** પવિત્ર પર્યાય નિર્મલ ને કુછ રાગાદિ ભાગ અનિર્મલ ભી દિખતા હૈ. સમજમેં આયા? સાધકજીવકી બાત કહતે હૈં હોં. **તથા કભી અનિર્મલ દિખાઈ દેતા હૈ...** કભી અકેલા રાગ હી દેખનેમેં આતા હૈ. અપેક્ષિત બાત કી હૈ. **ઔર ઇસસે અજ્ઞાનીકે લિયે જો ગહન હૈ...** હૈ ન, અજ્ઞાન. **गहनमेवमज्ञस्य...** અજ્ઞાનીકે લિયે તો ગહન હૈ. **વહી કિ જિસને નિજજ્ઞાનરૂપી દીપકસે...** અપના નિજજ્ઞાનરૂપી દીવો-જ્યોતિ કે જિસને **પાપતિમિરકો નષ્ટ કિયા હૈ...** જિસને પુણ્ય ને પાપરૂપી તિમિર-અંધકાર-અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ કિયા હૈ. જો ગહન હૈ...

**વહ (આત્મતત્ત્વ) હી સત્પુરુષોંકે હૃદયકમલરૂપી ઘરમેં નિશ્ચલરૂપસે સંસ્થિત હૈ.** સત્પુરુષોંકે હૃદયકમલરૂપી ઘર... અપના જ્ઞાનકમલરૂપી ઘર અંદર, ઉસમેં ભગવાન બિરાજમાન હૈ. આહાહા! સમજમેં આયા? ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ ઉસકા ધર્મીકો ધર્મ પ્રગટ હુઆ, તો ઉસમેં ધર્મ ભી દિખતે હૈં, કભી જરી રાગાદિ હૈ વહ ભી દિખતા હૈ. નિર્મળ-અનિર્મળ સાથે દેખાય, પૂર્વકા અકેલા રાગ ભી દિખે. ઓહો! અજ્ઞાનીકો તો ગહન હૈ, કહતે હૈં. ઐસે પુણ્ય ને પાપકા અંધકાર... ક્યોંકિ શુભ-અશુભભાવમેં જ્ઞાન નહીં, વહ તો અજ્ઞાનભાવ હૈ, વહ અંધા હૈ. આહાહા! શુભ-અશુભભાવ અંધારા હૈ. શુભાશુભભાવ અપનેકો જાનતે નહીં ને ભગવાન નજીકમેં પડા હૈ ઉસકો ભી જાનતે નહીં. આહાહા!

**પાપતિમિરકો નષ્ટ કિયા હૈ...** જિસને જ્ઞાનાનંદકા આશ્રય લેકર શુભાશુભભાવરૂપી અજ્ઞાન નષ્ટ કિયા હૈ. ઐસે **સત્પુરુષોંકે હૃદયકમલરૂપી ઘરમેં નિશ્ચલરૂપસે સંસ્થિત** પરમાત્મા **હૈ**. જ્ઞાન, દ્રષ્ટિ-દર્શન આદિમેં ભગવાન પરમાત્મા હી બિરાજતા હૈ. સમજમેં આયા? યે સો ગાથા હુઈ. એકસો એક.

**एगो य मरदि जीवो एगो य जीवदि सयं ।**
**एगस्स जादि मरणं एगो सिज्झदि णीरओ॥ १०१ ॥**

**મરતા અકેલા જીવ, એવં જન્મ એકાકી કરે,**
**પાતા અકેલા હી મરણ, અરુ મુક્તિ એકાકી કરેં. ૧૦૧.**

એકલો જન્મે, એકલો મરે. યહાં મરણકે દો પ્રકાર લિયે.

**ટીકા : યહાં (ઇસ ગાથામેં), સંસારાવસ્થામેં ઔર મુક્તિમેં જીવ નિઃસહાય હૈ ઐસા કહા હૈ.** દેખો! સંસારદશામેં ભી કોઈ ઉસકી સહાય નહીં. આહાહા! અકેલા ચોરાશીકે અવતારમેં પરિભ્રમણ કરતે નરક ને નિગોદ, કીડી ને કુંજર–હાથી ને કૂતરા. આહાહા! કાગડા–કૌઆ ને કંથવા. ઇસમેં અકેલા જીવ નિઃસહાય–કિસીકી સહાય ઉસકો હૈ નહીં. અકેલા કહનેસે કર્મકો લેકર નહીં (ભટકતા) ઐસે કહતે હૈ. અપને કારણસે અકેલા ચાર ગતિમેં ભમતા હૈ. આહાહા! મુક્તિમેં ભી નિઃસહાય... મુક્તિમેં ભી કોઈ સહાય નહીં. અકેલા આત્મા આશ્રય કરકે મુક્તિ લેતા હૈ. કિસીકા આશ્રય (હૈ નહીં). આહાહા! સમજમેં આયા?

ભગવાનકા સ્મરણ કરાઓ, સુનાઓ–એને સંભળાવો. કહે છે કે એ સાંભળવું એને આધાર નથી. મુક્તિ કરનેલાયક જીવ નિઃસહાય હૈ–કિસીકી સહાય નહીં. આહાહા! રોગ આવે તો એકલો ટળવળતે છે કે નહીં? ઐસા બુખાર આવે. આહા! ખાટલામાં તરફડ-તરફડ કરે... કોઈ સહાય નહીં. એના રૂપિયાય પડ્યા રહે હેઠે, મકાન પડ્યા રહે, બાયડી ઉભી-ઉભી રોતી હોય. કરે શું? આહાહા! (શ્રોતાઃ ડોક્ટર કરે...) ડોક્ટરેય મરી જાય છે. ડોક્ટર કરતા-કરતા મરી જાય. હેમંતકુમાર અહીં હતાને ભાવનગરમાં. સર્જન હતા. પ્રભાશંકર પાટણીના સાળાના દીકરા હતા. અહીં આવ્યા હતા, બે-ત્રણ વાર આવ્યા હતા. એ કોઈકના ઓપરેશન કરતા હતા. અહીં કાંઈક થાય છે. આમ ગયા તો ઉડી ગયા. અરેરે! કોણ શરણ છે? ક્યાં રોવે? આહાહા! ઘરમાં કબાટ ભરી રાખે દવાના. એ ચીમનભાઈ! કેટલી જાતની દવાઓ રાખે? તૈયાર આમ રાખે. વીંછીના કરડ માટે ઓલો કટકો રાખે. રેકોર્ડનો, શું કહેવાય? કટકો રાખે વીંછીના કરડ માટે. ...રાખે તૈયાર. ધૂળેય નથી, સાંભળને હવે! કોઈ સહાય એને નથી. આહાહા!

શ્રોતા : થોડો ટેકો મળે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળેય ટેકા મળતા નથી. ખબર નથી? એક આમ મરી ગયો આમ કરતા... બે છોકરા હતા, બાયડી હતી. હવે હું ચોવીસ કલાક છું, કહે. જી હા કહેનારા. અમદાવાદ જાવું છે. મારે ચોવીસ કલાક... શું છે પણ આ? એવું મગજ અસ્થિર થઈ ગયું. એનું ઠેકાણે આવી ગયું. આપણા ત્યાં વાંચનારા અમદાવાદના. જઈને શું કરશો? શું કહેવાય વીજળીનું? કરંટ-બરંટ હાથમાં લઈ લઈશ. આ ચંદુભાઈ કહેતા. અહીં રાખ્યા હતાને એક મહિનો. આહાહા! એ તો જેવી ગતિ... ઠીક ભાઈ! કોઈ (સહાય) નથી, બાયડી નથી, મફતનો માળો મૂર્ખાઈ કરે છે. અમારે આઠ-આઠ દીકરા, બાયડી સારી પદમણી જેવી, મકાન મોટા, હવા બગડે નહીં મકાનની માટે સહાય. ધૂળેય નથી, સાંભળને! આહાહા! એકલો પલંગમાં ટળવળતો

નિઃસહાય. એમ મોક્ષ જવામાં પણ નિઃસહાય છે. સંહનન ને મનુષ્યગતિની સહાય છે નહીં. આહાહા! સમજમેં આયા?

**નિત્ય મરણમેં...** આ નિત્યમરણ પહેલું લીધું. સમયે-સમયે આયુષ્ય જાય છેને? **અર્થાત્ પ્રતિસમય હોનેવાલે આયુકર્મકે નિષેકોંકે ક્ષયમેં...** સમયે-સમયે આયુ જાય છેને? **ઔર ઉસ ભવ સમ્બન્ધી મરણમેં...** દેહ છૂટી જાય ત્યારે, **(અન્ય કિસીકી) સહાયતાકે બિના વ્યવહારસે (જીવ) અકેલા હી મરતા હૈ...** વ્યવહારસે મરતા હૈ ન. નિશ્ચયસે ક્યા મરે? આહાહા! જાઓ, એ ગયો જીવ. હાથ નથી આવતું. ત્યાં તો ઓલો મરીને ક્યાંક ઉપજ્યો હોય. આહાહા! ડોક્ટરને હાથ ન આવે એની પલ્સ. શું કહેવાય? નાડ.. નાડ. એ ક્યાંય મરીને વયો ગયો હશે. આહાહા! અરેરે! અકેલા જાના–મરણ, અકેલા રહના, અકેલા રખકર જાના. કોઈ સહાય હૈ નહીં. મિત્ર-બિત્ર તો સહાય કરતે હૈં ન થોડી? આ દીકરા સહાય ન કરે? (શ્રોતાઃ .......) પણ હીરાભાઈ જેવા દીકરા, લ્યો. વાત સાચી. કોણ કરે? બાપા! ભાઈ! તારી પર્યાય તારાથી થાય છે હૈ–તેરેસે હોતી હૈ. મરણ ને જન્મમેં દૂસરી કોઈ સહાય હૈ નહીં. આહાહા!

**તથા સાદિ-સાંત મૂર્તિક વિજાતીયવિભાવવ્યંજનપર્યાયરૂપ નરનારકાદિપર્યાયોંકી ઉત્પત્તિમેં...** આ શરીરની ઉત્પત્તિ એ જન્મ. દેહ નયા ઉત્પન્ન હોતા હૈ ને દેહ નાશ હોતા હૈ–અંત આતા હૈ. ઐસા મૂર્તિક યે જો શરીર **વિજાતીય...** આત્માસે વિજાત–કજાત હૈ, વિભાવ વ્યંજનપર્યાય હૈ. આ કાંઈ સ્વભાવિક પર્યાય નથી, પુદ્ગલની વિભાવિકવ્યંજનપર્યાય છે. **નરનારકાદિ...** મનુષ્યાદિ ચાર ગતિકી ઉત્પત્તિમેં **આસન્ન-અનુપચરિત-અસદ્ભૂત-વ્યવહારનયકે કથનસે (જીવ અકેલા હી) સ્વયમેવ જન્મતા હૈ.** લ્યો, નજીક અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનયકે કથનસે જીવ ... જન્મે છે. લ્યો, કર્મ જન્માવે એમ બને નહીં એમ કહે છે. એની પર્યાય એને આધારે જન્મશે. નાનો બાળક... આહાહા! એ મોટો થાય, જુવાન શરીર થાય, ફાટે, થઈ રહ્યું પછી ત્યારે. આહાહા!

**સર્વ બન્ધુજનોંસે રક્ષણ કિયા જાને પર ભી...** સેંકડો મનુષ્યોં ઇકઠે હુએ હો. હાર્ટનું એનું દર્દ છે અને હાર્ટનું દર્દ ઉપડ્યું છે સવારમાં, એ બધા બિચારા ખાધા-પીધા વિના, ચા-પાણી પીધા વિના ભેગા થયા. ઓલો ટળવળતો હોય. ત્યાં થયેલું એક ફેરી ૮૨માં દાદભાના ઘરે. દાદભાનું ઘર છેને. ગિરધરભાઈ! દાદભાનું નહીં ઘર? એના ખૂણામાં કોઈક હતું. ત્યાં એનો ભાઈ હશે કો'ક. એને હાર્ટફેલ થયું. હાર્ટ.... ૮૨ની સાલની વાત છે. ઘણા વર્ષની વાત છે. પછી દર્શન કરવા લઈ ગયા. બિચારો આમ બેઠો હતો. ચારેકોર માણસ ભેગા થયા હતા. પછી કંઈ થયું નહીં... ૮૨ની વાત છે. બધા આમ ભેગા થયા હતા બાઈયું, આદમી. દાદભા આબરૂવાળા માણસ ને.. આની કોરનું ઘર એ કાંઈક છેને ભાઈનું, આનીકોરનું છેલ્લું આ બાજુ.... અંદર ને અંદર.

નજીક અનુપચરિત-અસદ્ભૂત-વ્યવહારનય... આહા! જન્મે છે શરીરની સાથે, એમ કહે છે. આહાહા! **સર્વબંધુજનોકે રક્ષણ કિયે જાને પર ભી, મહાબલપરાક્રમવાલે જીવકા...** આહાહા! એ તો અનંતબળનો ધણી ભગવાન આત્મા છે. ઐસા અનંત મહાબલકા ધણી પ્રભુ, **અકેલેકા હી, અનિચ્છિત હોને પર ભી...** ઇચ્છા નહીં હૈ દેહસે છૂટનેકી... **સ્વયમેવ મરણ હોતા હૈ**... શું થયું, શું થયું? ક્યા હુઆ? હાર્ટફેલ હો ગયા. આ બધા વાતું કરશે પાછળથી. હાર્ટફેલ હો ગયા. (શ્રોતાઃ એ પણ બે-ચાર દિ'. પછી કોણ નવરું હોય?) આહાહા! ભાઈ! તું એકલો છે, કોઈ સહાય નથી. દૂસરે દ્રવ્યકે સાથ તેરા કોઈ સંબંધ હૈ નહીં. આહાહા! અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રની સહાય નથી એમ કહે છે. જેમ બંધુજનોની વાત કરી, એમ મોક્ષમાં દેવ-ગુરુ-શાસ્ત્રની સહાય નથી. સમજાય છે કાંઈ? આહાહા!

**સ્વયમેવ મરણ હોતા હૈ; (જીવ) અકેલા હી પરમ ગુરુકે પ્રસાદસે પ્રાપ્ત...** એણે એમ કહ્યું કે તું મારી અપેક્ષા છોડી દે. આહાહા! પરમ ગુરુને પહલેસે ઐસા કહા. ચાલે ક્યારે? પોતાનો આશ્રય લે તો ચાલે. એય! આહાહા! **પરમ ગુરુકે પ્રસાદસે પ્રાપ્ત સ્વાત્માશ્રિત...** સ્વાત્માશ્રિત.... સ્વાત્માશ્રિત ભગવાન પૂર્ણાનંદ પ્રભુ... અરે! ઉસકા સ્વીકાર વહ કોઈ બાત હૈ! ઉસકા આશ્રય.. ઓહો! પરમાત્માના ઘરે ગયો. ઐસા ભગવાન પરમસ્વરૂપ.. પરમસ્વરૂપ ઐસા સ્વાત્મકે આશ્રિત... દેખો! ગુરુને આશ્રિત ને દેવને આશ્રિત નહીં. **સ્વાત્માશ્રિત નિશ્ચયશુક્લધ્યાનકે બલસે...** અપને શુક્લધ્યાનકે બલસે **નિજ આત્માકો ધ્યાકર...** અપને સ્વરૂપકા ધ્યાન કરકે **રજરહિત હોતા હુઆ શીઘ્ર નિર્વાણ પ્રાપ્ત કરતા હૈ.** આહાહા!

અંતર્મુહૂર્તમેં... નિગોદસે નિકલા હો, આઠ વર્ષકી ઉંમર ઔર જબ અંદરકા ભાન હુઆ, અંતર્મુહૂર્તમેં મુનિ ઔર કેવલ લેકર દેહ છૂટકર મોક્ષ. ઐસા મહાન પ્રતાપવાલા, મહા પરાક્રમવાલા ભગવાન, એમ કહેતા આવ્યા છેને. એ વખતે પણ આના સહાય વિના બિચારો દેહ છોડશે. **નિશ્ચયશુક્લધ્યાનકે બલસે નિજ આત્માકો ધ્યાકર રજરહિત હોતા હુઆ શીઘ્ર નિર્વાણ...** શીઘ્ર, એમ. અંદરમેં જહાં ધ્યાન લગાયા, કિસીકી સહાય નહીં. મનની નહીં, વિકલ્પની નહીં. અંતર્મુહૂર્તમેં કેવલજ્ઞાન. (શ્રોતાઃ અંત સમયકી બાત હૈ.) અંત સમય નહીં, બીચ સમયકી. જબ કરતા હૈ તબ ઐસે કરતા હૈ, એમ કહતે હૈં. કોઈ ઉસકો સહાય હૈ નહીં. આહાહા!

**ઇસીપ્રકાર (અન્યત્ર શ્લોક દ્વારા) કહા હૈ કિ :** લ્યો,

**स्वयं कर्म करोत्यात्मा स्वयं तत्फलमश्नुते ।**
**स्वयं भ्रमति संसारे स्वयं तस्माद्विमुच्यते ॥**

**શ્લોકાર્થ : આત્મા સ્વયં કર્મ કરતા હૈ** વિકારીભાવ. પુણ્ય ને પાપ ને મિથ્યાત્વકા ભાવ જીવ સ્વયં કરતા હૈ. ઇસમેં કિસીકી સહાય નહીં. આહાહા! કર્મ કરાતા નહીં. ભગવાન અપને

સ્વરૂપકો ભૂલકર.. 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા..' કોઈ કર્મકે કારણસે ભૂલા હૈ ઐસા હૈ નહીં, ઐસા તો સ્પષ્ટ કરતે હૈં. જ્યાં-ત્યાં કર્મ નાખે માળા. **આત્મા સ્વયં કર્મ કરતા હૈ**... વિકારીભાવ, મિથ્યાત્વસે લેકર સબ. **સ્વયં ઉસકા ફ્લ ભોગતા હૈ...** વિકારકા ફ્લ ભી સ્વયં ભોગતા હૈ. **સ્વયં સંસારમેં ભ્રમતા હૈ...** ચોરાશી લાખ અવતારમેં સ્વયં અકેલા (રુલતા હૈ). દૂસરેકી સહાય બિના ચાર ગતિમેં રુલતા હૈ. **સ્વયં સંસારસે મુક્ત હોતા હૈ**. અપની શક્તિસે, અપને સ્વભાવકે આશ્રયસે મુક્તિ હોતી હૈ. ઉસમેં સ્વયં અપને કારણસે... દેખો! **સંસારસે મુક્ત હોતા હૈ**.

સંહનન ઐસા હો તો કેવલજ્ઞાન હુઆ.. જ્યાં હોય ત્યાં એ નાખે માળે. જુઓ! સંહનન મળ્યું હતું. સંહનન તો પશુને પણ મળે છે. મત્સ્ય પશુ થાય છે મત્સ્ય અંગુલના અસંખ્ય ભાગનો, (એને) વ્રજનારાચ સંહનન હોય. એ મરીને સાતમી નરકે જાય. સાતવીં નરકમેં જાતા હૈ. બડે મત્સ્યકી આંખમેં હો. આમ દેખે તો ઓહો! ઇસકે મુખમેં તો બહોત મચ્છ આતે હૈં. છોડ દેતા હૈ. મૈં વહાં હૂં તો ન છોડું. ઐસા પરિણામ હૈ. ક્રિયા તો કુછ હૈ નહીં. વ્રજનારાચ સંહનન (સહિત) ઐસા ભી ભવ અનંત કિયા. અંગુલકા અસંખ્ય ભાગ (શરીર), વજનારાચ સંહનન. તીવ્ર પરિણામ પાપકા. મરીને સાતમી નરકે. રવરવ નરક અપરિઠાણે જાય. આહાહા! સમજમેં આયા?

સંસારસે મુક્ત હોતા હૈ... **સ્વયં સંસારસે મુક્ત હોતા હૈ.** જો સંસારકી ઉદાસીનતા હુઈ અંદરસે તો સ્વભાવકા આશ્રય જહાં લિયા, વહી સહાય હૈ. અપના અકેલા આત્મા સહાય હૈ. સ્વકે આશ્રયસે સમ્યક્(દર્શન), સ્વકે આશ્રયસે જ્ઞાન, સ્વકે આશ્રયસે ચારિત્ર, સ્વકે આશ્રયસે શુક્લધ્યાન, સ્વકે આશ્રયસે કેવલજ્ઞાન. આહાહા! સમજમેં આયા?

**ઔર શ્રી સોમદેવપંડિતદેવને (યશસ્તિલકચંપૂકાવ્યમેં દૂસરે અધિકારમેં એકત્વાનુપ્રેક્ષાકા વર્ણન કરતે હુએ ૧૧૯વેં શ્લોક દ્વારા) કહા હૈ કિ :**

**एकस्त्वमाविशसि जन्मनि संक्षये च**
**भोक्तुं स्वयं स्वकृतकर्मफलानुबन्धम् ।**
**अन्यो न जातु सुखदुःखविधौ सहायः**
**स्वाजीवनाय मिलितं विटपेटक ते॥**

**स्वाजीवनाय... શ્લોકાર્થ** : અરે! **સ્વયં કિયે હુએ કર્મકે ફ્લાનુબન્ધકો સ્વયં ભોગનેકે લિયે તૂ અકેલા જન્મમેં** આતા હૈ. અપના કિયા જો ભાવ ઉસે ભોગનેકે લિયે અકેલા જન્મમેં જાતા હૈ. **તૂ અકેલા જન્મમેં તથા મૃત્યુમેં પ્રવેશ કરતા હૈ** અકેલા. સ્ત્રી-પુત્ર-મિત્રાદિ સબ પડા રહે. **અન્ય કોઈ (સ્ત્રીપુત્રમિત્રાદિક) સુખદુઃખકે પ્રકારોંમેં બિલકુલ સહાયભૂત નહીં હોતા...** આહાહા! અરેરે! **અપની આજીવિકાકે લિયે (માત્ર અપને સ્વાર્થકે લિયે સ્ત્રીપુત્રમિત્રાદિક) ઠગોંકી**

**ટોલી તુજે મિલી હૈ.** યે તો અપની આજીવિકાકે લિયે ઠગ મિલે તુજે. બાયડી કહે, પણ અમારો હાથ ઝાલ્યો હતોને તેં? ક્યોં લગ્ન કિયા? વૃદ્ધ હૈ? જુવાન હૈ. વૃદ્ધ સાથે પરણાવ્યો છે? ફલાણા, ઐસા. આહાહા!

છોકરાઓ કહે, તમારે ઘરે આવ્યા છીએ, અમે કોઈ ગરીબને ઘરે નથી અવતર્યા. અમારે મહિને પાંચસોનો ખર્ચ જોઈશે. ગુંજાખર્ચ જોઈશે. હા. રાયચંદભાઈ હતા એક દામનગર.. ... આપતા હશે. (એનો છોકરો) પૂના ભણતા હતા. દસ લાખ રૂપિયા તે દિ' દસ લાખ. બાપા! કાકાને ન પાલવે તો આપને નામે લખો, પણ ગૂંજા ખર્ચ જોઈશે આટલો. એની ... હતું. છ મહિનાનું પરણેતર. .... આ વૈશાખમાં લગ્ન. બે મહિના પહેલાથી તો મોટી ધામધૂમ. ગૃહસ્થ માણસ તે દિ' દસ લાખ એટલે? સાંઈઠ વર્ષ પહેલા. ૭૫માં લગ્ન ને ૭૫માં .. મરી ગયો. ૭૫ના વૈશાખમાં લગ્ન ને આસોમાં ગુજરી ગયો. ........ ૫૩ વર્ષ થયા. આહાહા!

કોઈ ધણી નથી ત્યાં. સ્ત્રી-પુત્ર... નવી પરણ્યો હતો. નવી એટલે પહેલું હતું. **અપની આજીવિકાકે લિયે...** સ્ત્રી-કુટુંબ, પરિવાર, માતા-પિતા સબ અપની આજીવિકાકે લિયે સ્ત્રી-પુત્ર ઠગોકી ટોલી હૈ, ધૂતારાકી ટોલી હૈ સબ. સાચું હશે આ? (શ્રોતાઃ એ તો અમને લાગુ પડેને. અમે કોકના દીકરા ખરાને.) બાપેય ઠગોની ટોળી, દીકરોય ઠગોની ટોળી. એમ છેને. ઠગની–ધૂતારાની ટોળી ઉસમેં લિખા હૈ. ગુજરાતી હૈ? ધુતારાકી ટોલી હૈ તેરી સબ. મોટો દીકરો કહે, આટલું જોઈએ. .... ફલાણું... આહાહા! અમે તો ઘોડાગાડી ઘરથી જન્મ્યા છીએ, શ્રીમંત થઈને. એટલો ખર્ચ ન હોય, પચ્ચીસ-પચાસનો ન હોય. બસો રૂપિયા મોકલો ગુંજાના ખર્ચના. ઠગ બધા છે. આહાહા!

**ઠગોકી**–ધૂતારાકી **ટોલી તુજે મિલી હૈ**. આહાહા! તેરા તું કર, એમ કહતે હૈં. સમજમેં આયા? છોડ દે દૂસરેકો કિ ઐસા કર દું ને ઐસા કર દું, સ્ત્રીકો ઐસા કર દું, મકાન ઐસા, આબરૂ ઐસા... દીકરાના દીકરા, એના દીકરા ચોથી પેઢી હોય, પાંચમી પેઢી હોય. અત્યાર સુધી બધાનું કરતો જાય. આહાહા! અહીં કહે છે કે કર ન તેરા. ઐસા મનુષ્ય ભવ મિલા, તેરા પરમાત્મા તેરે પાસ તું હી પરમાત્મા હૈ. આશ્રય લેનેકી બાત હૈ. આશ્રય લેનેસે તેરા કલ્યાણ હોગા. દૂસરેકા આશ્રય કોઈ કામકા નહીં. આહાહા! હવે મુનિરાજ શ્લોક કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૧, રવિવાર, તા. ૨૪-૯-૧૯૭૨**
**શ્લોક-૧૩૭, ગાથા-૧૦૨, પ્રવચન નં. ૧૦૫**

નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર, એમાં ૧૩૭ કળશ આવ્યો છે.

**વળી (આ ૧૦૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :**

**एको याति प्रबलदुरघाज्जन्म मृत्युं च जीवः**
**कर्मद्वन्द्वोद्भवफलमयं चारुसौख्यं च दुःखम्।**
**भूयो भुंक्ते स्वसुखविमुखः सन् सदा तीव्रमोहा-**
**देकं तत्त्वं किमपि गुरुतः प्राप्य तिष्ठत्यमुष्मिन्॥१३७॥**

ભગવાન, મુનિઓ કહે છે કે અહો! **શ્લોકાર્થ : જીવ એકલો...** અનાદિથી **પ્રબળ દુષ્કૃતથી...** પાપ અને પુણ્ય એવા દુષ્કૃત્ય કરીને જન્મ અને મૃત્યુને પામે છે. કોઈ સહાયક છે નહીં. એકલો ભગવાન આત્મા અપના-પોતાનો સ્વભાવ ભૂલી અને પુણ્ય ને પાપના ભાવ કરી અને **જન્મ અને મૃત્યુ** એકલો **પામે છે...** આહા! કોઈ શરણ નથી. ચોરાશીના અવતારમાં રખડતો-રઝળતો દુઃખી પ્રાણી છે. પછી કહે છે, **જીવ એકલો સદા તીવ્ર મોહને લીધે...** અરે! પોતાનું આનંદ સ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે, એને ભૂલી **સ્વસુખથી વિમુખ...** પુણ્ય ને પાપના ભાવ અને પુણ્ય-પાપના ભાવના ફળ એમાં કંઈક સુખ છે એવો જે મિથ્યાત્વનો તીવ્ર ભાવ એથી એ ચાર ગતિમાં, ચાર ગતિના સુખ-દુઃખની કલ્પનાના પરિભ્રમણમાં પડ્યો છે. સમજાય છે કાંઈ?

**એકલો સદા તીવ્ર મોહ** એટલે મિથ્યાત્વને લઈને ઊંધી માન્યતા-અવળો અભિપ્રાય કે સ્વસન્મુખથી વિમુખ... સ્વ સુખ-આનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો નાથ આત્મા એને ભૂલીને એ શુભ-અશુભભાવને કરી **કર્મદ્વન્દ્વ...** શુભ-અશુભભાવ જે થયા એ કર્મનો દ્વન્દ્વ છે. ચાહે તો શુભ હો કે અશુભ હો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ પણ શુભકર્મ દ્વન્દ્વ છે. જૂઠું, હિંસા, ચોરી, વિષયવાસના એ પાપકર્મ દ્વન્દ્વ છે. **સ્વસુખથી વિમુખ...** આહાહા! ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ છે, પોતામાં અતીન્દ્રિય સુખનો સાગર ભગવાન છે. એની નજરું કર્યા વિના, અરે! એનો આશ્રય કર્યા વિના, પરમાં ક્યાંય પુણ્ય ને પુણ્યના ફળ—આ સ્વર્ગ મળે કે શેઠાઈ મળે એ બધું દુઃખ છે. વ્યવહારે સુખ અહીંયા કહેવામાં આવે છે. એ સુંદર એટલે આ ધૂળવાળા, શેઠિયાઓ કે રાજા થાય પુણ્યના ફલ તરીકે. દુનિયા એને કહે કે આ સુખી છે. એ દુનિયાની ભાષાએ વાત કરી છે. આહાહા! (ખરેખર તો) દુઃખી છે.

ભગવાન આનંદમૂર્તિ પ્રભુ સચ્ચિદાનંદસ્વભાવ, સત્–શાશ્વત જ્ઞાન ને આનંદ જેનું ત્રિકાલી અવિનાશીસ્વરૂપ, સ્વસુખ–આનંદસ્વરૂપ એને ભૂલીને બધી રખડપટ્ટીના ભાવ છે. આહાહા! કહે છે કે **કર્મદ્વંદ્વજનિત** ફળ એનું છે. એ પુણ્ય ને પાપના ભાવ એ કર્મદ્વન્દ્વ છે, ભગવાન આત્મા એ નહીં. આહાહા! પ્રભુ આત્મા તો આનંદસ્વરૂપ છેને પ્રભુ! એ અતીન્દ્રિય આનંદના સ્પર્શ બિના, અતીન્દ્રિય આનંદના વેદન ને ભાન વિના, એણે ચોરાશીના અવતાર કરીને કર્મના પુણ્ય-પાપના ભાવના ફળરૂપે **(શુભ અને અશુભ કર્મના ફળરૂપ) સુંદર સુખ અને દુઃખને...** આ દુનિયા પાગલ એને કહેને કે આ સુખી છે. સમજાય છે કાંઈ? પાગલો છે એની ભાષા જુદી છે. સમજાય છે કાંઈ? બે-પાંચ દસ કરોડ રૂપિયા હોય, બાયડી ઠીક હોય, છોકરા કહ્યાગરા હોય, આબરૂ કંઈક જામી હોય (તો) દુનિયા મૂઢ એને સુખી કહે. શેઠ! આહાહા!

આકુળતા છે ભાઈ! તને ખબર નથી. બાપુ! તારું સ્વરૂપ તો આનંદ છે નાથ! એવા અતીન્દ્રિય આનંદને ભૂલી, તેં પુણ્ય ને પાપના શુભ-અશુભભાવ કર્યા, એના ફળ તરીકે આ સંસારી સુખની સામગ્રી મુદત પૂરતી.. મુદત પૂરતી મળી, વળી ન્યાંથી મરીને ગયો નરક ને નિગોદ. સમજાય છે કાંઈ? પણ એણે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના નાથમાં–મારામાં સુખ ને શાંતિ છે એવી કોઈ દિ' અનંતકાળમાં શ્રદ્ધા ને જ્ઞાન કર્યું નહીં. એ શ્રદ્ધા ને જ્ઞાન વિના જેટલી ક્રિયાકાંડ શુભ-અશુભભાવની કરે, ચાર ગતિમાં સુખ ને દુઃખ વારંવાર ભોગવે. આહાહા! અરે! એની એને ખબર નથી. હું કોણ છું, ક્યાં છું, કેમ છું? હું કોણ છું, કેમ છું, ક્યાં છું? એ આત્મા છે એ કોણ છું? ક્યાં છે? એ આનંદમાં છે. આહાહા!

અતીન્દ્રિય આનંદના સ્વભાવમાં ભગવાન છે એને આ પુણ્ય ને પાપના ભાવ ઝેર જેવા દુઃખરૂપ છે. અરે! એનું સેવન કરીને ચાર ગતિમાં, મનુષ્ય ને દેવમાં કંઈક અનુકૂળતા બહારની દેખીને દુનિયા એને સુખી કહે. સમજાય છે કાંઈ? અહીંયા એ દુઃખ.. એ નરક ને નિગોદના દુઃખ ભાઈ! એણે વેદ્યા છે. ખબર નથી. એના દુઃખના વેદન જોનારના આંખ્યુમાં આંસુ જાય એવા દુઃખ વેદ્યા છે એણે. પણ મૂઢને કાંઈ ખબર નથી. મારી ચીજ શું છે, મારામાં શું છે અને એ ક્યારનું મારું સ્વરૂપ છે? હું આત્મા, મારામાં આનંદ છે. ક્યારનો? અનાદિનો. આનંદસ્વરૂપથી ભરેલો પ્રભુ હું છું. અરે! મનુષ્યપણા અનંતવાર મળ્યા, પણ એણે એક સમય પણ એની સન્મુખ જોયું નહીં. ભગવાન સચ્ચિદાનંદસ્વરૂપ, સમજાય છે કાંઈ? એને આ બહારના રખડપટ્ટીના ભાવમાં આમ છે, તેમ છે, આ છે ને તે છે. આહાહા!

મુનિરાજ કરુણાથી કહે છે હોં. ભાઈ! તેં આત્માના આનંદના સુખને ભૂલી સ્ત્રીઓમાં સુખ છે, પત્નીને આદમીમાં સુખ છે, દીકરા સારા કહ્યાગરા થયા એમાં સુખ છે. મૂઢ! તારા પાપના ફળમાં નરક ને નિગોદમાં તારે જવું પડ્યું. આહાહા! અરે! કોઈ સહાય નહીં, કોઈ શરણ નહીં. એકલો ચાર ગતિમાં દુઃખી થઈને રઝળે છે. સમજાય છે કાંઈ? ઓહો! **જીવ એકલો...** ગમે

તેમ કરીને કોઈ **ગુરુ દ્વારા કોઈ એવા એક તત્ત્વને (અવર્ણનીય પરમ ચૈતન્યતત્ત્વને) પામીને...** ઓલું દ્વન્દ્વ હતુંને પુણ્ય ને પાપના ભાવ. દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, કામ, ક્રોધ એ બધા કર્મદ્વન્દ્વ છે, એ કોઈ ધર્મ નથી. આહાહા! સમજાય છે કાંઈ? એમાંથી ભિન્ન પડીને મારો આત્મા ગુરુ દ્વારા એને બોધ થયો, ગુરુએ એને કહ્યું, ભાઈ! અનંત આનંદનું સ્વરૂપ છેને તારું, અરે! તારા નયનને આળસે તારી નજરુંના નિધાન તને નથી આવતા. તારી નયનને આળસે.. નેત્ર જોઈએ ખુલ્લા, એ ખુલ્લા નેત્ર કરીને અંતર નિધાનને જોવું એ કોઈ દિ' તેં કર્યું નથી ભાઈ! સમજાય છે કાંઈ? આહાહા!

આ રાતા-પીળા બહારમાં ફળે એ બધા દુઃખના કીડા છે. એમ હશે? કરોડ રૂપિયા.. બે-ત્રણ કરોડ છે તમારે છોકરાને. ઓલું જ્યાં આવે છે, શું કહેવાય આ? બ્લડપ્રેશર.. બ્લડપ્રેશર. મૂલચંદભાઈ! એને છેને પૂનમને. એને ત્રણ-ચાર કરોડ રૂપિયા છે મુંબઈ. જ્યારે બ્લડપ્રેશર... વહોરવાનું હતુંને એક ફેરી તો આમ... બાપા! ભાઈ! શરીરની અવસ્થા તારી નહીં નાથ! તને ખબર નથી. એ બહારની ચીજની સગવડતા એ તારી ચીજ નહીં અને અગવડતાની ચીજો એ પણ તારી નહી, તારામાં નહીં, એમાં તું નહીં હોં. આહાહા! બહારની સગવડતાના ગંજ, પ્રભુ! તું એમાં નહીં. એ તો જડ ને પરવસ્તુ છે. અમરચંદભાઈ! આહાહા!

અરે! એની એને દયા ન આવી હોં. અરે! દેહ છૂટીને હું ક્યાં જઈશ? આત્મા તો અવિનાશી છે. એ અવિનાશી ક્યાં રહેશે? ભવિષ્યમાં ક્યાં રહેશે? રહેનારો તો રહેશે, પણ રહેશે ક્યાં? અવિનાશી તત્ત્વ છે. આહાહા! કહો, ચીમનભાઈ! શું હશે આ? જે.પી.ની પદવી મળીને હમણા મુંબઈમાં. એ ઘરેણે મૂકાતી હશે? મરીને જાવું છે સ્વર્ગમાં, જે.પી. પદવી થોડી સાથે આવજે. સાથે કોણ જાય પણ? ધૂળેય જાય? આહાહા! શરીરની સાથે છાંયો જાય, પણ એ છાંયો શરીરને કારણે નહીં. શરીરનો છાંયો હોય છેને. આમ છાંયો પડેને. શરીરની સાથે ને સાથે દેખાય, પણ એ છાયો શરીરનો નહીં. એ શરીરની ચીજ નહીં. ભાઈ! છાંયો તો પુદ્ગલની એક કાળી પર્યાય છે. એ શરીરને લઈને નહીં, એ શરીરની નહીં અને શરીરને લઈને એ કાળી પર્યાય સાથે જાય છે એમ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

આ છાયા નથી પડતી? માથે સૂરજ હોય કે આમ આડો હોય તો આડી પડે. શરીર જેવી ગતિ કરે તેવી છાયા. આહાહા! છતાં એ છાયા શરીરથી જુદી ચીજ છે. શરીર જાય માટે છાયા જાય છે સાથે, આહાહા! એમ નથી. છાયાના રજકણો–સ્કંધ અંધારાના સ્વતંત્ર પર્યાયવાળા–અવસ્થાવાળા છે. એ શરીર જતાં સાથે જાય એમ દેખાય, પણ એ શરીરને લઈને નહીં. એમ આત્મા જતાં, સાથે પુણ્ય ને પાપના ભાવ કરેલા જે બંધન સાથે જાય એ સાથે આત્માને લઈને નહીં. આહાહા! સમજાય છે કાંઈ? એના તો શુભ ને અશુભભાવ કર્યા હોય, એ સાથે મલીનપણાના પરિણામ... આહાહા!

નિર્મળાનંદ ભગવાન એ મલિનના ભાવમાં મુંઝાઈને મૂર્છા ખાઈ ગયો છે અનાદિથી. સમજાણું કાંઈ? એ મૂર્છા એની પર્યાયમાં છે. એ કીધુંને અહીંયા, તીવ્ર મોહને લીધે... મોહ કર્યો પોતે. સ્વસુખના સાધનસ્વરૂપ પોતે પ્રભુ છે એની સામે જોયું નહીં, એને કોઈ દિ' માન્યો નહીં, એને કોઈ દિ' જાણ્યો નહીં, એને કોઈ દિ' માન્યો નહીં. કોણ છે એ આત્મા? સમજાય છે કાંઈ? એ સચ્ચિદાનંદ પ્રભુ છે. બાપુ! પામર કરીને તેં માન્યો છે એ જ તીવ્ર મોહ છે. આહાહા! કંઈક મને આ હોય તો ઠીક પડે, આ હોય તો ઠીક પડે, આ હોય તો ઠીક. એ બધો તીવ્ર મોહ– મિથ્યાત્વના લક્ષણ છે. આહાહા!

અહીંયા કહે છે કોઈપણ રીતે તારા પુરુષાર્થની જાગ્રતિએ **ગુરુ દ્વારા... એક તત્ત્વને...** એનો અર્થ કે ગુરુએ એને આ કહ્યું હતું. ગુરુનો ઉપદેશ એને એ હતો. ભાઈ! તું આનંદસ્વરૂપ પ્રભુ અંદર છોને. એની અંદર દ્રષ્ટિ કરને નાથ! તારું કલ્યાણ થશે. તું એનો સ્વીકાર કર. વર્તમાન પર્યાયમાં પામરતાનો સ્વીકાર છે, એ પર્યાયને પ્રભુતાનો સ્વીકાર કરાવ. આહાહા! સમજાય છે કાંઈ? ઓલા કહે છેને, 'નયનને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ..' હરિ એવો જે આ ભગવાન, અજ્ઞાન ને પુણ્ય-પાપના ભાવને હરે એવો જે હરિ એને નયનને આળસે જોયો નહીં કોઈ દિ'. મારો કરીને માન્યો નહીં, હું આ છું એમ જાણ્યું નહીં. એવો તારો તીવ્ર મોહ ચાર ગતિમાં રખડાવે છે તને. સમજાણું કાંઈ?

કહે છે કે **એક તત્ત્વને...** ઓલામાં દ્વન્દ્વ હતુંને. શુભ-અશુભભાવ એ દ્વન્દ્વ કર્મદ્વન્દ્વ છે. ચાહે તો કરોડોના દાન આપતો હોય, અબજોના દાન આપીને એમાં કદાચિત્ રાગની મંદતા કરતો હોય, પણ એ રાગ પુણ્ય ને કર્મદ્વન્દ્વ છે. આહા! એના ફળમાં ચાર ગતિમાં રખડવાનું છે. સમજાણું કાંઈ શેઠ? (શ્રોતાઃ ક્યા કરનેકા? ઉસકા સદુપયોગ કરનેકા.) ક્યા મિલા હૈ, કિસકો મિલા હૈ? તુમ્હેં મિલા હૈ? તમારી પાસે છે પૈસા? પૈસો તો પૈસા થઈને રહ્યો છે. પૈસા તો અજીવ થઈને રહ્યો છે. વો કોઈ આત્માકા હોકર રહા હૈ? એની પાસે રહ્યા છે. કાંઈ પાસે રહ્યા નથી. જોડે તો ગધેડાય ઉભા હોય ને બીજું ઘણું ઉભું હોય, તો એનો થઈ ગયો ગધેડો? ગુમડાં સડે ને માખી આવે બહોત માખી. માખી સમજે ન? એક માખી અહીં ચોંટે તો ઉસકી હો ગઈ? એય! આહાહા! ગંધ મારે આમ. પાઠા થાય છેને પાઠા. સડે... સડે. પાઠા સમજાય છે? પાછળનો ભાગ.

એક ફેરી અમે જોયું હતું. આહાહા! બે જોયું હતું. અમારે એક વનમાળી શેઠ હતા ઉમરાળામાં, એને એક પાઠું થયું હતું. ખાઈ ન શકે એવી ગંધ મારે. ખાવું ક્યાંથી? એટલી ગંધ મારે. શીરો કરે શીરો. એકદમ ઝટ દઈને (ઉતરી જાય). દાળ-બાળ શેની ખાય? એટલી ગંધ મારે. વનમાળી શેઠ હતા. અમારા ગામના રોકડ શેઠ હતા નગરશેઠ, એના ભાઈ હતા. જોયું હતું. આ તો ઘણા વર્ષ થઈ ગયા, ૭૦ વર્ષ થઈ ગયા. મેડી ઉપર રહે એકલા. કોઈ જાય નહીં.

ગંધ મારે. શીરો આપે અધશેર કે પોણો શેર. એકદમ ખાય, નહીંતર ઉલટી થઈ જાય. એટલી અહીં ગંધ મારે. એ શરીરનો સ્વભાવ ભગવાન! એવો જ છે. જરી રૂપાળો દેખે ત્યાં માળો મૂર્છાઈ જાય. આહાહા! પ્રભુ! તારો સ્વભાવ તો સુગંધમય, આનંદના ..મય છે. સમજાય છે કાંઈ? આહાહા!

અરે! ગુરુ પાસે એવું અંદર એક ચૈતન્યતત્ત્વ છેને, જે એકરૂપે છે, આનંદરૂપે છે, શાંતરૂપે છે, જ્ઞાનના પુંજરૂપે છે. એવો તું આત્મા એને પામીને, એને અંતર ઓળખીને, એમાં સ્થિત રહે. બેય વાત લીધી ભાઈ. સમ્યગ્દર્શન-જ્ઞાન પામી અને સ્થિત રહે છે. આહાહા! એ એના અવતાર ધન્ય છે. એણે જન્મ-મરણના ટાણા ફેરવી નાખ્યા. આહાહા! જન્મ-મરણના ચોરાશીના આંટા એના ગયા. એ પરમાત્મામાં લીન થયો. મારો આનંદ મારી પાસે છે. દુનિયા ઇન્દ્રના ઇન્દ્રાસનો દેખે, એને (-ધર્મીજીવને) સડેલા મીંદડા ને કૂતરા જેવા દેખાય. ધર્મીજીવને પોતાનો આનંદ સ્વભાવ એને અનુભવીને એને બધું સડ્યા મીંદડા-કૂતરા જેવું દેખાય. એને ઈચ્છા ન થાય કે આ હોય તો ઠીક. અરે! જેને એ છે એ દુઃખી છે. સમજાય છે કાંઈ?

ધર્મ ચીજ દુર્લભ છે ભગવાન! એ એવી ચીજ નથી કે આ દયા કરી, પછી ભક્તિ કરી, દાન કર્યાં, પૂજા કરી, મંદિર બનાવ્યા, વ્રત કિયા, થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નહીં, સુન તો સહી ભાઈ! ધર્મ કોઈ અપૂર્વ ચીજ હૈ. એક સેકંડનો ધર્મ જન્મ-મરણના અંતના પોકાર કરે. આહાહા! અને મોક્ષનગરીની સમીપ લઈ જાય, એને ધર્મ કહીએ. એ કહે છે કે ભગવાન આત્મા વિકલ્પથી માંડી, શુભરાગથી માંડી આખી દુનિયાથી ઉદાસ થઈ આસન લગાવે ચૈતન્ય ભગવાનમાં. સમજાય છે કાંઈ?

એ અનંત પુરુષાર્થ છે. એ નવી ગતિ પ્રાપ્ત થવાનો ઉપાય છે. ચાર ગતિ કરતાં સિદ્ધગતિ... આહાહા! અનુપમ ગતિ છે. 'ધ્રુવ અચળ અનુપમ...' ભાઈ! તને શેના હડકા આવે છે? કહે છે. સમજાણું તને કાંઈ? પરચીજની અનુકૂળતા દેખીને તને અંદરમાં હોંશ ને હરખ–પ્રસન્નતા કેમ આવે છે નાથ? આહાહા! એ આકુળતા છેને. એની તને પ્રસન્નતા કેમ આવે છે? ભગવાન અનાકુળ આનંદનો નાથ છેને. એને ગુરુગમે સમજીને એમાં ઠરે એ જન્મ-મરણથી નીકળી ગયો. સમજાય છે કાંઈ? એ વિના એના જન્મ-મરણના આંટા મટે એવા નથી. ગાથા ૧૦૨.

**एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो ।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ॥१०२॥**

નીચે હરિગીત, નીચે.

**મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨.**

**ટીકા : એકત્વભાવનારૂપે પરિણમેલા...** ભગવાન આત્મા એકલો, રાગ વિનાનો, પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો છે. આહાહા! એવો ધર્મી કે જે પુણ્ય ને પાપ—બે ભાવના દ્વન્દ્વથી પણ ભિન્ન પડી અને ભગવાન આત્માના સ્વરૂપની એકત્વતામાં પરિણમેલો... આહાહા! એકત્વરૂપે જેની દશા થઈ... દ્વન્દ્વરૂપે જે દશા હતી શુભ ને અશુભભાવની, કર્મદ્વન્દ્વ સંસારના દુઃખમાં રઝળવાની જે દશા હતી એ છોડી. કહે છે કે **એકત્વભાવના**... હું તો એકલો ચિદાનંદ આનંદસ્વરૂપ છું, એની ભાવના નામ એકાગ્રતા કે જે ભવના અંતનું કારણ છે. આહાહા! સમજાય છે કાંઈ? સુગનચંદજી! આવી વાત છે ભાઈ! આહાહા!

પ્રભુ! તું આવો છોને નાથ! સર્વજ્ઞ પરમેશ્વરે પણ તને આવો કહ્યો છે હોં. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન છે, એના શ્રીમુખે તારી ચીજ તો આવી આવી છે. તું પ્રભુ! પુણ્ય ને પાપના રાગ વિનાનો એકલો આનંદમય નાથ છો. આહાહા! સમજાણું કાંઈ? ઇન્દ્રોની સમક્ષમાં જે લોકના લાડા, લોકના સ્વામી શક્રેન્દ્ર ને ઇશાનેન્દ્ર અર્ધલોક દક્ષિણ ને ઉત્તરના સ્વામી છે. સૌધર્મ ઇન્દ્ર એને અત્યારે ૩૨ લાખ વિમાન છે. એક-એક વિમાનમાં અસંખ્ય દેવો છે એનો એ સ્વામી. ઇશાનેન્દ્ર ૨૮ લાખ વિમાન એનો સ્વામી.—બેય એકાવતારી છે. આહાહા! બેય ત્યાંથી છૂટીને એક મનુષ્યભવ પામીને મોક્ષ જનારા છે. એ ત્રણ જ્ઞાનના ધણી ઇન્દ્રો જ્યારે સમવસરણમાં પરમાત્માની વાણી સાંભળવા ઉતરે ઉપરથી હોં, આહાહા! એ ભગવાનની વાણી કેવી હશે? કે જે ત્રણ જ્ઞાનવાળા એક અવતારી (સાંભળવા આવે). એક ભવે મોક્ષ જવું એની ખાતરી છે. ભગવાનના મુખે નીકળેલી વાત છે. એ સાંભળવા આવે. આહાહા!

પ્રભુના મુખે એમ નીકળે કે હે નાથ! તારો આત્મા પુણ્ય ને પાપના વિકલ્પના દ્વન્દ્વથી રહિત છે. આ ઇન્દ્ર ને ઇન્દ્રાસન તો સડેલા ઉકરડા બહાર છે, પણ અંદરમાં થતા શુભભાવ... આહાહા! દયાના, દાનના, વૃત્તિના, વ્રતના, તપના, ભક્તિના, પૂજાના એ ભાવથી પણ તારી ચીજ ભિન્ન છે. આહાહા! કેમકે નવ તત્ત્વમાં એ તત્ત્વ તો આસ્રવતત્ત્વ છે. પુણ્ય ને પાપના ભાવ તો આસ્રવ છે, જેનાથી નવા આવરણ આવે. ભાઈ! એનાથી તો તું બંધાણો છો. એથી રહિત તારી ચીજ અંદરમાં, આહાહા! એકરૂપ-સ્વરૂપે પ્રભુ છે. એનું જેને અંતર્દૃષ્ટિ થઈ અને પરિણમન પર્યાયમાં–અવસ્થામાં એ પોતે આવ્યો પરિણમ્યો, પોતે આનંદ ને જ્ઞાનરૂપે હતો એની ધર્મની દ્રષ્ટિ થતાં દશામાં એને જ્ઞાન ને આનંદરૂપી ઝલક આવી. એ રૂપે થયો એવા સમ્યગ્જ્ઞાનીના લક્ષણનું આ કથન છે. આહાહા!

કેવો છો તું પ્રભુ? **ત્રણે કાળે નિરુપાધિક સ્વભાવવાળો હોવાથી...** આહાહા! ભગવાન! તારું ત્રણે કાળે નિરુપાધિ સ્વરૂપ અંદર છે ભાઈ! ઉપાધિ રાગની પર્યાય એ તારું સ્વરૂપ નહીં. આહાહા! સમજાય છે કાંઈ? ત્રણે કાળે... ત્રણ કાળ કોને કહે? જે કાળની આદિ નથી, અનાદિ

છે, જેના કાળનો અંત નથી. એવો જે ત્રિકાળ–ત્રણે કાળે નિરુપાધિ ભગવાનસ્વરૂપે છે આત્મા. જેને આત્મા કહીએ એ તો કર્મ શરીર ને પુણ્ય-પાપના વિકલ્પની ઉપાધિથી ભિન્ન છે. સમજાય છે કાંઈ?

**ત્રણે કાળે નિરુપાધિક**... અરેરે! આ વાત એને કેમ બેસે? કહે છે. એના વિશ્વાસમાં કેમ આવે? સમજાય છે કાંઈ? છતી ચીજનો વિશ્વાસ નહીં, અછતીનો વિશ્વાસ છે. છેતરાણો પ્રભુ તું. સમજાણું કાંઈ? એ પુણ્ય ને પાપના ભાવ અછતા, નાશવાન છે. એના ફળ તરીકે આ સંયોગો સંધ્યાના રંગ જેવા છે. ઘડીકમાં અંધારા થઈ જશે હોં. સંધ્યા લાલ ખીલી હોયને સંધ્યા, ક્ષણ પછી અંધારા. ભાઈ! આ ખીલેલા લાગે તને બહારમાં, (પણ) પાંચ-પચ્ચીસ વર્ષે અંધારા થઈ જશે બાપુ! એ તારી ચીજ નહીં. આહાહા! **ત્રણે કાળે નિરુપાધિક સ્વભાવવાળો હોવાથી**... ભગવાન તો નિરુપાધિક સ્વભાવ છે. આહાહા! આવી દ્રષ્ટિમાં એનો સ્વીકાર થવો એ સમ્યગ્દર્શન ને અપૂર્વ પુરુષાર્થ છે. એ વિના બધા બધા થોથેથોથા છે. સમજાણું કાંઈ?

**નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત...** ભગવાન ત્રણે કાળે નિરુપાધિ સ્વભાવાળી ચીજ છે. એ નિરાવરણ જ્ઞાન-દર્શન ત્રિકાલી હોં. એ જ્ઞાન ને દર્શન જે ત્રિકાલી એના લક્ષણથી લક્ષિત પર્યાયમાં થાય છે. શું કીધું એ? કહે છે કે **નિરાવરણ જ્ઞાનદર્શન લક્ષણથી**... જાણવું ને દેખવું એવો સ્વભાવ એના લક્ષણથી—લક્ષિત થાય છે કે આ આત્મા. એવું જે પર્યાય–વર્તમાન અવસ્થાએ નક્કી કર્યું... જે અવસ્થા પુણ્ય ને પાપને સ્વીકારતી, એ ભ્રમ ને અજ્ઞાન ને ચાર ગતિમાં રખડવાના બીજડાં હતા.

ભગવાન ત્રણે કાળે નિરુપાધિ સ્વભાવવાળો અને નિરાવરણ જેનું જ્ઞાન ને દર્શન લક્ષણ ત્રણે કાળ હોં, એવો જ્ઞાન-દર્શન લક્ષણથી લક્ષિત... એ જ્ઞાન ને દર્શનના લક્ષણ વડે કરીને લક્ષમાં–ધ્યેયમાં આવવાલાયક છે. આહાહા! કોઈ ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત ને ભક્તિ, તપથી લક્ષમાં આવવાલાયક એ નહીં. આહાહા! એના ઘરની મોટપની એને ખબર નહીં હોં. બીજાને મોટપ સોંપી. આહાહા! કેમ હશે? ક્યાં ગયા ચીમનભાઈ? બહારના ધંધા પાંચ-પચ્ચીસ લાખ પૈસા હોય, એમાં કરોડ-બે કરોડ ભેગા થઈ જાય તો જુઓ! તમારે સનેપાત વળગ્યું સનેપાત. આહાહા!

પ્રભુ! તું અનંત આનંદ ને જ્ઞાનનો લક્ષ્મીનો ભંડાર નાથ! તારી લક્ષ્મી આગળ આની કાંઈ કિંમત નથી. અરેરે! મનુષ્યપણા મળ્યા, પણ તેં કાંઈ કર્યું નહીં હોં. અને આ કર્યા વિના તારી જિંદગી ઈયળું ને ગલુડિયા મરે એમ તું મરી જઈશ. એમાં તારા કાંઈ લેખા છે નહીં. ભલે પછી મર્યા પછી હીરાના, શું કહેવાય આ? ઢોલિયા. આ ગરાસિયા મરે ને પછી ઢોલિયામાં ઉપાડે એને. સાહેબ પોઢ્યા છે એમ કહે. રાજા મરેને, એને 'મરી ગયા' એમ ન કહેવાય. મરી ગયા એમ ન કહેવાય, પોઢયા કહેવાય. પોઢ્યા તો નરકમાં ગયા હોય નિરાંતે. આહાહા!

આ ભગવાન આત્મા.. આહાહા! ત્રણે કાળે નિરાવરણ એના ગુણો... પોતે નિરુપાધિ સ્વભાવ... ભાષા એમ લીધીને. જેનો નિરુપાધિ સ્વભાવ અને જેના જ્ઞાન કહ્યું હતુંને એક ફેરી, નહીં? રતલામનું રાજ છેને રતલામનું. દસ લાખની ઉપજ છે. પણ એના રાજાને તાવ આવેલો. ભાઈ અહીંયા આવ્યા હતા લાલજીભાઈના મિત્ર. લાલજીભાઈના મિત્ર ત્રિભુવનભાઈ છે કે નહીં? ઓલો ડોક્ટર, ઋષિકેશમાં ગયા હતા એ લાલજીભાઈના મિત્ર હતા. આવ્યા હતા, વ્યાખ્યાન બે સાંભળ્યા. ઋષિકેશથી આવ્યા હતા.

પછી એમ કહેતા હતા કે અમારા દરબારને તાવ આવ્યો તો અમારાથી એમ ન કહેવાય કે સાહેબ! આપને તાવ આવ્યો છે. એમ ન કહેવાય. ત્યારે શું કહેવાય? હોય ડોક્ટર એનો. સાહેબ! આપના દુશ્મનને તાવ આવ્યો છે. એક રીતે સાચી વાત છે. આત્માથી શરીર દુશ્મન છે. એ એનો ભાવ નહોતો. અમરચંદભાઈ! એ (ભાવ) નહોતો. દરબારને રાજી... દરબારને એમ ન કહેવાય કે સાહેબ! આપને તાવ (આવે છે). દસ લાખ ઉપજ એમાં ધૂળ જેટલી.

પણ એ પહેલા જૂનાની વાત છેને ઘણા વર્ષ પહેલાની. આવ્યા હતા અહીં. લાલજીભાઈ હતાને ડોક્ટર એના ગામના. એમ ન કહેવાય. સાહેબ! આપના દુશ્મનની તાવ આવ્યો છે. કંઈ દવાની વ્યવસ્થા કરશું? એમ પૂછે. એય ચંદુભાઈ! ક્યા કહતે હૈં? ના, ના, એ કંઈ કહેતા... તમને આમ થયું ને તમને આમ થયું, એમ કહે છે એ તો. ઓલો તમને થયું એ (સાંભળવું) સાંખી શકે નહીં. આપના દુશ્મન... એક ન્યાયે તો બરાબર છે. ભગવાન આત્મા ક્યાં ને આ જડ ધૂળ ક્યાં? એ બેય વિરોધી છે. ચૈતન્યથી તો પ્રભુ! આ શરીર દુશ્મન છે. આહાહા! એને તો એમ કે મોટપની આગળ 'તાવ તમને આવે' એમ ન બોલાય. આહાહા! ભલે મરીને જાય નરકમાં. જાય તો નરકમાં. રાજા માંસ ખાતા હોય, પરસ્ત્રીસેવન હોય, દારૂ પીતા હોય સરખાઈના. મોટી-મોટી પાંચ પાંચ હજારની, શું કહેવાય? શીશીયું, બાટલી. આહા! બાપુ! એ સંધ્યાના રંગ છે હોં. એ ખીલ્યા રંગ હમણાં પૂરા થઈ જશે. અંધારા થશે.

જ્ઞાન ને દર્શન સ્વભાવના લક્ષણો નિરાવરણ છે. એવા લક્ષણથી લક્ષિત પ્રભુ, એવા જ્ઞાન ને દર્શનના લક્ષણથી લક્ષમાં આવે એવો પ્રભુ. એ તો એની પર્યાય એમ કહે છે. સમજાય છે કાંઈ? એની પર્યાય એમ કહે છે. પર્યાય સમજાય છે? વર્તમાન અવસ્થા. અવસ્થા એ તરફ ઝુકી છે એટલે એ અવસ્થા એમ કહે છે કે આ જ્ઞાનના લક્ષણથી લક્ષ્ય થવાલાયક આ હું છું. એવી વર્તમાન પર્યાયમાં જ્ઞાનના- દર્શનના સ્વભાવથી સ્વભાવવાનને પકડ્યો, એ ભગવાન થયો હવે. ભગવાનનો પુત્ર વારસો લેવા તૈયાર થયો. સમજાણું કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિ થયો. અને કેવળજ્ઞાન લેવાને–વારસો લેવાને હવે તૈયાર થઈ ગયો. આહાહા! સમજાણું કાંઈ? જેને બીજ ઉગે એને પૂનમ થયા વિના રહે નહીં. આહાહા!

એમ ભગવાન આત્મા અંતર વસ્તુ ત્રિકાલી નિરુપાધિ સ્વભાવવાળો હું અને મારા દર્શન ને જ્ઞાન જે લક્ષણો ગુણો—એનાથી લક્ષ્ય થવાને લાયક હું, એવું જેણે અંતરની પર્યાયથી નિર્ણય કરીને અનુભવ કર્યો એ ધર્મી, એ સમ્યગ્દૃષ્ટિ, એ સમ્યગ્જ્ઞાની, એ મોક્ષના નગરે

નજીકમાં આવનારો છે. સંસારના કાંઠે આવી ગયો. આહાહા! ભવોદધિ–જલોદધિ ચોરાશીના અવતારમાં ગળકા ખાતો પાર આવી ગયો.

એવો **જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત એવો કારણપરમાત્મા...** આહાહા! આ નિયમસારની વિશેષતા છે. કારણપરમાત્મા જ્યાં હોય ત્યાં વર્ણવે. બીજાય કારણપરમાત્માનું નામ લેવા માંડ્યા. એલા! પણ તારે ઘરે હતું નહીં, તું કેમ લેવા માંડ્યો? કોઈ દિ' સાંભળ્યું હતું? છાપામાં આવ્યું હતું કારણપરમાત્મા. ઓલો અમરચંદજી છેને સ્થાનકવાસીનો. બધો સમન્વય કરે છે ખીચડો ચારેકોરનો. ભગવાનની પાછળ મોટું વીરાયતન કરવા માગે છે કરોડો રૂપિયાનું. એમાં આવ્યું હતું કે કારણપરમાત્મા.. પણ કારણપરમાત્મા ક્યાંથી આવ્યા? તમારા ૩૨-૪૫ (સૂત્ર)માં નામ ન મળે. કોઈકના લઈને ચોરી કરીને નામ (ભૂકવા). આહાહા! એ શેઠ! છે?

કારણપરમાત્મા... આહાહા! એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રિકાલી જ્ઞાનલક્ષણના લક્ષણે લક્ષિત થાય એવો.. એવો ભગવાન કારણપરમાત્મા કે જેને પકડે કાર્ય કેવળજ્ઞાન થયા વિના રહે નહીં. અરે! વાત પણ સમજવી કઠણ ભારે ભાઈ હોં. આ લાકડા એવા ગરી ગયા હોય બીજા માળા. નવરો ક્યાં થાય માળો? આહા! અહીં તો ઘડીકમાં એમ કહે, મરવાની નવરાશ નથી. વળી એમ કહે. ... છે. બાપા! મરીશ ત્યારે ટાંગા તરફડશે. નવરાશ નથી શું? બધો વેપાર-ધંધો હશે ત્યાં એ.. ભાઈ! હાર્ટમાં કાંઈક થાય છે બાપા! મને હવે ઘરે જવા દો. દુકાને બેઠા હોય તો થવા માંડે કાંઈક. ઘરે જવા દો. કંઈક અહીં થાય છે.

શ્રોતા : ઘરે જવાનો ટાઈમ ક્યાં મળે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ પણ મળે નહીં? એ પણ મળે નહીં કેટલાકને. વાત સાચી. ન્યાંને ન્યાં આ થયું ત્યાં... ડોક્ટર ઉડી ગયા નહીં તમારા? સર્જન ડોક્ટર હેમંતકુમાર. ભાવનગરના સર્જન. સર્જન ડોક્ટર. આહાહા! પ્રભાશંકર પાટણી હતાને એના સાળાના દીકરા હતા. આપણે અહીં આવ્યા હતા બે-ત્રણ વાર. સર્જન.. ઓપરેશન કરતા હતા કોઈકનું. મને કાંઈક થાય છે. આમ ગયા ત્યાં ઉડી ગયા. એ ડોક્ટર ગયા. ડોક્ટર ગયા કે શરીર ગયું કે આત્મા ગયો? આહાહા! શરીર તો થોથું પડ્યું રહ્યું. ઓલો ભગવાન અંદરથી ચાલ્યો ગયો. આહાહા!

કહે છે કે એવો સંસારમાં દેખાવ છતાં એ પ્રભુ કારણપરમાત્મા છે, કહે છે. આહાહા! એ સમ્યગ્દર્શનનો વિષય, ધર્મની પહેલી દશાનું કારણ, ધર્મની પ્રથમ–શરૂઆતનું કારણ આ કારણપરમાત્મા. વસ્તુ જે છે એને પકડતાં જે સમ્યગ્દર્શન થાય, સમ્યક્ એટલે સત્યદર્શન. જેવો એ સ્વભાવે ને દ્રવ્યે છે એવી પ્રતીત અનુભવમાં થાય ત્યારે એને આનંદનો સ્વાદ આવે. ત્યારે તેને ધર્મી અને, આહાહા! જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **જે કારણપરમાત્મા તે, સમસ્ત સંસારરૂપી નંદનવન...** એનું જે શરીર. એના વિનાનો છે એમ કહે છે. આહાહા! કહે છે, ભગવાન કારણપરમાત્મા કેવો છે? કે શરીર રહિત છે. શરીર કેવું છે? કે સમસ્ત સંસારરૂપી નંદનવન... આ ચોરાશીના અવતારના ફાટેલા નંદનવન ઝાડથી ખીલેલા ફૂલઝાડ... છે?

**સંસારરૂપી નંદનવનના વૃક્ષોના મૂળ ફરતા ક્યારાઓમાં પાણી ભરવા...** એના મૂળિયામાં પાણી નાખવા **માટે જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા સમાન...** એ જળપ્રવાહથી પરિપૂર્ણ **ધોરિયા સમાન વર્તતું જે શરીર**... લ્યો, આ શરીરની વ્યાખ્યા. આહાહા! એકકોર ભગવાન આત્મા કહે છે, એકકોર શરીર કહે છે. બેય સામસામા ઊભા છે. શરીર કેવું છે? આહાહા! **સંસારરૂપી નંદનવન**... લ્યો, નંદનવન તો કહ્યું એને. શેઠ! એય! એનું વૃક્ષનું મૂળ એને ફરતા ક્યારામાં પાણી ભરવા માટે... ચારેકોર ભરવું પાણી એમાં. **જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા સમાન**... મોટો ધોરિયો.. ઓહોહો! ચાર ગતિમાં રખડવાના ધોરિયા સમાન છે. શરીર મારું ને શરીર હું. આહાહા! સમજાણું કાંઈ? ભારે આવો ધર્મ ભાઈ! હોં. મોંઘું ભારે ભાઈ!

આમાં કાંઈ સાધારણ રીતે, પચાસ લાખ, કરોડ રૂપિયા હોય ને દસ-વીસ લાખ ખરચીએ તો પૈસા એંસી લાખ રહે, વીસ લાખમાં ધર્મ થાય એવું નહીં હોય? એય! આહાહા! ધૂળેય નથી. ભગવાન! તને ખબર નથી ભાઈ! એ 'પૈસા મારા' માનીને મેં આપ્યા, એ તો મહા મિથ્યાત્વનું પાપ છે મોટું. કેમકે પૈસા જડ હતા, અને જડને મેં રાખ્યા ને મેં આપ્યા એ તો જડનો સ્વામી થયો. ભારે! રતિભાઈ! આહાહા! કહે છે... કેવી વ્યાખ્યા કરી પણ આ શરીરની! એક કોર ભગવાન આત્મા ત્રિકાલી નિરુપાધિ સ્વભાવવાળો આત્મા અને જ્ઞાનદર્શનના લક્ષણથી પરિપૂર્ણ લક્ષિત થાય એવો કારણપ્રભુ, એક બાજુ આ શરીર—સંસારના નંદનવનના વૃક્ષના મૂળને જળના પ્રવાહથી (સીંચવા) પાણીના ક્યારા ચારેકોર, આહાહા! ધોરિયા પાણીના છૂટે વૃક્ષના મૂળમાં, કહે છે. આ શરીરને મારું માનવાથી ધોરિયા છૂટે મિથ્યાત્વના. આહાહા! ભ્રમ તને થયો ભગવાન! સમજાણું કાંઈ?

હવે આ શરીર મારું નહીં, ત્યાં તો હજી બાયડી-છોકરા, એના હજીરા... હજીરા સમજાય છે? આ મકાન.. મકાન. એ શેઠ! શેઠને છ લાખનું આરસપહાણનું મકાન છે, છ લાખ રૂપિયાનું. આ બેય શેઠિયા બેઠા છે. ધૂળમાં નથી, એ તો જડના છે. આરસપહાણ જડના છે. આત્માના છે? એનામાં–રખડવાના મૂળિયાને ક્યારામાં પાણી નાખે એવું આ શરીર.. આહાહા! મુનિએ પણ શરીરને (કેવી ઉપમા આપી)! આહાહા! ઓલો કારણપરમાત્મા જેના મૂળને... એ મૂળ છેને જ્ઞાન-દર્શન લક્ષણ.... એનાથી જન્મ-મરણના અંત આવે. કેવળજ્ઞાન પામે ને મુક્તિ થાય અલ્પકાળમાં. આહાહા! આ ધૂળ શરીર માટીના રજકણો, માંસ ને હાડકાના પીંજરા. એ શરીર કેવું? આહાહા!

**સંસારરૂપી નંદનવનના વૃક્ષોનું મૂળ ફરતા ક્યારા**... એકબાજુથી પાણી આવે એમ નહીં. ફરતા ક્યારા.. ક્યારા હોય છેને પાણીના ભરવાના. ચારે બાજુથી પાણી આવે. આહાહા! એવા પાણી ભરવા માટે જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા સમાન... ચારે બાજુથી ધોરિયા, ચારેય ગતિ મળે એમાંથી એવું. આહાહા! શરીરની ક્રિયા મેં કરી ને શરીર મારું, શરીરથી ધર્મ થાય, 'શરીર આદ્યં ખલુ ધર્મ સાધનમ્.' બહુ શરીર ઠીક હોય તો ધર્મ થાય બાપુ! કંઈ શરીરમાં રોગ આવે, ઘડપણ આવે, કડ્યું (કમર) દુઃખે, ઓઠીંગણ વિના બેસાય નહીં. રામજીભાઈ નેવું વર્ષના છે.

સવારે સવા કલાક, બપોરે સવા કલાક, રાત્રે કલાક ઓઠીંગણ વિના બેસે. ઓલા તો કહે હાય.. હાય.. કડ દુઃખે છે. એય વજુભાઈ! આ તો બે દાખલા. આહાહા! મુનિએ પણ વખાણ કર્યા છેને! આ શરીરથી ક્રિયા થાય ને શરીર મારું, એ ક્રિયા મારી—એવો જે મિથ્યાત્વનો ધોધ એ ચાર ગતિના રખડવાના વૃક્ષને પોષે છે. આહાહા! મોતીલાલજી! આહાહા!

**તેની ઉત્પત્તિમાં હેતુભૂત...** આ શરીર આવ્યું, હવે એની ઉત્પત્તિનો હેતુ. **દ્રવ્યકર્મ-ભાવકર્મ...** એ આઠ કર્મ જડ અને પુણ્ય ને પાપના ભાવ, એનાથી ઉત્પન્ન થયું શરીર. એ **વિનાનો હોવાથી એક છે...** ભગવાન તો એના વિનાનો એક છે અંદર. આ ગોઠિયો નથી જોઇ્યો એનો, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! સરખી ઊંઘ ન આવે તો સખ નહીં, રોગ આવે તો સખ નહીં, રોગ મટી જાય ને નબળાઈ ન મટે તો સખ નહીં. ... ક્યાં? રોગ તો મટી ગયો, પણ હજી નબળાઈ મટી નથી. અમરચંદભાઈ! એમ થાય છેને? રોગ મટી જાય પણ નબળાઈ જાતી નથી, નબળાઈ. આહા! એય ભીખાભાઈ! શું હશે આ? આહાહા!

અહીં તો એકની બે ફાડ... નથી કહેતા? એક મગની બે ફાટ. બે જુદા. ભગવાન જુદો ને શરીર જુદું. આહાહા! એવી શરીરની અનુકૂળતાએ પ્રસન્નતા વેદવી, એ ચાર ગતિના ધોધ–પાણી પડે છે, કહે છે. રખડવાના વૃક્ષને, એમ કહે છે. આહાહા! આવું બોલવું, પણ આવું શી રીતે, સંસારમાં રહીને આવું આમ કેમ થાય? બાયડી હોય, છોકરા હોય, ધંધા હોય. હવે આ શું કરવું? કહો, મલુકચંદભાઈ! શું કરવું? વહીવટ મોટો લાંબો કર્યો હોય એનું શું કરવું? પૂંછડા.. મોટા લાંબા. ગધેડાના ને કૂતરાના જેમ હોયને એવા. આહાહા!

ભગવાન તો એકલો છે, એમ કહે છે. દેખો! પાઠ. છેને? **एगो मे सासदो अप्पा...** 'એક'ની વ્યાખ્યા છે આ. હું તો ભગવાન નિરુપાધિસ્વરૂપ, મારો સ્વભાવ જ્ઞાનદર્શનલક્ષણે લક્ષિત એવો કારણપરમાત્મા છે. શરીર આવું, એનાથી હું રહિત છું, શરીરની ઉત્પત્તિના કારણો પુણ્ય ને પાપ ને જડકર્મ એના વિનાનો એક છું. આહાહા! એવા એક સ્વરૂપની દ્રષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન ને ધર્મની પહેલી સીઢી છે.. ધર્મની પહેલી સીઢી છે. હજી તો પહેલી સીઢી હોં. આહાહા!

**અને તે જ (કારણપરમાત્મા) સમસ્ત ક્રિયાકાંડના આડંબરના વિવિધ વિકલ્પરૂપ કોલાહલથી રહિત** છે. આહાહા! કેવો છે ભગવાન અંદર? નિર્વિકલ્પ આનંદઘન પ્રભુ એ પુણ્ય-પાપના વિકલ્પો ને ક્રિયાકાંડના કોલાહલથી ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ? ત્યાં કહે કે દયા, દાન, વ્રત, ભક્ત ને તપ કરો, ધર્મ થાશે. અહીં કહે કે ક્રિયાકાંડના વિકલ્પથી ભગવાન ભિન્ન છે. સુગનચંદજી! આહાહા! અરે! તેં તારી મોટપને ન જાણી બાપા! ભાઈ! તું કેવડો ને ક્યાં, કેમ છો એની ખબરું વિના આ ઢસરડા ચાર ગતિના કર્યા તેં. સાધુ થયો હોય તોય રાગની ક્રિયા મારી. એ સાધુ નહીં, એ મિથ્યાદ્રષ્ટિ પાખંડી છે. સમજાણું કાંઈ? આહાહા!

અહીં તો કહે છે, **સમસ્ત ક્રિયાકાંડના...** ક્રિયાકાંડ એટલે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ઇચ્છામિ ખમાસમણો વગેરે, વગેરે વૃત્તિ ઉઠેને. એનો આડંબર... આહાહા! અમરચંદભાઈ!

આહાહા! તમને દેખીને જરીક મગજમાં એમ થઈ ગયું, અરેરે! લાલચંદભાઈ મુંબઈ ને બાપા અહીં... સંસાર એવો છે. આહાહા! જુઓ! સાથે ન મળે ભાઈ અત્યારે લ્યો. ભાઈ ક્યાં છે... આવવાનો છે નહીં? ..... ભાઈ કહેતા હતા. આ સંસાર એવો છે. આહાહા! કોઈ કોઈનું (નથી). આહાહા! વિવિધ વિકલ્પરૂપ કોલાહલ છે એ તો. આહાહા! દયા, દાન, વ્રત, તપ ને અપવાસ ને ભક્તિ ને પૂજાનો વિકલ્પ, કહે છે કે એ બધો આડંબર છે.

એ કોલાહલ રહિત **સહજશુદ્ધ-જ્ઞાનચેતનાને અતીંદ્રિયપણે ભોગવતો થકો...** આહાહા! મારો નાથ, મારો પ્રભુ આત્મા તો અતીન્દ્રિય ચેતનાને ભોગવતો શાશ્વત રહેલો છે, કહે છે. શાશ્વત હોં. ત્રિકાળી અતીન્દ્રિય આનંદનો ભોગવટો કરનાર પ્રભુ છે એ તો. આ તારા ભોગ-બોગ ક્યાંય રહી ગયા રાણી, રાજા ને ધૂળ ને. આહાહા! એમાં જુવાન શરીર ફાટેલા હોય ૨૦-૨૫ વર્ષનું અને બાયડી એવી મળી હોય સરખાઈની. સરખાઈની એટલે રૂપાળી, શરીર ઠીક હોય. આહાહા! જોઈ લ્યો, પાગલ જોઈ લ્યો પછી. આહાહા! કહે છે કે મારો નાથ આત્મા તો એવો છે કે એ અતીન્દ્રિય ચેતનાને ભોગવનારો આત્મા છે. એ રાગને ભોગવનારો નહીં. આહાહા! સમજાણું કાંઈ? અહીં તો એ નિર્ણય કરે છે પર્યાય, પણ ભોગવટો ભગવાન આત્મા ને અતીન્દ્રિય ત્રિકાળનો એને ભોગવટો છે. આહાહા! સમજાણું કાંઈ?

**સહજશુદ્ધ-જ્ઞાનચેતના...** આહા! એકલું જ્ઞાનમાં, આનંદમાં એકાગ્રતા ત્રિકાળ હોં. અતીન્દ્રિયપણે ભોગવતો થકો **શાશ્વત રહીને મારા માટે ઉપાદેયપણે રહે છે...** આહાહા! ધર્મી કહે છે કે મારે માટે આદરણીય પ્રભુ રહેલો છે. મારે માટે તે આદરણીય રહેલો છે આ રીતે, કહે છે. સમજાણું કાંઈ? મારા માટે ઉપાદેયપણે રહે છે. આહાહા! શું કહે છે? ધર્મીની દ્રષ્ટિમાં એ ભગવાન આત્મા જ્ઞાનચેતનાનો, અતીન્દ્રિય આનંદનો ત્રિકાળ અનુભવી-સ્વરૂપ મારે માટે એમને એમ રહેશે, કહે છે. એ મારે માટે રહેલો છે. આહાહા! પર્યાય કહે છે કે મારે માટે આ ભગવાન આવો રહેલો છે હોં. આહાહા! હું એનો આદર કરનાર છું. પર્યાય કહે છે, હું મારો મને પણ આદર ન કરું. મારે માટે તો આ ઉપાદેય છે. આહાહા! સંસારના ચોસલા ઉખાડી નાખ્યા આખા. ફેરવી નાખી દશા. દિશા ફરતા દશા ફરી ગઈ. આહાહા!

અરે! એવું સમ્યક્ કોને કહેવું એની ખબરું ન મળે અને દેવ-ગુરુને માનો ને નવ તત્ત્વને માનો એ સમકિત. એ સુગનચંદજી! એણે બહુ સાંભળ્યું છે એ બધું સંપ્રદાયમાં. એને નહીં ભગવાન! ત્રિલોકના નાથ અતીન્દ્રિય આનંદનો અનુભવી ત્રિકાલી હોં, સમકિતી કહે છે, મારે માટે આ રહ્યો છે ઉપાદેય. મારો આદરવો જોઈએ, પણ છે એ આદરવો જોઈએને. આવો મારા માટે રહેલો છે ઉપાદેયપણે. એ સિવાય બધું હેય છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૨, સોમવાર, તા. ૨૫-૯-૧૯૭૨**
**શ્લોક-૧૩૮, ગાથા-૧૦૩, પ્રવચન નં. ૧૦૬**

૧૦૨ ગાથાની ટીકા છે. નિયમસાર, નિશ્ચય પ્રત્યાખ્યાન (અધિકાર). સાચું પચ્ચખાણ કોને કહેવું? એ શ્લોક ૧૩૮.

**अथ मम परमात्मा शाश्वतः कश्चिदेकः**
**सहजपरमचिच्चिन्तामणिर्नित्यशुद्धः ।**
**निरवधिनिजदिव्यज्ञानदृग्भ्यां समृद्धः**
**किमिह बहुविकल्पैर्मे फलं बाह्यभावैः ॥१३८॥**

સમ્યગ્દૃષ્ટિ પ્રથમ ધર્મભાવના કરતા હૈ, ધર્મ કરે છે. **શ્લોકાર્થ : અહો! મારો પરમાત્મા શાશ્વત છે...** ધર્મી જીવને સમ્યગ્દર્શનમાં પરમાત્મા પૂર્ણ કારણપ્રભુ એનો એને પ્રથમ અનુભવ સમ્યગ્દર્શન હોય છે. એ કહે છે કે મારો પરમાત્મા, એક સમયમાં ધ્રુવ ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરે કહ્યો એવો મારો આત્મા, આદિ-અંત વિનાનો અને અનંત-અનંત ગુણથી ભરેલું એવું મારું તત્ત્વ એ મારો પરમાત્મા શાશ્વત છે. એમાં પુણ્ય ને પાપના વિકલ્પો તો નથી, આ શરીર-વાણી નથી, આ તો જડ છે. પુણ્ય-પાપના વિકલ્પો તો આસ્રવ-મેલ બંધન છે. પણ એમાં એક સમયની પર્યાય પણ નથી એમ કહે છે. સમજાય છે?

મારો પરમાત્મા, અંદર આત્મા જેને પરમેશ્વરે કહ્યો, એ પરમાત્મા જ છે. આહાહા! એ શાશ્વત છે. એમ એક સમયની સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય.. સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય એમ પોતાને માને છે કે મારો પરમાત્મા તો શાશ્વત છે. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન તીર્થંકરાદિ એ પરમાત્મા તો પર છે, એને અને આ આત્માને કાંઈ સંબંધ નથી. અહીં તો શરીર, વાણી, જડકર્મ આ માટી એ અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વ જીવમાં છે નહીં. તેમ આ દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપનો વિકલ્પ ઉઠે એ રાગ છે, એ મારા તત્ત્વમાં નથી. આહાહા! એટલું તો નથી, પણ મારો ભગવાન તો શાશ્વત છે એ એક સમયની પર્યાયમાં આવ્યો નથી. આહાહા! ભારે જગતને તત્ત્વ. સમ્યગ્દર્શન શું, સમ્યગ્દર્શનનો વિષય–ધ્યેય શું—એની ખબર વિના અનંતકાળ ચાલ્યો ગયો.

અહીં પહેલો જ ઉપાડ્યો છે એ. **मम परमात्मा शाश्वतः**.. ભગવાન આત્મા શાશ્વત અનંત-અનંત જ્ઞાન, દર્શન, આનંદના સ્વભાવથી ધ્રુવપણે શાશ્વત છેને. ઉત્પાદની પર્યાય જે ધર્મની–સમ્યગ્દર્શનની, એ પર્યાય એમ જાણે ને માને છે કે મારો આત્મા તો શાશ્વત છે. હું તો પરમાત્મા પૂર્ણ એ હું છું. આહાહા! સમજાય છે કાંઈ? કથંચિત **એક છે...** ગુણભેદેય નથી

આમાં, એમ કહે છે. રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ વિકારી તો એમાં છે નહીં, કેમ કે એ તો વિકલ્પ–વિકાર છે, વિભાવ છે. મારા આત્મામાં ગુણ-ગુણીના ભેદ કથંચિત નથી. અભેદની અપેક્ષાએ છે નહીં. આહાહા! વસ્તુ એક ત્રિકાળ ધ્રુવ ભગવાન એ કથંચિત્ એક છે. એટલે કે એમાં અનંતા ગુણો હોવા છતાં એ ગુણ ને ગુણી અભેદપણે તો એક જ છે. આહાહા!

**સહજ પરમ ચૈતન્યચિંતામણિ છે...** ભગવાન આત્મા ત્રિકાળી શુદ્ધ ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપ આત્મા અંદર છે, એને સમ્યગ્દૃષ્ટિ સ્વીકારે છે. સમજાણું કાંઈ? ધર્મની પહેલી શ્રેણી જેને સમકિત કહીએ, એ કહે છે કે સહજ પરમ ચૈતન્ય ચિંતામણિ મારો આત્મા છે. પહેલી સાધારણ વાત હતી, ગુણ-ગુણી ભેદ કાઢ્યો, હવે એ વસ્તુ શું? શાશ્વત તો પરમાણુ પણ છે. છ દ્રવ્ય ભગવાને કહ્યા છે. પરમેશ્વરે તો છ દ્રવ્ય શાશ્વત કહ્યા છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, પુદ્ગલ, જીવ. પણ આ આત્મા સ્વભાવિક પરમ ચૈતન્યચિંતામણિ છે. સ્વભાવિક પરમ ચૈતન્યચિંતામણિ રત્ન છે કે જેમાં એકાગ્ર થવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન ને શાંતિ ને ચારિત્ર પ્રગટ થાય છે એવી ચીજ હું છું. આહાહા!

**સહજ પરમ ચૈતન્યચિંતામણિ...** ઓલા દેવ અધિષ્ઠિત ચિંતામણિ તો પથરા છે. આ અંદર, ભગવાન સર્વજ્ઞ તીર્થંકર પરમેશ્વરે પ્રગટ કર્યો એવો જ આ આત્મા અંદર મારો છે. એમ સમકિતી ધર્મીજીવ ધર્મના પહેલા દરજ્જાવાળો, આહાહા! એ તો પરમ સહજ ચૈતન્ય ચિંતામણિ છે એમ માને છે. જોયું! **સહજ પરમ ચૈતન્યચિંતામણિ છે, સદા શુદ્ધ છે...** ભગવાન મારો આત્મા પૂર્ણ ધ્રુવ સદા શુદ્ધ છે. પર્યાયમાં અશુદ્ધતા ને સંસાર છે. વસ્તુમાં એ છે નહીં. આહાહા! ત્રિકાળ શુદ્ધાત્મા છે પરમાત્મા. વીતરાગે કહ્યો એ હોં. અજ્ઞાનીઓએ કહ્યો ને સર્વજ્ઞ તીર્થંકર સિવાય દુનિયા આત્મા-આત્મા જે કહે છે એને આત્માની ખબર નથી. જૈનના વાડાને હજી ખબર નથી તો એને અન્યને તો (ક્યાંથી ખબર હોય)? સમજાણું કાંઈ?

**સદા શુદ્ધ છે અને અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે.** ઓલું કથંચિત્ એક કહ્યું હતુંને. હવે કહે છે, અનંત દિવ્ય જ્ઞાનદર્શનની સમૃદ્ધિથી ભરેલો છે. આહાહા! હું એક આત્મા **નિજ અનંત દિવ્ય જ્ઞાનદર્શન...** જેનો જ્ઞાનસ્વભાવ વર્તમાન અનંત છે, જેનો દર્શન-સ્વભાવ વર્તમાન અનંત છે—એવી સમૃદ્ધિવાળો આત્મા છે. લ્યો, આ એની સમૃદ્ધિ. તમારે આ ધૂળની પૈસાની સમૃદ્ધિ એ તો જડ છે. આ વર્તમાનની વાત ચાલે છે હોં. થાશે આવો એમ નહીં, આવો છે. દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે. આહાહા! **આમ છે તો પછી બહુ પ્રકારના બાહ્ય ભાવોથી મને શું ફળ છે?** આવી ચીજ મારી છે તો પછી આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના વિકલ્પો, હિંસા, જૂઠું, ચોરી આદિના વિકલ્પો જે બધો રાગ છે એનાથી મારે શું કામ છે? કહો, દેવીલાલજી! એ સુગનચંદજી! બહુ આકરું કામ છે.

જ્યારે આમ છે, એમ કહે છે. હું ત્રિકાલી વસ્તુ છુંને, સત્ છેને. કોઈએ એને ઉપજાવ્યો છે? નાશ થાય એવો છે? પરમાત્મા પરમસ્વરૂપે ભગવાન પરમાત્મા એક સમયની પર્યાય વિનાનું તત્ત્વ શાશ્વત છે. એક છે, પરમ ચૈતન્યચિંતામણિ છે, સદા શુદ્ધ છે, અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે, આમ છે. આહાહા! દ્રષ્ટિમાં ધર્મીને આવો આત્મા આવે છે. એને ધર્મી કહીએ. સમજાણું કાંઈ? ધર્મી સમ્યગ્દૃષ્ટિ એની દ્રષ્ટિમાં આમ છે, કહે છે. **આમ છે**–આવો છે **તો પછી બહુ પ્રકારના બાહ્યભાવો**–વિકલ્પો–શુભ-અશુભરાગના ભાવ **એનાથી મને શું ફળ છે?** વસ્તુ જ્યાં આવી છે એને જ્યાં હું માનું છું, જાણું છું, અનુભવું છું, તો પછી બીજા વિકલ્પોથી મને ફળ શું? આહાહા!

ભગવાનનું સ્મરણ કરવું, સમજાય છે કાંઈ? એ બધા વિકલ્પો–રાગ છે. આહાહા! 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં' એ બધો વિકલ્પ રાગ છે કહે છે. પણ હું આવો છું પછી મારે કામ શું આની સાથે? એમ કહે છે. સમજાણું કાંઈ? અનાદિ-નિધાન આવું તત્ત્વ છે. (શ્રોતાઃ ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં એ પણ અનાદિ-નિધન છે?) એ તો વિકલ્પ છે, એ તો પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યનું લક્ષ કરવા જાય છે તો રાગ જ થાય. 'ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં... ણમો લોએ સવ્વ સાહુણં' એ શુભરાગ છે, એ કાંઈ આત્મા નથી. પરદ્રવ્યનું લક્ષ કરે તો રાગ જ થાય. ઝીણી વાત છે ભાઈ! વીતરાગનો માર્ગ જગતથી જુદો છે. આહાહા! આ તો વીતરાગ તીર્થંકરદેવ પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્મા અરિહંત એમણે કહેલો આત્મા ને એમણે કહેલું સમ્યગ્દર્શન જુદી ચીજ છે. જગતને એ ખ્યાલમાં છે નહીં.

શ્રોતા : ભગવાનને તો દોનોં ધર્મ બતાયે, નિશ્ચય-વ્યવહાર દોનોં ધર્મ બતાયે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ... ધર્મકા અર્થ ક્યા? નિશ્ચય વો પર્યાયધર્મ હૈ. વ્યવહાર તો બીચમેં આતા હૈ વિકલ્પ, વહ મેરે ક્યા કામકા? એમ કહતે હૈં. આહાહા! અહીં એમ કહે છે... બહુ સરસ ચોખ્ખો લીધો છે, સાર કાઢ્યો છેને.

જ્યારે હું આમ છું, અનંત જ્ઞાન-દર્શન સમૃદ્ધિથી સમૃદ્ધ સદા શુદ્ધ ને પૂર્ણ છું, મારી દ્રષ્ટિમાં આવા ભગવાન જ્યાં તરવરે છે કહે છે, સમકિતી એમ કહે છે. મારી દ્રષ્ટિમાં આવો આત્મા તરવરે છે અને એવો છે. આમ થશે એમ નથી. થશે તો પર્યાય થશે. વસ્તુ થશે એ છે નહીં આહાહા! સમજાણું કાંઈ? આમ છે (એટલે) આ બધા બોલોનો અર્થ કીધો એ. શાશ્વત છે, એક છે, પરમ ચૈતન્યચિંતામણી છે, સદા શુદ્ધ છે, અનંત નિજદિવ્ય.. નિજદિવ્ય પોતાના દિવ્ય જ્ઞાન-દર્શનથી સમૃદ્ધ છે. આમ છે. જુઓ! આનું નામ પ્રત્યાખ્યાન. આહાહા! અહીં બહારના પચ્ચખાણ થોથા કરીને મરી ગયો. જેવો આત્મા અંદર દ્રષ્ટિમાં આવ્યો અને બહારથી જ્યાં હઠી ગયો અને અંદરમાં ઠર્યો આનંદમાં, એનું નામ પ્રત્યાખ્યાન છે. છેને નિશ્ચય પ્રત્યાખ્યાન

અધિકાર. સમજાણું કાંઈ? સાચા પચ્ચખાણનો અધિકાર આ છે. બાકી બધા થોથેથોથાં છે. આહાહા!

આવો છે, આહાહા! **તો પછી બહુ પ્રકારના બાહ્યભાવોથી મને શું ફળ છે?** મારો ભગવાન જ અંતરમાં આવો છેને. સમજાણું કાંઈ? ઓહોહો! એક-એક કળશમાં (કહે છે કે) દ્રવ્ય, ગુણ, શુદ્ધતા, ચૈતન્યચિંતામણિરત્ન એની સાથે મારે કામ છે. હું તો એ છું. આ બધી જડ વાણી ને વિકલ્પ ઉઠે એનું મારે શું કામ છે? એ તો પર છે. એમ સમ્યગ્દૃષ્ટિ ભગવાન શાશ્વત ચૈતન્યચિંતામણિ પ્રભુમાં અંતર આનંદમાં લીન થાય છે, ત્યારે આ બહારના વિકલ્પથી મારે શું કામ—એનું નામ પચ્ચખાણ છે. કહો, સમજાણું કાંઈ?

આવો છે.. આહાહા! મારો નાથ પૂર્ણ આનંદથી ભરેલો છે, તો મારે બીજા વિકલ્પથી શું કામ છે? સમજાણું કાંઈ? એ આઠ વર્ષની બાલિકા હોય... ભગવાનજીભાઈ! આ બધા ઝાઝા પૈસા છે માટે... પૈસા (એના) ક્યાં હતા? પૈસા પૈસામાં રહ્યા, ધૂળ છે, એ તો અજીવ છે. આત્મામાં ક્યાં આવ્યા છે? એ તો અજીવ છે. આ શરીર અજીવ ધૂળ છે. આ અજીવ, અજીવ થઈને રહ્યું છે. આત્માનું થઈને રહ્યું છે? આત્માનું છે આ શરીર? આ તો માટી છે. (શ્રોતાઃ પૈસાથી દુનિયા છે). માને છેને. મૂર્ખાઈના બીજા ગામ નવા હોય કાંઈ? જૂના વસેલા પડ્યા છે એમને એમ. આ દુનિયા... આહાહા!

ભાષા કેવી વાપરી છે જોયું! આહાહા! આવો છે, એમ. આવો છે, કીધુંને પહેલું. મારી જ્ઞાનની પર્યાયમાં, મારી શ્રદ્ધાની પર્યાયમાં આવો ભગવાન મને ભાસે છે. સમકિતી એમ કહે છે. ત્યારે હવે મારે એની સાથે કામ છે એટલે એમાં ઠરવું છે, આવો છે એમાં ઠરવું છે. બીજા વિકલ્પથી શું કામ છે? એનું નામ નિશ્ચય પચ્ચખાણ કહેવામાં આવે છે. બાકી બધા ગપ્પેગપ્પ છે. આહાહા! સમજાણું કાંઈ? કહો, ચીમનભાઈ! આહાહા! એમાં ફળ શું છે? એમાં ફળ મને પચ્ચખાણનું ફળ ક્યાં આવે છે? પચ્ચખાણનું ફળ તો, આવો છું એવી સ્થિરતામાં પચ્ચખાણનું ફળ છે. બાકી વિકલ્પો જે ઉઠે કે આ કર્યું ને મેં કર્યું, મૂક્યું—બધા રાગ છે. એવા રાગથી શું ફળ છે? એનું ફળ તો સંસાર છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? ૧૦૨ ગાથા થઈ. ૧૦૩.

**जं किंचि मे दुच्चरित्तं सव्व तिविहेण वोसरे ।**
**सामाइयं तु तिविहं करेमि सव्वं णिरायारं ॥ १०३ ॥**
**જે કાંઈ પણ દુશ્ચરિત મુજ તે સર્વ હું ત્રિવિધે તજું;**
**કરું છું નિરાકાર જ સમસ્ત ચરિત્ર જે ત્રયવિધનું. ૧૦૩.**

**ટીકા : આત્મગત દોષોથી...** આત્મામાં થતા પુણ્ય ને પાપ વિકલ્પોરૂપી દોષ... સમજાય છે કાંઈ? એનાથી **મુક્ત થવાના ઉપાયનું આ કથન છે.** એ દોષોથી મુક્ત થવાના ઉપાયનું આ કથન છે. શુભ અને અશુભ રાગ.. આહાહા! ચાહે તો અશુભરાગ હો, દયા, દાન, વ્રતથી

વિપરીત અશુભ ને ચાહે તો દયા, દાન, વ્રત, પૂજા, તપનો રાગ હો—બેય દોષ છે. આહાહા! બેય વિકલ્પ છે, બેય રાગ છે, બેય મેલ છે. એવા દોષોથી મુક્ત થવા ભગવાન આત્માના અંતરમાં લપેટ થઈ જવું એ દોષોથી મુક્ત થવાનો ઉપાય છે. **મને પરમ-તપોધનને...** મુનિ છેને પોતે એટલે પોતાથી વાત કરે છે. મુનિ છે, નગ્ન મુનિ હોય છે. મુનિ હોય એ જૈનશાસનમાં નગ્ન હોય છે, જંગલમાં વસતા હોય છે. જૈનદર્શનની અંદર (એમ છે). બાકી બધા એ જૈનદર્શન નથી.

શ્રોતા : ચોથા કાળમાં....?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પાંચમો કાળ ને પાંચમા કાળના છેડે (સુધી).

શ્રોતા : જંગલમાં કોણ જશે લેવા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : શું કામ છે તમારે જંગલમાં...?

શ્રોતા : જંગલમાં ચોકા કોણ લગાવે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : કોણ દેવા જાય? એને ક્યાં ચોકાની પડી છે? અહીં ઘરમાં આવે ને ચોકા કરે. નહીંતર આહાર-પાણી વિના શી રીતે રહેવું એમ કહીને આ શેઠિયાઓ આહાર બનાવે એમ કહે છે.

શ્રોતા : આહાર-પાણી.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એમ કે ગામમાં આવે ને આપણે આહાર-પાણી... નભવું શી રીતે? આહાહા! એને માટે ચોકા કરે અને આહાર-પાણી બનાવે ને લે—એ વ્યવહારેય સાધુ નથી. નિશ્ચય તો નથી, પણ વ્યવહારેય સાધુ નથી. આહાહા! આ નિર્દોષ આહાર-પાણી લે એ પણ વ્યવહારે સાધુ નથી. પણ અંદરમાં આત્મા કોણ છે એના દ્રષ્ટિના અનુભવ અને અંદરના ભાન સહિત પંચમહાવ્રતના પરિણામ હોય એને વ્યવહારે સાધુ કહે છે.

શ્રોતા : તો પાત્રદાન કોને દેવો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ પાત્રદાન મુનિને દેવો. હોય એને દેવું કે ન હોય એને? એ પાત્રના ત્રણ પ્રકાર છે. સમ્યગ્દ્રષ્ટિ સુપાત્ર છે, પંચમ ગુણસ્થાનવાળા મધ્યમ સુપાત્ર છે. સમ્યગ્દ્રષ્ટિ જઘન્ય, પંચમ ગુણસ્થાનવાળા મધ્યમ, મુનિ ઉત્કૃષ્ટ છે. મુનિ માટે... મુનિ હોય એને ને? શું કીધું? મુનિ છે જ ક્યાં...? હિન્દુસ્તાનમાં કોઈ મુનિ જ નથી, બધા મિથ્યાદ્રષ્ટિ છે. આ તો વાત સ્પષ્ટ છે. આખી દુનિયાને જાણી છેને.

શ્રોતા : આપ ક્યા કેવલી હો ગયે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : કેવળીના પુત્ર છીએ અમે. મતિ અને શ્રુતજ્ઞાનનું કામ નથી એટલું? કેવળનું શું કામ છે અહીં? આહાહા! શ્રુતજ્ઞાનમાં તો, ત્રણ કાળ, ત્રણ લોક બધું જાણે એવી

શ્રુતજ્ઞાનની તાકાત છે. આહાહા! શ્રીમદ્દે ન કહ્યું? એ તો ગૃહસ્થાશ્રમમાં હતા. 'શેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે, જેથી એક દેહ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ જો.' ગૃહસ્થાશ્રમમાં હતા. લાખોના ઝવેરીના વેપાર હતા. પણ એને ક્યાં અંદરમાં હતું કાંઈ? વિકલ્પથી પણ જુદો છે. અમારે કંઈક લાગે છે કે રાગ હજી કંઈક બાકી છે (તેથી) એકાદ ભવ કરવો પડશે. એમ કરીને... શેમાં કહ્યું (-જાણ્યું)? કેવળજ્ઞાન હતું? મતિ-શ્રુતજ્ઞાનની તાકાત નથી? 'અશેષકર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે, જેથી દેહ એક ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે.' અમે પૂર્ણાનંદને પામશું. કોલકરાર કરીને બોલે છે. ઓહોહો! સમજાણું?

શ્રોતા : આપ તો આપની જાણો, બીજાનું શી રીતે જાણો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : બીજાની ખબર ન પડે? એ પ્રશ્ન થયો હતો અમારે ચેતનજીને. એ વિદ્યાનંદજી સાથે પ્રશ્ન થયો હતો. સાંભળ્યું હતું? નહીં ત્યાં મંદસૌર? મંદસૌર અમે હતાને ત્યાં વિદ્યાનંદજી બે માઇલ છેટે આવેલા. છેલ્લે દિ' અમે ઉઠવાના ને બીજે દિ' ન્યાં આવવાના હતા. ત્યાં ગયા હતા ચેતનજી. હંપીનો હતો કોઈક. શ્રીમદ્નું છેને ત્યાં હંપીમાં એક. એમાં બોલી ગયેલા. એનો ભગત હતો એક. એ બે ગયા હતા ત્યાં. પછી એણે પૂછ્યું વિદ્યાનંદજીને. સભામાં દસ-દસ હજાર માણસ, વીસ-વીસ હજાર માણસ ઇન્દોરમાં. એમાં થયું શું પણ ધૂળમાં?

પ્રશ્ન મૂક્યો ઓલાએ કે શ્રીમદ્ને સમકિત હશે? ત્યારે વિદ્યાનંદજી કહે, એ તો પર છે, આપણને શું ખબર પડે? ત્યાં સુધી કહ્યું કે કુંદકુંદાચાર્યને સમકિત હતું એ કેમ આપણે જાણીએ? ઠીક. આહાહા! ગજબ વાત છેને! વિશ્વધર્મ..... વિશ્વધર્મ જ ક્યો હતો? વીતરાગે કહ્યો આત્મા તે વિશ્વધર્મ છે. વિશ્વધર્મ છે જ ક્યાં બીજે ક્યાંય? અન્યમાં તો છે નહીં, પણ સંપ્રદાયમાં (પણ નથી). જૈનના સંપ્રદાયને–સ્થાનકવાસી, દેરાવાસીને ખબર ક્યાં છે? આત્મા કોને કહેવો ને શું સમ્યગ્દર્શન? બહારની વાતું બધું ધૂળમાં ગયું. દુનિયા જોઈ નથી? સમજાણું કાંઈ? અહીં તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ તીર્થંકર એના મુખમાંથી વાણી જે આવી એ પ્રમાણે જેનું સ્વરૂપ હોય સમ્યગ્દર્શનમાં, જ્ઞાનમાં ને ચારિત્રમાં, એને અહીં ધર્મી કહેવામાં આવે છે. અહીં તો વાત... અહીં વાડા-ફાડાની વાત નથી. સમજાણું કાંઈ? આહાહા!

**મને પરમ-તપોધનને**... ભાષા જુઓ! મુનિ પોતે છે નગ્ન દિગંબર જંગલમાં વસનારા. હજી તો આ ૯૦૦ વર્ષ પહેલાની વાત છે. આત્માના આનંદમાં ઝૂલનારા હતા. મુનિ કોને કહે? ભાઈ! આ લૂગડા ફેરવ્યા ને થઈ ગયા મુનિ. એ ધૂળેય નથી મુનિ. જે સમકિતી નથી તો મુનો ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ?

શ્રોતા : સ્થવિરકલ્પી, જિનકલ્પી ને કલ્પાતીત. કલ્પાતીતને કપડા ન હોય. જિનકલ્પીને લંગોટી હોય, સ્થવિરકલ્પીને કપડાં હોય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ તમારો ભાઈ એમ કહે છે? એનો ભાઈ છેને. ગપેગપ છે. આહાહા!

વીતરાગમાર્ગમાં ત્રણે કાળ ત્રણ લોકમાં... ત્રણ લોક કહ્યુંને. 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં' એમ આવે છે. પાઠ એવો આવે છે. 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઇરીયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયાણં..' એમ આવે છે. સમજાણું કાંઈ? એવાને... સમજાય છે કાંઈ? એવાને અહીંયા મુનિ કહે છે. એ મુનિ હવે પોતાની વાત કરે છે. જંગલમાં વસતા હતા. આનંદમાં, અંદર અતીન્દ્રિય આનંદ. પરમેષ્ઠીપદ કોને કહે? આહાહા! સાધુ, આચાર્ય ઉપાધ્યાય ઉત્કૃષ્ટ પદ છે. અંતર આનંદમાં, પૂર્ણાનંદસ્વરૂપ એનો અનુભવ, એની રમણતાના આનંદમાં રમતા હતાં. એ રમતાં રમતાં જરી વિકલ્પ આવ્યો ત્યાં શાસ્ત્ર રચાઈ ગયા છે. આહાહા! વિકલ્પના એ સ્વામી નહીં. શાસ્ત્ર મેં રચ્યું એ માન નહીં. આહાહા! સમજાય છે કાંઈ?

એ કહે છે, **મને પરમ-તપોધનને ભેદવિજ્ઞાની હોવા છતાં...** ભાષા દેખો! હું રાગ ને પુણ્યના વિકલ્પથી જુદો પડેલો આત્મા છું. આહાહા! સમજાણું કાંઈ? મુનિ કહે છે કે આ દેહાદિ તો પર છે એમાં હું નથી, એનાથી તો જુદો છું. વાણીથી જુદો, કર્મથી જુદો, પણ દયા, દાન, વ્રતના વિકલ્પ રાગ જે ઉઠે એનાથી હું ભિન્ન–જુદો ભેદવિજ્ઞાની છું. આહાહા! ખબર પડતી હશે કે નહીં પોતાની ને પરની? લ્યો. મિથ્યાત્વ..... સ્થૂળ એ વાત છે. એ કહ્યું નથી?

કે કોઈપણ જગતનો ઈશ્વર છે એમ માનીને ઈશ્વરને કર્તા માને નહીં, એમ અમારો જૈન થઈને 'પરની દયા પાળી શકું છું, છ કાયની દયા પાળી શકું છું' એમ પરનો કર્તા થાય તે મિથ્યાદ્રષ્ટિ છે. સર્વવિશુદ્ધ અધિકારમાં પાઠ નથી? સમજાણું કાંઈ? જેમ ઈશ્વરને જગતનો કર્તા માને એ જૂઠ છે, એમ જૈન થઈને છકાયના જીવની દયા, પરની પર્યાય પાળી શકું, એ કર્તા થયો પરનો. એ તો ઈશ્વરકર્તા ને આ કર્તા—બેય મિથ્યાદ્રષ્ટિ છે. એય સુગનચંદજી! આવી વાત છે ભાઈ! આહાહા! એ જૈન નથી, એને જૈનની ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા!

શ્રોતા : આ બધા લોકો માને એને....

પૂજ્ય ગુરૂદેવશ્રી : માને એટલે શું? કીડીના નગરા ઘણા હોય. નગરા હોય માટી એને માણસ કહેવાય? એમ ઝાઝા માણસ એટલે શું ધર્મી કહેવાય એને? ભાન ક્યાં છે એને? અહીં તો નગ્ન મુનિ થઈને પણ મહાવ્રતના પરિણામનો કર્તા થાય એ મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે. વાત આ છે. આ તો વીતરાગનો માર્ગ છે. આ કોઈ આલીદુઆલીનો માનેલો નથી. ગણધરો જેને સ્વીકારે છે... મહાવિદેહમાં સાક્ષાત્ ભગવાન સીમંધર પ્રભુ બિરાજે છે. ગણધરો સ્વીકારે, ઇન્દ્રો જેને માને, સો-સો ઇન્દ્રો જેના તળિયા ચાટે, આહાહા! નાગ ને વાઘ સમવસરણમાં જાય, (ત્યાં જે) ધ્વનિ છૂટે એ આ છૂટે. સમજાણું કાંઈ?

**ભેદવિજ્ઞાની હોવા છતાં...** પોતાની પોતાને ખબર પડે છે, એમ કહે છે. હું તો રાગ ને પુણ્યનો વ્યવહાર દયા, દાનના વિકલ્પથી પણ જુદો છું. એવો **ભેદવિજ્ઞાની હોવા છતાં...** છેને? એય પૂનમચંદજી! ભાઈ! દુનિયાને તો નહીં બેસે. દુનિયા બીજે રસ્તે–રવેડે ચડી ગઈ છે. સમજમેં આયા? સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી એને. ચારિત્ર તો ક્યાંય રહી ગયું. વ્રત ને તપ તો ક્યાંય રહી ગયા હજી. સમ્યગ્દર્શન વિના રણમાં પોક મૂકવા જેવી વાત છે બધી.

અહીંયા કહે છે કે **મને પરમ-તપોધનને...** મારે તો ઇચ્છા રહિત એવો આનંદસ્વરૂપ એ મારું ધન છે. આહાહા! **પરમ તપોધન...** આમ તો તપોધન તો એક નાત પણ થાય છે. આહા! ...માં આવે છેને અમારે ગઢડામાં. આ તો પરમ તપોધન... જેને ઇચ્છા તુટી ગઈ ને અણિચ્છા અતીન્દ્રિય આનંદનો ઉભરો આવ્યો છે. પર્યાયમાં, દ્રવ્ય-ગુણના અનુભવથી એક સમયની પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ જેને આવ્યો છે એ તપોધન છે. એને તપરૂપી લક્ષ્મી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જગતથી જુદું છે ભાઈ! આખું જગત કેમ ચાલે છે ખબર નથી? આહાહા!

એવા ભેદજ્ઞાની તપોધનને **પૂર્વસંચિત કર્મના ઉદયને લીધે ચારિત્રમોહનો ઉદય હોતાં જો કાંઈ પણ દુઃચારિત્ર હોય...** રાગાદિના પરિણામ થાય **તો તે સર્વને મન-વચન-કાયાની સંશુદ્ધિથી,** આહાહા! **હું સમ્યક્ પ્રકારે તજું છું.** હું મારા આનંદમાં આવીને, અતીન્દ્રિય આનંદમાં લીન થઈને, એ રાગ છૂટી જાય છે એને 'છોડું છું' એમ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! તીર્થંકર પરમાત્મા સર્વજ્ઞદેવ એનો તે માર્ગ કાંઈ આલીદુઆલી સાધારણ બિચારા (માને એવો નથી). આ તો અલૌકિક (માર્ગ છે).

જેને ઇન્દ્રો એકભવતારી શક્રેન્દ્ર ને ઇશાનેન્દ્ર—સુધર્મદેવલોક ને ઇશાનદેવલોકના સ્વામી, એક ભવે મોક્ષ જનારા, એ આવીને ભગવાન પાસે સાંભળતા હશે એ કેવી વાણી હશે? પરની દયા પાળો. એ તો કુંભારેય કહે છે. સમજાણું કાંઈ? એ ભગવાનની વાણી છે? ભગવાનની વાણીમાં તો એમ આવ્યું કે પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ છો. એમાં અંદર જા, એનો અનુભવ કરીને ઠર એ તારું કર્તવ્ય છે. આહાહા! આવ્યું હતુંને આપણે કાલ? આમાં આવ્યું છે? ક્યાંક આવ્યું હતું કે ઠર, એમ. માથે જ આવ્યું છે ૧૦૨ ઉપર.

**એક તત્ત્વને પામીને એમાં સ્થિત રહે છે**. ૧૦૧નો છેલ્લો કળશ. ૧૦૧ ગાથાનો છેલ્લો કળશ. ગમે તેમ કરીને ગુરુ દ્વારા એક તત્ત્વ... એક તત્ત્વ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ. આહાહા! સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરે કહેલો જે આત્મા... અજ્ઞાનીઓએ કહ્યો એ આત્મા નહીં. એવો જે ચૈતન્યપ્રભુ પૂર્ણાનંદનો નાથ આત્મા એને પામીને... જુઓ! પામીને નામ દર્શન થયું. એમાં સ્થિત રહે એ ચારિત્ર થયું. સમજાણું કાંઈ? આહાહા! એને કરવાનું મોક્ષમાર્ગનો ઉપાય આ છે. બાકી બધી ધૂળધાણી ને વા-પાણી છે. આહાહા! અરે! સાંભળવા મળે નહીં બિચારાને, શું કરે?

સમજાણું કાંઈ? કહે છે કે **હું સમ્યક્ પ્રકારે તજું છું.** એટલે મારો ભગવાન પરમાનંદના સમૃદ્ધિથી ભરેલો એનો અનુભવ કરીને, એને અનુસરીને, આનંદના અનુભવમાં આવીને, એ આનંદમાં આવતા રાગના દોષો છૂટી જાય છે એને 'છોડું છું' એમ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

**'સામાયિક' શબ્દથી...** હવે સામાયિકની વ્યાખ્યા આવે છે. આ દુનિયા કહે એ સામાયિક નહીં. **'સામાયિક' શબ્દથી ચારિત્ર કહ્યું છે...** પાઠમાં છેને સામાયિક. એ કહે છે કે ત્યાં ચારિત્ર કહ્યું છે. સમાયિકનો અર્થ ભગવાન પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદનો નાથ એનો જ્યાં અનુભવ થયો એને તો સમ્યગ્દર્શન કહેવું. એ સમ્યગ્દર્શનરૂપી સામાયિક (થયું). પછી આનંદમાં લીન થવું, વીતરાગતા અંદરમાં આવીને અતીન્દ્રિય આનંદનો સ્વાદ ઉગ્ર આવે એને ભગવાન સામાયિક કહે છે. બાકી બધા થોથાથોથાં છે. સમજાણું કાંઈ? આહાહા! **'સામાયિક' શબ્દથી ચારિત્ર કહ્યું છે**... સ્વરૂપની રમણતા. ચારિત્ર એટલે ચરવું, ચરવું એટલે રમવું. આનંદ-સ્વરૂપનો નાથ ભગવાન એને ઓળખ્યો છે, અનુભવ્યો છે સમકિતીએ, એમાં રમે, તેમાં ઠરે તેને ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

**કે જે (ચારિત્ર) સામાયિક...** ચારિત્રના ત્રણ પ્રકાર છે. 'ત્રિવિધ' છેને. **સામાયિક, છેદોપસ્થાપન અને પરિહારવિશુદ્ધિ નામના ત્રણ ભેદોને લીધે ત્રણ પ્રકારનું છે.** સ્વરૂપ ભગવાન આત્મા એમાં રમવાના પ્રકાર ત્રણ છે. સામાયિક, છેદોપસ્થાપન અને પરિહારવિશુદ્ધિ. ત્રણેમાં અંદરમાં અતીન્દ્રિય આનંદમાં રમણ કરવું, એનું નામ ચારિત્ર ત્રિલોકનાથ પરમાત્માએ કહ્યું છે. એવી અંતર ભૂમિકામાં પછી પંચમહાવ્રતના વિકલ્પ ઉઠે એ રાગ છે. આવા ભૂમિકાવાળાને... એ કહે છે. એ ત્રણ પ્રકારનું છે. **ત્રણ ભેદોને લીધે ત્રણ પ્રકારનું છે. (હું તે ચારિત્રને નિરાકાર કરું છું).** નિરાકાર એટલે વિકલ્પ વિનાની નિર્મળદશા. આકરું કામ બાપા! આહાહા!

અંતર સમતાનો પિંડ પ્રભુ ભગવાન, સમતાનો પિંડ આત્મા વીતરાગી મૂર્તિ પ્રભુ એમાં એકાકાર થઈને જે સમતા પ્રગટ કરવી, વીતરાગતા પ્રગટ કરવી, એમાં અતીન્દ્રિય આનંદના સ્વાદનો ઉભરો આવવો, એને ભગવાન સમાયિક કહે છે. આ સામાયિક છે. આ તો બિચારા બાળકો સામાયિક લઈને બેસે, પાંચ કરી, દસ કરી, ધૂળ કરી, ધૂળેય નથી. સાધુ એને સમાયિક માને. મિથ્યાત્વભાવ છે, મિથ્યા દ્રષ્ટિ છે. જૈન કોને કહીએ? કે અજ્ઞાન ને રાગ-દ્વેષને જીતી જેને વીતરાગભાવમાં લીનતા જામી છે એને જૈન કહીએ. જૈન કોઈ વાડો નથી, વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

**(તે ચારિત્રને નિરાકાર કરું છું). અથવા હું જઘન્ય રત્નત્રયને ઉત્કૃષ્ટ કરું છું...** નીચલી દશામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જઘન્ય એટલે થોડું હોય છે, એને હું ઉત્કૃષ્ટ કરું છું. આગળ વધીને સ્થિરતા, દર્શન, જ્ઞાનને હું વધારું છું. આહા! ભારે ઝીણી વાત છે, એકેક શબ્દ ને એકેક

ગાથા. **હું જઘન્ય રત્નયત્રય**... ચોથે, પાંચમે આદિ ગુણસ્થાનની દશામાં જે રત્નત્રય હોય છે, અનુભવ આત્માનો–સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે વીતરાગી પર્યાય હીણી છે એને ઉત્કૃષ્ટ કરું છું. સ્વરૂપનું આલંબન લઈને ઉગ્રપણે વીતરાગતાભાવને પ્રાપ્ત કરું છું. લ્યો, આ તો પંચમ આરાના મુનિ કહે છે. આહાહા! એક વાત એ. બીજી વાત. ત્રણ.. ત્રણ લેવું છે ખરુંને.

**નવ પદાર્થરૂપ પરદ્રવ્યનાં**... હવે, નવ તત્ત્વો છેને નવ પદાર્થ. એ નવના... એ નવ પરદ્રવ્ય છે. આહાહા! જીવનો એક સમયનો પર્યાય એ જીવ, પુણ્ય-પાપ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ—નવ, એ નવ (પદાર્થ) સ્વદ્રવ્યથી ભિન્ન પરદ્રવ્ય છે. આરે! રાડ નાખેને. એક સમયની પર્યાય છેને જીવની, એ ત્રિકાળી સ્વદ્રવ્યની અપેક્ષાએ પર્યાય પરદ્રવ્ય છે. આ તો કેવળીના માર્ગ છે બાપા! એ દ્રવ્ય જ છે. દ્રવ્ય એટલે પોતાની ચીજ દ્રવ્ય છે તે એ નથી. આહાહા! જીવ–ભગવાન આત્મા એનો એક સમયનો પર્યાય એને પણ અહીંયા પરદ્રવ્ય કીધું છે. અરે! પુણ્ય ને પાપ દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે એને પરદ્રવ્ય કીધું છે. અરે! સંવર-નિર્જરા ને મોક્ષ થાય એ પર્યાયને પણ પરદ્રવ્ય કીધું છે. આહાહા! ભારે આકરું કામ.

એ વાત સંપ્રદાયમાં ચાલતી જ નથી. ખબર છેને અમને તો. ૨૧ વર્ષ ચાર મહિના એમાં રહ્યા છીએને. એમાં અમારા બોટાદ સંપ્રદાયમાં તો કડક ક્રિયા હતી. સ્થાનકવાસીમાં બોટાદ સંપ્રદાયની બહુ સખત ક્રિયા. અમારા ગુરુજી હતા (એમની) બહુ વહોરવાની ક્રિયા સખત. એના માટે પાણીનો બિંદુ બનાવ્યો હોય તો લે નહીં, મરી જાય તોય. આહાર, પાણી, વસ્ત્ર નિર્દોષ. દ્રષ્ટિ જૂઠી, માર્ગ બીજો છે. બોટાદ સંપ્રદાય કડક કહેવાતો. ભાઈ! એમાં અમારા સંપ્રદાયના ગુરુજી હીરાજી મહારાજ હતા એ બહુ કડક. વહોરવાની ક્રિયા...... પણ સામું લાવ્યા હોય અહીં અપાસરે, એ લે નહીં. ત્યાં જાય અને એમ લાગે કે આ નિર્દોષ છે. ઓલો ઉઠીને ઊભો થાય ને જો દાણા ઉપર પગ આવી જાય તો બંધ કરી દે આહાર-પાણી લેવાનું. એવી સખત બધી ક્રિયાકાંડ બહારની. તત્ત્વ ન મળે, કસ ન મળે. ધર્મ નહીં. સમજાણું કાંઈ? એય પ્રકાશદાસજી!

**નવ પદાર્થરૂપ પરદ્રવ્ય**... દેખો તો ખરા એક વીતરાગની વાણી! શરીર તો પરદ્રવ્ય, આ અજીવ વાણી પરદ્રવ્ય. આ પરવસ્તુ જડ છે, અજીવ થઈને રહેલ છે આ તો. આ ક્યાં જીવની પર્યાય થઈને રહેલ છે? પણ જીવની એક સમયની પર્યાય થઈને રહેલી, એનામાં પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે અને સંવર, નિર્જરા ને મોક્ષ થાય, એ મોક્ષ પણ એક સમયની પર્યાય છે. સિદ્ધ પણ એક સમયની પર્યાય છે, એ દ્રવ્ય નહીં. આહાહા! સમજાણું કાંઈ? ધર્મીની દ્રષ્ટિ દ્રવ્ય–સ્વદ્રવ્ય ઉપર હોય છે. એથી એ દ્રષ્ટિને પણ પરદ્રવ્ય કહી દીધી છે. ગજબ વાત છે બાપા! આ તો વીતરાગ કેવળજ્ઞાનીનો માર્ગ છે. 'કેવલી પણ્ણત્તો ધમ્મો' આ

માર્ગ છે. લોકો તો રાડ્યું પાડીને.... આહાહા! દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો. ધર્મ ધૂળેય નથી. મરીને ચાલ્યો જાય ચોરાશીના અવતારમાં. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે **નવ પદાર્થરૂપ પરદ્રવ્ય**... ઓહોહો! એની જે શ્રદ્ધા એ તો રાગ છે. નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા તો રાગ-વિકલ્પ છે. રાગ છે, સમકિત નહીં. આહાહા! ભેદ થયોને. પરદ્રવ્ય... **નવ પદાર્થરૂપ પરદ્રવ્યનાં શ્રદ્ધાન** એ રાગ. **પરદ્રવ્યનાં જ્ઞાન...** નવ તત્ત્વનું જ્ઞાન-વિકલ્પવાળું જ્ઞાન. આહાહા! અને **આચરણ**... નવ તત્ત્વ પદાર્થનું-પરદ્રવ્યનું **શ્રદ્ધાન-જ્ઞાન-આચરણસ્વરૂપ રત્નત્રય સાકાર (સવિકલ્પ) છે...** એ વિકલ્પવાળો-રાગવાળો રત્નત્રય જે છે **તેને નિજ સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ સ્વભાવરત્નત્રયના સ્વીકાર (અંગીકાર) વડે નિરાકાર શુદ્ધ કરું છું...** આહાહા! નવ પદાર્થની ભેદરૂપ શ્રદ્ધા એ તો વિકલ્પ-રાગ છે, નવ પદાર્થનું (ભેદરૂપ) જ્ઞાન એ પણ રાગ છે, નવ પદાર્થમાં પંચમહાવ્રતના પરિણામ પણ રાગ છે. આહાહા! અરે! સંવર-નિર્જરા-મોક્ષની પર્યાયની શ્રદ્ધા કરવી એ પણ રાગ છે. સમજાય છે કાંઈ?

એવા **રત્નત્રય સાકાર...** સાકાર એટલે સવિકલ્પ, સવિકલ્પ એટલે રાગવાળા પદાર્થની શ્રદ્ધા, નવની શ્રદ્ધા એટલે રાગની શ્રદ્ધા, રાગમાં શ્રદ્ધા. આહાહા! સમજાય છે કાંઈ? **તેને નિજ સ્વરૂપનાં...** જુઓને! નવ પદાર્થરૂપ પરદ્રવ્ય... ભેદ પડ્યાને. આહાહા! તેને નિજસ્વરૂપની શ્રદ્ધા... મારો ભગવાન પૂર્ણાનંદનો નાથ અખંડ વીતરાગની મૂર્તિ પૂર્ણ પ્રભુ હું, એવો નિજ આત્મા, એનું જે સ્વરૂપ, એની શ્રદ્ધા, એનું નામ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, એનું નામ ચોથું ગુણસ્થાન. આહાહા! હજી ચોથાના ઠેકાણા ન મળે, સમજાણું કાંઈ? અને થઈ ગયા શ્રાવક ને સાધુ. કહે છે, એ **નિજસ્વરૂપના શ્રદ્ધાન...** ભેદ કેટલો પાડ્યો? કે નવ તત્ત્વ પરદ્રવ્ય છે, એની-નવના ભેદવાળી શ્રદ્ધા એ તો રાગ છે. અહીં નિજસ્વરૂપ ભગવાન આત્મા... 'નિજસ્વરૂપ' ભાષા લીધી છે હોં. ત્રિકાળી આનંદ ને જ્ઞાન જેનું એકરૂપ જ્ઞાયકભાવરૂપ સ્વરૂપ એની શ્રદ્ધા, એનું નામ નિર્વિકલ્પ સાચું સમકિત. સમજાણું કાંઈ?

નિજસ્વરૂપનું જ્ઞાન... શાસ્ત્રજ્ઞાન એકકોર રાખો. આહાહા! અહીં તો સંવર-નિર્જરા-મોક્ષનું જ્ઞાન એકકોર રાખ્યું. નિજસ્વરૂપ અખંડાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી પરમાત્મા પોતે બિરાજે છે એનું જ્ઞાન... એનું જ્ઞાન તે મોક્ષનો માર્ગ છે. એનું અનુષ્ઠાન... નિજસ્વરૂપમાં અનુષ્ઠાન-આચરણ, અતીન્દ્રિય આનંદમાં રમણતા, એ અનુષ્ઠાન નામ આચરણ નામ ચારિત્ર નામ સંયમ. આહાહા! પૂર્ણાનંદનું સ્વરૂપ ભગવાન ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એવું જે નિજસ્વરૂપ, એની અંતર રમણતા, એની લીનતા, એમાં વીતરાગતાની પર્યાય ઉત્પન્ન થાય એને અહીં સ્વભાવરત્નત્રય કહે છે. નવ તત્ત્વની શ્રદ્ધા, જ્ઞાન એ બધા વિભાવરત્નત્રય હતા. આહાહા! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર.... આ પ્રભુ પોતે... જે સિદ્ધપદની પર્યાય પ્રગટ થઈ એ ક્યાંથી

આવી? બહારથી આવે છે? ભગવાન પૂર્ણાનંદસ્વરૂપમાં બિરાજે છે બધી સિદ્ધપદની પર્યાય. આહાહા!

એવો જે ત્રિકાળી પૂર્ણ અભેદ એક અખંડ એવા તત્ત્વની શ્રદ્ધા, એનું જ્ઞાન, એનું આચરણ (એટલે) એમાં રમવું, એને અહીંયા સ્વભાવરત્નત્રય કહે છે. સ્વભાવિક સમ્યગ્દર્શન, સ્વભાવિક સમ્યગ્જ્ઞાન, સ્વભાવિક સમ્યક્ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે. એ પ્રકાશદાસજી! કેવું સાંભળ્યું હતું બધું? આહાહા! એક-એક પંક્તિમાં એટલો રસ ભર્યો છે! **શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ... અનુષ્ઠાનરૂપ સ્વભાવરત્નત્રયના સ્વીકાર વડે હું નિરાકાર-શુદ્ધ કરું છું...** વ્યવહારના નવ તત્ત્વની શ્રદ્ધા આદિનો જે રાગ છે એને છોડીને ભગવાન નિજસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા એમાં હું નિર્વિકલ્પ થાઉં છું. **હું નિરાકાર-શુદ્ધ કરૂં છું...** ઓલું અશુદ્ધ હતું. નવ તત્ત્વની–પરદ્રવ્યની શ્રદ્ધા અશુદ્ધ હતી. આહાહા! આ તો કહે નવ તત્ત્વ હજી કોને કહેવા એના ઠેકાણા ન મળે. સમજાણું કાંઈ?

**સ્વભાવરત્નત્રયના સ્વીકાર વડે...** ભાષા એમ છે. આમ સ્વભાવરત્નત્રયને પ્રગટ કરવા દ્વારા, એમ. સ્વીકારનો અર્થ એ છે. **નિરાકાર-શુદ્ધ કરું છું...** મારો પ્રભુ પૂર્ણ સ્વરૂપે ભગવાન બિરાજે છે એની ઓથે જઈ–એને પડખે જઈ, આહાહા! એની શ્રદ્ધા-જ્ઞાન-આચરણ એ મારો સ્વભાવરત્નત્રય છે એનો મને સ્વીકાર છે. નવ તત્ત્વની શ્રદ્ધાના રાગાદિનો પણ મને સ્વીકાર નથી. એ તો રાગ છે–વિકલ્પ છે. આહાહા! આવો માર્ગ હશે વીતરાગનો? કોઈએ નવો કાઢ્યો હશે? આવો તો ભાઈ! સાંભળ્યો નહોતો અત્યાર સુધી. આ કરો, આ કરો, સામાયિક કરો, પોષા કરો ને પડિકમણા કરો, કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરો—એવી વાતું સાંભળતા પચાસ-સો વર્ષથી. આહાહા!

આ તો વીતરાગમાર્ગ છે પ્રભુ! આહાહા! તારી મોટપનું શું કહેવું! એવો પ્રભુ... આહાહા! એવા પ્રભુની સ્વસન્મુખ થઈને શ્રદ્ધા, એવા ભગવાનનું સ્વસન્મુખ થઈને જ્ઞાન, એની સ્વસન્મુખની રમણતા એને અહીં ભગવાન સ્વભાવરત્નત્રય કહે છે. એમ રત્નત્રયના ત્રણ ભેદ પાડ્યા. ઓલા **तिविहेण** શબ્દ છે ખરોને એટલે રત્નત્રયના ત્રણ ભેદ પાડ્યા. હવે ચારિત્રના ભેદ પાડે છે. ઓલો **सामाइयं** શબ્દ છે ખરોને. એ સામાયિકના ત્રણ ભેદ પાડશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૩, મંગળવાર, તા. ૨૬-૯-૧૯૭૨**
**ગાથા-૧૦૩, પ્રવચન નં. ૧૦૭**

૧૦૩ ગાથા ચલતી હૈ. યહાં આયા હૈ. **ઔર (દૂસરે પ્રકારસે કહા જાયે તો)...** યહાં આયા હૈ. એક પ્રકાર તો ઐસા કહા... સામાયિક શબ્દસે ચારિત્ર તીન પ્રકારકા હૈ. **મૈં જઘન્ય રત્નત્રયકો ઉત્કૃષ્ટ કરતા હૂં** યે આયા ન કલ? પૂર્ણાનંદ પ્રભુ સ્વભાવસે ત્રિકાલી દ્રવ્ય–ત્રિકાલી ધ્રુવ અનંત આનંદ આદિ લક્ષણોં–ગુણોંસે ભરા પડા, એક સમયકી પર્યાયકે સિવા પ્રભુ આત્મા હૈ. ઐસી ચીજ ઉસકી શ્રદ્ધા–વ્યવહારુ શ્રદ્ધા, અથવા જઘન્ય રત્નત્રય નામ નીચલે દરજ્જેકી–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી નિર્વિકલ્પ નીચલી પરિણતિ, ઉસકો ઉત્કૃષ્ટ કરતા હૂં. હૈ? આહાહા! યે ક્યા દ્વંદ્વ હૈ? યહાં મુનિ કહતે હૈં... ભાવલિંગી સંત હૈં, આત્મા અખંડ આનંદમૂર્તિકા અનુભવ હૈ. અનુભવ તો સમ્યગ્દર્શનમેં હોતા હૈ, ચૌથા ગુણસ્થાન તબ શુરૂ હોતા હૈ.

અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વરને દેખા ઐસે આત્માકા અનુભવ–સ્વભાવકો અનુસરકે આનંદકા વેદન–સ્વસંવેદન હોના, ઉસકા નામ તો પ્રથમ સમ્યગ્દર્શન કહનેમેં આતા હૈ. ઔર ઉસકા જ્ઞાન ઔર ઉસકી રમણતા થોડી હો થોડી–કમ ઉસકો ઉત્કૃષ્ટ કરતા હૂં. મૈં આગે બઢકર સ્વભાવમેં આશ્રય કરકે ઉગ્ર પુરુષાર્થ કરકે દર્શન-જ્ઞાન-ચારિત્રકો ઉત્કૃષ્ટ કરતા હૂં. આહાહા! પુણ્ય-પાપકે વિકલ્પકે સાથ કોઈ સંબંધ નહીં. યે તો વિકાર હૈ, વિભાવ હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા નવ તત્ત્વમેં આત્મતત્ત્વ, અનંત-અનંત ગુણસે સંપન્ન ભરપૂર પ્રભુ ઐસે સ્વરૂપકી દ્રષ્ટિ, જ્ઞાન ને રમણતા જો મેરેમેં અલ્પ હૈ ઉસકો મૈં વિશેષ ઉત્કૃષ્ટ કરતા હૂં. આહાહા!

અથવા **નવ પદાર્થરૂપ પરદ્રવ્યકે શ્રદ્ધાન-જ્ઞાન-આચરણસ્વરૂપ રત્નત્રય સાકાર (સવિકલ્પ) હૈ...** મેરી પર્યાયમેં અભી સ્વભાવ શુદ્ધ આનંદકંદકા અનુભવ ઔર સ્થિરતા હોને પર ભી... નવ પદાર્થકી શ્રદ્ધા વહ પરદ્રવ્યકી શ્રદ્ધા હૈ. આહાહા! સમજમેં આયા? ભગવાન સ્વદ્રવ્ય હૈ ત્રિકાલી. ત્રિકાલી ધ્રુવ વસ્તુ વહ સ્વદ્રવ્ય હૈ ઔર સંવર-નિર્જરા મોક્ષ (આદિ) નવ તત્ત્વકે ભેદ વહ સબ પરદ્રવ્ય હૈં, અથવા જીવકી એક સમયકી પર્યાય ભી પરદ્રવ્ય હૈ. નવ તત્ત્વ હૈ ન. પર્યાયકો જીવતત્ત્વ કહા.

આસ્રવ–પુણ્ય-પાપકા ભાવ ઉસકી શ્રદ્ધા કિ પુણ્ય હૈ, દયા, દાન ઐસા જીવકા પરિણામ વહ પુણ્ય હૈ, ધર્મ નહીં. ઔર સંવર, નિર્જરા, મોક્ષ જો ધર્મકી પર્યાય... અંતર સ્વભાવકે અવલંબનસે, શુદ્ધ ચૈતન્યઘન ભગવાન ઉસકે આશ્રયસે જો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રદશા હુઈ વહ સંવર-નિર્જરા ઔર ઉસકી શુદ્ધિકી પૂર્ણ પ્રાપ્તિ વહ મોક્ષ. પણ વહ સબ નવ પર્યાય હૈં. સમજમેં આયા? વહ ભેદ પરદ્રવ્ય હૈ. આહાહા! સ્વદ્રવ્ય એકલો અખંડ પૂર્ણાનંદ પ્રભુ. ધ્રુવ

ચૈતન્ય અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ વહ સ્વદ્રવ્ય રહા. ઉસ સ્વદ્રવ્યકે આશ્રયસે ધર્મ હોતા હૈ ને સમ્યગ્દર્શન હોતા હૈ. સમજમેં આયા?

**નવ પદાર્થરૂપ પરદ્રવ્યકે શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ(સ્વરૂપ) રત્નત્રય સાકાર હૈ...** વહ રાગ સહિત હૈ. સવિકલ્પ નામ વહ તો રાગભાવ હૈ. આહાહા! પુણ્યભાવ હૈ, વહ ધર્મ નહીં. **ઉસે નિજસ્વરૂપકે શ્રદ્ધાન-જ્ઞાન...** ભગવાન આત્મા નિજસ્વરૂપ અનંત જ્ઞાન, અનંત આનંદ.., જિસમેંસે કેવલજ્ઞાન પ્રગટ હોતા હૈ વહ કેવલજ્ઞાન તો પર્યાય હૈ, કેવલજ્ઞાન ગુણ નહીં. આહાહા! સમજમેં આયા? અરિહંતકો જો કેવલજ્ઞાન હોતા હૈ વહ ગુણ નહીં હૈ, વહ પર્યાય હૈ– એક સમયકી અવસ્થા હૈ. દૂસરે સમયમેં દૂસરી, તીસરે સમયમેં તીસરી (હોતી હૈ). તો કહતે હૈં કિ ઐસી પર્યાયસે મૈં ભિન્ન, મેરી ચીજ ધ્રુવ નિત્યાનંદ મૈં હૂં ઉસકા શ્રદ્ધાન, ઉસકા જ્ઞાન, ઉસકા અંતર રમણતા અનુષ્ઠાન... હૈ ન અનુષ્ઠાન? સ્વભાવરત્નત્રય(રૂપ).... (નવ પદાર્થકા શ્રદ્ધાન) વહ વિકલ્પ થા, રાગ થા, વ્યવહારરત્નત્રય તો રાગકા ભાગ થા. યે સ્વભાવરત્નત્રય(રૂપ) પર્યાયકી બાત હૈ.

**સ્વભાવરત્નત્રયકે સ્વીકાર (-અંગીકાર) દ્વારા નિરાકાર શુદ્ધ કરતા હૂં...** મૈં નિર્વિકલ્પ વીતરાગી પર્યાયમેં પરિણતિ કરતા હૂં. આહાહા! એ વાતેય સાંભળી નહીં હોય કે આ શું છે. ચૈતન્યસુખકા ધામ, અનંત આનંદકા ધામ ભગવાન પડા રહા ને બાહર સબ ઉપરસે યે કરના, યે કરના, યે કરના. સમજમેં આયા? યહાં તક તો આ ગયા હૈ. અબ તીન પ્રકારમેંસે દૂસરા પ્રકાર.

**મૈં ભેદોપચાર ચારિત્રકો અભેદોપચાર કરતા હૂં...** અર્થાત્ મેરી દશામેં પંચમહાવ્રત આદિકે જો વિકલ્પ હૈં વહ ભેદોપચારચારિત્ર વ્યવહારચારિત્ર કહનેમેં આતા હૈ. ઉસકો મૈં છોડકર, આહાહા! અભેદોપચાર કરતા હૂં (અર્થાત્) નિર્વિકલ્પ પરિણતિ–વીતરાગી પરિણતિ ઉત્પન્ન કરતા હૂં. આહાહા! સમજમેં આયા? જુઓ! પંચમકાલકે મુનિ. પંચમકાલકે મુનિ હૈં. પંચમકાલકે હોં કિ ચૌથે કાલકે હોં, મુનિમેં કહાં ફેર હૈ? સમજમેં આયા? એ ઉપચારનો અર્થ પરિણતિ છેને, એક સમયકી પરિણતિ હૈ. આત્માકે સાથ અભેદકા ઉપચાર કરકે અભેદ-ઉપચાર કહા. આત્મારૂપ પર્યાય જહાં અભેદ હો ગઈ, તબ અભેદરૂપ અનુપચાર કહતે હૈં. હૈ ન? અભેદ-અનુપચાર. સૂક્ષ્મ બાત હૈ. સમજમેં આયા?

શ્રોતા : .....

પૂજ્ય ગુરુદેવશ્રી : નહીં, નહીં. ભેદ ઉપચારનો અર્થ જ પરિણતિ. અભેદ-ઉપચાર (વહ) અશુદ્ધ પરિણતિ નહીં, શુદ્ધ પરિણતિ પણ એકરૂપ પરિણતિ–પર્યાય ઉસકો અભેદ-ઉપચાર કહા.

......

પીછે દ્રવ્ય(કે સાથ) અભેદ હુઆ વહ અભેદ અનુપચાર. અપના સ્વરૂપ ત્રિકાલી આનંદ પ્રભુ ઉસમેં પરિણતિ અભેદ હો જાય, વહ તો આત્મા(રૂપ) હો ગઈ, ઉસકા નામ અભેદ અનુપચાર હૈ. પણ અકેલી પરિણતિ નિર્મલ લક્ષમેં લેના વહ અભેદ-ઉપચાર. ઔર વિકલ્પ જો ઉઠતે હૈં દયા, દાન, પૂજા, મહાવ્રતાદિકે યે ભેદ-ઉપચાર હૈ. હૈ ન અંદર? દેખો ન! યે કોઈ નયી બાત નહીં હૈ, અનાદિસે ચલતી હૈ. હજારો વર્ષ પહલે....

શ્રોતા : મેરે સુનનેમેં તો નયી આયી હૈ ન?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભલે નયી (લગે), વહ (સુનનેમેં) નયી હૈ તો નયી હી હૈ. કહતે હૈં, નવી ખોજ હૈ. ભૈયા! બાત સચ્ચી હૈ ભાઈ! ...નયી ખોજ હૈ. સમજના ચાહિયે. એ શેઠ! ક્યા હૈ?

શ્રોતા : પરંપરાસે ચલતી આ રહી હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : લે ઠીક! લાવ્યા તો ખરા. એ કાંઈક બોલે. પરંપરા ક્યા..... વહ તો જૂઠ હૈ. યે પરંપરા નહીં? શેઠિયા મોઢા આગળ હોય, પૈસાદાર કહેવાય. મોઢા આગળ આવો શેઠ. કાંઈક પાંચ પચ્ચીસ હજાર આપશે, દસ હજાર આપશે. ... નાખશે ધૂળના ધણી. એ શેઠ ધૂળ.. ધૂળ. આહાહા! ભગવાન આત્મા..... આહાહા!

યહાં તો પંચમહાવ્રતકે પરિણામકો રાગ ને મેલ ને ધૂલ કહતે હૈં. ક્યોંકિ વહ રાગ હૈ. ઐસે દયા પાલું, પરકો દુઃખ ન દું, સત્ય બોલું, બ્રહ્મચર્ય પાલું વહ ભી વૃત્તિકા ઉત્થાન રાગ હૈ. આહાહા! યે ભેદોપચારમેં જાતા હૈ. પણ કિસકો? જિસને તીન કષાયકા અભાવ અંદર કિયા હૈ. સમજમેં આયા? અભી તો સાધુપદ કિસકો (કહના), નવ તત્ત્વમેં સંવર-નિર્જરાકી દશા કિસકો ઉત્કૃષ્ટ હોતી હૈ ઉસકી તત્ત્વકી ખબર નહીં ને નવ તત્ત્વકી શ્રદ્ધાકી ખબર નહીં. આહાહા! સમજમેં આયા? કહતે હૈ, મૈં ભેદોપચાર... ભેદ એ જ ઉપચાર હોં. ભેદ ને ઉપચાર—બે એમ નહીં.

આત્મા પરમાનંદસ્વરૂપ ધ્રુવ ઉસકા અંતર અનુભવ કરકે આનંદકા સ્વાદ આયા ઔર પીછે વિશેષ લીનતા આનંદમેં હુઈ, અતીન્દ્રિય આનંદમેં વિશેષ લીનતા હુઈ વહ ચારિત્ર. ઉસ ચારિત્રકી ભૂમિકામેં પંચમહાવ્રતકે જો વિકલ્પ ઉઠતે હૈં વહ ભેદોપચાર ચારિત્ર, વ્યવહાર ચારિત્ર, રાગરૂપી વિકલ્પ. આહાહા! તો કહતે હૈં.... તીન પ્રકાર લિયે ન. તીન પ્રકાર લેતે હૈં. પહેલા દર્શનમેં લિયા, ઉસમેં રત્નત્રયમેં લિયા થા, અબ ઇસમેં ચારિત્રમેં લેતે હૈં. ભેદ-ઉપચાર (અર્થાત્) વિકલ્પ જો રાગ ઉઠતા હૈ પંચમહાવ્રતકા, ૨૮ મૂલગુણકા, વહ સબ રાગ હૈ, વૃત્તિ હૈ. ઐસા કરું, ઐસા કરું વહ સબ વૃત્તિકા ઉત્થાન હૈ.

ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ હૈ. જ્ઞાનમેં જો વૃત્તિ ઉઠતી હૈ વહ વિકાર હૈ. હોતા હૈ છઠવે ગુણસ્થાનમેં. સચ્ચે મુનિ હો, સચ્ચે સંત હો, જિનકો ગણધર ભી

નમસ્કાર કરે 'ણમો લોએ સવ્વ સાહૂણં'. ગણધર ભી જબ ભગવાનકી વાણી સુનકર શાસ્ત્રરચના કરે, તબ ભી વે 'ણમો લોએ સવ્વ સાહૂણં'. (સ્મરણ કરતે હૈં). હે સંત! તેરે ચરણમેં મેરા નમસ્કાર. બાર અંગ ઔર ચૌદ પૂર્વકી અંતર્મુહૂર્તમેં રચના કરતે હૈં. ઔર સમકિતી, જ્ઞાની ને ચારિત્રવંત હૈ વહ ભી જિસકો નમસ્કાર કરે વહ સાધુપદ કૈસા હૈ? સમજમેં આયા? આહાહા! વે તો અંતરમેં આનંદકંદમેં ઝૂલનેવાલે મુનિ હૈં. વીતરાગભાવ જો અંતરકે આશ્રયસે પ્રગટ કિયા હૈ, અનંતકાલમેં નહીં કિયા ઐસા અપૂર્વ ધર્મધ્યાન પ્રગટ કિયા, ચારિત્રધર્મ હોં.

ઉસ ભૂમિકામેં જો પંચમહાવ્રતાદિકા પરિણામ, વ્યવહાર સમિતિ, ગુપ્તિ, ઐસા દેખકર ચલના, નિર્દોષ આહાર લેના—વહ સબ વિકલ્પ–રાગ હૈ, યે ભેદોપચારમેં ગયા. ઉસકો છોડકર અભેદ ઉપચાર કરતા હૂં (અર્થાત્) મેરી શુદ્ધ પરિણતિ–વીતરાગરૂપી પરિણતિ મૈં કરતા હૂં. આહાહા! જુઓ! 'ભેદોપચાર કરતા હૂં' ઐસા નહીં આયા વહાં. ભાઈ! ભેદોપચાર હૈ ઉસકો ઐસા કરતા હૂં—ઐસા હૈ. ભેદોપચાર રાગ હૈ. રાગ કરતા હૂં ઐસા તો હૈ નહીં. કર્તા હૈ તો મિથ્યાદ્રષ્ટિ હૈ. પણ થા ઐસા જ્ઞાન કરકે ભેદોપચાર ચારિત્રકો અભેદોપચાર કરતા હૂં. 'કરતા હૂં' વહ તો યહાં આયા. ક્યા આયા?

આનંદસ્વરૂપ ભગવાન સર્વજ્ઞ તીર્થંકર કેવલીને કહા ઐસા આત્મા. અજ્ઞાની કહે વહ (યથાર્થ) આત્મા નહીં. દુનિયા માનતી હૈ કિ આત્મા ઐસા ને ફૈસા. આત્મા અલૌકિક ચીજ હૈ. જિસકે અસંખ્ય તો લોકપ્રમાણ પ્રદેશ હૈં. લોકમેં (જિતને) આકાશકે પ્રદેશ હૈં ન, ઉતને એક જીવકે અસંખ્ય પ્રદેશ હૈં. એક-એક પ્રદેશમેં અનંત-અનંત આનંદાદિ ગુણ હૈં. ઉસ અનંત ગુણકા એકરૂપ વહ વસ્તુ–દ્રવ્ય. ઉસ દ્રવ્યમેં લીન હોનેસે આનંદ.. અતીન્દ્રિય આનંદકા ઝરણા ઝરતે-ઝરતે, કહતે હૈં, વિકલ્પસે છૂટકર મૈં આનંદમેં આતા હૂં. ઔર આનંદમેં એક સમયકી પર્યાય જો ભિન્ન હૈ ઉસે ભી છોડકર મૈં અભેદ આત્મામેં આ જાતા હૂં. આહાહા! સમજમેં આયા?

શ્રોતા : ...

પૂજ્ય ગુરૂદેવશ્રી : .... પરિણતિમેં અભેદ... આ ગયા ન?

શ્રોતા : પરિણતિમેં ફેર નહીં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : પરિણતિ તો હૈ, પણ એકરૂપ પરિણતિ એક... અને આ પરિણતિ અભેદ થઈ ગઈ. આવ્યુંને ઓલું?

**दंसणणाणचरित्ताणी सेविदव्वाणि चाहुणा णिच्चं ।**

**चाणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णियच्छदो ।।** (સમયસાર ગાથા ૧૬).

અભેદ થયુંને, અભેદ થયું. આમ પર્યાયને દ્રવ્યરૂપ કરી નાખી, એમ. પર્યાયરૂપ વીતરાગી પરિણતિ જે હતી તે આમ (અભેદ) કરી નાખી. વહ વિશેષતા નહીં હૈ, પણ

પરિણતિકા અભેદપના વહ વિશેષતા હૈ ઇતની બાત હૈ. આવો માર્ગ ભારે! ઓલા કહે કે આ વ્રત પાળો, દયા પાળો, જાઓ પાંચ આચરણના સેવન કરો. જૂઠું ન બોલવું, .... એ તો ત્યાગ છે આસ્રવ છે. એ જૂઠું ન બોલવું, ચોરી ન કરવી, વિષય ન સેવવા—ઐસી જો વૃત્તિ ઉઠતી હૈ વહ ભી આસ્રવ હૈ. આહાહા! અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો, પણ એ વાત મૂળ રહી ગઈ. સમજમેં આયા?

કહતે હૈં, **તથા અભેદોપચાર ચારિત્રકો અભેદાનુપચાર કરતા હૂં...** જુઓ! 'કરતા હૂં.. કરતા હૂં' કહા હૈ યહાં.

શ્રોતા : શ્વેતામ્બરમેં અંતર્મુખ કરતા હૂં...

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, અંતર્મુખ... અંતર્મુખ... રાગ કરવો નહીં. કર્તા નથી, છે ખરા. વહ જ્ઞાતાકા જ્ઞેય હૈ.

**ઈસપ્રકાર ત્રિવિધ સામાયિકકોં (ચારિત્રકો)...** યે ત્રિવિધ સામાયિક હુઈ, ત્રિવિધ–ત્રણ પ્રકારકા ચારિત્ર **ઉત્તરોત્તર સ્વીકૃત (અંગીકૃત) કરનેસે...** આહા! એક પછી એક સ્થિરતા અંદરમેં કરનેસે મૈં આત્મામેં એકરૂપ હો જાતા હૂં. આહાહા! **સહજ પરમ તત્ત્વમેં અવિચલ સ્થિતિરૂપ...** ભગવાન આત્મા સહજ પરમતત્ત્વ.. ત્રિકાલી ચિદાનંદ પ્રભુ સહજ પરમતત્ત્વ એમાં અવિચળ સ્થિતિ (એટલે) ચળું નહીં એવી અંદરમાં આનંદની રમણતા એનું નામ ચારિત્ર છે. કહો, શેઠ! હૈ અંદર? ક્યા કહા?

સહજ પરમ તત્ત્વ મેરા સ્વરૂપ ત્રિકાલી ધ્રુવ... 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્'.. ઉત્પાદ-વ્યય તો પર્યાય હૈ અને ધ્રુવ ત્રિકાલી વસ્તુ હૈ. તો ત્રિકાલી વસ્તુમેં અવિચળ સ્થિતિરૂપ ચારિત્ર મૈં અંગીકાર કરતા હૂં. આહાહા! સાંભળ્યુંય નહીં હોય. આ બધા શેઠીયાએ આમને આમ વખત ગાળ્યો છે. જાવું ક્યાં? ત્યારે કહે. મરી જઈએ? આહાર ન લઈએ તો કરીએ શું? ભાઈ એમ કહે છે. અગ્રેસર છેને શેઠ ત્યાં. એક તો દાઢીવાળા શેઠ. કેવા? દાઢીવાળા નહીં, દેરીયા. એમ? લે! .... અરર! કાંઈ ભાન ન મળે જૈનધર્મ ક્યા હૈ.

શ્રોતા : .....

પૂજ્ય ગુરૂદેવશ્રી : .... એ પહેરે નહીંને કપડાં. મનોહરલાલ. ....... એ તો તમારા 'પર્યાય ત્યાં સુધી લાગુ પડી' વાળા. એને કાંઈ ભાન ન મળે. અરે! જૈન પરમેશ્વર ક્યા કહતે હૈં એની તો કાંઈ ખબર ન મળે. એ તો ગીતાની વાત કરે છે.

શ્રોતા : એ તો ઠીક પડે....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એક બાર ઐસે કહતે થે, ભોગમેં બ્રહ્માનંદ હૈ. આવા ને આવા. સમજમેં આયા? .... પણ ભાન નહીં કાંઈ. કાંઈ ખબર ભાન વિનાના. દાઢી રાખે ને ત્યાગ બહારમાં દેખાય. પૈસાવાળા માણસ ભોપાલમેં મકાન–બંગલા હૈ ન બડા. ધૂળમાંય નથી,

બહારમાં ક્યાં .... ખબર વિના? આહા! આ તો તમારા ......... બેસેને ત્યાં સામેસામા શેઠિયા. કહો, સમજમેં આયા? આહાહા! એ રજનીશ ને ક્યાંય નથી, બધા ગપેગપ છે.

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે ત્રણ કાળ, ત્રણ લોક જોયા, ઐસા જીવકા સર્વજ્ઞસ્વભાવ હી હૈ. પ્રત્યેક જીવમેં સર્વજ્ઞશક્તિ અંદર પડી હૈ. ગુણ હૈ, સર્વજ્ઞશક્તિ ગુણ અનાદિ. ઐસા પ્રત્યેક જીવ સર્વજ્ઞસ્વભાવી હૈ. યે બાત સર્વજ્ઞ સિવા કહીં હૈ નહીં. સમજમેં આયા? આહાહા! .......... આમ ૐ.. ૐ.. ૐ.. કરે. ૐ.. ૐ કરે એ તો રાગ છે. સમજમેં આયા? યહાં તો પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર સો ઇન્દ્રકે પૂજનિક ઉસકી વાણીમેં આયા, પ્રભુ! તેરી ચીજ તો અંદર દ્રવ્યસ્વભાવ હૈ. આહાહા! ક્યા કહે? વાણીકા વિલાસ વહાં પહુંચતા નહીં, વિકલ્પ વહાં પહુંચતા નહીં, આહાહા! ઐસી તેરી વર્તમાન ચીજ હૈ. ઐસી ચીજ વહ પરમતત્ત્વ. સ્વભાવિક પરમતત્ત્વ જો ભગવાન આત્મા ધ્રુવ સહજ પરમતત્ત્વ... ઉસમેં ... દ્રવ્ય–ધ્રુવ હુઆ, અવિચલ સ્થિતિ વહ પર્યાય હુઈ. આહાહા! સમજમેં આયા?

**અવિચલ સ્થિતિરૂપ સહજ નિશ્ચયચારિત્ર હોતા હૈ...** આહાહા! હજી શબ્દોને પકડવા કઠણ. કહતે હૈં, સહજ પરમતત્ત્વ... સ્વભાવિક ભગવાન આત્મા અનાદિ-અનંત ધ્રુવ જો પરમતત્ત્વ ઉસકો યહાં સહજ પરમતત્ત્વ કહા હૈ. નિત્ય હૈ કિ નહીં આત્મા? અવિનાશી હૈ કિ નહીં? ક્યા ગતિ બદલતી હૈ ઐસા આત્મા હૈ? વહ તો પર્યાય હૈ. આહાહા! ઐસે **સહજ પરમતત્ત્વમેં અવિચલ સ્થિતિરૂપ સહજ નિશ્ચયચારિત્ર હોતા હૈ**... આહાહા! અંતર આનંદ-સ્વરૂપકા ઉગ્ર આનંદકા વેદન હો ઉસકા નામ નિશ્ચયચારિત્ર કહનેમેં આતા હૈ. આહાહા! અરેરે! દુનિયા ક્યાં પડી ને ક્યાં પ્રભુનો માર્ગ. બોલે ખરા મંગલિકમાં સવાર-સાંજ. 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં, અરિહંતા શરણં..' આવે છેને એ? 'સિદ્ધા શરણં, સાહૂ શરણં, કેવલી પણ્ણત્તો ધમ્મો શરણં, અરિહંતા લોગુત્તમા, અરિહંતા મંગલં.' પણ કોને કહેવો કેવલીપણ્ણત્તો ધમ્મો?...

સર્વજ્ઞ પરમાત્માકે મુખસે જો નિશ્ચયધર્મ નિકલા વહ તો તેરી ચીજ અખંડ આનંદકંદ હૈ ઉસમેં લીન હોનેસે ધર્મ પ્રગટ હોતા હૈ. એ 'કેવળી પણ્ણત્તો ધમ્મો' છે. કપૂરભાઈ! કહો, સમજમેં આયા? એ બધા સ્થાનકવાસીમાં અગ્રેસર હતા કલકત્તા. આહાહા! અરેરે! સ્થાનકવાસી—સ્થાનક આત્મા ધ્રુવ ઉસમેં રહનેવાલા વહ સ્થાનકવાસી હૈ. અપના ધ્રુવ ભગવાન નિત્ય.. નિત્ય.. નિત્યકંદ ઉસમેં અંદર વસના વહ ખરેખર સ્થાનકવાસી હૈ. બાકી બધા થોથા છે. બહારના સ્થાનક કે દિ' આત્મામાં હશે? એ તો જડ, ધૂળ છે. આહાહા! સમજમેં આયા? ભગવાન આત્મા સહજ પરમ તત્ત્વ નિત્યાનંદ પ્રભુ અનાદિસે હૈ.. હૈ.. હૈ.. હૈ... હૈ.. હૈ.. હૈ.. હૈ.. અનાદિ-અનંત ઐસા જો નિજપરમતત્ત્વ ઉસમેં અંતર વાસ કરના, લીન હોના ઉસકા નામ સ્વધામમેં આત્મા આયા, સ્વસ્થાનમેં વહ આયા. આહાહા!

આતા હૈ ન. ભજનમેં નહીં આતા? ‘અબ હમ કબહુ ન નિજઘર આયે. પરઘર ભ્રમત ફિરત અનેક નામ ધરાયે.’ મૈંને પુણ્ય કિયા, દયા પાલી, વ્રત કિયા, ભક્તિ (આદિ) અનેક નામ રાગકા ધરાયા. આહાહા! પણ ‘હમ તો કબહુ ન નિજઘર આયે..’ નિજઘર ન આયે, કબહુ ન નિજઘર આયે.’ નિજઘર અપના સ્થાન સુખધામ..’ શ્રીમદ્દમાં આવે છેને ‘શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ.’ કૈસા હૈ ભગવાન આત્મા? શુદ્ધ પવિત્રતાકા પિંડ હૈ. પર્યાયમેં રાગાદિ હૈ વહ મલિનતા ભિન્ન હૈ, વસ્તુ તો ત્રિકાલ શુદ્ધ હૈ, બુદ્ધ નામ જ્ઞાનકા પિંડ હૈ.

‘શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન..’ ચૈતન્યઘન નામ અસંખ્ય પ્રદેશકા પિંડ હૈ. ચૈતન્યઘન અસંખ્ય પ્રદેશી વીતરાગ સિવા કહીં યે બાત હૈ નહીં. સમજમેં આયા? બધા બાવા ને જોગી સબ ફિરતે હૈં ન નાગા. સબ મિથ્યાત્વભાવ હૈ. વસ્તુકી ખબર નહીં. સમજમેં આયા? ‘શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ..’ ચૈતન્ય સ્વયં જ્યોતિ હૈ, જ્ઞાનકી જ્યોત હૈ. ‘સ્વયં જ્યોતિ સુખધામ..’ વહ આનંદકા સ્થાન હૈ. સુખકા ધામ વહ હૈ. અતીન્દ્રિય આનંદ પ્રભુ નિત્યાનંદ વહ આનંદકા ધામ હૈ. ઉસકી દ્રષ્ટિ કરકે ઉસમેં લીન હોના ઉસકા નામ યહાં ચારિત્ર કહનેમેં આતા હૈ. આહાહા! સમજમેં આયા?

**જો (નિશ્ચયચારિત્ર) નિરાકાર તત્ત્વમેં લીન હોનેસે**... નિશ્ચયચારિત્ર એટલે નિરાકાર-તત્ત્વ, ભગવાન નિર્વિકલ્પતત્ત્વ ઉસમેં લીન હોનેસે નિરાકાર ચારિત્ર હૈ. ચારિત્ર, પણ રાગ રહિત નિર્વિકલ્પ-ચારિત્ર હૈ. ત્રિકાલી ભગવાન આત્મા નિરાકાર નામ વીતરાગમૂર્તિ પ્રભુ હૈ. ઉસમેં લીન હોનેસે રાગરહિત વીતરાગી પરિણતિ હોતી હૈ વહ નિરાકાર-ચારિત્ર હૈ. શબ્દેય નથી પકડાણા. એના ઘરની વાત શું છે, ઘરમેં ક્યા હૈ એની ખબર નહીં. હૈ. જો નિશ્ચયચારિત્ર અપના આનંદસ્વરૂપ પ્રભુ ઉસમેં લીન હોના, રમના, જમના, જમ જાના અંદરમેં, આહાહા! ઉસકા નામ ચારિત્ર. **નિરાકાર તત્ત્વમેં**... ભગવાન આત્મા ત્રિકાલી તત્ત્વ કૈસા હૈ? નિરાકાર હૈ, વિકલ્પ નહીં. નિર્વિકલ્પ વીતરાગીતત્ત્વમેં લીન હોનેસે **નિરાકાર ચારિત્ર હૈ.** રાગરહિત વીતરાગરૂપી ચારિત્ર ઉસકા નામ ભગવાન ચારિત્ર કહતે હૈં. આહાહા!

આ પંચમ આરાના મુનિ કહે છે. કોઈ કહે કે આવું ચારિત્ર ચોથે આરે હોય, પાંચમે આરે બીજું હોય. યે ક્યા કહતે હૈં? ચોથો આરો ને પાંચમો આરો એને ઘરે રહ્યો. સમજમેં આયા? આત્મામેં આરા કહાં ઘુસ ગયા હૈ? આહાહા! બ્રહ્માનંદ પ્રભુ અપને આનંદસ્વરૂપમેં આનંદકી લીનતા વહ નિરાકાર ચારિત્ર (અર્થાત્) વિકલ્પ બિનાકા ચારિત્ર, રાગ બિનાકી દશા ઉસકો નિરાકાર-ચારિત્ર કહતે હૈં. આરે! આ ભારે વાત ભાઈ! સુગનચંદજી ગયે? કાલ પાલિતાણા ગયા. જાત્રા તો યે સમજના હૈ. પહેલું સાચું સમજ્યા વિના જાત્રા થોથા છે. એય! હો, શુભભાવ આતા હૈ, પણ વહ શુભભાવ હૈ, પુણ્ય હૈ, ધર્મ નહીં. સમજમેં આયા? આહાહા!

શ્રોતા : સિદ્ધક્ષેત્રમેં જાનેસે પરિણામ ભી બદલતે હૈં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ક્ષેત્રકે બદલનેસે પરિણામ પવિત્ર હોતા હૈ? પવિત્ર તો અપને કારણસે અંદરમેંસે હોતા હૈ. ઉસ ક્ષેત્રમેં કૌઆ માંસ ખાતા હૈ ઔર ભગવાનકી મૂર્તિ ઉપર ચિડીયા બૈઠતી હૈ. પણ વહ તો જો માનતા હૈ કિ ઉપર ભગવાન હૈ, વીતરાગ દેવ હૈ ઉસકી સ્થાપના હૈ. ઐસા શુભભાવ વિકલ્પ હોતા હૈ જાત્રા, ભક્તિ આદિકા, પણ ઉસકી મર્યાદા પુણ્ય જિતની હૈ. ધર્મ નહીં. સમજમેં આયા?

શ્રોતા : અભેદમાં જવા માટે અભેદનો વિકલ્પ તો લાભકારી છેને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : બિલકુલ નહીં. કોણે કહ્યું? લાભકારી જરીએ નહીં, બિલકુલ નહીં. ભેદ વિકલ્પસે નિરપેક્ષ ચારિત્ર હૈ. ઉસકી અપેક્ષા ભી નહીં. માર્ગ ઐસા હૈ. આહાહા! ઝીણી વાત સમજવી. ... ઝીણી વાત....

શ્રોતા : ભેદોપચારમાં ઉપચાર ગમે તે, (પણ) વિકલ્પ ખરોને? .....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ કીધુંને. ..... વિકલ્પ નહીં. પહેલામાં ભેદોપચારમાં વિકલ્પ, બીજામાં પરિણતિ પર્યાયની.... અને પીછે પર્યાય અભેદરૂપ—યે દોનોં નિર્વિકલ્પ હૈ. શુદ્ધ પરિણતિકી અપેક્ષાએ અભેદોપચાર કહા ન. પરિણતિ અભેદરૂપ બનાયી અંદરમેં તો અભેદ-અનુપચાર કહા. આહાહા!

**ઇસીપ્રકાર શ્રી પ્રવચનસારકી (અમૃતચન્દ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપિકા નામક) ટીકામેં (૧૨વેં શ્લોક દ્વારા) કહા હૈ કિ :** અબ શ્લોક આયા પ્રવચનસારકા. હૈ દેખો અંદર.

**द्रव्यानुसारि चरणं चरणानुसारि**
**द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम् ।**
**तस्मान्मुमुक्षुरधिरोहतु मोक्षमार्गं**
**द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य ॥**

આહાહા! ક્યા કહતે હૈં? જરી–થોડી સૂક્ષ્મ બાત હૈ. **શ્લોકાર્થ : ચરણ દ્રવ્યાનુસાર હોતા હૈ...** ક્યા કહતે હૈં? જો આત્મા ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદકે અનુસાર પરિણતિ નિર્મલ હુઈ, ઉસ પ્રમાણમેં વહાં મહાવ્રત આદિકા રાગકી મંદતા(રૂપ) પરિણામ હોતા હૈ. ચરણ નામ મહાવ્રત આદિકા પરિણામ જો રાગ હૈ વહ ચરણ. વહ દ્રવ્યાનુસારી હોતા હૈ. ઉસ ભૂમિકામેં, જિતના દ્રવ્યકા ઉગ્ર આશ્રય લિયા હૈ ઔર વીતરાગભાવ ઉત્પન્ન હુઆ ઉસ ભૂમિકાકે પ્રમાણમેં વહાં રાગકી મંદતા ઉત્પન્ન હોતી હૈ. ફિરસે. અર્થો જ આખા જુદા. ભગવાનનો માર્ગ જ આખી દુનિયાથી નિરાળો. આહાહા!

'દ્રવ્યાનુસાર' ઉસકા અર્થ કિ અપના ચૈતન્ય પ્રભુ ઉસકો અનુસરકે જો નિર્મલદશા ઉત્પન્ન હુઈ વહ દ્રવ્યાનુસાર. વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન, વીતરાગી ચારિત્ર તીન હુએ

ઉસે દ્રવ્યાનુસાર કહનેમેં આતા હૈ, ઔર ઉસ પદવીમેં ઉસકે પ્રમાણમેં મહાવ્રત આદિકા રાગકી મંદતા(રૂપ) પરિણામ હૈ ઉસકો ચરણ કહતે હૈં. તો ચરણં દ્રવ્યાનુસાર. રાગકી મંદતા, જિતની નિર્મલતા હુઈ ઉસકે પ્રમાણમેં રાગકી મંદતા હોતી હૈ વહાં. આરે! આહાહા! ઓલું તો સહેલું સટ ..ની દયા પાળવી, વ્રત પાળવા. કાંઈ સમજવું નહીં, અજ્ઞાન અંધકારમાં પડ્યા. આહાહા! ચૈતન્યને જગાડ્યો નહીં. વ્યવહારથી રાગથી ... પરિભ્રમણ મૂક્યા નહીં. આહાહા!

કહતે હૈં, ચરણ દ્રવ્યાનુસાર હોતા હૈ. જો રાગકી મંદતા શ્રાવકકો–સચ્ચે શ્રાવકકો પંચમ ગુણસ્થાનમેં હૈ, વહ દ્રવ્યાનુસાર. જિતના દ્રવ્યકા અનુસરણ કરકે નિર્મલ પરિણતિ પ્રગટ કી હૈ, ઉતને પ્રમાણમેં ઉસકો બારહ વ્રતકા વિકલ્પ આતા હૈ. ચરણં દ્રવ્યાનુસાર. ઔર મુનિ હૈં સચ્ચે ઉનકી તો અંતર ભૂમિકામેં દ્રવ્ય–વસ્તુકે અનુસાર તીન કષાયકે અભાવકી પરિણતિ–અવસ્થા હુઈ ઉસે દ્રવ્યાનુસાર કહતે હૈં. ઉસ ભૂમિકાકે યોગ્ય રાગકી મંદતાકા પરિણામ (હોતા હૈ). વસ્ત્ર લેના ને ઉસકે લિયે (બનાયા) આહાર લેના ઐસા રાગ ઉસ ભૂમિકામેં હોતા નહીં. સમજમેં આયા? ચીમનભાઈ ગયા? ... કહો, સમજાણું કાંઈ? પણ હવે વરસે નિરાંત થઈ. દુકાળ પડ્યો છે. અહીં ક્યાં ઝટ થાય એવું નથી? દુકાળમાં તો.... એવી વાત છે. દુકાળ.... દુકાળ છેને.

યહાં કહતે હૈં, ચરણ એટલે વ્રતના પરિણામ–રાગકી મંદતાકી યોગ્યતા. જિતની દ્રવ્યકે અનુસાર શુદ્ધ પરિણતિ પ્રગટ હુઈ ઉતને પ્રમાણમેં રાગકી મંદતા વહાં હોતી હૈ. સમજમેં આયા? સાધુકે યોગ્ય દ્રવ્યકે અનુસાર જો પરિણતિ હુઈ વહાં ઐસા રાગ ન હો કિ ઉસકે લિયે બનાયા આહાર લે કિ વસ્ત્ર ધારણ કરે. સમજમેં આયા? ઐસા પરિણામ ઉસકો હોતા નહીં. દ્રવ્યકે અનુસાર પરિણતિ જિતની વીતરાગી હુઈ ઉસ પ્રમાણમેં વહાં ચરણ (અર્થાત્) રાગકા પરિણામ હોતા હૈ. તો ચરણં (અર્થાત્) રાગકી મંદતા દ્રવ્યકે અનુસાર. આહાહા! દ્રવ્ય નામ ભગવાન આત્માકે અનુસાર જિતની નિર્મળ પરિણતિ વીતરાગી ધર્મ હુઆ વહ ચરણં દ્રવ્યાનુસાર. નિર્મલ પરિણતિકે અનુસાર વહાં રાગકી મંદતા હોતી હૈ. દો કષાયકા નાશ હુઆ સચ્ચે શ્રાવકકો, તો ઉસકો મહાવ્રતકા રાગ આતા હૈ ઐસા નહીં હોતા. ઉસકો બારહ વ્રતકે વિકલ્પકી મર્યાદા હૈ.

**ઔર દ્રવ્ય ચરણાનુસાર હોતા હૈ...** દ્રવ્યકી શુદ્ધ પરિણતિ, જિતની રાગકી મંદતા હૈ ઉતને પ્રમાણમેં યહાં શુદ્ધ પરિણતિ અપનેસે હુઈ હૈ. સમજમેં આયા? આયા ન. સામને પુસ્તક હૈ. યે સોનગઢકી બાત નહીં હૈ. યે તો ભગવાનકી અનાદિસે ચલી (આયી) બાત હૈ. આહાહા! (શ્રોતાઃ છપતી હૈ સોનગઢમેં). ઠીક કહતે હૈં. ગમે ત્યાંથી (-બીજેથી) છાપો તો? આહાહા! કહતે હૈં, **દ્રવ્ય**... દ્રવ્યનો અર્થ દ્રવ્યની શુદ્ધ પરિણતિ. દ્રવ્યનો અર્થ એ. વસ્તુ જે ભગવાન આત્મા એને અવલંબીને વીતરાગી દશા થઈ–હુઈ ઉસકો દ્રવ્ય કહતે હૈં. ઔર દ્રવ્ય ચરણાનુસાર હોતા હૈ. રાગની મંદતાના પ્રમાણમાં શુદ્ધની પરિણતિ અપનેસે હોતી હૈ. મહાવ્રતકા પરિણામ હો ઔર દો

કષાયકે અભાવરૂપી પરિણતિ હો—ઐસે નહીં (હોતા). જિતની શુભરાગકી મંદતા હૈ ઉતને પ્રમાણમેં શુદ્ધ પરિણતિ અપનેસે હૈ.

શ્રોતા : ...

પૂજ્ય ગુરૂદેવશ્રી : ક્યા ... જાતી હૈ? નહીં, નહીં, વહ તો દોનોંકી સ્વતંત્રતાકી બાત કરતે હૈં. આતી-જાતી હૈ ઉસકી બાત નહીં.

યહાં તો દ્રવ્ય ચરણાનુસાર હૈ. પંચમહાવ્રતકા પરિણામ હો અને અંદરમેં દો કષાયકા અભાવ હો ઐસા નહીં હોતા, એમ કહતે હૈં. અવિનાભાવ હૈ. ... સ્વતંત્ર. નિશ્ચય પરિણતિ હૈ તો વ્યવહાર આતા હૈ ઐસા નહીં અને વ્યવહાર હૈ તો નિશ્ચય હૈ ઐસા ભી નહીં. ફક્ત દોકા જ્ઞાન કરાનેકી ચીજ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? યે તો પ્રવચનસારકા (કલશ) ગાથા હૈ. હૈ ન પુસ્તક? હૈ ન પ્રવચનસાર? યહાં નહીં, ત્યાં ઘરે.. ઘરે. હિસાબ તો બહોત રખતે હૈં. પઢા હૈ ભગવાન? એમ કહતે હૈં. આહાહા! એક લીટીમેં કિતના ભરા હૈ!

જિતના ચરણાનુયોગકા પરિણામ (જિસ) ભૂમિકામેં હૈ, ઉસ ભૂમિકામેં ઉસ પ્રમાણમેં ઉતની શુદ્ધ પરિણતિ વહાં હોતી હૈ. ઉસસે નહીં. યે હૈ તો વહ હૈ ઐસી બાત નહીં. પણ જહાં તીન કષાયકા અભાવ ઐસી ચારિત્રદશા મુનિકો હુઈ, વહાં પરિણામમેં વસ્ત્ર લેનેકા ભાવ ઔર ઉસકે લિયે (બનાયા ભોજન) લેનેકા ભાવ—ઐસા ભાવ ઉસકે સાથ હોતા નહીં એમ કહતે હૈં. સમજમેં આયા? જિતની દ્રવ્યકી નિર્મલ પરિણતિ હુઈ ઉસ પ્રમાણમેં ઉતની મંદતા વહાં હોતી હૈ. અને જિતની રાગકી મંદતા હૈ ઉતને પ્રમાણમેં ઉસકી (શુદ્ધ) પરિણતિકા સંબંધ ઉસકે સાથ હૈ. આરે! ભારે વાતું. અંદર પરિણતિ વિકલ્પ અને નિર્વિકલ્પ બેનો મેળ છે.

વહ કહતે હૈં દેખો! **ઇસપ્રકાર વે દોનોં પરસ્પર અપેક્ષાસહિત હૈં...** દેખો! **દોનોં પરસ્પર અપેક્ષા સહિત હૈં...** આહાહા! ભાષાના અર્થ જ કરવામાં વાંધા. ક્યા કહા સમજમેં આયા? અંતરમેં સમ્યગ્દર્શન ને અનંતાનુબંધીકા અભાવ હુઆ તો ઉતને પ્રમાણમેં વહાં તીન કષાયકા દૂસરા રાગ હોતા હૈ. વહાં પર્યાયમેં પંચમહાવ્રતકા પરિણામ હોતા હૈ ઐસા હૈ નહીં. સમજમેં આયા? ......... ઐસે નહીં કહતે. દ્રવ્યલિંગી હૈ ન ચૌથા ગુણસ્થાનવાલા (ઉસે) છઠવે ગુણસ્થાનવાલા વિકલ્પ હૈ, પણ ગુણસ્થાન ચૌથા હૈ. યહાં તો દોનોંકી યથાર્થતા હૈ ઉસકી બાત ચલતી હૈ.

શ્રોતા : .... મહાવ્રત હો, ચારિત્ર ન હો સકે પહલે, પ્રથમ ચારિત્ર હુઆ તો મહાવ્રત....

પૂજ્ય ગુરૂદેવશ્રી : પ્રથમ અંદર ચારિત્ર હૈ વહાં તો મહાવ્રતકા પરિણામ હોતા હી હૈ. મહાવ્રત હો અને ચારિત્ર હો કિ ન હો. ઐસે તો અનંત બાર મહાવ્રત લિયા, પણ યહાં તો કહતે હૈં કિ જિતના મહાવ્રતકા પરિણામ હૈ ઉતને પ્રમાણમેં શુદ્ધ પરિણતિ હોતી હૈ અંદરમેં દ્રવ્યકે આશ્રયસે. તો મહાવ્રતકો મહાવ્રત કહતે હૈં, નહીં તો કહતે નહીં. આહાહા! એ તો કહેવામાત્ર

હોય છે. સમજમેં આયા? એ પૂનમચંદજી! આ વાંચ્યું છે તમે? બહુ વાતું કરે છે બહાર. એને તો છોકરોય નથી. કહો, સમજાણું કાંઈ?

યહાં તો કહતે હૈં, આત્મામેં સ્વદ્રવ્યકે આશ્રયસે સમ્યગ્દર્શન હુઆ, તો ઉસ ભૂમિકામેં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રકી માન્યતાકા રાગ હો ઐસા હોતા નહીં. ઉસ ભૂમિકામેં સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રકી માન્યતાકા રાગ હોતા હૈ. યે (સમ્યગ્દર્શન) હો તો હોતા હૈ ઐસા નહીં, પણ ભૂમિકાકે પ્રમાણમેં હોતા હૈ. સમ્યગ્દર્શન હુઆ, સ્વ-ચૈતન્ય ભગવાનકા આનંદકા અનુભવ હો ઔર પીછે ઉસકે પરિણામમેં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રકી શ્રદ્ધા રહે ઐસા તીન કાલમેં બનતા નહીં. આહાહા! સમજમેં આયા? ભલે ગૃહસ્થાશ્રમમેં હો. બરાબર હૈ? ઔર જિસકો સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રકી શ્રદ્ધા હુઈ ઉસકો અંદરમેં સમ્યગ્દર્શનકી પરિણતિ હો તો ઉસકો ઐસા વ્યવહાર કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

કોઈ કહે કિ હમેં સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રકી શ્રદ્ધા હૈ. નહીં, જબ લગ સમ્યગ્દર્શન આત્માકે આશ્રયસે ઉત્પન્ન ન હો, તબ લગ સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રકા ભૂમિકાકે પ્રમાણમેં (શ્રદ્ધારૂપી) રાગ ઉસકો કહનેમેં આતા નહીં. ભારે વાતું આકરી ભાઈ! આહાહા! વીતરાગમાર્ગ આ તો ગણધરો, ઇન્દ્રો–આ દુનિયાના મહાપુરુષો જ્યાં સ્વીકારે, એ બધા સમકિતી છે. શક્રેન્દ્ર, દક્ષિણના ઇશાનેન્દ્ર, જેટલા ઇન્દ્રો એ બધા સમકિતી છે. શક્રેન્દ્ર તો એકાવતારી છે. એક ભવ કરીને મોક્ષ જનાર છે. એ કઈ ચીજ છે? બાપુ! આહાહા! કહતે હૈં, ભગવાન આત્મા પૂર્ણ આનંદ, જ્ઞાનાદિ સ્વભાવકા પિંડ પ્રભુ ઉસકા આશ્રય લેકર જિતની નિર્મલતા હુઈ, ઉતને પ્રમાણમેં વહાં વ્યવહાર રાગકી મંદતાકા ભાવ ઉસકી યોગ્યતા પ્રમાણમેં હોતા હૈ અને જિતને પ્રમાણમેં રાગકી મંદતાકા ભાવ હૈ ઉતને પ્રમાણમેં યહાં શુદ્ધતાકી પરિણતિ હોતી હૈ. ઐસા દોનોંકા અવિનાભાવ સંબંધ બતાતે હૈં.

પંચમગુણસ્થાનવાલે શ્રાવકકો અપને આનંદસ્વરૂપમેં ઝૂલતે અતીન્દ્રિય આનંદકા સ્વાદ ચૌથેસે બઢ ગયા. સમજમેં આયા? સર્વાર્થસિદ્ધિકા દેવ ભી સમકિતી હૈ, પણ જિતના આનંદ પંચમ (ગુણસ્થાન)મેં હૈ ઉતના હોતા નહીં. આહાહા! સર્વાર્થસિદ્ધિકા દેવ એકભવતારી હૈ. સર્વાર્થસિદ્ધિકા દેવ હૈ ન. વહાંસે નિકલકર મોક્ષ જાયેગા. એક હી ભવ હૈ. તો ચૌથે ગુણસ્થાનમેં જો આનંદ હૈ ઉસસે પંચમ ગુણસ્થાન(વર્તી) શ્રાવકકો આનંદ બઢ ગયા હૈ અંદર. સચ્ચે શ્રાવકકી બાત ચલતી હૈ ન. પંચમગુણસ્થાન ઉસકો કહતે હૈં. અંતર આનંદકી લહર છૂટતી હૈ અંદર. તો ચૌથે ગુણસ્થાનમેં અતીન્દ્રિય આનંદ હૈ ઉસસે પાંચવેમેં વિશેષ હૈ ઔર ઉસકે પ્રમાણમેં વહાં બારહ વ્રતકા વિકલ્પ હોતા હૈ. પંચ મહાવ્રતકા વિકલ્પ હોતા હૈ ઐસા નહીં (ઔર) ઐસે અવ્રત રહતા હૈ પૂર્ણ અવ્રત, ઐસા ભી નહીં. સમજમેં આયા? આહાહા!

આ સંધિ કરે છે હોં. જ્ઞેય (અધિકાર) પૂરું કરીને ચરણાનુયોગની સાથે સંધિ (કરે છે) એનો શ્લોક છે. પ્રવચનસાર, જ્ઞાન અધિકાર પહલે પૂરા કરતે હૈં, પીછે જ્ઞેય અધિકાર પૂરા કરકે ચરણાનુયોગકે સાથ સંધિ કરતે હૈં. ઐસી પંચમહાવ્રતકી ક્રિયા હો અને અંદર ચારિત્ર ન હો વહ મહાવ્રતી નહીં. વહ તો કહનેમાત્ર ભી (મુનિ) નહીં. આહાહા! ગજબ વાત છે ભાઈ! પ્રભુ ચૈતન્યમૂર્તિ પરમાત્મા જેને પરમાત્મદશા પૂર્ણ પ્રગટ થઈ... અનંત-અનંત સિદ્ધ બિરાજતે હૈં. કેવલી–લાખો કેવલીયોં બિરાજતે હૈં મહાવિદેહમેં. સીમંધર ભગવાનકા સમવસરણ હૈ વહાં બિરાજતે હૈં. સચ્ચે મુનિ નગ્ન મુનિ દિગંબર વનવાસી સમવસરણમેં બિરાજતે હૈં.

કહતે હૈં કિ અંદર શુદ્ધ પરિણતિ–વીતરાગીદશા દ્રવ્યકે આશ્રયસે જિતને પ્રમાણમેં હુઈ, ઉતને પ્રમાણમેં રાગકી મંદતાકા અભાવ હોતા હૈ. અને તીવ્ર રાગ હો જાય કિ રૌદ્રધ્યાન હો જાય, મુનિ હૈ ઔર છઠવે ગુણસ્થાનમેં રૌદ્રધ્યાન હો ઐસા હોતા નહીં. આહાહા! ઉસે સ્ત્રીકા ભોગ હો યે હોતા નહીં. આહાહા! ક્યોંકિ અંતરમેં ચારિત્ર વીતરાગદશા પ્રગટ હુઈ હૈ, ઉતને પ્રમાણમેં મહાવ્રતકે વિકલ્પકી–આસ્રવકી મર્યાદા હૈ. સમજમેં આયા? આહાહા!

પરમાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદકા સનાથ, અનાદિ-અનંત પ્રભુ નિત્યાનંદ હૈ. ઉસ નિત્યાનંદમેંસે જિતના આનંદ પ્રગટ કિયા ઉતને પ્રમાણમેં રાગકી મંદતાકા વહાં અભાવ હોતા હૈ. ચૌથે ગુણસ્થાનમેં સમકિતીકો અલ્પ આનંદ પ્રગટ હુઆ અને અંદર મહાવ્રતકા પરિણામ હો, તો દોનોં કી સંધિ મિલતી નહીં. સમજમેં આયા? અને બાહર મહાવ્રતકા પરિણામ હો ઔર અંદરમેં તીન કષાયકા અભાવ ન હો, તો દોનોંકા મિલાન હૈ નહીં. વહ ચારિત્રવંત હૈ નહીં, મિથ્યાદ્રષ્ટિ હૈ. આહાહા!

શ્રોતા : ......

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ કહ્યુંને પહેલું. એ વાત અપવાદ કરીને... પહેલી વાત કરી. અહીં જણાય નહીં એની વાત છે. એના પ્રમાણમાં હોય એ.

શ્રોતા : .....

પૂજ્ય ગુરૂદેવશ્રી : કપડું હોય તો પાંચમું ગુણસ્થાન. કપડું હોય ને મુનિપણું હોય (એમ) ત્રણ કાળ ત્રણ લોકમાં નહીં. માથે કપડાનો એક ધાગો રહે, ભાવ રાખવાનો છે અને મુનિપણા આતા હૈ ઐસા જિનમાર્ગમેં નહીં, વીતરાગમાર્ગમેં ઐસા નહીં.

શ્રોતા : સ્થવિરકલ્પી ઔર જિનકલ્પીમેં ભેદ હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભેદ બિલકુલ નહીં. ભેદ કૌન કહતા હૈ? દોનોં નગ્ન હૈં. એ વાત કરીને પહેલી. જિનકલ્પી અકેલે રહતે હૈં ને સ્થવિરકલ્પી સાથમેં રહતે હૈં. ઇતના ફેર હૈ. નગ્નપનેમેં બિલકુલ ફેર નહીં.

બહોત પહલે ચર્ચા હુઈ થી, ૮૬કી સાલ. ...... મુનિન્દ્રસાગર થા દિગંબર મુનિ. અહીં ભાવનગર આવ્યા હતા. ૮૬ની સાલ. ૧૪ ને ૨૮ કેટલા વર્ષ થયા? ૪૨ વર્ષ. વહ ઐસે કહતે થે હમકો મખ્ખન લગાનેકો. કપડાવાલા સાધુ હો... કીધું, સમજતો નથી દિગંબર સાધુ થઈને. સાધુ તો ...... અંદર આનંદમૂર્તિ છઠ્ઠી ભૂમિકા પ્રગટ હુઇ હૈ, ઉસે પંચ મહાવ્રતકા વિકલ્પ હો, ઉસકી નગ્નદશા–દિગંબરદશા ત્રિકાલ.. ત્રિકાલ.. ત્રિકાલ હોતી હૈ. વસ્ત્રકા ટુકડા ઉપર રહે અને મુનિપના આ જાય (ઐસા) વીતરાગમાર્ગમેં હૈ નહીં. સંતાને કહા ઉસ માર્ગમેં યે બાત હૈ. ........ કપડેકી બાત નહીં, કપડા રખનેકા ભાવ હૈ, વહ ભાવ રાગ હૈ. ... હૈ. .... હો તબ તક મુનિપના આતા નહીં. લોકો માટે શું? લોક મૂકે પોક. ...........

વીતરાગમાર્ગ દુનિયાસે નિરાલા હૈ. જૈસા બાલક હૈ ઐસે મુનિ હો જાતે હૈં. રોમ-રોમમેં બ્રહ્મચર્યકા રંગ હૈ. પાંચોં ઇન્દ્રિયસે ભિન્ન હો ગયે, અતીન્દ્રિય આનંદકા સ્વાદ લેતે હૈં. એ તો કાંઈ વાત છે બાપા! માણસ હોના મુશ્કિલ હૈ સાધ કહાંસે હો, સાધુ હુઆ તો સિદ્ધ હુઆ, કહેણી રહી ન કોઈ. ઓહોહો! જેને ગણધર નમસ્કાર કરે. ભગવાન સીમંધર પરમાત્મા બિરાજતે હૈં મહાવિદેહમેં. ઉનકા વજીર–દિવાન ગણધર 'ણમો લોએ સવ્વ સાહૂણં' (સ્મરણ કરે), વહ પદ કેસા હો ભાઈ! ઉસ પદકી કિંમત કિતની હો! સારી બાત ફેરફાર.. ફેરફાર. ... મિથ્યાત્વકા પોષણ હૈ. સમજમેં આયા? આહાહા!

**ચરણ દ્રવ્યાનુસાર હોતા હૈ ઔર દ્રવ્ય ચરણાનુસાર હોતા હૈ.—ઇસપ્રકાર વે દોનોં પરસ્પર અપેક્ષાસહિત હૈં. ઇસલિયે યા તો દ્રવ્યકા આશ્રય કરકે** અર્થાત્ નિર્મલ પરિણતિકા જ્ઞાન કરકે **અથવા તો ચરણકા આશ્રય કરકે** અર્થાત્ રાગકી મંદતાકા જ્ઞાન કરકે... ઐસા હૈ યહાં... આહાહા! આશ્રય નામ દોનોંકા જ્ઞાન કરકે, ચાહે તો રાગકી મંદતાકા જ્ઞાન કરકે અંદરકી પરિણતિ પ્રગટ કરે, ચાહે તો અંદર પરિણતિ પ્રગટ હૈ ઉસકા જ્ઞાન કરકે રાગ મંદ ઐસા હો ઐસા જ્ઞાન કરે. **મુમુક્ષુ (જ્ઞાની, મુનિ) મોક્ષમાર્ગમેં આરોહણ કરો.** ઓહો! પરમાત્માકા આદેશ હૈ. ભગવાન! સ્વસન્મુખકે આશ્રિત કિતની પરિણતિ મેરી નિર્મલ હુઈ, ઉતને પ્રમાણમેં રાગકી મંદતાકા જ્ઞાન કરો. જિતની રાગકી મંદતા હો ઉસ પ્રમાણમેં જ્ઞાન કરકે યહાં શુદ્ધ પરિણતિ હૈ ઉસકા જ્ઞાન કરો ઔર સ્વરૂપમેં આરોહણ કરો. ઉસકા નામ ભગવાનકે માર્ગમેં–વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વરકે માર્ગમેં મુનિપના કહનેમેં આયા હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## ભાદરવા વદ ૪, બુધવાર, તા. ૨૭-૯-૧૯૭૨
## ગાથા-૧૦૩-૧૦૪, શ્લોક-૧૩૯, પ્રવચન નં. ૧૦૮

પ્રવચનસારકા શ્લોક હૈ. ઉપર શ્લોક હૈ.

**द्रव्यानुसारि चरणं चरणानुसारि**
**द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम् ।**
**तस्मान्मुमुक्षुरधिरोहतु मोक्षमार्गं**
**द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य ॥**

**द्रव्यानुसारि चरणं चरणानुसारि...** તત્ત્વદ્રષ્ટિ સહિત, નિર્મલતા સહિતકી ભૂમિકામેં ચરણાનુયોગકે વિકલ્પકી મર્યાદા કિતની હોતી હૈ વહ બતાતે હૈં.

કહતે હૈં, **શ્લોકાર્થ : ચરણ દ્રવ્યાનુસાર હોતા હૈ...** અર્થાત્ આત્મા જો શુદ્ધ આનંદઘન હૈ ઉસકે આશ્રયસે જિતને પ્રમાણમેં પરિણતિ શુદ્ધ નિર્મલ હુઈ હો, ઉતને પ્રમાણમેં ઉસ ભૂમિકામેં રાગકી મંદતાકા વ્યવહાર હોતા હૈ. સમજમેં આયા? કોઈ કહે, હમેં સમ્યગ્દર્શન-જ્ઞાનકી તો ખબર નહીં, પણ હમ વ્રત પાલતે હૈં, તપ કરતે હૈં. યે બાત જૂઠી હૈ. નિશ્ચય નહીં વહાં વ્યવહાર હૈ નહીં. સમજમેં આયા? ... બાપુ! વીતરાગ.

શ્રોતા : વ્યવહાર કરતા કરતા....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળ ખાતાં ખાતાં થાય છે? લસણ ખાતાં ખાતાં કસ્તૂરીના ઓડકાર આવશે? રાગકી ક્રિયા હૈ દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, અપવાસ આદિ યે સબ રાગકી ક્રિયા હૈ. પહેલો સમજે તો ખરો, કરે પીછે. સમજે બિના કિસકા કરના?

શ્રોતા : પણ સમજ્યા વિના કરવામાં શું વાંધો છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સમજ્યા વિના (કરવામાં) કાંઈ વાંધો નહીં. સર્પ હાથમાં આવી જાશે ઝેર. ગોળને ઠેકાણે છાણ આવશે. છાણ સમજે? ગોબર. સમજ્યા? ગોબર કહતે હૈં ન.

આ સંધિનો શ્લોક છે. આત્મા દ્રવ્યાનુસાર.. ચરણ દ્રવ્યાનુસાર હોતા હૈ. બહુ સૂક્ષ્મ કળશ છે. યહાં ચરણ નામ રાગકી મંદતાકા વ્યવહાર કિતને પ્રમાણમેં હોતા હૈ? કે જિતની યહાં શુદ્ધ પરિણતિ સમ્યગ્દર્શન હૈ આત્મામેં. ચિદાનંદપ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરને જો કહા આત્મા, ઐસા પૂર્ણ શુદ્ધ આનંદકા આશ્રય લેકર જિતને પ્રમાણમેં પવિત્રતા–શુદ્ધતા, અતીન્દ્રિય આનંદકા ભાવ પ્રગટ હુઆ હો, ચરણ દ્રવ્યાનુસાર હોતા હૈ, ઉસ પ્રમાણમેં રાગકી મંદતાકા વેપાર અંદર હોતા હૈ.

દૃષ્ટાંત. કે ભઈ! સમ્યગ્દર્શન તો હમેં હૈ ઐસે કોઈ માનતા હૈ, પણ અભી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રકી શ્રદ્ધા હમેં હૈ. વહ બાત જૂઠી હૈ. ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા સ્વદ્રવ્ય ચૈતન્યપ્રભુ નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપ ઐસા હી હૈ. ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન નિર્વિકલ્પ અનુભવ હોતા હૈ, તો ઉસ ભૂમિકામેં સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રકી શ્રદ્ધાકે રાગકી મર્યાદા હૈ. પણ ઉસકો કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રકી શ્રદ્ધા હો ઔર વહાં સમકિત હો—ઐસા બનતા નહીં. આહાહા!

શ્રોતા : કુદેવ, કુગુરુ એ તો પરપદાર્થ છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ કોણે કીધું? પણ માનનાર કોણ છે? પરપદાર્થને માનનાર કોણ છે? શેઠ! આ બધું સમજવું પડશે. જવાબ દેતા આવડ્યો નહીં પહેલો. કહો, સમજમેં આયા?

ચરણં... બરાબર શીખી લેવું જોઈએ. ઓલું બીડીનું બહુ શીખ્યા. ચરણં એટલે વર્તમાનમાં રાગની મંદતાનો ભાવ. જેમ કે ચોથે ગુણસ્થાને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પરમાત્માકી ભક્તિ વિગેરેકા ભાવ વહ ચરણ, રાગકી મંદતા વહ ચરણ હૈ, પુણ્યબંધકા કારણ હૈ. વહ ચરણ દ્રવ્યાનુસાર હોતા હૈ. વહાં દ્રવ્ય નામ જ્ઞાયકમૂર્તિ પ્રભુ પૂર્ણ આનંદસ્વરૂપકા આશ્રય લેકર જો શુદ્ધ પરિણતિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સ્વરૂપાચરણ ચૌથે ગુણસ્થાનમેં પ્રથમ પ્રગટ હુઆ હો તો ચરણ દ્રવ્યાનુસાર હોતા હૈ. ઉતને પ્રમાણમેં રાગકી મંદતાકા ભાવ ઉસકો હોવે. સમજમેં આયા? એ ગાંગુલીજી! ક્યા કહા સમજમેં આયા? એ ચરણં... ચરણ એટલે ચારિત્ર. સ્વરૂપનું ચારિત્ર એ અહીં નહીં. અહીં તો ચરણ નામ રાગકી મંદતાકા ભાવ, રાગકી મંદતા શુભરાગ. ચૌથે ગુણસ્થાનમેં શુભરાગકી મર્યાદા ઇતની હૈ કિ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રકો ન માને.

શ્રોતા : પણ સાંભળવા તો જાયને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ચેતનજી! ભાઈ કહે છે કે સાંભળવા જાય કે નહીં? એ તો બાધા લઈ લીધી છે. પણ કદાચિત્ કોઈ જાય પણ ખરો. એમાં કાંઈ સાંભળવામાં શું? કોઈ વાત શું કહે છે. એથી કરીને એની દ્રષ્ટિમાં પ્રતીત છે એમ નથી.

શ્રોતા : દેવ, ગુરૂ, શાસ્ત્ર.... ધર્મ થાશે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધર્મ નહીં. ધર્મ કૌન કહતા હૈ? વહ તો યહાં કહતે હૈં ન. ચરણ–રાગકી મંદતા. સાચા દેવ અરિહંત સર્વજ્ઞદેવ, જિસકો આહાર નહીં, પાણી નહીં, રોગ નહીં, ક્ષુધા નહીં, તૃષા નહીં ઐસે સચ્ચે અરિહંત. જો અરિહંતકો આહાર માનતે હૈં, ક્ષુધા, રોગ માનતે હૈ વે અરિહંતકો જાનતે નહીં. સમજમેં આયા?

શ્રોતા : હુંડાવસર્પીણી હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હુંડાવસર્પિણી હૈ તો ક્યા હૈ? શીરા હોતા હૈ વહ આટા, ઘી ઔર સક્કર—તીનકા શીરા હોતા હૈ ન. ચૌથે આરે (ક્યા હોતા હૈ)? સાકરને ઠેકાણે ધૂલ છે? ઘીને

ઠેકાણે પેશાબ છે? ગોળને ઠેકાણે પંક છે? પંક શું કહેવાય? કીચડ હૈ? ઐસા હોતા હૈ? ઐસા ન ચાલે. યે તો વીતરાગમાર્ગ હૈ.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા ઉન્હોંને એક સમયમેં તીન કાલ, તીન લોક દેખા-જાના, ઉનકે મુખસે યે બાત નિકલી કિ જિતને પ્રમાણમેં.... ઉસકા ચરણ દ્રવ્યાનુસાર પ્રમાણમેં હોતા હૈ. સમ્યગ્દૃષ્ટિ જીવ અપને નિર્વિકલ્પ સ્વરૂપકી પ્રતીતિ ને અનુભવકી ભૂમિકામેં હૈ, તો દ્રવ્યાનુસાર ચરણ હોતા હૈ. વહાં સચ્ચે દેવ, સચ્ચે ગુરુ, સચ્ચે શાસ્ત્ર, ઉસકી ભક્તિ, ઉનકા સ્મરણ—ઐસા શુભરાગ હોતા હૈ. વહ ચરણ દ્રવ્યાનુસારિ હોતા હૈ. દ્રવ્ય—આત્મા વસ્તુ શુદ્ધ આનંદકંદ..... સુના હી નહીં અભી, ક્યા હૈ આત્મા. શાંતિભાઈ! સંભળાય છેને ત્યાં? નહીં તો અહીં આવો મોઢા આગળ. કહો, સમજમેં આયા? દસ વર્ષે આવ્યા એક દિ' સાંભળવા.

શ્રોતા : રોગકી બાત.... અશાતાકા ઉદય.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : રોગ-બોગ હોતા નહીં.

શ્રોતા : અશાતાકે ઉદયમેં..?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અશાતાકા ઉદય હો, રોગ હો ઐસા નહીં (હોતા). બડા દરિયા હો જલકા, ઉસમેં ચપટી રાખ—ભસ્મ ડાલે તો મૈલા હો જાતા હૈ દરિયા? દિખે હી નહીં ઉસમેં.

શ્રોતા : .....૧૧ પરિષહ કહે હૈં ભગવાનકો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ૧૧ પરિષહ ઉપચારસે પરિષહ હૈ. યે તો ઉદયકો દેખકર ઐસા કહા હૈ. સર્વજ્ઞ કિસકો કહે, લોગોંકો ખબર નહીં. મનુષ્ય જૈસા ભગવાનકો બના દિયા.

વહ આતા હૈ ન. ભજનમાં આવે છે. શું ભૂલી ગયા નામ? 'માણસ મને માણસ જેવો બનાવે..' આવે છે. બધું સાંભળેલું, ઘણા વર્ષોનું સાંભળેલું છે. હજારો-લાખો વાતું સાંભળી હોય ઘણું. 'માનવ મને માનવ જેવો બનાવે, મારી પ્રભુતા સર્વ ગુમાવે, માનવ મને માનવ જેવો બનાવે.' માનવ જેમ ખાતા હોય, પીતા હોય, રોગ હોય એવો ભગવાન અને દવા લે ભગવાન પાછા. ભગવાનને રોગ થાય, એ દવા લે. એ સાધુને દવા લેવા મોકલે. હૈ ન? સિંહ અણગારની વાત છે શ્વેતામ્બર ભગવતીસૂત્રમાં. શરીરમેં બિલકુલ રોગ હોતા હી નહીં. તીર્થંકર ભગવાનકો તો પહલેસે—જન્મસે પરમ ઔદારિક શરીર હૈ. જન્મસે તીર્થંકરકે શરીરમેં વિષ્ટા નહીં, પેશાબ નહીં, ખોરાક લેતે હૈં, પણ વિષ્ટા, પેસાબ નહીં. ઐસે પહલેસે પરમ ઔદારિક શરીર હૈ.

હીરા... વહ કોઈ કોથળા... કોથળા ક્યા કહતે હૈં? બોરા. સૂતળીના બોરામાં હીરા રહે? હીરાના રહેવાની ડબી જુદી જાતની હોય. એમ તીર્થંકર સર્વજ્ઞ હોં, કેવલીકી તો દૂસરી બાત હૈ. તીર્થંકરકો તો જન્મસે પરમૌદારિક શરીર હૈ, પેશાબ નહીં, વિષ્ટા નહીં, દસ્ત નહીં. આહાહા! લોહી સફેદ. એ વસ્તુની સ્થિતિ આખી વિપરીત કરી નાખી છે જૈનને નામે. સમજમેં આયા?

શ્રોતા : વહ તો બડે પુરુષોંકો ઉપમા અલંકાર હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વહ ઉપમા અલંકાર નહીં, વસ્તુકી સ્થિતિ ઐસી હૈ. એના ભાઈ એમ કહેતા હશે. આ ચર્ચા કરેને એની સાથે. સમજમેં આયા?

દેખો! ક્યા કહતે હૈં? બડા (શ્લોક) હૈ વહ સંધિકા. જિસકો શુદ્ધ સમ્યગ્દર્શન, અપને ચૈતન્ય ભગવાનકી પરિણતિ નિર્મળ પ્રગટ હુઈ હો... આહાહા! સમ્યગ્દર્શન કિસકો કહતે હૈં વહ ખબર નહીં યહાં તો. બસ, આપણે કરો વ્રત ને કરો તપ. હમ ભગવાનકો માનતે હૈં, દેવ-ગુરુ માનતે હૈં. મિથ્યાત્વભાવ હૈ. સમજમેં આયા? આ તો વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ જેની અસંખ્ય દેવો સેવા (કરે). ગલુડિયાની જેમ (બેસે). ગલુડિયા ક્યા કહતે હૈં? કુત્તીકા બચ્ચા. પિલ્લા. આહાહા! પૂર્ણ સૂર્યતેજ જિસકો એક સમયમેં અપની પર્યાય જાનનેમેં તીન કાલ, તીન લોક જાનનેમેં આ ગયે. આહાહા! આવી સ્થિતિની વાત છે બાપુ! એ શબ્દે કાંઈ સમજાય એવું નથી. સમજમેં આયા?

અરિહંત સર્વજ્ઞ... વહ આતા હૈ ન. સવેરમેં તો કહા થા. 'ણમો લોએ સવ્વ ત્રિકાલવર્તી અરિહંતાણં' ઐસા હૈ ધવલમેં. ધવલકા નિકાલા થા સવેરમેં. પહેલા ભાગમાં છે. 'ણમો લોએ...' કેમકે અરિહંત તો ક્યાંક-ક્યાંક હોય. કોઈ સમુદ્ઘાતમેં હો, કોઈ નીચે હો, ભગવાનકે સમવસરણમેં બૈઠે હો, દૂર હો. 'ણમો લોએ સવ્વ ત્રિકાલવર્તી અરિહંતાણં' ઐસા પાઠ હૈ. આહાહા! અભી તો કિતને તીર્થંકરકે જીવ તો નિગોદમેં પડે હોં, પણ યહાં તો વંદન કરનેવાલા કહતા હૈ, અહો! 'ણમો લોએ સવ્વ ત્રિકાલવર્તી અરિહંતાણં.' સમજમેં આયા? હૈ નમ? પહેલા ભાગમાં છે. 'ણમો લોએ સવ્વ ત્રિકાલવર્તી સિદ્ધાણં' ઐસા પાઠ હૈ.

શ્રોતા : ઐસા રોજ કહતે હૈં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઐસા કહાં રોજ કહતે હૈં? 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં' કહતે હૈં. હૈ કહાં? તુમકો ખબર ભી નહીં. યહાં દિગમ્બરમેં હી હૈ. શ્વેતામ્બરમેં યે બાત હૈ હી નહીં. કારણ કે એ નવા નીકળ્યાને પાછળથી. શ્વેતામ્બર પંથ તો ભગવાનકે ૬૦૦ વર્ષ બાદ નિકલા, દિગંબરમેંસે નિકલા હૈ. ઔર ઉસમેંસે સ્થાનકવાસી અભી ૫૦૦ વર્ષ પહલે નિકલા હૈ. ઔર ૨૦૦ વર્ષ પહલે તેરાપંથી તુલસી નિકલા. ભીખંડ, ભીખંડી. બગડી. બગડી ને? બગડીમેં નિકલા. વો જુગરાજજી નહીં હૈ? સ્થાનકવાસી જુગરાજજી અપને યહાં આતે હૈં ન? બડા ગૃહસ્થ હૈ. કરોડપતિ કહતે હૈં.

શ્રોતા : સ્થાનકવાસી લોકાશા..

પૂજ્ય ગુરૂદેવશ્રી : લોકાશા... સ્થાનકવાસીમેંસે લોકાશા નિકલા. પણ યે તેરાપંથી ભીખંડસે નિકલા. અપને જુગરાજજી આતે હૈં ન ઉસકા ગામ હૈ બગડી. બગડીમેં મારવાડી બહોત હૈં. બાહર બહુત રહતે હૈં. સબ બહોત કરોડપતિ હૈં. બહાર રહતે હૈં. ...... મહાવીર

માર્કેટ હૈ ન મુંબઈમેં જુગરાજજીકી. મહાવીર માર્કેટ. ૧૫ તો દુકાન હૈ. બડા ગૃહસ્થ. પણ (બહાર) કંઈ દેખાય નહીં, આ હસ્તિમલની પેઠે. દેખાય કંઈ નહીં. હૈ બડા લાખોપતિ. મારવાડી તો ઐસા હોતા હૈ. જુગરાજજીકો જાનતે હો કિ નહીં? બગડીકે હૈં? વહાં મહાવીર માર્કેટ હૈ મુંબઈમેં. એક દુકાન બેંગલોર હૈ. જાનતા હૈ. બડા ગૃહસ્થ હૈ. .... લાખ રૂપિયા છે. કરોડપતિ છે. બડા ગૃહસ્થ. યહાં કાયમ.... કિસીકો માનતા નહીં. વહ તો કહે કિ સોનગઢમેં, ભવકા અંત કરના હો તો કારખાના યહાં હૈ. દૂસરે કહીં હૈ નહીં. એ તો પ્રચાર બહુ, જાણેલું બહુ છેને. ભવકા અંત કરનેકી બાત હો સમ્યગ્દર્શનકી, તો ઉસકા સોનગઢમેં કારખાના હૈ. સુના હૈ કિ નહીં?

શ્રોતા : ભગવાન બનાનેકા કારખાના સોનગઢમેં હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : દોનોં એક હી બાત હૈ. ભગવાન બનનેકા કારખાના ભી કહતે હૈં. આહાહા! સ્વયં ભગવાન સ્વરૂપ હી હૈ. ભગવાન સ્વરૂપ ન હો તો પર્યાયમેં ભગવાન આયેગા કહાંસે? બાહરસે કોઈ આતી હૈ ચીજ?

શ્રોતા : ઉસકી વિધિ તો યહાં બતાઈ જાતી હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વહ તો ભગવાન, સંતોને કહા હૈ ન સબ. સમજમેં આયા? આહાહા! બગડી, ઉસકા ગામ બગડી હૈ. બગડીમેંસે ભીખંડી નિકલા. તેરાપંથી હૈ ન, વહ ભીખંડી થા. વહ ઉસ ગામમેંસે નિકલા. ... બાત હૈ. સબ જાનતે હૈં, હમ તો સંપ્રદાયમેં થે તો પહલેસે સબ જાનતે હે. વહ પાની લાયા થા તો પાની જરી ખુલા રહ ગયા. તો ઉસમેં ઉંદરડી ગિર ગઈ. ઉંદરડી સમજે? (શ્રોતાઃ ચૂહા). તો ઉસકા ગુરુ કહે, પ્રાયશ્ચિત્ત લો. આ કહે, નહીં, મેં ક્યાં મારી છે? એ તો એની મેળે મરી. એની મેળે થાય એમાં મારી ક્યાં (ભૂલ છે)? ઉસમેંસે વિરોધ હુઆ. વહ બગડીમેં હુઆ હૈ.

તેરાપંથીકા ગ્રંથ હૈ બ્રહ્મ-વિધ્વંસ. બ્રહ્મ-વિધ્વંસ નામકા ગ્રંથ હૈ. હમને તો સબ દેખા હૈ ન, બહોત વર્ષસે સંપ્રદાયસે. દીક્ષિત હુએ પહલેસે સબ દેખા થા. બ્રહ્મ-વિધ્વંસ નામકા એક ગ્રંથ હૈ તેરાપંથીકા. બહોત વિપરીત.. બહોત વિપરીત દ્રષ્ટિ. જીવકો બચાનેકા ભાવ વહ પાપ હૈ એમ કહતે હૈં. પરકો બચા સકતા હૂં ઐસી માન્યતા હી પાપ હૈ. પણ બચાનેકા ભાવ હૈ વહ તો પુણ્ય હૈ. સમજમેં આયા? પણ બચા સકતા નહીં ઉસકી તો ખબર નહીં. યે બગડીમેંસે પંથ નિકલા ભીખંડી. ... દિગંબર, પછી શ્વેતામ્બર, પછી સ્થાનકવાસી ને આ તેરાપંથી. ચાર હુએ. પરમેશ્વરકા સનાતન વીતરાગમાર્ગ દિગંબરધર્મ હૈ. અનાદિ-અનંત પરમાત્મા.... મહાવિદેહક્ષેત્રમેં બિરાજતે હૈં પરમાત્મા. વહાં એક હી પંથ હોતા હૈ, દૂસરા કોઈ પંથ હૈ નહીં.

યહાં વહ કહતે હૈં, ચરણ દ્રવ્યાનુસાર હોતા હૈ. આહાહા! નિર્મલાનંદ પ્રભુ ઉસકી જિતની શુદ્ધ અંતર્દૃષ્ટિ હોકર નિર્વિકલ્પ–રાગરહિત વીતરાગી પરિણતિ જબ ચૌથે ગુણસ્થાનમેં

સમ્યક્ હુઆ, તો ચરણં (અર્થાત્) શુદ્ધતાકે પ્રમાણમેં ઉસકો રાગકી મંદતા સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રકો માને, ભક્તિ, પૂજા આદિકા શુભભાવ ઉતને પ્રમાણમેં હો. હૈ શુભ બંધકા કારણ, પણ પૂર્ણ વીતરાગ ન હો તબ તક આયે બિના રહતા નહીં, એમ કહતે હૈં. સમજમેં આયા? ઔર પંચમગુણસ્થાન હોતા હૈ શ્રાવકકા, સચ્ચા શ્રાવક હોં. પૂછા હૈ પ્રશ્ન બરાબર. શ્રાવક અસંખ્ય તિર્યંચમેં હૈં ઔર મનુષ્યમેં નહીં? મનુષ્યમેં હૈં, મહાવિદેહમેં હૈં. મહાવિદેહમેં શ્રાવક બહોત હૈં પંચમ ગુણસ્થાનવાલે. સમજમેં આયા? ઝીણી વાત ભાઈ!

ઐસે અસંખ્ય તિર્યંચ હૈં. હજાર યોજનકા લંબા મચ્છ, મગરમચ્છ, સિંહ, વાઘ, નાગ આદિ પંચમ ગુણસ્થાનવાલે હૈં. ભગવાનકે શાસ્ત્રમેં હૈ, સ્થાનકવાસીકે શાસ્ત્રમેં હૈ, શ્વેતામ્બરકે શાસ્ત્રમેં હૈ. પંચમ ગુણસ્થાનમેં અપને આનંદસ્વરૂપકા ઉગ્ર આશ્રય લેકર, શાંતિ જો સમ્યગ્દર્શનમેં હૈ ઉસસે શાંતિ.. શાંતિ.. શાંતિ બઢ ગઈ અંદરમેં. ઉસ પ્રમાણમેં વહાં ચરણ હોતા હૈ. ઉસે બારહ વ્રતકા વિકલ્પ હોતા હૈ વહ ઉસ પ્રમાણમેં હોતા હૈ. બારહ વ્રતકા વિકલ્પ આસ્રવ હૈ, પણ ઉસકો આયે બિના રહે નહીં. ઐસી બાત હૈ. આહાહા! આત્માકે ભાન બિના બારહ વ્રતાદિ હૈ વહ તો વ્રત હૈ હી નહીં. વહ તો મિથ્યાત્વભાવ હૈ. સમજમેં આયા? એ પ્રકાશદાસજી!

અણુવ્રત આંદોલન.. તુલસીએ કરેલા અણુવ્રત આંદોલન. ગમે તે હોય, અન્યમતી હોય તો અણુવ્રત દઈ દે. અભી સચ્ચે દેવ-ગુરુ શાસ્ત્રકી તુજે ખબર નહીં તો ઉસકો તો કહાં ખબર હૈ? સમજમેં આયા? વીતરાગ માર્ગ.. ઓહોહો! કેવલજ્ઞાની પરમાત્માને કહા વહ સંત કહતે હૈં. ખબર હૈ, અંદર શુદ્ધતાકી ખબર હૈ ન. સંવર-નિર્જરાકી ખબર હૈ ઉસે દેવ-ગુરુ-શાસ્ત્રકી ખબર હૈ. યે મોક્ષમાર્ગ (પ્રકાશક)મેં આ ગયા હૈ. જિસકો અંદર સંવર-નિર્જરાકી બરાબર શુદ્ધિ અંદર પ્રગટી હૈ, ઉસકો દેવ-ગુરુકી શ્રદ્ધા ને મોક્ષકી પર્યાય ક્યા હૈ (ઉસકી) ખબર હૈ. દેવકા ... હૈ ઉસકો. મોક્ષમાર્ગ પ્રકાશકમેં આયા હૈ.

મોક્ષમાર્ગ પ્રકાશક લિયા નયા? બહુ સરસ છે. હિન્દી હૈ ન હિન્દી. હિન્દી મિલા? કહાંસે મિલા? અહીં હિન્દી છે? ના, ના, અહીંયા. ... કહતે હૈં ન? ભાઈને લિયા ન. કોઈ મળી ગયું હશે. ન મિલે તો મેરે પાસ હૈ, ભેટકા હૈ. હિન્દી મિલતા નહીં, મેરે ખ્યાલમેં તો ઐસા થા. નિયમસાર ખલાસ હો ગયા હૈ. એક હિન્દી આપજો ભાઈ! આપણે હિન્દી પુસ્તકમાંથી. આ શેઠ તરફથી ભેટના જુદા છે. મોક્ષમાર્ગ પ્રકાશકની વાત છે. મોક્ષમાર્ગ પ્રકાશક છે બહાર. શેઠિયાએ આપ્યા હતા પહેલા. એ શેઠ! તમારા તરફથી અહીંયા ભેટમાં છે. ..... આહાહા! બાપુ! એ વસ્તુ એવી છે.

કહતે હૈં, ચરણ દ્રવ્યાનુસાર. પંચમગુણસ્થાનકી શુદ્ધ વીતરાગી પરિણતિ અંદર દો કષાયકા અભાવ હુઆ હૈ ઉસકે પ્રમાણમેં બારહ વ્રતકા વિકલ્પ ને ભક્તિ, પૂજાકા ઉસ

પ્રમાણમેં ભાવ હોતા હૈ, તબ ઉસકો વ્યવહાર કહનેમેં આતા હૈ. ઔર ચરણં દ્રવ્યાનુસાર. હવે મુનિ. મુનિકો તીન કષાયકા અભાવ હૈ વહ દ્રવ્યાનુસાર. ઇસકો–પરિણતિકો હી કહતે હૈં દ્રવ્યાનુસાર. શુદ્ધ વીતરાગી પરિણતિ (સહિત) મુનિ સચ્ચે હોતે હૈ. ભાવલિંગી સંત જિનકા લિંગ–દ્રવ્યલિંગ નગ્ન હી હોતા હૈ. વસ્ત્રસહિત મુનિપના તીન કાલ, તીન લોકમેં હોતા નહીં. અહી દાંડી પીટીને વાત કરે છેને. અહીં વાત ક્યાં ગુપ્ત રાખી છે? માનો–ન માનો, જગતકી વસ્તુસ્થિતિ ઐસી હૈ, અનાદિ પરમાત્માકે ઘરકી બાત હૈ.

પણ મુનિ જો સચ્ચે હોતે હૈં ઉનકો તો તીન કષાયકા અંદર અભાવ હોતા હૈ. સમ્યગ્દર્શન અનુભવ સહિત આનંદકી લહર ઉઠતી હૈ. ક્ષણમેં આનંદકા વેદન અને ક્ષણમેં જરી વિકલ્પ આ જાતા હૈ છઠવે ગુણસ્થાનમેં. છઠવે ગુણસ્થાનમેં આ જાય તો ક્ષણમેં મહાવ્રતકા વિકલ્પ ઉઠતા હૈ. ક્ષણમેં સપ્તમ ધ્યાનમેં આ જાય. ઐસે એક દિનમેં હજારો બાર છઠ્ઠા-સાતવા, છઠ્ઠા-સાતવા આતા હૈ ઉસકો મુનિ કહતે હૈં. સમજમેં આયા? યહાં તો છઠ્ઠા-સાતવાં કિસકો કહના ઉસકા ભાન ન હો. આહાહા! આ ક્રિયા કરે એ છઠ્ઠું ગુણસ્થાન. એય પ્રકાશદાસજી!

'ચરણં દ્રવ્યાનુસાર' પહલે પદકી વ્યાખ્યા હોતી હૈ. છઠવે ગુણસ્થાનમેં દ્રવ્યાનુસાર (અર્થાત્) દ્રવ્યકે અનુસાર જિતની શુદ્ધ પરિણતિ ઉત્પન્ન હુઈ હૈ, ઉતને પ્રમાણમેં રાગકી મંદતાકા ચરણભાવ હોતા હૈ. કેવલીકો તો કુછ નહીં, વે તો પૂર્ણ હો ગયે, ઉનકો કોઈ વ્યવહારચારિત્ર હૈ નહીં. સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ હો ગયે. **ચરણ દ્રવ્યાનુસાર હોતા હૈ ઔર દ્રવ્ય ચરણાનુસાર હોતા હૈ...** જુઓ! દ્રવ્યકી શુદ્ધ પરિણતિ, રાગકી મંદતાકા પ્રમાણ જિતના હૈ ઉતને પ્રમાણમેં શુદ્ધિકા આશ્રય અંદર પ્રગટ હુઆ હૈ. સમજમેં આયા? પંચમહાવ્રતકા વિકલ્પ હૈ તો વહાં અંદરમેં તીન કષાયકે અભાવકી પરિણતિ હૈ, ઉસકો મહાવ્રતકા પરિણામ કહનેમેં આતા હૈ. આહાહા! હજી તો સમ્યગ્દર્શન કૌને કહેવું એ ખબર ન મળે અને માન લે કે અમે ધર્મી છીએ. માને, અનાદિકાલસે ધર્મમેં ઐસા બિતાયા હૈ ભાવ.

દ્રવ્ય અર્થાત્ દ્રવ્યકી શુદ્ધ પરિણતિ. દ્રવ્યકા અર્થ વહ હૈ યહાં. વસ્તુ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ઉસકા આશ્રય કરકે જિતની શુદ્ધતા, આનંદ ને વીતરાગીદશા હુઈ હૈ, વહ દ્રવ્ય એટલે શુદ્ધ પરિણતિ ચરણાનુસાર હોતા હૈ. જિતની રાગની મંદતાકી મર્યાદા હૈ ઉસ પ્રમાણમેં વહાં શુદ્ધતાકી પરિણતિ અપનેસે પ્રગટ હુઈ હૈ. સમજમેં આયા? આરે, ભારે આકરું કામ. કોયડો આવો ... સમજવો. સમજ્યા વિના ધર્મ નહીં થતો હોય? આ બધા કરે છેને? શાક લેના હૈ.. શાક કહતે હૈં ન? શાક લેને જાના હૈ તો નક્કી કરકે જાતે હૈં. ભૈયા! શાક દો, દો રુપિયેકા, એમ કહતે હૈં? કારેલા લેના હૈ. પચાસ જાતમેંસે વો લાઓ. એમ કહતે હૈં કિ નહીં? બે રૂપિયાનું શાક લાવો. મૂર્ખ કહે.

ઐસે યે આત્મા ક્યા હૈ ને રાગ ક્યા હૈ ઉસકી તો ખબર અંદરમેં હૈ નહીં, કિસમેં રહના ઔર કિસસે હઠના. સમજમેં આયા? અને ધર્મ હો જાય ઉસકો. આહાહા! બસ, તમે એમ કીધું? અત્યાર સુધી એમ હતું. મોટા એ તો, ઓલા શું કહેવાય? ચોપડાના ઓડિટર હતા સરકારમાં. પહેલા અમરેલી આવ્યા હતા ત્યારે ભડક્યા હતા. પછી તો આ અમરેલી ભરતની વાત થઈ નહોતી? આ તો મોટી-મોટી વાતું કરે છે. ભરત ચક્રવર્તી સમકિતી હતા. આહાહા! ભાઈ! આ વાત તો આખી જુદી છે. આહાહા!

કહે છે કે **દ્રવ્ય ચરણાનુસાર હોતા હૈ**... જિતને પ્રમાણમેં રાગકી મંદતાકી હદ ઉસ ભૂમિકામેં હૈ ઉતને પ્રમાણમેં વહાં દ્રવ્યકી શુદ્ધિ ભી હોતી હૈ. હો તો ઉસકો નિશ્ચય-વ્યવહાર કહે, નહીં તો નિશ્ચય-વ્યવહાર કહતે નહીં. આહાહા! કહો, સમજમેં આયા? સમજમેં આયા કિ નહીં? ધ્યાન રખના પડેગા. અભી જવાબ તો દિયા નહીં. દુકાન ઉપર બૈઠે હો તબ ઐસે (હિસાબ)કા જવાબ દેતે હો? લ્યો, શેઠ! કિતના માગતે હો? મને ખબર નથી. એ શેઠ! સમજના કિસકો હૈ? આહાહા! ઇતને થોડેમેં કિતના સમા દિયા હૈ! વ્યવહાર નિશ્ચયકે પ્રમાણમેં હોતા હૈ અને નિશ્ચયકે પ્રમાણમેં ઉસકો વ્યવહાર હોતા હૈ. ઐસે અરસપરસ લિયા હૈ. હીરાભાઈ! આ અર્થ જરી અટપટો છે.

યહાં તો કહતે હૈં, રાગકી મંદતાકા વ્યવહાર કિસકો હોતા હૈ? કિ જિતને પ્રમાણમેં યહાં શુદ્ધિ ઉત્પન્ન હુઈ—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આત્માકે આશ્રયસે નિર્મલ નિજાનંદકા સ્વાદ જિતના આયા ઉસ પ્રમાણમેં રાગકી મંદતાકા વ્યવહાર હોતા હૈ. રાગકી મંદતાકા વ્યવહાર કિતના હોતા હૈ? કિ જિતના નિજાનંદકી પરિણતિ હુઈ ઉતના. સમજમેં આયા? શુભરાગકો હેય જાના હૈ, પણ વહ આયે બિના રહે નહીં. આતા હૈ, ધર્મી જાનતા હૈ કિ હેય હૈ, મુજે આશ્રય કરનેલાયક નહીં. મુજે જ્ઞાન કરનેલાયક હૈ. સમજમેં આયા? દો બોલ હુએ.

**ઇસપ્રકાર વે દોનોં પરસ્પર અપેક્ષાસહિત હૈં...** હૈ? હીરાભાઈ! અર્થ કર્યો હતોને પહેલા અહીંયા. પહેલાં અહીં નથી આવ્યા કોઈ વખત? નહીં આવ્યા હોય. તમે તો ઘણીવાર આવ્યા હોવ. આ તો પોતાની સામે જોવે તો સમજાય એવું છે. ભગવાન એમ કહતે હૈં, મેરે સામને દેખનેસે તુજે રાગ હોગા. ભગવાન એમ કહતે હૈં. પુણ્યબંધ હોગા, ધર્મ નહીં. અંતર સચ્ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદકા નાથ આત્મા હૈ ઉસકી સામને દેખકર એકાગ્ર હોતા હૈ ઉતને પ્રમાણમેં ઉસકો ધર્મ ને સંવર, નિર્જરા હોતી હૈ. કહો, જેઠાલાલભાઈ! યે તો સાદી ભાષામેં આયા હૈ.

**ઇસપ્રકાર વે દોનોં પરસ્પર**... પરસ્પર... જિતને પ્રમાણમેં યહાં નિશ્ચય શુદ્ધકી વીતરાગી પરિણતિ હૈ, ઉતને પ્રમાણમેં ભૂમિકા (અનુસાર) રાગકી મંદતા હૈ. ઔર જિતને પ્રમાણમેં રાગકી મંદતા હૈ ઉતને પ્રમાણમેં શુદ્ધકી પરિણતિ હો તો ઉસકો વ્યવહાર કહનેમેં આતા હૈ.

સમ્યગ્દર્શન ને આત્માના ભાન વિનાના જે વ્યવહાર છે આ વ્રત ને તપ ને આદિ, એ તો બધું રણમાં પોક મૂકવા જેવા વાત છે. સમજમેં આયા? આહાહા! ભારે માર્ગ ભાઈ! તિર્યંચ પામે અસંખ્ય ને મનુષ્યમાં (ઓછા)? મનુષ્યમેં મહાવિદેહમેં બહોત હૈં. સમજમેં આયા? અહીં મુશ્કેલ હો ગઈ દુનિયાકો ચીજ. આહાહા! ક્યા ચીજ હૈ અને કહાં જાના હૈ અને કહાંસે હઠના હૈ—ઉસકી ખબર બિના કહાં જાયેગા ને કહાંસે હઠેગા. આહાહા! સમજમેં આયા?

યહાં તો ભાઈ! જન્મ-મરણકે અંત લાના હૈ ઉસકી બાત હૈ. ચાર ગતિમેં રુલના હો તો રુલતા હૈ–રખડતા હૈ. એક બાર શેઠ હોગા ને એક બાર નરકમેં જાયેગા. સમજમેં આયા? એક બાર કીડા હોગા તો એક બાર રાજા હોગા. રાજા હોગા તો ફિર મરકર નિગોદમેં જાયેગા. ચાર ગતિ અરહટ, શું કહેવાય? કુઆંમેંસે પાની નિકાલતે હૈં ન. નીચે ભરાય ઉપર ઠલવાય. રેંટ.. રેંટ હોતા હૈ. છપ્પનીયામેં બહોત થા. પાણી નહોતું તો બિચારા ઊંડે-ઊંડે નાખે ડોલ.. ડોલ નાની ૨૫-૫૦-૧૦૦. નીચે પાણી ભરે, ઉપર આવે ઠલવાય, નીચે ભરે. એમ એક ગતિમાંથી દૂસરી, દૂસરીમાંથી તીસરી. ચાર ગતિમેં રુલતે હૈં. કદાચિત્ કોઈ પુણ્યકી ક્રિયા હો અને સ્વર્ગમેં જાય, સ્વર્ગમેંસે નિકલકર પશુ હોકર નર્કમેં જાયેગા. આહાહા! સમ્યગ્દર્શન બિના, અપની ચીજકી પ્રતીત ને અનુભવ બિના સબ ચાર ગતિકે કારણકી બાત હૈ. સમજમેં આયા?

યહાં કહતે હૈં, **ઇસપ્રકાર વે દોનોં પરસ્પર**... દોનોં કૌન? શુદ્ધ પરિણતિ ને અશુદ્ધભાવ—દોનોં. અશુદ્ધભાવ ચરણ, શુદ્ધ પરિણતિ દ્રવ્યાનુસાર નિર્મલ. **દોનોં પરસ્પર અપેક્ષા સહિત હૈં**... નિશ્ચય શુદ્ધકી દશા પ્રગટ હુઈ ઉસકે પ્રમાણમેં હી રાગકી મંદતા હોતી હૈ. કોઈ એમ કહે કે હમેં સમ્યગ્દર્શન તો હુઆ હૈ, પણ અભી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રકી શ્રદ્ધા છૂટી નહીં. યે જૂઠ હૈ. અપેક્ષિત હૈ ન વહ. સમજમેં આયા? આહાહા! ભારે કામ આકરું. હજી દેવ કોને કહેવા, ગુરુ કોને કહેવા, શાસ્ત્ર કોને કહેવા એની ખબર ન મળે. વ્યવહારશ્રદ્ધાની હોં. આ નિશ્ચય તો ક્યાં રહ્યું? યહાં તો કહતે હૈં, જિસકો નિશ્ચયસમ્યગ્દર્શનકી શ્રદ્ધા હો, ઉસકી વ્યવહારશ્રદ્ધામેં સચ્ચે દેવ અરિહંત, ગુરુકી શ્રદ્ધા હોતી હૈ. ઔર જિસકો દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા હોતી હૈ ઉસકો વ્યવહાર કબ કહે? જિસકો સમ્યગ્દર્શન-જ્ઞાન આત્માકે આશ્રયસે પ્રગટ હુઆ હો તો ઉસકો વ્યવહાર કહનેમેં આતા હૈ. આહાહા! સમજમેં આયા? ભારે વાતું ભાઈ! ઠીક અમારે દેવીલાલજી કહે છે, થોડી કુદેવ-કુગુરુની શ્રદ્ધા ને થોડી સુદેવ-કુગુરુની શ્રદ્ધા (એમ) મિશ્ર ગુણસ્થાન. આહાહા!

**ઇસલિયે યા તો દ્રવ્યકા આશ્રય કરકે**... એટલે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ નિર્વિકલ્પ વીતરાગસ્વભાવી દ્રવ્ય ઉસકા જ્ઞાન કરકે... શુદ્ધ પરિણતિ ઇતની પ્રગટ હુઈ હૈ ઉસકા જ્ઞાન કરકે **અથવા તો ચરણકા આશ્રય કરકે**... ચરણ નામ રાગકી મંદતા ઇતની હૈ ઉસકા જ્ઞાન કરકે

**મુમુક્ષુ (જ્ઞાની, મુનિ) મોક્ષમાર્ગમેં આરોહણ કરો.** ભગવાનકા યે હુકમ હૈ. સમજમેં આયા? બહોત અચ્છા (શ્લોક) હૈ. કલ તો ચલા થા, ફિર લિયા.

કેસર હૈ વહ કોઈ બોરીમેં રખા જાતા હૈ? એ ડબામાં રહે. કેસર.. કેસર. મુંબઈમેં બહોત બડા હૈ ધંધા કેસરકા. વખારુંની વખારું ભરી છે. કરોડપતિ હૈ. કેસર.. કેસરકા ડબા હોતા હૈ ન. પહલે તો એક રૂપિયાકા રૂપિયાભાર મિલતા થા, અભી તો મહંગા હો ગયા. કેસર રખનેકી ચીજ, કોઈ થેલા–સૂતલીકા થેલા હો ઉસમેં રખે? સમજમેં આયા? ઐસે જિસકો સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ હુઆ, અપની ચીજકા આશ્રય લેકર અનુભવ ધર્મ હુઆ, ઉસકો ઉસ પ્રમાણમેં રાગકી મંદતાકા ભાવ હોતા હૈ. યે (રાગ) કોથળા હૈ, વહ (સમ્યગ્દર્શન) માલ હૈ. ચરણ–રાગકી મંદતા વહ થેલા હૈ. માલ અંદર હૈ. આહાહા! અરે! કોને કહેવું? સાંભળ્યું નથી ભાઈ! દુનિયામેં ક્યા ચલતા હૈ ખબર નહી હૈ? આહાહા!

ઐસા જાનકર મુમુક્ષુ... ઐસે મુમુક્ષુ ધર્માત્મા **મોક્ષમાર્ગમેં આરોહણ કરો**. આહાહા! એ ગાથા પૂર્ણ થઈ. ફિરસે હુઆ ન યે. ચાલીસ મીનીટ થઈ. આ વધારે સ્પષ્ટ થયું. અમારા શેઠને પૂછ્યું હતુંને. શેઠને આવડશે કે નહીં? ખબર હતી. શેઠ! વિચાર કરના ચાહિયે. ભાઈ બોલે કે નહીં છોટાલાલ? પરિણતિ શુદ્ધ હોય ઉસ પ્રમાણમેં રાગ હોતા હૈ, ઐસે બોલે થે વે? પતા લગે. એય! ભાગ પાડે (એમ) ભાગ નહીં મળે. ભાગ લઈ ગયા. આહાહા! રોગ આતા હૈ તો..... શરીરમેં રોગ આતા હૈ તો શોભાલાલ ખડે રહે. ભાઈસાહેબકો ઐસા હૈ.. ઐસા હૈ ચર્ચા કરતે.....

**ઔર (ઇસ ૧૦૩વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્લોક કહતે હૈં)...** આહાહા! દિગંબર મુનિ થે, જંગલમેં વસતે થે, જિનકે મુખમેંસે પરમાગમ ઝરતા થા. ઉનકી બાત આયી હૈ. એ મુનિ ભાવલિંગી સંત, તીન કષાયકા અભાવ, આનંદકી લહર જિસકો અંદર, જૈસે મધદરિયામેંસે ભરતી આતી હૈ ન ભરતી.. ભરતી સમજે? બાઢ. મધદરિયેમેંસે જૈસે ભરતી આતી હૈ, ઐસે મુનિકો મધ્યબિંદુ–ધ્રુવ ઉસમેં એકાગ્ર હોનેસે પર્યાયમેં આનંદકી ભરતી આતી હૈ. આહાહા! ઉસકા નામ મુનિપના જૈનદર્શનમેં ગિનનેમેં આતા હૈ. સમજમેં આયા? એ શ્લોક ૧૩૯.

**चित्तत्त्वभावनासक्तमतयो यतयो यमम्।**
**यतंते यातनाशीलयमनाशनकारणम् ॥१३९॥**

આહાહા! **શ્લોકાર્થ : જિનકી બુદ્ધિ ચૈતન્યતત્ત્વકી ભાવનામેં આસક્ત (રત, લીન) હૈ...** આહાહા! દેખો! ભગવાન આત્મા... શ્લોક હૈ ન નીચે. **જિનકી બુદ્ધિ**... નીચે.. નીચે. જિનકી બુદ્ધિ (અર્થાત્) સમ્યગ્જ્ઞાન ચૈતન્યતત્ત્વકી ભાવનામેં આસક્ત હૈ. આહાહા! ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ ઉસમેં જિસકી બુદ્ધિ ઉસકી એકાગ્રતામેં આસક્ત હૈ, ચૈતન્યસ્વભાવકી

એકાગ્રતામેં આસક્ત હૈ. આહાહા! સમજમેં આયા? રાગ આતા હૈ, પણ ઉસમેં એકાગ્રતા નહીં, એમ કહતે હૈં. ધર્માત્મા તો એકાગ્ર ચૈતન્યસ્વભાવમેં હૈ. ચૌથે ગુણસ્થાનસે ઐસા હૈ. આહાહા! સમ્યગ્દૃષ્ટિ અપની શુદ્ધ પરિણતિમેં હૈ. રાગ આતા હૈ, જાનો, આદરણીય નહીં. સમજમેં આયા?

**જિનકી બુદ્ધિ ચૈતન્યતત્ત્વકી ભાવના...** એક તો ત્રિકાલી ચૈતન્યતત્ત્વ લિયા, ઉસકી ભાવના (અર્થાત્) વર્તમાન એકાગ્રતા લી, વહ પર્યાય. ત્રિકાલી આનંદકંદ પ્રભુ શુદ્ધ વીતરાગ-મૂર્તિ આત્મા વહ ચૈતન્યતત્ત્વ. ઉસમેં એકાગ્રતા વહ ભાવના. ઉસ ભાવનામેં લીન હૈ **ઐસે યતિ...** ઐસે મુનિ. આ યતિ એટલે ઓલા યતિ જતડા-બતડા છે એ નહીં હોં. યતિ એટલે સ્વરૂપની યતના કરનાર તે યતિ. અપના આનંદકંદ પ્રભુ ઉસકી યતના–જતના કરે વહ યતિ, બાકી બધા બાવા. આહાહા! આ જતિ નથી કહેવાતા? જતિ હોય છેને. દિગંબરમાં ભટ્ટારક હોય છે, શ્વેતામ્બરમાં યતિ હોય છે. (શ્રોતાઃ હમારેમેં યતિ હોતે હૈં.) હા, હોય છે.

હમારે ગાંવમેં સ્થાનકવાસી યતિ થા. સ્થાનકવાસીમેં યતિ થા. ઉસકા જતિકા અપાસરા ભિન્ન થા. હમારે ઉમરાળામેં જતિ થા. એ પછી પરણ્યા હતા એક કણબણ, પછી ગાય રાખતા, છોકરો થયો હતો. બધું થયું હતું. ખબર છેને. એને ઘરના મકાન હોય એટલે પછી કોણ પૂછે? નહીંતર તો ઘરે કણબણ વિધવા હતી વિધવા. વિધવા સમજે? કણબણ એને રાખી હતી. લડકા ઉસકા છોટા થા. રાખી હતી. હમારી છોટી ઉમરકી બાત હૈ. એ કુંવરજીભાઈના મકાનની પાછળ મકાન છે. આ મગનભાઈ છેને, એની દુકાન હતી ત્યાં. એ દુકાને જોયું હતું. છોકરો રાખ્યો હતો. અંદર જોયું છેને. અમે નાના નાના છોકરા. બધું જોયું છે. ઘરમાં ગયા હોયને. એ જતિ.. જતિ. એ નહીં બાપા! આહાહા! રાગ ને પુણ્ય ને પાપસે અપની સ્વભાવકી રક્ષા–જતના કરે ઉસે યહાં જતિ કહનેમેં આતા હૈ. યે મુનિ યતિ હોતા હૈ. આહાહા! સમજમેં આયા?

**યમમેં પ્રયત્નશીલ રહતે હૈં...** યમ એટલે સંયમ, સ્વરૂપકી લીનતા. સંયમ અર્થાત્ સમ્–સમ્યગ્દર્શન સહિત અંતરમેં યમ નામ લીનતા કરતે હૈં ઉસકા નામ સંયમ કહતે હૈં. આહાહા! યમમેં, યતિ **યમમેં પ્રયત્નશીલ રહતે હૈં...** જોયું! પ્રયત્નશીલ. અંતર સ્વરૂપમેં પ્રયત્ન સ્વભાવવાલા હૈ વહ તો. આનંદકંદમેં પ્રયત્નસ્વભાવવાલા હૈ. રાગ આતા હૈ ઉસકા પ્રયત્નશીલ નહીં. આહાહા! ભૂમિકા પ્રમાણમેં રાગ આયેગા, વહ તો પહલે બતાયા. ઉસકી પ્રયત્નશીલતા અંદરમેં હૈ. આહાહા! યે ચીજ ક્યા હૈ? પૂર્ણ શુદ્ધ... **પ્રયત્નશીલ રહતે હૈં (અર્થાત્ સંયમમેં સાવધાન રહતે હૈં)...** સંયમ એટલે આનંદસ્વરૂપમેં લીનતા. અતીન્દ્રિય આનંદમેં લીનતા ઐસે સંયમમેં રહતે હૈં.

**કિ જો યમ (-સંયમ) યાતનાશીલ યમ..** આહા! ભાષા કેવી કરી છે જુઓ! **યાતનાશીલ યમકે (દુઃખમય મરણકે) નાશકા કારણ હૈ.** કૈસા હૈ સંયમ? ભગવાન આત્માકે આનંદમેં લીન ઐસા સંયમ એ યમ. **યાતનાશીલ યમ**—દુઃખમય મરણ. યાતના એટલે દુઃખમય, યમ એટલે

મરણ. દુઃખમય મરણકે નાશકા કારણ હૈ. આહાહા! ચાર ગતિકા દુઃખ(મય) મરણ. ઉસકે આનંદસ્વરૂપમેં રમણતા ઐસા સંયમ... યાતનાશીલ દુઃખકા કારણ હૈ ઐસા મરણ ઉસકે નાશકા ઉપાય યે હૈ. આહાહા! મોટા માંધાતા કરોડોપતિ, અબજોપતિ હોય, આમ મરતાં ટળવળે... આહાહા! કોઈ ધણી નહીં. અંતર ધણી હૈ ઉસકી ખબર નહીં. ક્રિયાકાંડ કિયા ઔર રાગાદિકી મંદતા હો, પણ મિથ્યાત્વ તો હૈ સાથમેં. પુણ્યસે ધર્મ માનતે હૈં. મિથ્યાદ્રષ્ટિકા રાગ મંદ હુઆ હો તો પુણ્ય બંધ જાયે. પુણ્યબંધકા રજકણ પડા વહ આત્મામેં શરણ ક્યા? સમજમેં આયા?

શુભ-અશુભરાગસે ભિન્ન અપની ચીજ ઉસકા જિસને અંતરમેં સમભાવ કરકે અનુભવ કિયા હો–અનુભૂતિ, ઉસ અનુભૂતિમેં વિશેષ લીનતા ઉસકા નામ સંયમ ચારિત્ર હૈ. પંચમહાવ્રતકા વિકલ્પ વહ ચારિત્ર નહીં, વહ તો અચારિત્ર હૈ. વહ તો ચારિત્રમેં દોષ હૈ. આહાહા! જો યાતનાશીલ... યાતના એટલે દુઃખ. શીલ એટલે દુઃખમય. યમ એટલે મરણ. સંયમરૂપી યમ (વહ) દુઃખમય મરણ–યમ ઉસકા નાશકા કારણ હૈ. આહાહા! પહલે શ્રદ્ધામેં– સમ્યગ્દર્શનમેં તો નક્કી કરે કિ સંયમ ઐસા હોતા હૈ. પહલે તો ભગવાન (આત્મા)કે અવલંબનસે અંતર અનુભવસે સમ્યગ્દર્શન હોતા હૈ. પીછે સંયમ ભી ઉસમેં લીન હોનેસે સંયમ હોતા હૈ. ઐસી પહલે શ્રદ્ધામેં તો સુધાર કરે. શ્રદ્ધામેં ગરબડ હૈ ઊંધી, આહાહા! યે તો મિથ્યાદર્શન શલ્ય હૈ. ઉદ્ધારકા રસ્તા નહીં, ડૂબ ગયા હૈ.

**યમકે નાશકા કારણ હૈ**. 'જમ' છેને? અહીં તો મરણ લેવું છેને, દેહ છૂટવાનો કાળ. ઐસા અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત ભવ આહાહા! નિરાધાર–આધાર વિનાનો. વ્રત-નિયમ લિયા અનંતબૈર, તપસ્યા અનંતબૈર કી, છ-છ મહિનાકા અપવાસ કિયા અનંતબાર, નવવી ગ્રૈવેયક અનંતબાર ગયા. ૩૧ સાગરકી સ્થિતિ. એક સાગરોપમમેં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. ઐસી ૩૧ સાગર(કી સ્થતિમેં) અનંતબાર ગયા. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછે પટક્યો..' માખી ઊંચે ચડી તો ઊંચે (ગઈ) છે? આત્માકા જ્ઞાન-સમ્યગ્દર્શન બિના ઐસા ક્રિયાકાંડમેં ગયા, સ્વર્ગ મિલા, (પણ) વહાંસે મરકર મનુષ્ય, ઢોર હોકર નિગોદમેં જાયેગા. આહાહા! આકરું કામ ભારે ભાઈ! બહુ એક શ્લોકમાં કહ્યું હોં!

જિસકી બુદ્ધિ ચૈતન્યતત્ત્વની ભાવનામેં લીન હૈ વહ સંયમ. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ પવિત્રતાકા પિંડ વીતરાગમૂર્તિ વહ જિન, વહ આત્મા. ઉસમેં જિસકી બુદ્ધિ લીન હૈ, બુદ્ધિ વહ તો સમ્યગ્જ્ઞાન હુઆ, લીન હુઆ વહ સંયમ હુઆ. સમજમેં આયા? માણસ કહે, આ તો બધી નિશ્ચયની વાતું છે.

શ્રોતા : અમારે કરવું શું પણ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે કરના, યે સમજના પહલે. યે કરના નહીં હૈ? રાગરહિત પુણ્યકી ક્રિયારહિત મેરી ચીજ અંદર હૈ ઉસકી દ્રષ્ટિ પ્રયત્નસે કરના, વહ કરના નહીં હૈ? યે કભી અનંતકાલમેં કિયા નહીં. અને હજી નહીં કરે ત્યાં સુધી રખડપટ્ટી મટશે નહીં. સમજમેં આયા? ૧૦૩ પૂરી હુઈ. ૧૦૪.

**सम्मं मे सबभूदेसु वेरं मज्झं ण केणवि...** એ શ્લોક તો અમથો આવે છે ...માં. ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા... આવે છેને? પણ ઉસકા અર્થ કુછ સમજે નહીં.

**सम्मं मे सबभूदेसु वेरं मज्झं ण केणवि।**
**आसाए वोसरित्ता णं समाहि पडिवज्जए॥ १०४॥**

હરિગીત નીચે.

**સમતા મુજે સબ જીવ પ્રતિ વૈર ન કિસીકે પ્રતિ રહા,**
**મૈં છોડ.આશા સર્વતઃ ધારણ સમાધિ કર રહા. ૧૦૪.**

'સમાહિવરમુત્તમં દિંતુ' આતા હૈ લોગસ્સમેં, પણ એનો અર્થ સમજે નહીં કાંઈ. ભૈયા! લોગસ્સમાં આવે છેને. 'સમાહિવરમુત્તમં' નહીં? 'એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા, ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ, કિત્તિયવંદિયમહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા, આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ.' એ સમાધિ એટલે શું? બાવા કરે એ સમાધિ? આત્મામાં રાગરહિત શાંતિ ને આનંદકી સમાધિ ઉસમેં ઠહર જાના ઉસકા નામ સમાધિ હૈ. સમજમેં આયા? સમાધિ (એટલે) ઓલા બાવા સમાધિ લગાવે એ? ધૂળમેં નહીં સમાધિ, સુન તો સહી! હજી તો લોગસ્સના અર્થની ખબર ન મળે. એય ભૈયા!

'સમાધિ' છેને ભૈયા! લોગસ્સમાં આવે છે. 'લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે..' કડી આતી હૈ કડી. 'સમાહિવરમુત્તમં દિંતુ..' સમાહિવર–ઉત્તમ... હે પ્રભુ પરમાત્મા! પરમાત્મા કહાં દેતે હૈં, પણ ઉસકી ભાવના હૈ. 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ..' હે સિદ્ધ ભગવાન! તમારું સિદ્ધપદ મને દેખાડો. દેખાડો, કબ દેખે? કેવલજ્ઞાન હો તબ દેખે. આહાહા! આતા હૈ, લોગસ્સમેં આતા હૈ. 'ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા; સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતું.' અર્થનીય ખબર ન મળે, ભાવની તો ક્યાં ખબર (હોય)? આહાહા! 'સમાહિવરમુત્તમં દિંતું.' પરમાત્મા અમને સમ્યગ્દર્શનરૂપી સમાધિ અને સંયમરૂપી સમાધિ (આપો). અંતર આનંદસ્વરૂપમેં લીન હો જાના વહ હમારી સમાધિ હૈ. હે પ્રભુ! અમને ઉત્તમ ફળ આપો. ભગવાન તો કહાં દેતે હૈં? ભગવાન કોઈ કર્તા હૈં? પણ ભક્તોંને ... ઐસા વિનય કિયા.

ભગવાન કોઈ કર્તા-હર્તા નહીં હૈ. ભગવાન તો કિસીકો દેતે હૈં? વે તો વીતરાગ હૈં, વે તો કેવલી હૈં. પણ ભક્તોંકો ભાવના ઐસી હો કિ પ્રભુ! આપને તો પૂર્ણ સમાધિ આનંદમેં પ્રગટ

કિયા હૈ તો મુજે બોહિલાભં—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી બોધિ, વર–ઉત્તમ, લાભં–મને એ લાભ મળો. 'બોહિલાભં..' બોધિ નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકા તીનકા અર્થ બોધિ હૈ. અપને આનંદસ્વરૂપમેં પુણ્ય-પાપકે ભાવસે રહિત હોકર અંતરમેં લીન હોતા હૈ, તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીન પ્રાપ્ત હોતા હૈ ઉસકો 'બોહિલાભં' કહનેમેં આતા હૈ. આહાહા!

'બોહિલાભં સમાહિવરમુત્તમં દિંતું.' પરમાત્મા! આપને પૂર્ણ સમાધિ–વીતરાગ પૂર્ણ સમાધિ પ્રગટ થઈ ગઈ. મુજે ભી સમાધિ નામ શાંતિ.. આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત સમાધિ (પ્રાપ્ત હો). આધિ ક્યા? મનકા પુણ્ય-પાપકા વિકલ્પ ઉસસે રહિત, વ્યાધિ–શરીરકી વ્યાધિ, ઉપાધિ–બહારકા ધંધા આદિ. આધિ-વ્યાધિ-ઉપાધિ તીનસે રહિત વહ સમાધિ. સમજમેં આયા? આ બધા બાવા-બાવા સમાધિ કહે એ નહીં હોં. એ તો બધા ગાંડપણ–મૂર્ખાઈ છે. કેટલા આમ ચલાવે ને આમ કરે.. આ તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ એણે જે આત્મા કહ્યો, ઉસકા ભાન કરકે ઠહર જાના અંદરમેં, ઉસકા નામ ભગવાન સમાધિ કહતે હૈં. એ સમાધિ પ્રભુ! અમને મળો. ઐસી જ્ઞાનીકી–ધર્માત્માકી ભાવના હોતી હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૬, ગુરુવાર, તા. ૨૮-૯-૧૯૭૨**
**ગાથા-૧૦૪, પ્રવચન નં. ૧૦૯**

નિયમસાર, નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર ચલતા હૈ, ૧૦૪ ગાથા.

**सम्मं मे सबभूदेसु वेरं मज्झं ण केणवि।**
**आसाए वोसरित्ता णं समाहि पडिवज्जए॥ १०४॥**

નીચે હરિગીત.

**સમતા મુજે સબ જીવ પ્રતિ વૈર ન કિસીકે પ્રતિ રહા,**
**મૈં છોડ.આશા સર્વતઃ ધારણ સમાધિ કર રહા. ૧૦૪.**

**ટીકા : યહાં (ઇસ ગાથામેં) અંતર્મુખ પરમ-તપોધનકી...** અંતર્મુખ... ભગવાન પૂર્ણ શુદ્ધ આનંદકંદ જો દ્રવ્યસ્વભાવ ત્રિકાલ શુદ્ધ અખંડ એકરૂપ હૈ ઉસ તરફકી જિસકી દ્રષ્ટિ હુઈ હૈ ઔર ઉસ તરફકી જિસકી અંતર્મુખ લીનતા(રૂપ) સંયમ હુઆ હૈ. જિતને વિકલ્પ ઉઠતે હૈં વે સબ બહિર્મુખ હૈ. દયા, દાન, વ્રત, તપ આદિકે શુભભાવ જો ઉઠતે હૈં વે સબ વિકલ્પ હૈં, રાગ હૈ, વહ બહિર્મુખ વૃત્તિ હૈ. ભગવાન અંતર્મુખમેં, એક સમયમેં અનંત જ્ઞાન, અનંત દર્શન ઐસા બેહદ–અપરિમિત સ્વભાવસે ભરા પ્રભુ ઉસકી અંતર્મુખ દ્રષ્ટિ... નિમિત્તકા લક્ષ છોડકર, વિકલ્પકા લક્ષ છોડકર, એક સમયકી પર્યાય ચલતી હૈ ઉસકા ભી લક્ષ છોડકર, અંતર દ્રવ્યદ્રષ્ટિમેં અંતર્મુખ હોના વહ પહલા સમ્યગ્દર્શન હૈ. આહાહા!

ઈસકે ઉપરાંત... યહાં તો ઇસકે ઉપરાંતકી બાત હૈ ન. સમ્યગ્દર્શન ઉપરાંત પ્રત્યાખ્યાન, આનંદ ને જ્ઞાનસ્વરૂપમેં લીનતા... 'જ્ઞાન પ્રત્યાખ્યાન હૈ' વહ આતા હૈ ન? ૩૪વીં ગાથા, સમયસાર. આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ આનંદકંદ ઐસા સ્વસન્મુખ હોકર અનુભવ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન હુઆ, પીછે સ્વરૂપમેં ઉગ્ર, ત્રિકાલીદ્રવ્યકા ઉગ્ર આશ્રય લેના ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ.

શ્રોતા : બાહરકા લક્ષ છૂટ ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી : બાહ્ય લક્ષ હૈ હી નહીં. બાત ઐસી હૈ ભગવાન! સમજમેં આયા? સમ્યગ્દર્શન–ધર્મકી શુરૂઆતમેં દ્રવ્યકા આશ્રય અલ્પ થા. ભગવાન પૂર્ણાનંદકા નાથ કારણપરમાત્મા અપના પૂર્ણસ્વરૂપ ઉસકે આશ્રયસે હી, પર્યાયકા આશ્રય છોડકર ત્રિકાલી વસ્તુકા આશ્રય કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. યે ધર્મકી પહલી નીંવ હૈ. ભૈયાજી! ધર્મકી વહ નીંવ હૈ. નીવ સમજે? પાયા. પાયા બિના મકાન કહાંસે (હોગા)? આહાહા!

એક સમયકી પર્યાયકો ભી બહિર્લક્ષી વસ્તુ કહતે હૈં. ભગવાન તો વહાં તક કહતે હૈં કિ એક સમયકી કેવલજ્ઞાનકી પર્યાય, સંવર-નિર્જરાકી પર્યાય, મોક્ષકી પર્યાય વહ ભી પરદ્રવ્ય હૈ. પરદ્રવ્ય હૈ, પરભાવ હૈ, હેય હૈ. .... ૫૦મી ગાથામાં છેને. નિયમસાર, ૫૦વીં ગાથામેં હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા ત્રિકાલી દ્રવ્ય ધ્રુવસ્વરૂપ વહ સ્વદ્રવ્ય હૈ. સમજમેં આયા? યે ૫૦મી ગાથામેં આ ગયા હૈ. યહાં તો ૧૦૪ ચલતી હૈ ન. ૫૦વીં દેખના હૈ? આ શેઠ નવા આવ્યા છેને ધન્યકુમારજી. દેખો! ૫૦. ૫૦ છેને?

**पुव्वुत्तसयलभावा परदव्वं परहावमिदि हेयं ।**
**सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा ॥५०॥**

ટીકા હૈ ન ઉસમેં. **જો કોઈ વિભાવગુણપર્યાયેં હૈં વે પહલે (૪૯વીં ગાથામેં) વ્યવહારનયકે કથન દ્વારા ઉપાદેયરૂપસે કહી ગઈ થી કિન્તુ શુદ્ધનિશ્ચયનયકે બલસે (શુદ્ધનિશ્ચયનયસે) વે હેય હૈં. કિસ કારણસે? ક્યોંકિ વે પરસ્વભાવ હૈં...** પુણ્ય-પાપ, સંવર-નિર્જરા, મોક્ષકી પર્યાય ભી પરસ્વભાવ હૈ. એક બાજુ રામ ને એક બાજુ ગામ. એક બાજુ ત્રિકાલી ભગવાન આત્મા ઉસકો યહાં સ્વદ્રવ્ય કહનેમેં આતા હૈ. તીસરા પદ હૈ. **सगदव्वमुवादेयं अंतरतच्चं हवे...** પરસ્વભાવ હૈં **ઔર ઇસલિયે પરદ્રવ્ય હૈં. સર્વ વિભાવગુણપર્યાયોંસે રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય હૈ.** શુદ્ધ અંતઃતત્ત્વ અખંડાનંદ ધ્રુવ ચૈતન્યમૂર્તિ વીતરાગસ્વભાવકા પિંડ વહી એક સમ્યગ્દૃષ્ટિકો ઉપાદેય હૈ. આહાહા! સમજમેં આયા?

**વાસ્તવમેં સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર** ત્રિકાલી, **સહજપરમવીતરાગ-સુખાત્મક શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ ઇસ સ્વદ્રવ્યકા આધાર...** આહાહા! **સહજપરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર હૈ.** આહાહા! ત્રિકાલી જ્ઞાન-આનંદાદિ ધ્રુવકો યહાં સ્વદ્રવ્ય કહા ઔર ઉસકા આધાર ત્રિકાલી પારિણામિકભાવ વહ દ્રવ્ય કહા. સૂક્ષ્મ બાત હૈ ભૈયા! કભી સુની નહીં. ભૈયાજી તો યહાં નહીં રહતે તો સુને કૈસે? બાત તો ઐસી હૈ ભગવાન! પરમપારિણામિક પરમ ત્રિકાલી પરમાત્મસ્વભાવ ધ્રુવ ઉસકો હી યહાં સ્વદ્રવ્ય કહનેમેં આયા હૈ. સમજમેં આયા? આહાહા! ઉસકે સિવા સબ પર્યાય હૈં ઉનકો પરભાવ કહકર, ત્રિકાલીકી અપેક્ષાસે પરદ્રવ્ય કહકર હેય કહનેમેં આયા હૈ. આહાહા! તીન બોલ હૈં ભાઈ!

કઠણ વાત છે, સૂક્ષ્મ બાત હૈ. અનંતકાલસે સમ્યગ્દર્શન ક્યા ચીજ ઔર સમ્યગ્દર્શન કિસકે આધારસે ઉત્પન્ન હોતા હૈ યે કભી અંતરમેં દ્રષ્ટિમેં લિયા હી નહીં. સમજમેં આયા? આહાહા! વ્રત ને તપ ને નિયમ તો યહ હૈ ઉસકી તો અભી ખબર નહીં. વહ કહતે હૈં યહાં અપની ચલતી ગાથામેં.

**અંતર્મુખ પરમ**... જો મુનિ પરમ-તપોધન અંતર્મુખ હૈ. સમ્યગ્દૃષ્ટિકો ભી અંતર્મુખસે હી દ્રષ્ટિ હોતી હૈ ઔર યે તો મુનિ હૈં. મુનિકી વ્યાખ્યા હૈ ન મુખ્યપને. પરમ.. **અંતર્મુખ પરમ-તપોધન**... તપોધન... પરમ અતીન્દ્રિય આનંદસ્વભાવ-સ્વરૂપ ત્રિકાલ ઉસકા ઉગ્ર આશ્રય લેકર અંતર્મુખમેં જહાં લીન હુઆ હૈ ઉસકા નામ યહાં પ્રત્યાખ્યાન કહનેમેં આયા હૈ. ઉસકો યહાં તપોધનકી ભાવશુદ્ધિકા કથન કહનેમેં આયા હૈ. આહાહા! સમજમેં આયા? આહાહા! નિર્લેપ નિર્વિકલ્પ ત્રિકાલી ભગવાન દ્રવ્ય એક સમયકી પર્યાયકો ભી છૂતા નહીં. સમજમેં આયા? રાગકો તો છૂતા હી નહીં... દયા, દાન, વ્રત, પંચમહાવ્રતકા વિકલ્પ યે તો વિકાર વિભાવ હૈ. ઉસકો તો નિર્મલ પર્યાય ભી છૂતી નહીં. આહાહા! ભગવાન... પણ દ્રવ્ય જો ત્રિકાલી વસ્તુ હૈ, જો સમ્યગ્દર્શનકા વિષય હૈ, જો સમ્યગ્દર્શનકા ધ્યેય હૈ, જો સમ્યગ્દર્શનકા આશ્રય હૈ, વહ ચીજ–દ્રવ્ય પર્યાયકો ભી છૂતી નહીં. સમજમેં આયા? વહ કહતે હૈ યહાં.

**અંતર્મુખ પરમ-તપોધન**... પ્રવચનસાર, ૧૭૨ ગાથામેં આ ગયા હૈ. અલિંગગ્રહણ હૈ ન. દ્રવ્ય પર્યાયકો છૂતા નહીં, પર્યાય દ્રવ્યકો છૂતી નહીં. ૧૮-૧૯-૨૦ બોલ હૈ. ૨૦ બોલ હૈં ન અલિંગગ્રહણકે ૨૦ બોલ હૈં. પ્રવચનસાર, ૧૭૨ ગાથા ઉસમેં ઐસા આયા હૈ. ભગવાન આત્મા ગુણી-ગુણકે ભેદકો ભી સ્પર્શતા નહીં. આહાહા! સમજમેં આયા? અભેદ અખંડ પ્રભુ એક સમયમેં... વર્તમાન એક સમયકી પર્યાય (ઔર) યે તો ત્રિકાલી ધ્રુવ ચીજ હૈ. ઐસી ધ્રુવ ચીજ દ્રવ્યસ્વભાવ નિત્યાનંદ પ્રભુ સદૃશસ્વભાવ, સામાન્યસ્વભાવ, એકરૂપસ્વભાવ હૈ. પર્યાયદ્રષ્ટિ કરનેમેં આશ્રય ઉસકા હૈ, પણ વહ દ્રવ્ય પર્યાયકો છૂતા નહીં. આહા! ગજબ બાત હૈ. ૧૮વેં બોલમેં યે લિયા ને ૧૯વેં બોલમેં યે લિયા કિ દ્રવ્ય પર્યાયસે અણાલિંગ–અણાલિઢ હૈ.

વહ યહાં કહતે હૈં. અંતર્મુખ તપોધનકી દ્રષ્ટિ સ્થિરતા પડી આનંદમેં. આહાહા! કાર્ય કરતી હૈ પર્યાય, ધ્રુવમેં કાર્ય હોતા નહીં, પણ વહ પર્યાય દ્રવ્યકા આશ્રય લેતી હૈ. પર્યાય ઐસે કહતી હૈ કિ મૈં યહ હૂં. અંતર્મુખતત્ત્વ જો મહાપ્રભુ કારણપરમાત્મા, એક સમયમેં કારણપ્રભુ... કારણજીવ કહો, કારણપરમાત્મા કહો, ત્રિકાલી વસ્તુ કારણસમયસાર કહો—ઉસકા આશ્રય લેકર જો સમ્યગ્દર્શન ઉત્પન્ન હુઆ... યે તો મુનિ હૈં. **અંતર્મુખ પરમ-તપોધન**... જિસે આનંદરૂપી લક્ષ્મી પરમ પ્રગટ હુઈ હૈ. આ ધૂળ લક્ષ્મી નહીં શેઠ! યે પાંચ-દસ કરોડ હૈ, યે ધૂલ કરોડ હૈ, બહોત પૈસાવાલા દિખતા હૈ. ધૂલ હૈ, અજીવતત્ત્વ હૈ. અજીવતત્ત્વ જીવકી પર્યાય હોકર રહા હૈ? લક્ષ્મી, શરીર વે તો અપને અજીવપને હોકર રહે હૈં. અપની પર્યાયમેં આકર રહે હૈં ઐસા હૈ નહીં. સમજમેં આયા?

શ્રોતા : ઉસકે બિના ચલતા નહીં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઉસકે બિના હી ચલતા હૈ. નહીં ચલતા કૌન કહતા હૈ? સમજમેં આયા? એય શેઠ! એક દ્રવ્યમેં દૂસરે દ્રવ્યકી નાસ્તિ હૈ. તબ તો વહ દ્રવ્ય ટિક રહા હૈ. ભૈયા! આહાહા!

હમારે વહ પ્રશ્ન હુઆ થા બોટાદ, ૧૦કી સાલમેં. .... મહારાજ! આપ લક્ષ્મીકી બાત કરતે હો તો લક્ષ્મી બિના તો ચલતા નહીં. ભગવાન! યે લક્ષ્મી ક્યા ચીજ હૈ? વહ તો અજીવતત્ત્વ હૈ. ક્યા અજીવતત્ત્વ બિના જીવ રહતા નહીં? અજીવતત્ત્વકી તો જીવમેં નાસ્તિ હૈ. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવસે અસ્તિ હૈ ઔર પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવસે નાસ્તિ હૈ. તું નહીં રહા. માન્યતા તેરી જૂઠી હૈ કિ હમ પર બિના રહ સકતે નહીં. મિથ્યાત્વભાવ હૈ. આહાહા! યહાં તો તીન લોકકે નાથ પ્રભુ ઐસે કહતે હૈં. ઇન્દ્રોકી સમક્ષમાં, ગણધરોની સમક્ષમાં સમવસરણમાં આવી દિવ્યધ્વનિ આયી. પ્રભુ! 'ભગવાન' કહકર બુલાયા હૈ ૭૨ ગાથા, સમયસારમેં. સમજમેં આયા? 'ભગવાન આત્મા' ઐસા કહા હૈ. આહાહા!

અંતર્મુખમેં પૂર્ણસ્વરૂપ ધ્રુવ એકસ્વરૂપ સામાન્ય સદ્દશ ઉસમેં જિસકી દ્રષ્ટિ પડી હૈ, વહ દ્રષ્ટિ પર્યાય હૈ, પણ પર્યાયકા આશ્રય હૈ ત્રિકાલી દ્રવ્ય. પર્યાય કાર્ય હૈ, પણ ઉસકા કારણ તો ત્રિકાલીવસ્તુ વહ કારણ હૈ. સમજમેં આયા? સૂક્ષ્મ બાત થોડી કરીએ છીએ હોં. બહુ લાંબી નથી કરતા. નહીંતર, વહ પર્યાય હૈ ઉસકા કારણ દ્રવ્ય ભી નહીં, પર્યાયકા કારણ પર્યાય હૈ. એ વળી આઘી વાત થોડી ઝીણી છે. સમજમેં આયા? પર્યાય એક અંશ ભી સ્વતઃ તત્ત્વ હૈ. પર્યાયકા ષટ્કારક પર્યાયમેં પર્યાયકે કારણસે હોતા હૈ, દ્રવ્યકે કારણસે નહીં. સત્ પરમ પરમાત્મા અપના નિજ પ્રભુ ઐસી જહાં દ્રષ્ટિ હુઈ તો દ્રષ્ટિકી પર્યાયમેં ષટ્કારક પરિણમન હો, (પર વહ) વસ્તુકો છૂતા નહીં. સમજમેં આયા?

વહ તો અપને આ ગયા હૈ ૭૬ ગાથામેં દોપહરકો. એક સમયકી પર્યાયમેં ષટ્કારક હોતા હૈ સ્વતંત્ર હોં. નિમિત્તકી અપેક્ષા નહીં, દ્રવ્ય-ગુણકી અપેક્ષા નહીં. ભગવાન! તેરી ચીજ કોઈ ઐસી હૈ પણ ખબર નહીં, ખબર નહીં. ઉસ નિત્ય ચીજકી દ્રષ્ટિ બિના તુજે વ્રત ને નિયમ ને તપ, દુલ્હા નહીં હૈ ઔર જાન જોડ દી (ઐસે હૈં). દુલ્હા સમજતે હો? દુલ્હા. વર.. વર. બારાત નિકલી હૈ, દુલ્હા નહીં–વર નહીં. કિસકી બારાત? એ માણસનું ધાડું છે. જાન ન કહેવાય એને. ઐસે ભગવાન આત્મા એક સેકન્ડકે અસંખ્યવે ભાગમેં એક સમયકી નિર્મલ પર્યાયસે જો ભિન્ન પરમાત્મા હૈ ઉસ પર દ્રષ્ટિ કરના ઉસકા નામ અંતરાત્મા હૈ. વિકલ્પ ને નિમિત્ત ઉપર દ્રષ્ટિ રખકર અપની દ્રષ્ટિ છોડે ઉસકા નામ બહિરાત્મા હૈ. ધન્યકુમારજી! સમજમેં આયા?

અનંતબૈર નવવીં ગ્રૈવેયક ગયા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' ઉસકા અર્થ ક્યા? ૨૮ મૂલગુણ, શુક્લલેશ્યા નવવી

ગ્રૈવેયકમેં જાય ઐસે હૈં. કહતે હૈં કિ યે પંચમહાવ્રતકા પરિણામ, શુક્લલેશ્યા દુઃખ હૈ. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો, પીછે પટક્યો' એ અમારે આવ્યું હતું. એ સજ્જાયમાળામાં આવ્યું છે. ચાર સજ્જાયમાળા લાવ્યા છે. હમ દુકાન પર પઢતે થે ન. ૬૩કી સાલસે સબ શાસ્ત્ર પઢતે થે. દુકાન ઘરકી–પિતાજીકી થી. ઉસમેં યે આયા થા. 'દ્રવ્યસંમયસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' યે સજ્જાયમાળા હૈ. એક એક માળામેં ૨૫૦-૩૦૦ સજ્જાય હૈ. ચાર પુસ્તક હૈં યહાં. દુકાન ઉપર અમે રાખી હતી. ૬૩-૬૪કી બાત હૈ. સંવત ૬૩-૬૪. ૭૦મેં (દીક્ષા લી. બાદમેં તો તો) મુહપત્તિ હટા દી. ૩૮ વર્ષ યહાં હુએ.

વહાં ઐસા આયા થા. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો..' અપના નિજાનંદ પ્રભુ ભગવાન ઉસકી અનુભવ દ્રષ્ટિ બિના અકેલે વ્રત ને તપ કરનેસે શુભભાવકી ઉત્કૃષ્ટતા હો, શુક્લલેશ્યા હો, છઠવે સ્વર્ગમેં ભી શુક્લલેશ્યાસે જાતે હૈં, તો યે તો ૭, ૮, ૯ ગ્રૈવેયક(મેં જાયે) ઐસી શુક્લલેશ્યા હૈ. (હૈ તો) લેશ્યા ન? લેશ (-થોડા કષાય) ન? બંધકા કારણ હૈ, વહ ધર્મ નહીં. પંચમહાવ્રત ને ૨૮ મૂલગુણ ધર્મ નહીં ઔર યે સુખ નહીં, દુઃખ હૈ. વહ કહતે હૈં, પરમ તપોધન અંતરમેં આનંદમેં હૈ. ક્યોંકિ નવ ગ્રૈવેયક... શું કહ્યું પહેલા? 'મુનિવ્રત ધાર..' વહ આતા હૈ ન છઢાળામેં. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના લેશ સુખ ન પાયો' ઉસકા અર્થ ક્યા હુઆ? પંચમહાવ્રતકા પરિણામ દુઃખરૂપ હૈ, આનંદ નહીં. આહા! આસ્રવ હૈ. ભૈયાજી! બાત તો ઐસી હૈ ભગવાન! લોગોંકો ઠીક પડે કિ ન પડે ઉસકે સાથ કુછ સંબંધ નહીં. ચીજ તો ઐસી હૈ.

અંતર્દ્રષ્ટિમેં ઐસી ચીજ આયે બિના, આનંદકા સ્વાદ આયે બિના, સમ્યગ્દર્શન કભી તીન કાલમેં હોતા નહીં. પંચમહાવ્રત, ૨૮ મૂલગુણ પાલે, નવમી ગ્રૈવેયક ગયા તો ભી, કહતે હૈ કિ ઉસકો આત્મજ્ઞાનકા સુખ નહીં. આહાહા! વહ દુઃખ થા સબ. ભગવાન અમૃતકા સાગર પ્રભુ ઉસમેં વૃત્તિકા ઉત્થાન હો, ચાહે તો મહાવ્રતકા હો કિ ચાહે તો અવ્રતકા હો, વહ વૃત્તિકા ઉત્થાન હૈ વહ ઝેર હૈ, દુઃખ હૈ. ભગવાન! સ્વરૂપ તો ઐસા હૈ હોં. સમજમેં આયા? ઐસા તપોધન... આહાહા! જિસને અંતર દ્રવ્યકા સ્પર્શ કિયા હૈ ઔર અતીન્દ્રિય આનંદકા જિસે અનુભવ આયા હૈ, ઉસકો યહાં પરમ તપોધન કહતે હૈં. ઐસે **તપોધનકી ભાવશુદ્ધિ**... ભાવશુદ્ધિ નામ વીતરાગી પરિણતિ, ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ, ઉસકા કથન કરતે હૈં. ભાવશુદ્ધિ નામ પુણ્ય દયા, દાન, વ્રત વહ ભાવ નહીં. વહ શુદ્ધ હૈ નહીં, વહ તો અશુદ્ધ હૈ.

**પરમ-તપોધનકી ભાવશુદ્ધિકા કથન હૈ**. આહાહા! સંતોને ગજબ કામ કિયા હૈ! દિગંબર મુનિઓએ, આહાહા! વીતરાગમાર્ગના ધોરીધર્મને ધારી રાખ્યો છે. આ માર્ગ છે ભાઈ! આ માર્ગ છે. સમજમેં આયા? ઐસી ચીજ દિગંબર સંતોં સિવા (કહીં નહીં). કિસકે સાથ સમન્વય કરે? ભગવાન! ઝેરને પોષ્યા છે હોં. ભૂલ્યા હોય તોય ભગવાન છે. વસ્તુ તો ભગવાન હૈ ન.

પર્યાયમેં ભૂલ હૈ એક સમયકી. વિરોધ તો કોઈ વ્યક્તિ પ્રત્યે નહીં હોના ચાહિયે. સબ પ્રતિ (સમભાવ હોના ચાહિયે). ઉસકી તો ગાથા ચલતી હૈ. દેખો! અબ ઉસકા અર્થ નીચે.

**જિસને...** જો મુનિ એટલે ધર્માત્માને, **જિસને** એટલે ધર્માત્માને **સમસ્ત ઇન્દ્રિયોંકે વ્યાપારકો છોડા હૈ...** આહાહા! એ લીધું ભાઈ! ૩૧ ગાથા, સમયસારમાં. **जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं...** જિસને જડ-ઇન્દ્રિયકા લક્ષ છોડ દિયા હૈ, જિસને ભાવેન્દ્રિય (અર્થાત્) એક-એક વિષયકો જાનનેકા ખંડખંડરૂપ ભાવેન્દ્રિયજ્ઞાન (કિ જો) ભી ઇન્દ્રિય હૈ ઉસકા ભી લક્ષ છોડ દિયા હૈ ઔર જો ભગવાનકી વાણી, ભગવાન સાક્ષાત્ આદિ વે ભી ઇન્દ્રિય હૈં— તીનોંકો ઇન્દ્રિય કહા હૈ. ૩૧મી ગાથા, સમયસાર. પાઠમેં ઇતના હૈ. **जो इंदिये जिणित्ता...** અમૃતચંદ્રાચાર્ય ભગવાન સંત–મુનિ ૯૦૦ વર્ષ પહલે ભાવલિંગી સંત હુએ. આહાહા! ચાલતા સિદ્ધ. ભરતક્ષેત્રમેં અમૃતચંદ્રાચાર્યકી ટીકા (જૈસી કોઈ નહીં).

શ્રોતા : ભગવાન તો જ્ઞેય હૈં, ઇન્દ્રિય ક્યોં કહા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઇન્દ્રિયકા વિષય વહ ઇન્દ્રિય ઐસે લિયા હૈ. ૩૧ ગાથામેં હૈ. ૩૧વીં ગાથામેં હૈ, સમયસાર. ભાવેન્દ્રિયકા વિષય હૈ, ભગવાન ભી ઇન્દ્રિયકા વિષય હૈ, અતીન્દ્રિયકા વિષય નહીં, સમ્યગ્દર્શનકા વિષય નહીં. ક્યા કહતે હૈં?

શ્રોતા : .......

પૂજ્ય ગુરૂદેવશ્રી : ના, ના, ના. ભગવાન! સુના નહીં? યે તો અપને બહોત બાર ચલા હૈ. યે તો ૧૭વીં બાર ચલતા હૈ. ક્યા હૈ ૩૧ (ગાથામેં)?

દેખો! જો મુનિ **દ્રવ્યેન્દ્રિયોં, ભાવેન્દ્રિયોં ઔર ઇન્દ્રિયોંકે વિષયભૂત પદાર્થ...** તીનોંકો ઇન્દ્રિય કહા હૈ. **તીનોંકો અપનેસે અલગ કરકે સર્વ અન્યદ્રવ્યોંસે ભિન્ન અપને આત્માકા અનુભવ કરતા હૈ વહ મુનિ નિશ્ચયસે જિતેન્દ્રિય હૈ**, જિન સમકિતી હૈ. ૩૧ ગાથા હૈ. સમજમેં આયા? યે વિષય લિયા હૈ અંદરમેં. દ્રવ્યેન્દ્રિયોં અને ભાવેન્દ્રિયોં અને ઇન્દ્રિયોંકે વિષયભૂત પદાર્થ—એ ત્રણેયને જીતીને... ભગવાનકી વાણી હૈ વહ પર હૈ. વાણી સુનનેમેં ભી એક વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા? અપના જ્ઞાન હોતા હૈ, અપનેકો ઉસ વક્ત જ્ઞાન હોતા હૈ વહ ભી અપનેસે હુઆ હૈ, વાણીકો નિમિત્ત કહા. ઉસકા જ્ઞાન ભી પરલક્ષી જ્ઞાન હૈ, વહ સમ્યગ્જ્ઞાન નહીં. સમ્યગ્જ્ઞાન તો ભગવાન આત્મા અતીન્દ્રિયકા અખંડ દરિયા પ્રભુ ઉસમેં દ્રષ્ટિ લગાકર જો આનંદ સહિત જ્ઞાનકા કણ પ્રગટ હુઆ, ઉસકો ભગવાન સમ્યગ્જ્ઞાન કહતે હૈં. ચાહે તો ભલે મતિ ને શ્રુત હો.

અતીન્દ્રિય ભગવાન આત્મા પૂર્ણાનંદકા નાથ ઉસકા સ્પર્શ કરકે... સમુદ્રમેં બાઢ આતી હૈ. બાઢ કહતે હૈં? ભરતી આતી હૈ ઉસે ક્યા કહતે હૈં? વહ કોઈ બાઢકે પાનીસે નહીં આતી. ૫૦૦ નદી હો, ૫૦૦ નદીકા પાણી હો, પણ જબ પીછે હટે... ક્યા કહતે હૈં? ઓટ. હમારે ઓટ

કહતે હૈં. ઓટકે વક્ત ૫૦૦ નદીકા પાની હો તો ભી ક્યા ભરતી લા સકતા હૈ પાની? અને ભરતીકે વક્ત ૧૧૮ ડિગ્રીકા ધૂપ હો, તો ક્યા વહ ભરતીકો રોક સકતા હૈ? મધ્યબિંદુમેસે જબ ભરતી આતી હૈ તો ઉસકો કોઈ રોક સકે નહીં અને મધ્યબિંદુમેંસે આયે બિના અકેલે બાહરકે પાનાસે ભરતી–બાઢ આતી નહીં.

ઐસે ભગવાન આત્મા.. આહાહા! જિસમેં કેવલજ્ઞાનકી પર્યાય જો સાદિ-અનંત હૈ, વહ કેવલજ્ઞાન પર્યાય હૈ, ગુણ નહીં. કેવલજ્ઞાન પર્યાય હૈ એક સમયકી. દૂસરે સમય દૂસરી, ઐસી પણ દૂસરી, તીસરે સમય ઐસી પણ તીસરી—ઐસે સાદિ-અનંત કેવલજ્ઞાનકી પર્યાય જો ભૂતકાલકી પર્યાયસે અનંતગુની પર્યાય હૈ, ઐસી અનંતી પર્યાય જિસકે જ્ઞાનગુણમેં અંદર શક્તિરૂપ પડી હૈ ઐસા જ્ઞાનગુણ ભગવાન અને ઐસા અનંત ગુણકા પિંડ પ્રભુ. આહાહા! ઐસા અનંત ગુણકા એકરૂપ ઉસકા આશ્રય કરકે ઇન્દ્રિયકો જીતા. ભગવાનકી વાણીકો ભી જીતા. યે વાણી ભી રાગકા નિમિત્ત હૈ. એય! કઠણ વાત છે ભગવાન! આહાહા! વહ યહાં કહા. ૩૧ (ગાથા)મેં કહી વહ બાત યહાં લી હૈ.

**સમસ્ત ઇન્દ્રિયોંકે વ્યાપારકો છોડા હૈ**... જો મુનિ અતીન્દ્રિય આત્મા તરફકે અનુભવમેં આયા હૈ... જબ કિ સમ્યગ્દૃષ્ટિકો અતીન્દ્રિય આનંદકા અંશરૂપ અનુભવ હૈ. યે તો મુનિ હૈં છઠવેં ગુણસ્થાન(વર્તી), ઓહોહો! (જિન્હેં) તીન કષાયકે અભાવકા આનંદ, શાંતિ હૈ. સારી જડ-ઇન્દ્રિય, ભાવ-(ઇન્દ્રિય), ઔર ઉસકા નિમિત્ત વિષય—સબ ઇન્દ્રિયમેં જાતા હૈ. સબ ઇન્દ્રિયોંકો જીતા હૈ. પર તરફકા લક્ષ ને આશ્રય સબકા છોડ દિયા હૈ. સમજમેં આયા? વહ કહતે હૈં. આ તો પદ્મપ્રભમલધારિદેવની ટીકા છે. ભલે મુનિ થે. અમૃતચંદ્રાચાર્ય આચાર્ય થે, યે ટીકા કરનેવાલે મુનિ હૈં, આચાર્ય નહીં. પણ મુનિ કિસકો કહતે હૈં? આહાહા! જિસે ગણધર નમસ્કાર કરે ૧૪ પૂર્વકી રચના કરતે (વક્ત).

'ણમો લોએ સવ્વ ત્રિકાલવર્તી અરિહંતાણં.' પંડિતજી! ઐસા આતા હૈ. ત્રિકાલવર્તી હોં. યે ધવલમેં આયા હૈ. 'ણમો લોએ સવ્વ ત્રિકાલવર્તી–ત્રિકાલગોચર અરિહંતાણં, ણમો લોએ સવ્વ ત્રિકાલવર્તી સિદ્ધાણં, ણમો લોએ સવ્વ ત્રિકાલવર્તી આયરિયાણં..' ઐસા પદ હૈ ધવલમેં. પહલે ભાગમેં હૈ. 'ણમો લોએ સવ્વ ત્રિકાલવર્તી ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાલવર્તી સાહૂણં.' યે અંતદીપક હૈ. 'લોએ સવ્વ' અંતદીપક હૈ. ણમો લોએ સવ્વ.. ઓહોહો! અભી તો ભવિષ્યમેં સિદ્ધ હોગા વહ જીવ વર્તમાનમેં તો નિગોદમેં પડા હો. મૈં ત્રિકાલ પરમાત્મા... ત્રિકાલ(વર્તી) પંચપરમેષ્ઠીકો મૈં નમસ્કાર કરતા હૂં. ગણધરકા નમસ્કાર જિસકો પહોંચે વહ પદ કૈસા હો? ભગવાન!

'ણમો લોએ સવ્વ સાહૂણં' કહે. વે અપનેસે છોટે સાધુકો નમે નહીં. નમસ્કાર કરે નહીં (તો ક્યા) 'ણમો લોએ સવ્વ સાહૂણં'પદમેંસે નિકાલ દે સબ સાધુકો? એક અંતર્મુહૂર્ત પહલે

ભી અનુભવી સાધુ છટ્ઠે ગુણસ્થાનમેં આયા હો, તો ગણધર કહે કિ મેરા નમસ્કાર હૈ તુજે. જરા વિકલ્પ ઉઠા હૈ, વિકલ્પ હૈ, વહ તો વિકલ્પ-શુભરાગ હૈ. સમજમેં આયા? વહ તપોધનને સર્વ ઇન્દ્રિયોંકે વ્યાપારકો છોડા હૈ. જિસને સુનના છોડા ઔર સુનનેમેં વિકલ્પ આયા ઉસકો ભી છોડા. ધન્ય રે ધન્ય અવતાર! જિસને મનુષ્યભવ સફલ કિયા. આહાહા! સમજમેં આયા? સમ્યગ્દર્શન સહિત જો ચારિત્ર હૈ વહ તો સફલ પરમેશ્વર હુઆ, પંચ પરમેષ્ઠીમેં આયા ન. ૧૧વી પડિમાધારી પંચપરમેષ્ઠીમેં નહીં આયેગા. સમજમેં આયા? આહાહા! ધન્ય અવતાર! ઉન તપોધનકે પ્રત્યાખ્યાનની બાત ચલતી હૈ.

સર્વ ઇન્દ્રિયોંકા વેપાર છોડકર ઐસે મુજે... પદ્મપ્રભમલધારિદેવ અપની બાત કહતે હૈં. પદ્મપ્રભમલધારિદેવ મુનિ હૈં, છઠવેં-સાતવે ગુણસ્થાનમેં હજારો બાર ઝૂલતે હૈં. લિખતે વક્ત વિકલ્પ થા, ક્ષણમેં વિકલ્પ છૂટકર સપ્તમમેં આ જાતા હૈ. વે કહતે હૈં કિ **ઐસે મુજે ભેદવિજ્ઞાનિયોં...** આહાહા! અરે! સાધર્મીજીવો, સમકિતીઓ, મુનિઓ મારી જાતના એના પ્રત્યે પણ મારે તો સમભાવ છે. ઉનકે પ્રતિ પ્રેમકા વિકલ્પ મુજે નહીં એમ કહતે હૈં. સમજમેં આયા? **ભેદવિજ્ઞાનિયોં તથા અજ્ઞાનિયોં...** ચાહે તો મિથ્યાદ્રષ્ટિ અજ્ઞાની હો, મુજે તો ઉસકે **પ્રતિ સમતા હૈ...** યે સમતા (અર્થાત્) વીતરાગીભાવ. યે મેરા સાધર્મી હૈ તો વ્યવહારસે પ્રેમ વાત્સલ્ય હૈ વહ તો વિકલ્પ હૈ. વહ સમભાવ નહીં. સમજમેં આયા? વહ વિષમભાવ હૈ. હોતા હૈ, પણ વહ (વીતરાગી) ચીજ નહીં. આહાહા!

કહતે હૈં, મુજે તો ભેદવિજ્ઞાનીયોં... ઓહો! અરે! કેવલજ્ઞાની હો, આહાહા! કિ અજ્ઞાની અભવી હો કિ મિથ્યાદ્રષ્ટિ સાધુ હો કિ નિગોદકા જીવ અજ્ઞાની હો—ઉનકે પ્રતિ સમતા હૈ. મૈં જ્ઞાતા-દૃષ્ટા રહકર મેરી સમતાકા વીતરાગી અમૃતકા પીણા મૈં પીતા હૂં. મેરી સમતાદેવીકા અમૃત આનંદકા અનુભવ મૈં કરતા હૂં એમ કહતે હૈં. દેખો! મુનિ સ્વયં 'મુજે' એમ કહતે હૈં. ઐસે હૈં મુનિ, બાપા! આહા! અરે! હજી જેની શ્રદ્ધામાં ઠેકાણા ન મળે. સાંભળ્યું હોય કે કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ, સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ. વહ આતા હૈ કિ નહીં? એ ભૈયાજી! પણ વિચાર નહીં. આહાહા! યે તો કેવલી પરમાત્માકા વીતરાગકા માર્ગ હૈ.

અર્ધલોકકે સ્વામી શક્રેન્દ્ર ને ઇશાનેન્દ્ર... શક્રેન્દ્ર જિસકો ૩૨ લાખ વિમાન હૈં, એક-એક વિમાનમેં કિતનેમેં અસંખ્ય દેવ હૈં, એકાવતારી હૈ, તીન જ્ઞાન હૈ, એક ભવ કરકે મોક્ષ જાનેવાલા હૈ. ઉસકી પટરાણી હૈ વહ ભી એકાવતારી હૈ. વહ ભગવાનકે પાસ સુનને આતા હૈ વહ કૈસી વાણી હોગી? તમે દયા પાળો, વ્રત પાળો—વહ કુંભાર ભી કહતા હૈ ઐસી વાણી. સમજમેં આયા? આહાહા! લોકના સ્વામીને આમ સાંભળે ત્યાં, ગલુડિયા.. ગલુડિયાકો ક્યા કહતે હૈં? કુત્તીકા બચ્ચા. ઐસે સુનતે થે. વહ ભગવાનકી વાણી... સમજમેં આયા? એ વાણીમાં આવેલી આ વાત છે.

કુંદકુંદાચાર્યદેવ પરમાત્માકે પાસ ગયે થે, આઠ દિન રહે થે. સુનકર આયે, યે સમયસાર (આદિ) બનાયા. પોન્નુર હિલ મદ્રાસકે પાસ હૈ ન. ૮૦ માઈલ દૂર પોન્નુર હિલ હૈ. હમ વહાં દો બાર ગયે હૈં. તીસ હજાર રૂપિયા દિયા સંસ્થાને કમરા કરનેકો. વહાં પોન્નુર હિલ ઉપર ચરણ હૈં. હમ દો બાર ગયે હૈં. એક બાર (સંવત) ૧૫ ઔર (સંવત) ૨૦મેં. બે વાર ગયા (છીએ). એક કમરા બનાયા હૈ સંસ્થાકી તરફસે. ૩૦ હજાર રૂપિયા દિયા હૈ. એમાં કાંઈ ....... પીછે ગુફા થી... વહાં ભગવાન કુંદકુંદાચાર્ય રહતે થે આત્મધ્યાનમેં. ગુફા હૈ, બહોત છોટી ગુફા હૈ. ખબર હૈ ન... ભગવાનકે પાસ વહાંસે ગયે થે. વહાંસે આકર સમયસાર આદિ (શાસ્ત્ર) વહાં બનાયે હૈં.

સામને હૈ ન ગુફા? શું કહેવાય? ડુંગર સામે. ધવલગિરિ. વહ પહલે જૈનકા થા, અબ વૈષ્ણવકા હો ગયા હૈ. સામને હી હૈ. ...... નિશ્ચયકા લખાણ યહાં હુઆ, વ્યવહારકા હુઆ યહાં. ધવલગિરિ હૈ ન સામને. અબ વૈષ્ણવકા હો ગયા હૈ. પોન્નુર હિલની પાસે છે. આ ધવલ, મહાધવલ, જયધવલ આદિ મૂલ લિખા ગયા હૈ વહાં. ષટ્ખંડાગમ અહીં અંકલેશ્વર. ઉસકી ટીકા હુઈ હૈ વહ તો બહોત વર્ષ પીછે વીરસેનસ્વામી(ને બનાયી હૈ). ધવલ, જયધવલ આદિ. ... ગ્રંથ હૈ ન. ભગવાનકી વાણી હૈ ઉસકે સાથ સંબંધ રખતે હૈં. સમજમેં આયા? યહાં વહ કહતે હૈં અધ્યાત્મમેં. આહા! ભેદવિજ્ઞાની હો કિ અજ્ઞાની હો, મૈં જ્ઞાતા હૂં. ભેદવિજ્ઞાની પ્રતિ પ્રેમ કરના અને અજ્ઞાની પ્રતિ દ્વેષ કરના વહ મેરી ચીજમેં હૈ નહીં. 'ખામેમિ સવ્વે જીવા' દયા. આતા હૈ ન ખામેમિ. સવ્વે જીવા.. સવ્વે જીવા ખમયંતુ... યે ઉસકા અર્થ હૈ.

**મુજે ભેદવિજ્ઞાનીયોં**... સંત કહતે હૈં કિ સંત પ્રતિ ભી મુજે પ્રેમભાવ નહીં. આહાહા! ક્યોંકિ પરકા પ્રેમ વહ તો વિકલ્પ હૈ. વહ સમભાવ નહીં. આહાહા! અંતર આશ્રય કરકે લેના વહ ન રહા. પુણ્ય-પાપ (અધિકારમેં) લિયા હૈ ન. પ્રભુ! શુભાશુભભાવકા નિષેધ કરતે હો, તો શ્રાવક ને મુનિકો શરણ ક્યા? યે પ્રશ્ન ઉઠા હૈ પુણ્ય-પાપ (અધિકાર)મેં. શરણ, ઉસકો તો અતીન્દ્રિય આનંદકા શરણ હૈ. જ્ઞાનાનંદસ્વભાવકે શરણમેં અમૃત પીતા હૈ. અમૃત પીતા હૈ ઐસા હૈ કલશમેં. કલશમેં હૈ. ઓહોહો! સમયસાર, પ્રવચનસાર (આદિ) ભગવાનકી સાક્ષાત્ વાણી હૈ. આડતિયા (બનકર) કુંદકુંદાચાર્યને કહા. આડતીયા સમજે? એજન્ટ. આહાહા!

ભગવાન ઐસા કહતે થે. ત્રિલોકનાથ મહાવિદેહમેં બિરાજતે હૈં વર્તમાનમેં. વહી ભગવાન ઉસ સમય થે, વહી ભગવાન અભી હૈ. ૫૦૦ ધનુષકા દેહ હૈ, કરોડ પૂર્વકા આયુષ્ય હૈ. મુનિસુવ્રત ભગવાનકે કાલમેં દીક્ષિત હુએ થે. આગામી ચોવીસીમેં તેરહવે તીર્થંકર હોંગે તબ મુક્તિ હોગી. એક કરોડ પૂર્વકા આયુષ્ય હૈ. એક પૂર્વમેં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ (વર્ષ હોતે હૈં). વહ કોઈ વિશેષતા નહીં. એક પૂર્વમેં ઇતને વર્ષ હૈં. ૭૦ લાખ કરો, ૫૬ હજાર

કરોડકા એક પૂર્વ. ઐસા કરોડ પૂર્વકા આયુષ્ય ભગવાનકો હૈ. પણ વહ સંખ્યાતા હૈ. આહાહા! અનંતકાલકે હિસાબસે ઐસે કરોડકી ગિનતી ક્યા? આહાહા!

કહતે હૈં, મુજે તો સબ પ્રતિ... આહાહા! ધર્મી હો કિ અજ્ઞાની હો. સમતા વીતરાગી અમૃત ઝરણા હૈ મુજે તો. મૈં તો જાનન-દેખનવાલા હૂં, મેરેમેં સમતારૂપી અમૃત ઝરતા હૈ વહ મેરી વીતરાગતા હૈ. આહાહા! વહ મેરા પ્રત્યાખ્યાન હૈ એમ કહતે હૈં. સમજમેં આયા?

**મિત્ર-અમિત્રરૂપ (મિત્રરૂપ અથવા શત્રુરૂપ) પરિણતિકે અભાવકે કારણ...** દેખો! આહાહા! યે મેરા મિત્ર હૈ, યે મેરા સાધર્મી હૈ, યે મેરા શત્રુ હૈ—દોનોં પ્રતિ મુજે તો પરિણતિકા અભાવ–વિકલ્પકી પરિણતિકા અભાવ હૈ. આહા! સંત તો અપને ભવકે અંતકી બાત કરતે હૈં. સમજમેં આયા? હમેં તો સમતા.. સમતા.. સમતા હૈ. (સમતાકો) કુલદેવી કહેંગેં આગે. શુભાશુભ પરિણતિ વિકલ્પ વહ વિષમભાવ હૈ, ઉસસે રહિત મેરી સમતા હૈ. ત્રિકાલી સમતાકા પિંડ પ્રભુ ઉસકે આશ્રયસે મેરી પર્યાયમેં અમૃતરૂપી સમતા પ્રગટ હુઈ હૈ, ઉસ સમતામેં શુભાશુભ પરિણતિકા અભાવ હૈ. હસ્તીમલજી! યે કભી સુના હી નહીં. અપવાસ કરો ને ઐસા કરો. આ તો એક વાત છે હોં. ઉસમેં રાગ મંદ હો તો પુણ્ય હો, પણ ધર્મ નહીં. આહાહા!

ધર્મ તો, અપૂર્વ અનંત આનંદકા પિંડ પ્રભુ એક સમયકી પર્યાયકો છૂતા નહીં ઐસે દ્રવ્યકો છૂતા હૈ પર્યાયસે ઐસા વ્યવહારસે કહના તબ ઉસકે આશ્રયસે દર્શન હો, ઉસકા નામ સમ્યગ્દર્શન, ઉસકે આશ્રયસે જ્ઞાન હો વહ સમ્યગ્જ્ઞાન ઔર ઉસકે આશ્રયમેં લીનતા હો વહ સમ્યક્ચારિત્ર. સમજમેં આયા? સુગનચંદજી! આહાહા!

શ્રોતા : ભગવાન .......

પૂજ્ય ગુરૂદેવશ્રી : હો તો ક્યા હૈ? વીતરાગવાણી કહીને એને. વિકલ્પ ઉઠતા હૈ પણ વહ કોઈ વાસ્તવિક તત્ત્વ નહીં. વ્યવહારસે પ્રેમસે વિકલ્પ ઉઠતા હૈ પણ વહ સમતા નહીં. આહાહા! વહ તો વિકલ્પ હૈ, ભાઈ! રાગ હૈ. વ્યવહાર વિકલ્પ આતા હૈ, આતા હૈ, પણ હૈ તો રાગ, ઔર હૈ તો વિષકુંભ. આહાહા! (શ્રોતાઃ અમૃતકુંભ નહીં?) અમતૃકુંભ તો ભગવાન આત્મા હૈ. ઉસમેં નજર લગાકર જો આનંદકી દશા પ્રગટ હુઈ વહ અમૃતકા કુંભ હૈ. બાકી વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા, પંચમહાવ્રતકા પરિણામ, શાસ્ત્રકા જ્ઞાન સારા વિષકુંભ હૈ.

શ્રોતા : બહુ આકરી વાત કરો છો.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આકરી નહીં, યથાર્થ યહી હૈ. ઉસમેં કોઈ ફેરફાર કરે તો દ્રષ્ટિ જૂઠી હો જાયેગી. બાત ઐસી હૈ ભગવાન! આહાહા! જુઓને! કૈસા કહતે હૈં?

મોક્ષ અધ્યયનમેં કહા ન, મોક્ષ (અધિકાર), સમયસાર. પડિકમણા, પ્રતિસરણ આદિ આઠ બોલ ઝેર, વિષકુંભ હૈ. આહાહા! શુભભાવકો જહરકા ઘડા કહા. વ્યવહાર હૈ ન. જિસકો અંતર નિશ્ચય આનંદ પ્રગટ હુઆ હો તો ઉસકો વ્યવહારસે અમૃત કહનેમેં આતા હૈ. નિશ્ચયસે

તો ઝેર હૈ. આહાહા! બહુ ફેર. નિશ્ચય નામ યથાર્થ, સત્ય. વ્યવહાર નામ ઉપચાર. નિશ્ચય નામ સત્ય, વ્યવહાર નામ ઉપચાર અથવા અસત્ય. વહ આયા નહીં છ ઢાળામેં? સત્ય કારણ નિશ્ચય... ક્યા કહતે હૈં? 'જો સત્યારથરૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહારો..' યે કારણ તો અસત્યાર્થ હુઆ. છઢાળામેં આયા હૈ. પણ 'કારણ સો વ્યવહાર'મેં સત્યાર્થ યહ અને વહ (વ્યવહાર) કારણ હૈ વહ અસત્યાર્થ હૈ. આહાહા! ગાગરમેં સાગર ભરા હૈ છઢાળામેં. પણ અપની દ્રષ્ટિસે અર્થ કરે તો વસ્તુકી સ્થિતિ ગુમ હો જાયેગી.

કહતે હૈં, શત્રુ-મિત્ર પ્રતિકા વિકલ્પ ઉસકી પરિણતિ જો વિભાવ ઉસકા તો મુજે અભાવ હૈ. આહાહા! કહો, શેઠ! આહાહા! પ્રત્યાખ્યાનકા અધિકાર હૈ ન. શુભાશુભ પરિણામસે ભી છૂટના વહ પ્રત્યાખ્યાન હૈ. પરિણતિકે અભાવકે કારણ **મુજે કિસી પ્રાણીકે સાથ બૈર નહીં હૈ...** આહા! બહોત સૂક્ષ્મ. ભગવાન હૈં સબ. સામાયિકમેં આયા ન યોગસારમેં. 'સર્વ જીવ છે જ્ઞાન સમ ધારે સમતાભાવ..' યોગસારમેં આતા હૈ. અમિતગતિ કૃત. 'સર્વ જીવ છે જ્ઞાન સમ ધારે સમતાભાવ..' સમતા આ સમતા હોં. પુણ્ય-પાપકે વિકલ્પસે રહિત નિર્વિકલ્પ સમતાસે રહે ઉસકા નામ સામાયિક હૈ. યોગસારમેં હૈ. વહ તો યહાં હૈ, વહાં નહીં. વહાં તો યે હૈ. ..... યોગસાર હૈ ન યોગીન્દ્રદેવકા. 'સર્વ જીવ છે જ્ઞાન સમ, ધારે સમતાભાવ..' સમ ભગવાન જ્ઞાનસ્વરૂપી દરિયા ભરા હૈ. ઓહોહો!

યહાં એક અંગુલકે અસંખ્યવે ભાગમેં અનંત નિગોદકે જીવ હૈં, સબ જ્ઞાનમય હૈં. સારા સમુદ્ર ભરા હૈ. વેદાંત એમ કહે કે વ્યાપક છે જીવ. ઐસા નહીં હૈ. પણ જ્ઞાનમય આત્માસે સારી દુનિયા વ્યાપક ભરી હૈ, પૂરે લોકમેં હૈ. સમજમેં આયા? વેદાંત કહતા હૈ કિ એક આત્મા અદ્વૈત હૈ–દ્વૈત નહીં, વ્યાપક હૈ. ખંડખંડ કર દિયા ઉસને. યહાં તો એક-એક આત્મા હૈ. વસ્તુ કિસકો કહે? વસ્તુ કિસકો કહે? વસ્તુમાં વસેલી–રહેલી શક્તિઓ કોને કહે? જૈસા ભગવાન (આત્મા) અનાદિ-અનંત અવિનાશી હૈ, ઐસી-ઐસી જ્ઞાન, દર્શન, આનંદાદિ અનંતી શક્તિ અવિનાશી હૈં. સમજમેં આયા? ઉસ પર દ્રષ્ટિ જાના ઔર પીછે ઉસમેં એકાગ્ર હોકર વીતરાગી ધારા અમૃતકી પરિણતિ વહે. સમજમેં આયા? ઐસે મુજે પરકે સાથ વૈર નહીં.

યહાં તો ઐસે કહતે  હૈં, કેવલી પરમાત્મા હૈં, કેવલજ્ઞાની હૈ તો મુજે ઉનકે પ્રતિ પ્રેમ હોતા હૈ ઐસા નહીં. મેરી કમજોરીસે રાગ આતા હૈ પ્રેમકા, પણ વહ સમતાભાવ નહીં. આહાહા! આ તે વીતરાગમાર્ગ! સર્વજ્ઞ પરમાત્માને કહા અમૃતકા દરિયા ભરા હૈ. આહાહા! ક્યાંય એની ગંધ ન મળે. અને દુનિયા સાથે કરો સમન્વય. પંડિતજી કાલ કહેતા હતાને. ઓલા પચ્ચીસ...... ભગવાન! સમન્વય કિસસે કરે? કિસી પ્રતિ વેરવિરોધ હૈ હી નહીં. .... હોતા નહીં. આ માર્ગનો મેળ ક્યાંય છે નહીં. સમજમેં આયા?

સર્વ પ્રાણી પ્રતિ વૈર નહીં. ઉસકી અર્થ કિ પ્રેમ ભી નહીં. સાધર્મી પ્રતિ પ્રેમ નહીં, વિધર્મી પ્રતિ દ્વેષ નહીં—ઉસકા નામ વૈર નહીં. સમજમેં આયા? દેખો! યે પ્રત્યાખ્યાનકી દશા, (ઉસકા) યે સ્વરૂપ. આહાહા! નવ તત્ત્વમેં સંવર, નિર્જરા દશા કિસકો કહે ઉસકી શ્રદ્ધા તો યથાર્થ કરની પડે કિ નહીં? નવ તત્ત્વમેં સંવર-નિર્જરાકી યથાર્થ શ્રદ્ધા ન કરે તો તો વિરોધ હો જાયેગા. સમજમેં આયા? આહાહા! મોક્ષકી શ્રદ્ધા વહ દેવકી શ્રદ્ધા હૈ. સંવરતત્ત્વકી શ્રદ્ધા ગુરુકી શ્રદ્ધા હૈ. સમજમેં આયા? ત્રિકાલી આત્માકી શ્રદ્ધા વહ આત્માકી શ્રદ્ધા હૈ આહાહા!

કહતે હૈં, **સહજ વૈરાગ્યપરિણતિકે કારણ...** આહાહા! મુનિરાજ અપની બાત કરતે હૈં. સહજ વૈરાગ્યપરિણતિ... શુભાશુભ પરિણતિકા અભાવ કહા. તો અસ્તિ ક્યા હૈ? કિ **સહજ વૈરાગ્યપરિણતિકે કારણ...** મૈં તો વિકલ્પસે લેકર સારી દુનિયાસે ઉદાસ હૂં. મેરી વૈરાગ્ય-પરિણતિ હૈ. આહાહા! પુણ્ય-પાપમેં લિયા હૈ ન. પુણ્ય-પાપકે ભાવસે વિરક્ત હો વહ વૈરાગ્ય હૈ. બાહરસે બાયડી-છોકરા, દુકાન-ધંધા છોડકર કરે વૈરાગી (માને), વહ ખરેખર વૈરાગી નહીં. આહાહા! પુણ્ય-પાપકે અધિકારમેં ગાથા હૈ. સમજમેં આયા? શુભાશુભભાવસે વિરક્ત હો અને સ્વરૂપ ભગવાન આત્મામેં લીન હો, સમજમેં આયા? ઉસકો વૈરાગ્ય કહતે હૈ. ઐસા બાહરકા વૈરાગ્ય તો અનંત બાર લિયા, વહ વૈરાગ્ય નહીં. શ્રીમદ્મેં આયા હૈ. શ્રીમદ્મેં આયા હૈ.

યમ સંયમ નિયમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાઈ રહ્યો.
મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠ જોગ પ્રયોગ સુ તાર ભયો,
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં
સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન, ખંડન ભેદ લિયે,
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.
અબ ક્યો ન બિચારત હૈ ન મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસે
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈ કહ બાત કહે.

શ્રીમદ્ ૨૪ વર્ષે સમ્યગ્દર્શન પામ્યા, પીછે યે કવિત્ત બનાયા. હૈં તો ગુજરાતી, પણ બનાયી હિન્દી. સમજમેં આયા? 'જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે..' તપસ્યા કરે મહિના-મહિનાના, બબ્બે મહિનાના. 'ઉરસેંહિ ઉદાસી લહી સબપેં, વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.' યે તો રાગ હૈ. શેઠ! આહાહા! સહજ વૈરાગ્યપરિણતિ–સ્વભાવિક વૈરાગ્ય પરિણતિ. મેરા ભગવાન પૂર્ણાનંદકી દ્રષ્ટિમેં મુજે આયા અસ્તિ, તો ઇસ બાજુસે મુજે વૈરાગ્ય હો ગયા એમ કહતે હૈં. ઇસ બાજુસે પૂર્ણાનંદકા આશ્રય જહાં લિયા તો પર તરફકા આશ્રય છૂટા વહ વૈરાગ્ય હૈ. આહાહા!

**મુજે કોઈ ભી આશા નહીં વર્તતી...** પાઠમેં હૈ ન. **आसाए वोसरित्ता णं...** ઇચ્છાકા નાશ હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? પાઠ હૈ ન. **आसाए वोसरित्ता णं समाहि...** આશા નહીં વર્તતી. કહીં આશાકા વિકલ્પ ભી નહીં. મૈં તો વીતરાગ સમતાકા પિંડ પ્રભુ હૂં. આહાહા! **પરમ સમરસીભાવસંયુક્ત...** 'પરમ સમરસીભાવસંયુક્ત' યે વૈરાગ્યકી વ્યાખ્યા કી. પરમ સમતારૂપી ભાવસે સંયુક્ત **પરમ સમાધિકા મૈં આશ્રય કરતા હૂં અર્થાત્ પરમ સમાધિકો** પ્રગટ કરતા હૂં. પરમ સમાધિકો **પ્રાપ્ત કરતા હૂં.** યે સમાધિ. સમજમેં આયા?

લોગસ્સમેં આતા હૈ. સુગનચંદજી! 'સમાહિવરમુત્તમં દિંતુ.' હમારે દિગંબરમેં આતા હૈ, પણ સામાયિકમેં આતા હૈ. 'સમાહિવરમુત્તમં દિંતુ.' સામાયિકકે પાઠમેં આતા હૈ. 'એવં મએ અભિથુઆ વિહુયરયમલા પહીણજરમરણા..' સામાયિકમેં આતા હૈ પાઠ. અપને સામાયિકમેં આતા હૈ. ...... 'સમાહિવરમુત્તમં દિંતુ..' હે ભગવાન! મુજે આધિ નામ સંકલ્પ-વિકલ્પકે પરિણામસે રહિત, વ્યાધિ નામ શરીરકે રોગસે રહિત, ઉપાધિ નામ બાહરકી ચીજકે સંબંધ રહિત—ઐસી મેરી આત્માકી સમાધિ (દો). આનંદમેં રહના વહ મેરી સમાધિ. ભગવાન! વહ મુજે દો એમ કહતે હૈં. ભગવાન..... ક્યાં આપે? કોણ આપે? ભક્તિ હૈ ન. પરમ સમાધિકા મૈં આશ્રય કરતા હૂં અર્થાત્ પરમ સમાધિકો મૈં પ્રાપ્ત કરતા હૂં. પરમ સમાધિ... દુનિયા ડોલી ઉઠે, પણ મેરી શાંતિમેંસે મૈં નહીં ચલૂં. આહાહા! ઐસી મેરી સમાધિ ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ. યોગીન્દ્રદેવકા આધાર દેંગે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા વદ ૭, શુક્રવાર, તા. ૨૯-૯-૧૯૭૨**
**શ્લોક-૧૪૦-૧૪૧, પ્રવચન નં. ૧૧૦**

૧૦૪ ગાથાકા કલશ હૈ કલશ. આધાર કલશકા હૈ ન. ૨૦૨ પન્ને પર હૈ.

**ઇસીપ્રકાર શ્રી યોગીન્દ્રદેવને (અમૃતાશીતિમેં ૨૧વેં શ્લોક દ્વારા) કહા હૈ કિ :**

**मुक्त्वालसत्वमधिसत्त्वबलोपपन्नः**
**स्मृत्वा परां च समतां कुलदेवतां त्वम्।**
**संज्ञानचक्रमिदमङ्ग गृहाण तूर्ण-**
**मज्ञानमन्त्रियुतमोहरिपूपमर्दि ॥**

આચાર્ય મહારાજ મુનિરાજ કહતે હૈં, **શ્લોકાર્થ : હે ભાઈ! સ્વાભાવિક બલસમ્પન્ન...** પ્રભુ! તું તો સ્વભાવિક બલસંપન્ન હૈ ન. તેરેમેં તો અનંત બલ પડા હૈ. અનાદિ.. અનાદિ-અનંત જ્ઞાન સ્વભાવ હોં, અનંત દર્શન, અનંત આનંદ, અનંત બલ.. અનંત બલ. જો સર્વજ્ઞ પરમાત્માકો વીર્ય પ્રગટ હોતા હૈ વહ તો બલ(ગુણકે) પાસ અનંતવે ભાગમેં બલ હૈ. સમજમેં આયા? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર... આત્મા સર્વજ્ઞસ્વભાવી હી હૈ. ભગવાન આત્મા સર્વજ્ઞ-સ્વભાવી હૈ, ક્યોંકિ ઉસમેં અનાદિ સર્વજ્ઞસ્વભાવ શક્તિ પડી હૈ. 'જ્ઞ' સ્વભાવ કહો, સર્વજ્ઞ સ્વભાવ કહો, ઉસકે સાથ અનંત બલસંપન્ન આત્મા હૈ. સમજમેં આયા? વહ પુરુષાર્થ જો કરતા હૈ વહ તો અનંતવે ભાગમેં પુરુષાર્થ હૈ. મોક્ષકે માર્ગકા પુરુષાર્થ અનંતવે ભાગમેં હૈ હી, પણ મોક્ષમેં જો અનંતબલ પ્રગટ હુઆ વહ ભી અનંતવે ભાગમેં હૈ. વહ પર્યાયકા પુરુષાર્થ ને યે તો દ્રવ્યકા પુરુષાર્થ. આહાહા! સમજમેં આયા?

વસ્તુ ભગવાન આત્મા સ્વભાવિક બલસંપન્ન હૈ. આહાહા! પદ્મપ્રભમલધારિદેવ ટીકાકાર (શ્લોકકા) આધાર (દેતે હૈં). અમિતગતિકા હૈ ન? યોગીન્દ્રદેવ. અમિતગતિ ચૂકીને (બોલાઈ ગયું), યોગીન્દ્રદેવ. ભાઈ! તેરા સ્વ-સત્ત્વ અનંતબલ સંપન્ન હૈ, સ્વભાવ હોં. અનંત બલસંપન્ન પ્રભુ **ઐસા તૂ આલસ્ય છોડ**. અબ. આહાહા! રાગ, પુણ્ય ને પાપમેં જો પુરુષાર્થ જાતા હૈ વહ આલસ હૈ. સમજમેં આયા? સમભાવકી વ્યાખ્યા હૈ ન. શુભ-અશુભભાવમેં હૈ તો વિષમભાવ હૈ. યહાં ક્યાં કહતે હૈં? કિ આત્મામેં જો વીર્ય ગુણ હૈ ન અનંતબલ, ઉસ ગુણકા સામર્થ્ય, સ્વરૂપકી રચના કરના હૈ.

૪૭ શક્તિમેં હૈ. ૪૭ શક્તિ હૈ ન પીછે સમયસારમેં. વીર્યગુણ તેરેમેં હૈ. બલસંપન્ન લિયા. ક્યા હૈ ઉસકા અર્થ? કિ તું અનંતબલ સમર્થ હૈ, તેરા શુદ્ધસ્વરૂપ વીતરાગીભાવકી રચના કરનેમેં સમર્થ વહ બલ હૈ. પુણ્ય ને પાપકી રચના કરે વહ બલ નહીં. વહ નપુંસકબલ

હૈ એમ કહતે હૈં. એ ગાથા ચાલી છે. આહાહા! શુભ ને અશુભભાવ રાગ હૈ, સ્વભાવસે વિરુદ્ધ, સમતાસે વિરુદ્ધ ભાવ હૈ. ઉસકી રચના વહ સ્વભાવિક પુરુષાર્થકી નહીં. સમજમેં આયા? વીર્યસંપન્ન... ૪૭ શક્તિમેં આયા હૈ.

વીર્યકા કાર્ય—સ્વરૂપકી રચના કરના વહ વીર્યકા કાર્ય હૈ. પરકા તો કુછ કરે નહીં, પણ રાગકો રચે વહ ભી વીર્ય નહીં. આહાહા! ભગવાન! તું તો બલસંપન્ન હૈ ન. એમ કહ્યુંને? તેરે સ્વભાવમેં તો અનંત બલ હૈ ન પ્રભુ! તો ઐસા તું આલસ છોડ. પરસન્મુખ પુણ્ય ને પાપકા વિકલ્પ કરનેમેં જો તેરા વીર્ય જાતા હૈ, વહ તેરા વાસ્તવિક વીર્ય નહીં પ્રભુ! આહાહા! સમજમેં આયા? જો વીર્ય સ્વરૂપ-સ્વસન્મુખ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રકી રચના કરે ઉસકો ભગવાન આત્માકા વીર્ય કહતે હૈં. આહાહા! સમજમેં આયા? ઐસા આલસ છોડકર... આહાહા! દો વાત લી. અસ્તિમેં અનંત બલસંપન્ન અને નાસ્તિમેં અબ તુજે આલસ છોડના હૈ. પુણ્ય-પાપમેં ભાવ જાતા હૈ. મુનિકે પંચમહાવ્રત હૈં ન વે પ્રમત્તભાવ હૈં, આલસ હૈ. ક્યોંકિ વહ છૂટતે હૈં તબ અનુભવપૂર્વક અપ્રમત્તભાવ સપ્તમ (ગુણસ્થાનમેં) આતા હૈ. ધન્યકુમારજી! બાત બહુ અલૌકિક હૈ ભાઈ! આ તો સર્વજ્ઞના પેટ છે.

વીતરાગ પરમાત્મા જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણવાની પર્યાય પ્રગટ થઈ, એ પર્યાય જાણતા ત્રણ કાળ, ત્રણ લોક જણાઈ જાય. ઐસા જાનનેમેં, યે લોક હૈ ઉસકો જાનનેમેં ઉપયોગ નહીં હૈ. અપની પર્યાયમેં ઇતના સામર્થ્ય પ્રગટ હુઆ કિ ઉસકો જાનનેમેં—તીન કાલ, તીન લોકકો જાનનેવાલી પર્યાયકો જાનનેમેં—સબ જાનનેમેં આ જાતા હૈ. સમજમેં આયા? ઐસા બલસંપન્ન પ્રભુ! અબ તું આલસ તો છોડ. આહાહા! વાહ! ૨૮ મૂળગુણ પાળે એ તો પ્રમાદ છે. વહ છોડે તો અપ્રમાદદશા આતી હૈ. આ વાત છે. પંચમહાવ્રતકા પરિણામ, ૨૮ મૂલગુણકા પરિણામ બંધકા કારણ હૈ. આહાહા! હે મુનિ! હે ભાઈ! હેઠે છે એને ઉદ્દેશીને કહે છેને.

**ઐસા તૂ આલસ્ય છોડકર**... આહાહા! બલસંપન્ન સન્મુખ દેખ, તેરા આલસ છૂટ જાયેગા. આલસ છોડના વહ ભી નહીં, વહ તો ઉપદેશમેં કથન આવે ન. આલસકો છોડ. ક્યા છોડે? યે આલસ–પ્રમાદ હૈ ઐસે છોડના હૈ? હૈ પ્રમાદ ઉસકો છોડું? હૈ ઉસે છોડના ક્યા? નહીં હૈ ઉસે છોડના ક્યા? છોડનેકી વ્યાખ્યા વહ કિ અનંત બલસંપન્ન ભગવાન આત્મા ઉસ તરફકા જહાં ઝુકાવ હુઆ, તો આલસ ઉત્પન્ન નહીં હોતા હૈ ઉસે 'આલસ છોડા' ઐસે કહનેમેં આતા હૈ. ઐસી હૈ વસ્તુ. વસ્તુસ્થિતિ યે હૈ. પણ ઉપદેશકી શૈલી... 'આલસ છોડકર' આયા ન? ક્યા કરે, પણ ઉપદેશકી પદ્ધતિમેં ક્યા કહના? સમજમેં આયા? આહાહા! યે પ્રત્યાખ્યાન અધિકાર હૈ ન.

એક બાજુ સમયસાર ૩૪વીં ગાથામેં ઐસે કહા પ્રત્યાખ્યાનકે અધિકારમેં કિ આત્મા વિકારકા ત્યાગકર્તા.. વિકારકા ત્યાગકર્તા હૈ વહ ભી ઉસમેં નામમાત્ર હૈ. પરમાર્થસે વિકારકા ત્યાગકર્તા આત્મા હૈ હી નહીં. વહ ૩૪ ગાથામેં પ્રત્યાખ્યાનકા અધિકાર હૈ ન. પ્રત્યાખ્યાન હૈ ન. વિકલ્પ જો હૈ પુણ્ય-પાપકા, ઉસકા ત્યાગકર્તા, ઉસકી વ્યાખ્યા ક્યા? ત્યાગ (એટલે) આ વિકારને છોડું—એવું છે? નહીં ઉત્પન્ન હુઆ ઉસકા ત્યાગકર્તા ક્યા ઔર હૈ ઉસકા ત્યાગકર્તા ક્યા? અનંત.. અનંત.. ભગવાન આનંદ ને બલસંપન્ન પ્રભુ ઉસપર જહાં ઝુકાવ હુઆ, વહાં આલસકી ઉત્પત્તિ નહીં હુઈ ઉસે 'આલસ છોડા' ઐસા કહનેમેં આતા હૈ. બાત ઐસી હૈ. આહાહા! સમજમેં આયા?

આલસ–પ્રમાદ, યે પ્રમાદપર્યાય હૈ ઉસે મૈં છોડું વહ તો પર્યાયબુદ્ધિ હુઈ. છોડે કિસકો? હૈ ઉસકો છોડે? ભગવાન અનંત આનંદ, બલ સંપન્ન પ્રભુ હૈ ઉસકે સન્મુખ હોકર જહાં એકાગ્ર હોતા હૈ, તો પ્રમાદ–આલસ ઉત્પન્ન હોતા નહીં. આલસ છોડા ઐસા વ્યવહારનયસે કથન કરનેમેં આયા હૈ. સમજમેં આયા? પરમાર્થસે તો વિકારકા ત્યાગકર્તા આત્મામેં નામમાત્ર હૈ. પરમાર્થસે વિકારકા ત્યાગ કરતા હી નહીં. આહાહા! ગજબ વાત છે! આ તો હજી મૈં પરકા કર દૂં, દૂસરેકો સુધાર દૂં. આહાહા! ભાઈ! કહાં તેરી દ્રષ્ટિ ગઈ હૈ? રાગકી રચના કરું વહ મિથ્યાત્વભાવ હૈ. ક્યોંકિ રચના કરના, વિકારકી રચના કરું તો વિકારમય ત્રિકાલી માને તો વિકારકી રચના કર સકે. આહાહા!

યહાં તો યોગીન્દ્રદેવ કહતે હૈં. સંતોંકી વાણીકી ગજબ વાત હૈ! દિગંબર સંતો એટલે પરમાત્માના પેટ ખોલીને વાત કરે છે. એવી વાત ક્યાંય છે નહીં. સમજમેં આયા? કોની સાથે સમન્વય કરવો? આહાહા! (શ્રોતા : સંભવ હી નહીં હૈ સમન્વયકા.) આવી ચીજ બાપુ! સબ ભગવાન હૈં, કોઈ પ્રતિ વિરોધ નહીં, વેર કોઈ પ્રતિ નહીં. વેર કૈસા? પણ આ વાતની સાથે મિલાન થાય એવી ચીજ છે ક્યાં? સુગનચંદજી! આહાહા!

કહતે હૈં, સ્વભાવિક બલસંપન્ન હૈ. કરના હૈ ઐસે નહીં એમ કહતે હૈં. કરના તો પર્યાયમેં આયા. પણ તેરા બલ તો અનંત સ્વભાવિક હૈ, ઉસકા જહાં સ્વીકાર અંદરમેં હુઆ કિ ઐસા મૈં હૂં... આહાહા! ભૂતાર્થ, વહ તો ભૂતાર્થકી અપેક્ષા બાત કરતે હૈં. ઐસા હૈ ઐસા જહાં પર્યાયમેં સ્વીકાર કિયા, વહાં સ્વરૂપકી રચના શુદ્ધતાકી હુઈ, તબ અશુદ્ધતા છૂટ ગઈ. અશુદ્ધતા છૂટી વહ વ્યય, શુદ્ધતા પરિણમી વહ ઉત્પાદ, ભગવાન ત્રિકાલી તો ધ્રુવ હૈ. 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' યે હૈ. સમજમેં આયા?

**ઉત્કૃષ્ટ સમતારૂપી કુલદેવીકા સ્મરણ કરકે...** આહાહા! તેરી કુલદેવી તો સમતા હૈ, વીતરાગભાવ વહ તારી કુલદેવી એમ કહતે હૈં. રાગભાવ પુણ્ય... આહાહા! સમજમેં આયા? પ્રવચનસારકી ૭૭વીં ગાથામેં ઐસા લિયા હૈ કિ જો કોઈ પ્રાણી શુભ-અશુભભાવમેં (અર્થાત્)

પુણ્ય-પાપમેં વિશેષ માનતા હૈ, ભિન્ન માનતા હૈ કિ પુણ્ય ઠીક ને પાપ અઠીક, **हिंडदि घोरमपारं संसारं...** (એને) અપાર સંસાર છે. યે તો માર્ગ વીતરાગકા હૈ ભાઈ! સમજમેં આયા? ૭૭ ગાથા હૈ. કાલ વાંચી હતીને? પરમ દિ' વાંચી હતી. એ આવ્યા હતાને બિચારા જિજ્ઞાસુ પહેલાવહેલા આવ્યા.

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं...** પુણ્ય ને પાપ દો ભાવમેં કુછ ફેર નહીં હૈ ભાઈ! આહાહા! **न हि मन्यते य...** ઐસે કોઈ ન માને **हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो**. વહ મિથ્યાદ્રષ્ટિ **हिंडदि घोरमपारं संसारं...** આહાહા! સમજાય છે કાંઈ? માર્ગ ઐસા હૈ પ્રભુ! (શ્રોતા : .....) તીવ્ર-મંદ ક્યા? તીવ્ર-મંદ તો રાગકી બાત હૈ. વહ તો વ્યવહારસે હૈ. નિશ્ચયસે તો તીવ્ર-મંદ કુછ હૈ હી નહીં. વહ તો યહાં કહતે હૈ. આહાહા! યે ક્યા કહતે હૈં?

**न हि मण्णदि जो**—ન માને કોઈ, **एवं णत्थि विसेसो**—પુણ્ય ને પાપમાં વિશેષ નથી. દોનોં એક જાત વિકાર–વિભાવ હૈ, અધર્મ હૈ. વહ (ભેદ) વ્યવહારસે કહા, નિશ્ચયસે તો પુણ્યભાવકો પાપ કહા હૈ યોગસારમેં. અનુભવીજન તો પુણ્યકો પાપ કહતે હૈં. સમયસારમેં લિયા હૈ. શુભાશુભભાવ જો અજ્ઞાનભાવ હૈ, ઐસા લિયા પુણ્ય-પાપ અધિકારમેં. દોનોં અજ્ઞાન હૈં. અજ્ઞાનકા અર્થ દોનોંમેં જ્ઞાનસ્વરૂપકા ભાવ નહીં, ભગવાનકા ભાવ ઉસમેં નહીં. એ શેઠ! આહાહા! સ્વભાવકી અપેક્ષાસે કુછ સચ્ચા નહીં લગે. ...... યહાં તો કહતે હૈં,

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्यपावाणं ।**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो ॥७७॥**

ભગવાન! તેરી ચીજ તો એક સમયમેં **સહજ પરમાનંદયુક્ત ચેતન...** એકલું જ્ઞાન નહીં, એકલું ચેતન નહીં, એમ કહે છે, તેમ એકલો આનંદ નહીં. આહાહા! **જિસકી બુદ્ધિ સહજ-પરમાનંદ-યુક્ત ચેતન...** આહાહા! ભગવાન ચૈતન્યસ્વભાવ વહ પરમાનંદ યુક્ત–સહિત હૈ. ચેતન ભગવાન પરમાનંદકે ભાવસે કભી રહિત નહીં હૈ. ઐસે **નિષ્ઠિત હૈ...** આહાહા! ભારે! બાબુલાલજી! ઉસકા નામ સમ્યગ્દર્શન, ઉસકા નામ ચારિત્ર. જિસ દ્રષ્ટિને મહા આનંદયુક્ત ઐસે ચૈતન્યકે સન્મુખ હોકર સ્વીકાર કિયા, વહ પ્રથમ નિર્વિકલ્પ દ્રષ્ટિ–સમ્યગ્દર્શન. પીછે જો દ્રષ્ટિમેં લિયા થા પરમાનંદયુક્ત ચેતન, ઉસમેં નિષ્ઠિત રહા–સ્થિર રહા સ્થિર, વહ ચારિત્ર. આહાહા! સમજમેં આયા? ડાહ્યાભાઈ! આવી વાત છે.

**ભ્રાંતિકે નાશસે**... ભગવાનકા શરણ જહાં લિયા, વહાં ભ્રાંતિકા નાશ હુઆ. ભગવાન અપના આનંદયુક્ત ચેતન હૈ. પરમ આનંદયુક્ત ચેતનસ્વરૂપ ત્રિકાલી ઉસકા જહાં આશ્રય લિયા, સન્મુખ હુઆ, વહાં સમ્યગ્દર્શન, જ્ઞાન ઔર અંશમેં સ્થિરતા હુઈ. યહાં પહલી ધર્મકી શરૂઆત. લાખ વાતની વાત કરે પણ ધર્મની શરૂઆત અહીંથી થાય છે. 'લાખ વાતની વાત' વહ આતા હૈ ન છઢાળામેં. 'છોડી જગત દંદ-ફંદ, નિજ આતમ ઉર ધ્યાઓ..' આહાહા!

ભગવાન આત્મા એક સમય-સેકંડકે અસંખ્યવે ભાગમેં પરમાનંદ સહિત ત્રિકાલી ચેતન સ્વરૂપ જિસકા હૈ. ઐસે આત્મામેં... જો ભ્રાંતિ, રાગ ને પર્યાય અંશ થા ઉસકી ભ્રાંતિ થી, ઉસ ભ્રાંતિકા નાશ કર દ્રવ્યસ્વભાવ ઉપર દ્રષ્ટિ હુઈ, ઉસમેં લીનતા બની, (ઐસા) સમ્યગ્દર્શન સહિત મુનિપના વહ ચારિત્ર હૈ. દૂસરા કહાં બહિરંગ.... શેઠ કહે છે, એ તો અંતરંગ ચારિત્ર છે, બહિરંગ લાવોને. એમ કહે છે. શેઠ! વહી વસ્તુ હૈ. કોઈ વિકલ્પ આદિ ઉઠા વહ દોષ હૈ, ઉસકી બાત કી હી નહીં. અને નગ્નપના આદિ વહ તો જડકી દશા હૈ, અપની દશા હૈ નહીં. આહાહા!

વિકલ્પ ઉઠતે હૈં વ્યવહારુ પંચમહાવ્રત, ૨૮ મૂલગુણ, વહ તો દોષરૂપ હૈ. નગ્નપના વહ તો અજીવદશા હૈ. જીવકી દશા ક્યા હૈ વહ બાત ચલતી હૈ. આહાહા! સમજમેં આયા? ભગવાન! **ભ્રાંતિકે નાશસે જિસકી બુદ્ધિ**... ઓહોહો! મુનિયોંને ભી કલશમેં કિતના ભર દિયા હૈ! ભગવાન! તુમ તો પરિપૂર્ણ હો ન પ્રભુ! પરિપૂર્ણ, આનંદ સહિત તેરા ચૈતન્યસ્વભાવ પરિપૂર્ણ હૈ, ઉસમેં અનંતગુણ આ ગયે. ઐસે પરમાનંદયુક્ત ચેતનમેં જિસકી દ્રષ્ટિ જમ ગઈ, વહ નિર્વિકલ્પ સમ્યગ્દર્શનકા અનુભવ. ઔર ઉસમેં લીનતા કરનેસે નિશ્ચિત હો ગયા સ્થિર.. સ્થિરબિંબ વહ ચારિત્ર. વીતરાગમાર્ગમેં ઇસકો દર્શન ને ચારિત્ર કહતે હૈં. કહો, શેઠ! હૈ? યે માર્ગ હૈ.

**ઐસે શુદ્ધચારિત્રમૂર્તિકો**... આહાહા! **ઐસે શુદ્ધચારિત્રમૂર્તિકો સતત પ્રત્યાખ્યાન હૈ.** જિતની આનંદધામ ભગવાનમેં લીનતા હુઈ, રમણતા હુઈ, અપને ત્રિકાલી આનંદમેંસે પર્યાયમેં આનંદ નિકાલકર આનંદમેં લીનતા હુઈ ઐસે શુદ્ધચારિત્રમૂર્તિ સંત, ઉનકો સતત-નિરંતર-એક સમયકા વિરહ પડે બિના, **સતત પ્રત્યાખ્યાન હૈ**. આહાહા! સમજમેં આયા? હજી તો ચારિત્ર કોને કહેવું એ ખબર નથી, કંઈકનું કંઈક માને, શ્રદ્ધામાં વિપરીતતા. **ઐસે શુદ્ધ-ચારિત્રમૂર્તિકો**... પરમાનંદ યુક્ત નામ સહિત ઐસા ચેતન ત્રિકાલી, ઉસકી જિસે દ્રષ્ટિ જમ ગઈ હૈ (ઔર) પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ છૂટ ગઈ હૈ, વહ ભ્રાંતિકા નાશ. ઔર અપના ત્રિકાલી જ્ઞાયકભાવ ધ્રુવ આનંદ સહિત ઉસમેં લીન-નિષ્ઠિત હૈ.. નિષ્ઠિત હૈ. **ઐસે શુદ્ધ ચારિત્રમૂર્તિકો સતત પ્રત્યાખ્યાન હૈ**. એક સમયકા વિરહ પડે બિના નિરંતર પ્રત્યાખ્યાન હી હૈ ઉસકો.

ભાઈ! વીતરાગમાર્ગ અલૌકિક છે. કોઈ બાહરકી ક્રિયાકાંડસે કિ બાહરકી પ્રવૃત્તિસે ઉસકા માપ આયે ઐસી યે ચીજ નહીં. અનાદિકી અજ્ઞાનીકી દ્રષ્ટિ બાહર હૈ ન. બાહરકા અર્થ

ક્યા? જો પરમાનંદ સહિત ચેતનપ્રભુ હૈ, ઉસમેં દયા, દાન, વ્રતાદિકે વિકલ્પ હૈં નહીં. વિકલ્પ હૈં યે અપને હૈં ઇસકા નામ હી બહિરાત્મદ્રષ્ટિ કહનેમેં આતા હૈ. વહ બહિરાત્મા હૈ.

શ્રોતા : એ દયા પાળે તોય....

પૂજ્ય ગુરૂદેવશ્રી : કિસકી દયા પાલે?

શ્રોતા : આખા જગતની.

પૂજ્ય ગુરૂદેવશ્રી : જગતકી પાલ સકતા હી નહીં. રાગ આતા હૈ. આહાહા! ક્યા પરદ્રવ્યકા કર સકતા હૈ કુછ? પરકી દયા પાલ સકતા હૈ આત્મા? દયાકા અર્થ ક્યા? પરકા આયુષ્ય ઔર (પર)જીવ દોનોં એકસાથ રહતે હૈં વહ ઉસકે (અપને) કારણસે રહતે હૈં. આત્માકે કારણસે ઐસા રહતે હૈં કિ જીવ બચા લિયા, દયા પાલી? દયા તો અપનેમેં રાગકી ઉત્પત્તિ ન હો ઉસકા નામ દયા હૈ. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. ... સંપ્રદાન ઘરમેં ને ઘરમેં હૈ. દુસરે કહાં આયા?

શ્રોતા : દૂસરેકો દાન કમ દેના.

પૂજ્ય ગુરૂદેવશ્રી : કિસકો દેતા હૈ? કૌન દેતા હૈ? એ શેઠ! કૌન દેતા હૈ કિસકો? યે જડ પૈસા તુમ્હારા હૈ?

શ્રોતા : .....

પૂજ્ય ગુરૂદેવશ્રી : .... ત્રિકાલ રહતા હૈ. .... કભી નહીં. પર્યાય રૂપાંતર હોકર પરમાણુ ત્રિકાલ રહતા હૈ. હમારા કહાંસે આ ગયા? આ બધા કરોડોપતિ છે લ્યો. ....... મોટો તો કરતો નથી, નાનો કાંઈક થોડુંઘણું કરે. એ સાચવતા આવડે છે. ધૂળેય સાચવતો (નથી). 'સાચવતા આવડે' ઉસકી વ્યાખ્યા ક્યા? ક્યા પરદ્રવ્યકા રક્ષણ કર સકતા હૈ આત્મા? 'સાચવતા આવડે' ઉસકી વ્યાખ્યા ક્યા? ક્યા વહ લક્ષ્મીકી રક્ષા કર સકતા હૈ? વહ તો જડ હૈ. રક્ષા અજીવતત્ત્વ હૈ. અજીવતત્ત્વકી પર્યાય ભી ઉસકે અપનેસે ઉત્પન્ન હોતી હૈ.

શ્રોતા : ઘરમેં તિજોરીમેં રખ સકતે હૈં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : તિજોરી ક્યાં તમારા બાપની હતી ત્યાં?

શ્રોતા : બાપની નહોતી, પણ અમારી તો છેને.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ તો બાપની નહોતું એટલે એવું નહોતું, એમ કહું છું. ત્યાં આ આવે, પછી મમતા થઈને..... એ શેઠ! તમારા બાપ પાસે ક્યાં હતા એટલા? વીતરાગમાર્ગ.... તિજોરી તો અજીવપને રહી હૈ, લક્ષ્મી ભી તિજોરીમેં રહી નહીં હૈ. લક્ષ્મી લક્ષ્મીમેં અપનેસે રહી હૈ.

શ્રોતા : તો આકાશમાંય નથી રહી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આકાશમેં કિસકા આધાર? આધાર તો અપનેમેં હૈ. એક-એક પરમાણુમેં ષટ્કારકકી પર્યાય સ્વતંત્ર હોતી હૈ. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ—ષટ્કારકસે અપને આધારસે પરમાણુ વહાં રહા હૈ, તિજોરીસે નહીં. સમજમેં આયા? એક બાજુ અનંત તત્ત્વ કહના, હૈ ઐસા માનના, ફિર એક તત્ત્વ દૂસરેકે આધારસે રહે ઐસે માનના. અનંત નહીં રહેંગે, ઉસકી દ્રષ્ટિમેં અનંતકી માન્યતા હી નહીં. સમજમેં આયા? આહાહા!

યહાં તો કહતે હૈં, **સતત પ્રત્યખ્યાન**... મહારાજ! આપ તો પંચમકાલકે મુનિ હો ન? ક્યા નિરંતર પ્રત્યાખ્યાન (કહકર) અપની બાત કરતે હો? આહા! ભાષા ઐસે લી હૈ. **સતત પ્રત્યાખ્યાન હૈ**. આહાહા! પ્રભુ! આપ તો પંચમકાલકે મુનિ હો ન? આપ તો અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન ને કેવલજ્ઞાન રહિત હો ન? આપ ઇતને જોરસે ક્યોં કહતે હો? હોગા, ચારિત્ર ઐસા હોગા, ઐસા કહો ન. ઐસા હૈ હી નહીં, સુન! જિસકી સ્વભાવમેં દ્રષ્ટિ જમ ગઈ ઔર પીછે સ્વરૂપમેં સ્થિરતા–લીનતા જમ ગઈ, (ઉસે) સતત પ્રત્યાખ્યાન હૈ. નિઃસંદેહ અપની પર્યાય ઐસી વર્તતી હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? ઉસકા નામ મુનિપના હૈ. લોકોએ તો મુનિપણા કાંઈક ઠેકાણા વિનાના માની લીધા. પરમેશ્વરકો પામર માન લિયા અથવા પામરકો પરમેશ્વર માન લિયા. આહાહા!

ધન્ય રે ધન્ય મુનિપદ તે! ઐસા પ્રત્યાખ્યાન સતત હૈ. હમકો ખબર નહીં હૈ? હમારી દ્રષ્ટિ દ્રવ્ય ઉપર પડી હૈ, ઉસમેં હૈ તો હમારે ચારિત્રકી લીનતા વહાં હૈ. હમારા કાર્ય હૈ–હમારા કર્મ હૈ, હમારા આચરણ હમારેમેં હૈ ઉસકી હમેં ખબર નહીં? સમજમેં આયા? આહાહા! **પરસમયમેં (અન્ય દર્શનમેં) જિનકા સ્થાન હૈ...** જૈન સિવા અન્યદર્શન અર્થાત્ વીતરાગ સ્વભાવકી દ્રષ્ટિ જિસકો નહીં અને વીતરાગ સ્વભાવકી સ્થિરતા જિસકો નહીં વહ સબ અન્યદર્શન હૈ. (શ્રોતાઃ બીજી ગાથામાં જેને પરસમય કીધું). પરસમય કહા.

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण ।**
**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं ॥ २ ॥**

દૂસરી ગાથા, સમયસાર. **जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण...** ભગવાન કુંદકુંદાચાર્ય કહતે હૈં... ભગવાન! અપની ભી બાત કરતે હૈં ઔર દૂસરેકો કહતે હૈં કિ ચીજ યે હૈ. ભગવાન આત્મા... **चरित्तदंसणणाण...** ચારિત્રમેં સ્થિર હૈ ઐસા ન કહકર, જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમેં સ્થિર હૈ ઐસા કહા હૈ વહાં. દૂસરી ગાથા. **जीवो चरित्तदंसणणाणठिदो...** જો અનાદિસે રાગ–વિકલ્પમેં સ્થિર દ્રષ્ટિ થી ઔર ઉસમેં લીન થા, વહ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર હૈ. **पोग्गलकम्मपदेसट्ठिदं**.. વહ પુદ્ગલકર્મકે પ્રદેશમેં સ્થિત થા. ચાહે તો પંચ-મહાવ્રત, ૨૮ મૂલગુણ પાલતા હો, પણ વિકલ્પમેં એકાગ્રતા હૈ. વિકલ્પ રહિત સત્યદ્રષ્ટિકી

ખબર નહીં, વહ પુદ્ગલકર્મકે પ્રદેશમેં સ્થિત હૈ. વહ પરસમય હૈ, વહ અન્યદર્શન હૈ, વહ અણાત્મા હૈ. પરસમય નામ અણાત્મા, વહ બહિરાત્મા હૈ. આહાહા! સમજમેં આયા?

માર્ગ બાપુ! મુક્તિ જેનું ફળ સાદિ-અનંત.. અનંત આનંદ. જેના ફળ તરીકે 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન, અનંત સહિત જો, સાદિ-અનંત..' સાદિ નામ જહાંસે શુરૂ હુઆ વહ સાદિ. 'સાદિ અનંત અનંત..' સાદિ-અનંત કાળ. 'અનંત સમાધિ સુખમાં..' એ ભાવ. મોક્ષદશા વર્ણવે છે. આહાહા! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં..' અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો..' જેનું ફળ મુક્તિ, એના ઉપાય તે અલૌકિક છે ઔર વહ ઉપાય કરનેમેં અસંખ્ય સમય જાતા હૈ. ક્યા કહા? અનંત સમય ન ચાહિએ. અપના અનાદિ-અનંત ધ્રુવ ભગવાન આત્મા ઉસમેં દર્શન-જ્ઞાન-ચારિત્રકી લીનતામેં તો અસંખ્ય સમય જાતા હૈ. (ભલે) સાત-આઠ-દસ-પંદર ભવ હો, પણ અસંખ્ય સમય હૈ. સાધકને અનંત સમય હોય નહીં. સાધકકો સાધકપનેકા સમય અસંખ્ય હૈ ઔર ઉસકા ફલ અનંત હૈ. 'સાદિ અનંત અનંત..' બાપુ! વહ ચીજ કૈસી હૈ? સમજમેં આયા?

કહતે હૈં, **પરસમયમેં જિનકા સ્થાન**... અરે! જિસકી બુદ્ધિ પુણ્ય ઉપર હૈ, રાગ ઉપર હૈ, વે સબ પરસમય, અન્યદર્શન હૈં, જૈનદર્શનમેં નહીં. **ઐસે અન્ય યોગિયોંકો પ્રત્યાખ્યાન નહીં હોતા...** આહાહા! વીતરાગસ્વભાવી ભગવાન ઉસકી દ્રષ્ટિ ઔર લીનતા તો વીતરાગભાવમેં, વીતરાગશાસનમેં હી હોતી હૈ. ઉસકે સિવા મહાવ્રત આદિકા રાગકા કણ ઉસમેં જિસકી બુદ્ધિ હૈ વહ ઔર અન્યમતિ, અન્યદર્શન હો, વેદાંત આદિ બધા, સાંખ્ય આદિ, કપિલાદિ—ઉસ દર્શનમેં પ્રત્યાખ્યાન નહીં હોતા. આહાહા! **ઉન સંસારિયોંકો પુનઃપુનઃ ઘોર સંસરણ (પરિભ્રમણ) હોતા હૈ.** જબ ચારિત્રમૂર્તિકો આનંદ.. આનંદ.. પરમાનંદકી પુનઃ મુક્તિ હોતી હૈ, ઉસકો–અજ્ઞાનીકો ઘોર સંસાર હોતા હૈ. કહો, સમજમેં આયા? 'સંસારીયોંકો' હૈ ન પાઠમેં. આ ગયા ન દેખો! **भूयो भूयो भवति भविनां संसृतिर्घोररूपा**.. આહાહા! પુનઃ પુનઃ ઘોર પરિભ્રમણ હોતા હૈ. આહાહા!

'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' અરે! ઉસકા અર્થ વહ હુઆ કિ પંચમહાવ્રત, ૨૮ મૂલગુણ આદિ સબ દુઃખ હૈ. આત્માકા આનંદ પંચમહાવ્રત, ૨૮ મૂલગુણમેં હૈ નહીં. આહાહા! મહા-આનંદાનંદ ચૈતન્ય સ્વરૂપમેં જહાં એકાકાર હોતા હૈ તબ આનંદકા સ્વાદ આતા હૈ, સ્થિરતા–ચારિત્ર હોતી હૈ. સમજમેં આયા? ઐસી દ્રષ્ટિ જિસકો નહીં ઐસે અજ્ઞાનીકો પ્રત્યાખ્યાન હોતા નહીં. **ઉન સંસારીયોંકો પુનઃ પુનઃ ઘોર સંસરણ હોતા હૈ**. જિસમેં નરક ને નિગોદકા ફલ આનેકી તાકાત હૈ ઐસે મિથ્યાત્વસે ઘોર સંસારમેં રુલતે હૈં. સમજમેં આયા? ૧૪૫ કલશ હુઆ. કલશ ૧૪૬.

**महानंदानंदो जगति विदितः शाश्वतमयः ।**
**स सिद्धात्मन्युच्चैर्नियतवसतिर्निर्मलगुणे ।**
**अमी विद्वान्सोपि स्मरनिशितशस्त्रैरभिहताः**
**कथं कांक्षंत्येनं बत कलिहतास्ते जडधियः ॥१४६॥**

**શ્લોકાર્થ : જો શાશ્વત મહા આનન્દાનન્દ જગતમેં પ્રસિદ્ધ હૈ...** કહતે હૈં કિ કહીં ભી મહાનંદાનંદ હૈ વહ પ્રસિદ્ધ હૈ. **વહ નિર્મલ ગુણવાલે સિદ્ધાત્મામેં અતિશયરૂપસે તથા નિયતરૂપસે રહતા હૈ.** ચિત્સ્વરૂપ ભગવાન આત્મા ઉસમેં મહાનંદાનંદ રહતા હૈ. સમજમેં આયા? શાશ્વત કહા ન? 'શાશ્વત મહાનંદાનંદ જગતમેં પ્રસિદ્ધ હૈ' વહ ગુણ કહા. કિસમેં રહતા હૈ? કિ નિર્મલ ગુણવાલે શુદ્ધાત્મામેં–નિર્મલ ગુણવાલે આત્મસ્વરૂપમેં મહાનંદાનંદ રહતા હૈ. આહાહા! મહાનંદાનંદ... યે તો મહાન આનંદ-આનંદ. ખૂબ–વિશેષ જોર દેતે હૈં. આહાહા! પરિપૂર્ણ હૈ હી, પણ ત્રિકાલી દ્રવ્યમેંસે જો આયા... દ્રવ્ય ત્રિકાલી હૈ. ઉસમેંસે આયી પર્યાય વહ બાત યહાં હૈ નહીં. યહાં તો ત્રિકાલી મહાનંદાનંદસ્વરૂપ ધ્રુવ હૈ. આહાહા! અરે! યે દ્રવ્યસ્વભાવકી બાત સુની નહીં, ઉસે લક્ષમેં લિયા નહીં. સમવસરણમેં ગયા, પણ 'કેવળી આગળ રહી ગયો કોરો' ઐસા કહા હૈ. ક્યા? કેવલીકે પાસ સુના, પણ કોરા રહ ગયા. કોરા સમજતે હો? ખાલી.. ખાલી. આહાહા!

વહ સજ્ઝાયમેં આતા હૈ હમારે. ચાર સજ્ઝાયમાલા હૈ ન. દુકાન ઉપર વાંચતે થે ન. ૬૪-૬૫કી સાલકી બાત હૈ. ૬૪ વર્ષ હુએ. ઉસમેં વહ આયા થા. 'કેવળી આગળ રહી ગયો કોરો'. કીધું, યે ક્યા કહતે હૈં? સમવસરણમેં અનંતબૈર ગયા ઔર સર્વજ્ઞકી પૂજા, ભક્તિ ભી મણિરત્નકા દીયા, હીરેકી થાલી, કલ્પવૃક્ષકે ફૂલ(સે કી). વહ શુભભાવ હૈ, વહ કોઈ ધર્મ નહીં. ... બાપુ!

શ્રોતા : ધર્મ નથી એમ (કહેવું) રહેવા દ્યો, પુણ્ય-પાપ કહો.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ કાલ કહ્યું હતુંને, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ધર્મ નહીં, પુણ્ય હૈ. પછી આકરી ભાષાએ કહીએ તો અધર્મ હૈ. કઠણ લાગે. ૮૫મેં કહા થા સંપ્રદાયમેં સભામેં. માર્ગ ઐસા વીતરાગકા હૈ. દુનિયા માને-ન માને, સંખ્યા હો-ન હો, સત્યને સંખ્યાની જરૂર નથી. સત્યને સત્યની જરૂર છે. સમજમેં આયા? સત્યને બીજાના, શું કહેવાય? રીપોર્ટ. બીજાના સર્ટિફિકેટની એને જરૂર નથી. સમજમેં આયા?

ઐસા ભગવાન આત્મા.. આહાહા! મહાનંદાનંદ... વહ સિદ્ધકી સ્તુતિમેં પઢા થા. 'સિદ્ધ પ્રસિદ્ધં..' (શ્રોતાઃ સિદ્ધ વિશુદ્ધ પ્રસિદ્ધ સમૂહ..) વિશુદ્ધપણું ને પ્રસિદ્ધમ્. એ પ્રસિદ્ધ આવે છે... પ્રસિદ્ધ... આહાહા! સિદ્ધ પ્રસિદ્ધ... પ્રસિદ્ધ... સિદ્ધ પ્રસિદ્ધ હૈં. ઐસે ત્રિકાલી આત્મા આનંદ.. આનંદમેં પ્રસિદ્ધ હૈ. તુને ન સુના હો ઇસલિયે પ્રસિદ્ધપના ચલા જાતા હૈ? આહાહા! **જો શાશ્વત**

**મહાનંદાનંદ જગતમેં પ્રસિદ્ધ હૈ**... દેખો! **વહ નિર્મલ ગુણવાલે સિદ્ધાત્મામેં અતિશયરૂપસે તથા નિયતરૂપસે**... વિશિષ્ટરૂપસે ને નિશ્ચયરૂપસે... આહાહા! **રહતા હૈ**. અરે ભગવાન! તેરા આનંદ તો તેરેમેં હૈ ન. તો યે વિકલ્પકી ઇચ્છા ક્યોં કરતા હૈ? એમ કહતે હૈં. **(તો ફિર,) અરેરે! યહ વિદ્વાન ભી કામકે તીક્ષ્ણ શસ્ત્રોંસે ઘાયલ હોતે હુએ**... આહાહા! ઇચ્છા કરતા હૈ તો ઘાયલ હોતા હૈ. સમજમેં આયા? વિષયોમેં સુખ હૈ, ભોગમેં સુખ હૈ, લક્ષ્મીમેં સુખ હૈ, આબરૂમેં સુખ હૈ, અપની કોઈ પ્રશંસા કરે તો સુનનેમેં ઠીક હૈ, અરેરે! ઘાયલ હો ગયા ભાઈ! તું. સમજમેં આયા?

**અરેરે! યહ વિદ્વાન ભી**... ભાષામેં 'વિદ્વાન' લિયા હૈ. વિદ્વાન છેને. **કામકે ઇચ્છાકે તીક્ષ્ણ શસ્ત્રોંસે ઘાયલ હોતે હુએ ક્લેશપીડિત હોકર ઉસકી (કામકી) ઇચ્છા ક્યોં કરતે હૈં!** અરેરે! મહાનંદાનંદ પ્રભુ બિરાજતા હૈ ઔર તું વિષયકી ઇચ્છા... વિષય શબ્દે પરપદાર્થ. પરપદાર્થ સબ આ ગયે. સબકી ઇચ્છા વહ કામકી ઇચ્છા, ભોગકી ઇચ્છા હૈ. આહાહા! સમજમેં આયા? અરે! વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માના કહેણને સાંભળ્યા નહીં. અપની શુદ્ધ પરિણતિ તો નિમિત્ત હૈ અને વાણી નૈમિત્તિક હૈ. ઉસ વાણીમેં ઐસા આયા, ભાઈ! તું મહાનંદાનંદમય પ્રભુ હૈ ન. વિદ્વાન હોકર (ભી) ઉસકી દ્રષ્ટિ ને ભાવના છોડકર તું પરકી ઇચ્છા ને કામના ક્યોં કરતા હૈ? ઘાયલ હો ગયા હૈ ભગવાન (આત્મા). આહાહા! લડાઈમેં ઘાયલ હોતા હૈ કિ નહીં? દવાખાના લે જાતે હૈં. દવાખાના સમજે? હોસ્પિટલ. હોસ્પિટલ લઈ જાયને. હજારો-લાખો ઘાયલ... મરે તો ખલાસ, પણ ઘાયલ હો જાતા હૈ તો દવાખાને (લે જાતે હૈં). ઐસે ઘાયલ હુઆ હૈ તું. આહાહા!

અપના મહાનંદાનંદ પ્રભુ ઉસકી દ્રષ્ટિ ને ભાવના છોડકર તુજે બાહ્યકે વિષયકી કામ-ઇચ્છા હોતી હૈ, ઘાયલ હૈ ભગવાન! આહાહા! 'આત્મભ્રાંતિ સમ રોગ નહીં..' આતા હૈ ન. શ્રીમદ્‌માં આવે છે. 'સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ, ગુરુ આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન.' આહાહા! ભગવાનમેં આનંદ નહીં, પણ આનંદ રાગમેં હૈ, પુણ્યમેં હૈ, વ્યવહારમેં હૈ, નિમિત્તમેં ઠીક હૈ, ઠીક હૈ, ઉલ્લસિત વીર્ય હોકર પ્રસન્નતા આ જાયે, કહતે હૈં કિ ભ્રાંતિકા રોગ તુજે લગા હૈ. સમજમેં આયા? યે ભ્રાંતિકે નાશકી તો બાત કહી પહલે. પહલે કલશમેં આયા હૈ. **ક્લેશપીડિત હોકર ઉસકી ઇચ્છા ક્યોં કરતે હૈં! વે જડબુદ્ધિ હૈં.** આહાહા! અપના આનંદાનંદ-સ્વરૂપ ભગવાન આત્મા ઉસકી દ્રષ્ટિ ને સ્થિરતા વહ ચૈતન્યબુદ્ધિ હૈ. ઉસકે સિવા રાગકી ઇચ્છા વહ જડબુદ્ધિ હૈ. સમજમેં આયા?

રાગ સ્વયં ચૈતન્ય નહીં, જડ હૈ. શુભરાગ, વ્રતકા ભાવ શુભરાગ જડ હૈ, અચેતન હૈ, ચૈતન્યકા અંશ ઉસમેં (નહીં). ચૈતન્યકે પ્રકાશકે નૂરકા પૂર જો પ્રભુ અંદર પડા હૈ, ઉસકા અંશ રાગમેં હૈ નહીં. ઐસે રાગકો ભગવાનને અચેતન કહા. ઉસ રાગકી તુમ ઇચ્છા કરતે હો તો જડબુદ્ધિ હો. ઓહોહો! સમજમેં આયા? અરે! ઇન્દ્રોની સમક્ષ જે માર્ગ કહેવાતો હશે એ કાંઈ સાધારણ માર્ગ હશે? લોકોએ કલ્પ્યો કંઈક. ઇન્દ્ર અર્ધલોકકે સ્વામી ઇન્દ્ર ઉપરસે ઉતરે

ભગવાનકે પાસે સમવસરણમેં. ઇન્દ્રાણી ને ઇન્દ્ર એક ભવતારી–જેને એક ભવે તો મોક્ષ છે. આહાહા! અને સમવસરણમાં વાઘ ને સિંહ, નાગ ને નાગણીયું અને ગણધર, સંતના ટોળા. ઉનકે બીચમેં ભગવાનકી વાણી નિકલતી હૈ. વહ કૈસી બાત હો ભાઈ! સમજમેં આયા? વાર્તા-કથા કરે એવી વાત હોય? ભાઈ! યે ધર્મકથા ઐસી હૈ.

અરે ભગવાન! તુમ પૂર્ણાનંદાનંદ હૈ ન. આનંદાનંદ હૈ ન. યે આનંદાનંદકા સ્થાન તો તું હૈ, તેરેમેં હૈ એમ કહતે હૈં. અપને આનંદાનંદકે ધામકો છોડકર તુમ રાગકી ઇચ્છા કરો... કોઈ ભી રાગકી ઇચ્છા... આહાહા! **ક્લેશપીડિત હોકર ઇચ્છા ક્યોં કરતે હૈં!** ભગવાન! તુજે ન શોભે યે બાત, એમ કહતે હૈં. પ્રભુ! તુજે ન શોભે વહ બાત. તેરા આનંદાનંદ જિસમેં રહા હૈ ઉસકી ભાવના કરના વહ તેરી ચૈતન્યબુદ્ધિ હૈ, જાગૃતબુદ્ધિ હૈ ઔર રાગકી ભાવના કરના તો જડબુદ્ધિ હૈ. આહાહા! વ્યવહાર રત્નત્રય સબ શુભભાવ હૈ, પુદ્ગલ-પરિણામ હૈ. પુદ્ગલ-પરિણામકી ઇચ્છા કરના વહ જડતા હૈ. સમજમેં આયા? ૧૪૬ હુઆ. ૧૪૭.

**प्रत्याख्यानाद्भवति यमिषु प्रस्फुटं शुद्धशुद्धं**
**सच्चारित्रं दुरघतरुसांद्राटवीवह्निरूपम् ।**
**तत्त्वं शीघ्रं कुरु तव मतौ भव्यशार्दूल नित्यं**
**यत्किंभूतं सहजसुखदं शीलमूलं मुनीनाम् ॥ १४७ ॥**

આહાહા! મુનિએ પણ કળશ બનાવ્યા છેને! મુનિ છે હોં, પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે. આચાર્ય નહીં. અમૃતચંદ્રાચાર્ય આચાર્ય હૈં, કુંદકુંદાચાર્ય આચાર્ય હૈં.

શ્રોતા : (મુનિ છે) માટે માન્ય નથીને.

પૂજ્ય ગુરૂદેવશ્રી : માટે માન્ય નથી, યે ક્યા કહા? મુનિ છે માટે માન્ય નથી એમ? અપની દ્રષ્ટિસે મેલ નહીં હૈ ઇસલિયે માન્ય નહીં હૈ.

શ્રોતા : પણ આચાર્ય નથી એથી માન્ય નથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : અરે! સમ્યગ્દૃષ્ટિકી બાત માન્ય હૈ. સિદ્ધકા સમકિત અને ચૌથે ગુણસ્થાન(વર્તી) તિર્યંચકા સમકિત—દોનોંમેં બિલકુલ ફેર નહીં. ઔર ઉસકી શ્રદ્ધા, જ્ઞાનકી પ્રરૂપણામેં બિલકુલ ફેર નહીં. ચારિત્રમેં ફેર હો. સમજમેં આયા? આયા હૈ ન? રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમેં આયા હૈ. તિર્યંચકા સમકિત હો કિ સિદ્ધકા સમકિત હો—સરિખે હૈં. સમકિતમેં (ફેર) ક્યા? આહાહા! લોગોંકો સમકિતકી કિંમત ખબર નહીં હૈ. સમકિત કિસકા ધ્યેય કરતા હૈ વહ ચીજ ક્યા હૈ? દ્રવ્ય. તિર્યંચકે સમકિતકા ભી ધ્યેય ને આશ્રય દ્રવ્ય હૈ. સિદ્ધકે સમકિતકા આશ્રય દ્રવ્ય હી હૈ.

શ્રોતા : તો તિર્યંચકી બાત માનની?

પૂજ્ય ગુરૂદેવશ્રી : તિર્યંચ નહીં, તિર્યંચકા બચ્ચા હો આઠ વર્ષકા ને સમકિતી હો, તો માન્ય હૈ. એય! સમ્યગ્દૃષ્ટિકી બાત પ્રમાણ હૈ. ભગવાનકી આજ્ઞા અનુસાર કહતા હૈ ન. વસ્તુકી દ્રષ્ટિ હૈ ઐસે કહતા હૈ ન. સમજમેં આયા? આઠ વર્ષકા બાલક હો, સમકિતી હો, ક્ષાયિક સમકિતી હો આઠ વર્ષકા બાલક. માન્ય હૈ... જિનેશ્વરકા લઘુનંદન. લઘુનંદન.. આયા હૈ ન? (શ્રોતાઃ કેલિ કરે જગમાંહી જિનેશ્વરકે લઘુનંદન). જિનેશ્વરકે લઘુનંદન. આહાહા! 'કેલિ કરે જગમાંહી જિનેશ્વરકે લઘુનંદન..' 'ચેતનરૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.. સદા પદ મેરો..' આહાહા! 'કેલિ કરે જગમાંહી.... જિનેશ્વરકે લઘુનંદન.' અરે! ભગવાનકો પુત્ર હોતા હૈ? વહ કહતે હૈ ન? ઈશુ ઈશ્વરકા પુત્ર હૈ. વહ તો જૂઠ હૈ, પણ સમકિતી ઈશ્વરકા પુત્ર હૈ વહ બરાબર હૈ. ગોટેગોટા ઊંધા વાળ્યા. આહાહા!

શ્રોતા : ગૌતમસ્વામી......

પૂજ્ય ગુરૂદેવશ્રી : ગૌતમ સર્વજ્ઞકે પુત્ર હૈં (ઐસા) ધવલમેં આયા હૈ. વહ તો મુનિકી બાત હૈ, યે તો સમકિતીકી (બાત) ચલતી હૈ. વે તો મુનિ. ધવલમેં આયા હૈ, ગૌતમ સર્વજ્ઞકે પુત્ર હૈં. ઐસા પાઠ હૈ. 'જગમાંહી જિનેશ્વરકે લઘુનંદન..' બડે નંદન–જ્યેષ્ઠ પુત્ર હૈં મુનિ. ...... બાત હૈ. લઘુનંદનકા અર્થ (કોઈ) બડા ભી નંદન હૈ. લઘુ પણ નંદન હૈ ન. આહાહા! કહતે હૈં... ૧૪૭ ન?

**શ્લોકાર્થ : જો દુષ્ટ પાપરૂપી વૃક્ષોંકી ઘની અટવીકો જલાનેકે લિયે અગ્નિરૂપ હૈ...** આહાહા! દુષ્ટ પાપ. પાપ શબ્દે પુણ્ય ને પાપ દોનોં. **વૃક્ષોંકી ઘની અટવી**... બડી અટવી. ઉસે **જલાનેકે લિયે અગ્નિરૂપ હૈ. ઐસા પ્રગટ શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર...** આહાહા! **ઐસા પ્રગટ શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર... સત્ચારિત્ર...** જોયું! 'શુદ્ધ' (શબ્દ) વાપરા હૈ. **સંયમિયોંકો પ્રત્યાખ્યાનસે હોતા હૈ...** રાગકા અભાવ ને સ્વરૂપકી સ્થિરતાસે ઐસા ચારિત્ર હોતા હૈ. (અકેલે) રાગકે અભાવસે હોતા નહીં. **ઐસા પ્રગટ શુદ્ધ-શુદ્ધ... શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર**... દો બાર કહા.

**સંયમિયોંકો પ્રત્યાખ્યાનસે હોતા હૈ**... યે પ્રત્યાખ્યાનકી દશા. સ્વરૂપ પૂર્ણાનંદકા નાથ ઉસકી દ્રષ્ટિ, અનુભવ કરકે... પણ અભી તો સમ્યગ્દર્શન કૈસે હોતા હૈ ને સમ્યગ્દર્શનકી ક્યા સ્થિતિ હૈ ઉસકી ખબર નહીં ઔર ચારિત્ર આ જાય, ભાઈ! ભવ ચાલ્યો જાય છે. આહાહા! દેહની સ્થિતિ–મુદત લઈને આવેલ છે. દુનિયા કહતી હૈ બડા હોતા હૈ, ભગવાન કહતે હૈં કિ મૃત્યુકી સમીપમેં જાતા હૈ. નિરંતર સમય-સમયમેં મૃત્યુકી સમીપમેં જાતા હૈ. આહાહા! અરે! તુજે દુનિયાકી ક્યા પડી હૈ? ...... આહાહા! એ સમય આવશે ક્યાં? અરેરે! મારે કરવું હતું ને રહી ગયું. કરવું હતું તો આ વખતે કરને. ....રહી ગયું. આહાહા! કરનેલાયક ઐસી રુચિ હુઈ તો ઉસકા વાયદા ક્યા? સમજમેં આયા?

(અભી) ઐસા ન હો સકે, પણ દર્શન હોનેમેં ક્યા અટક હૈ? ચારિત્ર તો ઋષભદેવ ભગવાન ૮૪ લાખ પૂર્વમેં એક લાખ પૂર્વ બાકી રહા તબ દીક્ષિત હુએ. ૮૩ લાખ પૂર્વ રહે

અસંયમમેં. ક્યા સંયમ આ જાય તો હી સત્ય હૈ ઐસી બાત હૈ? તીન જ્ઞાન, ક્ષાયિકસમકિત લેકર તો આયે થે. સમજમેં આયા? આખિરી એક લાખ પૂર્વ (રહા તબ) દીક્ષા લી. ૮૪ લાખ પૂર્વકા (આયુષ્ય). આહાહા! ભરત ચક્રવર્તી ૭૭ લાખ પૂર્વ કુંવર પદે રહ્યા અને છ લાખ પૂર્વ ચક્રવર્તી પદે. છ લાખ પૂર્વ. એક પૂર્વમેં ૭૦ લાખ કરોડ ૫૬ હજાર કરોડ વરસ હૈં. સંયમ ન લિયા તો મિથ્યાત્વ હો ગયા ઉતના? આહાહા! બાહરકી હઠસે સંયમ લેતે હૈં? અંતરકી દ્રષ્ટિમેં ભાન હુઆ, પણ અંદર સ્થિરતા, સ્વભાવિક સહજપને સ્થિરતા આતી હૈ તબ ચારિત્ર આતા હૈ. અબજો વર્ષ ચારિત્ર વિના નીકળે તીર્થંકરને, ચક્રવર્તીને. લોગ સમ્યગ્દર્શન ક્યા હૈ ઔર ઉસકી કિંમત ક્યા હૈ વહ જાનતે નહીં. ઓલા બહારના વ્રત ને આ લિયા ને આ લિયા. વહ હૈ હી નહીં કુછ ચીજ.

કહતે હૈં, અહો! ઐસા પ્રત્યાખ્યાન ઉસકો હોતા હૈ. **(ઇસલિયે) હે ભવ્યશાર્દૂલ!** ભાષા તો જુઓ! **હે ભવ્યશાર્દૂલ!** સિંહ.. **(ભવ્યોત્તમ!) તું શીઘ્ર અપની મતિમેં તત્ત્વકો નિત્ય ધારણ કર...** આહાહા! **તું શીઘ્ર અપની મતિમેં...** તેરી બુદ્ધિમેં–તેરે મતિ ને શ્રુતજ્ઞાનમેં તત્ત્વકો નિત્ય ધારણ કર. બસ, ધ્રુવતત્ત્વ હૈ ઉસકો ધારણ કર. આહાહા! સમજમેં આયા? **હે ભવ્યોત્તમ!** ભગવાન! તું અપનેકો અપૂર્ણ ને વિરુદ્ધ ન માન, પ્રભુ! તું પૂર્ણ હૈ. ત્રિકાલ પૂર્ણ પરમાત્મસ્વરૂપ હી બિરાજમાન હો. ઐસી ચીજમેં શીઘ્ર મતિ ધારણ કર. કરનેલાયક યે હૈ. સમજમેં આયા?

**શીઘ્ર અપની મતિમેં તત્ત્વકો નિત્ય ધારણ કર—કિ જો તત્ત્વ...** કૈસા હૈ તત્ત્વ ભગવાન આત્મા? **સહજ સુખકા દેનેવાલા...** સ્વભાવિક આનંદકા દેનેવાલા તત્ત્વ હૈ. આહા! પરમાનંદ પ્રભુ ધ્રુવતત્ત્વ, સહજતત્ત્વ, સહજસુખકા દેનેવાલા હૈ. સ્વભાવિક આનંદકા દેનેવાલા વહ તત્ત્વ હૈ. દૂસરેમેં કહીં આનંદ-ફાનંદ હૈ નહીં. ઇન્દ્ર ને ઇન્દ્રાણીમેં આનંદ નહીં. વે તો દુઃખકે અંગારામેં જલતે હૈં. ઇન્દ્ર ભી સમકિતી હોને પર ભી જિતના રાગ આતા હૈ ઉતને અંગારામેં જલતે હૈં. સમજમેં આયા? જ્ઞાની દ્રષ્ટિમેં રાગસે ભી મુક્ત હૈ, પણ આતા હૈ ઇતના દુઃખ હૈ. આહાહા! યે ભોગમેં સુખ હૈ. ધૂલમેં નહીં, સુન તો સહી! માખણ જેવા સુંદર શરીર, રૂપાળા શરીર, ચામડા ઓલા... ભોગ લેતે હૈં તો જૈસે શરીરકો ખાઉં, બચકા ભરું કિ ક્યા કરું. ક્યા હૈ તુજે? કહાં ગયા તું? આહાહા!

પ્રભુ! આનંદકા આનંદધામ તેરી ચીજ હૈ ઉસકો છોડકર, આહાહા! કહાં તેરી મતિ ગઈ હૈ. તેરી **મતિમેં તત્ત્વકો નિત્ય ધારણ કર...** ક્યા કહતે હૈં? નિત્ય ધ્રુવ ઉપર દ્રષ્ટિ કાયમ રખ. એક સમય ભી ફિરે નહીં. લાખ બાત હો, વ્રત-અવ્રત હો, વિષય વાસનાકા વિકલ્પ હો, લડાઈકા હો, પણ ધ્રુવ ઉપર નિત્ય દ્રષ્ટિ રખ. સમજમેં આયા? આહાહા! ભારે વાતું ભાઈ! કેટલાકને એવું લાગે કે આ નિશ્ચયની વાત નિશ્ચયાભાસની છે. વ્યવહારની વાત તો એમાં કાંઈ આવતી નથી. ભગવાન! નિશ્ચય ઐસા હો તો વ્યવહારકા વિકલ્પ આતા હૈ પણ દુઃખરૂપ હૈ. ઉસકી બાત કરના ક્યા? વહ ચરણાનુયોગમેં આવે. સમજમેં આયા? યહાં તત્ત્વજ્ઞાનકી દ્રષ્ટિસે બાત ચલતી હૈ વહાં દૂસરી બાતકી પ્રશંસા કૈસી? આહાહા!

કૈસા હૈ તત્ત્વ ભગવાન અપના નિજાત્મસ્વરૂપ પ્રભુ? બાલ-ગોપાલકે અંદરમેં બિરાજતા હૈ ઐસેમેં મતિ ધારણ કર, નિત્ય ધારણ કર. 'નિત્ય ધારણ કર'કા અર્થ નિત્યદ્રવ્યમેં ધારણ કર ઐસે નહીં, દ્રવ્ય તો નિત્ય હી હૈ, ઉસમેં મતિ નિત્ય ધારણ કર. સમજમેં આયા? વસ્તુ તો નિત્ય હૈ હી, ઉસમેં મતિ નિત્ય ધારણ કર. વર્તમાન જ્ઞાનકી પર્યાયકો કાયમ વહીં રખ. ચાહે સો વિકલ્પ હૈ, સબ દૂસરા હો ભલે, પણ મતિકે ધ્યેયમેં નિત્યતા પડી હૈ, ઉસ નિત્યતામેં તેરી મતિ નિત્ય કર દે. સમજમેં આયા? આહાહા!

વહ **સહજ સુખકા દેનેવાલા હૈ**... આનંદકી ધારા વહે ઐસા તત્ત્વ હૈ. જિસકી દ્રષ્ટિ કરનેસે, લીનતા કરનેસે તુજે અતીન્દ્રિય આનંદકા ઝરના ઝરેગા. પર્વતમેંસે જૈસે પાની ઝરતા હૈ... ભગવાન તો અતીન્દ્રિય આનંદકા સાગર, ડુંગર–પર્વત હૈ. ઉસમેં લીન રહનેસે તુજે આનંદ, સહજ આનંદ આયેગા. સહજ સુખકા દેનેવાલા વહ તત્ત્વ હૈ. પુણ્ય-પરિણામ, વ્યવહારરત્નત્રય, નિમિત્ત વહ સુખ દેનવાલા નહીં એમ કહતે હૈં. અરે! હજી શ્રદ્ધાના–વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા ન મળે, શાસ્ત્રનું વ્યવહારુ જ્ઞાન ચોખ્ખું એના ઠેકાણા ન મળે અને વ્યવહારું ચોખ્ખું હોય તો (પણ) સ્વભાવના આશ્રય વિના સમ્યગ્જ્ઞાન થતું નથી. આહાહા! સમજમેં આયા?

**તથા મુનિયોંકે ચારિત્રકા મૂલ હૈ.** કૌન? યે ત્રિકાલીતત્ત્વ. મહાનંદાનંદસ્વરૂપ પ્રભુ ઉસમેં મતિ નિત્ય ધારણ કર ઔર સંતોકા ચારિત્રકા મૂલ વહ તત્ત્વ હૈ. ઉસકે બિના ચારિત્ર કભી હોતા નહીં. આહાહા! એમ કહતે હૈં કિ વ્યવહાર પંચમહાવ્રત આદિકે બિના ચારિત્ર હોતા હૈ. સમજમેં આયા? પણ તત્ત્વકે આશ્રય બિના ચારિત્ર કભી હોતા નહીં. **મુનિયોંકે ચારિત્રકા મૂલ હૈ**. આહાહા! 'ચરિતંખલ્લુધમ્મો' આતા હૈ ન? 'દંસણમૂલોધમ્મો'. અષ્ટપાહુડમાં શ્લોક છે. ધર્મનું મૂળ સમકિત, ધર્મ–ચારિત્ર ઉસકા મૂલ સમકિત, ઉસકા મૂલ તત્ત્વ. સમજમેં આયા? કુંદકુંદાચાર્યકે અષ્ટપાહુડમેં સૂત્ર હૈ. 'દંસણમૂલોધમ્મો.' 'દર્શનશુદ્ધિથી આત્મશુદ્ધિ.' ચાર ટ્રેડમાર્ક હૈં. સમજમેં આયા? વીતરાગકે ટ્રેડમાર્ક ચાર હૈં. બે આ બાજુ ને બે આ બાજુ.

**મુનિયોંકે ચારિત્રકા મૂલ હૈ**. આહાહા! મહારાજ! ચારિત્ર–સ્વરૂપકી રમણતાકા મૂલ તો વ્યવહાર ચોખ્ખા કરે, પંચમહાવ્રત પાલે તો ચારિત્ર હોતા હૈ? ભાઈ! વહ તો બીચમેં વિઘ્ન હૈ. ચારિત્રકા મૂલ આધાર મુખ્યરૂપસે તો પરમાત્મા હૈ. જિસકે આશ્રયસે સમકિત હુઆ ઔર ઉસકે આશ્રયસે હી ચારિત્ર હોતા હૈ. આહાહા! ઐસા ત્રિલોકનાથ મહાનંદાનંદ તત્ત્વ તું હૈ ન પ્રભુ! કહાં તેરી ઇચ્છા જાતી હૈ? કહાં તેરેમેં અપૂર્ણતા હૈ કિ બાહરસે લાના હૈ? પણ આ વાત અંતરમાં બેસવી ભારે! ભાષા ... પણ અંદર વસ્તુ...

અનંત પુરુષાર્થ.. અનંત પુરુષાર્થ હૈ. વહ ભી અનંત પુરુષાર્થસ્વરૂપ ભગવાનકે અનંતવે ભાગમેં પુરુષાર્થ હૈ. અનંત પુરુષાર્થ હૈ સહી, પણ જો અનંત પુરુષાર્થ સ્વરૂપ હૈ આત્માકા, અનંત બલસ્વરૂપ–વીર્યસ્વરૂપ હૈ ન, ઉસસે તો અનંત(વે ભાગમેં હૈ). કેવલજ્ઞાનીકા પુરુષાર્થ પ્રગટ હુઆ વહ અનંતવે ભાગમેં હુઆ હૈ. સમકિતીકા પુરુષાર્થ તો બહોત થોડા હૈ.

આહાહા! યે પુરુષાર્થ ઇતના હૈ, ઐસે ચલતી હૈ બાત. પુરુષાર્થ ક્યા કૂદના હૈ? વીર્ય–પુરુષાર્થ અપનેમેં જોડના વહ પુરુષાર્થ હૈ. **ચારિત્રકા મૂલ હૈ**. યે સબ પુરુષાર્થ હુઆ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો સુદ ૧, રવિવાર, તા. ૮-૧૦-૧૯૭૨
## શ્લોક-૧૪૮-૧૫૦, પ્રવચન નં. ૧૧૫

નિયમસાર, નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર, ૧૪૮ કળશ છે.

**जयति सहजतत्त्वं तत्त्वनिष्णातबुद्धेः**
**हृदयसरसिजाताभ्यन्तरे संस्थितं यत् ।**
**तदपि सहजतेजः प्रास्तमोहान्धकारं**
**स्वरसविसरभास्वदबोधविस्फूर्तिमात्रम् ॥१४८॥**

પ્રત્યાખ્યાન એટલે સ્વરૂપમાં લીનતા. તે સ્વરૂપ કેવું છે તેની વાત છે. જેમાં લીનતા, એકાગ્રતા જામે એનું નામ પ્રત્યાખ્યાન. વિભાવનો ત્યાગ (કરી) એ જેમાં રમે એ ચીજ કેવી છે આત્મા? **શ્લોકાર્થ : તત્ત્વમાં નિષ્ણાત બુદ્ધિવાળા...** એ સહજ ધ્રુવતત્ત્વ, આનંદતત્ત્વ, ધ્રુવતત્ત્વ એમાં નિષ્ણાંત બુદ્ધિ જેની છે. જેની જ્ઞાનની વર્તમાન પર્યાયમાં એ સહજ તત્ત્વ ભાસ્યમાન થયું છે. સમજાય છે કાંઈ? **તત્ત્વમાં નિષ્ણાંત એવા બુદ્ધિવાળા જીવના હૃદયકમળરૂપ અભ્યંતરમાં જે સુસ્થિત છે...** એની જ્ઞાનની પર્યાયમાં, હૃદયકમળ એટલે એની જ્ઞાનની દશામાં એ સહજ ચીજ આખી સુસ્થિત છે. જેણે વર્તમાન બુદ્ધિમાં સહજ તત્ત્વ લક્ષમાં લીધું છે. સમજાય છે કાંઈ? સહજાનંદ પૂર્ણ પ્રભુ એ હું એવું જેને—તત્ત્વમાં નિષ્ણાંતને જ્ઞાનમાં, શ્રદ્ધામાં વર્તે છે. એવા તત્ત્વમાં નિષ્ણાંત બુદ્ધિવાળા જીવના હૃદયકમળમાં... વસ્તુ તો વસ્તુ છે, પણ જ્ઞાનની પર્યાયમાં જ્યાં એને ભાન થયું, એને હૃદયકમળમાં 'આ બિરાજે છે' એમ ભાન થતાં પૂર્ણ વસ્તુનો સ્વીકાર થયો. સમજાય છે કાંઈ?

તત્ત્વમાં નિષ્ણાત મહાપ્રભુ, એક સમયમાં અતીન્દ્રિય પૂર્ણ આનંદનું સ્વરૂપ જેનું, ધ્રુવ અતીન્દ્રિય આનંદનું તેજ જેનું, એમાં જેની બુદ્ધિ નિષ્ણાત છે, એટલે કે બુદ્ધિએ એ ચીજને પકડી છે. મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનની પર્યાયે પર્યાયવાનને પકડ્યો છે એ તત્ત્વમાં નિષ્ણાત છે. સમજાણું કાંઈ? નિયમસારની શૈલી જ આખી ગાથા દીઠ અને કળશ દીઠ જુદી જાતની છે. એટલે કેટલાકને ગોઠતું નથી. આમાં તો વ્યવહાર-ફ્યવહારનું તો નામેય આવતું નથી.

શ્રોતા : બુદ્ધિ એ વ્યવહાર નથી?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ નહીં, આ કરવું કાંઈ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વ્રત, ..., પૂજા, દાન. એ તારા અધિકારની વાત નથી. એ તો રાગ છે. સ્વરૂપમાં એ ચીજ છે જ નહીં. સ્વરૂપ તો પૂર્ણાનંદ સહજ અતીન્દ્રિય આનંદનું પૂર જે છે, એમાં જેની બુદ્ધિ નિષ્ણાત થઈ છે, જેની જ્ઞાનદશાએ દશાવાનને પકડ્યો છે. આહાહા! આવી વાત ભારે! સમજાણું કાંઈ?

એના **હૃદયકમળરૂપ અભ્યંતરમાં જે સુસ્થિત છે**... વસ્તુ તો છે, પણ જેના જ્ઞાનમાં આવી, એના જ્ઞાનમાં એ સ્થિત છે. સમજાય છે કાંઈ? જેને જ્ઞાનમાં જ આવી નથી કે આ ચીજ શું છે, એને હૃદયકમળમાં સુસ્થિત કેમ આવે? એને તો રાગ ને પર્યાયબુદ્ધિ એનું જ્ઞાન છે, એમાં સુસ્થિત છે. સમજાણું કાંઈ? હૃદયકમળ–જ્ઞાનરૂપી કમળ જે ખીલ્યું છે એના અભ્યંતરમાં સુસ્થિત... ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એના જ્ઞાનરૂપી કમળમાં બિરાજે છે. આહાહા!

શ્રોતા : (દ્રવ્ય) પર્યાયમાં આવે નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પર્યાયમાં જ કાર્ય છેને, ન્યાં દ્રવ્યમાં તો છે એ છે. આ આવું છે એવું ભાન થયું તેની પર્યાયમાં આ દ્રવ્ય છે. કહો, સમજાણું કાંઈ?

**તે સહજ તત્ત્વ જયવંત છે.** આહાહા! કહે છે કે અમારા જ્ઞાનની પર્યાયમાં જેનું ભાન થયું છે, એ તત્ત્વ જયવંત વર્તે છે અમારી પ્રતીતમાં. સહજાનંદસ્વરૂપ પ્રભુ મારું એવું જે મેં જાણવામાં, શ્રદ્ધવામાં લીધું ત્યારે, કહે છે, એ તો જયવંત વર્તે છે. મારી પ્રતીતમાં વર્તે છે એથી તત્ત્વ જયવંત વર્તે છે. જેને પ્રતીતમાં, જ્ઞાનમાં આવ્યું નથી એને 'જયવંત વર્તે છે' એમ આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ? આહાહા! આ તો મોક્ષના માર્ગ. દુનિયાની રીતથી જુદી રીત છે. આહાહા! જેના જ્ઞાનકમળ ખીલી ગયા છે. સ્વરૂપ તો છે, પણ એ છે એનું જેને પર્યાયમાં ભાન થયું છે એને એ છે, એના જ્ઞાનમાં એ છે. એને એ 'જયવંત વર્તે છે' એમ ભાનમાં વર્તે છે. સમજાણું કાંઈ?

**તે સહજ...** પૂર્ણ જ્ઞાનકંદ ભગવાન છે એ જયવંત છે. એને જેણે દ્રષ્ટિમાં, જ્ઞાનમાં સ્વીકાર્યો છે, તેથી દ્રષ્ટિ અને જ્ઞાન કહે છે કે તે તત્ત્વ જયવંત વર્તે છે. સમજાણું કાંઈ? આવી વાતું ઝીણી. ભીખાભાઈ! ઉના પાણી પીવા, ચોવિહાર કરવો, ઝટ સમજાઈ જાય. આહાહા! પરનું શું બને છે? આહાહા! ત્રણ લોકનો નાથ ઈશ્વર પૂર્ણ ડોલે છે, કહે છે. પણ કોને? જેને એ જ્ઞાનમાં, શ્રદ્ધામાં આવ્યો એને. એ જે વસ્તુ છે... જયવંત વર્તે છે એ ... વર્તે છે. એકલો આત્મા શુદ્ધ છે ને ધ્રુવ છે, પણ કઈ રીતે? એ ત્રણે કાળે છે એ તો એને ઘરે રહ્યો, પણ આના ઘરમાં આવે ત્યારે ત્રણે કાળે છેને. એય ચેતનજી!

શ્રોતા : નિરપેક્ષ તત્ત્વ સિદ્ધ કરવું હોય ત્યારે...

પૂજ્ય ગુરૂદેવશ્રી : નિરપેક્ષ એટલે શું વળી? પર્યાયમાં ભાસ થયો ત્યારે તેને જયવંત વર્તે છે એમ કહ્યું.

શ્રોતા : નિરપેક્ષનું જ્ઞાન હોય ત્યારે..

પૂજ્ય ગુરૂદેવશ્રી : એના જ્ઞાન વિના નિરપેક્ષ આવ્યું ક્યાંથી? રાગ અને નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના, પૂર્ણાનંદ પ્રભુ તરફના ઝુકાવની પર્યાયમાં એને પરની અપેક્ષા રહી નહીં, ફક્ત આ તેજ ચૈતન્યનું... તેજ ને આનંદસ્વરૂપ તે હું એવું જે જ્ઞાન ને શ્રદ્ધા થઈ, એના

જ્ઞાનકમળમાં 'આ છે' એમ પ્રતીત છે. પર્યાયમાં પ્રતીત આવે છેને. દ્રવ્યમાં ક્યાં આવે છે? દ્રવ્ય તો દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહાહા! આવો છું એવું પણ પર્યાય કહે છે. દ્રવ્ય કાંઈ જાણતું નથી એને. વર્તમાન સહજાનંદ પ્રભુ એવી વસ્તુનું થયેલું જ્ઞાન, એની થયેલી પ્રતીત, એનો થયેલો અનુભવ, એવી જ્ઞાનની દશા, શ્રદ્ધાદશામાં એ સુસ્થિત છે. કહો, ભીખાભાઈ! આવું આકરું છે. કોઈ દિ' સાંભળ્યું હતું ત્યાં? એણે પરિચય તો બહુ કર્યો હતો. આહાહા!

અરે! તારો નાથ સહજાનંદ પ્રભુ સહજ સ્વભાવે અંદર બિરાજે છે, પણ એ બિરાજે છે એ 'આવો છે' એમ આવ્યું કોને? સમજાણું કાંઈ? એવા મહાપ્રભુના અસ્તિત્વની પ્રતીતિ અને એનું જ્ઞાન તે તો અલૌકિક વસ્તુ છે. સમજાય છે કાંઈ? એની પ્રતીતિ અને એના જ્ઞાનને પરની કોઈ અપેક્ષા નથી. સમજાણું કાંઈ? એવી જ્ઞાનદશા ને શ્રદ્ધામાં સહજ તત્ત્વ જયવંત છે. સ્વભાવિક તત્ત્વ જ્ઞાનમાં આવ્યું છે તેથી જ્ઞાનની પર્યાય એમ જાણે છે કે આ તો જયવંત છે, એવો ને એવો એમ વર્તે છે. જેમાં વધઘટ નથી, જેમાં ઓછાપણું-વધવાપણું નથી, જેમાં એકરૂપતા જયવંત વર્તે છે. સમજાણું કાંઈ? કહો, જયંતિભાઈ! ત્યાં, પોષા કરો, પડિકમણા કરો. આ પ્રત્યાખ્યાનની વાત છે. જ્ઞાન ને શ્રદ્ધા ને શાંતિની પર્યાયમાં આ સ્થિત છે અને એમાં સ્થિત થયો એ પ્રત્યાખ્યાન છે. આહાહા!

પ્રત્યાખ્યાન હાથ જોડીને ઊભા થઈ ગયા ને પચ્ચખાણ કર્યા ને. સમજાણું? વિરોધ કર્યો.... એ મારવાડમાં ચાલે છે. છંદ.. છંદ.. કાંઈક આવે છે ચાર સ્થાનકવાસીમાં. ચાર છંદ આવે છે સ્થાનકવાસીમાં. હમણાં ઓલો નહોતો આવ્યો સ્થાનકવાસી? મારવાડી હતો. હસ્તિમલ, ગૃહસ્થ મોટો, પચાસ લાખ... એને આ ટેવ પડી ગઈ છે પાંચ વર્ષે પાંચ અપવાસ ને પાંચ વર્ષથી બ્રહ્મચર્ય. ઉંમર નાની છે. દુકાન મોટી ચાલે છે. તો એ લોકોમાં કાંઈ છંદ ચાર છે. બ્રહ્મચર્ય છંદ... એવું કાંઈક છે. એમાં કંઇક લીધું છે. નરમ ખરો. સાંભળીને (કહ્યું), વાત બીજી લાગે છે. નવું શોધ્યું છે માળા. ખોટું છે એમ ન કીધું. ..... અહીં આવવાનો ભાવ છે, પણ સંપ્રદાયનો ડર છે. હવે હું એને કહીશ એમ કહે છે. અરે! સંપ્રદાયના ડરથી જીવાય? સાંભળો તો ખરા! આહાહા!

પૂર્ણ પરમાત્મા જેની દ્રષ્ટિમાં વર્તે છે, પૂર્ણાનંદનો નાથ જ્યાં કિલ્લોલ કરે છે જેની જ્ઞાનની પર્યાયમાં, આહાહા! કહે છે કે અમારે માટે એ જયવંત વર્તે છે. સમજાણું કાંઈ? એ ભગવાનજીભાઈ! આ પૈસા-બૈસા જયવંત વર્તતા નથી એમ કહે છે. પર્યાય જયવંત વર્તતી નથી, અહીં તો ત્યાં સુધી કહે છે. આહાહા! પૈસો ક્યાંય રહી ગયો, ધૂળ તો ક્યાંય રહી ગઈ, રાગેય ક્યાંય રહી ગયો, એક સમયની પર્યાય પણ જયવંત વર્તતી નથી. પર્યાય એમ કહે છે કે મારો નાથ આ ધ્રુવ છે એ જયવંત વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ?

**તે સહજ તેજે મોહાંધકારનો નાશ કર્યો છે...** એ તો છે એ છે, પણ એનો આશ્રય જેણે કર્યો એણે સહજ તેજે મોહાંધકારનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! મૂળ માર્ગે જવાનું છોડીને ક્યાંકના ક્યાંક આથડે અને માર્ગ મળી જાય એમ કેમ બને? દુનિયાની સાથે મેળ ન ખાય. ...આચાર્યો ને ઉપાધ્યાય... એની સાથે મેળ ન ખાય ભાઈ! સમજાય છે કાંઈ? ભગવાન સાથે મેળ ખાય. કહે છે કે **તે સહજ તેજે**... સ્વભાવિક જ્ઞાન ને આનંદનું તેજ સ્વરૂપ પ્રભુ એનો જેણે 'છે' એમ આશ્રય કર્યો, એવા તેજે જ મોહાંધકારનો નાશ કર્યો. કહો, સમજાણું કાંઈ?

**તે સહજ તેજે મોહાંધકારનો નાશ કર્યો છે**... આહાહા! એટલી ખબર પડી જાય છે કે આ સહજ તેજ એનો આશ્રય કરતાં મોહનો નાશ થઈ ગયો? આહાહા! એમ પોકાર કરે છે, એ જ્ઞાનનો પ્રકાશ પોકાર કરે છે. હીરાભાઈ! આહાહા! અરે! એણે લક્ષમાંય લીધો નહીં. માણસ નથી કહેતા? એને મળવા આવ્યા, પણ સામુંય જોયું નહીં. કહે છેને. ગયા હતા મળવા, પણ માળાએ સામુંય જોયું નહીં. બીડી પીવે ને ... કરે ને આ કરે ને ગપ્પા મારે બીજા સાથે. એ મોટો માણસ, એની સાથે .... કરવી? આહાહા! એમ ભગવાન મહા સહજ ચૈતન્યતેજ એનું સામું જોતાં મોહ અંધકાર બળીને નાશ થઈ જાય છે. આહાહા! સમજાણું કાંઈ?

**અને તે (સહજ તેજ) નિજ રસના ફેલાવથી પ્રકાશતા જ્ઞાનના પ્રકાશનમાત્ર છે.** નિજરસનો વિસ્તાર એવો જ એનો સ્વભાવ છે ત્રિકાળ. પ્રકાશમાન.. જ્ઞાનનો પ્રકાશ.. પ્રકાશ.. પ્રકાશ.. સહજ તેજ પ્રકાશમાત્ર છે. આશ્રય કર્યો, પર્યાય પ્રગટી પ્રકાશમાત્ર, પણ તે સ્વરૂપ સહજ પ્રકાશમાત્ર છે. પ્રકાશમાત્ર સહજ તેજબિંબ પ્રભુ એનો આશ્રય કરતાં પર્યાયમાં પ્રકાશ આવ્યો, ત્યારે તે પ્રકાશમાન છે એમ પ્રતીત થઈ. કહો, સમજાણું કાંઈ? માળે આવી ધર્મકથા કેવી છે? છકાયની દયા પાળવી... કોની દયા? બાપુ! ૧૪૮ થયો. **નિજરસના ફેલાવથી** (એટલે) નિજશક્તિથી. પોતાનો વિસ્તાર–અંદર ફેલાવ પોતાની શક્તિથી જ પ્રકાશમાન છે અને આશ્રય કરતાં પોતાની શક્તિથી તે જ્ઞાનનો પ્રકાશ ફેલાણો છે. ૧૪૮ થયો, ૧૪૯.

**अखंडितमनारतं सकलदोषदूरं परं**
**भवांबुनिधिमग्नजीवततियानपात्रोपमम् ।**
**अथ प्रबलदुर्गवर्गदववह्निकीलालकं**
**नमामि सततं पुनः सहजमेव तत्त्वं मुदा ॥ १४९ ॥**

**શ્લોકાર્થ : વળી, જે (સહજ તત્ત્વ) અખંડિત છે...** આહાહા! મુનિને તત્ત્વ કહેતાં કહેતાં શબ્દો પૂરા પડતા નથી. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એક સમયની પર્યાયની પાછળ રહેલું તત્ત્વ. પાછળ રહેલું તત્ત્વ લ્યો. પાછળ રાખ્યું. એવો પ્રસિદ્ધ જયવંત તત્ત્વ અખંડિત છે. ખંડ કેવો? પ્રભુ પૂર્ણાનંદનો નાથ એકલો જ્ઞાનરસ, એકલો અકષાયરસસ્વરૂપ, ત્રિકાળ અકષાય

વીતરાગમૂર્તિ જ આત્મા છે. સમજાય છે કાંઈ? 'જિન સો હી આત્મા, અન્ય સો હી હૈ કર્મ..' ભગવાન અકષાયનો રસ, વીતરાગરસ, જ્ઞાનરસ, આનંદરસસ્વરૂપ તે અખંડ છે–ખંડ છે નહીં. આહાહા!

અરે! એની જાતને જાણવા પ્રયત્ન કર્યો નહીં એણે. એને મૂકીને બધી વાતું, વરને મૂકીને જાન. ઓલો આવ્યું હતું ક્યાંક. એ જાન ન કહેવાય, એ તો માણસના ટોળા કહેવાય. શું આવ્યું હતું? વરની જાન ક્યારે કહેવાય? કે વર સાથે હોય તો માણસના ટોળાને જાન કહેવાય. પણ વર ન મળે એને જાન શી રીતે કહેવી? આહાહા! એમ જેના જ્ઞાનમાં, શ્રદ્ધામાં અખંડ તત્ત્વ જ્યાં પ્રતીત ને અનુભવમાં આવ્યું નથી, એના વ્યવહારના વિકલ્પને વ્યવહાર કહે કોણ? સમજાણું કાંઈ? વ્યવહાર તો છેને? ધૂળેય નથી, સાંભળને ભાઈ! ખરો વ્યવહાર તો એની પર્યાય છે એ વ્યવહાર છે. આહાહા! ત્રિકાલી અંખડ તેજ પ્રભુ એનું ભાન થઈને દશા પ્રગટ થવી એ જ એનો વ્યવહાર છે. નિશ્ચય એ વસ્તુ છે. સમજાણું કાંઈ? આહાહા! બહારથી બુદ્ધિ સંકેલી અને બુદ્ધિને અંદરમાં વાળવી. (બુદ્ધિ) વાળી તેણે કહ્યું છે કે આ તો અખંડ વસ્તુ છે. જાણે છે એ જ્ઞાનની પર્યાય, એ ખંડજ્ઞાન કહે છે કે આ વસ્તુ અખંડિત છે. આહાહા!

**શાશ્વત છે... अनारतं**ની વ્યાખ્યા કરીને. **अनारतं... अनारतं** એટલે? શરૂઆત નથી, એમ? નિરંતર. **अनारतं**–નિરંતર રહેવાવાળું શાશ્વત છે. ચૈતન્ય પ્રભુના આનંદ ને જ્ઞાનના તેજ તે શાશ્વત છે. પ્રગટવું કે અવરાવવું એનામાં છે નહીં. આહાહા! **સકળ દોષથી દૂર છે...** સંસારમાત્ર જેની ચીજમાં નથી. આહાહા! ચોરાશીના અવતારમાં કારણરૂપ ભાવ એનો જેનામાં અભાવ છે. સમજાણું કાંઈ? **સકળ દોષથી દૂર છે**... સકળ–બધા દોષો જ છે... આહાહા! ઉદયભાવના બધા દોષો એનાથી પ્રભુ તો દૂર વર્તે છે. એ દોષમાં કોઈ દિ' આવ્યો જ નથી. આહાહા! સમજાણું કાંઈ? જુઓ! આમાં રહેવું એનું નામ પ્રત્યાખ્યાન છે એમ કહેવું છે. પહેલું એમાં રહેવું એ મિથ્યાત્વનું પ્રત્યાખ્યાન થયું, પછી એમાં સ્થિરતા થઈ તેને અવ્રતાદિનું પ્રતિક્રમણ કહ્યું. સમજાણું કાંઈ?

**ઉત્કૃષ્ટ છે...** પરમ છેને. ઉત્કૃષ્ટ તેજ છે. એના જેવું તેજ, એનાથી વળી બીજું ઉત્કૃષ્ટ શું હોય? આહાહા! કેવળજ્ઞાન આદિ પર્યાય પણ એની પાસે ઉત્કૃષ્ટ નહીં. આહાહા! કેવળજ્ઞાનની પર્યાય આગળ પણ એ ચીજ ઉત્કૃષ્ટ છે. સમજાય છે કાંઈ? વસ્તુ છેને, તો એનો સ્વભાવ છેને. સ્વભાવ છે તો એ પૂર્ણ છે ને. પૂર્ણ છે એ બધા પવિત્ર છે ને. પૂર્ણ પવિત્રનો ધામ તે ભગવાન, આહા! ઉત્કૃષ્ટ છે. આહાહા! જેની પાસે કેવળજ્ઞાન પણ ઉત્કૃષ્ટ નહીં. સિદ્ધપણું પર્યાય છે. આહા! એવી-એવી અનંતી પર્યાયનો પિંડ અંદર શક્તિરૂપ છે. અરે! આવા સત્ત્વની સત્તા, આવી સત્તા, આવા હોવાપણે બિરાજમાન પ્રભુ, અરે! એને શ્રદ્ધા, જ્ઞાનમાં લેવો એ કાંઈ વાતું નથી, એ અનંતો પુરુષાર્થ છે. એને લોકો ગણતા નથી. કાંઈક અપવાસ કરે, વ્રત પાળે, બ્રહ્મચર્ય પાળે તો,

(કહે) આ શું .. કરે છે! આહાહા! સમજાણું કાંઈ? ભાવનગરથી આવ્યા છે. રતિભાઈ આવ્યા છે? રવિવાર છે. કહો, સમજાણું આમાં?

**ઉત્કૃષ્ટ છે**... આહાહા! એક સમયમાં એકલો પૂર્ણાનંદ રસ અસ્તિ, શાશ્વત છે, છે ને છે. એ જગતમાં ઉત્કૃષ્ટ છે. એની દ્રષ્ટિ અને જ્ઞાન ને ચારિત્ર–એમાં રમવું એ પ્રત્યાખ્યાન છે. કહો, સમજાણું કાંઈ? અરે! **ભવસાગરમાં ડૂબેલા જીવસમૂહને નૌકા સમાન છે**... ચોરાશીના અવતારમાં ઊંડે-ઊંડે ઉતરેલા ભવમાં ક્યાંય નિગોદના, એકેન્દ્રિયના, ઈયળુંના, કીડીના, કાગડાના, સિંહના, વાઘના, કંથવાના, કૂતરાના ભવો... મોટો ભવસાગર એમાં ડૂબેલા, રહેલા, પરિભ્રમણ કરતા જીવને... એ જીવને–**જીવસમૂહને નૌકા સમાન છે**... આહાહા! ભવજળ તારણહાર ભગવાન પૂર્ણાનંદનો નાથ, એનો આશ્રય લેતાં ભવસાગરને ઉતરવાની નૌકા સમાન છે. ભગવાન નૌકા સમાન છે. આહાહા! મુનિએ પણ ગજબ કર્યો છે ને! દુનિયાને એકલો વખાણ..... એમ કહે છે કે 'વખાણી ખીચડી દાંતે વળગી.' એમ વખાણેલું તેજ દ્રષ્ટિમાં વળગ્યું. લોકો નથી કહેતા? ખીચડી.. ખીચડી હોયને ખીચડી....

આવો પ્રભુ! જેની પાસે કેવળીનો અનંત આનંદ ગણતરીમાં નહીં, તુચ્છ છે. એવો ભગવાન અનંત આનંદના ચૈતન્ય સમુદ્રથી ભરેલો ભગવાન આ છે. આ દેહદેવળની નજર છોડી દો તો અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે. કેમ બેસે? બીડી વિના ચાલે નહીં, તમાકુ વિના ચાલે નહીં, જરી અપમાન થાય ત્યાં ખેદાઈ જાય. અરે! ભગવાન ત્રણ લોકનો નાથ તને આ શોભે નહીં. આહાહા! ચૈતન્ય ચમત્કારથી ભરેલો પ્રભુ એ તો ભવસાગરમાં ડૂબેલા જીવસમૂહને નૌકા સમાન છે. નાવા છે, નાવા છે. આ તરતા.. તરતા.. તરતા મોક્ષ ચાલ્યો જાય છે. આહાહા! સમજાણું કાંઈ?

**અને પ્રબળ સંકટોના સમૂહરૂપી દાવાનળને**... મહાપ્રતિકૂળ... સંકટોના પાર નહીં. આહાહા! દેહમાં, ૫,૬૮,૯૯,૫૮૪ તો રોગ આ દેહમાં છે. એવા રોગના દાવાનળ ફાટે, કહે છે, એ બધાને **(શાંત કરવા) માટે જળ સમાન** આત્મા **છે**... સમજાણું કાંઈ? આહાહા! પ્રબળ સંકટો... ઘેરાઈ જાય છેને. એટલા બધા રોગ એટલે શું કરવું? ડાયાબિટીસનું કરવા જાય તો બ્લડપ્રેશરનું, બ્લડપ્રેશરનું કરવા જાય તો ડાયાબિટીસનું, આનું કરવા જાય તો ઓલું. હાય, હાય! મુંઝાઈ જાય પછી માળો હોં. છ ડીગ્રીનો તાવ..... હવે કાલે પરીક્ષા છે. .... છોકરાને એમ થઈ જાય, હાય, હાય! બાર મહિનાની પરીક્ષા ને સરખું બેસાશે કેમ? શું થાશે?

એવા અનંતા સંકટોના સમૂહ દાવાનળ સમાન છે. આહાહા! દાવાનળને શાંત કરવા (જળ સમાન છે). કેમકે એ તો દાવાનળ છે. એને માટે શાંત.. શાંત.. દાવાનળને (શાંત કરવા) જળ સમાન છે. મોટું વહાણ સળગ્યું છે. આહાહા! ભાષા જુઓ! ..... એ ઉદયભાવ પોતે સંસાર છે. એની એને ખબર નથી. એ ઉદયભાવથી સંસાર તરવા માગે છે. આહાહા! કહે છે, એ

સંકટ(રૂપી) દાવાનળનો મોટો ઢગલો... ચૈતન્યના તેજ અંતર આનંદમૂર્તિ પ્રભુ એ સચ્ચિદાનંદ પ્રભુ છે અંદર. પણ ખબર ન મળે, સાંભળ્યું ન મળે, જોયું ન મળે, જાણ્યું ન મળે. અરે! જોયા-જાણ્યા વિના એની ખબરું કેમ પડે? સમજાણું કાંઈ? આહાહા! એને ઘરે છોકરો રૂપાળો, તેજવાળો નીકળે તો લોકો આમ રાજી-રાજી થઈ જાય. ઓહો! આપણા ઘરમાં આવો છોકરો, આંખ્યું મોટી, તેજવાળો! રતન પાક્યું. આહાહા! જુઓને કાઠીનું બન્યું હતુંને. કેવા કાઠી હતા? ચાંપરાજ. જેતપુરમાં ચાંપરાજ.

દોઢ વર્ષનો છોકરો એની માને પડખે સૂતો હતો, દોઢ વર્ષનો હોં. એની માને એના બાપે કાંઈક ચાળો કર્યો પતિ-પત્ની તરીકે. છોકરાએ આમ નજર વાળી. નજર આમ કરી નાખી. એની મા કહે, અરેરે! છોકરો જોઈ ગયો. એ ઘરમાં જઈને અગ્નિ મૂકીને બળી ગઈ. આહાહા!

શ્રોતા : દોઢ વર્ષ...

પૂજ્ય ગુરૂદેવશ્રી : હું તો દોઢ (વર્ષ) કહું છું, પણ વર્ષથી બહુ નાનો... કહતો હતો. બહુ નાનો હતો. એની માની પડખે સૂતો હતો. તેજવાળો, આમ પુણ્ય, આંખ્યું... એના બાપને પણ એમ થઈ ગયું કે ઓહો! આવો છોકરો.... એની મા મરી ગઈ બળીને. દીકરો ભાળી ગયો. આહાહા! આટલી નાની ઉંમરે એની આંખે આ જોયું ન પાલવે. આહાહા! અંદરમાં જઈ બળી ગઈ. બીજે–બીજા રાજ્યમાં કોઈક કાઠી હશે, એને છોકરો નહોતો. અહીં આવ્યો ચારણ એના બાપને પ્રસન્ન કરવા. મરી ગયેલી, એની મા તો મરી ગઈ. છોકરો....

માગ! માગ! કહે છે. એ આપા! હું માગીશ તો કઠણ પડશે હોં. .... અમારા ગામમાં તમે આવો. હેં! હા. પછી? કાઠીયાણી પરણાવશું તમને. પછી થાશે અમારે ચાંપા જેવો છોકરો, એના રાજ રહેશે. હાલ ભાઈ! મેં કહ્યું ના પાડું નહીં. એકાદ-બે-ત્રણ ગાઉ ગયા. એ ...! એ ચાંપાની મા ક્યાંથી લાવીશ? એની માને કૂંખે ચાંપા હોય. બોરડીએ આંબા ન હોય. બોરડીએ કેરી ન પાકે. પણ બીજી કાઠિયાણી પરણાવીશ મને, ત્યાં ચાંપો થાશે? એ ક્યાંથી લાવવી મા એની? ક્યાંથી લાવવો ચાંપો? ભાઈસા'બ! મને રજા દો, હું ઘરે જાઉં પાછો. એમ ભગવાન ત્રણ લોકનો નાથ એની કુંખે મોક્ષના માર્ગ પાકે. એવા ઘણા તેજ, જેનું તેજ... એ રાગ ને પુણ્ય ને નિમિત્તમાં મોક્ષના માર્ગ શોભે ન જડે. નહીં હાથ આવે ભાઈ! ત્યાં નથી. સમજાણું કાંઈ?

**તે સહજ તત્ત્વને...** તે સહજ તત્ત્વને... આહાહા! મુનિ પણ પ્રમોદમાં આવી ગયા છે. **હું પ્રમોદથી સતત નમું છું.** એટલે હું આનંદથી એમાં નમું છું, એમ. એમ કે પ્રત્યાખ્યાન મને કાંઇ દુઃખ(રૂપ) નથી એમ કહે છે. એવા સહજ તત્ત્વને–ભગવાન આનંદની મૂર્તિ પ્રભુને હું આમ નમન કરું છું, વળું છું એ આનંદથી વળું છું. સમજાણું કાંઈ? પરમાનંદની દશા દ્વારા હું એને નમું છું. એ પરમાનંદની દશા એ મારું પ્રત્યાખ્યાન છે. ભગવાનજીભાઈ! આહાહા! તે સહજ તેજ તત્ત્વને... સહજસ્વભાવી તેજરૂપી તત્ત્વ, જ્ઞાનનો સૂર્ય પ્રભુ, આનંદનો સૂર્ય ભગવાન આત્મા... અરે! એની એને ખબરું ન મળે. સમજાય છે કાંઈ? આહાહા! એવું સહજ તત્ત્વ હાથ લાગ્યું છે માટે હું નમું છું, એમ કહે છે. આહાહા! હું એટલે કોણ? એ તો પર્યાય કહે છે.

આહાહા! મારો સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ સહજ તેજ ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ, આહાહા! એની શું વાતું કરવી! વાતને ઉપમા આપે કલંક લાગે. એને શું કહેવું? એને શું કહેવું?

એ સહજ તેજને હું, પર્યાય કહે છે કે આનંદથી હું અંદર વળેલી છું. એને મારો આદર આનંદથી છે. પ્રત્યાખ્યાન એ કોઈ દુઃખ છે નહીં. માણસ એમ કહે, પચ્ચખાણ કરવા, બાપા! એ વેળુના કોળિયા છે. જેમ મીણના દાંતે વેળુના કોળિયા ચાવવા. અરે ભાઈ! એમ નથી, તને ખબર નથી. એવું ચારિત્ર... આ ચારિત્રની વ્યાખ્યા ચાલે છે. પ્રત્યાખ્યાન એ ચારિત્ર છે. ભાઈ! તારા ચારિત્રમાં તો આનંદ હોય છે. પણ તને આનંદમૂર્તિ ભગવાનની ખબર ન મળે ને પ્રત્યાખ્યાન લઈને બેઠો, હવે આનંદ ક્યાંથી આવે? સમજાણું કાંઈ? આહાહા! આ તો બીજા દેશની વાતું છે.

**તે સહજ તત્ત્વને હું** આનંદથી સતત... છેને **મુદા** છે ને? પ્રમોદથી, તે પણ સતત. આહાહા! અમારો નાથ આનંદસ્વરૂપે પૂર્ણ ભરેલો એનો મેં સ્વીકાર કરીને આ 'છે' એમ માન્યું છે. એથી એમાં હું ઠરું છું એ આનંદથી ઠરું છું, પણ નિરંતર ઠરું છું. આહાહા! કોઈ પ્રત્યાખ્યાન કર્યું હોય ત્યારે જ પ્રત્યાખ્યાન છે—એમ નથી. મારે તો નિરંતર પ્રત્યાખ્યાન છે. કહો, સમજાણું કાંઈ? **સહજ તત્ત્વને હું પ્રમોદથી સતત નમું છું**... સતત નમું છું. આહાહા! પંચમકાળના મુનિ... માણસ કહે છે, પંચમકાળમાં કાંઈ સૂઝ ન પડે. શુદ્ધોપયોગ અત્યારે ન હોય એમ કહે છે. અત્યારે શુભ જ હોય એમ કહે છે. છાપામાં આવે છે. આહાહા! અરે ભગવાન! તું શું કરે છે? ભાઈ! પરમાનંદ સ્વરૂપ છે કે નહીં? બિરાજે છે? તને ખબર નથી, આદર નથી માટે તને ખબર નથી. સમજાણું કાંઈ?

અહીં તો સતત... પંચમકાળના સંત (કહે છે કે) નિરંતર આનંદમાં રહેલું નિરંતર તત્ત્વ એને નિરંતર આનંદમાંથી હું એને નમું છું. મારી આનંદની દશા ત્યાં જ વળેલી છે. મને દુઃખ નથી. સમજાણું કાંઈ? એકલો બાવો મને દેખો જંગલમાં, શરીર કાળું, તડકા ધોમ માથે પડતા હોય, પરસેવા નીકળતા હોય, મેલ હોય, માથે બાવળ જેવું ઝાડેય ન હોય અને દુઃખી દેખતા હો તો તમને દેખતા આવડતું નથી, એમ કહે છે. નાથુલાલજી! આ તમારે બંગલામાં બિરાજતા હોય, દસ લાખનો બંગલો, હજીરો ને... શું કહેવાય? હીંડોળો. હીંડોળે હીંચકતો હોય ને બાયડી પંખો નાખતી હોય, સુખી છે. ધૂળેય નથી, ઝેર પીવે છે એકલા. એને ભાન ક્યાં છે? સમજાય છે કાંઈ?

એક ફેરી જોયું હતું. એક જણા ખાતો હતો ને બૈરા ઓલું કરતી. માખી-બાખી ન પડેને. એક ઠેકાણે જોયું હતું. આ જગજીવનભાઈના બા. ધરમચંદભાઈના બા, નહીં? જગજીવનભાઈ બાપ નાગરભાઈ. નાગરભાઈ ત્યાં રહેતાને રાણપર. ચોરા પાસે મકાન હતું ત્યાં વહોરવા જાતા. ..... પંખો નાખે, માખી ન પડે એટલે. માણસ જાણે કે ઓહોહો! કેટલી અમારી સેવા થાય છે. એ મોહનભાઈ! એલા! પણ તું કોણ કે તારી સેવા? તું આ શરીર છો? આ તો માટી જડ છે. તું રાગ છો કે તારી સેવા કરે કોઈક? આહાહા!

સહજાનંદનો નાથ ભગવાન પોતે પોતાની પર્યાયથી સેવા કરે. એને એ પંખા ઢાળે અને માખી ખોરાકમાં આવવા દે નહીં. એ આનંદના અનુભવમાં દુઃખ આવવા ન દે. સમજાણું કાંઈ? જગજીવનભાઈ નથી? ગયા હશે. ઘણા વર્ષની વાત છે આ તો. આનંદના હીંડોળે હીલોળે હલાવી નાખ્યું છે ને. આહાહા! ક્યાં સંસાર છે? ક્યાં દુઃખ છે? ક્યાં સુખ છે? પ્રભુ! તારા આનંદ આગળ દુનિયા ક્યાં છે એની એની ખબર પણ નથી. મારામાં નથી, એનામાં હોય તો હોય. આહાહા! હું તો આનંદનો ધામ ભગવાન, એનો સ્વીકાર કર્યો એ પરિણતિ જ પ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ? ૧૫૦.

**जिनप्रभुमुखारविन्दविदितं स्वरूपस्थितं**
**मुनीश्वरमनोगुहान्तरसुरत्नदीपप्रभम् ।**
**नमस्यमिह योगिभिर्विजितदृष्टिमोहादिभिः**
**नमामि सुखमन्दिरं सहजतत्त्वमुच्चैरदः ॥१५०॥**

**અદઃ** એટલે? સદા. આહાહા! 'જૈસે અમલી અમલ ચડત સમય લાગ રહી ખુમારી..' અફીણ પીવે ને એને ખુમારી ચડી જાય. એમ કહે છે કે ભગવાન આત્માનું ભાન થઈને આનંદ આવે, ખુમારી ચડી જાય. આહાહા! ભીખાભાઈ!

**શ્લોકાર્થ : જે જિનપ્રભુના મુખારવિંદથી વિદિત (પ્રસિદ્ધ) છે** જે સ્વરૂપ. આહાહા! એ સહજ તત્ત્વ, કહે છે કે એ તો જિનેશ્વર પ્રભુના મુખારવિંદથી પ્રસિદ્ધ થયેલું છે. બીજા મુખે, એ વાણી બીજે હોય નહીં. આહાહા! જેનો વીતરાગભાવ પ્રસિદ્ધ, પ્રફુલ્લિત પર્યાયમાં પ્રગટ થઈ ગયો છે. એવા ભગવાનના મુખારવિંદ—મુખરૂપી કમળથી નીકળેલું આ તત્ત્વ જણાવવા માટે (કહે છે). ભાઈ! તારું તત્ત્વ તો આવું છેને નાથ! ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ? પ્રભુ! તું ચોરાશીના અવતારમાં પીસાઈ ગયો છે. એ પીસાવું તારું સ્વરૂપ નથી. ભગવાનજીભાઈ! આહાહા!

**જિનપ્રભુના મુખારવિંદથી વિદિત છે**... (લૌકિકમાં) કોઈ એમ કહે કે આટલી અમે વાતું કરીએ છીએ એ શું કલ્પિત છે? ઘરની છે? ભગવાનના મુખેથી નીકળેલું આ તત્ત્વ આવું છે, એ પ્રસિદ્ધિમાં અમને આવ્યું છું. સમજાણું કાંઈ? **પ્રભુના મુખારવિંદથી...** ત્રણ લોકના નાથ વીતરાગ સર્વજ્ઞદેવ એના મુખરૂપી કમળથી... ભગવાન આત્મા દેહ ને રાગથી ભિન્ન પ્રભુ સચ્ચિદાનંદ નાથ છે એવું જિનેશ્વરના મુખથી પ્રસિદ્ધ છે. આહાહા! આ દેહમાં રહેલો ભગવાન.... પણ ભગવાન કેમ બેસે? રાંકો થઈને માન્યો એને પ્રભુ કેમ બેસે? પામર થઈને જાણ્યો એને પ્રભુતા કેમ બેસે? આહાહા! ભાઈ! તારી પ્રભુતાથી ભરેલું પૂર્ણ તત્ત્વ તે તું છો. રાગ નહીં, શરીરની એક સમયની પર્યાય એ પણ નહીં હોં. આહા! એમ ભગવાનના મુખથી નીકળેલું છે. કહો, સમજાણું કાંઈ?

બહુ વખાણ કરીને પછી કહે, આ હું એકલો જ કહું છું એમ નથી. સર્વજ્ઞ પરમાત્મા, જેને વીતરાગતા ને પૂર્ણાનંદ પ્રગટ્યા છે એના મુખરૂપી અરવિંદથી ભગવાન આત્માનું તત્ત્વ અંદર સચ્ચિદાનંદ પ્રભુ, એ ભગવાનની વાણીથી પ્રસિદ્ધ છે. વાણીમાં આ કહ્યું છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? **જે સ્વરૂપમાં સ્થિત છે...** અંદર સ્વરૂપમાં સ્થિત છે એ વસ્તુ. પોતાના સ્વરૂપમાં જ રહેલી ચીજ આનંદકંદ પ્રભુ છે. આહાહા! સમજાણું કાંઈ?

**જે મુનીશ્વરોના મનોગ્રહની અંદર સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે...** આહાહા! મુનિશ્વર, તેના મનોગ્રહની અંદર–મનરૂપી ગ્રહની અંદર. ઘર.. ઘર.. **સુંદર રત્નદીપક**... રત્નદીપક હલ્યો હલે નહીં ને પ્રકાશ આપે પૂરો. આહાહા! રત્ન.. રત્ન હલે નહીં, એમ ભગવાન ધ્રુવ ચૈતન્ય પ્રભુ આત્મા હલે નહીં ને પ્રકાશનું પૂર આત્મા અંદરમાં. આહાહા! અરેરે! કોઈ દિ' એણે સાંભળ્યુ નહીં. માણસપણું મળ્યું, પણ આ તત્ત્વ વીતરાગે કહેલું, તું કોણ છો એની એને ખબર નથી. આહાહા! પોતાની ખબર વિનાની બીજી વાતું કરવા માંડે, જાણે દેવનો દીકરો ઉતર્યો. આમ ને આમ, એ બધી વાતું ગાંડા પાગલની છે. કહો, ડાહ્યાભાઈ! **જે મુનિશ્વરોના મનોગ્રહ** અથવા જ્ઞાનની પર્યાયની અંદર સુંદર રત્નદીપકની માફક પ્રકાશે છે. જ્ઞાનરૂપી પર્યાયની નિર્મળતા એમાં એ ભગવાન પૂર્ણાનંદ આત્મા પ્રકાશે છે.

**જે આ લોકમાં દર્શનમોહાદિ પર વિજય મેળવેલા...** જેણે દર્શનમોહ–ભ્રાંતિ ઉપર જય મેળવ્યો છે. આહાહા! રાગ હું ને પુણ્ય હું, પુણ્યના ફળ હું—એવો જે દર્શનમોહ એના ઉપર જેણે વિજય મેળવ્યો છે. જય નહીં, પણ વિજય મેળવ્યો છે. આહાહા! એવા **યોગીઓથી નમસ્કાર કરવાયોગ્ય છે...** આહાહા! જુઓ તો ખરા! જેણે એ ભગવાન પૂર્ણાનંદનો નાથ સહજાનંદ દ્રષ્ટિમાં જાણ્યો છે, એને એ નમસ્કાર કરવાયોગ્ય છે. જેણે જાણ્યો નથી એ કોને નમસ્કાર કરે? આમ આંધળો અંધારાને? આહાહા! નાથુલાલજી! આવી વાત છે. ગપ્પેગપ્પ મારે છે બધા. આહાહા! ભાઈ! તને ખબર નથી. આહાહા! અવતાર એળે જશે. જેણે આવા તત્ત્વને જાણ્યું નથી એના અવતાર એળે જશે. એ ભલે ચક્રવર્તી રાજા હોય, કરોડપતિ (હોય), બધા ભિખારામાં ભિખારા છે. સમજાણું કાંઈ? આહાહા! એ **યોગીઓથી નમસ્કાર**... ભાષા તો જુઓ! ઓહોહો! જેણે પૂર્ણ સ્વરૂપનું જોડાણ કર્યું છે એને ખબર છે કે આવું તત્ત્વ છે, એને એ નમવાયોગ્ય છે.

**અને જે સુખનું મંદિર છે...** દર્શન કરવાલાયક છે અંદર, કહે છે. એ આનંદનું મંદિર છે, ન્યાં જાને અંદર. તને આનંદના દર્શન થશે. **તે સહજ તત્ત્વને હું સદા અત્યંત નમું છું.** મુનિરાજ કહે છે, હું તો એવા તત્ત્વને સદા નમું છું. પહેલાં કહ્યુંને કે યોગીઓ દ્વારા નમસ્કાર કરવા (યોગ્ય) છે. પછી પાછા કહે છે કે હું પણ એક યોગી છું. આહાહા! **હું સદા અત્યંત નમું છું**. આહાહા! અતીન્દ્રિય સહજાનંદની મૂર્તિમાં નમન નામ વલણ–પરિણતિ, એનું નામ પ્રત્યાખ્યાન અને એનું નામ મુનિપણું છે. બાકી બધા ભેખ-બેખ ને આ ટીલાંટપકા તાણે ને થઈ ગયા સાધુ, એ બધા બુદ્ધિ વિનાના બાવા થાય, ભવસાગરમાં બૂડી જાય. આ તો ભવસાગરને તરીને પાર આવે છે. (પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો સુદ ૨, સોમવાર, તા. ૯-૧૦-૧૯૭૨
## શ્લોક-૧૫૧, ગાથા-૧૦૭, પ્રવચન નં. ૧૧૬

**प्रणष्टदुरितोत्करं प्रहतपुण्यकर्मव्रजं**
**प्रधूतमदनादिकं प्रबलबोधसौधालयम्।**
**प्रणामकृततत्त्ववित् प्रकरणप्रणाशात्मकं**
**प्रवृद्धगुणमंदिरं प्रहृतमोहरात्रिं नुमः ॥१५१॥**

અહીંયા કહે છે કે આત્મા એ ત્રિકાળી સત્-સ્વરૂપ નિત્યાનંદ વસ્તુ છે, એ ચીજ જ આદરણીય અને ઉપાદેય છે. પૂર્ણસ્વરૂપ એક સમયમાં અખંડ-આનંદ એવું જે તત્ત્વ, એ જ આદરણીય છે. કેમ? **શ્લોકાર્થ : જેણે પાપના રાશિને નષ્ટ કર્યો છે...** જેમાં પાપનો રાશિ છે જ નહીં. સમજાણું કાંઈ? એવું એ સ્વરૂપ, જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણનું દળ એવી ધ્રુવવસ્તુ એણે પાપના રાશિને નષ્ટ કર્યો છે. એકલો અનંત ગુણનો રાશિ પ્રભુ એનો આશ્રય કર્યે એને પાપનો નાશ થઈ જાય છે. પણ અહીં તો (કહે છે કે) એ વસ્તુમાં પાપનો રાશિ છે જ નહીં. આહાહા! સમજાણું કાંઈ? **જેણે પાપના રાશિને નષ્ટ કર્યો છે**... એટલે કે એ પાપની રાશિ એમાં છે જ નહીં અને જેણે એનો આશ્રય લીધો એને પાપની રાશિ રહેતી નથી. લ્યો, આ વાત છે.

**જેણે પુણ્યકર્મના સમૂહને હણ્યો છે... प्रहतपुण्य.... हत** એટલે નષ્ટ.... **જેણે પુણ્યકર્મના સમૂહને**... દયા, દાન, વ્રત આદિના ભાવ તથા પુણ્યકર્મ જે ચીજમાં છે જ નહીં એવી ધ્રુવ ચીજ, એનો આશ્રય કરવાથી પુણ્યકર્મનો પણ નાશ થાય છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? **જેણે મદન (કામ) વગેરેને ખંખેરી નાખ્યા છે...** જેના વિષયની વાસના તો છૂટી ગઈ છે. આહાહા! આનંદનું પૂર પ્રભુ એમાં વિષય-વાસના તો નથી, પણ જેણે એ આનંદના પૂરનો આશ્રય લીધો એને વિષય ખંખેરાઈ જાય છે. વિષય-વાસના એની છૂટી જાય છે. આહાહા! સમજાય છે કાંઈ? પૂર્ણ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે એમાં વિષયની વાસના નથી અને એનો આશ્રય કર્યે એને વિષયની વાસના રહેતી નથી. એમાં નથી માટે આશ્રય કર્યે એમાં રહેતી નથી. સમજાણું કાંઈ?

**જે પ્રબળ જ્ઞાનનો મહેલ છે...** પહેલી તો જરી નાસ્તિથી વાત કરી. અસ્તિ શું? પ્રબળ જ્ઞાનનો મહેલ છે. આહાહા! મોટો મહેલ હોયને મહેલ, એવો ભગવાન પૂર્ણ મહેલ, આનંદનો, જ્ઞાનનો મહેલ છે. જેમાં રહી શકાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? માણસ કહેને કે ભાઈ! ખાધા-પીધા વિનાનો રહી શકે, પણ ઓટલો હોયને તો ઠીક. એમ વાતું કરે. ઓટલો તો હોય ઘરનું મકાન. બાયડી વાતું કરે, આ વાત કરે, બધા નવરા .... બધા છે. એમ કે અમારે મકાન

કર્યું છે એમ બતાવવું હોય. એમ કે ભૂખ્યા હોય તો રોળવે, પણ ઓટલા વિના કંઈ રોળે? એમ મકાન હમણાં બનાવ્યું છે... પણ એ મકાન રહેવાનું સ્થાન નથી. ન્યાંથી છૂટીને ચાલ્યો સ્મશાનમાં આ દેહ. ભગવાન આત્મા જ્ઞાનનો મહેલ છે કે જેમાં રહી શકાય છે (અને) જે ઘરમાં રહેતા તને આનંદ આવે એવું ત્યાં છે. આહાહા! વ્યવહારના પક્ષકારને આ વાત એવી લાગે. ચારેબાજુ એક માંડી.... અત્યારે.... એ નહીં, ક્રિયાઓ વ્યવહારની જોઈએ. ઓહોહો! પણ એ સાંભળે છે એ વિકલ્પ વ્યવહાર નથી? છે, પણ એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

એ જ્ઞાનનો મહેલ, મોટો મહેલ... **જેને તત્ત્વવેત્તાઓ પ્રણામ કરે છે...** આહા! ભાષા જુઓ! જેને એનું જ્ઞાન છે એ એને નમે છે. આહાહા! પૂર્ણાનંદનો નાથ પ્રભુ અનાદિ-અનંત નિત્ય બિરાજે છે એના જાણનારાઓ... એના જાણનારાઓ–તત્ત્વના જાણનારાઓ એને પ્રણામ કરે છે. કહે છે કે એની તરફ ઢળી ગયેલા છે. સમજાય છે કાંઈ? જેનું બહુમાન કરીને જેમાં ઠર્યા છે. આહાહા! એ તત્ત્વના જાણનાર જ પ્રણામ કરી શકે, એમ કહે છે. વસ્તુનો આદર વસ્તુના જ્ઞાન વિના હોઈ શકે નહીં એમ કહે છે. જ્ઞાનમાં તત્ત્વ આવ્યું છે... 'તત્ત્વવેત્તા' કીધુંને. આ વસ્તુ–તત્ત્વ મહાપ્રભુ પૂર્ણ ધ્રુવ એનો વેત્તા (એટલે) એનું જ્ઞાન થયું છે અને તેથી તેનું વલણ તેનામાં રહે છે. કહો, સમજાણું કાંઈ? તત્ત્વવેત્તાઓ-જાણનાર પ્રણામ કરે છે કે જે તત્ત્વના જાણનારને જ મોક્ષ ને મોક્ષમાર્ગ હોય છે. સમજાણું કાંઈ? કેમકે એનો એણે સ્વીકાર કર્યો, એનું એણે જ્ઞાન કર્યું, એમાં એ ઠર્યાં, એનું જ્ઞાન હોય એને આ હોય છે.

**જે પ્રકરણના નાશસ્વરૂપ છે (અર્થાત્ જેને કોઈ કાર્ય કરવાનું નથી જે કૃતકૃત્ય છે)...** કોઈપણ કાર્ય કરવું એનાથી રહિત છે (અર્થાત્) કૃતકૃત્ય છે. આહાહા! કોઈ કાર્ય કરવાનું નથી. પ્રકરણ એટલે કોઈપણ કાર્યને કરવું પડશે આટલું, એ વસ્તુમાં નથી. કૃતકૃત્ય જ છે પ્રભુ. આહાહા! સમજાણું કાંઈ? પૂર્ણાનંદ, પૂર્ણજ્ઞાન ધ્રુવ, ચૈતન્યધ્રુવ એકરૂપ વસ્તુ એ કૃતકૃત્ય જ છે. એને શું કરવાનું હોય? અથવા એ ચીજનો જેણે (પૂર્ણ) આશ્રય લીધો એ કૃતકૃત્ય થઈ ગયો છે. સમજાણું કાંઈ? (હવે) એ ચીજનો આશ્રય કરવો છે એ કરવું (રહેતું નથી). કહો, સમજાણું કાંઈ?

એ કૃતકૃત્ય થઈ ગયો. મહાપ્રભુ સચ્ચિદાનંદ પૂર્ણસ્વરૂપ ભગવાન એનો જેણે આદર કર્યો, એ વસ્તુ કૃતકૃત્ય છે તો એ વસ્તુનો આશ્રય કરનાર પણ કૃતકૃત્ય થઈ જાય છે. એને પાછળ કાંઈ કરવું રહે એવું રહેતું નથી. સમજાણું કાંઈ? માર્ગ આવો છે પ્રભુ! એકલા વ્યવહારવાળા કહે, આમ કરો.. આમ કરો.. આમ કરો, અપવાસ કરો, નિમિત્તથી થશે, અપવાસ કરશો તો કર્મ નાશ થશે, કર્મના લોચા ચોંટ્યા છે. એમ લાગે કેટલું સારું લાગે. અહીં કહે છે કે કર્મ પણ નથી ને વિકાર પણ નથી, લે! ભગવાન તો કૃતકૃત્યસ્વરૂપ જ છે. એનો જેણે આશ્રય

કર્યો એ કૃતકૃત્ય થઈ ગયો છે, એને કરવાનું કાંઈ રહેતું નથી. આહાહા! સમજાણું કાંઈ? એવી ચીજ સર્વજ્ઞ ભગવાન તીર્થંકર પરમાત્માએ જોઈ જાણીને કહી છે.

શ્રોતા : પૂર્ણ કૃતકૃત્ય.....

પૂજ્ય ગુરુદેવશ્રી : પૂર્ણ હી હૈ. 'પૂર્ણ ઇદં'. ત્રિકાલીકી બાત ચલતી હૈ ન. એ 'પૂર્ણ ઇદં' પદનો આશ્રય થયો એ પૂર્ણ ઇદં થઈ ગયો. આહાહા! એ તો એકલો પૂર્ણ જ છે. આહાહા! પ્રવચનસારમાં છેને, મોક્ષનો માર્ગ થયો એ તો મોક્ષ જ છે, મોક્ષતત્ત્વ જ છે. આહાહા! ભવિદ્ર મોક્ષ (એટલે) અલ્પકાળમાં થશે એમ કહે છે. જે નર્કમાં જવાનો હોયને એને ભવિદ્ર નારકી કહેવાય. સ્વર્ગમાં જવાનો હોય એ ભવિદ્ર દેવ કહેવાય, અત્યારે જ કહેવાય. એવો પાઠ છે. સમજાણું કાંઈ? આહાહા! શ્વેતામ્બરમાં તો બહુ લખાણ આવે, આખો થોકડો આવે. .... ભવિદ્ર નારકી. ભવિદ્ર એટલે જેમાં જવાને લાયક છે તે, એમ. ભવિદ્ર (એટલે) એને થવાને લાયક છે અને એમાં જશે એ અત્યારે જ એમ છે, એમ કહે છે.

શ્રોતા : જેમ રાજાના છોકરાને રાજા કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : રાજા કહે છે. સમજાણું કાંઈ?

એમ અહીં કૃતકૃત્ય પ્રભુ જ્યાં દ્રષ્ટિમાં આવ્યો, રાગની ને સંસારની ક્રિયા વિનાનો ભગવાન આત્મા જેમાં કોઈ વિકારી ક્રિયા નથી એવી વસ્તુ જ્યાં દ્રષ્ટિમાં આવી, એને અવિકારી ક્રિયા થઈ ગઈ પર્યાયમાં. સમજાણું કાંઈ? કોઈ કાર્ય માથે લેવું એ દ્રવ્યને નથી, કહે છે. આમ તો મુનિમાંય આવે છે, સકર્મ. કોનું માથે લે? શું કરી શકે છે, કોનું કરી શકે છે? શું કરી શકે છે કે માથે લેવું? આહાહા! મુનિ તો એવા હોય કે કંઈ કોઈપણ કામ—આજે તમારે પ્રાર્થનામાં આવવું પડશે, ફલાણું આટલું કરવું પડશે, આત્મધર્મ કાઢીએ છીએ માટે બે લીટી લખવી પડશે.—એ મુનિને ન હોય. આહાહા! પાટણીજી! એ વળી બોજો કેવો? આટલું લખાણ કરવું.... એવી ચીજ જ છે કહે છે. એ ચીજનું જ્યાં ભાન થયું, એ ભાનવાળો પણ કૃતકૃત્ય જ છે. 'મુક્ત એવ' કહે છે ને?

**જે પુષ્ટ ગુણોનું ધામ છે...** આહાહા! પુષ્ટ ગુણોનું ધામ. બધા ગુણો પુષ્ટ.. ધ્રુવ.. ધ્રુવ.. એકલું સત્‌નું સત્ત્વ.. એકલું સત્‌નું સત્.. સત્ આત્મા એનું જ્ઞાન સત્, દર્શન સત્, આનંદ સત્, એકલો પુષ્ટ ગુણોનું ધામ.. આહાહા! સમજાણું કાંઈ? જે દ્રષ્ટિનો વિષય છે. આહાહા! સમજાણું કાંઈ? **પુષ્ટ ગુણોનું ધામ છે**... એટલે કે ગુણો પુષ્ટ ધ્રુવ અનંત શક્તિસંપન્ન પડ્યા છે એમ કહે છે. આત્મામાં એકેક ગુણ અનંત સામર્થ્યવાળો.. અનંત સામર્થ્યવાળો છે, એવા અનંતાગુણો પુષ્ટ નામ અનંત સામર્થ્યવાળા પડ્યા છે. આહાહા! એણે સાંભળ્યું નથી, ઘરમાં શું છે એની ખબર નથી. પરઘર જોવા જાય, ગોતવા, અહીંથી થાશે ને અહીંથી થાશે. ભગવાનના દર્શન

કરીએ ને ભગવાન મળશે, જાત્રા કરીએ તો મળશે. જ્યાં છે ત્યાં મળવા માગતો નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ?

આવું સાંભળે ત્યારે વળી વચ્ચે કહે કે અમારે ભક્તિ ને પૂજા કોની કરવી? વળી એમ કહે. આહા! વળી તમે આમ કહો કે એ તો આવું છે... એવું આવે વચ્ચે, જ્યાં સુધી પૂર્ણતા ન હોય, ત્યાં સુધી પૂર્ણ પામેલા પ્રત્યેનો બહુમાન–આદર હોય છે, એ વસ્તુની મર્યાદા છે. વસ્તુની, સાધકજીવની એ મર્યાદા છે. અંતર્મુહૂર્તમાં ધ્યાન થઈને જે કેવળ પામી જાય, થઈ રહ્યું, એને તો શું છે? જેવો અંદર પકડ્યો એવો સ્થિર થયો. આહાહા! નિગોદમાંથી નીકળ્યો ને માણસ થયો, આઠ વર્ષે સમ્યક્ પામ્યો ને પામીને આ ચારિત્ર પામ્યો, પામીને અહીં સ્થિર થયો, સ્થિર થઈને કેવળ થયું, કેવળ થઈને દેહ છૂટી ગયો. એને તો કંઈ છે નહીં. પણ જેને હજી પૂર્ણ થવાને, પૂર્ણને પકડ્યા છતાં પર્યાયમાં પૂર્ણ થવાને વાર છે, એને વચ્ચે એવા શુભભાવો આવે છે, હોય છે, હેયબુદ્ધિએ છે. સમજાણું કાંઈ?

પણ હેયબુદ્ધિએ છે તો કરવા શું કરવા (-શેના માટે)? કરવા શું કરવા (-શેના માટે) જોઈએ એવા? એય! પણ એ આવ્યા વિના રહે નહીં ભાઈ! એની મર્યાદા (છે કે) ગુણની પૂર્ણતા પર્યાયમાં નથી એથી મનનો સંબંધ જે શુભધર્મ (સાથે છે) એ એને છૂટ્યો નથી. સમજાય છે કાંઈ? આમ છે.... .......... નિશ્ચય વિનાનો વ્યવહાર.... **પુષ્ટ ગુણોનું ધામ છે**... એટલે કહે છે કે જેનો આશ્રય કર્યે એની ધર્મની પર્યાય પુષ્ટ થાય છે. સમજાણું કાંઈ? આહાહા! એને આશ્રયે ધર્મની પર્યાય પુષ્ટ થાય છે. કોઈ વ્યવહાર કરતાં-કરતાં પુષ્ટ થાય છે (એમ છે નહીં). આહાહા! અનંત ગુણનો ચક્ર–સમૂહ એમાં વર્તનારો પ્રભુ ચક્રવર્તી, પોતે ચક્રવર્તી છે. ગુણ ચક્રને ચુંબે છે, નથી આવતું? ત્રીજી ગાથા, (સમયસાર). પોતાના અનંત ધર્મરૂપી ચક્ર એને ચુંબે છે, પણ અન્ય દ્રવ્યને ચુંબતું નથી. આહાહા! એમ ભગવાન આત્મા એક સમયમાં અનંત ગુણનો ચક્ર–સમૂહ છે. આહાહા! કહે છે કે એ ગુણો બધા પુષ્ટ છે. અપૂર્ણતા નથી, વિપરીતતા નથી, ખામી નથી, કમી નથી. સમજાણું કાંઈ? એ અનંતા ગુણો પુષ્ટ છે.

**અને જેણે...** જેણે આશ્રય એનો લીધો, એના ગુણોની પર્યાય પુષ્ટ થાય છે. પુષ્ટ થઈને પૂર્ણ થાય છે. સમજાણું કાંઈ? વચ્ચે વ્યવહાર આવે છે એને લઈને પુષ્ટ થાય છે કે એને લઈને મુક્તિ થાય છે—એમ નથી. આહાહા! **અને જેણે મોહરાત્રિનો નાશ કર્યો છે...** આહાહા! જેના સ્વરૂપમાં મોહરૂપી અંધકાર જ નથી. એકલા પ્રકાશનો પુંજ પ્રભુ, એકલા અનંત ગુણના પ્રકાશની સ્વચ્છતા–શુદ્ધતાથી પુષ્ટ પ્રભુ એમાં મોહરૂપી અંધકાર ક્યાં છે? અર્થાત્ જેણે આવા ભગવાનનો આશ્રય લીધો એને મોહરાત્રિનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા! વીતરાગરસના ભાવની વાત છે આ તો. રાગી પ્રાણીને આ ભાવ લૂખો લાગે.

**જેણે મોહરાત્રિનો નાશ કર્યો છે, તેને (તે સહજ તત્ત્વને)...** એવું જે સહજતત્ત્વ છે એ અમને દ્રષ્ટિમાં આવ્યું છે, એ સહજતત્ત્વના જાણનાર છીએ, એમ કહે છે. અમે **નમીએ છીએ.** આહાહા! **નુમઃ.. નુમઃ**નો અર્થ? આહાહા! નમીએ છીએ એટલે એમાં અમારું વલણ છે. અમારું વલણ વ્યવહાર ને નિમિત્ત તરફ છે નહીં, આમ કહે છે. આ તકરાર.. બહારના વ્યવહારવાળાને. આ માળા સોનગઢીયા આવા ને આવા છે, એમ કહે છે. લ્યો, એ અધિકાર પૂરો થયો.

**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...** મુનિ પદ્મપ્રભમલધારિદેવ જેને એક શરીર માત્ર હતું. **એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી...** લ્યો, એનાથી આ ટીકા રચાયેલી છે. એકકોર કહે કે ટીકા કરી શકાય નહીં. **શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં...** આ નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકા છે. **(અર્થાત્ શ્રીમદ્ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ વિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર નામનો છઠ્ઠો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

એ પ્રતિક્રમણનો અધિકાર ગયો, પ્રત્યાખ્યાનનો ગયો, હવે આલોચનાનો આવે છે. ગયા કાળનું પડિકમણું, આવતા કાળનો પચ્ચખાણ, વર્તમાનનો સંવર, આવે છે કે નહીં? પડિકમણામાં આવે છે. ગયા કાળનું પડિકમણું, વર્તમાનકાળનો સંવર, આવતા કાળના પચ્ચખાણ. એ પચ્ચખાણ ને પડિકમણાની વ્યાખ્યા ગઈ. હવે આ વર્તમાનની વાત કરે છે. સંવર.. સંવર. આલોચના. આલોચવું–જોવું એ જ સંવર, એમ કહે છે. પોતાના સ્વરૂપ પૂર્ણાનંદને જોવું અને રાગાદિનું જોવું ભૂલી જવું એનું નામ આલોચન નામ સંવર છે. આહાહા! પરમ આલોચના. પરમ આલોચના અધિકાર. દેખો! વ્યવહાર આલોચના હોય તો ખરીને? ..... નિશ્ચય.....

**હવે આલોચના અધિકાર કહેવામાં આવે છે.**

**णोकम्मकम्मरहियं विहावगुणपज्जएहिं वदिरित्तं ।**
**अप्पाणं जो झायदि समणस्सालोयणं होदि ॥१०७॥**

**તે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને...** આહાહા! પોતે ભગવાન કુંદકુંદાચાર્ય મુનિ કહે છે, મેં મારી ભાવના માટે આ નિયમસાર રચ્યું છે હોં. કહો, ઠીક! છેલ્લી ગાથામાં છે. મેં મારી ભાવના માટે મેં કર્યું છે. વારંવાર અંતર્મુખનું ઘોલન એમાં આ નિયમસાર રચ્યું છે.

**તે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને,**
**નોકર્મકર્મ-વિભાવગુણપર્યાયથી વ્યતિરિક્તને. ૧૦૭.**

**ટીકા : આ, નિશ્ચય-આલોચનાના સ્વરૂપનું કથન છે.** સંવર (એટલે) વિકારનું અટકી જવું અને નિર્વિકારદશાનું થવું, એ કોને આશ્રયે થાય એનો આ અધિકાર છે. **ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ શરીર તે નોકર્મો છે...** એ ભગવાન આત્મામાં નથી. કહો, સમજાણું કાંઈ? શરીર જ નથી આત્મામાં. એ તો ચૈતન્યશરીરી જીવ છે. ચૈતન્યવિગ્રહ–ચૈતન્ય જેનું શરીર છે. વસ્તુ છેને, પદાર્થ છેને, ભલે અરૂપી છે, પણ વસ્તુ છેને. સમજાણું કાંઈ? એનું ચૈતન્યશરીર, આનંદશરીર છે, એને આ પાંચ શરીર હોતા નથી. સમજાણું કાંઈ?

શરીરથી ક્રિયા થાય તો ધર્મ થાય. લ્યો, આ પહેલો પ્રશ્ન. એ પંડિતજી! આ એના ગામનું. 'જીવિત શરીરસે ધર્મ હોતા હૈ કિ નહીં' વહ પ્રશ્ન થા. પાટણીજી થે ન ઉસમેં? પાટણીજી, શેઠ હતાને, મોઢા આગળ હતા. .... આમ તો ભારે .... તે દિ' બધાની સામે હોં. એક .......... કહે છે કે શરીર જ નથી. આહાહા! હવે આ કહે કે જીવિત શરીરથી જીવને ધર્મ થાય કે નહીં. એ પંડિતોનો પ્રશ્ન બીજો છે ખાણિયામાં. પહેલો પ્રશ્ન (હતો કે) કર્મથી રખડે કે નહીં. બીજો (પ્રશ્ન) આ હતો. ૧૭ છેને.

આ ફૂલચંદજીએ પણ એવી રીતે ચડાવી દીધા માળા. પ્રશ્ન કરો, પ્રશ્ન કરો, પણ આ કરો. એમ કરીને શરૂઆત ન્યાંથી કરાવી. પોતાનું અંતર ... આહાહા! એ ... કર્યો છે એણે. ઓલાએ પકડ્યા. ઉત્તરમાં એનો ... છેલ્લો. કરો પ્રશ્ન કરોને. શરીરથી ધર્મ થાય છે કે નહીં એમ પ્રશ્ન કરો. પ્રશ્ન તો કરો કાંઈ. ચડાવ્યા શૂળીએ. ભગવાન! શરીર જ જેમાં નથી. જેમાં નથી એનાથી થાય એ પ્રશ્ન શું પણ? અહીં તો પર્યાયથી ન થાય એમ સિદ્ધ કરવું છે. ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એને આશ્રયે ધર્મ થાય. આહાહા!

શ્રોતા : નિમિત્તસે હોતા હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : હોતા હૈ વહ ઉસકે ઘર રહા. હોતા હૈ (ઐસા) કબ કહનેમેં આતા હૈ? અપને દ્રવ્યકે આશ્રયસે કામ હો તબ કહનેમેં આતા હૈ. નિમિત્ત કહનેમેં આતા હૈ. વહ ક્યા હૈ? વહ તો વ્યવહાર કથન હૈ.

શ્રોતા : આપ નિમિત્તકો ઉડાતે હો.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઉડાતે નહીં, ઉસમેં હૈ હી નહીં. હૈ નહીં પછી ઉડા દિયા વળી ક્યાંથી લાવે? નિમિત્ત... નથી આવતું? ત્યાં હિંમતભાઈ ગયા હતા અશોકનગર. લાલબહાદુર (કહે), નિમિત્તથી થાય, નિમિત્તથી થાય. એટલો ભાગ પડ્યોને. ૨૦૦૦ અહીં આવે ને ૨૦૦૦ ન્યાં જાય. દિગંબરના પંડિત કેવા.... એ ડિગ્રી... સમયસારનું આવ્યું હતું. આ સમયસાર.... એના પાઠ કરનારા કેવા હશે? આહાહા!

અહીં તો (કહે છે), ઔદારિક શરીર જ આત્મામાં નથી. નથી, પછી એનાથી ધર્મ થાય, એનાથી આમ થાય—એ વાત જ છે નહીં. આહાહા! ક્યા હૈ? આધાર-આધેય? આધાર

આત્માનો. પરકા આધાર કૈસા? આધાર ગુણ હૈ કિ નહીં આત્મામેં? ત્રિકાળ ગુણ હૈ કિ નહીં? ત્રિકાળ ગુણકા આધાર હૈ, પર્યાયમેં ત્રિકાળ ગુણકા આધાર હૈ. એક ન્યાયસે તો પર્યાયકા પર્યાય આધાર હૈ, દ્રવ્ય-ગુણ ભી આધાર નહીં. આહાહા! કેમ કે આધાર નામના ગુણ ત્રણેયમાં વહેંચાઈ ગયો છેને—દ્રવ્ય, ગુણ ને પર્યાય. પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન ધર્મની પર્યાય એનો આધાર એ પર્યાય. એવી વાત છે. આહાહા! દ્રવ્ય-ગુણનો આધાર એ તો એક સમજાવવું છે. કહો, સમજાય છે કાંઈ? કહે છે કે એ પાંચ શરીરો તે નોકર્મ કહેવાય છે. એનાથી ભગવાન રહિત છે. એ સિદ્ધ કરવું છે હોં.

**જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, મોહનીય, વેદનીય, આયુ, નામ અને ગોત્ર નામનાં દ્રવ્યકર્મો છે.** છે ખરા, એ તો સ્થાપ્યુંને. નોકર્મો છે, આઠ કર્મો છે, પણ તેનાથી તે રહિત છે. આહાહા! હવે રહિત છે એ એને રખડાવે? એ જેઠાલાલભાઈ! આઠ કર્મ રહિત છે. ઓલા દિગંબરના પંડિતો કહે, જીવત શરીરથી ધર્મ થાય. તમારા શ્વેતામ્બર આચાર્ય કહે, કર્મને લઈને રખડે. અહીં કહે, એમ નહીં, ભૂલને લઈને રખડે. આહાહા! આવા ને આવા ગોટેગોટા ઉઠ્યા.

શ્રોતા : ભૂલ્યા કર્મને લઈને?

પૂજ્ય ગુરુદેવશ્રી : ધૂળેય નથી ભૂલ કર્મની. ભૂલ ભૂલને લઈને છે.

શ્રોતા : ભૂલેય પર્યાય છેને, સત્ છે કે નહીં?

પૂજ્ય ગુરુદેવશ્રી : છેને. કોણે ના પાડી? ભૂલ છે કે નહીં? છે. એ તો એનાથી છે. શું પરથી છે? દ્રવ્ય-ગુણથી નથી તો વળી કર્મથી તો ક્યાંથી આવી? આહાહા! એવું વસ્તુનું સ્વરૂપ જ છે. આવી રીતે ન હોય તો વસ્તુ કોઈ રીતે સિદ્ધ–સાબિત થાય જ નહીં. સમજાણું કાંઈ? આહાહા! કોને પડી છે આટલી બધી? નવરો તો જાણે ધંધા, બાયડી-છોકરા આડે નવરો થાય નહીં. એમાં વળી પાંચ-પચાસ લાખ હોય ને ધંધામાં એવો ગૂંચવાણો હોય ને જ્યાં હોય ત્યાં શેઠાઈ, મોટાઈ, મરી જાય એમાં. રાતે કંઈક નવરો થાય ત્યારે એવા મળે સંભળાવનારા. એ તો એની એ દશા થઈ.

ભગવાન આત્મા આઠ કર્મ વિનાની ચીજ છે. અસ્તિ છે, એમાં આની (-બીજી) વસ્તુની નાસ્તિ છે. એ તો સાધારણ વાત છે. શરીર શરીરપણે છે, શરીર આત્મામાં નથી. ...... શરીરથી વાત કરે છે. **કર્મોપાધિનિરપેક્ષ સત્તાગ્રાહક શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ પરમાત્મા આ નોકર્મો અને દ્રવ્યકર્મોથી રહિત છે.** લ્યો. કર્મોપાધિ રહિત... **કર્મોપાધિનિરપેક્ષ** (એટલે) કર્મના નિમિત્તની જેને અપેક્ષા નથી. એવો જે દ્રવ્યાર્થિક નય. સત્તાગ્રાહક (એટલે) એકલું હોવાપણાને પકડનાર. શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિક... કેટલી ભાષા જુઓને! આહાહા! કર્મના ઉપાધિની અપેક્ષા રહિત, એકલો સત્તાગ્રાહક... વસ્તુ જે ત્રિકાળ છે એને જાણનાર, પકડનાર એવો સત્તાગ્રાહક શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિકનય એની અપેક્ષાએ પરમાત્મા... આ પરમાત્મા પોતે. આહાહા!

**પરમાત્મા આ નોકર્મો ને દ્રવ્યકર્મોથી રહિત છે**. આ તો શબ્દો છે. શબ્દોમાં જે કહ્યું કે કર્મની અપેક્ષા વિનાની મહાસત્તાનો જ્યાં સ્વીકાર છે એવો શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિકનય... એવી મહાસત્તાના સ્વીકારમાં આ કર્મ ને નોકર્મ પરમાત્મામાં નથી. આહાહા! પર્યાયનયે છે એ તો જાણવાલાયક છે, આ તો આદરવાલાયકની વાત છેને. વ્યવહારનયે, પર્યાયનયે જાણવાલાયક એ વસ્તુ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એટલું જાણવાલાયક, બસ. પણ આશ્રય કરવાલાયક છે, આદરણીય છે? આદરણીય તો આ છે. ત્રિકાળ સત્તાગ્રાહક શુદ્ધનિશ્ચયનય એ દ્રષ્ટિએ અંતર આત્માને જોતા એમાં નોકર્મ–શરીર, કર્માદિનો પરમાત્માને અભાવ છે. અરે! અભાવ છે એવી દ્રષ્ટિ તો કરે. એ કાંઈ વાત છે! કર્મ ને નોકર્મના નિમિત્તપણાના સંબંધ સહિત હોવા છતાં દ્રષ્ટિમાં એનાથી રહિત પરમાત્મા છું એ તે અનંત પુરુષાર્થ છે. આહાહા! સમજાય છે કાંઈ?

**પરમાત્મા**... ભાષા વાપરી જુઓ! પરમ-આત્મા, એમ. એક સમયની પર્યાય પણ નહીં. દ્રવ્યાર્થિકનયનું સત્તાગ્રાહક છેને આખું તત્ત્વ પૂર્ણ. એ નયે પરમાત્મા એનાથી રહિત છે એટલે એ જ્ઞાનના નયથી એને જોતાં એમાં એ નથી એવી એને પ્રતીત થાય છે. સમજાણું કાંઈ? અબદ્ધસ્પૃષ્ટ આદિ કહે છેને. 'જિનશાસન દેખે ખરે'. એનો અર્થ જ આ છે. એ કર્મ ને નોકર્મ રહિત ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનાદિ અનંત-અનંત ગુણનું પુષ્ટરૂપ... પોષાયેલા, પોઢાયેલા બધા ગુણો. ચણો જેમ પાણીમાં પોષાય અને પોઢો થાય, એ તો કૃત્રિમ પોઢો થયો. સમજાણું? પહેલો નહોતો ને એ થયો. આ તો એમને એમ છે પોઢો. આહાહા! એવા અનંત ગુણનો ધરનાર ભગવાન એની સત્તા–હોવાપણાને ગ્રહનારી નય એ દ્રષ્ટિથી અંતર જોતાં પરમાત્મા કર્મ ને શરીરથી રહિત છે. સમજાણું કાંઈ? એક વાત ત્યાં લીધી. હવે બીજી.

**મતિજ્ઞાનાદિ તે વિભાવગુણો છે...** આહાહા! મતિ-શ્રુતજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન એ વિભાવ પર્યાયને અહીંયા ગુણો કહેવામાં આવે છે. આહાહા! જેમાં કર્મ ને શરીર તો નથી... ભગવાન પરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ... જુઓ! આ આલોચનાનો અધિકાર. એને જોવો. આ ભગવાન કર્મ ને શરીરથી રહિત છે, એમ મતિજ્ઞાનાદિ વિભાવગુણોથી રહિત છે. **અને નર-નારકાદિ વ્યંજનપર્યાયો તે જ વિભાવપર્યાયો છે...** ઓલા વિભાવગુણો કહ્યા. કેમકે મતિ-શ્રુત આદિ સાથે હોય છે. નરકાદિ (બધી ગતિ) સાથે હોતી નથી. ગતિ એક હોય ત્યારે બીજી હોતી નથી. **નરનારકાદિ વ્યંજનપર્યાયો તે જ વિભાવપર્યાયો**... મતિજ્ઞાનાદિ તે વિભાવગુણો છે. **ગુણો સહભાવી હોય છે...** મતિ ને શ્રુતજ્ઞાનાદિ સાથે હોય છે. સમજાણું? એ અપેક્ષાએ અહીં છે. ઓલા સહભાવી ગુણો એની વ્યાખ્યા નથી.

**અને પર્યાયો ક્રમભાવી હોય છે.** એમ કહેવું છેને. નારકી વખતે દેવની નહીં, દેવ વખતે નારકીની નહીં. એનાથી તે ક્રમભાવી હોય છે. **પરમાત્મા આ બધાથી (-વિભાવગુણો ને વિભાવપર્યાયથી) વ્યતિરિક્ત છે.** ઓહોહો! મતિ-શ્રુત એક સમય રહતી હૈ ન. કર્મનું નિમિત્ત

છેને (તેથી) વિભાવિક ગુણો છે. કેવળજ્ઞાનની પર્યાયને સ્વભાવિક ગણાય છે. સહભાવી એટલે મતિજ્ઞાનની સાથે શ્રુતજ્ઞાન સાથે હોય છે બે, એ પર્યાયો સાથે ને સાથે (છે એથી) સહભાવી ગુણ કહ્યા એને.

શ્રોતા : ... મતિજ્ઞાન હૈ વહાં શ્રુતજ્ઞાન નહીં હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ન હોય, કેમ ન હોય? સાથે ને સાથે હોય. એ વેપાર જુદી વાત, પણ સાથે જ હોય. ચાર જ્ઞાન સુધી... અહીં ચારેય જ્ઞાન એક સાથે હોય. એક સાથે હોય માટે સહભાવ, એમ કીધું, સહભાવ. સહભાવી–સાથે રહેલા. જ્ઞાન, દર્શન, અનંત આનંદ સાથે રહેલા એ અહીં અત્યારે વાત નથી. સમજાણું કાંઈ? આહાહા! ગુણો સહભાવી હોય છે. એક સમયમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ચારેય પર્યાય હોય છે. અને વ્યંજનપર્યાય એક સમયે એક હોય છે. ક્યારેક દેવ હોય, ક્યારેક નારકી હોય. ચાર ગતિમાંથી (કોઈ) એક હોય.

**ઉપરોક્ત નોકર્મો ને દ્રવ્યકર્મોથી રહિત...** પહેલા બે કીધા હતા એ. ઉપર-ઉક્ત—ઉપર કહેલા નોકર્મ–શરીર ને કર્મથી રહિત... **અને ઉપરોક્ત સમસ્ત વિભાવગુણપર્યાયથી વ્યતિરિક્ત...** લ્યો, સમસ્ત વિભાવ ગુણ ને પર્યાય, એમ.

શ્રોતા : વિભાવ તો પયાયમેં હૈ, ગુણમેં તો વિભાવ હૈ નહીં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે કહા ન. મતિ-શ્રુત-અવધિકો વિભાવ કહનેમેં આતા હૈ. પર્યાયકો વિભાવગુણ કહનેમેં આતા હૈ. ..... એને વિભાવ કેમ કહ્યું? એમ કહે છે. વિભાવ છે (કેમકે) કર્મના નિમિત્તની અપેક્ષા સહિત છે. ક્ષયોપશમ છેને ક્ષયોપશમ. પર્યાયની અપેક્ષા છે અત્યારે, પર્યાયકી બાત ચલતી હૈ. સહભાવી ગુણ ને ક્રમભાવી પર્યાય એ અત્યારે (વાત) નથી. અહીં તો મતિ આદિની પર્યાયોને વિભાવગુણ કહીને સહભાવી કીધી છે. નરકાદિ ગતિ–વ્યંજનપર્યાય ક્રમે થઈ એને (વિભાવ)પર્યાય કીધી છે. જુઓને! કેટલું સ્પષ્ટ કર્યું છે.

**ઉપરોક્ત નોકર્મથી ને દ્રવ્યકર્મોથી રહિત અને ઉપરોક્ત સમસ્ત વિભાવગુણોથી વ્યતિરિક્ત...** એ નાસ્તિથી. **તેમ જ સ્વભાવગુણપર્યાયોથી સંયુક્ત...** લ્યો, સ્વભાવિક ગુણપર્યાયથી સંયુક્ત કહ્યું. આહાહા! પોતાના સ્વભાવિક ગુણો અને એની પર્યાયો–ભેદો એથી સંયુક્ત છે. એવા **ત્રિકાળ-નિરાવરણ નિરંજન પરમાત્માને...** આહાહા! **એવા ત્રિકાળ નિરાવરણ...** જેને આવરણ હતું ને ગયું એવું ત્રણે કાળ છે નહીં (એવું) ત્રિકાળ નિરાવરણ.

શ્રોતા : ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, નહીં, એ અત્યારે નહીં, અત્યારે અહીંયા નહીં. કોઈ વખતે એને ચારને ભાવકર્મકૃત કહે છે. ત્રિકાલીભાવને જુદું જણાવવા એ અપેક્ષાથી.... બાકી બેની વચ્ચેનો વ્યવહાર બતાવતાં ચાર પર્યાય કર્મના નિમિત્તની અપેક્ષામાં છે અને કેવળજ્ઞાન કર્મના નિમિત્તનો અભાવ છે. અભાવ છેને. અભાવ છે તેને સ્વભાવ ગણ્યો. કર્મનું નિમિત્ત ને

નિમિત્તનો અભાવ—એ બે અપેક્ષાવાળું લ્યે ત્યારે કેવળજ્ઞાનને વિભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! કર્મના નિમિત્તની ઉપસ્થિતિમાં જે ચાર જ્ઞાન ઉઘડ્યા એને અહીંયા વિભાવ કહેવામાં આવ્યો છે અને એના અભાવમાં ઉઘડી દશા એને સ્વભાવ કહેવામાં આવ્યો આ અપેક્ષાએ. પણ જ્યારે નિમિત્ત ને નિમિત્તનો અભાવ (એવી) બેય અપેક્ષા વિનાનું તત્ત્વ બતાવવું હોય ત્યારે કેવળજ્ઞાનને પણ વિભાવ કહેવામાં આવે છે. વિશેષ (કાર્ય)–પર્યાય થઈને એ (અપેક્ષાએ). સમજાણું કાંઈ? આહાહા!

**ત્રિકાળ નિરાવરણ નિરંજન પરમાત્માને ત્રિગુપ્તિગુપ્ત (-ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત) એવી પરમ સમાધિ વડે...** આહાહા! આવું તત્ત્વ છે એને મન-વચન-કાયા—ત્રણેયના વિકલ્પ રહિત... આહાહા! પરમસમાધિ, વીતરાગી દશા...

શ્રોતા : આમાં સ્વભાવગુણ ને પર્યાય સમજાવવામાં સિદ્ધ શું કર્યું?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એની ગુણની નિર્મળપર્યાય બધી એમાં ગઈ. ઓલી વ્યંજનપર્યાય છેને, અહીં વ્યંજનપર્યાય નથી. .... નિર્મળ સિદ્ધની પર્યાય આદિ. અહીં ત્રિકાળી વસ્તુ લેવી છેને ત્રિકાળી. ત્રિકાળી શુદ્ધપર્યાય સહિત જ છે. કર્મની અપેક્ષાવાળી પર્યાય હોવા છતાં તે વખતે દ્રવ્યાર્થિકનયના જોરથી એનાથી રહિત છે અને સહિત છે, (શુદ્ધ)પર્યાયથી સહિત છે. .......

**પરમસમાધિ વડે,** આહાહા! **જે પરમ શ્રમણ સદા અનુષ્ઠાન સમયે...** આહાહા! અંતરની રમણતાને કાળે, એમ કહે છે. પૂર્ણ પરમાત્માને પરમસમાધિ દ્વારા... જેમાં રાગ ને વિકલ્પની ગંધ નથી એવી વીતરાગતાની સમાધિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ. આહાહા! એવી પરમશાંતિ વડે જે પરમ સાધુ સદા અનુષ્ઠાન સમયે... એને સદા અનુષ્ઠાન સમય છે. વીતરાગ(ભાવ)માં તેની પરિણતિ સદાય નિરંતર છે. એ આલોચના છે. કહો, સમજાણું કાંઈ? **સદા અનુષ્ઠાન સમયે**... પરમાત્મપ્રકાશમાં બહુ લીધું છે. પરમાત્મપ્રકાશ છેને. અમુક કાળે, ધ્યાનના કાળે, ફલાણે કાળે એવું બધું આવે છે. લીન થયો છે ત્યારે એને આ..... **પરમ શ્રમણ સદા**... અહીં તો સદાય–ચોવીસ કલાક.. ચોવીસે કલાક સ્વભાવ સન્મુખનું અનુષ્ઠાન પરમ સમાધિ વડે... લ્યો, આ મુનિની દશા. આનું નામ આલોચના ને સંવર. અહીં તો હજી પંચમહાવ્રતના વિકલ્પ ને ૨૮ મૂળગુણના ઠેકાણા ન મળે, હવે એને તમે સાધુ માનો.

ભાઈ! અહીં તો સત્ય શું છે તેની વાત છેને બાપુ! એ વ્યક્તિની શું સ્થિતિ છે એનું કાંઈ નહીં. એને જે ધર્મ નથી એને ધર્મ મનાઈ જાય એ પોતાને એની પરીક્ષા કરવાની છે. એ ... વસ્તુ હોય, ભલે ગમે તે રીતે હોય, એની જવાબદારી એની છે. એના મિથ્યાત્વના પરિણામ હોય અને એને સાધુ માને, અને પરીક્ષાવાળો ઓળખતા એને સાધુ દેખાય નહીં. સમજાણું કાંઈ? એ પોતાને માટે વાત છે. વિપરીત માન્યતા ન રહે. જેવી એની સ્થિતિ છે તેવી એની માને, એનું નામ યથાર્થ જ્ઞાન ને યથાર્થ શ્રદ્ધા કહેવાયને. દુનિયાનું શું, એ વ્યક્તિની જવાબદારી

એને લઈને. અહીંયા જવાબદારી ઊંધી માન્યતા ન થઈ જાય એ ખાતર (કહ્યું છે). મુનિઓની આ દશા પરમસમાધિ વડે... મહાવ્રત-ફહાવ્રત તો ક્યાંય મૂકી દીધા. આહાહા! કહેશે, વ્યવહાર.... મહાવ્રત ધારણ કરવું..... આહાહા!

'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ..' ખેંચતાણની અહીં વાત ક્યાં છે? જ્યાં સહજ વસ્તુ છે એમાં ખેંચતાણ હોય શી રીતે? અને ખેંચીને લાવે તે એમ આવે એમ છે? બાવાય ગાતા. પૈસા માગતાને. 'સહજ મિલા સો દૂધ બરાબર, (માંગ) લિયા સો પાની.' આ બાવા હોતા હૈ ન, પૈસો માગવા (આવે). ... સિવાયના બાવા. દુકાને માંગવા આવતા, એ બોલતા. અમારી દુકાન મોઢા આગળ ખરીને. ....... પહેલી દુકાન મુસલમાનની અને બીજી દુકાન અમારી. ...... હિન્દુમાં અમારી પહેલી. પાધરા ન્યાંથી શરૂ થાય. બધાય આવે. બોલે 'સહજ મિલા સો દૂધ બરાબર, માંગ લિયા સો પાની..' એવું કાંઈક છે. 'ખેંચ લિયા સો રક્ત બરાબર, ગોરખ બોલે વાણી.' એમ ગોરખ કહે. 'ખેંચ લિયા....' એમ કરીને સહેજે આપે..... એની આગળ ખોટી ન કરવા....

સદા અનુષ્ઠાન સમયે **વચનરચનાના પ્રપંચથી (વિસ્તારથી) પરાઙ્મુખ વર્તતો થકો...** આહાહા! એનાથી જુદો રહીને **ધ્યાવે છે...** એ આત્માના આનંદને ધ્યાવે છે. આહાહા! પરમ સમાધિમાં–આત્માના ધ્યાનમાં આત્માને ધ્યાવે છે. **તે ભાવશ્રમણને સતત નિશ્ચય-આલોચના છે.** લ્યો. કહો, જેઠાભાઈ! આવું સાધુપણું સાંભળ્યું હતું ત્યાં? આવી વસ્તુસ્થિતિ ક્યાં છે? અરે! મનુષ્યનો ભવ ચાલ્યો જાય છે, જે કરવાનું એ કરે નહીં, કરવાનું હાથ આવે નહીં અને એમને એમ જાય, આહાહા! જાય ચોરાશીના અવતારમાં ડૂબકી ખાતો જાય. ભાઈ! સંભાળવાના કાળ આવ્યા છેને તારે. આવી સતત નિશ્ચય આલોચના મુનિને તો હોય છે. સવાર ને સાંજ હોય છે એમ નહીં, નિરંતર. શુદ્ધ સ્વભાવનો આશ્રય પરમ વીતરાગભાવે પરમસમાધિ વડે લીધો છે, એ જ એની નિરંતર સતત આલોચના છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો સુદ ૩, મંગળવાર, તા. ૧૦-૧૦-૧૯૭૨**
**શ્લોક-૧૫૨-૧૫૩, ગાથા-૧૦૮, પ્રવચન નં. ૧૧૭**

નિયમસાર, ૧૦૭ ગાથાની ટીકા થઈ ગઈ. એમાં સ્વભાવગુણપર્યાય જે છે...... નિર્મળ પર્યાય સહિત ત્રિકાળીને ધ્યાવવું એ શુદ્ધ નિર્મળપર્યાય પ્રગટ થઈ છે. વિભાવ એનાથી રહિત નિર્મળપર્યાય જે પ્રગટ થઈ છે એ સહિત એવું જે દ્રવ્ય એને ધ્યાવવું, એમ. પણ પર્યાય કેવી પ્રગટ થઈ છે એ પર્યાય દ્વારા જાણવું. હવે સ્વભાવગુણપર્યાય. પોતાનો સ્વભાવગુણ એવી જે નિર્મળ–વિભાવ રહિત થઈને દૃષ્ટિ–વર્તમાન પર્યાય, એવા સ્વભાવગુણપર્યાયથી ત્રિકાળીને જોવો, ધ્યાવવું.

શ્રોતા : ...

પૂજ્ય ગુરૂદેવશ્રી : જ્ઞાનની પર્યાય છે, ચારિત્રની છે, શ્રદ્ધાની છે, શાંતિ છે—બધી ગુણની પ્રગટ પર્યાય એના વડે ધ્યાવવું, એમ કહેવું છેને. ત્રિકાળી તો દ્રવ્ય છે, પણ એને પોતાની વિભાવપર્યાય રહિત અને સ્વભાવપર્યાય સહિત ધ્યાવવું, એમ. પ્રગટ થયેલી સ્વભાવપર્યાય... સહિત છેને.. સહિત છેને એ. નિર્મળપર્યાય સહિત જ છેને. પ્રગટ્યો છે પર્યાયમાં. એ વાત છે.

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૨૨૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :** ૨૨૭મો શ્લોક છે.

**मोहविलासविजृंभितमिदमुदयत्कर्म सकलमालोच्य ।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ।।**

**શ્લોકાર્થ : મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન (-ઉદયમાં આવતું) કર્મ તે સમસ્તને આલોચીને (–તે સર્વ કર્મની આલોચના કરીને)...** સ્વભાવ સન્મુખ થતાં કર્મના બધા ભાવોને આલોચ્યા છે એમ કહેવામાં આવે છે. પહેલી તો એ જ રીતે ઉપદેશની પદ્ધતિ આવેને. **મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન કર્મ તે સમસ્તને આલોચીને** એટલે તે તરફનું લક્ષ અને આશ્રય છોડી દઈને, **હું નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોથી રહિત)...** ભગવાન આત્મા કર્મ ને રાગ રહિત વસ્તુ છે એવું **ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી જ (-પોતાથી જ)**–નિર્મળ પરિણતિથી **નિરંતર વર્તું છું.** એવી વાત છે. કેમકે એક સમયની પર્યાયને આશ્રય ને આધાર તો દ્રવ્યનો છે એમ કહે છે. વસ્તુ તો અપૂર્વ એ છે. સમજાણું કાંઈ?

પ્રગટ નિર્મળ આલોચનાની પર્યાયનો આધાર તો ત્રિકાળી દ્રવ્ય છે. એ ત્રિકાળી દ્રવ્યને આલોચે છે એટલે જોવે છે એટલે ઠરે છે, એ કર્મના ભાવને આલોચે છે એટલે છોડે છે. સમજાણું

કાંઈ? ....... અંતરની વાત, અપૂર્વ વાત. અનંતકાળે ચૈતન્યદ્રવ્ય વસ્તુ, એક સમયનો આખો ત્રિકાળીભાવ એનું એને માહાત્મ્ય જ આવ્યું નથી. સમજાણું કાંઈ? એની વર્તમાન એક સમયની પર્યાયમાં બધી રમતું છે, એ સંસાર છે. એને ત્રિકાળી ભગવાન મહાપ્રભુ નિષ્કર્મ વસ્તુ... આવ્યું ને? રહિત કીધું. સહિત શું? ચૈતન્યસ્વરૂપ આત્મા. એ તો જાણગ સ્વભાવ, દ્રષ્ટા સ્વભાવ એવો જે આત્મા ધ્રુવ ત્રિકાળ છે. એવા **આત્મામાં આત્માથી જ** એટલે નિર્મળ નિર્વિકારીદશાથી જ **નિરંતર વર્તું છું**. આહાહા!

બ્રહ્માનંદ ભગવાન પૂર્ણાનંદનો નાથ એના તરફ મારું વલણ છે. એવો જે ધ્રુવસ્વભાવ ભગવાન એને, મારી વર્તમાન પરિણતિએ જેનો આશ્રય લીધો છે એવી પરિણતિથી આત્માને ધ્યાવું છું અને નિરંતર એમાં વર્તું છું એમ કહે છે. આરે, પકડવાનું કઠણ. આહાહા! હું તો પ્રભુને પંથે વર્તું છું એમ કહે છે. મારો પ્રભુ પરમાત્મા જે આત્મા ચૈતન્યસ્વરૂપ, એમાં આત્માથી–એના તરફના વલણવાળી વીતરાગીદશાથી નિરંતર વર્તું છું. સમજાણું કાંઈ? આ તો બહુ ટૂંકી વાત ને બહુ મોટી વાત—બેય વાત છે. શબ્દો બહુ ટૂંકા, ભાવ મોટા જબ્બર. ઓહોહો! મારું પૂર્ણ આત્મસ્વરૂપ શુદ્ધ ધ્રુવ એને મેં ધ્યાનમાં લીધું છે. એવી ધ્યાનની પર્યાયમાં હું નિરંતર વર્તું છું, એમ કહે છે.

ચોથા ગુણસ્થાને ચોથા ગુણસ્થાનની વાત છે, છટ્ઠાએ છટ્ઠાને લાયક. ઉગ્ર આશ્રય, પાંચમે ઉગ્ર આશ્રય, છટ્ઠે (એથી) ઉગ્ર આશ્રય. મૂળ તો ભગવાનનો આશ્રય છે બધે. વિશેષ નિર્મળતા છે પણ ઉગ્ર આશ્રય દ્રવ્યનો છે. સમજાણું કાંઈ? આ તો સમયસારનો કળશ છે. સર્વવિશુદ્ધજ્ઞાન (અધિકાર). આ બાજુનો ફેલાવ જે કર્મનો એને રોકી દઉં છું એમ કહે છે. આ બાજુનો ભગવાનનો ફેલાવ એને વિસ્તારું છું. આહાહા! સમજાય છે કાંઈ? ભાઈ! મારગડા જુદા છે બાપા! જગતથી આખી લાઈન (જુદી) એવી લાઈન છે પ્રભુ! જે વ્યવહાર વડે જણાય એવો નથી એમ કહે છે. વ્યવહાર એમાં છે જ નહીં. મોટો વ્યવહાર, આ નિર્મળ–નિર્દોષ પર્યાયને વ્યવહાર કહો તો એ જુદી વસ્તુ છે. સમજાણું કાંઈ?

પૂર્ણસ્વરૂપ નિત્યાનંદ.. આહા! એ તે શું ચીજ છે! સહજાનંદનો નાથ પૂર્ણ જ્ઞાનનો પિંડ, પૂર્ણ પરમેશ્વરતાથી ભરેલો ભગવાન પૂર્ણ પરમેશ્વર—એવી જે પ્રતીત, જ્ઞાન ને રમણતા એમાં હું નિરંતર વર્તું છું એમ કહે છે. સમજાણું કાંઈ? તેને (-કર્મને) આલોચીને (એટલે) આ બાજુનો વિસ્તાર સંકેલી દઈને અને આ બાજુનો વિસ્તાર કરું છું. સમજાય છે કાંઈ? શક્તિ ધ્રુવરૂપ મહાપ્રભુ એમાં મારી એકાગ્રતાથી જ એનો વિસ્તાર પામે છે. એ વિસ્તારમાં વર્તું છું એ આલોચનામાં વર્તું છું. આવું છે. ચૈતન્યસ્વરૂપ આત્મા ત્રિકાળી વાસ્તવિક જીવનો સ્વભાવ, જેમાં જાણગ-દેખન સ્વભાવ છે એવો જે આત્મા, ત્રિકાળ જેનું જ્ઞાન ને દર્શન સ્વરૂપ છે એવો જે ભગવાન આત્મા એમાં આત્માથી જ... રાગ ને પુણ્ય ને નિમિત્તથી ને વ્યવહારથી નહીં. એ

આત્માની જાતમાંથી જે પ્રગટ થયેલી નિર્મળ અવસ્થા એનાથી નિરંતર વર્તું છું. કહો, સમજાણું કાંઈ?

મુનિઓમાં આમ થાય ને થશે એમ નહીં. હું આમ નિરંતર વર્તું છું. આહાહા! ભગવાને આમ કહ્યું એવું તને કહું છું એમ નહીં. આહાહા! મહાપ્રભુ ચૈતન્ય.. મહાચૈતન્ય સ્વામી એવો જે મારો પરમપારિણામિક ધ્રુવસ્વભાવ, એ ચૈતન્યસ્વરૂપ જે આત્મા એમાં હું એના દ્વારા એટલે એની નિર્મળ પરિણતિ એના દ્વારા વર્તું છું. આહાહા! રાગમાં નહીં. આવું બધું લખે ત્યારે વિકલ્પ છે, તો પણ એમ છે. સાંભળ ભાઈ! એ વિકલ્પ તે ભિન્ન રહી ગયો. ભગવાન પરમાનંદનો નાથ પૂર્ણ પ્રભુ જ્યાં આગળ પ્રસન્ન થઈ, કૃપા થઈને પ્રસરે છે પોતે, કહે છે, એમાં હું વર્તું છું. એ મારું આલોચન ને એ મારો ધર્મ છે. આમ છે...

વ્યવહારવાળાને તો એવું લાગે આમાં. પણ માર્ગ આમ છે ભાઈ! બીજો માર્ગ જ નથી પછી એમાં કહેવું શું? સમજાણું કાંઈ? એને પહેલો સમજણમાં તો લ્યે, એની પહેલી શ્રદ્ધામાં તો લ્યે કે ભગવાન આમ કહે છે ને આમ હોય છે. એવી સમજણ જો કરશે, તો પછી અંતર્મુખ થવામાં એને પ્રયત્ન જાગશે. પણ સમજણમાં જ ભૂલના ગોટા મોટા (હશે), એ અંતરના વલણમાં કેમ વળી શકશે? સમજાણું કાંઈ?

**ચૈતન્યસ્વરૂપ આત્મામાં આત્માથી...** એટલે દ્રવ્યથી જ? આમ તો એમ કહ્યું કે ચૈતન્યસ્વરૂપ આત્મા એમાં આત્માથી એટલે ચૈતન્યસ્વરૂપ આત્માથી (એટલે) પોતાથી, એનો અર્થ એમ. મારા સ્વરૂપની પૂર્ણતા, શુદ્ધતા એને અવલંબીને જે શુદ્ધતા પ્રગટી છે એમાં જ હું નિરંતર વર્તું છું. આ પંચમકાળના મુનિઓ! આહાહા! પરમેશ્વર ખડો કર્યો છે પર્યાયમાં. એવા શૂરવીરોના માર્ગ છે આ. વીરોના માર્ગ છે આ. આહાહા! કાયરના કાળજા કંપી ઉઠે. અરર! આવો? આ શું છે? ભાઈ? છે એ આ જ છે. બાબુલાલજી! આહાહા! પહેલું કબૂલ તો કર. આહાહા! એના વિશ્વાસે એનું વહાણ અંદરમાં જશે ને ચાલશે. એ વિના નહીં ચાલે. સમજાણું કાંઈ?

**વળી ઉપાસકાધ્યયનમાં (શ્રી સમંતભદ્રસ્વામીકૃત રત્નકરંડશ્રાવકાચારમાં ૧૨૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :**

**आलोच्य सर्वमेनः कृतकारितमनुमतं च निर्व्याजम् ।**
**आरोपयेन्यमहाव्रतमामरणस्थायि निःशेषम् ।।**

**શ્લોકાર્થ : કરેલા, કરાવેલા અને અનુમોદેલા સર્વ પાપને કપટરહિતપણે... નિર્વ્યાજ— કપટરહિતપણે આલોચીને...** સરળપણે આલોચીને **મરણપર્યંત રહેનારું...** દેહની સ્થિતિ પૂર્ણ થશે ત્યાં સુધી રહેનાર **નિઃશેષ (-પરિપૂર્ણ) મહાવ્રત ધારણ કરવું.** નિશ્ચય મહાવ્રત ધારણ કરવું, એ આ છે. સમજાણું કાંઈ? મરણપર્યંત—છેલ્લો શ્વાસ ચાલશે દેહને છૂટવાનો ત્યાં સુધી

સરળપણે—રાગ, કપટથી રહિત થઈને અંતરમાં સ્વરૂપની સ્થિરતાનું મહાવ્રત ધારણ કરવું. આહાહા! કહો, સમજાણું કાંઈ? મરણથી ઉગરવાના આ રસ્તા છે. ચોરાશીની ભીડુંમાં ત્યાં તો ઉગરવાનો આ માર્ગ છે. સમજાણું કાંઈ?

શ્રોતા : ...

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભવપૂરતું ચારિત્ર હોય છે એમ કહે છે. પછી ચારિત્ર હોતું નથી. છૂટી જાય એક દિવસ. દેહ છૂટશે પછી ચારિત્ર ન રહે બીજા ભવમાં. અહીં બધી વર્તમાનની વાત છેને. અહીં તો વર્તમાન મુનિની વાત છે. વર્તમાન મુનિને તો એક દેહ હજી તો છે. દેહ ધારણ કરવો જ પડશે. ઓછામાં ઓછા દેહ દેવ ને મનુષ્ય. મારી સ્થિરતાની મર્યાદા દેહના છૂટવા સુધીની હોય છે. છૂટ્યા પછી તો સ્વર્ગમાં જવાની સ્થિતિ હોય છે. પંચમ આરાના મુનિને બીજી સ્થિતિ નથી. સમજાણું કાંઈ?

શ્રોતા : ભાવના કરવી એનો અર્થ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભાવના ....? સ્વર્ગમાં જવાની ભાવના હોય? એ પ્રશ્ન ક્યાં છે? પણ એને વચમાં આવ્યા વિના રહેતું જ નથી. મરણની જાળ... કેવળજ્ઞાન પામું ત્યાં સુધીનું ચારિત્ર ધારણ કરું છું એમ નહીં. આ તો વર્તમાનની વાત છેને. માર્ગ તો પછી અહીંથી મરીને સ્વર્ગમાં જાય ત્યાં પણ માર્ગ રહે.

શ્રોતા : એમ કે ભાવના તો રહી જાય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભાવના એટલે શું? ચારિત્ર આવું હોય તો ઠીક એમ. પણ ભાવનાનો અર્થ એકાગ્રતા એ નહીં. ચારિત્ર હોય.... અરે! ..... દેહ છૂટે કેવળજ્ઞાનમાં, ત્યાં સુધી ચારિત્ર રહેશે. પણ એ ચારિત્રની સ્થિતિ પંચમકાળના મુનિને ક્યાં છે? અહીં તો અત્યારે પંચમકાળના મુનિ જાતની (-પોતાની) વાત કરે છે. સમજાણું કાંઈ? **નિઃશેષ મહાવ્રત ધારણ કરવું** (અર્થાત્) કાંઈ બાકી રાખ્યા વિના વસ્તુમાં ઠરી જવું એમ કહે છે.

**વળી (આ ૧૦૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :**

**आलोच्यालोच्य नित्यं सुकृतमसुकृतं घोरसंसारमूलं**
**शुद्धात्मानं निरुपधिगुणं चात्मनैवावलम्बे ।**
**पश्चादुच्चैः प्रकृतिखिलां द्रव्यकर्मस्वरूपां**
**नीत्वा नाशं सहजविलसद्बोधलक्ष्मीं ब्रजामि ॥१५२॥**

**શ્લોકાર્થ : ઘોર સંસારનાં મૂળ એવાં સુકૃત અને દુષ્કૃતને સદા આલોચી આલોચીને...** આહાહા! હવે અત્યારે કહે છે કે શુભભાવ સિવાય બીજું હોય નહીં. એટલે ધર્મ હોય નહીં

(એમ) એનો અર્થ થયો. અહીં તો (કહ્યું કે) શુભ ને અશુભ ઘોર સંસારના મૂળ છે. સંસારમાં દાખલ કરે જે ભાવ એ ભાવ સુશીલ કેમ કહેવો? સમજાણું કાંઈ? ઘોર સંસારનાં મૂળ સુકૃતને પણ, એમ કહ્યું. એમ નહીં કે દુષ્કૃતને જ (મૂળ) એમ કહ્યું. ઉદયભાવ બધો ઘોર સંસારનું મૂળ છે. કહો, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ સુકૃત છે, એ ઘોર સંસારનું મૂળ છે. એ સંસારનું જ મૂળ છે, એ પરિણામ જ સંસારનું મૂળિયું છે. આહાહા! ઢોલ વગાડ્યો. .... ભવ કરવો. આહાહા! પાંચ-પચ્ચીસ સાગરોપમ સર્વાર્થસિદ્ધ આદિનો ભવ રહેવો. અરે! આનંદના નાથને ભવનું કલંક આ શું? પૂર્ણાનંદનો નાથ જે આ પુર્ણાનંદથી ભરેલો, એને આ સંયોગી ધૂળની ચીજનો, ભવનો સંયોગ સંબંધ કેવો? આહાહા! ભવ એ કલંક છે.

અહીં **ઘોર સંસારના મૂળ એવાં સુકૃત**... શુભભાવને પણ ઘોર સંસારનું મૂળ (કહ્યું), પોતે જ સંસાર છે. આહાહા! ભગવાન આત્મા તો સંસાર વિનાનો છે. સમજાણું કાંઈ? એ શુભ ને અશુભભાવના વિકલ્પ વિનાનો પ્રભુ છે, નિર્વિકલ્પ અખંડાનંદ છું. જે મોક્ષસ્વરૂપ જ છે એ આ સંસારના ઘોર મૂળથી સદા–નિરંતર એનાથી પાછો ફરીને... સમજાણું કાંઈ? **આલોચી આલોચીને**... આહાહા! ખૂબ તેને જોઈ જોઈને એટલે કે આત્મામાં ખૂબ સ્થિર થઈ થઈને... **હું નિરુપાધિક (-સ્વાભાવિક) ગુણવાળા શુદ્ધ આત્માને...** હું એક નિરુપાધિક–સ્વભાવિક ગુણવાળો પ્રભુ છું. એના ગુણો સહજ સ્વભાવથી છે એમાં. કોઈ પ્રગટ કરવા છે કે અવરાણા છે એમ છે નહીં. સમજાણું કાંઈ? એ વીતરાગમાર્ગ ધર્મની રીત કોઈ અલૌકિક છે ભાઈ! સમજાય છે કાંઈ? લોકોએ લૌકિકમાર્ગ જેવો બનાવી દીધો વીતરાગમાર્ગ. એવો માર્ગ નથી ભાઈ! આ તો વીરોના માર્ગ છે. આહાહા!

**હું** એક **નિરુપાધિક**... એનો અર્થ થયો કે સુકૃત ને દુષ્કૃત એ બધી ઉપાધિ હતી. એનાથી હઠું છું અને નિરુપાધિક ગુણવાળા શુદ્ધ આત્માને આત્માથી જ અવલંબું છું. લ્યો, આત્માને આત્માથી (એટલે) નિર્દોષ નિર્વિકારી અવસ્થાથી એને અવલંબું છું. આ ભારે વાતું. આ તો શાસ્ત્રના શબ્દો છે. ઓલા કહે, સોનગઢવાળાએ પોતાનો પંથ વધારવા, જુદો પાડવા નવું કાઢ્યું એનું, એમ કહે છે. રાગ ને શુભાશુભભાવથી જુદો પડેલો છે એ પંથમાં આવ, એમ કહે છે. સમજાય છે કાંઈ? **હું**... મુનિ પોતાને કહે છે. આહાહા! નિરુપાધિક–સ્વભાવિક ગુણવાળો મારો પ્રભુ શુદ્ધ ચૈતન્યધ્રુવ જેણે ચૈતન્યપણું જ ધારી રાખ્યું છે. સંસાર ને રાગને જે અડ્યોય નથી.

એવી ચૈતન્યધાતુ એને જેણે ધારી રાખી છે એવો મારો પ્રભુ, આહાહા! એને હું... નિરુપાધિક ગુણવાળા ત્રિકાળી શુદ્ધ આત્માને આત્માથી જ—નિર્મળ પરિણતિથી, વીતરાગ-દશાથી એને અવલંબું છું. એ જેઠાભાઈ! આવી વાતું ભારે આકરી પડે. સામાયિક કરો ને પોષા કરો ને પડિકમણા કરો. લખાણ એવા આવે શાસ્ત્રમાં. આટલા ઉપવાસ કર્યા, એકે ૨૩ કર્યા, એકે ૨૫ કર્યા ને એકે ૨૮ કર્યા ને ૧૬ કર્યા. કેટલા આંકડા આહાહા! ગૃહિત મિથ્યાત્વની

ભૂમિકામાં છે એ. એય! આ તો વસ્તુસ્થિતિની વાત છે ભાઈ! એ સ્થિતિમાંય દુઃખને જ કરે છે, એ દુઃખી છે. દુઃખના ભાવને એ ધર્મ માને છે.

શ્રોતા : ......

પૂજ્ય ગુરૂદેવશ્રી : અરેરે! સ્વર્ગ એટલે શું? કષાયના અંગારે શેકાવું છે ત્યાં. આહાહા!

નહોતું કહ્યું ઓલા સર્પનું? ચુડાવાળો. કુંવરજીભાઈ કંદોઈ હતા. ભજીયા કે ગાંઠીયા કરતા હશે... તેલનું કડાયું ધગધગતું. સ્થાનકવાસી જૈન હતા. અહીં આવતા હતા ત્યારે. મૂળ એ લોકો દેરાવાસી. કંદોઈ ખરાને. ખૂણે મકાન છેને. ખૂણે બજાર... દુકાન. આમ દેરાવાસી. હવે તો દેરાવાસીમાં.... એ કાંઈક તળતા હશે ગાંઠિયા. એમાં વરાળ લાગી. ઉપર સર્પ નીકળ્યો આમ. સર્પ નીકળ્યો ઉપર, એની વરાળ લાગી ને સર્પ પડ્યો ફડાક હેઠે. અડધો તેલમાં ને અડધો બહાર. આ તો બિચારા આર્ય માણસ ને... હાય.. હાય! તવેથો ભજીયા તળવાનો હોયને, એના વડે આમ (કર્યો). અડધો આમ પડ્યો હતો તે આમ કાઢ્યો. આમ કાઢ્યા ભેગો ચૂલામાં ગરી ગયો. કારણ કે કાંઈ ખબર નથી કે ક્યાં જાઊં છું, શું કરું છું, ક્યાંથી મારો ઉગાર થાય એની ખબર નથી. સમજાણું કાંઈ? એને બળતરા.. બળતરા.. બળતરા.. બહાર જ્યાં કાઢ્યો ત્યાં, સળગતી ભટ્ઠી હતી ..... અંદર ગરી ગયો. ચૂલામાં ગરી ગયો. રાખ.... આહાહા!

એમ અજ્ઞાનમાં ક્યાં જાય છે, ક્યાં ગરે છે એની એને ખબર નથી. આહાહા! હળહળતી ભડકતી કષાયની (અગ્નિ) એમાં ભડથું થાય છે પર્યાય. માને કે અમે અપવાસ કર્યા ને આ કર્યા, અમે આ કર્યા. ભાઈ! તને ખબર નથી, શું કર્યું, શું થયું તારી દશામાં? સમજાણું કાંઈ? તારી દશામાં થયો હોય તો કદાચિત્ રાગ મંદ થયો હોય તો, પણ એ તો જોડે મિથ્યાત્વ છે. કેમકે આ હું આ રાગ કરું છું, આ ક્રિયા મારી છે એવી મિથ્યાત્વની ભટ્ઠી તો સળગી રહી છે. આહાહા! સમજાણું કાંઈ? અહો! એવા શુદ્ધાત્માને **આત્માથી અવલંબુ છું.** હવે કહે છે જરી જુઓ! પંચમ આરાના મુનિ છેને.

**પછી દ્રવ્યકર્મસ્વરૂપ સમસ્ત પ્રકૃતિને અત્યંત નાશ પમાડીને સહજવિલસતી જ્ઞાનલક્ષ્મીને હું પામીશ.** એમ કહે છે. અત્યારે નથી, મારે વાર છે. એટલે કેવળજ્ઞાનલક્ષ્મીને પામવાને હું આમાં વર્તું છું. આહાહા! પણ દ્રવ્યકર્મ હજી પડ્યું છે એને અત્યંત નાશ પમાડીને, આહાહા! હું મારા ઘરમાં આવી જઈશ. સહજ વિલસતી કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી, આનંદ સહિત વિલસતી... જેની ઝલકમાં ત્રણ કાળ, ત્રણ લોક એક સમયમાં જણાઈ જાય એવી જે કેવળજ્ઞાનલક્ષ્મીને હું પામીશ. એમાં કાંઈ સંદેહને સ્થાન નથી. અત્યારે વર્તું છું આમાં. ભાઈ! એ આવ્યું. આને હવે હું પામીશ. સ્વર્ગને પામીશ.. એ વાત નથી. આહાહા! સમજાણું કાંઈ? સ્વરૂપમાં વર્તું છું એ ચારિત્ર છે એમ કીધુંને. પણ હવે પૂર્ણ નથી ત્યારે? કે કર્મપ્રકૃતિનો નાશ પમાડીને કેવળજ્ઞાનલક્ષ્મી પામીશ. આહાહા!

વર્તમાન આમ છે ને ભવિષ્યમાં આમ થશે. સ્વર્ગમાં જશું, ઢીકણું જશું—એ વાત નથી અહીંયા. આહાહા! સ્વર્ગમાં શું છે? ત્યાં કષાય આવીને સળગે છે. વિષયની વાસના અને સગવડતાના પાર નહીં બહારમાં, એના દુઃખના... આહાહા! જ્યાં હોય ત્યાં ઝાંવા નાખીને સળગે છે એમ કહે છે. શાંતિનો સાગર પ્રભુ શેકાય છે અંદર. શાંતિ.. શાંતિ.. અકષાય સ્વભાવસ્વરૂપ પ્રભુ એ એવા શુભરાગ કે અશુભરાગથી શેકાય છે, બળે છે.. બળે છે. એને ધર્માત્મા કેમ સુખ માને? સમજાણું કાંઈ? હું આવા **શુદ્ધ આત્માને આત્માથી જ અવલંબું છું. પછી દ્રવ્યકર્મસ્વરૂપ સમસ્ત પ્રકૃતિને અત્યંત નાશ પમાડીને સહજવિલસતી જ્ઞાનલક્ષ્મી**... પર્યાયમાં હોં. મારી કેવળજ્ઞાનલક્ષ્મી પર્યાયમાં પ્રાપ્ત થશે એને હું પામીશ. સ્વર્ગને પામીશ, અહીં પામીશ, ધૂળ પામીશ—એ અહીં નથી. અહીંથી નીકળીને કોઈ રાજાને ઘરે અવતરીશ, પછી મુનિ થઈશ—એ વાતેય .... નથી. આહાહા! સમજાણું કાંઈ? લ્યો, એ ગાથા થઈ ૧૦૭.

**आलोयणमालुंछण वियडीकरणं च भावसुद्धी य ।**
**चउविहमिह परिकहियं आलोयणलक्खणं समए ॥ १०८॥**
**આલોચનાનું રૂપ ચઉવિધ વર્ણવ્યું છે શાસ્ત્રમાં,**
**–આલોચના, આલુંછના, અવિકૃતિકરણ ને શુદ્ધતા. ૧૦૮.**

એ આલોચનાના ચાર ભેદ વર્ણવ્યા.

**ટીકા : આ, આલોચનાના સ્વરૂપના ભેદોનું કથન છે.** કોણે કહ્યું છે આ? આલોચનાના ભેદના સ્વરૂપનું કથન કોણે કર્યું છે? **ભગવાન અર્હંતના મુખારવિંદથી નીકળેલો...** આહાહા! એ વાણી મુખથી ન આવે. જગતમાં જાહેર છે એ રીતથી વાત કરી. ભગવાન પૂર્ણ સર્વજ્ઞ, પૂર્ણ આનંદ એને પ્રાપ્ત પુરૂષ એના મુખારવિંદથી... અરિહંતથી લેવું છેને. સિદ્ધને તો કાંઈ વાણી છે નહીં. ભગવાન આત્મા પોતાની પૂર્ણ પર્યાયને પ્રાપ્ત થયેલ એને શરીર છે એમ પણ સિદ્ધ કર્યું. એના **મુખારવિંદમાંથી નીકળેલો, (શ્રવણ માટે આવેલ)...** સાંભળવા માટે આવેલો હોં. આહાહા!

**સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે એવો...** સકળ જનતાને ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવાનું સૌભાગ્ય મળે એવો... ઓહોહો! એવો **સુંદર-આનંદસ્યંદી (સુંદર-આનંદઝરતો), અનક્ષરાત્મક જે દિવ્યધ્વનિ...** ભાષા દેખો! જેની વાણીમાં આનંદ ઝરે છે. એકલી આનંદના ઝરણાની જેમાં વાતું છે. ભગવાનના શ્રીમુખેથી નીકળેલી વાણી એકલા અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરે એ બતાવવાની વાણી છે. આહાહા! એમ કહેતાં શુભાશુભને બતાવે છે ને ફલાણું કરે છે—એ કાંઈ નથી. એની વાણીમાં તો આ છે, કહે છે. આહાહા! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એના **મુખારવિંદથી નીકળેલો સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે...** ઓહો! ધન્ય ભાગ્ય! કહે છે. અનંત આનંદ ઝરે... એ છે તો વાણી, પણ વાણીમાં અનંત આનંદને બતાવનારી એ વાણી છે. આહાહા! વાણીમાંથી જ જાણે અનંત અમૃત ઝરતું હોય. સમજાણું

કાંઈ? આહાહા! સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે. આહાહા! સકળ જનતાના સૌભાગ્યમાં એ સાંભળવાનું એને મળે છે. આહાહા!

કેવો? **સુંદર આનંદસ્યંદી...** બે ઠેકાણે બીજે આવે છે આગળ. ત્યાં ભાવને વર્ણવ્યો છે, અહીં વાણીને વર્ણવ્યું છે. સુંદર આનંદ ઝરતો અનક્ષરાત્મક દિવ્યધ્વનિ. આહાહા! શ્રીમદ્દે કહ્યુંને 'વચનામૃત વીતરાગના, પરમશાંતરસમૂળ, ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.' એવો અનંત આનંદ ઝરતો—**સુંદર આનંદસ્યંદી...** એલા! વાણીમાં? ભાઈ! વાણી છે એ આનંદના વાચ્યને બતાવનારી છે અને સાંભળનારના ભાગ્ય છે કે એ વાણી કાને પડે છે એમ કહે છે. અને એને અનંત આનંદનું ઝરણું પ્રગટ થાય જ, એમ અહીં કહ્યું છે. આહાહા! સમજાય છે કાંઈ?

એણે સાંભળ્યું ને એને આનંદ ઝરણા ઝર્યા (તો) એણે સાંભળ્યું કહેવાય. એના ભાગ્ય કે આવી વાણી સાંભળે, એમ કહે છે. સાંભળેલા પૂરતું ન રહે, એમ કહે છે. આહાહા! કેવી છે દિવ્યધ્વનિ? દિવ્ય અવાજ, ૐ ધ્વનિ ઉઠે. આહાહા! જેને સાંભળતા રોમ-રોમ ખડા થાય, ભેગા આનંદના અંકુરા ફૂટે, કહે છે. સમજાણું કાંઈ? એને દિવ્યધ્વનિ કહીએ. આહાહા! એ ૐ દિવ્યધ્વનિ... અનક્ષરાત્મક કીધુંને? એ અક્ષરાત્મક નથી, અનક્ષરાત્મક છે. એવી જે દિવ્યધ્વનિ **તેના પરિજ્ઞાનમાં કુશળ...** અહીં તો પાછા ગણધર લેવા છેને. શાસ્ત્રમાં આ બતાવ્યા. કોણે બતાવ્યા? ગણધરે. ગણધર કેવા? જેણે આનંદ ઝરતી દિવ્યધ્વનિ સાંભળી છે એવા અને એના પરિજ્ઞાનમાં કુશળ, એમ. પાછું એ વાણીમાં અનંત આનંદ ઝરતો એવી વાણી, એના પરિજ્ઞાનમાં કુશળ... એ વાણીમાં શું કહેવું છે એમાં જે કુશળ મુનિઓ—ગણધરો. આહાહા!

તેના પરિજ્ઞાનમાં કુશળ **ચતુર્થજ્ઞાનધર (મનઃપર્યયજ્ઞાનધારી)**—ચાર જ્ઞાનને ધરનાર **ગૌતમમહર્ષિના મુખકમળથી નીકળેલી...** લ્યો, મુખકમળ... ગૌતમ સંત (જે) ભગવાનના વજીર, ભગવાનના દીવાન એના મુખકમળથી નીકળેલી **જે ચતુરવચનરચના...** આ બહારની રચના **તેના ગર્ભમાં રહેલાં** એના અંદરમાં મર્મમાં રહેલા **રાદ્ધાંતાદિ (-સિદ્ધાંતાદિ) સમસ્ત શાસ્ત્રોના અર્થસમૂહના સાર...** સમસ્ત શાસ્ત્રોમાં પદાર્થના સમૂહનો સાર... **સર્વસ્વરૂપ...** સર્વસ્વરૂપ **શુદ્ધ-નિશ્ચય-પરમ-આલોચનાના ચાર ભેદો છે.** આહાહા! **परिकहियं** શબ્દ છેને. પાઠમાં છેને. કોણે કહ્યા એની વ્યાખ્યા લીધી. **चउविहमिह परिकहियं... परिकहियं...** આ ત્રીજા પદની વ્યાખ્યા કરી.... સમજાણું કાંઈ?

એવા પરમ આલોચના—**શુદ્ધ-નિશ્ચય-પરમ-આલોચનાના ચાર ભેદો છે**. આહાહા! શ્રીમદ્ કહે છે કે દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે. જુઓને! ભાષા. કાયરને તો એવું લાગે કે આ તો એકલું નિશ્ચય ઢસડ્યું છે. એકલું સાચું.. સાચું જ કહ્યું છે એમ કહે છે. ખોટું (છે નહીં). આહાહા! ભાઈ! તારા સંસારના અંત લાવવાની આ વાત છે. કેમકે

સંસાર તારા સ્વરૂપમાં છે નહીં. એ પર્યાયમાં ઊભો થયો છે એનો અંત લાવવાની આ વાત છે. આલોચના છેને. આહાહા! ભવ મળે ને ભવ પ્રાપ્ત થાય એની અહીં વાત નથી. સમજાણું કાંઈ? આહાહા! .... કહીએ કે લક્ષ્મી, કર્મપ્રકૃતિ બાકી છેને, એનો નાશ કરીને અમારી સ્વરૂપલક્ષ્મીને પામશું. અરે પ્રભુ! તમે મુનિ છોને? અહીંથી સ્વર્ગમાં જવાના એ તો કંઈ વાત લાવો. ત્યાંથી રાજકુમાર તરીકે તમારો અવતાર છે. આરાધક જીવો તો મોટા રાજકુમારમાં જ અવતરે છે. સમજાણું કાંઈ? અબજોપતિમાં, રાજામાં અવતરે, આરાધકજીવો ક્યાં જાય બીજે?

એ નહીં, એમાં અમે આવતા નથી, એમાં અમે છીએ નહીં. સમજાણું કાંઈ? અમે આવીએ છીએ અમારી શુદ્ધ પરિણતિમાં અને આગળ વધીને જઈશું તો કેવળજ્ઞાનલક્ષ્મી આવશે. બીજામાં અમે આવતા નથી ને બીજામાં અમે છીએ નહીં. સમજાણું કાંઈ? કહો, ચેતનજી! આવી વાત સાંભળી હતી ત્યાં? આહાહા! કોઈ દિ' સાંભળી નહીં. વાત સાચી હોં. પણ માણસને દુઃખ લાગે કે અમારા શાસ્ત્રો... બાપુ! માર્ગ તો આ છેને ભાઈ! એ દુઃખના પૂરમાં તણાતો એને કેમ રોકવો એની આ વાત છે. સમજાણું કાંઈ? એ કાંઈ સાધારણ વાત નથી. એ તો સંતોના મુખમાંથી, કેવળીએ કહેલી વાતું છે. આહાહા! પદ્મમલધારીદેવે કહ્યુંને, હે સખા! હે મિત્ર! મારી સાથે ચાલને ભાઈ! અહીં જવા જેવું છે હોં. આહાહા! ભગવાન! સખા! હે મિત્ર! મુનિ કહે છે પોતે. તું તો મારે રસ્તે ચાલ, ચાલ. આહાહા! ઉપદેશના સારને પામ એમ કહે છે.

**તે ભેદો હવે પછી કહેવામાં આવતાં ચાર સૂત્રોમાં કહેવાશે.** આટલી તો વાત... કહેનાર કોણ છે અને સાંભળનારા કોણ છે એવું ભેગું લઈ દીધું. સકળ શાસ્ત્રોના અર્થસમૂહનો સાર... આહા! **સર્વસ્વરૂપ શુદ્ધ-નિશ્ચય-પરમ-આલેચનાના ચાર ભેદ છે**. ૧૦૮.

**(હવે આ ૧૦૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે.)**

**आलोचनाभेदममुं विदित्वा**
**मुक्त्यंगनासंगमहेतुभूतम् ।**
**स्वात्मस्थितिं याति हि भव्यजीवः**
**तस्मै नमः स्वात्मनि निष्ठिताय॥ १५३॥**

**શ્લોકાર્થ : મુક્તિરૂપી સ્રીના સંગમના હેતુભૂત...** પરમાનંદરૂપી આત્માની પરિણતિ, પરમ આનંદરૂપી આત્માની દશા–એ રૂપી એની પરિણતિ સ્રી કે જેનો એ સંગ નહીં છોડે. **સ્રીના સંગમના હેતુભૂત**... એના સંબંધના હેતુથી... **હેતુભૂત એવા આ આલોચનાના ભેદોને જાણીને...** આહાહા! મુક્તિરૂપી સંગમનો હેતુ છે આ તો, કહે છે. એવા **આલોચનાના ભેદોને જાણીને જે ભવ્ય જીવ ખરેખર નિજ આત્મામાં સ્થિતિ પામે છે... જે ભવ્ય જીવ**... લ્યો. 'ભવ્ય જીવ' શબ્દ છેને. **ખરેખર નિજ આત્મામાં સ્થિતિ પામે છે**... ભાષા જુઓ! ભગવાનમાં સ્થિતિ

પામે, તીર્થંકરના આત્મામાં સ્થિતિ પામે એમ નહીં. ભગવાન આનંદનો ધામ પ્રભુ એવા નિજસ્વરૂપમાં સ્થિતિ પામે છે તે મુક્તિનો ગામી–મુક્તગામી છે. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાને કહેલા આવા આલોચનાના સ્વરૂપને જાણી, એમાં એ કહ્યું હતું પ્રભુએ કે તારું નિજસ્વરૂપ ભગવાન આનંદ ને જ્ઞાનનો સાગર પૂર્ણ પ્રભુ એમાં સ્થિતિ કર. આહાહા! એમાં દૃષ્ટિ લગાવ, એનું જ્ઞાન કર અને એમાં રમણતા ને રમણતામાં રમ. આહાહા! **નિજ આત્મામાં સ્થિતિ પામે છે તે સ્વાત્મનિષ્ઠિતને (-તે નિજાત્મામાં લીન ભવ્ય જીવને)...** સ્વાત્મામાં નિષ્ઠ થયેલો, એમ. નિજાત્મામાં લીન... ભગવાન આનંદની મૂર્તિ પ્રભુ એમાં જેની દૃષ્ટિ સમ્યક્ થઈ છે અને એમાં જે લીન થઈને ચારિત્રપણે... આ ચારિત્ર હોં. આ બધા ખોખા પહેરે ને ચારિત્ર થઈ ગયા, ઢીંકણા... ધૂળેય નથી ચારિત્ર. આહાહા! સમજાણું કાંઈ?

ચરવું, તારા આનંદમાં ધામમાં રમવું એ તારું ચારિત્ર છે ભાઈ! એ મુક્તિનો હેતુ છે. આહાહા! ચારિત્રને બ્હાને પણ બિચારાને કેટલાય..... આ ખોખા લૂગડાં ફેરવ્યા ને મહાવ્રત લીધા. ધૂળેય મહાવ્રત નથી, કાંઈ નથી. મફતનો છેતરાઈ ગયો, ભાઈ! તને ખબર નથી. તારી નિજ ચીજ અંદર પૂર્ણાનંદનો નાથ એક બાજુ પડ્યો રહ્યો અને એનો આદર કર્યા વિના તેં બધી વાતું માંડી. એ બધી સંસારમાં રખડવાની વાતું છે ભાઈ! આહાહા! સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! આહાહા! નિજ આત્મામાં સ્થિતિ પામ્યા છે એ સ્વાત્મનિષ્ઠ ભવ્ય જીવને **નમસ્કાર હો.** આહાહા! મુનિ પણ આનંદમાં આવે છે. એવા સંતોના ચરણમાં અમારો નમસ્કાર. આહાહા!

એમ કે 'ણમો લોએ સવ્વસાહૂણં' આવે છે કે નહીં? એમાં તો એવું આવે છે, 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં.' પાંચ પદમાં એમ આવે છે. 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આયરિયાણં..' આહાહા! ગણધરો જેને નમસ્કાર કરે, બાપા! એ આચાર્યપદ કેવા હશે? સમજાણું કાંઈ? ભગવાનના વજીર, અંતરમુહૂર્તમાં ચાર જ્ઞાન ને ચૌદ પૂર્વની રચના કરનાર. 'ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આયરિયાણં, આહાહા! ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં.' એય! ...લાલજી! એ ક્યા સાધુ હશે? આહાહા!

ભાઈ! તને ખબર નથી. એ તો આ સાધુ છે (કે) જે આનંદમાં વર્તી રહ્યા છે. આહાહા! ભગવાન સ્વરૂપ આત્મા આનંદ એનું અવલંબન લઈને જે આનંદમાં ઝૂલે છે, સિદ્ધના જેવો આનંદ એમાં ઝૂલે છે, આહાહા! એનું નામ ચારિત્ર ને એનું નામ મુનિપણું કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? આચાર્ય મુનિરાજ કહે છે કે એવા મુનિના જ્ઞાન ને આનંદને હું નમું છું. વિકલ્પ નમવાયોગ્ય છે? આહાહા! પંચમહાવ્રતના વિકલ્પો આવે, પૂર્ણ વીતરાગ ન (થાય

ત્યાં સુધી), એ તો રાગ છે, દોષ છે. ચારિત્ર નહીં, એ ગુણ નહીં. અમે તો ગુણને નમીએ છીએ એમ કહે છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદ ભગવાન સમ્યગ્દર્શનમાં જેને નજરે પડ્યો છે અને જેની લીનતા એમાં જામી છે, આહાહા! એવાને મારો નમસ્કાર છે. કહો, પાટણીજી!

આ વાત પણ ક્યાંય સાંભળી નહીં. સમજાણું કાંઈ? એના સાચા ઘરની શું વાત છે, ભગવાન ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ શું સત્ય કહે છે એની ખબરું નહીં, આહાહા! અવતાર ચાલ્યા જાય છે ભાઈ! દેહની સ્થિતિ પૂરી થવાનો કાળ નજીક છે. ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ નીકળી ગયા. ક્યાં જાવું છે ભાઈ તારે? આહાહા! જ્યાં રહીશ ત્યાં જઈશ. જો રાગમાં રહીશ તો ચાર ગતિમાં જઈશ. આહાહા! રાગરહિત ભગવાન આત્મામાં રહીશ તો આત્મામાં રહીને સ્થિતિ કરી કેવળજ્ઞાન પામીશ. આહાહા! નમસ્કાર. આ મુનિને ઉલ્લાસ આવી ગયો છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો સુદ ૪, બુધવાર, તા. ૧૧-૧૦-૧૯૭૨
## ગાથા-૧૦૯, શ્લોક-૧૫૪, પ્રવચન નં. ૧૧૮

૧૦૯ ગાથા, પરમ આલોચના (અધિકાર), નિયમસાર.

**ટીકા : અહીં, આલોચનાના સ્વીકારમાત્રથી પરમ સમતાભાવના કહેવામાં આવી છે.**

**जो पस्सदि अप्पाणं समभावे संठवित्तु परिणामं ।**
**आलोयणमिदि जाणह परमजिणंदस्स उवएसं ॥१०९॥**

**સમભાવમાં પરિણામ સ્થાપી દેખતો જે આત્મને,**
**તે જીવ છે આલોચના–જિનવરવૃષભ-ઉપદેશ છે. ૧૦૯.**

**ટીકા : અહીં, આલોચનાના સ્વીકારમાત્રથી** એટલે કે પરિણતિમાં આલોચના, ત્રિકાળી જે સ્વભાવ એની પરિણતિમાં આલોચનાનો સ્વીકાર થતાં **સમતાભાવના** થાય છે એ **કહેવામાં આવી છે.** ઘણું જ માખણતત્ત્વ છે. નિયમસારમાં એકલો કારણપરમાત્મા જ ઘૂંટ્યો છે. પોતે જ કહ્યું છેને કે મારી ભાવના માટે મેં આ બનાવ્યું છે. ટીકાકાર એવા મળ્યા છે. પર્યાયની વાત હોય ત્યાં દ્રવ્યની (વાત) કાઢીને પછી પર્યાયની કરે. નહીં તો (અહીં) પરિણામ સ્થાપીને વર્તમાનની વાત છે. કોને આલોચના અર્થાત્ વીતરાગ પરિણતિ હોય છે? પોતાને પૂર્ણ સ્વરૂપની જોવાવાળી એવી વીતરાગ પરિણતિ એ એની આલોચના છે. એ આલોચના કોને હોય છે?

કે **સહજવૈરાગ્યરૂપી અમૃતસાગરના ફીણ-સમૂહના શ્વેત શોભામંડળની વૃદ્ધિના હેતુભૂત પૂર્ણ ચંદ્ર સમાન...** ચંદ્ર હોયને ત્યાં આગળ દરિયો ઉછળે છે. ચંદ્રનું જેમ જેમ તેજ વધે એમ દરિયો ઉછળે છે. પૂનમે એકદમ ઉછળે છે. એમ સ્વભાવિક વૈરાગ્યરૂપી અમૃતનો સાગરના વર્તમાન પરિણામ એ ફીણ, એનો સમૂહ ઉછળે છે. **શ્વેત શોભામંડળની વૃદ્ધિના હેતુભૂત પૂર્ણ ચંદ્ર સમાન (અર્થાત્ સહજ વૈરાગ્યમાં ભરતી લાવીને...** પરથી હઠીને, વીતરાગભાવમાં સહજપણે આવીને **તેની ઉજ્જ્વળતા વધારનાર)...** વીતરાગી નિર્મળ પરિણામની ઉજ્જ્વળતા વધારનાર ચંદ્રમા સમાન મુનિ.

**જે જીવ...** તેની ઉજ્જ્વળતા વધારનાર જે જીવ... ત્યાં સુધી. **સદા અંતર્મુખાકાર...** ત્રણે કાળે અંતર્મુખ સ્વરૂપ જેનું છે, ત્રિકાળ હોં. **સદા અંતર્મુખાકાર (-સદા અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવા), અતિ અપૂર્વ, નિરંજન નિજબોધના સ્થાનભૂત....** અતિ અપૂર્વ નિરંજન નિજબોધ... નિર્દોષ બોધ-જ્ઞાનનું ત્રિકાળ સ્થાન એવા **કારણપરમાત્માને નિરવશેષપણે અંતર્મુખ નિજ સ્વભાવનિરત સહજ-અવલોકન વડે નિરંતર દેખે છે...** ત્રિકાળી કારણપરમાત્માને ત્રિકાળી અંદર અવલોકનના પરિણામ વડે નિરંતર દેખે છે. **(અર્થાત્ જે જીવ કારણપરમાત્માને સર્વથા**

**અંતર્મુખ એવું જે નિજ સ્વભાવમાં લીન સહજ-અવલોકન તેના વડે નિરંતર દેખે છે–અનુભવે છે)...** ત્રિકાળ અવલોકન ધ્રુવ એ વસ્તુનું સ્વરૂપ છે ત્રિકાળ હોં. એવા સ્વરૂપને અવલોકીને... અંદર અવલોકન ત્રિકાળનું, પણ એને અવલોકનાર–નક્કી કરનાર–પરિણતિ કરનાર વર્તમાન પર્યાય. આહાહા!

**જે જીવ કારણપરમાત્માની સર્વથા અંતર્મુખ એવું જે નિજસ્વભાવમાં લીન...** સર્વથા અંતર્મુખ એવા **નિજ સ્વભાવમાં લીન સહજ અવલોકન તેના વડે** (એટલે) અંતરના ભાવ વડે, ધ્રુવ.. ધ્રુવના ભાવ વડે ધ્રુવને દેખે છે, એવું પરિણતિએ નક્કી કર્યું છે. શું કીધું સમજાણું? આલોચનાની વ્યાખ્યા છેને, ત્રિકાળ આલોચન. ત્રિકાળ જ્ઞાનના સ્થાનરૂપ પરમાત્મા પોતે, એને ત્રિકાળીને અવલોકન કરનાર ત્રિકાળીભાવ, ધ્રુવ.. ધ્રુવભાવને અવલોકન કરતો જે મુનિ પોતાની પર્યાયમાં એવા આત્માને દેખે છે. કહો, આવી વાત, ૩૨-૪૫ (સૂત્ર) વાંચે તો એમાં એકેય આવે નહીં. અમારામાં પણ છે. ભાઈ! તારામાં જ છે, પણ તારા આત્મામાં છે. સમજાણું કાંઈ?

શ્રોતા : .....

પૂજ્ય ગુરૂદેવશ્રી : આલોચના તો વર્તમાન સંવર છે, વર્તમાન શુદ્ધ પરિણામ છે. પણ એ પરિણામ ત્રિકાળી વસ્તુને આલોચે છે–જોવે છે એવું જે જ્ઞાન અંતરનું, એ વડે અવલોકે છે એવું જ્યારે પરિણામ નક્કી કરે છે... સમજાણું કાંઈ? શું કહ્યું? એ કહ્યુંને. ઉજ્જવળતાને લાવનાર એવો જીવ... સદા અંતર્મુખાકાર—ત્રણે કાળ અંતર્મુખ જેનું સ્વરૂપ છે... અસ્તિ આવી છે એમ હજી પર્યાયમાં નક્કી કરાવવું છે. સમજાણું કાંઈ?

ઘણા એમ કહે છે, ઘણામાં આવું આવે છે કે વિકલ્પ છોડો, વિકલ્પનો નાશ કરો. એમ બહુ આવે છે. આ રજનીશ (આદિ) ઘણા બધા કહે છે. એનો અર્થ શું? અસ્તિ-તત્ત્વ ને કેવડું ને કેમ છે એના ભાન થયા વિના શૂન્ય થાય શી રીતે? સમજાણું કાંઈ? અહીં તો આલોચનાના પરિણામ બતાવવા છે. સમભાવી વીતરાગી પરિણામ એ વડે આત્માને જોવે છે, એટલે એ તો વર્તમાન પરિણામ છે. પણ એ વર્તમાન પરિણામ, પહેલો ત્રિકાળી વસ્તુમાં જે પરિણામનો અંશ પ્રગટ કરવો છે, એ પ્રગટ થયો છે એવા પરિણામનો આખો પિંડ એ આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા! એવો જે અસ્તિતત્ત્વ મહાચૈતન્ય નિજસ્થાનને જોનાર પોતે પોતાને જોવું એવો જ એનો સ્વભાવ અંદર છે.

એ ઉપયોગમાં આવે છેને, ઉપયોગમાં. આ શૈલી જ જુદી જાત છે. કારણ કે આ તો પર્યાયનો–મોક્ષમાર્ગનો ગ્રંથ છે. એટલે પર્યાય... જેટલી શક્તિ છે એ બધાનો પિંડ પોતે આખી વસ્તુ જ એ છે. સમજાણું કાંઈ? જે જીવ આવી ભરતી લાવીને ઉજ્જ્વળતા વધારનાર સદા અંતર્મુખાકાર એવો તે અપૂર્વ નિરંજન નિજજ્ઞાનનું સ્થાન ત્રિકાળ કારણપરમાત્માને નિરવશેષપણે–પૂર્ણ રીતે અંતર્મુખ નિજ સ્વભાવનિરત... અંતર્મુખમાં પોતાના સ્વભાવમાં લીન

છે એવા સહજ અવલોકન વડે નિરંતર અંતર દેખે છે... કૌંસમાં છે. **(જે જીવ કારણપરમાત્માને સર્વથા અંતર્મુખ એવું જે નિજસ્વભાવમાં લીન સહજ-અવલોકન તેના વડે નિરંતર દેખે– અનુભવે છે)**... એ અનુભવે છે, ત્રિકાળી વસ્તુને અનુભવે છે. આહાહા! સમજાણું કાંઈ?

**શું કરીને દેખે છે?** એ હવે વાત લે છે. પાઠમાં પરિણામ છે, (પણ) પહેલો પરિણામી કાઢ્યો. પાઠમાં પરિણામ છેને ભાઈ! પરિણામ છે એકલો. **जो पस्सदि अप्पाणं समभावे संठवित्तु परिणामं**.. હવે પરિણામ સ્થાપે છે એ પરિણામ વર્તમાન વીતરાગીદશા છે. પણ એ પરિણામ આલોચન છે તો એનું ત્રિકાળી સ્વરૂપ પણ આલોચન છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે પણ. સહજ અવલોકન વડે–અંતરના જ્ઞાન વડે ત્રિકાળીને... પોતાના ત્રિકાળી ગુણ વડે ત્રિકાળીને અવલોકે છે. એવા આત્માને... શું કરીને? **પહેલાં નિજ પરિણામને સમતાવલંબી કરીને...** એમ કહે છે. આહાહા! નિજ પરિણામ વીતરાગી પરિણામ પ્રગટ કરીને, એમ કહે છે. સમજાણું કાંઈ?

નિજ પરિણામ, નિર્વિકલ્પ પરિણામ, વીતરાગી પરિણામ, વર્તમાન સંવરરૂપ પુણ્ય ને પાપ વિનાના પરિણામ—એવા વીતરાગ પરિણામ વડે... **પરિણામને સમતાવલંબી કરીને...** વીતરાગપણાનું અવલંબન છે જ્યાં, ભાવમાં એવી વીતરાગતા આવી છે. આહાહા! વાતું ભારે. દિગંબર સંતોની વાત આરપાર–આકાશ તોડીને-ફોડીને કાઢે છે અંદરથી. **નિજ પરિણામને સમતાવલંબી**... એ પાઠ છે. 'નિજ' છેને? પાઠ છેને એ? પાઠની વ્યાખ્યા છે. પહેલું પાઠ સિવાય ત્રિકાળની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? પણ એવા આત્માને, પહેલા પરિણામને સમતાવલંબી કરીને... એમને એમ સમતા–વીતરાગતા પ્રગટ કર્યા વિના આલોચન થાય એમ બને નહીં. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાત ભાઈ!

સાધારણ પ્રાણી, ભાઈ! અમે તો સાધારણ પ્રાણી છીએ કહે છે. એને આવડું મોટું કામ સોંપો? ભાઈ! તું મોટો છેને મોટો. મોટો છો એવું મોટું કામ કર ... મોટો છે. આહાહા! જુઓ તો ખરા! આ વાતું કરે છેને! મુનિ પણ ઉછળી ગયા. હવે આ મુનિની ટીકા કેટલાકને પાસ નથી. ગાથા દીઠ વીતરાગભાવ વર્ણવ્યો છે અને ગાથા દીઠ વીતરાગભાવનું કારણ પરમાત્મા– કારણપરમાત્મા ગાયો છે. જે પરિણામ પ્રગટ કરવા માગે છો અને પ્રગટ છે, એવા-એવા અનંતા પરિણામનો પિંડ પ્રભુ આત્મા ત્રિકાળી છે. આ પરિણામ તો એક અંશ તરીકે છે, અહીં કહે છે. સમજાણું કાંઈ? આહાહા! અરે! એ વાત ક્યાં છે? સમજાણું કાંઈ? એના અંતર ઘરની વાતું અંતરાત્મા થયા વિના પકડાય નહીં એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

મુનિરાજ જ્યારે શ્લોકની ટીકા કરતાં હશે જંગલમાં, અમૃતના સાગર ઉછળ્યા પર્યાયમાં એમને. એવો જીવ એમ કહે છે. આહાહા! આવા ત્રિકાળી અવલોકનને દેખનારું આત્મતત્ત્વ, એને જે દેખે છે, એને જે માને છે ને અનુભવે છે, એ જીવ પહેલાં જ પ્રથમ સમતાવલંબી

પરિણામ પ્રગટ કરીને... એ પર્યાય છે. સમજાણું કાંઈ? (શ્રોતાઃ ...) કંઈ સમજાતું નથી આપણને ભાષા. એ તો વાત કરી પહેલી. એ તો ત્રિકાળી ધ્યેય છે એ કેવો છે? કે ત્રિકાળી આલોચન-સ્વરૂપ જ છે. ત્રિકાળ પરિપૂર્ણ છે. એ છે અંદર. પણ અહીં તો પ્રગટ કરીને તેને જોવો ને જાણવો છે એમ કહે છે. એમ છે.. છે.. છે.. છે કરે, પણ એ 'છે' એ કોને ખ્યાલમાં આવે છે? આહાહા!

શ્રોતા : એના વિના નહીં જરાય?

પૂજ્ય ગુરૂદેવશ્રી : જરાય નહીં. એય ચેતનજી!

શ્રોતા : એની સન્મુખ તો થોડોક ખરોને? એના ઘર પાસે તો આવ્યો કે નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પ્રશ્ન આવે ત્યારે આવે... સન્મુખ છે નહીં. એય!

શ્રોતા : ....અનુમાન.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : અનુમાન-ફનુમાન નહીં. અહીં તો પ્રત્યક્ષજ્ઞાન દ્વારા સમતામય પરિણામવાળા, સમતાના પરિણામથી ત્રિકાળી આત્મા ત્રિકાળીને અવલોકે છે એવો નિર્ણય કરી, અનુભવ કરી ને પોતાના પરિણામને પ્રગટ કરીને પરિણામથી આલોચના કરે છે. આહાહા! પહેલા-પછી કાંઈ ન મળે. એ તો સમજાવે છે.

શ્રોતા : પોતે પોતાને જાણતો ભૂલાઈ ગયો છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ વસ્તુ ત્રિકાળ આવી છે એવી મહાસત્તાનો જ્યાં સ્વીકાર... એમ કીધુંને જુઓ! સ્વીકારમાત્રથી સમતા પ્રગટ થાય છે. આલોચનાના સ્વીકારમાત્રથી પરમ સમતાભાવના કહેવામાં આવી છે. એ તો વર્તમાનની વાત છે.

શ્રોતા : પણ અમને બહુ વિશ્વાસ પાકેપાકો છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ વિશ્વાસ કોને કહેવો એ વાતની વાત છે.

શ્રોતા : એવો પાકો કે અમે ફરવાના નથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ અનુભવના નિર્ણય વિના આનો નિર્ણય સાચો છે નહીં. સમજાણું કાંઈ? આહાહા! ગજબ વાત છે.

શ્રોતા : અમારો પાકો વિશ્વાસની કિંમત કેટલી?

પૂજ્ય ગુરૂદેવશ્રી : વિશ્વાસની કિંમત એની એને. એને કોઈકને પૂછવું (પડે)? કોઈકનો રીપોર્ટ આવે તો એ 'હા' માને–એમ છે? કે અમને શુદ્ધનયનો પક્ષ થયો છે. એય! ૧૧મી ગાથામાં આવે છે.

અહીં તો ખરેખર તો એ વસ્તુ આલોચન એટલે સંવર એટલે વીતરાગી પરિણામ, સમતા વર્તમાન, વર્તમાન જ સમતાવલંબી–સમતાવાળા પરિણામ. એ પરિણામનો આધાર ને એ પરિણામનો આશ્રય, એ ત્રિકાળ એવા પરિણામનું સ્વરૂપ ને એનું આલોચન કરનાર એવો

ભગવાન પોતે છે. પણ એવા મહાસત્તાના સ્વીકારને કરનાર, એ છે ભલે જેમ છે એમ છે, પણ એ છે એમ સ્વીકાર કોણ કરે? વર્તમાન વીતરાગપરિણામ દ્વારા એનો સ્વીકાર થાય.

શ્રોતા : એનું સાધન શું છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સાધન એ વીતરાગ પરિણામ પોતે.

શ્રોતા : પહેલાં શું?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પહેલા-ફહેલા કાંઈ ન મળે. એ તો કાલ આવ્યું નહોતું? ઘણું આવ્યું હતું. એ આવે છે, બપોરે એ જ આવે છે. આદિ, મધ્ય ને અંતમાં આત્મા. આહાહા!

શ્રોતા : ......

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ બધી વ્યવહારની વાતું.

શ્રોતા : પણ અનુમાનજ્ઞાન આવ્યું ક્યાંથી?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પ્રત્યક્ષ થયા વિના અનુમાન કરવું કોનું?

શ્રોતા : અનુમાન પ્રત્યક્ષપૂર્વક હી હોતા હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હં. પ્રત્યક્ષપૂર્વક અનુમાન તે અનુમાન છે. પ્રત્યક્ષ વિના અનુમાન તે અનુમાન નથી. હવે સાંભળો. પૂછવા કરતાં સાંભળવામાં ધ્યાન રાખોને. ... જાહેર કરે છે. સમજાણું કાંઈ? આહાહા! પણ વિકલ્પની જાળું આડે એને આ સૂઝતું નથી. પણ અહીં તો એક જ વાત. આહાહા!

પ્રભુ આવો આત્મા એ ત્રિકાળીને ત્રિકાળી આલોચન વડે જોવે, એવું જ્ઞાનનું શાંતસ્વરૂપ ત્રિકાળ એ આલોચનસ્વરૂપ જ છે. આહાહા! કહો, જેઠાલાલભાઈ! એ આલોચનાનું સ્વરૂપ છે. ત્રિકાળ.. ત્રિકાળ આલોચે છે એવું જ એનું સ્વરૂપ છે. એના વિના વર્તમાન આલોચન આવે ક્યાંથી? એમ કહે છે. આહાહા! કહો, હીરાભાઈ! પણ એ વિશ્વાસ... એ વિશ્વાસ... એ કાંઈ વિકલ્પ સહિતનો એ વિશ્વાસ નહીં હોં અહીંયા. આવડા મોટાનો વિશ્વાસ વિકલ્પથી થઈ શકે જ નહીં. સમજાણું કાંઈ?

શ્રોતા : ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : કોણ ના પાડે છે? આ તે કોને કહેવી એની અહીંયા વાત છે. આહાહા! કહો, ભીખાભાઈ! આહાહા!

શ્રોતા : .....

પૂજ્ય ગુરૂદેવશ્રી : સાચું સ્વરૂપ નહીં. પ્રગટે પરિણામ સમતા, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર—એની અહીં વાત છે. પણ જીવને એ ખબર ક્યાં પડી કે આવો આ છે? આવો ભગવાન એકલો જ્ઞાનનો ધામ પ્રભુ એ પોતાના ત્રિકાળી જ્ઞાન વડે પોતાને જાણે છે અંદર હોં.

ઉપયોગમાં આવી ગયું છે એ. પોતાનું ત્રિકાળી જ્ઞાન અને ત્રિકાળી દર્શન વડે ત્રિકાળીને જાણે-દેખે એવો જ એનો સ્વભાવ છે, એ જ શૈલી છે. આહાહા!

શ્રોતા : ઉપયોગમાં ઉપયોગ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ ઉપયોગ નહીં, એ તો વળી પર્યાય. સંવર-નિર્જરામાં જે ઉપયોગમાં ઉપયોગ છે એ તો, ઉપયોગમાં ઉપયોગ છે એ તો સંવર-નિર્જરાના પરિણામમાં આત્મા છે. એ બીજી વાત છે. એ તો (બીજી) અપેક્ષા છે. ઉપયોગમાં ઉપયોગ છે, સંવર-નિર્જરા. એટલે કે જ્યારથી રાગથી ભિન્ન પડી ને વીતરાગભાવ થયો એમાં આત્મા છે. એટલે કે એને આધારે આત્મા જણાણો છે. સમજાણું કાંઈ? એ જુદી વાત છે. ગજબ વાતું છે બાપા! આહાહા! વસ્તુસ્થિતિ એવી છે.

ત્રિકાળ પોતે પોતાને જાણે એવું એનું સ્વરૂપ જ ધ્રુવ છે. ધ્રુવ હોં. એને જાણે છે પરિણામ–પર્યાય એમ નહીં. આહાહા! સમજાણું કાંઈ? .... બધા. જેટલા ગુણો પર્યાયના કહો એ બધા પિંડ(રૂપ) જ એનામાં છે. વીતરાગતા આવી તો વીતરાગપિંડ જ છે, પ્રાયશ્ચિત્તના પરિણામ છે તો પ્રાયશ્ચિત્તસ્વરૂપ જ છે, આલોચના થઈ તો એ આલોચનાસ્વરૂપ જ છે. આહાહા! પંડિતજી! કેટલી વાત કરે છે! એવું ત્રિકાળી સ્વરૂપ ભગવાન આત્મા ત્રિકાળી ઉપયોગ દ્વારા—જાણવા-દેખવાના ઉપયોગ દ્વારા ત્રિકાળીને દેખે, પણ એ કોણે જાણ્યું એવું? સમજાણું કાંઈ? જેણે પરિણામને સમતાવલંબી પ્રગટ કર્યા એણે જાણ્યું કે આ ત્રિકાળ ત્રિકાળને જાણે છે. બાબુલાલજી! આવી વાતું છે. અરેરે! એના ઘરમાં છે ને આ વાત સાંભળવા મળે નહીં અને સાંભળવાના કાળ આવે (ત્યારે કહે), એ નિશ્ચય.. એકલો નિશ્ચય, એ તો અમે જાણીએ છીએ પણ હવે પ્રગટ કેમ કરવો હવે?

શ્રોતા : એ પહેલા જણાણો...?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ..... શુદ્ધ.. શુદ્ધ છે એ તો બધા જાણે છે. હવે આપણે કરવું શું? અરે ભાઈ! એ શુદ્ધ છે એ જાણ્યું ક્યાં, શેમાં? એ શુદ્ધતાની પર્યાય પ્રગટ કરી એમાં 'આ શુદ્ધ છે' એમ જાણ્યું. જાનતા હી નહીં. ....... નેમચંદભાઈ પહેલા એના હતાને પક્ષમાં. એ આમ કહે છે...... ....... એ આમ કહે છે, આમ કહે છે. કહે છે એ બધી ખબર છે, સાંભળને! ઘણા વર્ષે..... ૨૦ વર્ષ પહેલાની વાત છે. ....... ૨૫ વર્ષ થયા હશે. ઘણા વર્ષ થયા, ઘણા વર્ષ થઈ ગયા. ૩૮ તો અહીં આવ્યે થયા. સમય સમય જાય છે. એક સમયમાં ભગવાન આત્મા... એક પર્યાયના સમયમાં... એ સમય એનો કાળ છેને. એ કાળમાં ભગવાન ત્રિકાળી છે એમ જે જણાય છે એ ત્રિકાળી સ્વકાળ સ્વરૂપ જ છે. એ આવે છેને કાળના ભેદ, નહીં? સ્વકાળ, ત્રિકાળીપણું એ એનો સ્વકાળ. એક સમયની પર્યાય એ એનો પરકાળ. કળશટીકા (પહેલા કળશમાં). આહાહા!

કોઈપણ વાત લેને નાથ! પણ એ અંશ આવ્યો ક્યાંથી? સિદ્ધની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય, આલોચનાની પર્યાય, સાધકની પર્યાય ને સિદ્ધની પર્યાય... આહાહા! કહે છે, એણે પહેલો વરને વખાણ્યો પાધરો. પણ એ તે વિશ્વાસ કેમ આવે? એ વિશ્વાસ કાંઈ સાંભળીને આવે, ધારણા કરીને આવે એવો એ વિશ્વાસ નથી. એને દેખીને વિશ્વાસ આવે કે આ આવો છે. સમજાણું કાંઈ? એક તો ૧૦૯મી ગાથા અને સમભાવની વાત.

શ્રોતા : નવ.. નવ.. સમભાવે છેને. એક ત્રિકાળ છે, નવ સમભાવ છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : **अप्पाणं समभावे**... છેને પહેલી લીટી? આહાહા! ત્રિકાળી ભાવના વહેણલા વાયા છે. બાઈયું નથી ગાતી? 'વહેણલા વાયા..' આ લગ્નમાં ગાતા નથી? લગ્ન હોય ત્યારે ગાય છે. એ તો બધી ધૂળધાણી વાતું છે. અહીં કહે છે કે આલોચના પ્રગટી એને વીતરાગભાવના વહેણલા વાયા, એને વીતરાગભાવ ઉગ્યો. આહાહા! ઉગ્યો એણે વીતરાગીભાવને પિંડને જાણ્યો. સમજાણું કાંઈ?

**શું કરીને દેખે છે?** પાછું ઓલું ત્રિકાળ દેખે છે, હવે એને શું કરીને દેખે છે? આહાહા! મુનિરાજ! તારી દશા ઓહોહો! આ મુનિઓની ટીકાને ના પાડે છે. પ્રભુ! ...... સ્વભાવે ઘેરાયેલાને આવરણના ઘેરામાં નાખવો, આહાહા! કલંક છે. કહે છે કે ભગવાન! ઓહો! આલોચનાના સ્વીકારમાત્રથી સમતાભાવ કહેવામાં આવે છે. આમ પહેલો શબ્દ લીધો. પછી એનું સૂત્ર બાંધ્યું. એ આલોચનાનો સ્વીકાર એટલે શું? કે પ્રથમ તો જાણે આલોચના એટલે પરિણામ વર્તમાન, પણ એ પરિણામનો આધાર શું? ત્રિકાળ ભગવાન આત્મા. આહાહા! ત્રિકાળ જ્ઞાન એમ કહ્યું હતુંને. આત્મા તે નિજબોધના સ્થાનભૂત... પોતે પોતાનું જ્ઞાન પોતાના ત્રિકાળ સ્થાનને જોવે એવું જ એનું ત્રિકાળી સ્વરૂપ જ છે. એવો નિર્ણય કોણે કર્યો? પર્યાયે. સમજાણું કાંઈ?

**શું કરીને દેખે છે?** એ પાઠ છે, હવે પાઠ લે છે હોં. **પહેલા નિજ પરિણામને સમતાવલંબી કરીને**... લે! કહે છે કે એવો ભગવાન આત્મા એના આલોચનના પરિણામ, એ પરિણામ વીતરાગપણે પ્રગટ કરીને દેખે છે. એમને એમ વાતો કરીને નહીં, એમ કહે છે. આહાહા! 'દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે' શ્રીમદ્ કહે છેને. વસ્તુની વાસ્તવિક સ્થિતિ શું એમ નિઃસંદેહપણે ભગવાન કહે છે એમ જણાય છે. સમજાણું કાંઈ? જુઓને! એક-એક ગાથાએ ગજબ કર્યો છેને!

ઓલા ભાઈ કહે છેને..... તમારા .... મૂળચંદભાઈ. ગજબ કર્યો છે, ગજબ કર્યો છે! ...... આહાહા! ... ઠેકાણા ન મળે, પણ વખાણ કામ કરે. હું ગયો હતોને. આહાહા! આમ બાર-બાર હજાર માણસો... આહાહા! ગજબ વાત છે કાનજીસ્વામીની હોં. પણ એને.... તમે હતાને? ત્યાં નહોતા આવ્યા. દહેગામમાં ન આવ્યા તમે. ફતેહપુરમાં તમારા ગામમાં.... તમારું એટલે અમારે

બેનનું. ત્યાંય બહુ વાતું..... શું કહેવાય? પ્રતાપગઢ. આ પ્રતાપ-પરિણામ પ્રગટ કરવા એ પ્રતાપનો પિંડ આત્મા છે. એકલા પ્રતાપના પરિણામ પૂરતો નહીં. અરે! એ દૃષ્ટિની શું કિંમત છે? એ પ્રગટ થયેલી દૃષ્ટિની હોં, એની શું કિંમત છે અને એણે કોને સ્વીકાર્યો છે? સમજાણું કાંઈ? એ દૃષ્ટિના પરિણામ પ્રગટ કરીને એને સ્વીકાર્યો છે. આહાહા!

**પહેલા નિજ પરિણામને સમતાવલંબી કરીને, પરમસંયમીભૂતપણે રહીને...** આ વર્તમાનની વાત છે, પર્યાયની વાત છે. **પરમસંયમીભૂતપણે રહીને...** આહાહા! ધન્ય અવતાર, ધન્ય સફળ અવતાર તારા નાથ! આહાહા! એ તો મુનિની વાત છે. આહાહા! **પરમ-સંયમીભૂતપણે રહીને**... પાછું સંયમીપણે નહીં, સંયમીભૂતપણે રહીને... અસ્તિપણું આમ વર્તમાન.. વર્તમાન.. વર્તમાન.. આહાહા! **દેખે છે**... ભગવાન આત્મા પોતાના વર્તમાન સમતાવલંબી પરિણામ દ્વારા–વીતરાગભાવ દ્વારા પરમસંયમી સંતો ત્રિકાળી ભગવાનને દેખે છે, એને જોવે છે, એને જાણે છે, એમાં ઠરે છે, એ આલોચના છે. આહાહા! એમાં ઠર્યો એ ઠર્યો, એ સિદ્ધપદમાં ઠરશે હવે. સમજાણું કાંઈ?

જે ત્રિકાળીમાં ઠર્યો એ ઠરવાનું સાદિ-અનંત રહેશે. પડવા-ફડવાનો અહીં પ્રશ્ન નથી. જે આત્મા અંદર વીતરાગ પરિણામ વડે ત્રિકાળી આલોચનાસ્વરૂપ એવો ભગવાન એને જેણે જોયો, દેખ્યો, એમાં ઠર્યો, બસ એ તો એના ઠરવાની પર્યાયની ઉગ્રતા કરીને ત્યાં જ રહેશે હવે. એને સંસાર નથી, વ્યવહાર નથી, રાગ નથી. આહાહા! વર્તમાનમાં સંસાર નથી. એને–અસિદ્ધને ચૌદમા ગુણસ્થાન સુધી સંસાર કહેવો અને અહીં કહે ચોથેથી સંસાર નથી. બાપુ! કઈ અપેક્ષા છે? આહાહા! આવું સર્વજ્ઞ વીતરાગ અને તે પણ દિગંબર સંતો સિવાય (ક્યાંય છે નહીં). ગજબ વાતું કરી છે. એકેક શ્લોકે બાર-બાર અંગના તાર ખેંચીખેંચીને મૂક્યા છે. સમજાણું કાંઈ?

**તે જ આલોચનાનું સ્વરૂપ છે...** દેખો! તે જ આલોચનાનું સ્વરૂપ. જેણે સ્વસન્મુખ થઈને પરિણામમાં વીતરાગતા પ્રગટ કરી છે, પરથી, નિમિત્ત, રાગ ને પર્યાયના એક સમયના અંશથી પણ જે વિમુખ થયો છે, (ત્યાં) વિમુખ છે ને આમ સન્મુખ છે, તેવા મુનિએ–જે જીવે આત્માને દેખ્યો, આલોચના થઈ, તે જ આલોચનાનું સ્વરૂપ છે. પાઠમાં છે ખરુંને. **आलोयणमिदि जाणह... जाणह...**

**जो पस्सदि अप्पाणं समभावे संठवित्तु परिणामं,** ઓહોહો!
**आलोयणमिदि जाणह परमजिणंदस्स उवएसं**

પરમ જિનેન્દ્ર ભગવાન વીતરાગનો એ ઉપદેશ છે. એક ગાથામાં તો કેટલું નાખ્યું છે! એ આલોચનાનું સ્વરૂપ છે એમ જાણ, એમ કુંદકુંદાચાર્ય કહે છે. જાણ રે જાણનાર. આહાહા! તારા જ્ઞાન દ્વારા તારા સ્વરૂપને આ રીતે જાણને! એ જ્ઞાન દ્વારા એણે જાણ્યું એમાં જ્ઞાન સાથે

સમતા જે પ્રગટ થઈ, એ આલોચનાનું-પર્યાયનું સ્વરૂપ છે. કહો, સમજાણું કાંઈ? બીજા પૂછે, આવી ધર્મકથા કેવી? .... આહાહા! **એમ, હે શિષ્ય! તું પરમ જિનનાથના ઉપદેશ દ્વારા જાણ.** ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ, વીતરાગસ્વભાવે પૂર્ણ પરિણમેલા પ્રભુ એના ઉપદેશ દ્વારા... એણે જે ઉપદેશ કર્યો એ આ ઉપદેશ એનો હોય. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે આ બધા માળા દિગંબરો મોટી-મોટી વાતું કરે છે પણ કેમ કરવું...? એમ કહે છે. ભાઈ! તને ખબર નથી. તારા મોટપની શું વાતું કરીએ! તારી પર્યાયની મોટપ તો ક્યાંય રહી ગઈ, તો દ્રવ્યની તો શું વાત કરીએ! તને જેટલું કહેવાય એટલું બધું અધુરું, અધુરું ને અધુરું છે. સમજાણું કાંઈ? આહાહા! નથી આવ્યું? આવ્યું છેને. એય! પ્રવચનસારમાં. ગમે એટલું કહ્યું, પણ સ્વાહા... તારે માટે.... તું કોણ? આહાહા! એમ છે પ્રવચનસારમાં હોં. જોરશોરથી કહ્યું એને, એમ પાઠમાં છે. આહાહા! પણ એ પ્રભુના આત્માની આગળ તો બધું સ્વાહા થઈ ગયું, કહ્યું-ન કહ્યું થઈ ગયું. આહાહા!

એવો ભગવાન પરમાત્મા તારો એને જેણે જોયો, જાણ્યો, માન્યો, હવે એને શું રહ્યું? એની શું વાતું! આહાહા! સમજાણું કાંઈ? ગિરધરભાઈ! આહા! અરે! કોઈ દિ' સાંભળવાનો લહાવો લેવા ન આવ્યો, સાંભળવા ન આવ્યો. સાંજી નથી માનતા? આ અપવાસ- બપવાસ કરે ત્યારે. આહાહા! ... તો લેવા આવવું હતું, ગાવામાં ન અવાય તો પાછળથી આવવું હતું. એમ આવા ભગવાનના ગાણા ગવાય જ્યાં... આ એની સાંજી ગવાય છે. આવો ભગવાન આહાહા! ગજબ..... તારા પરિણામ ને તારી દશા ને તારો આત્મા હથેળીમાં લઈને મૂક્યો છે. આહાહા! કહો, આ પૈસા-પૈસાની શી કિંમત હશે? એય!

શ્રોતા : હાથમાં હોય ત્યાં સુધી તો કિંમત ખરીને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળની નથી કિંમત. કિંમત કેવી? આહાહા! પૈસા ...... થઈ જાય બ્લડપ્રેશર ચડે ત્યારે. એને તો બ્લડપ્રેશર ચડી ગયેલું છે અભિમાનનું. આહાહા! ભગવાન પૂર્ણાનંદનો નાથ ત્યાં અંદર ... જોઈએ, એને ઠેકાણે અહીં અભિમાનમાં ચડી ગયો બીજે. અમે પૈસાવાળા, અમે બાયડીવાળા, છોકરાવાળા, આબરૂવાળા, રૂપાળા. અરે ભગવાન! એ નહીં, નહીં હોં. આહાહા! **—આમ આ, આલોચનાના ભેદોમાં પ્રથમ ભેદ થયો.** આલોચનાના ચાર ભેદોમાં પહેલો ભેદ થયો. સમજાણું કાંઈ? શું કહે છે?

શ્રોતા : વ્યવહાર....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ પહેલો પોતે વ્યવહાર છે. દેવીલાલજી! ..... વ્યવહાર નથી? છેને. આ આલોચનાના પરિણામ એ પોતે ત્રિકાળી ભગવાન પાસે વ્યવહાર છે. ત્રિકાળી ભગવાન.... આહાહા! આલોચનનો પિંડ પ્રભુ એ તો છે. એકલો જાણે, દેખે ધ્રુવસ્વભાવથી ધ્રુવને એવું સ્વરૂપ છે, એની પાસે આલોચના તો વ્યવહાર છે. દ્રવ્ય તે નિશ્ચય, પર્યાય તે વ્યવહાર. એના બે

ભાગ એમાંને એમાં સમાય છે. અને એ એનો સદ્‌ભૂત આત્મવિલાસ વ્યવહાર છે. પ્રવચનસારમાં કહ્યું છેને. આત્મવિલાસ વ્યવહાર આત્મવિલાસ છે. અરે! એના વ્યવહાર અંશમાં અંશને કહેવો, કહે છે કે વ્યવહાર છે હોં ભાઈ! આહાહા! વીતરાગીસ્વરૂપ જેમ છે.... ભલે સંવર-નિર્જરાને કહ્યો હોય, પણ નાશવાન છે, સમજાણું કાંઈ? માટે એને વ્યવહાર કહ્યો છે. ત્રિકાળી ભગવાન અવિનાશી એ એક જ અવિનાશી ધ્રુવ છે.

**આમ આ, આલોચનાના ભેદોમાં પ્રથમ ભેદ થયો**. આહાહા! ...ચંદજી! આવી વાતું. ઓલા બિચારા...... આમ કહે છે, વ્યવહાર ઉથાપે છે. અરે ભાઈ! સાંભળને. વ્યવહાર તું કહે છે એ વસ્તુમાં ક્યાં છે કે ઉથાપે? આહાહા! નિશ્ચયથી તો, એક સ્વરૂપ પોતાનું પૂર્ણાનંદ એનો જ્યાં સ્વીકાર થયો એ એક જ છે, બીજી જગતમાં કોઈ ચીજ જ નથી. આહાહા! પણ વ્યવહાર છે અને વ્યવહાર... એ તો એને ઘરે, એને કારણે. અહીં ... વ્યવહાર કેવા? આહાહા! સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! આવો મોમ્બાસામાં નહીં સાંભળ્યો હોય. ત્યાં તમારે પૈસા બહુ હતા. બાર મહિનાનું દોઢ લાખનું તો ભાડું આવતું, એટલા મકાન. પોરો ચડી જતો હશે કે નહીં? આહાહા! આખી દુનિયા..... કોનું તારે સ્વામી થાવું છે અને કોને તારે મારા કરીને માનવા છે? એ નવ.... આહાહા!

સમતાના પરિણામ, આલોચનાના પરિણામ... સમતાના પરિણામ તે આલોચના, એના સ્વીકારમાત્રથી એટલે કે આ છે આવું સ્વરૂપ. એવા સ્વરૂપનો સ્વીકાર થતાં જ્યાં આલોચના પ્રગટ થઈ જાય છે. આહાહા! અરે! એના જ્ઞાનમાં એ વાત લે તો ખરા! અને તું છો જ્ઞાનસ્વરૂપ. લેવાનું જ્ઞાનમાં, દેવાનું જ્ઞાનમાં ને રાખવાનું જ્ઞાનમાં. આહાહા! ભિન્ન-ભિન્ન રીતે પણ કારણપરમાત્માને.... યોગ આવ્યો, યોગ આવ્યો.

**હવે આ ૧૦૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ છ શ્લોક કહે છે :** ગાથા જ એવી છેને અહીં. છ શ્લોક.

**आत्मा ह्यात्मानमात्मन्यविचलनिलयं चात्मना पश्यतीत्थं**
**यो मुक्तिश्रीविलासानतनुसुखमयान् स्तोककालेन याति ।**
**सोऽयं वंद्यः सुरेशैर्यमधरततिभिः खेचरैर्भूचरैर्वा**
**तं वंदे सर्ववंद्यं सकलगुणनिधिं तद्गुणापेक्षयाहम् ॥ १५४॥**

**तं वंदे सर्ववंद्यं**... સર્વ વાંદવાલાયક એવાને હું વાંદું છું.

ઓલામાં આવે છેને 'તદ્‌ગુણલબ્ધયે..'

શ્રોતા : વંદે તદ્‌ગુણલબ્ધ્યે... મોક્ષમાર્ગસ્ય નેત્તારં ભેત્તારં કર્મ.... જ્ઞાતારં વિશ્વતત્ત્વાનાં વંદે તદ્‌ગુણલબ્ધ્યે..

પૂજ્ય ગુરૂદેવશ્રી : બધું મોઢે તો ઘણું કર્યું છે પંડિતે.

**શ્લોકાર્થ : આ પ્રમાણે જે આત્મા આત્માને આત્મા વડે આત્મામાં...** આહાહા! આ પ્રમાણે જે **આત્મા**—એ કર્તા, **આત્માને**—એ કર્મ, **આત્મા વડે**—એ સાધન, **આત્મામાં**—એ આધાર. આહાહા! આ પ્રમાણે જે આત્મા કર્તા થઈને, આત્માને–પોતાના કાર્યને, પોતાના સાધન વડે, પોતાના આધારમાં અવિચળ રહેવાવાળો દેખે છે... **અવિચળ રહેઠાણવાળો દેખે છે**... દેખો! આહાહા! ઓલામાં આવે છેને નિર્જરા (અધિકાર)માં, નહીં? રહેઠાણનું સ્થાન. અહીં આવ, બાપુ! રહેઠાણના સ્થાન આ છે. રહેવાલાયક હોય તો આ રહેવાલાયક છે. ક્યાંય બીજે રહેવાલાયક નથી. નિમિત્તમાં, રાગમાં જઈશ તો એ નહીં રહેવા દે તને. નહીં રહેવા દે તને હોં. આહાહા! એક સમયની પર્યાયમાંય રહેવાલાયક નથી. રહેવાલાયક તો ત્રિકાળ વસ્તુ છે. સમજાય છે કાંઈ?

પરમપારિણામિક પરમાત્મા પોતે, એ રહેનારને રહેઠાણનું સ્થાન છે. સમજાણું કાંઈ? અરે! આવી વાતું સાંભળે નહીં ને વિરોધ કરે. ભાઈ! કોના કરે? બાપુ! એમ ન માન તું. માણસપણે આમ કહેવાય છે ને ફલાણું ને ઢીકણું એમ ન દેખ. તું એને આત્માપણે જો. આત્મા કોણ? સમજાણું કાંઈ? કહે છે... એમાંથી આ કાઢ્યું છે. **जो पस्सदि अप्पाणं समभावे संठवित्तु परिणामं...** આત્માને આત્માના પરિણામ દ્વારા આત્મામાં આત્મા વડે સ્થિર રહે છે. એવા **અવિચળ રહેઠાણવાળો દેખે છે**... આહાહા!

**તે અનંગ-સુખમય (અતીન્દ્રિય આનંદમય) એવા મુક્તિલક્ષ્મીના વિલાસોને...** એ મુક્તિરૂપી લક્ષ્મીના વિલાસને **અલ્પ કાળમાં પામે છે.** આહાહા! જેણે વર્તમાનમાં ત્રિકાળી વર્તતા ભગવાનમાં વાસ કર્યો, તે સિદ્ધપદમાં જશે. સમજાણું કાંઈ? આહાહા! આ તો..... .....તો છે, પણ હવે આપણે કરવું શું? અશુદ્ધતા છે તેને ટાળે ત્યારે શુદ્ધ થાયને. બાપુ! એ શુદ્ધ છે એના સ્વીકારમાત્રથી એના પરિણામમાં વીતરાગતા આવે છે. એને કરવાનું એ છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો સુદ ૬, શુક્રવાર, તા. ૧૩-૧૦-૧૯૭૨
## શ્લોક-૧૫૪-૧૫૬, પ્રવચન નં. ૧૧૯

આલોચવું એટલે જોવું, જેણે અનંતકાળમાં પૂર્ણ પરમાત્માને જોયો નથી, નિત્યાનંદ ધ્રુવને જોવાનું હતું એ જોયું નહીં અને નહીં જોવાનું એણે જોયું. એથી એને સંસાર પરિભ્રમણ અટક્યો નહીં. (કળશ) ૧૫૪.

**શ્લોકાર્થ : આ પ્રમાણે જે આત્મા...** પૂર્ણ આનંદ, જ્ઞાયક, ધ્રુવસ્વરૂપ **આત્માને** એટલે પોતાને **આત્મા વડે...** અંતરના નિર્મળ સ્વભાવ વડે **આત્મામાં** પોતાને **અવિચળ રહેઠાણવાળો દેખે છે...** આહાહા! આલોચના છેને. જે કોઈ પોતાના સ્વરૂપને **આત્મા આત્માને આત્મા વડે આત્મામાં અવિચળ રહેઠાણવાળો (દેખે છે)...** અવિચળ સ્થાન ધ્રુવ છે એમ જે દેખે છે, જોવે છે, અવિચળ રહેઠાણવાળો દેખે છે. એમાં જે ધ્રુવ ગુણો છે એ કોઈ દિ' ચળતા નથી. ધ્રુવ છે, શાશ્વત છે—એમ જે પોતાના જ્ઞાનની પરિણતિ દ્વારા એવા અવિચળ રહેઠાણવાળો જ દેખે છે એને આલોચના કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

આવો પૂર્ણ આનંદમય ભગવાન આત્મા, એને પોતાની વર્તમાન નિર્મળ પરિણતિ દ્વારા જોવે છે, જાણે છે, **તે અનંગ-સુખમય (અતીન્દ્રિય આનંદમય) એવા મુક્તિલક્ષ્મીના વિલાસોને અલ્પ કાળમાં પામે છે.** બે વાત કરી. ભગવાન પૂર્ણસ્વરૂપ ધ્રુવ એને જોનારને... જોનારનો અર્થ એ થયો કે નિર્મળ પરિણતિ દ્વારા એને જોનારને અલ્પકાળમાં કેવળજ્ઞાનની લક્ષ્મી પ્રાપ્ત થાય છે. કહો, સમજાણું આમાં? અનંગ-સુખમય–અતીન્દ્રિય આનંદમય) નિજનિધાન વસ્તુ એને જે વર્તમાન વીતરાગ પરિણતિ–નિર્દોષ શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ દ્વારા, એવું તત્ત્વ જે પૂર્ણસ્વરૂપ ભગવાન એને દેખે તે આલોચના છે. તે પોતાના અનંત ગુણના રહેઠાણવાળો એ આત્મા છે, એમાં રહેનારો છે. નિમિત્તમાં નહીં, રાગમાં નહીં, એક સમયની પર્યાયમાં નહીં. આ અપૂર્વ વાત છે ભાઈ! સમજાણું કાંઈ?

પોતાના ગુણો જે ધ્રુવ એવા અવિચળ રહેઠાણવાળો દેખે છે. આહાહા! પોતાની નિર્મળ દૃષ્ટિ–સમ્યગ્દર્શન દ્વારા કે સમ્યગ્જ્ઞાન દ્વારા એ પૂર્ણ અવિચળ રહેઠાણવાળો છે, અનંતા ગુણો ચળે નહીં એવા સ્થાનવાળું એ તત્ત્વ છે. આહાહા! સમજાણું કાંઈ? એને જે દેખે છે એ **અનંગ-સુખમય એવા મુક્તિલક્ષ્મીના વિલાસોને...** પરમાનંદરૂપી લક્ષ્મી જે મોક્ષ, આત્માની દશા–પરમાનંદદશા એને **અલ્પકાળમાં પામે છે**. બહુ જ ટૂંકું ને ઘણું સરળ. કહો, મોક્ષનો આ ઉપાય છે કે અનંત-અનંત આનંદાદિ ગુણોનું અવિચળ રહેઠાણસ્થાન ભગવાન આત્મા. આહાહા!

અચળ ગુણો જે ચળે નહીં એનું રહેઠાણ, રહેવાલાયક જે તત્ત્વ વસ્તુ ધ્રુવ, આહાહા! એવો પોતાનો ભગવાન આત્મા એને વર્તમાન નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન દ્વારા જોવે છે, જાણે છે, એમાં

ઠરે છે. લ્યો, આ તો મુક્તિનો માર્ગ છે બાપા! વ્યવહાર ને નિશ્ચયના ઝઘડા બધાય.... આહાહા! પરમાનંદ જેમાં રહેલો છે, પરમાનંદને રહેવાનું એ સ્થાન છે. આહાહા! ભગવાન આત્મા એને કહીએ કે જેમાં અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, વીતરાગતા આદિ ગુણોનું રહેવાનું સ્થાન છે. અરે! પણ કેમ પ્રતીતમાં આવે? આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એને કહીએ કે જે અનંતા જ્ઞાન-દર્શન આદિ ગુણો જે સ્વભાવો એને રહેવાનું સ્થાન છે. એને સંસાર રહેવાનું સ્થાન નથી. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયને રહેવાનું સ્થાન એ નથી, એમ કહે છે અહીં તો. એવો જે ભગવાન આત્મા પોતાનો નિજનિધાન અનાદિ-અનંત ગુણોનું રહેઠાણસ્થાન છે. આહાહા! ત્યાં જોઈશ તો તને એના અનંતા ગુણોનો રહેનારો મળશે. આહાહા! ભાઈ! તું બીજે ક્યાંય નથી. તું નથી રાગમાં, તું નથી નિમિત્તમાં, તું નથી એક સમયની પર્યાયમાં. આહાહા! સંતોએ પણ કામ કર્યા છેને! આહાહા! ભાઈ! પરમ આનંદાદિ ગુણોનું રહેવાનું સ્થાન એ શું ચીજ છે એ તેં કોઈ દિ' જોઈ નથી, તેં કોઈ દિ' જાણી નથી અને એને જાણ્યે મુક્તિ થયા વિના રહે નહીં. આહાહા!

પોતાનો મુક્ત સ્વભાવ અનંતગુણથી ભરેલો પ્રભુ... ભાષા જુઓને! મુનિની. આહાહા! **આત્મા આત્માને આત્મા વડે આત્મામાં અવિચળ રહેઠાણવાળો જ દેખે છે**. જેમાં એના અનંતા ગુણો રહે છે એવો આત્મા જે દેખે છે એને સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની અને એને ધર્મી કહીએ. કહો, સમજાણું કાંઈ? કહો, જેઠાલાલભાઈ! ભારે આવી વાતું નીકળી છે આ. આ તો બધી નિશ્ચયની વાતું છે, (એટલે) પરમ સાચી વાત છે. ખોટી વાતું નાખો થોડી વચમાં. આહાહા! પ્રભુ! તું ક્યાં અધૂરો છો? તું એક સમયની પર્યાયમાં પણ રહેતો નથીને. આહાહા! સમજાણું કાંઈ? તારો પૂર્ણ નાથ અંદરમાં બિરાજે છે, એ અનંત ગુણનું રહેઠાણસ્થાન છે. એને જોનાર, એને દૃષ્ટિમાં લેનાર, એને જ્ઞાનમાં જ્ઞેય બનાવનાર અલ્પ કાળમાં કેવળજ્ઞાનને પામે છે. આહાહા! બહુ જ ટૂંકી વાત ને મોટા ફળ.

**મુક્તિલક્ષ્મીના વિલાસોને અલ્પકાળમાં પામે છે. તે આત્મા...** અનંત-અનંત શાંતિ, આનંદ એવા ગુણોનું અવિચળ રહેઠાણસ્થાન પ્રભુ આત્મા. આહાહા! અવિચળ ગુણ તેમાં રહી શકે છે. સમજાણું કાંઈ? એવો જે તારો દેવ, દેવાધિદેવ દિવ્યશક્તિનો ભંડાર જેમાં દિવ્ય-શક્તિઓ રહેવાનું સ્થાન છે. અરે! એની પ્રતીત, શ્રદ્ધા ને જ્ઞાન દ્વારા 'આ છે' એમ જ્યારે પ્રતીત આવે ત્યારે એને પ્રતીત કહેવામાં આવે છે. છે તો છે, પણ એની શ્રદ્ધા-જ્ઞાનમાં આવે કે આ આમ છે, શ્રદ્ધાએ, જ્ઞાને ઝીલીને (નિર્ણય કર્યો કે) આ 'આવો છે', ત્યારે એને માટે આત્મા અનંત ગુણનું રહેઠાણસ્થાન છે. સમજાણું કાંઈ? માળે આવો ધર્મ કેવો આ? જાત્રા કરવી, વ્રત પાળવા....—એ તો કાંઈ આવ્યું નહીં એમાં. ... આવ્યુંને. મહાપ્રભુની જાત્રા આવીને. અનંત

ગુણનો ધામ રહેઠાણસ્થાનને પકડ્યો હવે તારે બીજે ક્યાં જાવું છે? જાત્રાનું સ્થળ તો એ આત્મા છે. સમજાણું કાંઈ?

**તે આત્મા સુરેશોથી...** દેવોના દેવ એવા દેવોથી પણ વંદનિક છે. **સંયમધરોની પંક્તિઓથી...** આહાહા! અંતર આનંદની ધારા વહી છે જેને એવા સંયમધરો–સંતો એની પંક્તિઓ–એની શ્રેણીઓ એ દ્વારા એ વંદ્ય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? ત્રિલોકનાથ તીર્થંકર વંદ્ય છે એ નહીં, એ તો વ્યવહારે વંદ્ય છે. એ તો વિકલ્પ ઉઠે શુભરાગનો (ત્યારે) વંદ્ય કહેવાય છે. પરમાર્થે વંદ્ય એ નહીં. પરમાત્મા પોતે જ, જેને પોતે ઈશ્વર તરીકે બીજા આત્માને માને છે એવો ઈશ્વર પોતે જ છે. પોતાની મોટપ પોતાને સૂઝતી નથી એટલે બીજાની મોટપે બીજાને ઈશ્વર કલ્પે છે. સમજાણું કાંઈ? તારો ભગવાન તારામાં પડેલો જ છે. એને ઇન્દ્રો, અરે! સંયમધરો.. આહાહા! લાખો-કરોડો સંયમી મુનિઓની પંક્તિ–ધારા એને એ વંદ્ય છે. આહાહા!

**ખેચરોથી (–વિદ્યાધરોથી) અને ભૂચરોથી (–ભૂમિગોચરીઓથી)...** ભગવાન આત્મા, આવો આત્મા એને **વંદ્ય છે.** અરે! એની મોટપની વાત એણે સાંભળી નહીં હોં. એને પરમેશ્વર ભગવાન છે એમ કહેતા રાડ (પાડે). અરે, ભાઈસાહેબ! અમે ભગવાન (ક્યાં, અમે) પામર (છીએ). અરે પ્રભુ! સાંભળને ભાઈ! સમજાણું કાંઈ? તું પૂરો ભગવાન, વર્તમાનમાં ભગવાન છો. તારી ઈશ્વરતા તારી પાસે પૂરી પડી છે, પણ એને સ્વીકારે એને હોં. એટલે સ્વીકારનાર એને વંદ્ય માને છે. સમજાણું કાંઈ? **હું...** મુનિરાજ કહે છે. પદ્મમલધારિદેવ દિગંબર સંત છે, આત્માના આનંદમાં ઝૂલનાર–ઝૂલવાવાળા. મુનિ એટલે અતીન્દ્રિય આનંદમાં ઝૂલવાવાળા.

એ કહે છે કે **હું તે સર્વવંદ્ય...** એવો જે આત્મા આવા બધાને વંદ્ય છે—સુરેશો, સંયમધરોની પંક્તિ, ખેચરો ને ભૂચરો. એને જે આવો પ્રભુ વંદનયોગ્ય છે. એ સકળ સર્વવંદ્ય **સકળગુણનિધિને (-સર્વથી વંદ્ય એવા સમસ્ત ગુણોના ભંડારને)...** આહાહા! શબ્દો તે પણ શબ્દો છેને! એવા-એવા મોટા નરેન્દ્રો, સંયમધરો જે ભગવાન આત્માને વંદે છે, એ સર્વને વંદ્ય એવો જે આત્મા–**સકળગુણનિધિને**... એ ભગવાન સકળગુણનિધિ છે. આહાહા! એ નિધાન છે. અનંત.. અનંત.. અનંત–બેહદ ગુણોનો નિધાન ભગવાન આત્મા એને ગુણોની અપેક્ષાથી... **તેના ગુણોની અપેક્ષાથી**... વંદ્યયોગ્ય એવો જે ભગવાન આત્મા **તેના ગુણોની અપેક્ષાથી** એને **વંદું છું.** એટલે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ તે તરફ મારું ઢળવું ને આદર ને સત્કાર છે. સમજાણું કાંઈ?

એક-એક કળશ અમૃતથી ભર્યો છે! અરે! એની વાતું એણે સાંભળી નહીં. અરે! ઘરને ભૂલી ભગવાનને ગોતવા બહાર જાય માળો. કહે છેને દુનિયા કે કેડે છોકરું ને ગોતે ગામમાં. આવે છેને તમારે. એમ ત્રણ લોકનો નાથ અનંત ગુણનું રહેઠાણસ્થાન પ્રભુ એ પોતે તું છો અને તું સંયમધરોની ધારા... આહાહા! લાખો મુનિઓ જ્યારે આચાર્ય સામે પ્રતિક્રમણ કરતા હોય,

વંદન આમ કરીને બેઠા હોય... વંદન કરીએ છીએ આત્માને. એવા સર્વ જીવોને વંદ્ય એવો આત્મા એના ગુણની અપેક્ષાએ હું પણ વંદું છું. કહો, સમજાણું કાંઈ? આહાહા! ૧૫૫.

**आत्मा स्पष्टः परमयमिनां चित्तपंकेजमध्ये**
**ज्ञानज्योतिःप्रहतदुरितिध्वान्तपुंजः पुराणः।**
**सोऽतिक्रान्तो भवति भविनां वाङ्मनोमार्गमस्मि-**
**न्नारातीये परमपुरुषे को विधिः को निषेधः॥१५५॥**

**શ્લોકાર્થ : જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપતિમિરના પુંજનો નાશ કર્યો છે...** ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જેમાં પુણ્ય ને પાપનો ત્રિકાળ અભાવ છે અને એનો આશ્રય કરનાર પુણ્ય ને પાપનો નાશ કરે છે. સમજાણું કાંઈ? **જેણે જ્ઞાનજ્યોતિ વડે...** જેણે ચૈતન્યના તેજ વડે, જ્ઞાનના સ્વભાવના તેજ વડે **પાપતિમિરના પુંજનો...** પુણ્ય ને પાપરૂપી ભાવ જે તિમિર નામ અજ્ઞાન-અંધકાર છે એનો જેને અભાવ છે અને એનો (-આત્માનો) જેને આશ્રય છે એને પુણ્ય-પાપનો નાશ થાય છે. કેમકે એનામાં, પુણ્ય ને પાપ વસ્તુમાં નથી. એ નાશ જ કરેલું ચીજ અનાદિથી છે. એનો જે આશ્રય લે છે એને પુણ્ય ને પાપના શુભ-અશુભભાવ કે જે અજ્ઞાન અંધકાર–તિમિર છે એનો નાશ થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

દિગંબર સંતો આનંદની મસ્તીમાં મહાલતા જગત પાસે આનંદને જાહેર કરે છે. આહાહા! ભાઈ! અતીન્દ્રિય આનંદના ભોજી એ બીજાને અતીન્દ્રિય આનંદ પીરસે છે. ભાઈ! તારી પાસે છેને પ્રભુ! અતીન્દ્રિય આનંદ. એને અનુભવવા ને વેદવા ક્યાં જાય છો તું? સમજાણું કાંઈ? એને જોને. આલોચના છેને. એવો ભગવાન તું પોતે છો પ્રભુ! એને જોને અંદર. આહાહા! કઈ રીતે તે વાત છે! ભગવાનને જોવા એ આંખ્યુંનું તેજ કેટલું? એ જ્ઞાનના તેજ કેટલા? એ શ્રદ્ધાનું બળ કેટલું? સમજાણું કાંઈ?

**અને જે પુરાણ (-સનાતન) છે...** જૂનો–અનાદિનો એ તો આત્મા છે. એવો ને એવો ભગવાન સનાતન **એવો આત્મા પરમસંયમીઓના ચિત્તકમળમાં સ્પષ્ટ છે.** આહાહા! જેને આત્માનું સમ્યગ્દર્શન થયું અને સમ્યગ્દર્શન ઉપરાંત જેને સ્વરૂપની સ્થિરતા જામી છે, એના ચિત્તકમળમાં એ તો પ્રગટ છે, પ્રત્યક્ષ છે. આહાહા! ... જીવ ચાલી જાય છે. આહાહા! પૂનમચંદભાઈ કામાણી ગુજરી ગયા. ૫૩ વર્ષની ઉંમરે. શું આ જીવન? સાંઈબાબાની ભ્રમણા, બહાર કોઈ પૈસાની મમતા. અરર! આ જીવન તે શું? અરે! તારા જીવન, પ્રભુ! કઈ રીતે જીવી જાણ્યું તેં નાથ? આહાહા! તું તારા આનંદમૂર્તિનો આદર કરીને ઠર્યો એ એણે જીવી જાણ્યું. એના દેહના છૂટવાના (કાળને) સમાધિમરણ કહેવામાં આવે છે. કારણ કે આનંદમાં રહીને... દેહની સ્થિતિ તો પૂરી તે કાળે થવાની જ છે. આહાહા! એ પોતે... આહાહા!

સાતમી નરકમાં સમકિતી હોય, કહે છે કે એ આનંદના રહેઠાણસ્થાનને એણે પકડ્યું છે. બહારમાં દુનિયા એને દુઃખી દેખે, નારકી દેખે, પણ એ નારકી દુઃખી નથી. આહાહા! સમજાણું કાંઈ? આઠ વર્ષની કુંવારી બાલિકા હોય, ગરીબની દીકરી હોય, દાડિયા કરીને ખાતી હોય... આહાહા! દાડિયા સમજે? આ દિવસનો દાડિયા નથી કહેતા? મજૂરી. પણ જેણે અંતરના નિધાનને પકડ્યો ને જોયો, આહાહા! ધન્ય અવતાર, ધન્ય જન્મ! જન્મ સફળ કર્યા. એ કરવાનું આ હતું ને કર્યું કાંઈક બીજું. બાબુલાલજી! અરે! ક્યાં રોકાણો? ભાઈ! ક્યાં જાવું હતું અને ક્યાં રોકાણો, કેટલો કાળ રોકાણો તને ખબરેય નથી. આહાહા! જીવનજાત્રા પૂરી થઈ ગઈ લ્યો. આહાહા! આ જીવનજાત્રા, આહાહા! સંયમની ધારા દ્વારા જેના ચિત્તકમળમાં ભગવાન બિરાજે છે એ એના જીવન. આહાહા! સમજાણું કાંઈ? આત્મા કેવો છે એ તો કીધો. જ્ઞાનની જ્યોતિ વડે અજ્ઞાનરૂપી પુણ્ય-પાપના પુંજનો જેમાં અભાવ છે અથવા જેનો આશ્રય કરતા પુણ્ય-પાપનો જેણે નાશ કર્યો એવો આત્મા સનાતન પ્રભુ બિરાજે છે. આહાહા!

**પરમસંયમીઓના ચિત્તકમળમાં સ્પષ્ટ છે**... આહાહા! સમ્યગ્દૃષ્ટિને છે સ્પષ્ટ, પણ ઘણે કાળે ઉપયોગમાં આવે છે એને. એથી કહે છે કે સંયમીધરોને ચિત્તમાં સ્પષ્ટ પ્રત્યક્ષ વારંવાર થાય છે. 'વારંવાર' પણ અહીં તો લીધો નથી, સ્પષ્ટ જ છે. આહાહા! શુદ્ધ ભગવાન પૂર્ણાનંદની સમ્યગ્દૃષ્ટિ અને એના સમ્યગ્જ્ઞાન ને એના સમ્યક્-ચારિત્રની રમણતા એવા સંતોના ચિત્તકમળમાં પ્રભુ પ્રત્યક્ષ બિરાજે છે. જાગતી જ્યોત પ્રભુ જેની દૃષ્ટિમાં બિરાજે છે. આહાહા! એ છે એના ગુણોમાં, પણ જેણે એનો સ્વીકાર કર્યો, એની દૃષ્ટિમાં પ્રત્યક્ષ બિરાજે છે, એમ કહે છે. આહાહા! અરેરે! મનુષ્યના જીવનમાં કરવાનું જે હતું એ કર્યું નહીં. કંઈક-કંઈક કરીને ચાલ્યા જાય જીવન. બહારમાં આબરૂ કરી, ધૂળ કરી ને વા-પાણી. આહાહા! પરમસંયમીઓના ચિત્તકમળમાં (અર્થાત્) જ્ઞાનની પર્યાયમાં એ આખો ભગવાન બિરાજે છે. આહાહા!

**તે આત્મા સંસારી જીવોના વચન-મનોમાર્ગથી અતિક્રાંત (-વચન અને મનના માર્ગથી અગોચર) છે.** ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ નિર્વિકલ્પ ચૈતન્યપિંડ પ્રભુ એ સંસારીના મનથી અતિક્રાંત–દૂર વર્તે છે. વાણીના માર્ગથી... અરે! વાણીથી કેટલું કહે એને? એ વાણીના માર્ગથી પણ દૂર વર્તે છે. જુઓ! આ વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલો આત્મા, એણે કહેલી આલોચના અને એણે કહેલા ....ના ફળ. આહાહા! તે વચન ને મનનો માર્ગ... આહાહા! મનનો માર્ગ તો વિકલ્પ છે કહે છે. દયા, દાન, પૂજા, ભક્તિ એ બધો મનનો માર્ગ છે, એ આત્માનો માર્ગ નહીં. આહાહા! એ મનના માર્ગથી તે દૂર વર્તે છે, વચન ને મનના માર્ગથી તે અગમ્ય છે. આહાહા! શું કહે છે એ? મનમાં એને શુભરાગ આવે—દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો, વ્રતનો, તપનો, પૂજાનો, જાત્રાનો, પણ કહે છે કે મનોમાર્ગથી પ્રભુ તો ભિન્ન છે હોં. આહાહા!

**આ નિકટ પરમપુરુષમાં...** આહાહા! નજીક જ થઈ ગઈ છે મુક્તિ અને પોતે આત્મા પણ હવે અંદર નિકટ થઈ ગયેલો છે. એવા પુરુષમાં **વિધિ શો અને નિષેધ શો?** આ પાપ લાગ્યું ને એની આલોચના કરી અને પ્રાયશ્ચિત કરીએ. અરે! એ વિધિ-નિષેધ વસ્તુમાં ક્યાં હતી? સમજાણું કાંઈ? આ જરી અતિચાર લાગ્યો ને એ અતિચાર સામે પ્રાયશ્ચિત લીધું—એ બધું ભગવાનના સ્વરૂપમાં છે ક્યાં? પ્રભુ! સમજાણું કાંઈ? એ વ્યવહાર આલોચના અને વ્યવહારના ફળ ને એ બધું ભગવાનમાં ક્યાં છે? આહાહા! સમજાણું કાંઈ? સિદ્ધને હેઠે ઉતાર્યા છે હોં. પ્રભુ! તમે આવોને મારી પાસે. હું હમણાં આવું છું તમારી સાથે હોં. આહાહા! મારે સથવારો જોઈએ છે પ્રભુ! તારો. મારો સથવારો મારી પાસે છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

આ વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવનો કહેલો આ જૈનધર્મ, આ જૈનધર્મ. વાતું વાડાની કરે અને વ્યવહાર કરે, એ જૈનધર્મ છે નહીં. એ છે નહીં. આહાહા! અરે! પદ્મપ્રભમલધારિદેવે પણ ગજબ કર્યા છે! સમયસારની ટીકાથી પણ હદ વાળી નાખી છે. ગજબ કરી છે! આહાહા! પણ એ મુનિ છે. સંયમી, આત્મધ્યાની, આનંદમાં રહે એને સંત કહીએ. એકલા મહાવ્રતના પરિણામમાં રહે એ સંત નહીં, એ તો રાગમાં રહેલો રાગી પ્રાણી છે. આહાહા! કહે છે કે અમે તો મન ને વાણીના માર્ગથી વેગળા છીએ.

શ્રોતા : આત્મા એકાંતમૂર્તિ કે અનેકાંતમૂર્તિ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સમ્યક્ એકાંતમૂર્તિ, એનું નામ અનેકાંતબુદ્ધિ કહેવાય. પર્યાયનું જ્ઞાન કરે ત્યારે અનેકાંત કહેવાય. આહાહા! પણ એ આવા સમ્યક્-એકાંતનું જ્ઞાન કરે ત્યારે જે જ્ઞાન થાય, તે જ્ઞાન પર્યાયને જાણે ત્યારે અનેકાંત કહેવામાં આવે છે. આમ વાત છે. આહાહા! એમ કે પર્યાયનું ... આવ્યું તો આ અનેકાંત છે કે એકાંત છે? એ સમ્યક્ એકાંત છે તે અનેકાંત છે. સમજાણું કાંઈ?

મારો ભગવાન પૂર્ણાનંદમાં બિરાજે છે, એ પર્યાય ને રાગમાં નથી—એ અનેકાંત. પૂર્ણમાં બિરાજે છે એ સમ્યક્-એકાંત. આહાહા! આનાથી દૂર છે એ અનેકાંત. આહાહા! વીતરાગનો એકાંત સમ્યક્-એકાંત માર્ગ પણ સમજવો કઠણ છે. ભાઈ! આહાહા! કાલ વિચાર નહોતો આવ્યો? ઓલા લોકો કહે છેને, સન્મતિતર્કમાં એક શ્લોક છે. જ્ઞાની પુરુષો આ નય સાચી અને આ નય જૂઠી એમ કહેતા નથી. નયકથનથી એ તો જાણવાની અપેક્ષાની વાત છે. સ્વભાવની અપેક્ષાએ તો આ સત્ય છે ને આ જૂઠું છે એવું અધ્યાત્મમાં હોય છે. સન્મતિતર્કમાં એ શ્લોક આવે છે. એ તો જેવી વસ્તુ છે નિત્ય-અનિત્ય તેવી રીતે તેને જાણવામાં કોઈ પર્યાય નથી એમ એ નથી, પણ વસ્તુની અપેક્ષાએ તો પરમ સત્ય તે આ (ત્રિકાળી) જ છે, બાકી બધું અસત્ય છે. એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? 'ભૂતાર્થ અને અભૂતાર્થ' શબ્દ વાપર્યા

શાસ્ત્રકારે. અધ્યાત્મની દૃષ્ટિએ પ્રયોજનને સિદ્ધ કરવું છે ત્યાં તો (કહ્યું કે) આ તો પર્યાય જૂઠી છે, જાઓ, નથી. એય! પંડિતજી! લ્યો.

એવા **નિકટ પરમપુરુષમાં**... એટલે જેણે સંયમથી આત્માને પકડ્યો ને જ્ઞાનમાં આવ્યો એટલે પ્રત્યક્ષ થઈ ગયો છે, એવા ધર્માત્માને વિધિ ને નિષેધ શો? આ વિધિ આલોચના વ્યવહારની એને શું હોય? આહાહા! **આમ આ પદ્ય વડે પરમ જિનયોગીશ્વરે...** પરમ જિન યોગીશ્વર (એટલે) પૂર્ણાનંદનો નાથ એમાં જેણે યોગ જોડી દીધો છે, પૂર્ણાનંદનો નાથ અનંત ગુણનું ધામ–રહેઠાણ એમાં દૃષ્ટિ ને સ્થિરતા જોડી દીધી છે, એવો જિનયોગી એને જિનયોગી કહીએ. આ બધા બાવા ફરે (એને કહે કે) આ જોગી છે. એ જોગી નથી, એ બધા ભોગી છે. આહાહા! સમજાણું કાંઈ?

શ્રોતા : હઠયોગ...

પૂજ્ય ગુરુદેવશ્રી : હઠયોગ ધૂળમાંય કાંઈ નથી, મફતના...

સર્વજ્ઞ પરમેશ્વર એમણે આત્મા જે જોયો એ આત્મા જગતના ખ્યાલમાં છે જ નહીં કાંઈ. સમજાણું કાંઈ? બાવા ને જોગી, હઠ ને જગતમાં ગમે તે એ કરે. મહિના-મહિના, બબ્બે મહિનાના (અપવાસ). કંદમૂળ એક રૂપિયાભાર ખાય એટલો કસ રહે તો મહિના સુધી ખાવું ન પડે. પછી નિવૃત્તિ આખો દિ', નાગા ફરે જંગલમાં, બાવા ઢોરની જેમ રહે. જેણે અનંત આનંદના માખણ કંદમૂળ ખાધા છે અંદરથી. અંતરનો કંદ–રસકંદ આનંદ પ્રભુ એનો જેને આનંદનો અનુભવ થયો છે, સમજાય છે કાંઈ? એવા જીવને વિધિ શું? આ કરવું ને આ ન કરવું એ શું છે? કહે છે. આહાહા! વ્યવહાર આવે ત્યારે હો, પણ એ બધો (આદરણીય) નહીં (એમ) નિષેધ છે.

**આમ આ પદ્ય વડે**... ૧૫૫મા પદ્ય વડે **પરમ જિનયોગીશ્વરે ખરેખર વ્યવહાર-આલોચનાના પ્રપંચનો ઉપહાસ કર્યો છે.** લ્યો, પાછળ પણ છેને (કળશ) ૨૧૩માં, એમ. **સમરસમય આત્મતત્ત્વમાં વિધિ શું ને નિષેધ શો?** ૧૨૮ ગાથાનો કળશ છે. **સમરસમય આત્મતત્ત્વમાં વિધિ શો ને નિષેધ શો?** આહાહા! નિજ શાશ્વત સમરસમય આત્મતત્ત્વ... જેને ભગવાન આત્મામાં લીનતા જામી ગઈ છે, એને જ પકડીને એમાં ગુમ થઈ ગયો છે, એને વિધિ-નિષેધ શો? એ ભગવાનને વાંદવા પડશે, કુગુરુને છોડવા પડશે—એવું ત્યાં ક્યાં છે? એય! એ ભીખાભાઈ! શું કર્યું પણ અત્યાર સુધી? ઉના પાણી પીવે ને ઓલા બારણામાં બેસતા પડિકમણું કરવા. આહાહા! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની દૃષ્ટિ છોડીને જેટલી વાતું (છે એ) બધી સંસાર, રખડવા ખાતે છે. સમજાણું કાંઈ? ચાહે તો તીર્થંકરની ભક્તિ ને પૂજા ને જાત્રા હો, એ બધા રખડવાના રસ્તા છે, રાગના રસ્તા છે. આહાહા! આકરું પડે હોં પંડિતજી! આકરી છે. ૧૫૫ થઈ ગયો શ્લોક. ૧૫૬.

**जयत्यनघचिन्मयं सहजतत्त्वमुच्चैरिदं**
**विमुक्तसकलेन्द्रियप्रकरजातकोलाहलम् ।**
**नयानयनिकायदूरमपि योगिनां गोचरं**
**सदा शिवमयं परं परमदूरमज्ञानिनाम्॥ १५६ ॥**

આહાહા! **શ્લોકાર્થ : જે સકળ ઇન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન થતા કોલાહલથી વિમુક્ત છે...** પાંચેય ઇન્દ્રિયના વેપારના વિકલ્પથી તો પ્રભુ રહિત જ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? કાનેથી ભગવાનને સાંભળવા, આંખેથી ભગવાનને જોવા—એ બધા ઇન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન થતા કોલાહલથી વિમુક્ત છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર વિકલ્પથી ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ? એકકોર એમ કહેવામાં આવે કે હે નાથ! આંખ્યું મળી, આપના દર્શનથી અહીં સફળ કરી આંખ્યું. જીભે આત્મગુણ ગાય એ જીભ પણ સફળ છે. આવે છેને, આ સ્તુતિમાંય આવે છે.

એ તો બધો વિકલ્પનો કાળ હોય એ જાતનું વર્ણન હોય છે. સમજાય છે કાંઈ? આહાહા! એ તો જ્ઞાનમાં જણાવે છે કે આવું હોય છે. જુઓ! ત્યાં એમ આવે છે. 'ભવોભવ ભક્તિ હજો પ્રભુ' ત્યાં એમ આવે છે. તમારી ભવોભવ ભક્તિ હજો. એય! એનો અર્થ કે પ્રભુ તમારા પ્રત્યેનો મને શુભરાગ (હોય), એમાં અશુભરાગ ન આવે એટલે અલ્પકાળમાં જ મારી મુક્તિ થઈ જાય એમ કહે છે. અશુભ ન આવે ને એકલો શુભ રહે કેમ બને? શુદ્ધમાં ચડી જાય એકદમ. આહાહા! બધા અર્થ ફેર છે.

ઓલા કમાભાઈ કહેતા. એય આત્મારામજી! તમારા કાકા થતા? એ કહેતા કે આ બધા અર્થ ફેરવી નાખ્યા. નહીં? એમ કહે છે..... આહાહા! એક-એક રસ તમારા..... કેટલા (અર્થ) તમે ફેરવો છો? એમ લખે.... આહાહા! બિચારા છેલ્લે તો ઓલા થઈ ગયા, મોળી પડી ગયા. અરેરે! આહા! આત્મા પૂર્ણ અનંત ગુણનું સ્થાન છે, તેનું સ્થાન કાંઈ શેત્રુંજય કે સમ્મેદશિખરમાં નથી. એવો ભગવાન આત્મા એને અંતર દૃષ્ટિ, જ્ઞાનથી સ્વીકારીને આરૂઢ થાય, એણે આત્માને જોયો, જાણ્યો અને ભક્તિ કરી આત્માની. આહાહા! સમજાણું કાંઈ? ૧૫૬.

જે **સકળ ઇન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન કોલાહલથી વિમુક્ત છે, જે નય અને અનયના સમૂહથી દૂર હોવા છતાં...** નિશ્ચય ને વ્યવહારના વિકલ્પોથી દૂર પ્રભુ છે, છતાં સંતોને, જ્ઞાનીઓને ગમ્ય છે. **યોગીઓને ગોચર છે...** આહાહા! 'અબદ્ધ છું ને બદ્ધ છું' એવા જે વિકલ્પો નિશ્ચય-વ્યવહારના એનાથી પ્રભુ પર છે. પણ (એવો) હોવા છતાં જ્ઞાનીના જ્ઞાનમાં ગમ્ય છે. આહાહા! નયાશ્રિત હોવા છતાં સ્વભાવનું ભાન થઈ શકે છે એમ કહે છે. યોગીઓ (અર્થાત્) સ્વરૂપમાં જેણે જોડાણ કર્યું છે, આહાહા! જેણે રાગની સાથેનું જોડાણ તોડી નાખ્યું છે, સમજાણું કાંઈ? એવા સંતો, યોગીઓ... ચોથે ગુણસ્થાનથી માંડીને બધા સંતો, યોગીઓ છે. આહાહા!

જેણે રાગની એકતા તોડીને સ્વભાવની એકતાનો અનુભવ કર્યો, એ નય-અનયથી દૂર પ્રભુ હોવા છતાં જ્ઞાનીને ગમ્ય છે, ગોચર છે. આહાહા!

**જે સદા શિવમય છે...** પ્રભુ અંદર આત્મા તો ત્રિકાળી કલ્યાણસ્વરૂપ જ છે. કલ્યાણ થવું-ન થવું એ તો પર્યાયની વાત છે. વસ્તુ પોતે ત્રિકાળ કલ્યાણસ્વરૂપ છે, શિવમય છે. નિરુપદ્રવ કલ્યાણમય પ્રભુ, ત્રિકાળ કલ્યાણસ્વભાવનો પિંડ જ પ્રભુ આત્મા છે. કલ્યાણ કરવું કે અકલ્યાણ ટળવું—એ તો બધી પર્યાયની વાતું છે. સમજાણું કાંઈ? 'સદા શિવમય' એમ છેને? ત્રિકાળ જ્ઞાન, આનંદમય નિરુપદ્રવ છે. આહાહા! અહીં તો કહે, મને કર્મ હેરાન કરે છે, કર્મથી નુકશાન મને થાય. પણ નુકશાન તારામાં છે જ નહીં, સાંભળને માળા! એ ચીજને જોતાં નુકશાન કેવું ને કર્મ કેવા? 'સિવમયલમરુય..' આવે છેને નમોત્થુણંમાં? નમોત્થુણંમાં આવે છે. 'સિવમયલમરુયમણંત..' એમાંય છે, દિગંબરમાં પણ છે. પણ એ લોકોમાં પ્રથા નથી. સામાયિકના પાઠો બધા છે એમાં લોગસ્સના, નમોત્થુણંના છે. આમાંથી લીધા નથી.

**જે સદા શિવમય છે**... કોણ કબૂલે પણ? સદા શિવમય છે આત્મા એ એની દૃષ્ટિમાં આવે ત્યારે એને 'સદા શિવમય છે' એમ કહેવામાં આવે છે. દૃષ્ટિમાં, ખ્યાલમાં, વેદનમાં, અનુભવમાં (આવે). સમજાણું કાંઈ? એ 'સદા શિવમય છે' એને કોણે જાણ્યું? એના અંશના અંતર વેદન વિના આ 'સદા શિવમય છે' એમ કોણે નક્કી કર્યું? એની હયાતીનો સ્વીકાર કોણે કર્યો? આહાહા! આ એની શરતું. સદા શિવમય છે (એમ) જ્યારે એની અંદર શ્રદ્ધા-જ્ઞાનમાં આવે ત્યારે 'સદા શિવમય છે' એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત સાંભળી કેટલાક એમ કહે કે ત્યાં તો નિશ્ચયની જ વાત છે, વ્યવહારનો તો લોપ છે. પણ આ મુનિઓ શું કહે છે? સાંભળને! વ્યવહાર વચ્ચે હોય એમાં રાજી શેનો થાય છો? વ્યવહાર આવે ખરો વચ્ચે, પણ એની હોંશું શી? એની હોંશું કરનારને સદા શિવમય આત્માની પ્રતીત જ નથી. સમજાણું કાંઈ?

**ઉત્કૃષ્ટ છે...** જેની શ્રદ્ધા, જ્ઞાનમાં આ આત્મા ઉત્કૃષ્ટ–ઊંચો છે, ઊંચો છે એમ જેને ભાસ્યું તેને માટે ઉત્કૃષ્ટ છે. અજ્ઞાનીને તો રાગ ને અજ્ઞાન ને પરવસ્તુ અધિક થઈ પડી છે. સમજાણું કાંઈ? જેના જ્ઞાનમાં, શ્રદ્ધામાં એ વસ્તુ પ્રત્યક્ષ થઈ છે, આહાહા! કહે છે, એને ઉત્કૃષ્ટ છે. અમરચંદભાઈ! આહાહા! અરેરે! તારા ઘરની આવી વાતેય સાંભળવા મળે નહીં તને અને એને ધર્મ થઈ જાય, લ્યો. જેઠાભાઈ! ક્લેશ કરી-કરીને મરી જાય બિચારા. આહાહા! મહાપ્રભુ... ગીતાની ટીકા કરી છેને કોઈકે–ચૈતન્યમહાપ્રભુએ. ગીતાની ટીકા કરી છે કોઈકે. ચૈતન્ય મહાપ્રભુ એનું નામ છે. હા, એ બાજુ. ...... સાંભળ્યું છે. એનું નામ ચૈતન્યમહાપ્રભુ છે. આહાહા! ચૈતન્ય મહાપ્રભુ તો આ અંદર છે. એની પ્રભુતાની મોટપ, જેને બીજી તુચ્છતા લાગીને એની મોટપ જણાણી છે એને ઉત્કૃષ્ટ છે. આહાહા!

**અને જે અજ્ઞાનીઓને પરમ દૂર છે...** આને ગમ્ય છે એમ કીધું હતુંને. યોગીઓને ગમ્ય છે, અજ્ઞાનીને પરમ દૂર છે. આહાહા! પુણ્ય ને પાપની રમતુંમાં રમનાર, શુભ ને અશુભની વિકલ્પની રમતુમાં રમનારને ભગવાન દૂર છે. ભારે કામ ભાઈ!

શ્રોતા : શ્વેતામ્બર લોકોને પુણ્ય-પાપની ખબર છે નહીં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ એને પૂછો. પુણ્યમાં ને વ્યવહારમાં ધર્મ મનાવે એ જૈન જ ક્યાં છે? ટોડરમલે તો એને અન્યમતમાં નાખ્યા છે. માને-ન માને, જગત સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? આ સંતોની લહેરું ત્યાં ક્યાં છે? એકેય વાત નથી. આહાહા! સમજાણું કાંઈ? વ્યકિતને દુઃખ લાગે એ માટે નહીં, બાકી વસ્તુમાં કાંઈ.... દિગંબર સંતો સિવાય એ વાત બીજે ક્યાંય નથી. એના (-દિગંબરના) વાડાવાળાને ખબર નથી તો બીજે ક્યાં હોય? આહાહા! એવી વાત છે.

**અજ્ઞાનીઓને પરમ દૂર છે**... એટલે કે જે રાગ ને પર્યાયબુદ્ધિમાં જે રાચ્યા છે એને તો દૂર (એટલે) દ્રવ્ય ક્યાં છે એની ખબર જ નથી. આહાહા! વ્યવહારના રાગમાં રચ્યાપચ્યા પડ્યા છે એને ભગવાન તો દૂર વર્તે છે, કાંઈ ખબર જ નથી કે ક્યાં છે. આહાહા! **એવું આ અનઘચૈતન્યમય...** મુનિરાજ દિગંબર સંત આત્મધ્યાની આનંદના લૂંટનારા છે. આહાહા! સંત કહે છે કે ભવના અંત છે અમને. અમે તો અનઘચૈતન્યમય સહજતત્ત્વ એ જયવંત અમારા જ્ઞાનમાં વર્તે છે. આહાહા! એ **અનઘ—નિર્દોષ, મળરહિત, શુદ્ધ**. અઘ નામ પુણ્ય ને પાપના મેલ વિનાનું ચૈતન્યતત્ત્વ ત્રિકાળ ભગવાન. **ચૈતન્યમય સહજતત્ત્વ...** ભાષા દેખો! સહજ ભગવાન આત્મા કેવો છે? કે ચૈતન્યમમય છે (એટલે) જ્ઞાન ને આનંદમય છે એ તો.

એવું તત્ત્વ **અત્યંત જયવંત છે.** આહાહા! મુનિ કહે છે કે અમારે તો આ તત્ત્વ અત્યંત જયવંત છે, (એમ) અમારા જ્ઞાનમાં વર્તે છે.—એમ કહે છે. સમજાણું કાંઈ? મુનિ છેને એટલે અત્યંત જયવંત છે (એમ કહ્યું). પોતાની જમવટમાં જેણે જોયો છે. આહાહા! આલોચના છેને..... **ચૈતન્યમય સહજતત્ત્વ અત્યંત જયવંત વર્તે છે**. સ્વભાવિક આવો ભગવાન આત્મા અમારા ભાનમાં, જ્ઞાનમાં જયવંત.. જયવંત.. જયવંત વર્તે છે. આહાહા! શ્રદ્ધાથી, જ્ઞાનથી, શાંતિથી જયવંત વર્તે છે, એને આલોચના ખરેખર કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો સુદ ૭, શનિવાર, તા. ૧૪-૧૦-૧૯૭૨**
**શ્લોક-૧૫૭-૧૫૯, પ્રવચન નં. ૧૨૦**

**शुद्धात्मानं निजसुखसुधावार्धिमज्जन्तमेनं**
**बुद्ध्वा भव्यः परमगुरुतः शाश्वतं शं प्रयाति ।**
**तस्मादुच्चैरहमपि सदा भावयाम्यत्यपूर्वं**
**भेदाभावे किमपि सहजं सिद्धिभूसौख्यशुद्धम् ॥१५७॥**

'**भू**'નો અર્થ 'ઉત્પન્ન' કર્યો એમ ને? આલોચનસ્થાન કહ્યું.

શ્લોકાર્થ. જરી ઝીણી વાત છે સૂક્ષ્મ. અનંત કાલસે ભગવાન પરમેશ્વરને.... ભગવાન આત્મા અભેદતત્ત્વ ઉસકી કભી દૃષ્ટિ કી નહીં. તો અભેદદૃષ્ટિ ક્યા ચીજ હૈ ને અભેદકા વિષય ક્યા હૈ? ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવને પૂર્ણ સર્વજ્ઞપદ પ્રાપ્ત કરકે જો ઉપદેશ (દિયા) ઉસમેં ઐસા આયા કિ તેરી ચીજ ક્યા હૈ.

**શ્લોકાર્થ** : કિ **નિજ સુખરૂપી સુધાકે સાગરમેં ડૂબતે હુએ ઇસ શુદ્ધાત્માકો જાનકર...** આહાહા! બધી વાત—ક્રિયા ને રાગ ને નિમિત્તનું લક્ષ છોડ દે. સુખરૂપી (સુધા)... નિજ સુખ... **નિજ સુખરૂપી સુધા...** અમૃતકે સાગરમેં ડૂબતે હુએ... અમૃતકા ભરા પડા સાગર ભગવાન આત્મા હૈ. આહા! સમજમેં આયા? **નિજ સુખરૂપી સુધા...** અપના આનંદરૂપી અમૃત ઉસકે સાગરમેં ડૂબતે હુએ... આનંદમેં પૂર્ણ પડા હૈ આત્મા. પૂર્ણ અતીન્દ્રિય આનંદમેં ડૂબા હુઆ આત્મા હૈ. આહા! સમજમેં આયા?

ઐસે આત્માકો જાનકર... લ્યો. ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદમેં ડૂબા હુઆ ભગવાન આત્મા હૈ. ઉસમેં અતીન્દ્રિય આનંદ છલોછલ–લબાલબ ભરા હૈ. આહાહા! આ વાત કેમ બેસે? સમજમેં આયા? ભગવાન તીર્થંકરદેવ પરમાત્માને ઐસે કહા કિ પ્રભુ! તેરી ચીજ તો ઐસી હૈ, નિજ સુખસાગર, સુધા–અમૃત સાગરમેં ડૂબા હુઆ રત્ન હૈ આત્મા. ઐસે જાનકર... મેરા આત્મા અનંત સુધા–અમૃતસાગરસે ભરા હૈ. ઉસકો જાનકર **ભવ્ય જીવ પરમ ગુરુ દ્વારા શાશ્વત સુખકો પ્રાપ્ત કરતે હૈં...** ગુરુ ને અરિહંતદેવ ઉન્હોંને (કહા કિ) આત્મા આનંદસ્વરૂપ ભરા હૈ ઉસમેં તેરી દૃષ્ટિ કર ઔર લીન હો. ઐસા કહા (ઔર) ઐસા કિયા.

ઉસકા અર્થ યહ કિ પરમ સંતોકા ઉપદેશ ભી ઐસા હોતા હૈ કિ પરમ આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદસે પૂર્ણ ભરા પ્રભુ ઉસ તરફ તેરી દૃષ્ટિ કર. આહાહા! સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભાઈ! જૈનદર્શન ઐસી સૂક્ષ્મ ચીજ હૈ. વહ એક હી દર્શન હૈ, બાકી સબ અદર્શન હૈ, વિપરીત હૈ. સર્વજ્ઞ પરમાત્મા જિસને પરમ આનંદકી દશા પ્રગટ કી, ઉસકે મુખસે જૈનતત્ત્વ

નામ વીતરાગીતત્ત્વ આત્મા, જો પૂર્ણ સુખમેં (ડૂબા હુઆ હૈ)–ડૂબી ગયો છે. આહાહા! સુખ એટલું બધું થઈ ગયું અંદર કે આત્મા ઉપર રહી ગયો ને સુખ અંદર ગરી ગયું. આહાહા! પરમ આનંદસ્વરૂપમેં તો આત્મા ડૂબા હુઆ હૈ. સમજમેં આયા? આહાહા! આ વાતેય સાંભળી ન હોય, ....હોય.

ઐસે **શુદ્ધાત્માકો જાનકર ભવ્ય જીવ પરમગુરુ દ્વારા શાશ્વત સુખકો પ્રાપ્ત કરતે હૈં**... સંસારીક સુખ તો નાશવાન હૈ, વહ (સુખ) નહીં. ભગવાન આત્મામેં જો પૂર્ણ આનંદસ્વરૂપ ભરા હૈ ઉસકા આશ્રય કરકે પૂર્ણ સુખકી, શાશ્વત સુખકી પ્રાપ્તિ હોતી હૈ. સમજમેં આયા? આહાહા! સર્વજ્ઞ ને સંતોકી વાણી ભી ઐસી હૈ. તેરા આનંદસે ભરા–ડૂબા હુઆ ભગવાન અંદર આત્મા ઉસ તરફ તેરી અભેદ દૃષ્ટિ કર. આહાહા! કરના વહી હૈ. દ્રવ્યદૃષ્ટિકા અર્થ હી યે હૈ. વર્તમાન રાગ ને એક સમયકી પર્યાય ઉપર જો રુચિ ને દૃષ્ટિ હૈ, વહ તો અનાદિ દુઃખદાયક દૃષ્ટિ હૈ. સમજમેં આયા? એક સમયકી પર્યાય, રાગ અને નિમિત્ત ઇતનેમેં જિસકી દૃષ્ટિ હૈ વહ તો અનાદિકાલકી હૈ, વહ તો દુઃખદાયક દૃષ્ટિ હૈ ઔર ઉસકા વર્તમાન દુઃખ હૈ ને ભવિષ્યમેં ભી ઉસકા ફલ દુઃખ(રૂપ) ચાર ગતિ હૈ.

દ્રવ્યદૃષ્ટિ—દ્રવ્ય નામ વસ્તુ અનંત આનંદસે ભરા પડા પ્રભુ ઉસકી દૃષ્ટિસે, પરમગુરુ દ્વારા સુખકી પ્રાપ્તિ કર. આહાહા! યાની કિ પરમગુરુ યે કહતે હૈં.—એમ કહે છે. રાગને કર ને રાગને છોડ દે એવો એનો ઉપદેશ મુખ્ય હોતો નથી. સમજાય છે કાંઈ? જૈન પરમેશ્વર ઔર જૈનકે સંતો ઉનકા ઉપદેશ (હૈ કિ) પરમ આનંદસે ડૂબા હુઆ ભગવાન પૂર્ણસ્વરૂપ અંદર હૈ. ઉસકા ધ્યાન કરકે, ઉસકો જાનકર, પીછે ઉસકી દૃષ્ટિ કરકે ઔર સ્થિરતા કરકે શાશ્વત સુખકો પ્રાપ્ત કરતે હૈં. આહાહા! જો અપની નિજસંપદા ઋદ્ધિ સુખ હૈ, સ્વરૂપસુખ હૈ ઉસકી–સ્વરૂપસુખકી પર્યાયમેં પૂર્ણ પ્રાપ્તિ હોતી હૈ. ભારે માર્ગ ભાઈ! કહો, સમજમાં આવે છે?

**ઇસલિયે**... આ કારણે **ભેદકે અભાવકી દૃષ્ટિસે**... ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ જો અભેદ ચીજ હૈ ઉસકી દૃષ્ટિસે... ભેદકી દૃષ્ટિ નામ પર્યાય, રાગ કિ ગુણ-ગુણીકા ભેદ ઉસ દૃષ્ટિકો છોડકર... તુજે તેરા કલ્યાણ કરના હો તો ભગવાન પૂર્ણસ્વરૂપ ઉસકી ભેદદૃષ્ટિ છોડકર... 'ભેદ છોડકર' ઐસે કહા, તો પહલે ભેદ થા. એક સમયકી અવસ્થામેં અપના(પન) માના થા ઔર દયા, દાન, વિકલ્પ રાગાદિમેં અપનાપના માના થા વહ ભેદદૃષ્ટિ થી. ઉસ ભેદભાવકો છોડકર... આહાહા!

**ભેદકે અભાવકી દૃષ્ટિ**... કેવી શૈલી લીધી છે! અનાદિસે ભેદભાવકી દૃષ્ટિ થી ઉસ દૃષ્ટિકે અભાવસે, ભગવાન આત્મા એક ક્ષણમેં પૂર્ણ જ્ઞાન ને આનંદસે ભરા દ્રવ્યસ્વરૂપ હૈ ઉસમેં દૃષ્ટિ લગા, વહ અભેદદૃષ્ટિ હૈ. સમજમેં આયા? પહેલું સમજવું કઠણ પડે. આવો મોક્ષમાર્ગ કેવો? હરેક પંથમેં ઐસા હોગા? સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ઉસને જો કહા જૈનસ્વભાવી વસ્તુ, ઉસમેં

હી યે ચીજ હૈ. દૂસરે (કહીં) હૈ નહીં. ક્યોંકિ પહલે તો યે કહા કિ સુખસાગરમેં ડૂબા હુઆ હૈ, આનંદમયમૂર્તિ હૈ. એક વાત. ઉસકો જાનકર યાની પહલે જાના નહીં થા વહ બાત સિદ્ધ કી. જાનકર (અર્થાત્) જો અજ્ઞાન થા ઉસકો છોડકર જ્ઞાન હુઆ. સમજમેં આયા?

**શાશ્વત સુખકો પ્રાપ્ત કરતે હૈં**. વે પ્રાણી સ્વભાવકી દૃષ્ટિ ઔર સ્વભાવકી લીનતા દ્વારા પરમ સૌખ્ય–શાશ્વત આનંદ, આત્માકી પર્યાય(મેં) મુક્તિકો પ્રાપ્ત કરતે હૈં. કિતની બાત સિદ્ધ કી! સમજમેં આયા? પર્યાયમેં પહલે અજ્ઞાન થા ઉસકો છોડકર સ્વસન્મુખકા જ્ઞાન હુઆ. દેખો! પલટા ખાયા પર્યાયમેં. ઐસી બાત વેદાંત આદિમેં કહીં હૈ નહીં. એક સમયમેં જો અજ્ઞાન થા, આહાહા! એક સમયમેં હી દૃષ્ટિ ફેરકર વસ્તુ ત્રિકાલી આનંદમય પ્રભુ પૂર્ણ ઉસકો જાના, નયે જ્ઞાનકી ઉત્પત્તિ હુઈ, અજ્ઞાનકા નાશ હુઆ ઔર ક્રમસે શાશ્વત સુખકો પ્રાપ્ત કરતે હૈં. આહાહા!

વર્તમાન પૂર્ણ આનંદ તરફકે ઝુકાવસે આનંદ આયા, પણ અલ્પ આનંદ આયા. સમજમેં આયા? ઉસકા નામ ધર્મ. ઉસ ધર્મસે આગે બઢકર દ્રવ્યકા પૂર્ણ આશ્રય લિયા, પૂર્ણ સુખકી પ્રાપ્તિ હુઈ વહ મુક્તિ. મુક્તિ, મુક્તિકા માર્ગ, માર્ગકા આશ્રય દ્રવ્ય, આશ્રય નહીં કિયા થા તબ લગ અજ્ઞાન થા, જ્ઞાન કિયા તો પર્યાય પલટી, સમ્યગ્દર્શન-જ્ઞાન આદિકી પર્યાય દ્રવ્યકી અભેદદૃષ્ટિસે હુઈ ઔર ઉસસે ક્રમ-ક્રમમેં કેવલજ્ઞાન હુઆ. આહાહા! ઐસી બાત હૈ. સમજમેં આયા? દિગંબર સંતો સિવા યે બાત તીન કાલમેં કહીં હૈ નહીં. વસ્તુ સર્વજ્ઞ પરમેશ્વરકા પ્રવાહ.. પરમેશ્વરકા પ્રવાહિત કિયા દિગંબર સંતકા પ્રવાહ હૈ. આહાહા! વાત એટલી મોંઘી કઠણ (લાગે). અભ્યાસ નહીં ઔર ઉલટા અભ્યાસ બહોત હૈ. નિમિત્તસે હોતા હૈ, વ્યવહાર કરતે-કરતે, દયા, દાન, વ્રતાદિ કરતે-કરતે સમ્યગ્દર્શન હોતા હૈ. બડી વિપરીત માન્યતા હૈ. સમજમેં આયા?

યહાં તો સીધા ભગવાન આત્મા અનંત અમૃતસાગરમેં ડૂબા હુઆ ભગવાન આત્મા પૂર્ણ.. પૂર્ણ પડા હૈ. ઉસકો જાનકર **ભવ્યજીવ પરમગુરુ દ્વારા શાશ્વત સુખકો પ્રાપ્ત કરતે હૈં**... કેમ કે ગુરુનો ઉપદેશ જ આ હતો, એમ કહે છે. આહાહા! ઉપદેશ ભી ગુરુકા–સંતકા કૈસા હોના ચાહિયે વહ ભી લિખા હૈ ઇસમેં. સારા બાર અંગકા સારભૂત ઉપદેશ સંતોકા તો વહ થા. અંતર્મુખ દૃષ્ટિ કરકે, અભેદદૃષ્ટિ કરકે સ્થિર હો જા અંદરમેં, જિસસે તુજે શાશ્વત સુખકી–મુક્તિકી પ્રાપ્તિ હોગી, જરૂર હોગી. મુક્તિકી પર્યાય તો અંદરમેં હૈ હી. અભેદદૃષ્ટિને જહાં પૂરે દ્રવ્યકો કબ્જેમેં કિયા, બસ ઉસમેંસે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદકી પર્યાય તો પ્રગટ હુઈ, પૂર્ણ પ્રગટ હોગી હી. આહાહા!

ધર્મીકો કહીં સુખ નહીં ભાસતા—સ્વર્ગમેં, લક્ષ્મીમેં, આબરૂમેં, કીર્તિમેં. ક્યોંકિ ઉસમેં હૈ નહીં. વહ તો કલ્પના માની હૈ, ધૂલમેં સુખ હૈ ને દુઃખ હૈ. આહાહા! જુઓને! કરોડપતિ ચાલ્યા જાય છે. હૂંફમાં મરી ગયો આ પરમ દિ', નહીં? હૂંફ કેટલી? રામજીભાઈનો દીકરો...

પૂનમચંદ... છ છોકરા–છ લડકા. ત્રણ-ચાર કરોડ રૂપિયા હશે કે વધારે હશે. બધા ભેગા થયા... મોટી ઓફિસ. ભાષણ કરતો હતો. ૫૫ વર્ષની ઊંમર. ભાષણ કરતા-કરતાં એના વેપારી ભેગા થયા હશે–વેપારી ઇકઠા હુએ હોંગેં. ઓફીસ છે મુંબઈ, કામાણી ઓફિસ. એય હિંમતભાઈ! ગયા હતાને પોર? હતા તમે? મોટી ઓફિસ, બધા પગારદાર બેઠેલા મોટા-મોટા. મોટી ઓફિસ. રામજીભાઈ સાથે હતા. ગયા તો બધા ઉભા થયા. બાઈયું ને ભાઈયું મોટા પગારદાર. બબ્બે હજાર-ત્રણ હજારના પગાર.

હવે એ તો કેટલા વર્ષ થઈ ગયા? કિતને વર્ષ હો ગયે? ઓફિસ કેવડી મોટી અને કેટલી મોટી હૂંફમાં હશે. રામજીભાઈ કહે છેને કે હૂંફ કેટલી છે? આહાહા! ભગવાન! એ હૂંફે જ્યારે ભાષણ કરતો હશે. પરમ દિ' જ વાત થયેલી. આપણે આમ કરવું ને આમ કરવું જોઈએ. રગ તૂટી ગઈ. એ રગ તૂટવાની જ હતી. શું કહે છે? હેમરેજ. ૫૪ વર્ષની ઊંમર, ત્રણ-ચાર કરોડ રૂપિયા. આમ બધા ઉદ્યોગપતિઓ ભેગા થયેલા, ભાષણ કરે. મોટું લાંબુ શરીર હતું પાંચ-સાત હાથનું. ...... પડ્યા ને દેહ છૂટી ગયો. ક્યાં ભગવાન આત્મા ને ક્યાં દેહ? એને સંબંધ ક્યાં છે? આહાહા! કહો, આ બધી હૂંફ. આહાહા!

અરેરે! મનુષ્યના અવતારમાં કરવાનું કાંઈ કર્યું નહીં અને મમતાના પ્રસંગના કાળમાં દેહ છૂટી ગયો. ગજબ વાત છે! આમ કરવું ને આમ કરવું ને આ થયા ને આ થયા. આહાહા! ભગવાનનું નામનું સ્મરણ પણ નહીં. સાંભળવાનું નહીં. દુર્લભ વાત ભગવાન! મોટા બંગલા... આહા! શું કરે પણ? પ્રભુ! તેરી ચીજ તેરે પાસ હૈ. તેરા આનંદ તેરે પાસ હૈ, આનંદસે ભરા હૈ તું. (ઓર) કહીં આનંદ હૈ નહીં, ધૂલમેં ભી નહીં. આહાહા! અરે! પરમેં તો નહીં, પણ અપના શુભભાવ હો ઉસમેં ભી સુખ નહીં. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વહ તો શુભરાગ હૈ, ઉસમેં સુખ નહીં, વહ તો દુઃખ હૈ. આહાહા! વીતરાગમાર્ગ... પરમાનંદસે ભરા હુઆ તેરા તત્ત્વ હૈ. ભરા હુઆ તત્ત્વ હૈ ઔર ડૂબા હુઆ તત્ત્વ હૈ, તુજે ક્યા ગ્રહણ કરના હૈ? આહાહા! અરે! તારી નજરના આળસે નિધાન ચિદાનંદ ભગવાન દૂર રહી ગયો. સમજમેં આયા? ભગવાનજીભાઈ! આ બધા પૈસાવાળાની વાતું થઈ. મૂર્ખ... અરર!

અરે! આમ એક પડદો પડ્યો ત્યાં બીજે પડદે. અરેરે! ક્યાં અવતાર એના? આર્તધ્યાનમાં દેહ છૂટે એના ... ક્યાં? અરે! પણ એ વાતું કોણ માને? રાગની પાછળ, પર્યાયની પાછળ ભગવાન પૂર્ણાનંદ પડ્યો છે. અરે! એની નજરું વિના તારા અવતાર નહીં ટળે. સમજમેં આયા? તેરા અવતાર, નિધાન ભગવાન પરમાત્મા અપના સ્વરૂપ ઉસકી નજર બિના તુજે સંસારકા અંત નહીં આયેગા. આહાહા! જ્યાં નજર કરી ત્યાં... કેવા છે? **ભેદકી અભાવકી દૃષ્ટિસે**... આહાહા! એક સમયકી વર્તમાન ચલતી પર્યાયકી બુદ્ધિ છોડ દી અને અભેદદૃષ્ટિ (કી). અંદર ભગવાન પૂર્ણાનંદ પ્રભુ... અરે! બધી વાત જાણપણું હો, ક્રિયા હો, આદિ લાખ-કરોડ

બાત હો, પણ ઇસ ચીજકી અભેદદૃષ્ટિ કરના વહી મુખ્ય હૈ. યે જો ન કિયા તો ઉસને કુછ કિયા નહીં. ધૂળધાણી વા-પાણી.. આહાહા! સમજમેં આયા?

સાધુપણાના પંચમહાવ્રતના પરિણામ એ બધા ધૂળધમાલ છે. ઉસ પુણ્યકે પરિણામસે પાર પ્રભુ ચૈતન્યતત્ત્વ, આત્મતત્ત્વ, પરમાત્મતત્ત્વ, સહજાત્મતત્ત્વ અંદરમેં બિરાજતા હૈ. ઐસી ઉસકી દૃષ્ટિસે, ઉસકી દૃષ્ટિ કરનેસે **જો સિદ્ધિસે ઉત્પન્ન હોનેવાલે સૌખ્ય...** જો મુક્તિસે ઉત્પન્ન હુઆ સુખ ઉસકે દ્વારા વહ શુદ્ધ હૈ. ઐસે હી સુખસે ભરા હુઆ આત્મા શુદ્ધ હૈ. ઉસમેંસે મુક્તિકા સુખ પ્રાપ્ત હોગા. વ્યવહારકી ક્રિયાકાંડસે મુક્તિકા સુખ પ્રાપ્ત નહીં હોગા, એમ કહતે હૈં. સમજમેં આયા? આહાહા! અરેરે! અનંત અવતારમાં ક્યાંય નરક ને નિગોદ, એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, જળ ને સ્થળ (પૃથ્વી)... આહાહા! અસંખ્ય સમુદ્ર, અસંખ્ય દ્વીપ, અસંખ્ય દેવ, અસંખ્ય નારકી(ના ભવ), અરે! એને ઉપજવાના સ્થાન કેટલા? ઉપજીને રખડવાના, દુઃખી થવાના સ્થાન કેટલા? આહા!

અરે! એણે નજરું જ્યાં કરવી જોઈએ ત્યાં ન કરી. એક બાર તો છોડ પ્રભુ! એક સમયકી પર્યાય ને રાગ ઉપરસે રુચિ છોડ ઔર અભેદ દૃષ્ટિ કર, ભગવાન પૂર્ણાનંદ હૈ ઉસકી દૃષ્ટિ કર. એ તો કાંઈ વાત છે! સમજમેં આયા? સિદ્ધિસે ઉત્પન્ન... **શુદ્ધ હૈ ઐસે કિસી સહજ તત્ત્વ...** આહાહા! ભગવાન સહજાનંદકી મૂર્તિ પ્રભુ, આત્મા સહજાનંદકી મૂર્તિ આત્મા હૈ. આહાહા! વસ્તુ હૈ (વહ) વસ્તુકે સ્વભાવસે ખાલી નહીં હોતી. ઐસે ભગવાન આત્મા ઉસકે આનંદ ને શાંતિ ને જ્ઞાનકે સ્વભાવસે ખાલી નથી–ખાલી નહીં હૈ. આહાહા! જહાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા પડી હૈ અંદરમેં.

કેમ બેસે? એક અડદની દાળ સરખી સદડી ન થાય તો ઢીંચણીયા ઉડે. અરે! આને આવડ્યું નથી. અનાજ ધૂળધાણી કરી નાખ્યું. માગે ત્યારે અનાજ લાવીએ છીએ. આ અડદની દાળ હોં, ઉસમેં છાશ–મઠ્ઠા સરખું ન હોય..... આહાહા! એને એમ કહે કે અરે! ત્રણ લોકના નાથ.... તું ક્યાં કોનો તિરસ્કાર કરવા ગયો? ભાઈ! તારો તિરસ્કાર થઈ જાય છે નાથ! તારામાં આનંદ છે એનો તિરસ્કાર થઈ જાય છે. આહાહા! અરે! એ તો ઠીક, પણ અનુકૂળ સામગ્રીનો જ્યાં આદર કરવા જાય છે ત્યાં પ્રભુનો અનાદર થઈ જાય છે. આહાહા!

બહારની કોઈપણ ચીજની અનુકૂળતા એ તો જ્ઞેય તરીકે ચીજ છે. આ મને ઠીક છે એમ જ્યાં આદર કરવા જાય છે, વહાં ભગવાન પરમાનંદની મૂર્તિકા અનાદર–તિરસ્કાર હો જાતા હૈ. આહાહા! **ઐસે કિસી** સહજ આત્મતત્ત્વ પ્રભુ **(અદ્દ્ભૂત) સહજ તત્ત્વકો મૈં...** મુનિરાજ કહતે હૈં, મૈં કહતા હૂં કિ મૈં ભી ભાતા હૂં. આહાહા! **મૈં ભી સદા અતિ-અપૂર્વ રીતિસે...** દેખો! માર્ગ. **અતિ અપૂર્વ રીતિસે...** અનંત કાલમેં નહીં કિયા ઐસા નિશ્ચય મોક્ષમાર્ગકા સદ્ભાવ, અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અપૂર્વ રીતિસે **અત્યંત ભાતા હૂં.** એ (શ્લોક) પૂરો થયો. મારા

ભગવાનને હું અપૂર્વ રીતથી ભાવના કરું છું. પૂર્વમેં નહીં કિયા ઐસી રીતિસે કરતા હૂં. આહાહા! સમજમેં આયા? લ્યો, આ દિગંબર સંત છે, વનવાસી છે. મુનિયોં તો વનવાસમેં હી રહતે થે. અંતરમેં આનંદકા ઝરણા ઝરતા હૈ તબ વે સાધુ હોતે હૈં. આહાહા!

તો કહતે હૈં, મેરા આનંદસ્વરૂપ ભગવાન સહજ તત્ત્વ મૈં અતિ અપૂર્વ રીતિસે ભાતા હૂં. આહાહા! મેરા પૂર્ણ આનંદસ્વભાવ આત્મતત્ત્વકો અનંત કાલમેં નહીં કી ઐસી દૃષ્ટિસે, ઐસે જ્ઞાનસે ને ઉસકી રમણતાસે મૈં આત્માકી ભાવના કરતા હૂં. વ્યવહાર-ફ્યવહાર વિકલ્પ મેરેમેં હૈ નહીં. આહાહા! સમજમેં આયા? ભાઈ! યે તો સર્વજ્ઞકા માર્ગ હૈ. સર્વજ્ઞ એટલે શું? ઓહોહો! જિસકી એક સમયકી પર્યાયમેં તીન કાલ–આદિ-અંત બિનાકા (કાલ, એવા) કાળના અંત આવી ગયા જ્ઞાનમાં. અરે પ્રભુ! જે કાળની આદિ નહીં, જે કાળનો અંત નહીં. ઉસકા જ્ઞાન એક સમયમેં... સમજમેં આયા? ભાઈ! એ કોઈ વાત નથી. એ સ્વભાવનું સામર્થ્ય જ એટલું–ઇતના હૈ. આહાહા!

આદિ-અંત વિનાનું દ્રવ્ય, આદિ-અંત વિનાનું ક્ષેત્ર, આદિ-અંત વિનાનો કાળ, આદિ-અંત વિનાના ભાવ, આહાહા! એક સમયમાં એ જેને જણાઈ ગયા, એવી એની એક સમયની પર્યાય પ્રગટ થઈ, એનું એટલું સામર્થ્ય છે કે ત્રણ કાળને ગુમ કરી નાખે છે. આહાહા! એક સમયની પર્યાયમાં તો ત્રણ કાળ ડૂબી જાય છે. આહાહા! ભાઈ! તેરી જ્ઞાનકી પર્યાયકા ઇતના સામર્થ્ય હૈ. વહ પર્યાય પ્રગટ કરનેમેં કારણ તેરા સહજાનંદતત્ત્વ હૈ, ઉસકી ભાવના વહ પ્રગટ કરનેકી ભાવના હૈ. આહાહા! સમજમેં આયા?

**અદ્ભૂત સહજ તત્ત્વ**... ભાષા તો એમ છે. આહાહા! કોઈ અદ્ભૂત તત્ત્વ... કભી દૃષ્ટિમેં લિયા નહીં, કભી જ્ઞાનમેં જ્ઞેય કિયા નહીં, જ્ઞેય બનાકર જ્ઞાન કિયા નહીં, ઉસ સ્વરૂપમેં કભી ઠરા નહીં. ઐસી અદ્ભૂત ચીજકો મૈં ભી... અનંત ધર્માત્મા તો એ રૂપ કરીને મુક્તિને પામ્યા. મૈં ભી ઉસમેં આતા હૂં. **સદા**... આહાહા! એક સમયનો અંતર પડ્યા વિના, મેરી નિધિ પર મેરી દૃષ્ટિ પડી હૈ, ઉસ તરફકી મેરી ભાવના નિરંતર ચલતી હૈ. બાબુલાલજી! આહાહા! અરે! ક્યા કિયા અભી તક? માંસના ચૂંથણા, પેસાબના ચૂંથણા. અરે! લાડવા ને દાળ-ભાત ને મોસંબી જડના ચૂંથણા. આહાહા!

મૈં તો... કહે છે કે મારો આત્મા ભાવનામાં લીધો છે, ઉસકી મૈં ભાવના કરતા હૂં. બાકી સબ ભાવના છોડ દેતા હૂં. સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિકી ભાવના... રાગ-દ્વેષકી વૃદ્ધિ હો, બાહ્ય ચીજમેં સુખ હૈ ઐસી બુદ્ધિકા હી નાશ હો ગયા હૈ. દો હજારકા પગાર થા વહ પાંચ હજારકા હુઆ, પાંચ હજારકા થા વહ દસ હજારકા હુઆ. ખુશીકા અવસર હૈ. ના,ના. ભાઈ! જૂઠું માન્યું હોં. ખુશી તો, મેરે આનંદસ્વરૂપમેં ઘૂસના, અંદર એકાગ્ર (હોના) વહ મેરી ખુશીકા અવસર હૈ.

**સદા** અપૂર્વ નહીં, પણ **અતિ અપૂર્વ રીતિસે**... અર્થાત્ પૂર્વમેં કભી પર્યાય ઐસી નહીં કી થી. આહાહા!

**અત્યંત ભાતા હૂં.** પાછું એ ભાષા જુઓ! ઓહોહો! અપૂર્વ રીતિસે અત્યંત.. અત્યંત ભાતા હૂં. મૈં તો અંદર ભગવાનમેં લીન હો ગયા હૂં. મૈં ઔર મેરી પર્યાય ભિન્ન રહી નહીં. સમજમેં આયા? અમૃતસાગરમેં ડૂબે હુએ આત્મામેં ગોતા મારકર મૈં તો પડા હૂં, કહતે હૈં. સમજમેં આયા? આ વાત ભાષા નથી હોં, વસ્તુ ઐસી ચીજ હૈ. અરે! કેમ વિશ્વાસમાં આવે? અરે! એ ચીજ કેમ ભરોસે થાતી નથી? દૂસરેકા ભરોસા હૈ તો ઇસકા ભરોસા આતા નહીં. સમજમેં આયા? ૧૫૭ હુઆ. ૧૫૮.

**निर्मुक्तसंगनिकरं परमात्मतत्त्वं**
**निर्मोहरूपमनघं परभावमुक्तम्।**
**संभावयाम्यहमिदं प्रणमामि नित्यं**
**निर्वाणयोषिदतनूद्भवसंमदाय ॥१५८॥**

अतनूद्भवसंमदाय... આહાહા! આવા હલકા પંચમકાળમાં આવું હોતું હશે? ભગવાન! પંચમકાલ કહાં રહા? તેરેમેં કાલ હી નહીં, ...નહીં. આહાહા! જબ દૃષ્ટિ કર તબ ભગવાન પડા હી હૈ, ઐસા હૈ. કોઈ કાલ-બાલ ઉસકો નડતા નહીં. આહાહા! લોકોએ કંઈક-કંઈક રીતે અટકવાના બહાના કાઢ્યા. કાલ ઐસા હૈ, ફલાણા ઐસા હૈ, ઢીંકણા ઐસા હૈ. પંચમ કાલ... સંહનનકી મંદતા હૈ. અરે! સુન તો સહી પ્રભુ! તેરી પૂર્ણતામેં કિસીકી અપેક્ષા લેના ઐસી ચીજ હી હૈ નહીં. સમજમેં આયા? ગિરધરભાઈ! આહાહા! ભાઈ! આજીવિકાની સામગ્રી થોડીક થઈ જાય, છોકરાઓ ...., કન્યા-બન્યા ઠેકાણે પડે, તો પછી નિરાંતે ધર્મ થાય. આહાહા!

અરે! ક્ષણમાં જાય છે. આહાહા! એ દેખાવ હોય તે વખતે, આ ઉદ્યોગપતિઓ બેઠા હોય... આહાહા! બધાના .... ગયા એવું થઈ ગયું. આહાહા! એ.. મોટો પંજાદાર પાંચ-સાડા પાંચ હાથ લાંબો..... રામજીભાઈનો દીકરો. ઓફિસ જોઈ હતી ઓફિસ મોટી. એમાં ભાષણ કરતો હશે. મોટો ગૃહસ્થ ખરોને, બધા ઉદ્યોગપતિ ભેગા થયા હતા. ભાષણ કરતો હતો. કોણ ભાષણ કરે? પ્રભુ! ભાષણ કોના, શરીર કોના, વાણી કોની? શું તું કરે છે, શું છે આ? મોહનભાઈ! આહાહા! તેરેમેં રાગકી ગંધ નહીં ને આનંદકી અપૂર્ણતા નહીં. ભગવાન! તું ઐસા હૈ કિ તેરેમેં વિકારકી ગંધ નહીં અને આનંદકી અપૂર્ણતા નહીં. ઐસે તેરે સ્વતત્ત્વકી ખબર નહીં. સમજમેં આયા?

ઐસી દૃષ્ટિમેં... કહતે હૈં, **શ્લોકાર્થ : સર્વ સંગસે નિર્મુક્ત...** દેખો! ભગવાન તો રાગાદિ સર્વ સંગસે વિમુક્ત હી હૈ. ભગવાન ચૈતન્યતત્ત્વ પ્રભુ ઉસકો રાગકા સંગ નહીં. આહાહા! બાયડી-છોકરાનો સંગ તો ક્યાં રહી ગયો, ક્યાંય ધૂળધાણી. આહાહા! આમ પડ્યું હોય મડદું,

અરરર! શું થયું આ? નરભેરામભાઈનો દીકરો હેઠે મરી ગયો ને બાપુ ઉપર બેઠા. આ એનો જ ભાઈ નાનો, કાકાનો દીકરો લ્યો. એની પાસે ૩૦-૪૦ લાખ રૂપિયા હશે અત્યારે. જમશેદપુર. નીચે પોતે મરી ગયો ધરમચંદ, એના બાપ ઉપર સૂતા હતા. હજી સૂતા હતા એથી ખબર ન પડી, મરી ગયા પછી આવ્યા. એક ક્ષણમાં ફૂ. એકકોર એ મરી ગયો એનો મોટો, એકકોર આ મરી ગયો. બેયના મોટા (દીકરા). આહાહા! અરે! આવી વાતું સાંભળીને તને વૈરાગ્ય નથી આવતો? કહે છે. શું છે આ? આ સંસારની માયાજાળ, ક્યાં શીંગડા માર્યા તેં આમાં? આહાહા! ભરાઈ ગયો ભાઈ!

તું પરસંગથી રહિત છો હોં. '**સર્વ સંગસે નિર્મુક્ત**' કહા ન? આહાહા! ભગવાન આત્મા તો રાગકે સંગ બિનાકી અસંગ ચીજ પડી હૈ અંદર. સમજમેં આયા? **નિર્મોહરૂપ...** ઉસમેં થોડા ભી મોહ હૈ હી નહીં. પર તરફકી સાવધાનીકી ગંધ નહીં ઉસમેં. સ્વ તરફકી સાવધાની હોનેકી શક્તિ–લાયકાત હૈ. સમજમેં આયા? નિર્મોહરૂપ છો. ભગવાન! તેરા સ્વરૂપ નિર્મોહરૂપ હૈ. મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષકે ભાવસે રહિત પ્રભુ! તેરી ચીજ હૈ. ઉસકો યહાં 'ભગવાન આત્મા' કહતે હૈં. આહાહા! **અનઘ** હૈ. પુણ્ય-પાપકે અઘસે રહિત હૈ. સમજમેં આયા?

**ઔર પરભાવસે મુક્ત...** વિશેષ સ્પષ્ટ કિયા. પરભાવ નામ પુણ્ય ને પાપકા ભાવ જો વિકલ્પ ને રાગ હૈ વહ તો આસ્રવતત્ત્વ હૈ. ભગવાન ઉસસે ભિન્ન હૈ. આહાહા! કેમ બેસે? રાંકને રતન હાથમાં આવતા કાંચના કટકા જેવી કિંમતું કરી એણે. આહાહા! એને કાને પડી વાત. તું આવો છો ભાઈ! તેરી ચીજ યે હૈ. રાંકને કાને ચૈતન્યરત્ન પરમાત્માની વાત સાંભળી જાય નહીં હોં. માળે પણ કાઢી નાખી. મોટા તો એવી જ વાતું કરેને. આહાહા! પણ એ તું છો ભગવાન! તારી વાત–તેરી બાત હોતી હૈ. આહાહા!

**પરભાવસે મુક્ત ઐસે ઇસ પરમાત્મતત્ત્વકો મૈં...** ઐસે પરમાત્મતત્ત્વકો મૈં **નિર્વાણરૂપી સ્રીસે ઉત્પન્ન હોનેવાલે અનંગ સુખકે લિયે...** મોક્ષરૂપી સ્રીથી ઉત્પન્ન અનંગ સુખ—શરીર બિનાકા સુખ... અનંગ સુખ–શરીર બિનાકા સુખ, સચ્ચા સુખ, આનંદ–સુખ... ઐસી મુક્તિકે લિયે મૈં **નિત્ય સંભાતા હૂં...** ઓહોહો! **(–સમ્યક્ રૂપસે ભાતા હૂં)...** સમજમેં આયા? અરે! આ દુનિયા માન ને અપમાન... અમને મોટો કહે છે, મને મોટો માને, નાનો માને, આને મોટો માને–બડા માનતે હૈં, મેરેકો છોટા માનતે હૈં. અરેરે! આ ક્યાં સલવાઈ ગયો? ઓલાને મોટો–બડા કહે, મેરેસે તો છોટા હૈ. આહાહા! છોટે-બડેકી કલ્પના ચીજમેં નહીં હૈ. આહાહા! ઐસા ભગવાન આત્મા અંદર ઉસકી મૈં ભાવના ભાતા હૂં. આહાહા!

**ઔર પ્રણામ**–નમન **કરતા હૂં.** દો બાત હૈ. **संभावयाम्यहमिदं प्रणमामि नित्यं...** ત્રીજું પદ પહેલું. ઓહો! મેરા પ્રભુ પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનસે ભરા ઉસ તરફકી મેરી ભાવના હૈ ઔર ઉસકો હી મૈં નમતા હૂં હોં. મૈં દૂસરેકો નહીં નમુંગા. આહાહા! રાગમેં ને એક સમયકી

પર્યાયકે આદરમેં નહીં આઉંગા, એમ કહતે હૈં. એ જેઠાભાઈ! આહાહા! અરેરે! એવી વાતુંય સાંભળી નહીં હોય. ગિરધરભાઈ! બસ! આ બધા મોટા શેઠીયા કહેવાયને, કાર્યવાહક... આહાહા! મારી નાખ્યા જગતને. આહાહા! બડેમેં બડા પ્રભુ અંદર બિરાજતા હૈ ઉસકી તો બાત સુનને મિલે નહીં. આહાહા! મળી તો, કોઈકનો આત્મા એવો હશે, એમ કહેતા લાગે છે. મેરા આત્મા મૈં ઐસા હી હૂં. આહાહા! એમ કહતે હૈં. મૈં ભાતા હૂં. સમજમેં આયા? ઔર મૈં નમન કરતા હૂં. મૈં રાગકો આદર નહીં (કરતા), પર્યાયકા આદર નહીં (કરતા), મુજે તો પૂર્ણ સ્વભાવકા હી આદર હૈ. આહાહા!

યે તો મુક્તિકે મહેલમેં જાનેકી ચીજકી બાત હૈ. ધૂળના મહેલ કરે પાંચ-પચ્ચીસ લાખના, વાસ્તુ કરે, ધમાલ કરે. આહાહા! મોટા રાજાને, અમલદારને, કુટુંબીઓને, મિત્રોને બોલાવે, દસ-પચ્ચીસ હજાર ખરચી નાખે. ... શું બે-ચાર-દસ લાખનું મકાન હોય એમાં? પચ્ચીસ હજાર ખરચે, રાજાને બોલાવે. જેના પેટમાં માંસ પડ્યા હોય એને બોલાવે. એમ જાણે ઓહો.. આજ તો રાજા આવ્યા.

ત્યાં એના કુટુંબી આવ્યા હતા લીંબડીમાં. ખબર કાઢવા, કેવું કહેવાય? .... મકાન કર્યા હતાને મણિયારે. હા, કર્યા છે..... દાદભા દરબારને લઈ ગયા હતા. ખબર છેને? આ ૮૧ના પહેલાંની વાત છે. બધી ખબર છેને. આહાહા! દરબાર સાહેબને આજ બોલાવ્યા છે અને વાસ્તુમાં દરબાર પહેલા આવ્યા હતા. શું છે પણ હવે? દરબાર એટલે શું? પેટમાં માછલી પડી હશે. ખાઈને સવારમાં આવ્યો હશે. એવો દરબાર તારે ઘરે આવ્યો એમાં પ્રશંસા શી આવે છે? એ મોહનભાઈ! મારે તો ઘરે દરબારસાહેબ પધાર્યા હતા અને ચા-પાણી અહીં પાયા હતા. ઘરેથી પીધા વિના આવ્યા હતા. આ તો વાસ્તુ હતું ઘરનું અને અમારા ઉપર એને પ્રેમ છે. અમારા ઉપર પ્રેમ છે બહુ. સવારમાં આવ્યા હતા. સાટા, દૂધ ને ઉકાળા ને ઉકાળા. અરેરે! તને આત્મામાં વાસ્તુ કરવાની હોંશ નહીં અને આ બધી હોંશું તને લૂંટી જાય. આહાહા!

અહીં તો કહે છે, મૈં મેરે આત્મામેં વાસ્તુ કરતા હૂં ઔર નમન કરતા હૂં. મૈં ઉસકો હી નમન કરતા હૂં, દૂસરેકો માનતા હી નહીં મૈં. આહાહા! ભગવાનજીભાઈ! આવી વાત છે આફ્રિકામાં ત્યાં? હોળી છે બધી ત્યાં. પૈસા થયા, કરોડ થયા, બે કરોડ થયા. ધૂળેય થયા નથી. ક્યાંય મરીને ઢોરમાં જાશે. બીજું શું છે? લક્ષ્મીની મમતાવાળા તિર્યંચ થવાના. એય! આહાહા! ....અનંતે કાળે માણસ.... ભાઈ! તને ........ બાપુ! આહાહા! આવા કાળ આવ્યા, ઐસે કાલમેં નહીં કરેગા તો કભી કરેગા તું? આહાહા! ૧૫૮ હુઆ. ૧૫૯.

**त्यक्त्वा विभावमखिलं निजभावभिन्नं**
**चिन्मात्रमेकममलं परिभावयामि ।**
**संसारसागरसमुत्तरणाय नित्यं**
**निर्मुक्तिमार्गमपि नौम्यविभेदमुक्तम् ॥१५९॥**

**શ્લોકાર્થ : નિજ ભાવસે ભિન્ન ઐસે સકલ વિભાવકો છોડકર...** ઓહોહો! નિયમસાર તે નિયમસાર છેને! નિયમ નક્કી કરી નાખ્યો છે કે આત્મા આવો, મુક્તિમાર્ગ આવો, મોક્ષ આવો છે. નિશ્ચય હો ગયા સબ. સમજમેં આયા? **નિજ ભાવસે ભિન્ન** જિતના સકલ વિભાવ હૈ... નિજભાવ તો આનંદ, જ્ઞાન સ્વરૂપ ભગવાનકા ભાવ હૈ. ઉસસે ભિન્ન જિતના પુણ્ય-પાપ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધકા ભાવ હૈ, સબ ભિન્ન હૈ, સબ વિભાવ હૈ. આહાહા! **સકલ વિભાવકો છોડકર...** મૈં સકલ વિભાવકા આદર નહીં કરતા, મૈં તો ઉસકો છોડ દેતા હૂં. આહાહા! પુણ્ય વિભાવ.... પવિત્રતા, પુણ્યકા અર્થ પવિત્રતા હોતા હૈ. લો! એવો અર્થ કરે છે. પુણ્યનો અર્થ પવિત્રતા. પણ કઈ પવિત્રતા? સુન તો સહી! આ શુભ તરીકે વ્યવહાર પવિત્રતા કહે છે. નિશ્ચયસે કહો તો આત્માકી પવિત્રતા વહ પુણ્ય હૈ. સમજમેં આયા? **એક નિર્મલ ચિન્માત્રકો મૈં ભાતા હૂં.**

**નિજભાવસે ભિન્ન ઐસે સકલ વિભાવકો છોડકર એક નિર્મલ ચિન્માત્ર...** જ્ઞાનસ્વરૂપ... ચૈતન્યપ્રકાશનું રૂપ એકલો પ્રભુ, ચૈતન્ય પ્રકાશરૂપ ઐસા મૈં, 'ભાતા હૂં' એ વળી પર્યાય. ચિન્માત્ર ત્રિકાલી હુઆ. સમજમેં આયા? ત્રિકાલ ચિન્માત્ર ભગવાન જ્ઞાનકી મૂર્તિ પ્રભુ ઉસકો મૈં ભાતા હૂં, ઉસમેં એકાગ્ર હોતા હૂં, ઉસકી મુજે ભાવના હૈ. દૂસરી મુજે ભાવના હૈ નહીં. આહાહા! ધર્મીકી યે બાત હૈ. **સંસારસાગરકો તર જાનેકે લિયે...** અરે! દરિયામાં પડ્યા હોય પ્રાણી, એને આમ કાંઠો દેખાય નહીં. આમ તરતો-તરતો કાંઠો ઝટ હાથ આવે. મધ્યમાં પડ્યો હોય ત્યારે તો એમ થાય કે અરર! ક્યાં હશે? કાંઠો દેખ્યો? અહીં છે હવે.

નીચે મગરમચ્છ ટાંગો પકડે. ....હું તો છોડાવીને કાંઠે ચાલ્યો જાઈશ. ..... ટાંગો પકડ્યો, થઈ રહ્યું, અહીં તો કહે, પકડનાર કોઈ છે નહીં. મૈં તો સંસારસાગરકે કિનારે આ ગયા હૂં. આહાહા! સમજમેં આયા? **સંસારસાગરકો તર જાનેકે લિયે...** આહાહા! દિગંબરો સંતોની કથની તો દેખો! એકવાર તો ઉછાળી નાખે–ઉભો કરી નાખે. આહાહા! ક્યાં પડ્યો છો તું? કહાં હો તુમ? તેરી ચીજ કહાં હૈ? આહાહા! **સંસારસાગરકો તર જાનેકે લિયે...** ઓહો! ચોરાશીના અવતાર એકેન્દ્રિય, નિગોદ, ઇયળું, કીડા, વાઘ, નાગ ઐસા સંસારસાગરકા ભવ, ભાવ—ઉસસે તિરનેકે લિયે મૈં તૈયાર હો ગયા હૂં. (મોક્ષમેં) રહનેકે લિયે (સંસાર) છોડ દિયા.

**અભેદ કહે હુએ...** મૈં તો અભેદ મોક્ષમાર્ગમેં આ ગયા હૂં. વ્યવહાર મોક્ષમાર્ગ વહ મોક્ષમાર્ગ નહીં. **(–જિસે જિનેન્દ્રોંને ભેદ રહિત કહા હૈ ઐસે)...** જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ તીર્થંકર જિસને અભેદમાર્ગ કહા હૈ. પૂર્ણાનંદકે નાથકી અભેદ દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્ર યે નિશ્ચય અભેદ... નિશ્ચય અભેદ.. આહાહા! ઉસ **મુક્તિકે માર્ગકો...** યે મુક્તિકા માર્ગ હૈ. વ્યવહાર-ફ્યવહાર બીચમેં આતા હૈ વહ મુક્તિકા માર્ગ નહીં. આમાંય તકરાર. બે મોક્ષના માર્ગ

કહ્યા છે, પંચાસ્તિકાયમાં આમ કહ્યું છે, ધર્માસ્તિ આદિની શ્રદ્ધા વ્યવહાર સમકિત છે, વ્યવહાર મોક્ષમાર્ગ ધ્યાવે છે.....

અરે ભાઈ! એ પ્રકારનો રાગ એ ભૂમિકામાં હોય એનું જ્ઞાન કરાવ્યું છે. ત્યારે ઓલો કહે, જ્ઞાન કરાયા ઐસા કહાં લિખા હૈ? ઓલામાં ખાણિયાચર્ચામાં છે. પોતે જવાબ દીધો. એ તો જ્ઞાન કરાવવા...... એય! આવા વાદ ને વિવાદમાં અટકવું એ પોતાનું કામ કરવામાં ડખલ છે. પણ એને સમજાવવું, એ ઠીક પડે તો હા પાડે, ન (ઠીક) પડે તો ના પણ પાડે. વળી ના પાડે તો.... ભાઈ! માર્ગ આવો છે. અરર! વાદ-વિવાદ કોની સાથે?

'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' આહાહા! આવો જ્યાં માર્ગ છે એમાં વાદવિવાદને સ્થાન ક્યાં છે? જુઓને! પૂર્ણાનંદકે સાગરમેં ડૂબા ભગવાન (આત્મા) ઉસકી અભેદ દૃષ્ટિ કરના, અભેદ ચીજકી દૃષ્ટિ કરના, અભેદકા જ્ઞાન ને અભેદકા ચારિત્ર—વહ અભેદ મોક્ષમાર્ગ હૈ. કહો, સમજમેં આયા? **જિસે જિનેન્દ્રોંને**... ઓહોહો! અનંત જિનેન્દ્રોંને... અનંત જિનેન્દ્રોંને... ભૂત, વર્તમાન, ભવિષ્ય અનંત જિનેન્દ્રોંને... કેટલી દૃષ્ટિ એની લાંબી થઈ જાય છે. અનંત જિનેન્દ્રોંને **મુક્તિકે માર્ગકો ભી...** ઐસે અભેદ (માર્ગ)કો કહા, ઉસકો **મૈં નિત્ય નમન કરતા હૂં.** આહાહા! મેરા નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન ને નિર્વિકલ્પ ચારિત્ર વહ મોક્ષકા માર્ગ હૈ ઉસકો મૈં નમન, ઉસકા મૈં આદર કરતા હૂં. સમજમેં આયા? એક-એક કળશમાં સંસારથી પાર (અને) મોક્ષને નગરે પહોંચી વળવાની તૈયારી. આહાહા! વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો સુદ ૮, રવિવાર, તા. ૧૫-૧૦-૧૯૭૨
## ગાથા-૧૧૦, પ્રવચન નં. ૧૨૧

નિયમસાર, પરમ આલોચના અધિકાર, ૧૧૦ ગાથા છે. એમાં આ આલુંછનનો અધિકાર છે. (આલુંછન એટલે) મૂળમાંથી ઉખેડી નાખવો આખો સંસાર. આલુંછન છેને. પરમભાવસ્વભાવ એવી ચીજ છે અંદર કે જેમાં આલુંછન જ છે. જેમાં સંસાર ને સંસારનો ભાવ એનો ત્રિકાળ અભાવ છે. એવા ભાવનો આશ્રય કરતાં જે પરિણામ થાય એ વર્તમાન આલુંછનના ભાવ કહેવાય. અને એ ત્રિકાળીભાવ ત્રિકાળ આલુંછનસ્વરૂપ જ છે. સમજાય છે કાંઈ? ગાથા ઊંચી છે. .... કીધું, શું છે આ? ગાથા ઊંચી છે કેટલી! અહીં બેઠો છે મોઢા આગળ. ગાથા આવી છે.... છે.

**कम्ममहीरुहमूलच्छेदसमत्थो सकीयपरिणामो ।**
**साहीणो समभावो आलुंछणमिदि समुद्दिट्ठं ॥ ११० ॥**
**છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,**
**સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦.**

આમ તો વર્તમાન પરિણામ આ છે, પણ પાછા મુનિરાજે.... સ્વકીય પરિણામ..., આત્મા પરમાનંદમૂર્તિ પ્રભુ એનો આશ્રય થઈને સ્વકીય–પોતાના જે નિર્દોષ વીતરાગી પરિણામ થાય એ આલુંછન (અર્થાત્) સર્વ દોષને નાશ કરનારા એ પરિણામ છે. એ પરિણામમાં સમભાવ છે. એ સમભાવ એનું મૂળ કારણ અહીંયા તો ..... વર્ણવ્યું છે. આહાહા!

**ટીકા : આ, પરમભાવના સ્વરૂપનું કથન છે. 'सकीय'** શબ્દ મૂક્યો છેને સ્વકીય પરિણામ, એમાંથી પારિણામિકભાવ કાઢ્યો. ત્રિકાળી ધ્રુવ પરમભાવસ્વભાવ, એની આગળ વર્તમાન ચાર ભાવ પણ અપરમભાવ, વિભાવભાવ છે. ત્રિકાળ પરમસ્વભાવ ધ્રુવભાવ એ સ્વભાવભાવ, એ ભાવ, એ પરમભાવ. એની આગળ ક્ષાયોપશમ, ક્ષાયિક, ઔપશમ આદિ ભાવ પણ અપરમભાવ છે. એ ચાર ભાવ પર્યાયના ભાવ છે. આ વસ્તુસ્વરૂપ ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ.. એકરૂપ રસકંદ, ઉપશમસ્વભાવનો રસકંદ પરમપારિણામિકભાવ, અકષાયસ્વભાવ-ભાવ, વીતરાગભાવ ત્રિકાળ—એ પરમભાવ એના મુખ્ય સ્વરૂપનું કથન છે.

**ભવ્યને...** આહા! લાયક જીવને પરમપારિણામિકભાવ દૃષ્ટિમાં આવે છે કહે છે. સમજાણું કાંઈ? **ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે...** એક તો પારિણામિકભાવરૂપ સ્વભાવ... ત્રિકાળી ભગવાન સ્વભાવભાવ, જેનો ત્રિકાળી એકરૂપભાવ, ભવ્યને એવો સ્વભાવ હોવાને લીધે એને પરમસ્વભાવ છે. આહાહા! કેમકે જેને પ્રગટ થાય છે

પર્યાયમાં, એને પરમસ્વભાવ દૃષ્ટિમાં આવે છે એમ કહે છે. વસ્તુ તો છે. આહાહા! વસ્તુ તો ધ્રુવ પરમસ્વભાવભાવ છે, પણ ભવ્યને માટે પરમસ્વભાવ છે કહે છે. સમજાણું કાંઈ? કેમકે એ સ્વભાવસન્મુખ થઈને નિર્મળ નિર્દોષ વીતરાગી પરિણામ જેણે પ્રગટ કર્યા એવા ભવ્યને એ પરમસ્વભાવ છે. ..... રવિવાર છે. સાચી વાત છે. શાંતિભાઈ!

બીજી તારી વાત એકકાર, પણ અંતર પર્યાયમાં જે ભાવ છેને એની વાત પણ એકકોર છોડી દે. આહાહા! એ આશ્રય કરવાલાયક નથી. જેના આશ્રય કર્યે પરમ આનંદના સમભાવ પરિણામ પ્રગટ થાય, એવો જે ભાવ એને અહીંયા પરમભાવ કહે છે. સમજાણું કાંઈ? ભારે જાત. વસ્તુ છેને. વસ્તુ છે તો એનો કાયમી સ્વભાવ પણ છેને. એક સમયની પર્યાય એ તો અંશ છે. સંસાર, મોક્ષમાર્ગ, મોક્ષ એ બધી પર્યાયો છે. 'હું પરમપારિણામિકભાવ છું', જેમાં દૃષ્ટિ દીધે આનંદના ઝરણાનો સ્વાદ આવે એવા ભાવને અહીંયા પરમભાવસ્વભાવ કહે છે. પરમ-ભાવ-સ્વભાવ... સમજાણું કાંઈ? પરમભાવ, પારિણામિકભાવરૂપ સ્વભાવ. આહાહા! ડોક્ટર! લ્યો આ ગાથા આવી....

આલુંછન.. આ દવાનું આલુંછન કર્યું. .... હતાને... આહાહા! શરીર, વાણી, મન એ તો બધા ક્યાંય પરદ્રવ્યરૂપે રહ્યા. એ તો પરદ્રવ્યરૂપ થઈને રહ્યા છે. પણ તારી પર્યાયમાં અવસ્થા થઈને રહ્યા રાગાદિ ભાવ, અરે! ધર્મની પર્યાય પ્રગટ થઈ, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક આદિ ભાવ (કે) ઉદીરણા જે થઈ ઉપશમની—એ ભાવની પાસે પરમભાવની કિંમત છે એમ કહે છે. સમજાણું કાંઈ? વ્યવહાર રત્નત્રયના રાગની પણ કાંઈ કિંમત નહીં? પણ અહીંયા ઔપશિમક, ક્ષાયોપશમ ને ક્ષાયિક ભાવ થાય, એક સમયની અવસ્થા, એક સમયની પર્યાયનું પરિણમન... વસ્તુ ત્રિકાળ ધ્રુવ.. ત્રિકાળ ધ્રુવ. ત્રિકાળ એકરૂપ રહેનારો પરમપારિણામિક-સ્વભાવભાવ ભવ્યને હોય છે એમ કહે છે. ત્યારે બીજાને નથી? છે, પણ પ્રગટ ન થાય, એનો આશ્રય ન લે એને શું છે...... એ કહેશે નીચે. આહાહા!

એક સમયની કેવળજ્ઞાનની-ક્ષાયિકજ્ઞાનની પર્યાય, અનંત ચતુષ્ટય કેવળજ્ઞાન, કેવળદર્શન, પરમ આનંદ, પરમ વીર્ય, પરમ વિરતિ—એવી જે પૂર્ણ પર્યાય જે નાશ ન થાય, નાશ ન થાય એટલે? બીજી રીતે એમાં રાગ થઈ જાય કે ઉપશમ થઈ જાય એમ નથી. એ સમયની પર્યાય પણ ખરેખર તો એક સમય પૂરતી છે. એથી એ પણ પરમભાવ નહીં. આહાહા! અસ્તિ.. અસ્તિ-સત્તા તરીકે-હોવાપણાપણે ભગવાન આત્માનો જે ભાવ હોય, હોવાપણાપણે હોય એ પરમભાવસ્વભાવ છે. સમજાણું કાંઈ? કેમકે પરમભાવસ્વભાવપણે હોવાપણે એ વસ્તુ છે. (એક) સમયની પર્યાય હોવાપણે નહીં, એ તો નાશવાન છે. આહાહા! સમજાણું કાંઈ?

**ભવ્યને**... આહાહા! જેને એ ભાવ દૃષ્ટિમાં આવે છે એને એ પરમપારિણામિક સ્વભાવભાવ છે એમ કહે છે. અમરચંદભાઈ! આહાહા! કહો, ..લાલજી! આવો માળો જૈનધર્મ હશે? કાલ ઓલા બિચારા સાંભળવા આવ્યા હતા મારવાડી. આમાં કંઈ ક્રિયાકાંડની તો વાત કરતા નથી. ક્રિયાકાંડ તો ઉડાવી દીધા. લાગે હોં બિચારાને લાગે. .... પણ તારો ક્ષાયિકભાવ ધર્મરૂપ પરિણમ્યો, (દ્રવ્યની) પાસે એ પોતે અપરમભાવ, વસ્તુ ત્રિકાળી તે પરમભાવ. જેના ભાવની અંદર ગંભીર શક્તિઓનું સામર્થ્ય છે, જે ભાવમાં એક-એક શક્તિ અને ગુણ જે પરમભાવપણે રહ્યા છે, એક-એક ગુણનું અનંત-અનંત સામર્થ્ય એમને એમ સદૃશપણે રહેતું એવા અસ્તિત્વનો જેને સ્વીકાર થાય છે, એને પંચમ પારિણામિકસ્વભાવભાવ છે. આહાહા! અંતર્મુખ થઈને એના જ્ઞાનમાં એ જણાય છે ત્યારે એને એ છે.

**ભવ્યને**... આહાહા! **પારિણામિકભાવરૂપ**... પારિણામિક એમ કહ્યું હોં, પરિણામિક એમ નથી કહ્યું. **પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે પરમસ્વભાવ છે**. ભવ્ય જીવને પરમસ્વભાવ છે કહે છે. આ બધા ધૂળ ને ધમાલ, પૈસા ને આબરૂ ક્યાંય રહી ગઈ. એ તો બધા, આહાહા! દુઃખમાં નિમિત્ત છે. આ તો આનંદમાં કારણરૂપ ભગવાન છે. અતીન્દ્રિય આનંદની દશાનો કારણભૂત પ્રભુ, એ અતીન્દ્રિય આનંદમાં જ્યારે ભાસ થયો, એવા જીવને પરમસ્વભાવ છે. આહાહા! કહો, ડાહ્યાભાઈ! સમજાણું કાંઈ? જેવું અસ્તિત્વ છે–હયાતી છે (એવું) એની દૃષ્ટિમાં આવ્યા વિના 'આ હયાતી છે, આ છે' એમ કોણે જાણ્યું? સમજાણું કાંઈ? ભારે વીતરાગમાર્ગ. સર્વજ્ઞસ્વભાવ. સર્વજ્ઞસ્વભાવ છે એ પારિણામિકભાવે છે. સર્વજ્ઞસ્વભાવ-ભાવ એ પારિણામિકભાવ-સ્વભાવરૂપે ભવ્યનો સ્વભાવ છે. જેને એ સર્વજ્ઞસ્વભાવ અનુભવમાં આવીને સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય એવા ભવ્યને માટે આ સ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ?

**ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે પરમ સ્વભાવ છે. તે પંચમભાવ...** સમુચ્ચય પહેલું કહ્યું હતું, હવે એને પંચમભાવ લીધો. **તે પંચમભાવ**... અસ્તિ દ્રવ્યનું સ્વરૂપ જ એ છે કહે છે. આત્મદ્રવ્યનો આ સ્વરૂપલાભ એ વસ્તુનું સ્વરૂપ જ એટલું ને એવડું ને એ વસ્તુ છે. ત્રિકાળ ધ્રુવ દ્રવ્યસ્વભાવ એને અહીંયા પંચમભાવ કહે છે. **ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોને અગોચર છે.** કહે છે કે એવો જે ભગવાન સ્વભાવભાવ રાગ, દયા, દાન, શ્રદ્ધાના વિકલ્પને તો અગમ્ય છે, પણ ઔપશમ, ક્ષાયોપશમ, ક્ષાયિકને આશ્રયે એ સમજાય એવો નથી માટે એને અગમ્ય કીધો છે. આમ તો ઔપશિમક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકને ગમ્ય છે, પણ ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકને આશ્રયે ગમ્ય નથી. આહાહા! સમજાણું કાંઈ?

'ઔદયિકાદિ' એનો ખુલાસો કરતા ઓલા ઔપશમિકને ઠેકાણે ઉદીરણા લેશે. ઉદીરણા કરીને ઔપશમ..... એ **ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ**... આહાહા! કેવળજ્ઞાન, કેવળદર્શન એ વિભાવસ્વભાવ છે. એ ત્રિકાળ સ્વભાવભાવ નહીં. મહા-ચૈતન્યનિધાન એના ચમત્કારની

જગતને ખબર નથી. જેમાં નજર આપતા કેવળજ્ઞાન પ્રગટ થાય, જેમાં નજરું મૂકતા આનંદની લહેર છૂટે, એવો ચૈતન્યચમત્કાર સ્વભાવભાવ એને પંચમભાવ કહીએ અને એ ચાર ભાવને ગમ્ય નથી, એટલે કે ચાર ભાવ પર્યાયરૂપ છે એને આશ્રયે જણાય એવો નથી. સમજાણું કાંઈ? બધે એટલે ઠેકાણે આવી ગયું. ૭૮, ૮૫ ..... આમાં. આહાહા! એક (ગાથાએ) નિકાલ છે.

આ બધા ભણતર ભણી-ભણીને (પણ) પરમભાવનો આશ્રય લેવો એ વસ્તુ છે. સમજાણું કાંઈ? કે જે ભાવ ઔદયિક, ઔપશમિક, ક્ષયોપશમિક ને ક્ષાયિક ચાર વિભાવસ્વભાવ છે. આહાહા! આવી સ્પષ્ટ વાત તો સમયસારમાં પણ આવતી નથી. સમયસારમાં એટલી બધી (વાત નથી. અહીં) ગાથા દીઠ ભગવાનને ગાયો છે. ભગવાનજીભાઈ! પરમાનંદસ્વરૂપ આત્મા અંદર પૂર્ણ સ્વરૂપ, એનું અસ્તિત્વ, એની આટલી હયાતી, એની આવડી હયાતી, એવડો ભાવરૂપભાવ, જેને દૃષ્ટિમાં આવે એને એ ભાવરૂપ ભાવ છે. નથી દૃષ્ટિમાં લેતો એને શું છે? સમજાણું કાંઈ? એનો આશ્રય કરે એને એ ભાવરૂપ ભાવ જણાય એવો છે. પર્યાયનો આશ્રય કરે તે ભાવરૂપ જણાય એવો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

એ પંચમપ્રભુ પરમાત્મસ્વભાવ, આત્મભાવ, વસ્તુસ્વભાવ, દ્રવ્યભાવ, ત્રિકાળભાવ, સામાન્યભાવ, ધ્રુવભાવ, પરમભાવ, પારિણામિકભાવ... ..લાલજી! ..... આ કરો ને આ કરો ને આ કરો. ભાઈ! જ્યાં નથી ત્યાં તું ગોતીશ (તો) કેમ મળશે? દયા, દાન ને વ્રતના વિકલ્પમાં એ પંચમભાવ છે? અરે! અહીં તો ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિકમાં પણ પંચમભાવ આવતો નથી. સમજાણું કાંઈ? ત્યાં છે તે ગોતીશ તું? કેવળજ્ઞાનની પર્યાયમાં પંચમભાવ ગોતીશ, ત્યાં છે? આહાહા! (પ્રગટ) થઈ ગયો એને ગોતવો છે ક્યાં? એ તો એને (દ્રવ્યને) આશ્રયે પ્રગટ થાય છે. નવું-નવું કેવળજ્ઞાન દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય છે, કંઈ કેવળજ્ઞાનને આશ્રયે કેવળજ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ?

નિર્વિકલ્પદૃષ્ટિ કરનારને એ પંચમ પારિણામિકભાવ સ્વભાવરૂપ મોજૂદ છે એમ કહે છે. એ ચાર વિભાવસ્વભાવને અગમ્ય છે. અગમ્યનો અર્થ, ચાર પર્યાયને આશ્રયે એ ખ્યાલમાં આવતો નથી. એનો (-ત્રિકાળીનો) આશ્રય કરે તો ખ્યાલમાં આવે એવી એ ચીજ છે. હવે અહીં તકરારું હજી તો બહારમાં વ્યવહાર કરો ને આ કરે. ભાઈ! તારે ધર્મ કરવો છે કે શું કરવું છે? તારે સત્ જોઈએ છે કે શું જોઈએ છે? સત્ તો ભગવાન પૂર્ણાનંદથી બિરાજમાન છે. સમજાણું કાંઈ?

**તેથી જ તે પંચમ ભાવ...** એ પંચમભાવ... આહાહા! **ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ એવા વિવિધ વિકારો વિનાનો છે.** પહેલું અગમ્ય કીધું હતું. ચાર પર્યાય વિભાવસ્વભાવને એ અગમ્ય છે એમ કહ્યું હતું. પછી કહે છે કે એ બધા વિવિધ પ્રકારના ભેદો વિનાનો છે એમ કહેવું

છે. સમજાણું કાંઈ? આ તમારો મહેશ બેઠો બરાબર. ..... આહાહા! એ રતિભાઈ! બરાબર આમાં આવ્યા તમે. ત્રણ વાત કરે છે. (૧). જે પંચમ પારિણામિકભાવ છે એ ભવ્યનો પરમસ્વભાવ છે, કેમકે એને એ જણાય છે. એક વાત. (૨). ચાર ભાવથી તે અગમ્ય છે એટલે કે ચાર ભાવને આશ્રયે તે જણાય એવો નથી. (૩). ચાર ભાવના ભેદો જેમાં નથી. ભેદ છે એ બધા.

ક્ષાયિકભાવ આદિ બધા વિ–વિશેષ કાર્ય છેને. વિકારનો અર્થ, ક્ષાયિકભાવ, ઔપશમભાવ, ક્ષાયોપશમભાવ, વિકાર (અર્થાત્) વિશેષે કાર્યદશાઓ એનામાં નથી. વિકાર શબ્દે દોષ એમ (અર્થ) ન લેવો. વિવિધ પ્રકારના કાર્ય જે પર્યાયો... છેને? ક્ષાયિક પણ વિવિધ પ્રકારના વિકાર છે. જુઓ! સમજાણું કાંઈ? વિકાર શબ્દે વિશેષ, વિશેષ દશાઓ. એ વિશેષ-વિશેષ .... દશાઓ જેમાં નથી. આહાહા! સમજાણું કાંઈ?

એ પરમ માખણ આનંદનો કંદ પ્રભુ, એકલો અતીન્દ્રિય આનંદ.. એકેક ગુણથી, ગમે ત્યાંથી લ્યો, એ અતીન્દ્રિય આનંદરૂપ લ્યો, અતીન્દ્રિય જ્ઞાનરૂપ લ્યો, અતીન્દ્રિય દર્શનરૂપ લ્યો, અતીન્દ્રિય શ્રદ્ધારૂપ લ્યો, અતીન્દ્રિય વીર્યરૂપ લ્યો, અતીન્દ્રિય સ્વચ્છતારૂપ લ્યો, અતીન્દ્રિય ...રૂપ લ્યો... એવો જે પરમપારિણામિકભાવ સત્તાસ્વરૂપ પ્રભુ એ પર્યાયને આશ્રયે જણાય નહીં (કેમકે) એ પર્યાય એનામાં નથી. સમજાણું કાંઈ? આહાહા! આવો ભારે ધર્મ ભાઈ! એય ચેતનજી! પર્યાય આમાં નથી આવી. નિર્ણય કરે છે પર્યાય. આહાહા! આમ પરમસ્વભાવ ધ્રુવ, જ્યાં નજરે નિધાન જોયા, કહે છે કે નજર પણ એનામાં નથી. કહો, સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આવું બધું ક્યાંય સાંભળ્યું નહીં હોય. પૈસા.. પૈસા.. પૈસા.. રૂપિયા... હેરાન થઈ ગયા. તારો બાદશાહ–રાજા, એ રાજા પર્યાયને આશ્રયે જણાય એવો નથી. એ બાદશાહ ભગવાન પર્યાયથી ભિન્ન–દૂર છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

શ્રોતા : .... પર્યાયમાં આવતો નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી : ત્રણ કાળમાં આવે નહીં. આવે ક્યાંથી? જ્યાં છે (નહીં) એમાં આવે? જણાઈ જાય એ વાત જુદી, પણ એમાં આવે નહીં આખો. આહાહા! અજબ લીલા હૈ! ઈશ્વર લીલા આ છે. ઈશ્વર લીલા લોકો કહે છેને. એ ઈશ્વર નહીં, પ્રભુ! ઈશ્વર તું પોતે છો. આહાહા!

તારી ઈશ્વરતા પૂર્ણતા એ પર્યાયને આશ્રયે જણાય નહીં અને પર્યાયના ભેદો પૂર્ણતામાં છે નહીં. ટીકા તો જુઓ! ઓહોહો! આવી ટીકાને ન પસંદ કરે, પ્રભુ! પ્રભુ! શું થાય? આ આત્માને અંદરથી ઊભો કરીને જણાઈ જાય એવી ચીજ આ છે. એને કહે કે આ નહીં અમારે. ભાઈ! શું તારે જોઈએ છે? આહાહા! આ દયા, દાન, વ્રત ને કરુણાનો સ્વભાવ એ જીવનો સ્વભાવ એમ કરીને (કહે), આ કરુણા કરી એમાંથી ધર્મ પ્રગટે. આહાહા! ભાઈ! અવિકારી

કરુણા... પરની કરુણા એ તો રાગવાળી કરુણા છે, પણ અવિકારી કરુણા પણ જેમાં નથી. આહાહા! શું તારે જોઈએ છે? ભાઈ! આહાહા!

વિકારી કરુણા–પરજીવની દયાનો ભાવ એ સ્વરૂપમાં તો નથી, પણ ધર્મીની પર્યાયમાં પણ એ નથી. ધર્મીની પર્યાયમાં જે ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિકભાવ એ પર્યાયને ગમ્ય નથી (એટલે) એનો આશ્રય કરીને જણાય એવો નથી. અને એ ભેદો–વિકારો બધા, આહાહા! કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષયોપશમજ્ઞાન, ક્ષયોપશમસમકિત, ક્ષાયિકસમકિત બધા વિકાર છે– વિશેષ વિશેષ ભેદો છે, કહે છે. આહાહા! આ સંતો સિવાય, દિગંબર સંત સિવાય આ વાત ક્યાંથી લાવે? સમજાણું કાંઈ? લોકોને પક્ષ લાગે છે. પક્ષ નથી, આ તો લક્ષ કરવા જેવી ચીજ છે. આહાહા!

લક્ષનો દોર બાંધ ધ્રુવ સાથે હોં. આહાહા! એ હલ્યો હલે નહીં, પર્યાયમાં આવે નહીં, પર્યાયને આશ્રયે જણાય નહીં, એની સાથે દોર બાંધ લક્ષનો. આહાહા! એ **ઉદય, ઉદીરણા**– ઉપશમ, **ક્ષય, ક્ષયોપશમ એવા વિવિધ વિકાર વિનાનો છે**. વિવિધ પ્રકારના ભેદ વિનાનો છે. વિકાર એટલે ભેદો. આહાહા! એક વાઘરી, હરિજન જેવો સાધારણ માણસ હોય, છોકરો લગ્ન કરતો હોય, લગ્ન થાતા હોય તો કેટલાય એના હરખ હોય. બાયું ભેગી થઈને (ગાય), 'મારે સોના સમો સૂરજ ઉગ્યો રે'. સૂરજ તો છે એ છે. એના પ્રકાશના ભાન થયા ત્યારે સૂરજ ઉગ્યો એમ એને કહીએ. એમ ચૈતન્યના પૂંજના કંદ પ્રભુ આવા પર્યાયના વિવિધ ભાવો, ઓલા ચારને વિભાવ કહ્યો હતા એને અહીંયા વિકાર કહ્યા, વિશેષ ભેદરૂપ દશાઓ વિનાનો છે. આહાહા!

**આ કારણથી આ એકને પરમપણું છે...** ઓલું તો નહીંને? પરમભાવે સ્થિત થાય ને અપરમભાવે સ્થિત થાય—એ નહીંને આમાં? રતિભાઈ! એ નહીં? પરમભાવે સ્થિત હોય એને વ્યવહારનો ઉપદેશ નથી.—એ બીજી વાત છે. ભાઈ! એ તો જ્ઞાની અનુભવમાં પડ્યો છે એને અશુદ્ધતા ને અપૂર્ણતાનું જ્ઞાન ક્યાં છે? ત્યાં તો નિર્વિકલ્પ આનંદમાં પડ્યો છે, એમ કહે છે. એ તો પર્યાયની વાત છે. આ તો દ્રવ્યના પરમભાવની વાત છે. ભાઈ! શબ્દો એક આવે માટે એનો અર્થ એક જ હોય, એમ કેમ હોય?

'પરમભાવે સ્થિત' (સમયસાર બારમી ગાથામાં) આવે છેને. અપરમભાવે સ્થિત છે તેને વ્યવહારનો ઉપદેશ છે. પરમભાવે સ્થિત એને કંઈ નથી. એ પરમસ્વભાવભાવના આશ્રયે ઠરી ગયો છે. આહાહા! એને પર્યાયમાં અપૂર્ણતા કે વિકલ્પ કે કાંઈ છે નહીં. ત્યાંથી ખસીને જ્યારે રાગમાં આવે છે ત્યારે તેને તે પ્રકારનો રાગ અને તે પ્રકારની શુદ્ધતા થોડી છે એમ જાણવું એ એને પ્રયોજનવાન છે, બસ. સમજાણું કાંઈ? આ પરમભાવ બીજી જાતનો છે. આહાહા!

એકત્વ-વિભક્ત. સ્વરૂપ ધ્રુવ છે એમાં એકત્વ થવું અને રાગથી પણ છૂટી જવું. આહાહા! અરે! પર્યાયબુદ્ધિથી છૂટી જવું ને દ્રવ્યબુદ્ધિમાં એકાગ્ર થવું. ..લાલજી! ત્યાં એકત્વ-વિભક્તની વ્યાખ્યા (એમ કરે કે) જુઓ! સમિતિ, ગુપ્તિ પાળવી, મહાવ્રત પાળવા એવું મહામુશ્કેલ છે, દુર્લભ છે. એવો અર્થ છે એમાં. અરેરે! ક્યાં ભાઈ? શું કરે છે તું? તારી પદવીને બહાર પાડવા, એ પણ એક દશા છે એમ બતાવવા આવા અર્થ થાય? ભગવાન આત્મા પરમભાવસ્વભાવરૂપ એમાં ઠરવું અને પર્યાય ને રાગથી ખસી જવું, એનું નામ એકત્વ-વિભક્ત છે. સમિતિને પાળવી, ગુપ્તિને પાળવી ને પંચમહાવ્રત પાળવા. અરે ભગવાન! એ તો રાગ છે ભાઈ! એની તો ત્યાં ગંધેય નથી. છે, એનાથી વિભક્ત કરવો એમ વાત છે, જુદો પાડવો એમ છે. એ રાખવા ને પાળવા એવો એનો અર્થ છે એમ નથી. આહાહા!

**આ કારણથી આ એકને પરમપણું છે**... જોયું! પરમપણું, ઉત્કૃષ્ટપણું, અગ્રપણું, મુખ્યપણું હોય તો ત્યાં આવી ... છે. પરમસ્વભાવ ધ્રુવ ત્રિકાળ. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને એ ગમ્ય છે. પણ સમ્યગ્દર્શન પર્યાયને આશ્રયે ગમ્ય નથી એમ કહ્યું છે. ભેદ ઝીણો છે. એને આશ્રયે તો વિકલ્પ ઉઠે છે, પણ સમ્યગ્દર્શનની પર્યાયને ગમ્ય ચીજ છે. આ પૂર્ણ વસ્તુ.. પૂર્ણ વસ્તુ.. પૂર્ણ વસ્તુ.. પરમ વસ્તુ.. ધ્રુવ વસ્તુ એકરૂપ, એકરૂપભાવ, પરમભાવ એ તો જ્ઞાનમાં ગમ્ય છે. સમજાય છે કાંઈ? ક્ષયોપશમજ્ઞાનમાં ગમ્ય છે, પણ ક્ષયોપશમજ્ઞાનને આશ્રયે ગમ્ય નથી. એ જ વાત છેને. ઓલો ક્યાં અર્થ છે? ભારે પણ ભાઈ! આહાહા! પરમાત્માને પૂજ્યો છેને પણ. દૃષ્ટિમાં આવ્યો છેને.

**બાકીના ચાર વિભાવોને અપરમપણું છે.** લ્યો, કેટલા પ્રકાર વર્ણવ્યા! (૧) પહેલા તો ચાર ભાવને ગમ્ય નથી, (૨) ચાર ભાવો એ વિકારી–વિશેષ ભાવો છે એ વિનાનો છે, (૩) ચાર ભાવને પરમપણું નથી, (૪) ચાર વિભાવ તો અપરમપણે છે. આહાહા! આટલી તો વાત સિદ્ધ કરી. જેમાં એને નજરું નાખવી છે એ ચીજ તો એ નજરની પર્યાય વિનાની છે, કહે છે. કહો, અમરચંદભાઈ! આહાહા! એ સહિત હોય તો ધ્રુવ ક્યાં એકલું રહ્યું? એકલો ત્રિકાળીસ્વભાવ-ભાવ અસ્તિ, પરમભાવ અસ્તિ, દ્રવ્યના સ્વરૂપની હયાતીરૂપભાવ, વસ્તુના સ્વરૂપની હયાતીરૂપ ભાવ દૃષ્ટિમાં આવ્યો એના મલાવા કરે છે. સમજાણું કાંઈ?

કહે, દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા—એ બધું ક્યાં ગયું? એય ચીમનભાઈ! શું હશે તમારે મુંબઈમાં? આહાહા! અરે ભગવાન! આવો ધ્રુવ છે એની સમીપમાં જાવું એનું નામ ઉપવાસ છે લ્યો. એવો પરમ ધ્રુવ... અરે! એ વાતે ન વળે, એ વિકલ્પે પાર ન પડે. આહાહા! એ ભગવાન નિર્વિકલ્પ વસ્તુ છે તો નિર્વિકલ્પ દૃષ્ટિ વડે જ ગમ્ય છે, છતાં એ નિર્વિકલ્પ દૃષ્ટિ વિનાની ચીજ છે. સમજાણું કાંઈ? માટે કેવળજ્ઞાન, કેવળદર્શનને પણ પરમભાવ

કહેવામાં આવતો નથી. દયા, દાનના ભાવને તો સારો ભાવ–ઊંચો ભાવ કહેવામાં આવતો નથી.

વસ્તુ છેને. આ ક્યાં સંપ્રદાયની વાત છે? આ કાંઈ સંપ્રદાયની ચીજ નથી. આ તો જૈન સ્વરૂપ આત્માનું એની વાત છે. સમજાય છે કાંઈ? જેને આશ્રયે અજ્ઞાન ને રાગ-દ્વેષ હણાય એનું આ સ્વરૂપ છે. જૈન એ કોઈ સંપ્રદાય નથી, એ કોઈ વાડો નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. જૈનપણું એ જિનપણું, એ તો ત્રિકાળી વસ્તુનો પરમભાવસ્વભાવ એ જિનપણું છે. એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન પરિણામ થાય એ જૈન છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! **આ કારણથી આ એકને પરમપણું છે, બાકીના ચાર વિભાવોને અપરમપણું છે**.

હવે કહે છે... મૂળ પાઠનો અર્થ કરે છે. **સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ...** આહાહા! તીર્થંકરગોત્ર બંધાયેલું હોય, આહાહા! એ બધા વિષવૃક્ષના મૂળિયા છે. એને ઉખેડી નાખવામાં સમર્થ એ પરમભાવ છે. ભગવાન આત્માનો ત્રિકાળી સ્વભાવભાવ, અવિનાશી રહેનારો ભાવ.... આમ તો એમ કહે, આત્મા અવિનાશી છે, નિત્ય છે. એમ તો બહુ વાતું ભાષા કરે માળા. કે આત્મા કાંઈ મરે? બાપુ! એમ વાતું કરે. આત્મા ન મરે એ ચીજ શું? સમજાય છે કાંઈ?

એ એક સમયની પર્યાયમાં પણ આવે નહીં અને પર્યાય મરતાં ધ્રુવ મરે નહીં. આહાહા! પર્યાયનો વ્યય થતાં કાંઈ ભગવાનનો–ધ્રુવનો વ્યય થાય છે? અરે! પણ કેમ બેસે? આ દુનિયાના ઝેરના વાતાવરણ, એકલા ઝેરના વાતાવરણ છે. કેમ હશે વીરચંદભાઈ? તમારે આફ્રિકામાં તો આમ આંખ્યું ફરી ગઈ હોય. ૫૦ લાખ, કરોડ, બે કરોડ એવા પૈસા દેખે એટલે ઓહોહો.. જાણે શું વધી ગયા અમે? ઝેરના પીવામાં વધી ગયા. હોડ માંડી. ઓલો કહે પાશેર ઝેર પીઉં, ઓલો કહે સવાશેર પીઉં. ભગવાનજીભાઈ! આહાહા!

અરે પ્રભુ! અવિનાશી પ્રભુ ભગવાન તારી ચીજ ધ્રુવ જે અવિનાશી વસ્તુ છે એને અહીંયા પરમભાવ કહેવામાં આવ્યો છે. એની (નિર્મળ) પર્યાયને પણ પરમભાવ કહેવામાં (ન આવે), આહાહા! તો તારે શેમાં પરમપણું જાણવું છે? શરીર સુંદર ને લક્ષ્મી પાંચ-પચ્ચીસ કરોડ મળ્યા, બાયડી-છોકરા સારા કહ્યાગરા, રૂપાળા. કોના પણ? પ્રભુ! શું કહે છો તું આ? ક્યાં તારે જાવું છે? સમજાણું કાંઈ? આહાહા! એ તારા નહીં. તારા હોય તે ટકતા કાયમ રહે એ તારા. અહીં તો એક સમયની પર્યાય તારી નહીં ને ટકતું તત્ત્વ તારું, એમ કહે છે. ..લાલજી! બાયડી-છોકરા તારા ધૂળધમાલ, કરોડ ને અબજ રૂપિયા ને બે અબજ. એય મલૂકચંદભાઈ! આહાહા!

ધૂળ ને ધાણી બિચારા દુઃખમાં.. દુઃખમાં.. દુઃખના દરિયે.. એ દુઃખને દરિયે ડૂબી ગયા છે. એ રાંકા ભિખારા છે બિચારા. એને નિજનિધાનની કિંમતું નથી. જેના મૂલ્યાંકન ન થાય, જેના મૂલ્યનો આંક ન આવે, એવી ચીજ ભગવાન આત્મા પરમસ્વભાવભાવ, કહે છે કે એ તો

**સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ** છે. આહાહા! ૧૪૮ પ્રકૃતિ છેને. એ વિષ-ઝેરના ઝાડ છે. તીર્થંકરપ્રકૃતિ બંધાય ને એનાથી સમવસરણ આવશે. એમાં આત્મા ક્યાં આવ્યો? કહો, સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણાનંદનો નાથ જેમાં ન આવે એ ચીજને ચીજ જ ગણવામાં આવી નથી. આહાહા! આવું વ્યાખ્યાન થાતું હશે ધર્મનું? કાંઈ વ્રત પાળો, અપવાસ કરો, જાત્રા કરો—એવું આવે કે આવી વાતું હોય ધર્મની? એય! આહાહા! શું કરે છે પ્રભુ? તને ખબર નથી. ભાઈ! એ તો વિકલ્પનો રાગભાગ છે આમ કરવું, આમ કરવું. કરવું એ તો ચૈતન્યસ્વભાવને હણવું ને મરવું છે. સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! આહાહા!

કહે છે કે એ ચીજ-વસ્તુ એવી છે અને વસ્તુના આશ્રયે પરિણામ થાય એ સર્વ વિષવૃક્ષના ઝાડને છેદી નાખે એમ છે. સમજાણું કાંઈ? આહાહા! એવો ચિંતામણિ રત્ન પ્રભુ એમાં એકાગ્ર થાય, જેટલી ચિંતાથી (-ચિંતવનથી) એકાગ્ર થાય એટલા આનંદના ઝરણા ઝરે. એવો ચિંતામણિ રત્નને મૂકીને ક્યાં બાવળીએ બાઝ્યો તું? સમજાણું કાંઈ? આહાહા! અરેરે! સાંભળવુંય મળે નહીં. એના ઘરમાં શું છે અને ક્યાં રખડ્યો છે એની વાતું સાંભળવા મળે નહીં, એ કે દિ' અંદરમાં આવે ને કે દિ' ઉતરે અંદરમાં? આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે **સમસ્ત કર્મરૂપી**... પાછું એમાં કોઈ તીર્થંકરપ્રકૃતિ (નામ)કર્મને રાખે, જે ભાવે સર્વાર્થસિદ્ધ બંધાણા, સર્વાર્થસિદ્ધનું આયુષ્ય રાખે? આહાહા! પ્રકૃતિ એને ઘરે રહી, આત્મામાં ક્યાં આવી? એને ઘરે ન રહે એવી આ ચીજ છે. એના ઘરે એ ન રહે, એમ કહે છે. પ્રકૃતિના જે બંધન થયા એના અસ્તિત્વમાં ન રહે, એવો આ ભગવાન અસ્તિત્વનો આશ્રય કરતા એનું (કર્મનું) અસ્તિત્વ રહે જ નહીં. પ્રકૃતિ છેને, પ્રકૃતિ એ સ્વભાવ છે. પરમસ્વભાવ ભગવાનનો એ ત્રિકાળી પ્રકૃતિ-સ્વભાવ છે. ત્રિકાળી પ્રકૃતિ.. પ્રકૃતિ.. પ્રકૃતિ.. .... ઓલા નિયમસારમાં છે. ..... પહેલાં આવી ગયું છે... એનું સ્વરૂપ.

ભગવાન પરમાનંદ પ્રભુ પોતે એનો આશ્રય લેતાં (કર્મ)પ્રકૃતિ પ્રકૃતિપણે રહી શકે નહીં, એમ કહે છે. આ પ્રકૃતિ-સ્વભાવનો જ્યાં આશ્રય લીધો, પ્રકૃતિ એટલે સ્વભાવ. સમજાણું કાંઈ? એવો એ મહાત્મા આત્મા પરમાત્મા છે, વર્તમાન પરમાત્મા છે. કેમ બેસે? આહાહા! એ બાવળનું દાંતણ સારું આવે ત્યાં રાજી રાજી થઈ જાય. સવારમાં ઉઠેને, આ સૂકાયેલું દાંતણ છે, જરી લીલું હોયને તો... ઓલું કઠણ પડે તો લોહી નીકળે, ઓલું પોચું હોય તો નરમ પણ થાય ને લોહી ન નીકળે. રાજી રાજી થઈ જાય. અરર! શું છે આ? આ તારા પાગલપણાના લક્ષણ તો જો. પંડિતજી! આહાહા!

તારો પ્રભુ અહીં બિરાજે છે, તને કેમ આદર થતો નથી? કહે છે. આવા ચૂંથણાના આદરમાં પડ્યો, આ શું છે તને? આહાહા! એ સડેલા મીંદડા ને કૂતરાને મોઢામાં નાખવા છે

તારે? આ એના સ્વાદ લેવા જા છો, શું કરવું છે તારે? આહાહા! ભગવાન અમૃતનો સાગર પૂર, નૂર પડ્યું છે આખું, એનો આશ્રય લેતાં કર્મની પ્રકૃતિ જેમાં સ્વર્ગ ફળે કે તીર્થંકરનું સમવસરણ મળે, એ બધી પ્રકૃતિને નાશ કરવાનો સ્વભાવ ભગવાનનો છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! અરે! એની મોટપ એણે સાંભળી નથી હોં. તું કેવડો મોટો ને કેવડી મોટપ છે એવી એને ખબર નથી. તારી મોટપની વાતું વાણીમાં કરતા સર્વજ્ઞને ન આવડ્યું. આહાહા!

કહે છે કે **આ સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં**... આહાહા! **સમર્થ એવો આ પરમભાવ, ત્રિકાળ નિરાવરણ નિજ કારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ...** આહાહા! હવે કહે છે કે એવો છે તો સરળ ભગવાન પરમભાવ હોં, પણ મિથ્યાત્વના કારણે એને એ છતો વિદ્યમાન બેસતો નથી. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં આ 'છે' એવું આવ્યું નહીં એને તો છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? એ **ત્રિકાળ નિરાવરણ નિજ કારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધા**, અસ્તિ છે એવી શ્રદ્ધાથી વિરુદ્ધ-**(પ્રતિપક્ષ) તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે કુદૃષ્ટિને**, આહાહા! **સદા નિશ્ચયથી વિધમાન હોવા છતાં, અવિદ્યમાન જ છે.** આહાહા! ઘરે નિધાન પડ્યું, છતાં દૃષ્ટિમાં જેને વિપરીતતા છે, એટલે કે સ્વભાવના આશ્રયની દૃષ્ટિ નથી, રાગ ને પુણ્ય ને વર્તમાન પર્યાયની આશ્રયે દૃષ્ટિ મિથ્યાત્વ પડી છે, એને આ 'છતો છે' એ એને માટે નથી. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો સુદ ૧૦, મંગળવાર, તા. ૧૭-૧૦-૧૯૭૨**
**ગાથા-૧૧૦, પ્રવચન નં. ૧૨૨**

આ નિયમસાર, પરમ આલોચના અધિકાર. ૧૧૦મી ગાથા, ૧૧૦.

**कम्ममहीरुहमूलच्छेदसमत्थो सकीयपरिणामो ।**
**साहीणो समभावो आलुंछणमिदि समुद्दिट्ठं ॥ ११० ॥**
**છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,**
**સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦.**

બહુ ઊંચામાં ઊંચું તત્ત્વ છે. **ટીકા : આ, પરમભાવના સ્વરૂપનું કથન છે.** પરમભાવ એટલે એક સમયની પર્યાય વિનાની ત્રિકાળી ચીજ એને અહીંયા પરમભાવ કહેવામાં આવે છે. શરીર, વાણી, કર્મથી તો રહિત છે, પુણ્ય ને પાપના વિકલ્પના મલિન પરિણામથી તો રહિત છે, પણ એક સમયની અનંત ગુણની પ્રગટ–વ્યક્ત પર્યાય જે છે એનાથી પર છે એને અહીંયા.... અવ્યક્ત કહ્યું હતુંને ત્યાં એ વર્ણન આવી ગયું મગજમાં. અવ્યક્ત કહ્યું હતું ઓલામાં (સમયસાર, ૪૯ ગાથામાં), એ આવી ગયું મગજમાં. એક સમયની પર્યાય–અવસ્થા જે પ્રગટ છે એનાથી રહિત ત્રિકાળી વસ્તુ તે અવ્યક્ત નામ પરમભાવવાળું તત્ત્વ છે. સમજાય છે કાંઈ? તદ્દન અન-અભ્યાસવાળાને જરી કઠણ પડે એવું છે.

વસ્તુ છેને આત્મા વસ્તુ. એક-એક આત્મા અસ્તિપણે વસ્તુ છે. એ વસ્તુમાં બે અંશ છે. એક વર્તમાન પરિણામ નામ પર્યાયનો અંશ છે અને એક ત્રિકાળી અંશ છે. એ ત્રિકાળી અંશને અહીંયા પરમભાવ કહેવામાં આવે છે. કેમકે અહીં તો નયનો વિષય છેને. નયના વિષયમાં અંશ જ આવે, પણ આ અંશ આવે. સમજાણું કાંઈ? ચીમનભાઈ! તમારા માટે બહુ ઝીણું છે. કોઈ દિ' સાંભળ્યું ન હોય ધંધા આડે, બીજા ધંધા અનેક પ્રકારના. (શ્રોતાઃ આજ સાંભળશે તો એને એમ જ થાશે કે આપણે અહીંથી જાવું નહીં.) આહાહા!

કહે છે કે એકવાર સાંભળ તો ખરો પ્રભુ! તારી આખી પૂંજી એક સમયમાં પૂર્ણ નિધાન, અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત પ્રભુતા, અનંતી ઈશ્વરતા—વિગેરે શક્તિઓનો પિંડ એક વસ્તુ આત્મા પોતે છે. એને ત્રિકાળી ચીજને વર્તમાન એક અંશ સિવાય... કેમકે છે તો નયનો વિષય આ. એ નયના વિષયમાં આખી ચીજ આવે નહીં. એની વર્તમાન અવસ્થા ને ત્રિકાળી બેય ન આવે. આહાહા! એટલે એક સમયની.... ધ્યાન રાખીને સમજે તો સમજાય એવું છે ભાઈ! આ તો અપૂર્વ વાત છે. અનંત અનંત કાળમાં એ ભગવાન આત્મા એનો પરમ સ્વભાવ શું છે એનો એને વિશ્વાસ જ આવ્યો નથી, એના સન્મુખ એણે કદી રુચિ

કરી નથી. લક્ષમાં આવ્યા વિના, આ શું ચીજ છે એનો એને પ્રમાણજ્ઞાનમાં ભાસ થતો નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે એક સેકંડના અસંખ્ય ભાગમાં વસ્તુ જે આત્મા ધ્રુવ, નિત્ય, ધ્રુવ, સદૃશ–એકરૂપ કાયમ જેનો સ્વભાવ છે, સામાન્ય રૂપ જેનું, વિશેષ–એક સમયની પર્યાય વિનાનું સામાન્ય જેનું એકરૂપ છે એને અહીંયા પરમભાવ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા! **આ...** 'આ' શબ્દ કહેતા આમ પ્રત્યક્ષ જણાય. અસ્તિ–સત્તા–હોવાપણે ભગવાન આત્મા ત્રિકાળી... ત્રિકાળી (કહેતાં) કાળનો ભેદ પણ અપેક્ષિત છે. પણ એ વસ્તુ વર્તમાન જ એકરૂપ પરમભાવસ્વભાવ છે. સમજાય છે કાંઈ? છે.. છે.. છે.. છે.. એમ કરતાં પણ એમાં કાળનો ભેદ આવી જાય છે. સમજાય છે કાંઈ? પણ એક સેકંડના અસંખ્ય ભાગમાં ભગવાન આત્મા.... આ તો અલૌકિક વાત છે. એમાં એણે કોઈ દિ' એક સમય પણ વાસ્તુ કર્યું નથી. આ વાસ્તુ છે. જગજીવનભાઈ! કહો, સમજાય છે કાંઈ?

એ ચીજ શું છે? પોતે જ પરમાત્મસ્વભાવથી ભરેલો પદાર્થ છે. પણ રાંકાને રાગમાં ને પુણ્યમાં જેને મોટપ ગરી ગઈ છે. આહાહા! એના સિવાયની બાહ્ય ચીજ એમાં જેને અધિકપણું, વિશેષપણું, મહિમાપણું ભાસે છે, એને આ પરમભાવનું મહિમાપણું ભાસતું નથી. સમજાણું કાંઈ? કહે છે, **આ...** 'આ માણસ' એમ કહેને? એમ **આ...** ત્રિકાળી જે ભાવ ધ્રુવસ્વભાવ એને અહીંયા પરમભાવ કહેવામાં આવે છે, અને એનું સ્વરૂપનું આ કથન છે. આહાહા! **ભવ્યને...** હવે આ લીધું. જે પ્રાણી ભવ્ય (એટલે) લાયક છે, આહાહા! એની વર્તમાન પર્યાય નામ દશામાં તેનો અનુભવ થઈ શકે છે એવા જીવને અહીં લીધા છે. સમજાય છે કાંઈ?

કેમકે એ ચીજ છતી વસ્તુ હોવા છતાં, એની અંદર દૃષ્ટિમાં, લાયકાત–યોગ્યતામાં 'આ છે' એમ ન આવે તો એને માટે છે જ નહીં. છતી છે છતાં એ એ ચીજને અછતી કરીને રાખી છે. પૂર્ણાનંદ પ્રભુ એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ છતી ચીજ–અસ્તિ ચીજ એને એણે અછતી કરીને રાખી છે. અને એક સમયની પર્યાય અને રાગ જે ક્ષણિક છે, ખરેખર છતી નથી, કાયમ રહેનારી નથી, એને એણે અછતીને છતી કરીને માની છે. ભગવાનજીભાઈ! આહાહા! એટલું વળી રાખે છે, હિંમતભાઈ રાખે છે થોડું ઘરમાં. ઘરના બીજાના તો બહુ ઠેકાણા નથી. આવે છે એટલું રાખે છે. આહાહા!

અરે! આવી વાતેય (મળવી કઠણ). અમારા હીરાજી મહારાજ સંપ્રદાયના ગુરુ (એમને), અરેરે! કાને શબ્દ પડ્યા નહોતા. જેને ચોથા આરાના સાધુ કહેવાય, એવા કહેવાતા. એય મલૂકચંદભાઈ! અને એવા નરમ હોં, કષાય મંદ, બ્રહ્મચર્ય અને શાસ્ત્રનો સ્વાધ્યાય આખો દિ' હોં. કાંઈ બીજી લપ-લપ નહીં. એક વખત ભોજન. સવાર-સાંજ આહાર (એમ) કાંઈ નહીં હોં. પણ અરેરે! પણ આ ચીજ શું છે? એને પરની દયા પાળવાનો ભાવ તે ધર્મ અહીં સાંભળેલું

આવું. અરેરે! ક્યાં, શું.... એ દયાનો ભાવ તો એકકોર રહો, એ તો વસ્તુના સ્વરૂપમાં છે જ નહીં, પણ દયાના ભાવને જાણવાની વર્તમાન જ્ઞાનની પ્રગટ–વ્યક્ત અવસ્થા એ આત્માના ત્રિકાળી સ્વભાવમાં નથી. આહાહા! સમજાણું કાંઈ?

એવો આ પરમપારિણામિકભાવ, જેને 'આત્મદ્રવ્યનો આત્મલાભ' એવો શબ્દ પડ્યો છેને પંચાસ્તિકાય (ગાથા ૫૬)માં. વસ્તુ એનું સ્વરૂપ, એની હયાતી, એ પંચમપારિણામિકભાવ છે. આહાહા! ભાષા! એવો પણ એ ભવ્યને ખ્યાલમાં આવે છે એમ કહે છે. છતી ચીજ હોવા છતાં, આમ ચીજ હોય છતાં આંખના આંધળાને જેમ નજરે પડતી નથી, એમ જેની દૃષ્ટિમાં એક સમયની પર્યાય ને રાગ ને પરની મોટપ દૃષ્ટિમાં દેખાય છે એવા અયોગ્ય અંધપ્રાણીને માટે પંચમભાવ હોવા છતાં એને તો નથી. આહાહા! કહો, ભીખાભાઈ! ઓહોહો! જગદીશભાઈએ આજ માગ્યું કે આ ફરીને લ્યો. આપણે પરમ દિ' ચાલ્યું છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે જે ભવ્ય–લાયક પ્રાણી જેને પર્યાયમાં–અવસ્થામાં એ અવસ્થાયી પ્રતીતમાં, અનુભવમાં આવે છે એને માટે પારિણામિકભાવનો સ્વભાવ કહેવામાં આવે છે. આહાહા! મોક્ષ, પૂર્ણ મોક્ષસ્વરૂપ ભગવાન છે. એને મોક્ષ થવો એ તો પર્યાયની વાત છે. એ ભગવાન આત્મા મુક્ત.. મુક્ત છે, મુક્તસ્વરૂપ છે. અરે! રાગથી તો મુક્ત છે, પણ એક સમયની પર્યાયથી પણ મુક્ત છે. સમજાણું કાંઈ? આવો જે ભગવાન આત્મા દરેક આત્મામાં બિરાજમાન છે, પણ છે છતાં ભવ્યજીવને માટે એ છે એમ કહે છે. આહાહા! આહાહા! અરે! અનાદિની ચીજ એ છે, છતી–હયાતીવાળી–મોજૂદગીરૂપ ચીજ હોય તો એ પરમભાવસ્વભાવ છે. આહાહા! જેની પાસે એક સમયની પર્યાય પણ મોજૂદગીરૂપ નહીં, તો એને આ વળી બાહ્યના શરીર જડ, માટી... આહાહા! બહારની ચીજું એની પાસે મોજૂદગી (-હોવાપણે) જણાતી નથી. કહો, જેઠાભાઈ! આહાહા!

**ભવ્યને**... પહેલું જ મંગળિક ઉપાડ્યું છે. આહાહા! ભગવાન પરમાનંદનો નાથ એ દેહના દેવળમાં રાગની પાછળ ને પર્યાયની પાછળ બિરાજે છે. ક્યાંય ગયો નથી. એને આવરણ થયું નથી. એને આવરણ થયું નથી તો આવરણને ટાળવું છે એ પણ એમાં નથી. એ તો પર્યાયની અપેક્ષાએ ટાળવું એમ કહેવામાં આવે છે. પણ એ વસ્તુ તો પોતે **कम्ममहीरुहमूलच्छेदसमत्थो सकीयपरिणामो**... એ તો કર્મના મૂળના અભાવસ્વભાવરૂપ જ વસ્તુ છે એમ કહે છે. સમજાણું કાંઈ? સમજાય એટલું સમજો. આ તો પરમાત્મ(સ્વરૂપ) આત્માની વાત છે. આહાહા!

જે સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શનનું જે ધ્યેય, સાચી દૃષ્ટિને આશ્રય કરવાલાયક ચીજ એવો જે ભગવાન આત્મા... પરમ દિ' હતા ...ભાઈ? નહોતા. ભાઈ ને હતા મનસુખભાઈ ને હતા કે નહીં? પરમ દિ' આ ચાલ્યું હતું. ઠીક, આ વળી દાસ નહોતા. આહાહા! અરે! તું ક્યાં

નહોતો? અનંત.. અનંત.. અનંત કાળમાં અનેક પર્યાયો વીતી ગઈ, અનેક શરીરો વીતી ગયા, આહાહા! ક્યાં તારી હયાતી નહોતી? પણ એ હયાતીને હયાતીરૂપ જાણી નહીં. સમજાય છે કાંઈ? જે જાણવાનું છે તે જાણ્યું નહીં, બાકી બધા ફાંફાં માર્યા. આહાહા! નંદુલાલજી!

ભવ્ય જીવને, આહાહા! **પારિણામિકભાવરૂપ** પરમ-**સ્વભાવ હોવાને લીધે...** લ્યો, અભવ્યને નથી? એ કહેશે આગળ. છે, પણ એને પ્રગટ થવાની લાયકાત પર્યાયમાં નથી, માટે એને છે છતાં નથી. આહાહા! સમજાણું કાંઈ? કહે છે કે ભવ્યને પારિણામિકભાવરૂપ... પારિણામિક એટલે? પરિણામ જે વસ્તુ એને પારિણામિકભાવ લાગુ પાડ્યો છે અંદર. બાકી જે પરિણામ સહજ વસ્તુ ત્રિકાળી ધ્રુવ જે એકરૂપ રહેનારી, જેમાં બદલવું નથી, જેમાં મેલ નથી, જેમાં સંયોગીચીજ નથી, એવો સહજસ્વભાવરૂપ ભાવ એને અહીંયા પરિણામ અને એને પારિણામિકભાવ કહેવામાં આવે છે. એવો પારિણામિકભાવરૂપ સ્વભાવ ભવ્યને હોવાને લીધે... આમ છે. આહાહા!

જેને ઘરે મૂડી છે, પણ કંજૂસ ખાય નહીં એને મૂડી શું? આહા! સમજાણું કાંઈ? કરોડો રૂપિયા ઘરમાં. આહાહા! એક મમલશેઠની વાત આવે છેને. ભાઈ! એ મમલશેઠ રાતના બાર વાગે દરિયામાં એક લાકડું તણાતું હતું ને પકડવા ગયો. શ્રેણિક રાજા ને ચેલણા એના બંગલામાં બેઠેલા. આમ જોવે કે અરેરે! મારા રાજ્યમાં આવો ગરીબ માણસ? અરે રાણી! આ શું છે? એને કોઈ ....લઈ લો રે લઈ લો. દરિયામાં લાકડું સારું હતું. મમલશેઠ લેવા જાતો હતો રાતના બાર વાગે. રાણી કહે છે કે સાહેબ! કોણ છે આ જીવ? આવો ગરીબ માણસ બિચારો! અરર! રાતના બાર વાગે દરિયામાં ઝંપલાણો લાકડા માટે. કેવો ગરીબ હશે માણસ? આપણા ગામમાં આવું?

માણસને હુકમ કર્યો કે જાઓ, એને લાવો. એ કોણ છે? આહાહા! જ્યાં લાવ્યા ત્યાં પોતાના ગામનો નગરશેઠ. અરે! આ તો મમલશેઠ. આંખ્યુંમાં ફેર તો નથી પડતોને, સ્વપ્ન તો નથીને, એમ થઈ ગયું શ્રેણિકને. આ શું છે આ? આ તો નગરશેઠ મમલશેઠ. આ શું થયું એને? મમલશેઠને કહ્યું, બરાબર છે? હા, સાહેબ. ત્યારે આ લાકડું લેવા કેમ ગયા હતા? મારે ઘરે એક બળદ છે, એનું શીંગડું એક ઓછું છે. એ શીંગડા માટે આ લાકડા ભેગા કરી રત્ન કરીને જડવું છે. એટલી ખામી છે એ માટે આમ ગયો હતો. બળદ હતો રત્નનો. હીરાનો બળદ કરેલો ઘરે. હીરા ને માણેક. એમાં એક શીંગડાનું બાકી રહી ગયું એટલે આ... હેં! ચાલો જોવા જાઈએ ઘરે. જોવા જાય ત્યાં બળદમાં એકલા હીરા. એકલા હીરા હોં, શીંગડું નહોતું. એને માટે આ લાકડા ભેગા કરી રત્ન (લઈ)... આહાહા! અરેરે! આવા મારા ગામમાં નગરશેઠ જેવા ભિખારી!

એમ પરમાત્મા કહે છે કે અરેરે નાથ! તારું સ્વરૂપ પડ્યું છેને અંદરમાં. આહાહા! અને નગરશેઠ તો આખો દુનિયાનો શેઠ છે ત્રણ કાળ, ત્રણ લોકનો જાણનાર. આવી શેઠાઈવાળો તું

અરે! જ્યાં હોય ત્યાં પુણ્ય જોઈએ, પાપ જોઈએ, પૈસા જોઈએ. મમલશેઠની જેમ તું શું કરવા માગે છો? આમ ભગવાન જોવે ત્યાં, માળે આવો કોણ હશે? આવો જે બીડી વિના ચાલે નહીં, ફલાણા વિના ચાલે નહીં. છો કોણ? હું તો છું ભગવાન આત્મા અંદર. પણ છતાં એ છે એ ચીજની મને ખબર નથી. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે **ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ**... પારિણામિકભાવરૂપ સ્વભાવ ભવ્યને હોવાને લીધે એને **પરમ સ્વભાવ છે.** કારણ કે એ જીવ પાત્ર છે અને પરમભાવસ્વભાવને પ્રતીતમાં અનુભવમાં લઈ શકે છે એને માટે પરમસ્વભાવ કહેવામાં આવે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? આવો તે ધર્મ કઈ જાતનો માળો? ભારે ભાઈ! જગદીશભાઈ! તમારે આંકડામાં કઈ જાત આવી? સુંદરમાં સુંદર. આહાહા! કહે છે, અરે! એકવાર પરમાત્મા ભગવાન! તું સાંભળ. આહાહા! ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરોની દિવ્યધ્વનિમાં આ વાત છે. તું ભગવાન છો, પૂર્ણ પરમ સ્વભાવવાળું તત્ત્વ તું છો, ભાઈ! તારામાં ખામી નથી–ઉણપ નથી, વિપરીતતા નથી. એવો પરમસ્વભાવ ત્રિકાળ તારામાં છે. પણ ભવ્યને માટે પરમસ્વભાવ છે એમ કીધું અહીં તો.

ભાઈ! અભવ્યને માટે નહીં. કેમકે એને ઘરમાં મૂડી હોવા છતાં કંજૂસ રોટલો ને છાશ ખાય માળો. ઘરમાં પડ્યા છે હીરા. એ તો ઓલા નહોતા એક ચુનિભાઈ મુંબઈમાં? ચુનિભાઈ નહીં મોટો...? હા, એ. કરોડોપતિ, મોટો કરોડોપતિ. એ આવ્યા હતા અમારી પાસે. ૮૦ની સાલમાં આવ્યા હતા ... કરવા. સ્થાનકવાસી હતા. મેં કીધું, આ શું ખાય છે કે આવું શરીર છે? કહે, બે પૂરી ને પાશેર દૂધ ખાય છે. પચતું નથી. પૈસા કેટલા? ૮૦ની વાત છે. ૪૮ વર્ષ પહેલા બોટાદ આવેલા. પૈસા તો કરોડો, ઘણા કરોડો. મોટો શું કહેવાય એ મુંબઈમાં? મોટો શેરીફ હતો. આ શું? પચતું નથી. પૈસા કોને માટે ત્યારે આ? કોઈકના માટે.

એમ ભગવાન આત્મા નગરશેઠ છે. ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની શક્તિ એક સમયની પર્યાયમાં છે એવી પર્યાય તો અનંતી પડી છે. આહાહા! એવો પરમસ્વભાવ... ભવ્યને માટે પરમસ્વભાવ... એમ કહીને તો મુનિએ એમ કહી દીધું કે એ છે એ ભવ્યને માટે છે. આહાહા! અરે! જેને છતી ચીજની ઉપર નજર કરવી નથી અને જ્યાં પોતે છતો ત્રિકાળી છે ત્યાં નજર (ન કરતા) બીજે છેડે કરવી છે એને માટે એ ભાવ છે જ નહીં. સમજાણું કાંઈ? આહાહા! તે પંચમભાવ ત્યાં છે, એટલું સિદ્ધ કર્યું. ભવ્યને માટે આ છે. આ વસ્તુ છે ત્યાં નજરું જેની જાય છે એને માટે છે. એ હિંમતભાઈ! આ કોઈ દિ' સાંભળ્યું ન હોય બાપદાદાએ. હતું ક્યાં એ વખતે?

હવે કહે છે, **તે પંચમ ભાવ ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોને અગોચર છે.** એટલે શું? કે ભગવાન આત્મા પૂર્ણાનંદ નિત્ય, આદિ-અંત વિનાની જે ધ્રુવવસ્તુ છે એ પંચમભાવ, એ

રાગ જે દયા, દાન, વિકલ્પ ઉઠે એને આશ્રયે કે એનાથી જણાય એવો નથી. તેમ ઔપશમ, ક્ષાયોપશમ, ક્ષાયિકની પર્યાય છે, થયેલી હોય એને, એને આશ્રયે પણ જણાય એવો નથી. એનાથી જણાય એવો છે, પણ એના આશ્રયથી જણાય એવો નથી. સમજાણું કાંઈ? આહાહા!

અંદર ઉપશમભાવ, આનંદનો ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ એનાથી જણાય એવો છે, પણ એ ભાવને આશ્રયે જણાય એવો નથી. એક સમયની પર્યાયને આશ્રયે ત્રિકાળી જણાય એવો નથી. આહાહા! આવું તો સાંભળ્યું નહીં હોય નાગરભાઈએ કોઈ દિ' એની જીંદગીમાં. પહેલા હતું નહીં. નાગરભાઈ! અમારા હીરાજી મહારાજ જેવાને (મળ્યું નહીં). બિચારા એવા હતા. આહાહા! રાતે એક બાઈ ચાલતી હતી એમાંથી કેટલા વિચારો મગજમાં આવી ગયા. એલા! આ તે બાઈ ક્યાંની હશે? ક્યાં, શું, કેટલા ભવ, કોણ હશે આ? પોતાના સગાવહાલા મરીને કેટલાય ગાયરૂપે થયા હોય. ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષમાં બિચારાને ધર્મની ખબર પડતી નહોતી. આહાહા!

વર્તમાનને દેખનારો ત્રિકાળને જોઈ શકતો નથી. દીર્ઘદૃષ્ટિ કરી શકતો જ નથી. એમ અભવ્યને વસ્તુ હોવા છતાં એ દીર્ઘદૃષ્ટિ કરતો નથી માટે એને માટે એ વસ્તુ નથી. આહાહા! એ ઔદયાદિક ચાર વિભાવસ્વભાવ... દેખો! એ ત્રિકાળી સ્વભાવભાવ એ સ્વભાવભાવ (કહ્યો). કીધુંને પરમસ્વભાવભાવ. ત્યારે આ ચાર પર્યાય વિભાવસ્વભાવ. એને પણ સ્વભાવ તો કીધો, પણ વિભાવસ્વભાવ. દયા, દાન, વ્રતના પરિણામ એ વિભાવસ્વભાવ. એનાથી તો ગમ્ય પણ નથી, એના આશ્રયે ગમ્ય નથી. પછી ઔપશમ, ક્ષાયોપશમ, ક્ષાયિક ધર્મની પર્યાય ત્રિકાળીને આશ્રયે પ્રગટ થઈ, એને આશ્રયે તે જણાય એવો નથી. એનાથી જણાય એવો ખરો, પણ એના આશ્રયે જણાય એવો નથી. સમજાણું કાંઈ? ભારે વાત. આવી ધર્મકથા કેવી?

ઓલો કહે કે દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, દુઃખીઓના આંસુ લુંછવા, પૈસા દેવા.. અરે! ભગવાન! સાંભળને ભાઈ! એ પરચીજ ક્યાં તારી હતી કે તું દઈ શકે ને લઈ શકે? આહાહા! અભિમાન.. અભિમાન.. અભિમાન. એક સમયની પર્યાયનું અભિમાન (આડે) એને ત્રિકાળી ચીજ ભૂલાઈ ગઈ છે. સમજાણું કાંઈ? એ ભૂલનો ભાંગનાર ભવિ જીવ છે. આહાહા! એને એ પંચમભાવ નજરમાં આવ્યો છે. છે માટે, એને માટે પરમસ્વભાવ છે. હવે એને કોણ? **ઔદયિક આદિ ચાર વિભાવસ્વભાવ**... આહાહા! કેવળજ્ઞાન, કેવળદર્શન, એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવી જે જ્ઞાનની કેવળ પૂર્ણ પર્યાય, કહે છે કે એ વિભાવસ્વભાવ છે. કાયમ રહેનારું નહીં, વિશેષરૂપ ભાવ છે (માટે) એ વિભાવસ્વભાવ છે. આહાહા! એ વિશેષરૂપ છે. સામાન્ય ત્રિકાળરૂપ નથી. કહો, સમજાય છે કાંઈ?

ઉદયભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ તો ઠીક, એ તો વિકાર છે, દુઃખરૂપ છે, પણ ઔપશમભાવ થયો ત્રિકાળ પરમપંચમભાવને આશ્રયે, એ ઔપશમભાવ

પણ પર્યાયરૂપ છે, એટલે કે વિશેષરૂપ છે, એટલે કે વિભાવસ્વભાવરૂપ છે, ત્રિકાળ સ્વભાવભાવરૂપ નથી. કોઈ દિ' આવું સાંભળ્યું નહીં હોય હિંમતભાઈ! આહાહા! ઉદય એટલે વિકારી પરિણામ (અને) આદિ એટલે ઔપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવ. એ ચાર વિભાવ–વિશેષ સ્વભાવોને.. વિશેષ સ્વભાવોને એટલે કે પર્યાયને આશ્રયે એ અગોચર નામ અગમ્ય છે. કહો, સમજાણું કાંઈ? એ પર્યાયનો આશ્રય લેવા જાય ત્યાં એ જણાય નહીં. આહાહા! એ તો એનો (-ત્રિકાળીનો) આશ્રય લે એને જણાય એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

**ચાર વિભાવસ્વભાવોને તો અગમ્ય છે**. ઓલાને ન સમજાયને. જુઓ! ચાર વિભાવભાવ ક્ષાયોપશમ, ક્ષાયિકભાવને અગમ્ય? આ ટીકા કેવી જાતની છે? કઈ અપેક્ષા છે એ સમજવું જોઈએને. આહાહા! તને ન સમજાય માળા! અરે! મારો નથી, તારોય નથી, મારોય નથી. આહાહા! કોઈકનો રહી ગયો આત્મા. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન અંદર બિરાજે પૂર્ણસ્વરૂપ. આત્મા દ્રવ્યસ્વરૂપ કહો, વસ્તુસ્વરૂપ કહો, વસ્તુના સ્વભાવની હયાતીવાળો ભાવ કહો, એ ચાર ભાવથી તો અગમ્ય છે. અગમ્યનો અર્થ આ કે એને આશ્રયે ન જણાય. સમજાણું કાંઈ? ચાર ભાવની પર્યાય થઈ અવસ્થા, એક સમયની અવસ્થા એના આશ્રયે કેમ જણાય એ? એમ માહાત્મ્ય બતાવવા એને અગમ્ય કીધું છે.

**તેથી જ તે પંચમભાવ...** તેથી જ તે પંચમભાવ ભગવાન ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ... **ઉદય, ઉદીરણા...** ત્યાં ઉપશમના અર્થમાં ઉદીરણા લીધી. **ઉદીરણા, ક્ષય ને ક્ષયોપશમ એવા વિવિધ વિકારો વિનાનો છે.** વિવિધ વિકારનો અર્થ વિશેષ કાર્ય, વિશેષ કાર્ય. ત્રિકાળી ધ્રુવ ભગવાન એકરૂપ એમાં વિશેષ ને કાર્ય છે નહિ. આહા! માળો ધર્મ આવો કંઈ જાતનો? નવા સાધારણ માણસને એવું લાગે કે આ શું કહે છે? આ પાગલ જેવી વાતું લાગે છે. અરે! એના ઘરની વાત કોઈ દિ' સાંભળી નથી.

બાદશાહી અનંતવાર મળી, ઇન્દ્ર અહમિન્દ્રાદિના પદ મળ્યા અનંતવાર લ્યોને. આહાહા! અરે! દ્રવ્યલિંગના મુનિપદ મળ્યા અનંતવાર. પણ આ પદ નિજપદ શું ત્રિકાળી એની ઉપર ઝાંકેય કરી નહીં, નજરેય કરી નહીં, આશ્રય લીધો નહીં. એક ચીજ આખી પડી રહી. છતી (હતી) ને પડી રહી. કહે છે કે એ **વિવિધ વિકાર**... પહેલા તો ઓલાને વિભાવસ્વભાવ કહ્યો. ચારને વિભાવસ્વભાવ કહ્યો, એ ચારને અહીં વિવિધ વિકાર કહ્યા. ભિન્ન-ભિન્ન જાતની પર્યાયો, ભલે કેવળજ્ઞાન હોય, કેવળદર્શન હોય. આહાહા! વિવિધ પ્રકારની અવસ્થાઓ બદલ્યા કરે એ વિનાનો છે. કેવળજ્ઞાન વિનાનો પરમભાવ છે એમ કહે છે. આહાહા!

તારા મોટપની શી વાતું કરવી? વાણીમાં આવે નહીં, પર્યાયમાં પર્યાયની દૃષ્ટિએ આવે નહીં. સમજાણું કાંઈ? આ ધર્મની મૂળ વાત છે. દુનિયાને ધર્મ એટલે શું એની મૂળ વાત કાને પડી નથી ને ધર્મ કરીએ.. ધર્મ કરીએ એમ માન્યા કર્યું છે. આ સામાયિક કરી ને પોષા કર્યા

પડિકમણા કર્યા, ચોવિહાર–રાત્રે આહારનો ત્યાગ એટલે ધર્મ થઈ ગયો. ધૂળેય ધર્મ નથી. આહાહા! સમજાણું કાંઈ? માનતા હતાને, બધા માનતા હતાને. હું ત્યાં દુકાન ઉપર અપવાસ કરતો ત્યારે ધર્મ માનતો. માનતા હતા... આઠ દિ'ના અપવાસ, ઓલા આવેને પર્યુષણ, ચાર અપવાસ કરીએ હોં ચોવિહારા પાણી વિનાના. નાની ઉંમરથી ૬૪ની સાલથી. પર્યુષણ આવે એટલે રાત્રે આહાર-પાણીની ... નહીં. અમથાય સાદા દિ'માં નહિ. આપણે ધર્મ કરીએ છીએ એમ માને. આહાહા!

એ કહે છે કે **આ કારણથી આ એકને પરમપણું છે**... શું કીધું? કે પંચમ ત્રિકાળી ભગવાન ધ્રુવસ્વરૂપ જે પરમાત્મા પોતાનું, એ ચાર ભાવથી (એટલે) એને આશ્રયે અગમ્ય છે, ચાર ભાવ વિનાનો છે, ચાર ભાવ વિનાનો છે એ કારણથી એને પરમપણું છે. આહાહા! વસ્તુ ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ, આદિ-અંત વિનાનો આત્મા, બદલતી ચીજ–અવસ્થા એ સિવાય આખું તત્ત્વ, એને આ કારણે પરમભાવ કહેવામાં આવે છે. આહાહા! એવો ત્રિકાળી ભગવાન સમ્યગ્દર્શનનો વિષય છે. ધર્મીને આશ્રય કરવાલાયક એ ચીજ છે. એ માટે તેને પરમભાવ કહેવામાં આવે છે. અને કેવળજ્ઞાન ને કેવળદર્શન જે સિદ્ધપદની પર્યાય એને પણ આની અપેક્ષાએ અપરમભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! થોડા પુણ્ય કરે ત્યાં દયા, દાન, વ્રત ને, આહાહા.. આપણે શું ધર્મ કર્યો જાણે. અને ચોવીસ કલાક, અડતાલીસ કલાક પાપ ને એક કલાક પડિકમણું કરી આવે સાંજે. મિચ્છામિ દુક્કડમ્.

શ્રોતા : એમ કે કલાકમાં પાપ ધોઈ નાખેને.

પૂજ્ય ગુરૂદેવશ્રી : પાપ કોને કહેવા? આહાહા! એ પાપ મારા છો, રાગ મારો છે એ (માન્યતા) જ મહા પાપ છે. આહાહા!

**આ કારણથી આ...** આ... 'આ' પહેલો શબ્દ હતો ઓલામાં. ફરીને 'આ' આવ્યું. ઓલું તો આને કહેવું છે એમ હતુંને. **આ એકને**... ત્રિકાળી ભગવાન નિત્યાનંદ પ્રભુ એવા ભાવને એકને જ પરમપણું કહેવામાં આવે છે. આહાહા! ભારે ટીકા, ગજબ ટીકા! આહાહા! મોટો હોય તો તે ત્રિકાળી સ્વભાવભાવ એક જ મોટો છે. એ સિવાય એની પાસે કોઈ મોટપ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? કહો, બાબુભાઈ! તમારા દીકરા સામું જોયું પછી તમારા સામું જોયું. આહાહા! કહે છે કે આ કારણે એને એકને... ઓલા છે ચાર. ત્રિકાળી પરમભાવ ભગવાન આનંદનો કંદ પ્રભુ એકલો અતીન્દ્રિય સદૃશસ્વભાવનું સ્વરૂપ ધ્રુવ એ **એકને જ પરમપણું** ગણવામાં આવે છે. ગણતરીમાં પરમને લેવું હોય તો એની ગણતરીમાં આ એક પરમ આવે છે. સમજાણું કાંઈ? આહાહા!

**બાકીના ચાર વિભાવોને અપરમપણું છે.** આહાહા! કહો, સોનગઢના પાદરમાં આ વાતું! આહાહા! (તીર્થંકરના) મુખથી અર્થરૂપે નીકળેલું, ગણધરે સૂત્રરૂપે રચેલું, એમાંથી કાઢીને સંતો

આ વાત કરે છે. આહાહા! **બાકીના ચાર વિભાવોને**... ઓહોહો! તીર્થંકરપણાનો જે ભાવ, કહે છે કે અપરમભાવ હોં. એ પરમભાવ નહીં. આહાહા! અરે! પ્રગટેલી કેવળજ્ઞાનદશા એને આ એક ભાવની અપેક્ષાએ પરમભાવ કહેવાતો નથી. એને તો અપરમ કહેવાય છે, એટલે કે મોટો એ નહીં એમ. કેવળજ્ઞાનની પર્યાય એ મોટી નહીં. આહાહા! એ કંવરચંદજી! આ બધા વાંધા કાઢે તમારા ગામમાંથી કેટલાક. અરે! ભગવાન આ વાંધા કાઢવા જેવું નથી પ્રભુ! ભાઈ! તું જુદો છો હોં. આહાહા! અરેરે! ઊંધી માન્યતાના ફળ, અરે! ચાર ગતિના ભ્રમણ અને ઘાણીમાં પીલાવા જેવા દુઃખો છે.

અરે! શ્રીમદ્ કહે છે, 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ, માને માર્ગ મોક્ષનો..' તિરસ્કાર કરવા જેવા નહીં, કરુણા કરવા જેવા છે. આહાહા! સમજાણું કાંઈ? કહે છે કે ક્ષાયિક સમકિત પ્રગટ્યું હોય તોપણ ભૂલી જા એને. એમ કહે છે.–એ પરમભાવ નહીં એમ કહે છે. આહાહા! જે ક્ષાયિક સમકિત પ્રગટ્યું એ એમને એમ રહેવાનું સિદ્ધ(દશા) સુધી એમને એમ. તોય એ પરમભાવ નહીં હોં. આહાહા! એ ચેતનજી! લ્યો, અહીં પર્યાયની કિંમત કાઢી નાખી. પર્યાયે પોતાની કિંમત કાઢી નાખી. આ પરમભાવ, ત્રિકાળી સ્વભાવ એ પરમભાવ છે. અરે! એને વિશ્વાસમાં, એના જ્ઞાનમાં આ 'અસ્તિ છે' એમ જ્ઞેય તરીકે ભાસવું જોઈએ. ભાઈ! આહાહા! સમજાણું કાંઈ?

**બાકીના ચાર વિભાવોને**... ઓહોહો! યથાખ્યાત ચારિત્ર, વીતરાગભાવ પર્યાયનો, એ અપરમભાવ છે. પાઠમાં 'સમભાવ' છે હોં. એ ત્રિકાળી વીતરાગરૂપ પારિણામિકભાવ સ્વભાવભાવ, વીતરાગભાવી પરમસ્વભાવીભાવ, એને જ પરમભાવ (કહ્યો). એને હિસાબે તો વીતરાગતા પ્રગટી એને પણ પરમભાવપણું કહેવાતું નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે. ભાષા બહુ એવી ઝીણી નથી. ભાષા તો ચોખ્ખી આવે છે. આહાહા! યથાખ્યાત ચારિત્ર, જે જૈનશાસનનું તાત્પર્ય વીતરાગભાવ એ પરમભાવ નહીં, કહે છે.

જેને શાસ્ત્રનું તાત્પર્ય કહ્યું, આખા ચાર અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. પરની ઉપેક્ષા કરી, સ્વની અપેક્ષા કરીને વીતરાગતા તે તાત્પર્ય. પણ એ વીતરાગભાવેય પરમભાવ નહીં. એ પણ ત્રિકાળી વીતરાગભાવની અપેક્ષાએ અપરમભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! અમારે રાયચંદ ગાંધી હતાને, આના ભઈજી, એ ગાતા કેટલીક વાર. ભાઈ! 'આ તે રંગ શાનો રે, બીબે બીજી ભાતું પડે..' અમારા રાયચંદભાઈ છે. ગૃહસ્થ માણસ, શેઠીયા મોટા. પચાસ-પચાસ હજારની પેદાશ તે દિ', પચાસ વર્ષ પહેલા હોં. ... ઘરે રૂનો ધંધો. 'આ તે રંગ શાનો રે, બીબે બીજી ભાતું પડે રે..' બીબું હોયને બીબું, એમાં એવો રંગ હોય કે આમ ... ભાત બીજી પડે. આહા! એવો ભગવાન પરમસ્વભાવભાવ જેનો આશ્રય લઈને વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટે, એ જુદી જાતના બીબા આત્માના છે. સમજાણું કાંઈ? આહાહા!

**સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ...** ભાષા જુઓ! એ છે જ નહીં એમાં, કહે છે મૂળ તો. સમસ્ત કર્મરૂપી વિષ–ઝેરના ઝાડ.. આહાહા! અરે! તીર્થંકરપ્રકૃતિ ઝેરનું ઝાડ અને જે ભાવે તીર્થંકરપ્રકૃતિ બંધાય એ અપરમભાવ. આહાહા! ઓલો તો રાજી રાજી થઈ જાય. સમજાણું કાંઈ? કહે છે કે સમસ્ત કર્મ એટલે કર્મની ૧૪૮ પ્રકૃતિ હોં. આહાહા! એ બધા વિષવૃક્ષ, એ બધા ઝેરના ઝાડ. ભગવાન તો અમૃતનો સાગર પ્રભુ પરમભાવ જે ચીજ અંદરમાં, એ તો અતીન્દ્રિય અમૃતનો સાગર છે. એનામાં એવી તાકાત છે કે એનો જે આશ્રય લે એને કર્મના મૂળિયા રહે નહીં. અહીં તો એમ કહેવું છે કે એમાં એ નથી.

સમસ્ત કર્મરૂપી ઝેરના ઝાડ... આહાહા! અહીં જરા પુણ્ય બાંધ્યું હોય થોડું, ત્યાં તો આહાહા.. અમે તો પુણ્ય કર્યાં, દયાઓ પાળી, વ્રત પાળ્યા, એના ફળ તરીકે કાંઈક મળે ધૂળ બહારની પાંચ-પચ્ચીસ કરોડ રૂપિયા.. આહાહા! 'હું પહોળો ને શેરી સાંકડી' થઈ ગયું એને. આહાહા! એ ઝેરના ઝાડના ફળ. એ તોડીને ખા ઝેર. ધૂળેય મીઠા નથી. સમજ્યાને? સર્પ કરડ્યો હોય એને લીમડો મીઠો લાગે. એ ઝેરને કારણે છે. લીમડો મીઠો નથી. ઝેર ચડ્યા હોય ને પછી લીમડો ખવડાવે... કેમ લાગે છે? મીઠો લાગે છે. હં, ઝેર ચડ્યું છે. .... તપાસ કરે ઝેરની.

સમસ્ત કર્મરૂપી... આહાહા! ભાવકર્મ ને જડકર્મને મૂળમાંથી ઉખેડી નાખવાની તાકાત છે એવો પરમભાવ ભગવાન. આહાહા! એક ક્ષણ એનો–પરમભાવનો જ્યાં આશ્રય લે, આખા સંસારના મૂળિયા ઉખેડી નાખે. આલુંછન છેને? મૂળમાંથી છેદી નાખે, લુંછન કરી નાખે મૂળમાંથી. આહાહા! આ ગધેડા ખાયને ઘાસ, આખું ખેંચીને ખાય. એનું મૂળિયું ન રહેવા દે. આલુંછન. ગાયું એમ ન હોય. ગાય ઉપર ઉપરનું ખાય. પાછો વરસાદ આવે તો મૂળિયું વધે. કહે છે કે એવો જે ભગવાન સમસ્ત કર્મરૂપી... કર્મની તો ગંધ ન રહે. આહાહા! કહે છે કે તીર્થંકરગોત્રનો ભાવ તો રહે કે નહીં? અને એના ફળ તરીકે એને હોય કે નહીં? ના, ના, ભાઈ! એ ફળ આત્માના નહીં. આહાહા! સમવસરણ... પુણ્યફલા અરહંતા... એની તકરારું ચાલે છે. ઓલો કહે કે પુણ્યને લઈને અરિહંતપદ મળ્યું. ત્યાં કહે છે, પુણ્યનું ફળ, અરિહંતનું સમવસરણ એ બધું પુણ્યફળ છે. એના ઉદયભાવ જે છે એ પુણ્યફળ છે, એ આત્માને શોભા નથી. સમજાણું કાંઈ?

**કર્મરૂપી વિષવૃક્ષના મૂળને**... મૂળને. એનું મૂળ જ ઉખેડી નાખે. ફરીને ઉગે નહીં. આહાહા! સમજાય છે કાંઈ? દિગંબર સંતોની ટીકા તો જુઓ! આ વાડો નથી કાંઈ. વસ્તુનો સ્વભાવ છે. આહાહા! અરે! રાંકને રતન જોવા પણ મળે નહીં. રાખવા તો મળે નહીં, પહેરવા તો મળે નહીં, જોવાય મળે નહીં. આહાહા! અરે! આવી વાતું મહાપુણ્ય વિના સાંભળવા મળે નહીં. સમજાણું કાંઈ? એવી આ ચીજ છે. આહાહા! કહે છે કે મૂળમાંથી ઉખેડી નાખવાનો તેનો સ્વભાવ છે. એટલે કે એનામાં નથી અને એનો આશ્રય લે એને મૂળમાંથી કર્મનો નાશ થઈ જાય છે. બીજી રીતે નાશ થાય કર્મનો, એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

**સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવા સમર્થ એવો આ પરમભાવ...** આ શું હશે? પાગલ છે કાંઈ કે આવા વખાણ કરે છે? ભાઈ! તને ખબર નથી. તારી ચીજમાં મોટપ પડી છે એ મોટપની તને ખબર નથી. જે મોટપ, કેવળજ્ઞાન આગળ પણ જેની મોટપ મહા છે. અને કેવળજ્ઞાનની મોટપ એ અમોટપ, તુચ્છ છે. આહાહા! જેની એક સમયની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય એ છેલ્લામાં છેલ્લી દશા વીતરાગી કેવળીની, પણ એ તે ત્રિકાળી પરમભાવની અપેક્ષાએ તો એ તુચ્છ ને અપરમ છે. બાપુ! આ તો કુંદકુંદાચાર્યના શાસ્ત્ર, ભગવાનની વાણી-ત્રણ લોકના નાથની નીકળેલી વાણી છે. ભાઈ! તું પામરને ઘરે ભરતક્ષેત્રમાં એવામાં આવી ગયો, એથી કરીને આ ચીજ છે એ કાંઈ બીજી ન થાય. સમજાણું કાંઈ? આહાહા!

**આ પરમભાવ ત્રિકાળ-નિરાવરણ...** ત્રિકાળ નિરાવરણ... વસ્તુ છે ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ, અસ્તિ-સત્તા, મહિમાવાળો પદાર્થ ધ્રુવ ત્રણે કાળે નિરાવરણ છે. **ત્રિકાળ-નિરાવરણ નિજ કારણ-પરમાત્માના...** એવો જે પરમભાવ એને અહીં નિજ કારણપરમાત્મા કહ્યો છે. જેને અહીં પરમભાવ કહ્યો ધ્રુવ ચિદ્-પ્રભુ, એને અહીં નિજ કારણપરમાત્મા કહ્યો. આહાહા! ભગવાન! કારણપરમાત્મા તું છે, કહે છો હોં. કાર્યપરમાત્મદશા જો થાય તો તારામાંથી થાય. આહાહા! સમજાણું કાંઈ? એ બધી દયા ને દાન ને વ્યવહાર ને વ્રત કરવાથી કાર્યપરમાત્મા થાય એમ નહીં, એમ કહે છે. આહાહા!

**ત્રિકાળ-નિરાવરણ નિજ કારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે કુદૃષ્ટિને...** આહાહા! આવો ભગવાન અંદર પરમ સ્વભાવભાવ હોવા છતાં, જેની દૃષ્ટિ કુદૃષ્ટિ-આંધળી દૃષ્ટિ છે એને દેખાતો નથી કહે છે. એને છતો નથી એમ કહે છે. આહાહા! **સદા નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં...** ઓહો! ભગવાન પરમાનંદને નિત્યતા ધ્રુવતા પડી છે. આરે, આવી વાતું કેવી લાગે! આવો ધર્મનો ઉપદેશ કેવો? એય! હા, પણ બધા ૫૦ વર્ષમાં સાંભળ્યું હતું ન્યાં? આહાહા! એવા મિથ્યાત્વકર્મના ઉદયને લઈને વિપરીત માન્યતા—રાગમાં ધર્મ, નિમિત્તમાં લાભ, એક સમયની પર્યાય જેટલો એવી જે બુદ્ધિ છે— એવાને આ છતી ચીજ (હોવા) છતાં એને માટે અછતી છે. સમજાય છે? એમ છેને જુઓને! **અવિદ્યમાન જ છે.** કેમકે એને પ્રતીતમાં લેતો નથી. જ્ઞાનીને વિદ્યમાન છે, અજ્ઞાનીને વિદ્યમાન છે નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો સુદ ૧૧, બુધવાર, તા. ૧૮-૧૦-૧૯૭૨**
**ગાથા-૧૧૦, પ્રવચન નં. ૧૨૩**

(પરમ આલોચના) અધિકાર હૈ, બહોત સૂક્ષ્મ હૈ. એમાં વળી હિન્દી. ૧૧૦ ગાથા ચલતી હૈ. કહતે હૈં કિ આત્મામેં પરમસ્વભાવભાવ જો ધ્રુવ હૈ.... આત્મા હૈ ન આત્મા, ઉસમેં નિત્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ, કાયમી પરમસ્વભાવ હૈ, એક સમયકી અવસ્થા ઉસસે ભી દૂરવર્તી હૈ. ઐસી પરમભાવ જો અપની ચીજ હૈ ઉસકી દૃષ્ટિ કરના, ઉસકા આશ્રય લેના, ઉસકા નામ સમ્યગ્દર્શન ને ધર્મ કહનેમેં આતા હૈ. કહો, સમજમેં આયા? આત્મા–અપને આત્મામેં દો અંશ હૈં. એક વર્તમાન પરિણમન, પરિણમન–પર્યાયરૂપ અંશ હૈ ઔર એક ત્રિકાલી ધ્રુવ અંશ હૈ. જો કાયમ એકરૂપ રહનેવાલા હૈ ઉસકો યહાં પરમભાવ કહનેમેં આતા હૈ.

પર વહ પરમભાવ મોજૂદ હોને પર ભી **ત્રિકાલ-નિરાવરણ નિજ કારણપરમાત્માકે સ્વરૂપકી શ્રદ્ધાસે પ્રતિપક્ષ...** જિસકી શ્રદ્ધા... અપના ત્રિકાલી પરમ સ્વભાવભાવ ઉપર દૃષ્ટિ ... નહીં ઐસી કુદૃષ્ટિ–મિથ્યા દૃષ્ટિ હૈ. જિસકી દૃષ્ટિમેં વર્તમાન પુણ્ય-પાપકે વિકાર કિ વર્તમાન અંશ વર્તતા હૈ, ઉસકો પરમ વિદ્યમાન હૈ ઐસી શ્રદ્ધા નહીં, તો ઉસકે લિયે તો (વિદ્યમાન) નહીં હૈ. બહુત સૂક્ષ્મ બાત હૈ ભાઈ! વીતરાગમાર્ગમેં યે ક્યા? પૂર્ણ રહસ્ય હૈ. આહાહા! કહતે હૈં, **કુદૃષ્ટિકો સદા નિશ્ચયસે વિદ્યમાન હોને પર ભી...** વસ્તુ ભગવાન આત્મા નિત્ય ધ્રુવ સદા વિદ્યમાન હૈ. ઐસા હોને પર ભી જિસકી દૃષ્ટિ વર્તમાન પુણ્ય ને પાપ આદિ રાગ ઉપર, નિમિત્ત ઉપર હૈ, ઐસે કુદૃષ્ટિવંતકો વિદ્યમાન હોને પર ભી.. પરમભાવ ધ્રુવ વિદ્યમાન હોને પર ભી **અવિદ્યમાન હી હૈ.** આરે, આવી વાત. આ ધર્મ કેવો? સમજમેં આયા? આહાહા!

કુદૃષ્ટિકો **વિદ્યમાન હોને પર ભી, અવિદ્યમાન હી હૈ. (કારણ કિ મિથ્યાદૃષ્ટિકો ઉસ પરમભાવકે વિદ્યમાનપનેકી શ્રદ્ધા નહીં હૈ).** આહાહા! સંતોએ તો ઘણું સરળ, સહજ કરી નાખ્યું છે. સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મીજીવકો ત્રિકાલીભાવ પરમસ્વભાવ ધ્રુવભાવ ઉસકી દૃષ્ટિ હુઈ હૈ. ઉસ દૃષ્ટિકે કારણ વહ 'વિદ્યમાન હૈ' ઐસી પ્રતીત હુઈ હૈ, ઉસકે લિયે વિદ્યમાન હૈ. આહાહા! ભારે આકરું કામ. સમજમેં આયા? જિસકી દૃષ્ટિમેં, નિમિત્ત સંયોગી ચીજ ઉપર દૃષ્ટિ હૈ ઔર દયા, દાન, વ્રત, પૂજા, કામ, ક્રોધકે પરિણામ—ઉન પરિણામ ઉપર જિસકી દૃષ્ટિ હૈ ઉસકો તો પરમભાવ વિદ્યમાન હોને પર ભી–મોજૂદ હોને પર ભી તો ઉસકો તો અમોજૂદ હૈ. આરે, ભારે કામ આકરું. ગીરધરભાઈ! આવું કોઈ દિ' સાંભળ્યું નહોતું ત્યાં. કહો, સમજમેં આયા?

ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર સંત થે, ભગવાનકે પાસ ગયે થે, આઠ દિન રહે થે. વહાંસે આકર યે શાસ્ત્ર બનાયા હૈ. ઉસમેં નિયમસાર તો અપની ભાવનાકે લિયે બનાયા હૈ. સમજમેં આયા? ઉસકા એક-એક શ્લોક, ઉસકે કલશમેં પરમસ્વરૂપ ભગવાન આત્માકી દૃષ્ટિ

કરાનેકો ઉસકા હી ગાના ગાયા હૈ. ..લાલજી! આહાહા! જબ તક પ્રાણીકી અપને નિત્ય ધ્રુવ સ્વભાવ વિદ્યમાનતા ઉપર દૃષ્ટિ નહીં, તબ તક ઉસકો વિદ્યમાન હોને પર ભી ઉસકો તો હૈ નહીં. ઉસકી દૃષ્ટિમેં તો વર્તમાન પર્યાય અંશ પ્રગટ હૈ ઔર રાગ ને પુણ્ય ને નિમિત્ત વહ ઉસકી હયાતીમેં, દૃષ્ટિમેં હૈ. સમજમેં આયા?

કુદૃષ્ટિકા અર્થ વહ કિ જિસકી દૃષ્ટિ, વર્તમાન પર્યાય પ્રગટ અંશ હૈ ઉસ પર જિસકી દૃષ્ટિ હૈ ઔર દયા, દાન, વ્રતાદિકે વિકલ્પ–રાગ હૈ ઉસ ઉપર દૃષ્ટિ હૈ. ઉસ દૃષ્ટિવંત કુદૃષ્ટિકો, ત્રિકાલી ધ્રુવ વીતરાગમૂર્તિ ધ્રુવ પ્રભુ હૈ ઐસા વિદ્યમાન–મોજૂદ હોને પર ભી ઉસકી મોજૂદગી દૃષ્ટિમેં લી નહીં તો અજ્ઞાનીકે લિયે તો વહ અવિદ્યમાન હૈ. આહાહા! સમજમેં આયા? ધર્મીજીવકી દૃષ્ટિ... ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવને કહા વહી કુંદકુંદાચાર્ય કહતે હૈં. ભાઈ! તેરેમેં ત્રિકાલ નિત્ય ધ્રુવસ્વરૂપ જો પરમભાવ હૈ, જિસકે આગે કેવલજ્ઞાનકી પર્યાય ભી અપરમભાવ હૈ, આહાહા! કેવલજ્ઞાનકી પર્યાય ભી છોટા ભાવ હૈ. સમજમેં આયા?

ત્રિકાલ-નિરાવરણ પરમાત્મા અપના નિજસ્વભાવ ઐસી જિસકી દૃષ્ટિ હુઈ, ઉસકો વિદ્યમાન હૈ, ઉસકો દૃષ્ટિમેં સફલતા આયી. સમજમેં આયા? દૃષ્ટિ કી ઉસકો વિદ્યમાનકી સફલતા આયી એમ કહતે હૈં. ભારે કઠણ આવો ધર્મ. આ તે કાંઈ... અભી તો સમ્યગ્દર્શનકી બાત ચલતી હૈ, પ્રથમ સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શનકા વિષય, ધ્યેય ઔર દૃષ્ટિકો આશ્રય કરનેલાયક ચીજ વહ તો ત્રિકાલી પરમસ્વભાવ ભગવાન અપના નિજસ્વરૂપ હૈ. જો ચાર— ઉદય, ઔપશમ, ક્ષાયોપશમ, ક્ષાયિક વર્તમાન પર્યાય હૈ ઉસસે ભી ભિન્ન હૈ. ઉન ચાર ભાવમેં વહ ધ્રુવભાવ આતા નહીં. આહાહા! શું કહે છે આ તે? આવો કેવો ધર્મ? સમજમેં આયા?

વ્રતકા પરિણામ, દયા-દાનકા પરિણામ, યાત્રાકા ભાવ વહ સબ પુણ્ય હૈ. ઉસસે ધર્મ નહીં ને વહ ધર્મરૂપ નહીં. ધર્મરૂપ તો સમ્યગ્દર્શન હૈ. ઔર વહ સમ્યગ્દર્શન, ઐસી ક્રિયા કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ ઐસા હૈ નહીં. ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા ઇન્દ્રો ને ગણધરોની સમક્ષમાં ફરમાવતા હતા કે સમ્યગ્દૃષ્ટિકા વિષય અર્થાત્ ઉસકા ધ્યેય ત્રિકાલી ધ્રુવ પરમસ્વભાવ હૈ. ઉસ પરમભાવકી વિદ્યમાનતાકી જિસકો શ્રદ્ધા અંતરમેં સન્મુખ હોકર હુઈ, ઉસકો વિદ્યમાન હૈ. સમજમેં આયા? દૃષ્ટિકી ખબર નહીં કિ સમ્યગ્દર્શન ક્યા હૈ ને સમ્યગ્દર્શન કૈસે પ્રાપ્ત હોતા હૈ. ચારિત્ર તો અભી પીછે. સમજમેં આયા?

સમ્યગ્દર્શન હુએ પીછે પરમસ્વભાવભાવ ધ્રુવમેં લીન હોતા હૈ, આનંદસ્વરૂપ ભગવાન આત્મામેં લીન હોતા હૈ ઉસકા નામ ચારિત્ર હૈ. વહ ચારિત્ર પ્રથમ સમ્યગ્દર્શન બિના હોતા નહીં ઔર વહ સમ્યગ્દર્શન ત્રિકાલી ધ્રુવકા આશ્રય બિના કભી હોતા નહીં. દેવ-ગુરુ, શાસ્ત્રકે આશ્રયસે ભી સમકિત નહીં હોતા. દેવ-ગુરુ ને ધર્મકી શ્રદ્ધાકે આશ્રયસે ભી સમકિત નહીં હોતા. અમરચંદજી! કેમકે દેવ-ગુરુ-શાસ્ત્રમાં લક્ષ કરે તો એ રાગ છે, પુણ્ય છે. યહાં તો એક

સમયકી પર્યાય જો હૈ ઉસકે આશ્રયસે ભી સમ્યગ્દર્શન નહીં હોતા. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભગવાન! આહાહા! યે ચીજ કભી સુની નહીં, ક્યા મેરી ચીજ હૈ અંદર.

વર્તમાન એક સમયકી દશા જો ચલતી હૈ જાનનેકી, માનનેકી (-શ્રદ્ધાકી), ઉસ દશાકે પીછે ભગવાન નિત્યાનંદ ધ્રુવસ્વભાવ જિસકો યહાં પરમભાવ કહા, ઉસ પરમભાવકી મોજૂદગી–હયાતી હોને પર ભી કુદૃષ્ટિકો ઉસકી દૃષ્ટિમેં આયા નહીં તો ઉસકો વિદ્યમાન નહીં. આહાહા! ભારે કામ! (**કારણ કિ મિથ્યાદૃષ્ટિકો ઉસ પરમભાવકે વિદ્યમાનપનેકી શ્રદ્ધા નહીં**). આહાહા! ભારે કામ ભાઈ! સર્વજ્ઞ વીતરાગ સિવાય આ માર્ગ બીજે ક્યાંય છે જ નહીં. સમજમેં આયા? ક્યોંકિ સર્વજ્ઞ પરમેશ્વરને ધ્રુવસ્વરૂપ આદિ-અંત બિનાકે (દ્રવ્યકા) અંત લિયા હૈ. આહાહા! ઉસકા અંત લિયા કિ ચીજ ઐસી હૈ. ઔર અપની ત્રિકાલી પર્યાયકા ભી અંત લિયા જિસને. આહાહા! સમજમેં આયા?

ઐસા સર્વજ્ઞ ભગવાન અરિહંતદેવ તીર્થંકર પ્રભુ ઉનકે મુખસે નિકલી યે વાણી હૈ. કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત સંવત ૪૯મેં ભરતક્ષેત્રમેં થે. વે ભગવાનકે પાસે ગયે થે. વર્તમાન જીવંતસ્વામી–જીવતા ભગવાન બિરાજતે હૈં. મહાવીર ભગવાન આદિ તો મોક્ષ પધારે. મહાવિદેહમેં તીર્થંકર પરમાત્મા સાક્ષાત્ મોજૂદ–જીવંત–જીવતા હૈ. આહાહા! એ જીવતા ભગવાન પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય. .... સમજમેં આયા?

જીવંતસ્વામી યે આત્મા ધ્રુવ ત્રિકાલ નિત્યસ્વભાવ ભગવાન આત્માકા, જીવતર ....... જીવન.. જીવન.. જીવન.. જીવન ત્રિકાળ. આહાહા! ઉસ જીવંતસ્વામીકે પાસ જાય ઉસકો સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહા! કહો, સમજમેં આયા? વીતરાગકા માર્ગ સૂક્ષ્મ હૈ પ્રભુ! ઐસે દુનિયાને માન લિયા હૈ, સમજમેં આયા? હમ પૂજા, ભક્તિ, યાત્રા કરતે હૈં તો હમેં ધર્મ હો ગયા, દાન પાંચ-દસ લાખકા દિયા તો ધર્મ હો ગયા. પુણ્યકા અર્થ રાગ મંદ કરે તો પુણ્ય હોવે. વહ પુણ્ય તો બંધકા કારણ હૈ. ભગવાન કુંદકુંદાચાર્ય... આહાહા! શું કહ્યું જુઓને!

**सकीयपरिणामो**.. **समभावो** એની વ્યાખ્યા.... અંદર આવી નહીં, એનો અર્થ જ એ થઈ ગયો કે વીતરાગીભાવ, સ્વકીય પરિણામ ત્રિકાલ વીતરાગભાવ હી હૈ. સમજમેં આયા? કાંતિભાઈ! આહાહા! પ્રભુ આત્મા ત્રિકાલ ધ્રુવ નિત્ય.. નિત્યસ્વભાવ વહ સમભાવ–વીતરાગભાવ સ્વરૂપ હૈ. સદૃશ ત્રિકાલ વીતરાગભાવસ્વરૂપ હૈ. ઔર સ્વકીય પરિણામ અપની અસ્તિ રખનેવાલા પરિણામ હૈ. પરિણામ નામ પારિણામિકભાવ. આહાહા! કહો, હિંમતભાઈ! કાલ હતા? નહીં. કાલ નહોતા. આ વાંચ્યું ક્યારે? આઠમને દિ' વાંચ્યું. આઠમને દિ' હતા કે નહીં? રવિવારે હતા. .... આહાહા!

ભગવાન આત્મા નિજનિધાન, અપના જો ત્રિકાલ નિધાન વહ અતીન્દ્રિય આનંદકા પિંડ રસકંદ હૈ. ઉસ અતીન્દ્રિય આનંદકી જિસકો શ્રદ્ધા હુઈ ઔર અતીન્દ્રિય આનંદકા જિસકો

અંતરમેં પર્યાયમેં સ્વાદ આયા ઉસકો યે પરમભાવ મોજૂદ હૈ. ઉસ દ્વારા ખ્યાલ આયા કિ ઓહો! યે ચીજ તો પરમ આનંદમય ઐસી હૈ. સમજમેં આયા? બાકી આ બધા વ્રત ને તપ ને પૂજા ને ભક્તિ કરે એમાં રાગની મંદતા હોય તો પુણ્ય થાય. અશુભભાવસે બચનેકે લિયે (આતે હૈં), બાકી ધર્મ નહીં.

શ્રોતા : શુભભાવથી બચવા માટે આ એક જ ઉપાય હશે...?

પૂજ્ય ગુરુદેવશ્રી : શુભભાવથી બચવા માટે આ ઉપાય છે. અશુભમાંથી બચવા માટે શુભભાવ છે અને શુભભાવથી બચવા માટે આ ભાવ છે. ભગવાનજીભાઈ! આહાહા!

**નિત્યનિગોદકે જીવોંકો ભી...** અબ કહતે હૈં ભગવાન આચાર્ય. દિગંબર સંત સબ વનવાસી થે. આત્મધ્યાની આત્માકે આનંદકી લહેરમેં અંદર રમતે થે. રમતે-રમતે વિકલ્પ આ ગયા ને શાસ્ત્ર રચા ગયા. સમજમેં આયા? દુનિયાકો આમંત્રણ કરતે હૈં, ભાઈ! પ્રભુ! તેરી પ્રભુતા અંતરમેં પૂર્ણ પડી હૈ નાથ! તેરી તુજે ખબર નહીં, તેરી તુજે ખબર નહીં. આહાહા! કહતે હૈં કિ નિત્યનિગોદકે જીવોં જો કભી ત્રસ નહીં હુએ. ઐસે નિગોદકે જીવ હૈં ન? એક શરીરમેં અનંત આત્મા હૈં. ઐસે નિગોદજીવ હૈં. નિગોદ સમજતે હો ન? આલુ, લીલ-ફૂગ, કાઈ આદિ સબકો નિગોદકા જીવ કહનેમેં આતા હૈ. ઐસા-ઐસા.... હરિતકાય નહીં. હરિતકાય તો પ્રત્યેકમેં આતે હૈં. આ નિગોદ સાધારણ.

કહે છે કે અનંત નિગોદકે જીવ હૈં જો કભી ત્રસ નહીં હુએ, કભી મનુષ્ય હુએ નહીં. ઐસે અનંત નિગોદકે જીવ પડે હૈં. ઉન જીવોંકો ભી **શુદ્ધનિશ્ચયનયસે વહ પરમભાવ 'અભવ્યત્વપારિણામિક' ઐસે નામ સહિત નહીં હૈ...** આહાહા! કહતે હૈં કિ નિત્યનિગોદકે જીવ જો અનંત હૈં, કભી ત્રસ નહીં હુએ, મનુષ્યપના કભી હુઆ નહીં, ઐસે જીવકો ભી પરમભાવ અંદર મોજૂદ હૈ. સમજમેં આયા? આહાહા! ઊંચી ચીજ આત્મા હૈ ન. આત્મા હૈ તો ઉસકા નિત્ય સ્વભાવ ઉસમેં મોજૂદ હૈ. ધ્રુવસ્વભાવ, અવિચલસ્વભાવ, પરમભાવ. આહાહા! અરે! આ વિદ્યા ..... રહેશે. દુનિયાની વિદ્યા શીખવાને મરી ગયો. મરી જાય (એટલે) સત્યાનાશ થયો. હેરાન.. હેરાન. અમેરિકા ગયા ને જાપાન ગયા ને યુરોપ ગયા. પાપની વિદ્યા એકલી.

અરે! યે ચીજ ક્યા હૈ? આવું મનુષ્યપણું મળ્યું, તેરે ખ્યાલમેં ભી યે ચીજ (આયી નહીં). તું કૌન હૈ કાયમી ઉસકા ભી ખ્યાલ નહીં તો ક્યા તુજે કરના હૈ અબ? સમજમેં આયા? તેરી ચીજ અંદર ત્રિકાળ ભગવાન બિરાજતા હૈ ધ્રુવ પરમાત્મા. 'અપ્પા સો પરમપ્પા.' આત્મા પરમાત્મા હી હૈ ધ્રુવ. આહાહા! યે પરમાત્માકી શક્તિ નિત્યનિગોદમેં ભી વિદ્યમાન હૈ. સમજમેં આયા? કીડી હો, કંથવા હો છોટા, ઉસમેં ભી નિત્ય પરમભાવ પડા હૈ અંદર. આહાહા! વર્તમાન દેખે તો એ રૂપ દેખાય, કીડા દેખાય, આહાહા! કંગાળ દેખાય, ખાનેમેં રોટી ન મિલે,

પચ્ચીસ-પચ્ચીસ વાર માગે તો કોળિયો કંઈક મળે. હો, વહ દશા અજ્ઞાનકી હૈ, પણ અંતરમેં તો પરમ નિધાન પડા હૈ. સમજમેં આયા? આહાહા!

નીમકા પત્તા. એક પત્તેમેં અસંખ્ય જીવ. એક જીવમેં નિત્ય પરમસ્વભાવ ધ્રુવ કાયમકા પડા હૈ. આહાહા! યે વિશ્વાસ કબ આયે? અપને પરમભાવકા વિશ્વાસ આવે તબ ઉસકા વિશ્વાસ આવે. ..... નહીં તો યે એકેન્દ્રિય જીવ હૈ, યે દ્વિઇન્દ્રિય જીવ હૈ, ત્રિઇન્દ્રિય જીવ હૈ, પર્યાપ્ત હૈ ને અપર્યાપ્ત હૈ, ગરીબ હૈ, યે તવંગર–પૈસાવાલા હૈ. એ તો બધી બહારની વાતું ભગવાન! અંતરમાં ભગવાન આત્મા.. ઓહોહો! એ કંથવો હોય કંથવો, કંથવો ઝીણો. શાસ્ત્રમેં તો અંગુલકે અસંખ્યવે ભાગમેં ઉસકી–છોટે કંથવેકી અવગાહના ગિની હૈ. અંગુલકે અસંખ્યવે ભાગમેં નિગોદકે જીવ અનંત હૈં. આહાહા!

યે જીવ જો અનંત હૈં વહ એક-એક જીવ શુદ્ધનિશ્ચયસે પવિત્ર સત્ય દૃષ્ટિસે દેખો તો, ઉસકી પવિત્રતાકો દેખનેવાલી પવિત્ર નિશ્ચય–સત્ય દૃષ્ટિસે દેખો તો, ઉસ જીવમેં ભી પરમધામ ભગવાન પૂર્ણ પરમસ્વભાવ પડા હૈ. સમજમેં આયા? અરે! અભવિ ભી સ્વભાવમેં ઐસા પડા હૈ. પણ એને પ્રગટ કરતો નથી એટલે એને એ સ્વભાવ છે નહીં એમ (અર્થાત્) એને અવિદ્યમાન છે. દૃષ્ટિમેં દોલત–અપની નિજદોલતકી દૃષ્ટિ કભી કરી નહીં. સમજમેં આયા?

**નિત્યનિગોદકે જીવોંકો ભી...** 'જીવોંકો ભી' એટલે શું કહ્યું? દૂસરે પ્રાણીયોંકો તો આત્મા નિત્ય પરમસ્વભાવ ધ્રુવ હૈ હી, પણ નિત્યનિગોદકો ભી હૈ. આહાહા! **શુદ્ધનિશ્ચયનયસે**... ઉસકી પવિત્ર નિશ્ચય–સત્ય દૃષ્ટિસે દેખો તો ઉસમેં પરમધામ પરમસ્વભાવ ધ્રુવભાવ પરમ અતીન્દ્રિય આનંદકા રસકંદ ધ્રુવ પડા હૈ. **'અભવ્યપારિણામિક' ઐસે નામ સહિત નહીં હૈ**. યહાં તો ઐસા કહતે હૈં કિ અભવ્યકો (ત્રિકાળી સ્વભાવ) હૈ, પણ પ્રગટ નહીં હોવે ઐસા નહીં, ઉસમેં હૈ તો પ્રગટ હોવે ઐસી ચીજ હૈ. સમજમેં આયા? આહાહા!

**(પરન્તુ શુદ્ધરૂપસે હી હૈ).** ભલે નિગોદકી વર્તમાન પર્યાય હો, મલિન મિથ્યાત્વસે–અગૃહીત મિથ્યાત્વસે ભરી પર્યાય હો, પણ ભગવાન તો અંદર ધ્રુવસ્વરૂપ પૂર્ણાનંદકા દલ ધામ પડા હૈ. આહાહા! કોઈ દિ' સાંભળ્યું ન હોય, શું કહે છે–ક્યા કહતે હૈં. પાગલ જૈસી બાત લગે. પાગલ થઈ ગયો છેને અનાદિનો, તો પરમેશ્વર અપના અંદરમેં પૂર્ણ હૈ ઉસકી પ્રતીત આતી નહીં. આહાહા! ચાહે તો અબજોપતિ હો, કરોડોપતિ કિ રાજા-મહારાજા હો કિ અહમિન્દ્ર હો, જિસકી દૃષ્ટિ પર્યાય, રાગ ને વિકાર ઉપર હૈ, વે સબ મિથ્યાદૃષ્ટિ પામર–રાંક હૈં. સમજમેં આયા? કહતે હૈં ભગવાન, જિસકી દૃષ્ટિમેં, પર્યાયદૃષ્ટિ છોડકર ત્રિકાલી વસ્તુ જો નિત્યાનંદ પ્રભુ અપના–નિજ સ્વભાવ, આહાહા! ઐસે આનંદકી દૃષ્ટિ હુઈ, ઉસકો વિદ્યમાનતાકા ખ્યાલ આયા, તો ઉસકે લિયે વિદ્યમાન હૈ. આહાહા! સમજમેં આયા?

દૃષ્ટાંત દેતે હૈં. **જિસપ્રકાર મેરુકે અધોભાગમેં સ્થિત સુવર્ણરાશિકો ભી સુવર્ણપના હૈ...** મેરુપર્વત હૈ કિ નહીં? ઉસકે નીચે સોના પડા હૈ. એક લાખ જોજનકા મેરુપર્વત હૈ ન મધ્યમેં–જંબૂદ્વીપકે મધ્યમેં, ઉસકે નીચે સારા સોના–સુવર્ણ પડા હૈ. **સુવર્ણપના હૈ, ઉસીપ્રકાર અભવ્યોંકો ભી પરમસ્વભાવપના હૈ...** દેખો! ભલે અભવિજીવ હો, પણ અંતરમેં તો પરમસ્વભાવ ધ્રુવ પડા હૈ ઉસકે પાસ. આહાહા! સમજમેં આયા?

કહા થા ન એક બાર. ૮૭કી સાલમેં વઢવાણમેં બડી ચર્ચા હુઈ સ્થાનકવાસી સાધુકે સાથ. હમ ભી ઉસમેં થે ન. ચર્ચા હુઈ તો વહ કહે, કેવલજ્ઞાનાવરણીય પ્રકૃતિ અભવિકો નહીં હોતી. એને સમકિતમોહનીયની પ્રકૃતિ ન હોય. અનાદિ કાળવાળા અભવિને સમકિતમોહનીય ન હોય. જે ધર્મ પામવાના હોય એને સમકિત મોહનીય હોય. સમજાણું કાંઈ? આ તો કેવળજ્ઞાન, સમકિત મોહનીયની વ્યાખ્યા.... કારણ કે જે મોક્ષ જવાવાળા છે એને સમકિત મોહનીય અનાદિનું છે. જે અભવ્ય જવાના નથી એને સમકિત મોહનીય નથી.—બેય ખોટું છે.

મોહનમાળા બનાવી છેને. શું કહેવાય? હા, એ. ત્યારે બનાવેલી. મોહનમાળા પુસ્તક બનાવ્યું. ગપ્પેગપ્પ. ખબર ન મળે વીતરાગમાર્ગ શું છે? સાધુ નામ ધરાવે. આહાહા! કહે છે કે અભવ્યને પણ કેવળજ્ઞાન અંદર પડ્યું છે. પડા હૈ અંદરમેં કેવલજ્ઞાન. આહાહા! પર્યાય નામ અવસ્થામેં પ્રગટ હોનેકી લાયકાત નહીં. **અભવ્યોંકો ભી પરમસ્વભાવપના હૈ, વહ વસ્તુનિષ્ઠ હૈ...** વહ વસ્તુમેં હૈ. આહાહા! ચાહે તો અભવિ, દુર્ભવિ હો, ભવિ હો, પર્યાયમેં રાંક હો, નારકી હો, આહાહા! રંક માગે, દુકાળમાં માગે, અરે પ્રભુ! કાંઈ આપો રે આપો. કહતે હૈં કિ ઉસકે આત્મામેં અંદર પરમ આનંદનિધાન પડા હૈ. સમજમેં આયા? ખબર નહીં.

**(અર્થાત્ જિસપ્રકાર મેરુકે નીચે સ્થિત સુવર્ણરાશિકા સુવર્ણપના સુવર્ણરાશિમેં વિદ્યમાન હૈ...** સુવર્ણપના સુવર્ણરાશિમેં વિદ્યમાન હૈ, એમ. પણું, ભાવપણું, એમ. **કિન્તુ વહ કામમેં–ઉપયોગમેં નહીં આતા.** મેરુપર્વતકે નીચે સોના પડા હૈ, (પણ) ઉપયોગમેં આવે નહીં. જેમ કંજૂસની લક્ષ્મી ઉપયોગમાં ન આવે. લક્ષ્મી તો છે એની પાસે. ઐસે મેરુપર્વતકે નીચે અકેલા સોના પડા હૈ, સોનું અનાદિનું હોં, પણ ઉપયોગમેં આવે નહીં.

**ઉસીપ્રકાર અભવ્યોંકા પરમસ્વભાવપના આત્મવસ્તુમેં વિદ્યમાન હૈ...** આહાહા! જિસકી તીન કાલમેં કભી મુક્તિ નહીં હોગી ઐસા અભવિ, ઉસકે આત્મામેં અંદર પરમસ્વભાવપના આત્મવસ્તુમેં વિદ્યમાન હૈ. આહાહા! સમજમેં આયા? ક્યા કહતે હૈં.... ખબર ન પડે એ ચીજ... વહ તો કહતે હૈં કિ તુને ખબર કભી લી નહીં. ભગવાન બિરાજતા હૈ તેરા પૂર્ણાનંદકા નાથ. પુણ્ય ને પાપકે રાગકે પીછે ઔર પુણ્ય-પાપકો જાનનેવાલી એક સમયકી વર્તમાન જ્ઞાનકી અવસ્થા પ્રગટ હૈ ઉસકે પીછે પરમાત્મા બિરાજતા હૈ. વહ તું હૈ. વહ હૈ તું. આહાહા! હું, તું ને

તે... એને ભાન ન મળે. આહાહા! કહો, સમજમેં આયા? આહાહા! સમજમેં આતા હૈ? ભાષા તો હિંદી હૈ, પર ભાવ ઊંચા હૈ. અધિકાર ઊંચો છે.

ભગવાન પરમાત્મા અપના નિજસ્વભાવ... નિત્ય વસ્તુ હૈ ન? આત્મા નિત્ય હૈ કિ ક્ષણિક હૈ? ક્ષણિક તો પર્યાય હૈ. વસ્તુ જિસે કહેં વહ તો નિત્ય ત્રિકાલ હૈ. વહ નિત્ય વસ્તુમેં પરમ સ્વભાવભાવ ઐસા પડા હૈ, અનંત આનંદ ને અનંત જ્ઞાનસે ભરા પડા હૈ અંદર. ઐસા હોને પર ભી... અભવિકો ભી હૈ, પણ ઉપયોગમેં નહીં આતા. મેરુપર્વત નીચે સોના હૈ, (પર) કામમેં નહીં આતા. ઐસે અજ્ઞાનીકો આત્મા ભગવાન પૂર્ણાનંદ અંદર વિદ્યમાન હૈ, પણ અંતર્દૃષ્ટિકે અભાવસે વહ ઉપયોગમેં આયા નહીં. સમજમેં આયા? યે કૈસા ધર્મ? એ કરતાં તો ભક્તિ કરે ને ધર્મ થાય, પૂજા કરે તો થાય, વ્રત કરે, તપ કરે. વહ સબ રાગકી મંદતાકા પરિણામ શુભભાવ હૈ, વહ ધર્મ નહીં. આ શું બતાવે છે? શું ચાલે છે આ? યે ક્યા ચલતા હૈ? વહ તો ચલતા હૈ. ચલતા હૈ ઉસકો ચલા દે ઔર ક્યા?

વહ તો ચલતા હૈ, અંદર ત્રિકાલસ્વભાવ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એક સમયકી પર્યાય ને રાગકે પીછે પડા હૈ અંદર, ઉસકી દૃષ્ટિ કરના વહ સમ્યગ્દર્શન હૈ. વહ તો ચલતા હૈ. વહ ઉપાય હૈ, દૂસરા કોઈ ઉપાય હૈ નહીં. સમ્યગ્દર્શન પ્રગટ કરનેમેં દૂસરા કોઈ આશ્રય ને ઉપાય હૈ હી નહીં. સમજમેં આયા? કલ ભી ચલા થા. અહીં તો આખો દિ' આ જ વાત ચાલે છે. સમજમેં આયા? **કિન્તુ વહ કામમેં નહીં આતા ક્યોંકિ અભવ્ય જીવ પરમસ્વભાવકા આશ્રય કરનેકે લિયે અયોગ્ય હૈં).** દેખો! અભવિ પ્રાણી અપને પરમસ્વભાવકા આશ્રય-અવલંબન કરનેમેં અયોગ્ય હૈ. ઔર ભવ્યપ્રાણી યોગ્ય હૈ સમકિતદૃષ્ટિ... ભવ્યમેં ભી સમ્યગ્દૃષ્ટિ ત્રિકાલી ભગવાન આત્માકા આશ્રય કરનેલાયક હૈ ઉસકો વિદ્યમાન હૈ, ઉસકી પ્રતીત હુઈ-શ્રદ્ધા હુઈ તો ઉસકે લિયે વહ ભાવ વિદ્યમાન હૈ. સમજમેં આયા? જો ચીજ દૃષ્ટિમેં આયી નહીં, ઉસ ચીજકી મોજૂદગી હૈ ઐસે કૈસે માનનેમેં આવે? એમ કહતે હૈં. આહાહા!

**સુદૃષ્ટિયોંકો...** હવે આવ્યું દેખો! **સુદૃષ્ટિયોંકો...** ધર્મીકી-ધર્મીજીવકી સુદૃષ્ટિ હોતી હૈ, ઉસકો ધર્મી કહેં. તો કૈસી દૃષ્ટિ હૈ ઉસકી? **અતિ આસન્નભવ્ય જીવોંકો...** જિસકી મુક્તિ નિકટ હૈ, મોક્ષકી પર્યાય પ્રગટ હોનેમેં જિસકો નિકટતા હૈ ઐસે જીવોંકો **યહ પરમભાવ સદા નિરંજનપનેકે કારણ...** પરમભાવ સદા નિરંજન હૈ. ત્રિકાલ ધ્રુવસ્વભાવ નિરાવરણ નિરંજન પડા હૈ અંદર. સમજમેં આયા? **સદા નિરંજનપનેકે કારણ (અર્થાત્ સદા નિરંજનરૂપસે પ્રતિભાસિત હોનેકે કારણ)..** એમ કહ્યું. ક્યા કહા? સુદૃષ્ટિવંત સમ્યગ્દૃષ્ટિકો ચીજ જો ધ્રુવ હૈ ઉસકી દૃષ્ટિ હુઈ, તો ઉસકો નિત્ય હૈ ઉસકી સફલતા હુઈ. સમજમેં આયા?

**પરમભાવ સદા નિરંજનપનેકે કારણ** (અર્થાત્) નિરંજનપને પ્રતિભાસિત હોનેકે કારણ... આહાહા! સમ્યગ્દૃષ્ટિકો ઉસકો કહેં, ધર્મકી પહલી સીઢીમેં આયા પ્રાણી ઉસકો કહેં કિ જિસકી

દૃષ્ટિમેં પરમસ્વભાવભાવ અનુભવમેં આયા. આહાહા! પ્રતીતમેં આયા, શ્રદ્ધામેં આયા કિ યહી ત્રિકાલી આનંદકંદ હૈ. ઐસા અનુભવમેં આનંદકા સ્વાદ આયા, ઉસકો સફલ હૈ વહ ત્રિકાલી ચીજ. નિરંજન નિરાકાર ભગવાન આત્મા ઉસકો સફલ હુઆ. આહાહા! અરે! બાત ભી કભી સુની નહીં, ધમાધમ ધર્મને નામે. 'ધામધૂમે ધમાધમ ચાલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર.' જેણે આ કહ્યું એ પણ ત્યાંને ત્યાં દૂર હતા. કહો, સમજાય છે કાંઈ? 'સમજાય છે કાંઈ'નો અર્થ 'સમજમેં આતા હૈ'. થોડી ગુજરાતી ભાષા આ જાય ન અંદરમેં.

યહાં કહતે હૈં કિ ભગવાન! તેરા ભગવાન સ્વભાવ, મહિમાવંત સ્વભાવ કિસકો સફલ હૈ? હૈ ઉસકા અનુભવ હુઆ ઉસકો સફલ હૈ. આહાહા! સમજમેં આયા? દ્રવ્યલિંગી જૈનસાધુ હોકર નવવીં ગ્રૈવેયક જાયે... 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો..' આતા કિ નહીં છઢાળામેં? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો..' નવવીં ગ્રૈવેયક ગયા, ક્રિયાકાંડ પંચમહાવ્રત અનંતબૈર લિયા, પણ વહ તો રાગકી ક્રિયા થી, ધર્મ નહીં. આહાહા! અપના ધ્રુવ પરમસ્વભાવકા આત્મજ્ઞાન બિના, આત્મા જો ત્રિકાલી ધ્રુવ હૈ ઉસકા જ્ઞાન ને શ્રદ્ધા બિના સુખ આતા નહીં. 'આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો..' ઐસે ૨૮ મૂળગુણ પાલે, પંચમહાવ્રત પાલે તો ભી સુખ નહીં? પંચમહાવ્રત ને ૨૮ મૂળગુણ તો રાગ હૈ, દુઃખ હૈ. આહાહા! સુખ નહીં. યે તો છઢાળામેં ભી આયા. 'સુખ લેશ ન પાયો'.

અંતર આનંદસ્વરૂપ ધ્રુવસ્વરૂપ ભગવાન ઉસકા આશ્રય લેનેસે આનંદકા અનુભવ હો, ઉસકો ધ્રુવસ્વભાવકા નિરંજનપના સફલ હુઆ. સમજમેં આયા? એ ભગવાનજીભાઈ! કંજૂસને લક્ષ્મી શું કામની? પડી રહે. આત્માને પરસેવો... અરરર! દુઃખ થાય. શું કીધું? આહાહા! એમ ભગવાન આત્મા... આ વાત એવી છે બાપુ! એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ નિત્ય વસ્તુ એને એક સમયની પર્યાય વિષય કરે, ત્યારે એ સફળ કહેવામાં આવે છે. આહાહા! કહો!

**યહ પરમભાવ સદા નિરંજનપનેકે કારણ (નિરંજનપનેરૂપસે પ્રતિભાસ હોનેકે કારણ)...** ક્યા કહતે હૈં? સમ્યગ્દૃષ્ટિને ત્રિકાલી સ્વભાવકા આશ્રય લિયા, તો ત્રિકાલી સ્વભાવ સદા નિરંજન હૈ ઐસા અનુભવમેં આયા. સદા નિરંજન હૈ–અંજન બિનાકા હૈ, પણ પ્રતિભાસિત હુઆ ઉસકો નિરંજન, સદા નિરંજન હૈ. આહાહા! યે કરના હૈ. દુનિયાકો ધર્મ કરના હો તો યે કરના. ત્રિકાલી ધ્રુવસ્વભાવકી શ્રદ્ધા ને અનુભવ ઔર ત્રિકાલી દ્રવ્યકા–ત્રિકાલી પરમભાવકા આશ્રય કિયે બિના તીન કાલમેં કભી ધર્મ હોતા નહીં. સમજમેં આયા? પણ બહારના અગ્રણીઓને આ વાત બેસવી એવી કઠણ. આવો આત્મા હશે? એ પ્રાપ્ત કરવામાં કાંઇ ક્રિયા-ક્રિયા હોય કે નહીં કે એમને એમ પ્રાપ્ત થઈ જાય?

વહ તો કહા કિ તેરી દૃષ્ટિ કરના વહ કારણ હૈ. ઉસકી દૃષ્ટિ કરના વહ ક્રિયા હૈ. આહાહા! દિશા બદલના હૈ વહ તુજે કરના હૈ. તેરી દૃષ્ટિ પર્યાય ને પુણ્ય ને નિમિત્ત ઉપર હૈ

વહ દૃષ્ટિ ત્રિકાલી પર લે જાના, બસ વહ કરના હૈ. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞકા યે માર્ગ હૈ. સમજમેં આયા? **સફ્લ હુઆ હૈ...** આહાહા! ત્યારે કહે, પણ એવું કંઈ અનુમાન થવું જોઈએને. અનુમાન વિના કેવી રીતે પ્રગટ થાય એને? પણ ભાઈ! એટલું ખ્યાલમાં નથી આવતું કે એક સમયની પર્યાય–અવસ્થા એ તો બદલતી છે? તો કાયમકી કોઈ ચીજ હૈ કિ નહીં? કાયમકી ચીજ જો નિત્યાનંદ ધ્રુવાનંદ પ્રભુ, જિસકો યહાં પરમસ્વભાવ કહા, ઉસ પરમસ્વભાવકે આગે સમ્યગ્દર્શન ને કેવલજ્ઞાન ભી અપરમસ્વભાવ હૈ. આહાહા!

ઇસકે આગે, ત્રિકાલકે આશ્રયસે ચારિત્ર વીતરાગી પર્યાય પ્રગટ હુઈ હો તો ભી વહ પર્યાય અપરમભાવ હૈ, ઊંચા ભાવ નહીં. ઊંચા પરમભાવ ભગવાન આત્મા હૈ. આહાહા! બેસે નહીં, બીડી વિના ચાલે નહીં, તમાકુ વિના ચાલે નહીં, એક દાળ સરખી ન થાય ત્યાં ધમધમાટ કરે. એને કહે કે તું ભગવાન છો અંદર. ક્યે ગજે માપ કરે? ગજ નહીં, માપકા ગજ નહીં ઉસકે પાસ. ત્રણ લોકના નાથ પરમાત્મા તીર્થંકરદેવની સભામાં આ હુકમ પરમાત્માનો હતો. હુકમ આ. સમજમેં આયા? તેરી એક સમયકી વર્તમાન પર્યાય કિ પુણ્યભાવસે અંદર ભિન્ન જો નિત્યરૂપ એકરૂપ સ્વભાવ પડા હૈ, વહ 'હૈ' ઐસી દૃષ્ટિ ને અનુભવ હો તો ઉસકો 'હૈ'કી સફ્લતા હૈ. કહો ચેતનજી! નિર્ણય કૌન કરતા હૈ? પર્યાય. પર્યાય નિર્ણય કરતી હૈ. ત્રિકાલ નિત્યાનંદ ભગવાન આત્મા વિદ્યમાન હૈ, વહ વિદ્યમાનતાકી પર્યાયમેં વિદ્યમાનતાકા ભાસ હોતા હૈ. સમજમેં આયા?

અજ્ઞાની ચાહે તો મુનિપના પાલે, પંચમહાવ્રત પાલે, ૨૮ મૂળગુણ પાલે, પણ સબ એક બિનાકા શૂન્ય હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ. સમજમેં આયા? આહાહા! ભગવાન કુંદકુંદાચાર્ય... **જિસસે, ઇસ પંચમભાવ દ્વારા...** આહાહા! **જિસસે, ઇસ પંચમભાવ દ્વારા...** જુઓને! એક પદ્મપ્રભમલધારિદેવ મુનિ ૯૦૦ વર્ષ પહલે દિગંબર મુનિ હુએ, ઉન્હોંને યે ટીકા બનાયી. ૨૦૦૦ વર્ષ પહલે કુંદકુંદાચાર્ય હુએ ઔર ઉસકી ટીકા કરનેવાલે પદ્મમલધારિદેવ મુનિ દિગંબર. એના શબ્દે-શબ્દે અમૃત ઝરે છે. આહાહા! ભગવાન! તું પૂર્ણ અમૃતકા નાથ, અમૃતકા સમુદ્ર હૈ ન અંદર. અરે! ચાંચ તો નાખ અંદર. થોડું તો પી. સમ્યગ્દર્શનરૂપી ચાંચ નાખને. (ઉસસે) તુજે આનંદકા પેય આતા હૈ. ઉસકો હી પૂર્ણભાવ હૈ ઉસકી સફ્લતા હૈ. આહાહા!

મૂળ વાતની ખબર નહીં ને ઉપરના ડાળખા તોડે. સમજમેં આયા? ઉપરના પાંદડા ને ડાળખા તોડે તો એ તો પાછા મહિને, પંદર દિ' એ પાંગરી જશે. 'પાંગરે' ક્યા કહતે હૈં? 'ઉગ જાયેંગે' નહીં, પલ્લવિત હો જાયેંગે. અને પહેલા સમ્યગ્દર્શન(રૂપી) કુહાડો માર્યો મિથ્યાત્વ ઉપર, થોડા રાગ-દ્વેષ રહા વહ સૂખ જાયેગા પીછે. સમજમેં આયા? સમ્યગ્દર્શન ને મિથ્યાદર્શન ક્યા હૈ ઉસકી ખબર નહીં. હમ દેવ-ગુરુ-શાસ્ત્રકો માનતે હૈં, હમ નવ તત્ત્વકો માનતે હૈં, (તો) હમ સમ્યગ્દૃષ્ટિ હૈં. વહ સમ્યગ્દૃષ્ટિ નહીં. સમજમેં આયા? આહાહા! પરમસ્વભાવભાવ જિસકી

દૃષ્ટિમેં આયા, વહ દૃષ્ટિ સ્વભાવ સન્મુખ હોને પર આતી હૈ. પરસન્મુખ હોને પર વહ દૃષ્ટિ આતી નહીં.

**પરમભાવ દ્વારા અતિ-આસન્નભવ્ય જીવકો નિશ્ચય-પરમ-આલોચનાકે ભેદરૂપસે ઉત્પન્ન હોનેવાલા 'આલુંછન' નામ સિદ્ધ હોતા હૈ...** લ્યો. આહાહા! પરમભાવકા આશ્રય લે ઉસકો સબ કર્મકા નાશ હોતા હૈ દૃષ્ટિમેંસે, વહ આલુંછન નામકી આલોચના હૈ. યે આલોચનાકા અધિકાર ચલતા હૈ. સમજમેં આયા? **કારણ કિ વહ પરમભાવ સમસ્ત કર્મરૂપી વિષમ-વિષવૃક્ષકે વિશાલ મૂલકો ઉખાડ઼ દેનેમેં સમર્થ હૈ.** પરમભાવકા જિસને આશ્રય લિયા વહ પર્યાય... પર્યાયકા આશ્રય દ્રવ્ય, જિસને આશ્રય લિયા વહ પર્યાય. તો પર્યાય ઐસા કહતી હૈ કિ યે દ્રવ્ય ઐસા હૈ કિ સર્વ કર્મકા નાશ કરનેવાલી ચીજ હૈ. તો પર્યાયમેં ઐસી પ્રતીત હોતી હૈ.

રાગ અને દ્વેષ ને અજ્ઞાન ને વિકાર સબકા નાશ કરનેકી ચીજ ઉસકા ભાન હુઆ તો પર્યાયમેં આલુંછન હો ગયા. વસ્તુ આલુંછન(સ્વરૂપ) હૈ. દૃષ્ટિ ઔર જ્ઞાન હુઆ તો આલુંછન પર્યાયમેં પ્રગટ હુઆ. અજ્ઞાન ને રાગ-દ્વેષકા નાશ કરનેકા જો પરિણામ આલુંછન હૈ ઉસકો યહાં આલોચના કહનેમેં આતા હૈ. કહો, સમજમેં આયા? ભારે ભાઈ આમાં. ક્યા કરના પણ ઇસમેં? સમ્મેદશિખર જાવું, શેત્રુંજય જાવું એમ કહે તો સમજાય ખરૂં. તો ચાલો ભાઈ! લાખમાંથી પચાસ હજાર, પાંચ હજાર ખરચી નાખીએ. કહીં જાના નહીં ને આના નહીં. જાના હૈ અંદરમેં. આહાહા!

બાહરસે દૃષ્ટિ હઠાકર પરમભાવ ધ્રુવમેં જાના હૈ વહ સબ જાત્રા ને સબ આલોચના, વહ સબ મોક્ષકા માર્ગ હો ગયા. સમજમેં આયા? આહાહા! ભારે ટીકા! ૧૧૦ ગાથા. ભગવાન પરમભાવ હૈ ઉસકે ઉપર જા, આરૂઢ હો જા, તેરા સંસારકા નાશ હો જાયેગા, સંસાર કભી રહેગા નહીં. આહાહા! અનંત પ્રયત્ન જોઈએ. સ્વભાવ સન્મુખ હોનેમેં અનંત અનંત પુરુષાર્થ, અનંત જાગ્રતિ (ચાહીયે), તબ પુરુષાર્થસે અનંતમેં જા સકતે હૈં. સમજમેં આયા? સાધારણ પુરુષાર્થસે અંતરમેં જા સકતે નહીં. ૧૧૦ ગાથાકી ટીકા (પૂર્ણ કરતે હુએ) મુનિરાજ શ્લોક કહતે હૈં. દો શ્લોક કહેંગે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો સુદ ૧૨, ગુરુવાર, તા. ૧૯-૧૦-૧૯૭૨**
**શ્લોક-૧૬૦-૧૬૧, ગાથા-૧૧૧, પ્રવચન નં. ૧૨૪**

આ નિયમસાર, પરમ આલોચના અધિકાર, ૧૧૦ ગાથાનો કળશ છે કળશ. ત્યાં સુધી આવ્યું છેને. ૧૬૦મો કળશ છે.

**एको भावः स जयति सदा पंचमः शुद्धशुद्धः**
**कर्मारातिस्फुटितसहजावस्थया संस्थितो यः ।**
**मूलं मुक्तेर्निखिलयमिनामात्मनिष्ठापराणां**
**एकाकारः स्वरसविसरापूर्णपुण्यः पुराणः ॥१६०॥**

કહે છે કે આ આત્મા જે છે વસ્તુ, જેનો નિત્ય ધ્રુવસ્વભાવ છે એ તો **કર્મના દૂરપણાને લીધે...** કર્મથી દૂર છે. વસ્તુ જે છે આત્મા પદાર્થ, એની પર્યાયમાં કર્મની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, પણ વસ્તુ જે ધ્રુવ છે એ તો કર્મથી દૂર છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે એને માટે તો, દ્રવ્ય જે કર્મથી દૂર છે એનો આશ્રય કરવો, એમ કહે છે. એ વસ્તુ છે એ કર્મથી ઘેરાયેલી નથી, કર્મના સંબંધમાં પણ જે ચીજ છે એ આવી નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? ત્રણે કાળમાં. વસ્તુ છે... એક સમયની જે અવસ્થા છે એને રાગાદિ હો, એ પર્યાય સાથે રાગનો સંબંધ છે અને એને કર્મના ઉદયનો સંબંધ વ્યવહારે છે, પણ વસ્તુ જે ત્રિકાળી દ્રવ્ય–તત્ત્વ છે, એને ને કર્મને કાંઈ સંબંધ છે નહીં. સમજાણું કાંઈ?

**જે કર્મના દૂરપણાને લીધે...** નિત્યાનંદ પ્રભુ, જેમાં નજર કરે નજરમાં નિધાન દેખાય, એ ચીજ તો કર્મથી દૂર છે. આહા! સમજાય છે કાંઈ? **જે કર્મના દૂરપણાને લીધે પ્રગટ સહજાવસ્થાપૂર્વક રહેલો છે...** ભગવાન પૂર્ણાનંદ નિત્યસ્વભાવ એ તો પ્રગટ સહજ અવસ્થા નામ નિશ્ચય સ્વભાવસ્વરૂપ જ રહેલી ચીજ છે. (શ્રોતાઃ અવસ્થા એટલે પર્યાય?) અવસ્થા એટલે સ્વભાવ. અ એટલે નિશ્ચય, સ્થ (એટલે) રહેલો ત્રિકાળી સ્વભાવ. કહો, સમજાણું કાંઈ? ધર્મ ક્યાં આશ્રય કરતા થાય છે? ધર્મ થાય એ કેમ થાય? એ ત્રિકાળી વસ્તુ જે કર્મથી દૂર છે અને સહજ પ્રગટરૂપ નિશ્ચયથી ટકેલું તત્ત્વ છે, ત્યાં નજર નાખે સમ્યગ્દર્શન થાય. કહો, સમજાય છે કાંઈ? પોતે આત્મા સહજાનંદની મૂર્તિ પ્રભુ છે, ધ્રુવ છે, અવસ્થ–નિશ્ચયથી રહેલી ચીજ અનાદિ છે. એવો જે ભગવાન આત્મા એ કર્મથી દૂર અને પોતાના સ્વભાવથી સ્થિર રહેલી ચીજ છે. સમજાય છે કાંઈ? આહાહા!

**જે આત્મનિષ્ઠાપરાયણ...** જે કોઈ **(આત્મસ્થિત)...** આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ એમાં જે સ્થિત **સમસ્ત મુનિઓને મુક્તિનું મૂળ છે...** આહા! પૂર્ણાનંદ એવી મુક્તદશા, શુદ્ધ એવી પૂર્ણ

આનંદદશા, એ મુક્તિનું મૂળ એ આત્મદ્રવ્ય છે. કોને? કે જે આત્મામાં પરાયણ થઈને તત્પર છે એને. સમજાણું કાંઈ? આમ તો આત્મા છે, કહે છે, એમાં જે તત્પર થઈને લીન છે એને મુક્તિનું એ મૂળ છે. જે વસ્તુ છે એનામાં દૃષ્ટિ નથી એને તો મુક્તિનું મૂળ છે જ નહીં. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાતું ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલો ધર્મ એ વીતરાગીપર્યાય ધર્મ છે. પણ એ વીતરાગી પર્યાય ત્રિકાળ દ્રવ્યમાં લીન થાય છે ત્યારે વીતરાગીપર્યાય પ્રગટ થાય, એને વીતરાગી પર્યાય કહેવામાં આવે છે. આહાહા! જગતને ભારે.....

પોતાની ચીજ સિવાય, જેને પર્યાય ને રાગ ને સંયોગમાં અધિકપણું, સુંદરપણું, હિતપણું, પ્રસન્નતા થાય એવી ચીજ બાહ્યમાં ભાસે છે એને આ ચીજ ભાસવી દુર્લભ છે. સમજાણું કાંઈ? જેને ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ પરમાત્મસ્વરૂપી આત્મા છે. પણ એ ચીજ મુક્તિનું મૂળ કોને? કે એમાં તત્પર થયો છે તેને. ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ એમાં જેની દૃષ્ટિ ને એમાં જેની નિષ્ઠા છે, એમાં પરાયણ છે, એવા આત્માને પૂર્ણાનંદરૂપી દશા (એવી) મુક્તિનું એ મૂળ છે. ભારે ધર્મ ભાઈ! આવો ધર્મ કઈ જાતનો છે? આમાં તો વ્રત પાળવા કે પૂજા કરવી, ભક્તિ કરવી, જાત્રા કરવી એવું તો કાંઈ આવ્યું નહીં. એ તો બધો વિકલ્પ છે, એ બધો શુભરાગ છે. એ અશુભથી બચવા માટે ભલે હો, પણ એ કાંઈ મુક્તિનું કારણ એવી જે વીતરાગી પર્યાય એનું એ કારણ નથી. મુક્તિનું કારણ એવી જે દશા મોક્ષનો માર્ગ એનું કારણ તો ત્રિકાળીદ્રવ્ય વસ્તુ છે. સમજાણું કાંઈ?

કહે છે કે **આત્મનિષ્ઠાપરાયણ**... આત્મા જે વસ્તુ સહજાનંદ ધ્રુવસ્વરૂપ નિત્ય વસ્તુ, એમાં જેની તત્પરતા છે, એમાં જેની દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા છે, એવા ધર્માત્માને એ ચીજ મુક્તિનું મૂળ છે. ભારે! **જે એકાકાર છે...** ભગવાન આત્મા એક સમયની પર્યાય ને રાગથી ભિન્ન ચીજ છે. એ એકાકારસ્વરૂપ છે. નિત્યાનંદ ધ્રુવ સામાન્ય એકરૂપ જેની શક્તિનું તત્ત્વ છે. એમાં બેપણું, પર્યાય ન આવી કે ગુણ-ગુણીના ભેદનું બેપણું પણ જેમાં નથી. આવો ધર્મ ભારે ભાઈ! સમજાણું કાંઈ? કહે છે કે **(અર્થાત્ સદા એકરૂપ છે)** પ્રભુ અંદર. શરીર, વાણીથી તો ભિન્ન, કર્મથી તો ભિન્ન, એક સમયની પર્યાયથી પણ ભિન્ન છે, એકાકાર સ્વરૂપ છે એ. આહાહા! એના ઉપર દૃષ્ટિ આપવાથી, એનું જ્ઞાન કરવાથી, એમાં સ્થિર થવાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. બીજો કોઈ ઉપાય છે નહીં. સમજાય છે કાંઈ? આરે, આવા શ્લોકો પણ મૂક્યા છેને એક-એક જુઓને!

**જે નિજ રસના ફેલાવથી ભરપૂર હોવાને લીધે...** ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ જેની આદિ નહીં, અંત નહીં, જે ત્રિકાળી સ્વભાવથી ખાલી નથી એવો જે આત્મા એક સમયની પર્યાયથી પણ દૂર છે, એ **નિજરસના ફેલાવથી ભરપૂર હોવાને લીધે પવિત્ર છે...** એ વસ્તુ પોતાની શક્તિ–સ્વભાવ એવો જે નિજરસ, એમાં જેનો વિસ્તાર–ફેલાવ છે. એના ધ્રુવપણામાં

નિજશક્તિનો જ વિસ્તાર છે, ફેલાવ છે. સમજાય છે કાંઈ? આ વીતરાગનો માર્ગ આવો હશે? પરમેશ્વરે આમ કહ્યું હશે? આ તો બધી ધમાલ બહારની ચાલે છે.

ભાઈ! વીતરાગનું તત્ત્વ... સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં પૂર્ણ દશા પ્રગટ થઈ, એમાં ત્રણ કાળ ને લોકાલોક જાણે એવી એની શક્તિ પર્યાયમાં પ્રગટ થઈ. અરે! એવી-એવી અનંતી પર્યાયની સત્તા, એનો જે સાગર ભગવાન આત્મા... આહાહા! એક સમયની પર્યાયમાં આટલું જેનું સામર્થ્ય છે એવો જે આત્મા, એની પર્યાયના આટલા સામર્થ્યથી અનંતગુણું સામર્થ્ય જેને ભર્યું છે અંદર, એવી શક્તિના ફેલાવથી ભરપૂર છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ? નિજનિધાન–**નિજરસના ફેલાવથી**... કહે છે કે વિસ્તાર હોય તો એના ગુણનો એનામાં ફેલાવ–વિસ્તાર છે. આહાહા! જ્ઞાન, આનંદાદિ ત્રિકાળી સ્વભાવના ફેલાવથી ભરપૂર હોવાને લીધે ભગવાન ધ્રુવ આત્મા પવિત્ર છે. સમજાય છે કાંઈ? આહાહા! ક્યારે? ત્રણે કાળે. એવી જે ચીજ છે એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર થાય. એ વિના કોઈને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય નહીં. સમજાણું કાંઈ?

**અને જે પુરાણ (સનાતન) છે...** જે ભગવાન આત્માનું ધ્રુવતત્ત્વ નિત્યભાવ એક સમયની પર્યાય ને વિકલ્પ–રાગથી ભિન્ન છે. એવું જે તત્ત્વ એ સનાતન છે–અનાદિનું છે–પુરાણ છે. પુરાણપુરુષ એ આત્મા છે. સમજાણું કાંઈ? આવો આત્મા છે એવી એને ખબર નથી અને ખબર વિના આ વ્રત કરે ને અપવાસ કરે ને જાત્રા કરે ને ભક્તિ કરે ને પૂજા કરે એમાં ધર્મ કિંચિત્ નથી. અશુભરાગથી બચે, શુભ થાય, પુણ્ય થાય. પણ એ પુણ્ય પણ બંધનનું કારણ છે, એ કાંઈ મોક્ષનું કારણ નથી. એ કહે છે એમાં. પુણ્ય આવ્યુંને. **स्वरसविसरापूर्णपुण्यः** એ પુણ્ય (એટલે) પવિત્રતા છે. એ પુણ્યનો અર્થ ત્યાં પવિત્રતા છે. શ્લોકનું છેલ્લું છેને.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં એનું જે ચૈતન્યદળ ધ્રુવ એ તો પોતાના શક્તિરૂપ ગુણો એના વિસ્તારથી ભરપૂર છે. તેથી તે પુણ્યરૂપ એટલે પવિત્ર છે. સમજાણું કાંઈ? જે ચીજ છે આત્મા એની વાત એણે સાંભળી નથી. કરવો છે ધર્મ આત્માને, એ આત્મા કેવડો ને કેમ છે એની ખબર ન મળે. ભારે વાત. કરવો ધર્મ જીવને અને જીવ કેવડો ને ક્યાં છે, કેમ છે એની ખબર ન મળે. ક્યાંથી ધર્મ થાય? આહાહા! જગતની ભ્રમણાનો પાર ન મળે. કહે છે કે ભગવાન તો ભ્રમણાથી પાર છે. એમાં કોઈ ભ્રમણા નથી. હા, છે તો એના પવિત્ર ગુણોથી ભરપૂર ભરેલો છે. સમજાણું કાંઈ? આહાહા!

**(સનાતન) છે**... ભગવાન આત્માનું જે ધ્રુવતત્ત્વ છે એ તો સનાતન છે. આ લોકો નથી કહેતા? કે આ સનાતનીઓ... સનાતન ધર્મ. સનાતન તો, તારું તત્ત્વ એ સનાતન છે. એની સમજણ, શ્રદ્ધા, જ્ઞાન કરવી એનું નામ સનાતન ધર્મ. સમજાય છે કાંઈ? આહાહા! **જે પુરાણ**... **पुराणः** છેલ્લો શબ્દ છે. **पुराणः**.. એ તો જૂનો છે, જૂનો છે એટલે કે અનાદિનો છે, એટલે કે એ

સનાતન છે, એટલે કે છે એમ છે, છે એમ ત્રિકાળ છે. આહાહા! આવી વાતું! ભગવાનજીભાઈ! ઓલા સંપ્રદાયમાં તો કહે કે વ્રત પાળો, જાત્રા કરો, દાન કરો, અપવાસ કરો, તપસ્યા કરો. અહીં એકેય વાત એ આવી નહીં. એ તો બધી વિકલ્પની વાતું છે શુભરાગની. એ ધર્મ નહીં અને એ ધર્મનું કારણ પણ નહીં.

ધર્મ તો આત્માની વીતરાગી નિર્દોષ દશા તે ધર્મ. તે ત્રિકાળી ધ્રુવને આશ્રયે થાય, બાકી કોઈને આશ્રયે થાય નહીં. હવે જેને આશ્રયે થાય એ કોણ છે એની ખબરું ન મળે, આહાહા! બાકી માથાકૂટ કરીને મરી ગયો અનંતવાર. સનાતન પરમાત્મા... આ લોકોમાં ગાય છે એક ભજનમાં. 'જૂનો ધર્મ લ્યો જાણી રે સંતો, જૂનો ધર્મ લ્યો જાણી..' એમ આવે છે. પણ એ જૂનો કોને કહેવો એની ખબર નથી. ભજનમાં આવે છે. હા, એ આવે છે. 'જૂનો ધર્મ લ્યો જાણી રે સંતો, જૂનો ધર્મ લ્યો જાણી રે જી.. જૂનો ધર્મ લ્યો જાણી રે સંતો, જૂનો ધર્મ લ્યો જાણી..' પણ જૂનો ધર્મ એટલે શું અને એ જૂના ધર્મનું કારણ જૂનું સનાતન તત્ત્વ શું? એની ખબર નથી. આ ભજન ગાય મોટા... આહાહા!

ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞદેવ સમવસરણમાં ઇન્દ્રો ને ગણધરોની વચ્ચમાં આ કહેતા હતા. ભગવાન! તારું તત્ત્વ સનાતન છે હોં. એ નવું નથી, જૂનું થતું નથી. એવું ને એવું એ સનાતન તત્ત્વ છે અંદર. આહાહા! એ સાતમી નરક રવરવ નરકે અનંતવાર ગયો, પણ એ તત્ત્વને કંઈ ઘસારો લાગ્યો નથી. આહાહા! સમજાણું કાંઈ? અને એ નવમી ગ્રૈવેયકના અહમિન્દ્રના સગવડતાના સંકલ્પના સુખોમાં અનંતવાર ગયો, પણ એ સનાતન તત્ત્વને એનાથી કાંઈ પુષ્ટિ મળી નહીં. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા કેવી! આહાહા!

અને **તે શુદ્ધ શુદ્ધ...** વસ્તુ શુદ્ધ અને શક્તિ શુદ્ધ. સ્વભાવવાન શુદ્ધ અને સ્વભાવ શુદ્ધ. આહાહા! અહીં બે (વાર) શુદ્ધ શુદ્ધ શબ્દ છે. એક વસ્તુ શુદ્ધ ને એક સ્વભાવ શુદ્ધ. **શુદ્ધ શુદ્ધ એક પંચમ ભાવ...** ત્રિકાળી પંચમભાવ, સહજસ્વરૂપભાવ, ટકતી વસ્તુનું ટકતું તત્ત્વ, એ વસ્તુ પંચમ પારિણામિકભાવ **સદા જયવંત છે.** આહાહા! મુનિરાજ કહે છે... દિગંબર મુનિ છે. કહે છે કે આવો પંચમભાવ અમારી દૃષ્ટિમાં જયવંત વર્તે છે હોં. એમ કહે છે. એય! આહાહા! અમારી દૃષ્ટિ એ સનાતનતત્ત્વ ઉપર પડી છે. એથી અમે કહીએ છીએ કે એ પંચમભાવ સનાતન જયવંત વર્તે છે. આહાહા! જુઓ તો આ એકેક કળશની એક-એક લીટી ને એક-એક શબ્દ! આવું સાંભળ્યું હતું ત્યાં મોમ્બાસામાં? મોસંબીમાંય નથી ને મોમ્બાસામાંય નથી. આહાહા! ભગવાન! તારી વાત સાંભળતા તને મીણો ચડી જાય એવી વાત છે. આહા!

કહે છે કે એવો **તે શુદ્ધ શુદ્ધ એક પંચમભાવ સદા...** આહાહા! દૃષ્ટિમાં, જ્ઞાનમાં.. વર્તમાન દૃષ્ટિ ને જ્ઞાનમાં એ ચીજ લીધી છે એથી, કહે છે, એ તો સદા જયવંત સનાતન વર્તે છે. આહાહા! આવો શબ્દેય એક નહોતો આ બધા..... આહાહા! દિગંબર સનાતન સત્ય

કેવળીનું કહેલું. સર્વજ્ઞોએ કહેલું એ સંતો કહે છે અને એવો એનો સ્વભાવ છે. આહાહા! બહારના આ પુણ્ય ને પાપના વિકલ્પ ને એના ફળ જે દેખાય, એમાં ઘેરાઈ ગયો એને આ ચીજ દેખાતી નથી. સમજાણું કાંઈ? આહાહા! અટવાઈ ગયો ત્યાં, કહે છે. રોકાઈ ગયો ત્યાં હોં. જ્યાં રોકાવાનું છે એ ચીજ કોણ છે એની ખબર ન મળે અને આ રોકાઈ ગયો પુણ્ય ને પાપ ને એના ફળ, આ મળ્યા, આ મળ્યા, હેઠે નરકમાં ગયા, સ્વર્ગમાં ગયા, રાજા થયો, નહોતું એને લક્ષ્મી સાંપડી, હતી એની ગઈ. બાઈયુંના ઓલા છે. ગરીબ માણસ હોય, ગરીબને પૈસા આવેને જ્યારે (અને) શેઠિયા હોય ઘસાઈ ગયા હોય એટલે શેઠિયાની વહુ એમ કહે. કંઈ નહોતા એને સાંપડ્યા ને હતા એ ગયા. આ બધા શબ્દો સાંભળ્યા છે. ના, ના, હોય છે નહીં, એ સાંભળ્યું છે.

આ કુંવરજીભાઈ સાધારણ હતાને અને શેઠિયા ગામના હતા પૈસાવાળા એ ઘસાઈ ગયા. એની વહુ હતી નવી. એને પાછી કન્યા... કાઢી મૂકી. ....... બગસરા. બગસરા ને? બગસરા નહીં, ધારી.. ધારી. અમરેલી, ધારી. ત્યાં આવ્યા હતા બિચારા. હા, એ. એ ત્યાંની હતીને. ધારી પાસે ગામ હતું. બેચરભાઈ હતા, નહીં? એના ભાઈ હતા. ખબર છેને. આંબડીયું, શું નામ? આંબડીયું. સાચી વાત. એ આંબડીની હતી. પછી હીરાભાઈ...... ત્યાં કાઢી હતી. ત્યાં કુટુંબી પાસે જતી રહી. હા, ખબર છે. નહોતાં એને સાંપડ્યા ને હતા એના ગયા. આવી ને આવી વાતું. ગરીબ માણસ હતા એને પૈસા થઈ ગયા અને જેને હતા એને ઘસાઈ ગયા. આવી વાતું. આહાહા! ક્યાં જાય ને શું આવે? બાપા! તારો સ્વભાવ તાજેતાજો એવો ને એવો અનાદિ પડ્યો છે. આહાહા! એની ખબરું ન મળે ને એને ધર્મ કરવો ને મોક્ષનો માર્ગ એનાથી થાય. ખબર ન મળે.

**એક પંચમ ભાવ સદા જયવંત છે**. મુનિરાજ પોતાની દૃષ્ટિથી કહે છે. એની દૃષ્ટિમાં વર્તે છે, પંચમભાવ જયવંત વર્તે છે. એ જીવતું તત્ત્વ જયવંત વર્તે છે, કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જીવંતજ્યોત, જેમાં અનંત આનંદ ને અનંત શાંતિ આદિ ગુણો પવિત્ર ને પોતે દ્રવ્ય પવિત્ર–શુદ્ધ છે, એ સનાતન જયવંત વર્તે છે. આહાહા! જેને દૃષ્ટિમાં આવ્યો છે એને જયવંત વર્તે છે એમ કહે છે. જેણે દૃષ્ટિમાં લીધો નથી એને જયવંત છે નહીં. એ આવ્યો ક્યાંથી ખ્યાલમાં નથી એને? આહાહા! કહો, મલૂકચંદભાઈ! ત્યાં નાગનેશમાં શું હતું? આહાહા! અરે ભગવાન! એકવાર તું આવ તો ખરો! સાંભળ તો ખરો કે શું તારી ચીજ છે. તને ખબર નથી ભાઈ! સમજાણું કાંઈ? જે ચીજનો ધર્મ માટે આશ્રય લેવો છે, એ ચીજ કેવી છે એની તો તને ખબર નથી. સમજાણું કાંઈ? એ ૧૬૦ કળશ થયો. ૧૬૧.

**आसंसारादखिलजनतातीव्रमोहोदयात्सा**
**मत्ता नित्यं स्मवशगता स्वात्मकार्यप्रमुग्धा ।**
**ज्ञानज्योतिर्धवलितककुभ्मंडलं शुद्धभावं**
**मोहाभावात्स्फुटितसहजावस्थमेषा प्रयाति ॥ १६१ ॥**

**શ્લોકાર્થ : અનાદિ સંસારથી સમસ્ત જનતાને (-જનસમૂહને)...** બધી દુનિયાના પ્રાણીને... આહાહા! **અનાદિ સંસારથી સમસ્ત જનસમૂહને તીવ્ર મોહના ઉદયને લીધે...** પર તરફની તીવ્ર સાવધાનીને લીધે એ પ્રાણી સદા **મત્ત છે**–પાગલ છે. આહાહા! સમજાય છે કાંઈ? એ ગરીબ હોય કે પૈસાવાળા હોય, કહે છે કે એ બધા તીવ્ર મોહને લઈને મત્ત–ગાંડા–પાગલ થઈ ગયા છે, ઘેલછા.. ઘેલછા થઈ ગઈ છે. જેમાં જવું જોઈએ એની એને ખબર ન મળે અને જ્યાં ન જવું જોઈએ એની એને પ્રવીણતા ને પાવરધા. કહો, સમજાણું કાંઈ? **જ્ઞાનજ્યોતિ સદા મત્ત છે...** ભગવાન છે તો એવો ને એવો. પરમાં તીવ્ર મોહને લઈને એની પર્યાયમાં આવી ઘેલછા થઈ ગઈ છે. ઘેલછા. આ શું ચીજ છે અને ક્યાં હું છું (એની) ખબર નથી. આહાહા!

અનાદિ સંસારથી, પાછું એમ. નિગોદથી માંડીને સમસ્ત જનતા–આખી દુનિયા. આહાહા! **તીવ્ર મોહના ઉદયને લીધે...** એટલે પરમાં સાવધાનીની તીવ્રતાને લીધે મત્ત થઈ ગઈ છે જનતા. **જ્ઞાનજ્યોતિ** એની ઘેલછામાં આવી ગઈ છે. એકકોર કહે, છે એવી છે. પણ પર્યાયમાં એનું ભાન નથી એટલે મત્ત થઈ ગઈ છે. આહાહા! **કામને વશ છે...** અનાદિથી સકળ જનતા પરના પ્રેમરૂપી કામને વશ થઈ ગયેલા છે. ભગવાન આનંદનો નાથ એને ભૂલી ગયા છે કહે છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય સહજાનંદની મૂર્તિ પ્રભુ સનાતન પરમેશ્વર એને સર્વ જનતા અનાદિથી ભૂલી ગઈ છે, એમ કહે છે. કેમકે પરની સાવધાનીમાં મત્ત છે અને કામને વશ છે. આહાહા! પાંચ ઇન્દ્રિયોના વિષયોના વિકલ્પને વશ છે. સમજાય છે કાંઈ? આ મિથ્યાદૃષ્ટિ આવા હોય, એમ કહે છે. આખી દુનિયા એવી હોય છે એમ કહે છે. સાધુ દ્રવ્યલિંગી હોય તો પણ એ કામને વશ છે. કેમકે જે રાગ છે એને વશ છે એ કામને જ વશ છે. આહાહા! સમજાણું કાંઈ?

**અને નિજ આત્મકાર્યમાં મૂઢ છે.** ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ, એનું જે કાર્ય–એમાંથી પર્યાય પ્રગટ કરવી, એમાં અનાદિ–સનાતન જગતના જીવો મૂઢ છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો કોઈ કહે, રોગ મટાડી દે, ફલાણું કરી દે. માળા ગાંડા તે ગાંડાના ઘર. હાથ ફેરવ્યો ત્યાં રોગ મટી ગયો. ગાંડાના ગામ કાંઈ જુદા હશે? આહાહા! હાથ કોનો? રોગ કોનો? ક્યા રજકણ? અજ્ઞાનીઓની તીવ્ર ભ્રમણામાં નિજ આત્માના કાર્યમાં મૂઢ છે. આહાહા! આત્માનું કાર્ય તો એ કે જે ત્રિકાળીવસ્તુની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કરવી એનું કાર્ય છે. એમાં તો મૂઢ છે કહે છે. અને પરમાં રાગાદિના કાર્યમાં પ્રવીણ છે. મત્ત થઈને પ્રવીણ છે પાછું. આહાહા!

એમાં બે-પાંચ-દસ કરોડ રૂપિયા હોય, શરીર સુંદર હોય, બાયડી કહ્યાગરી હોય, છોકરા કાંઈક માનતા હોય એને અને બેઠો હોય સાંજે બાગમાં ચારેકોર ફૂલ-ઝાડ. ગાંડો છે, કહે છે, પાગલ. કહો, સમજાણું કાંઈ? દુનિયા એને સુખી કહે, પાગલ જીવો એને સુખી કહે. કહ્યુંને, અનાદિ સંસારથી સમસ્ત જનતા (એટલે) ધર્મને પામેલા જીવો સિવાય. આહાહા! બે-પાંચ-દસ હજારનો પગાર થાય, અમલદાર અધિકારી પદવી મોટી થાય, વળી અત્યારના પ્રધાનપદમાં આવે, હોય ગરીબ ને પછી પ્રધાનપદમાં આવે, પછી જોઈ લો. અમે કેવા બુદ્ધિવાળા, કેવા જગતના કામ કરીએ, કેવી જગતને સરાણે ચડાવીએ, સરાણે... કહે છે, ગાંડા–પાગલ છે.

પોતાનું આત્મસ્વરૂપ ભગવાન નિત્યાનંદ ભગવાન, એનું જે કાર્ય—એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતારૂપી કાર્યમાં તો મૂઢ છે કહે છે. લ્યો, આ તો કાર્યવાહક કહ્યા તમારા કાર્યકર્તા. હવે ગિરધરભાઈ તો એકકોર શેઠિયા કહેવાય ને એકકોર કાર્યકર્તા કહેવાય. બે એની પદવી. આહા! ... ક્યાંથી ખબર પડી ગઈ? જુઓને કહ્યુંને, **અનાદિ સંસારથી**... પાછું એમ. નવું નથી કંઈ. અને આખા જન સમુદાય–સમસ્ત જનતા... આહાહા! જૈનનો સાધુ થયો હોય ત્યાં સુધી પણ એ રાગમાં મત્ત છે. આત્મા અંદર રાગથી ભિન્ન છે એનું એને ભાન નથી, નિજકાર્યમાં મૂઢ છે ને રાગાદિ કાર્યમાં એ પ્રવીણ છે. મહાવ્રતના પરિણામ એ બધા રાગના કાર્ય છે. સમજાણું કાંઈ? આહાહા!

**મોહના અભાવથી આ જ્ઞાનજ્યોતિ શુદ્ધભાવને પામે છે...** પર તરફની સાવધાનીના ભાવના અભાવથી (અને) અંતર સાવધાનીથી ભગવાન જ્ઞાનજ્યોતિ શુદ્ધભાવને પામે છે. ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ ભગવાન એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા, તેની શુદ્ધતાથી તે પામે છે. **શુદ્ધભાવને પામે છે**... એનો આશ્રય કરે એ જ્ઞાનજ્યોતિ પામે છે, એને મળે છે. **જ્ઞાનજ્યોતિ શુદ્ધભાવને પામે છે** એમ કહે છે. પર્યાયમાં જે મોહભાવ હતો એનો અભાવ કરીને જેણે જ્ઞાનજ્યોતિ ભગવાન આત્મા એને પકડ્યો એ શુદ્ધભાવને પામે છે. આહાહા!

**—કે જે શુદ્ધભાવે દિશામંડળને ધવલિત (–ઉજ્જ્વળ) કર્યું છે...** એટલે કે ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવી જ્ઞાનદશા જેને પ્રગટ થઈ છે. આહાહા! સમજાણું કાંઈ? **કે જે શુદ્ધભાવે**... પ્રગટ થયેલો શુદ્ધભાવ... પુણ્ય ને પાપનો ભાવ તો અશુદ્ધભાવ, મેલો ભાવ છે. એ કાંઈ શુદ્ધભાવ નથી, એ ધર્મભાવ નથી. આહાહા! ત્રિકાળી ભગવાન પરમાનંદની મૂર્તિનો આશ્રય લઈને જે ભાવ પ્રગટ્યો, એનાથી જ્ઞાનજ્યોતિ શુદ્ધભાવને પામ્યો કે જે શુદ્ધભાવે સારી દુનિયાને પ્રકાશી છે. આખી દુનિયાને ઉજ્જ્વળ કરી દીધી, એટલે ત્રણ કાળ, ત્રણ લોક જાણવામાં આવ્યા એવી ઉજ્જ્વળદશા જેણે પ્રગટ કરી છે. આહાહા!

**અને સહજ અવસ્થાને પ્રગટ કરી છે.** લ્યો, પોતાની સહજદશા (અર્થાત્) જેવી શક્તિ છે એવી જેણે અવસ્થા પ્રગટ કરી છે. આહાહા! નિયમસાર. નિયમસાર એ નિયમસાર છે,

નિશ્ચયનો સાર. કહે છે, ભગવાન આત્મા એ શુદ્ધ શુદ્ધ પૂર્ણ ધ્રુવ નિત્ય છે. એ જ્યોતિ પર તરફના મિથ્યાત્વાદિ ભાવના અભાવથી શુદ્ધભાવને પામે છે. આહાહા! અને જેણે દશા સહજ અવસ્થાને પ્રગટ કરી છે. ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય પ્રભુ એમાંથી નિર્મળ સ્વભાવિક અવસ્થા–પર્યાય કેવળજ્ઞાન, મતિ-શ્રુતજ્ઞાન આદિ સ્વભાવિક અવસ્થાને જેણે પ્રગટ કરી છે. સાધકજીવે મતિ-શ્રુતજ્ઞાન આદિ, કેવળજ્ઞાનીએ કેવળજ્ઞાન આદિ સહજ અવસ્થા પ્રગટ કરી છે. એને અહીંયા ધર્મી અને ધર્મના ફળવાળો કહ્યો. આહાહા! બે શ્લોક હતા. હવે ગાથા ૧૧૧. ત્રણ એકડા.

**कम्मादो अप्पाणं भिण्णं भावेइ विमलगुणणिलयं ।**
**मज्झत्थभावणाए वियडीकरणं ति विण्णेयं ॥१११॥**

આલોચનના ભેદ છે. ઓલું આલુંછન હતું, આ વિયડીકરણ–અવિકૃતિકરણ..

**અવિકૃતિકરણ તેને કહ્યું જે ભાવતાં માધ્યસ્થને**
**ભાવે વિમળગુણધામ કર્મવિભક્ત આતમરામને. ૧૧૧.**

આ શું હશે? પાધરી પરલોકની વાતું હશે આ? ત્યાં જાતા હશે ને .... થાતું હશે એવું કાંઈ? આ તો કેવળજ્ઞાનની વાતું હશે. અરે! તારા કેવળજ્ઞાનની પર્યાયને પ્રગટ કરવાનું સાધન એની આ વાત છે. એનું સાધન એ તું ત્રિકાળી. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનનું કારણ મતિ-શ્રુતજ્ઞાન અને મતિ-શ્રુતજ્ઞાનનું કારણ ત્રિકાળી સ્વભાવ. એવો સાધનસંપન્ન ભગવાન... સાધનસંપન્નનો જ આશ્રય લેને જીવ. ગરીબનો આશ્રય લેવા જાય કોઈ? એમ ભગવાન અનંત ગુણનો સાધનસંપન્ન પ્રભુ છે અંદર. એનો જેણે આશ્રય લીધો, એને અવિકૃતિકરણ પરિણામ પ્રગટ થાય છે. એ આલુંછનાનો એક ભેદ છે.

**ટીકા : અહીં શુદ્ધોપયોગી જીવની પરિણતિવિશેષનું (ખાસ પરિણતિ)** એટલે અવિકારીદશા. અવિકૃતિકરણ છેને. અવિકૃતિકરણ... ભાવના ફળ એમાંથી કાઢ્યું? પાઠમાં **वियडीकरणं** છે. સ્થાપન તો અવિકૃતિકરણ કરવું છે. કહે છે કે આત્મા નિર્મળાનંદ પ્રભુ એનો આશ્રય લઈને જેણે પુણ્ય-પાપના ભાવ રહિત શુદ્ધોપયોગ ગ્રહણ કર્યો, શુદ્ધ ઉપયોગની જેને પરિણતિ પ્રગટ થઈ એનું આ કથન છે. જુઓ! એક તો શુદ્ધોપયોગ કહ્યો, એ જીવની પરિણતિ વિશેષ. શુદ્ધ ઉપયોગ જીવની વિશેષ–ખાસ પરિણતિ છે. એનું આ કથન છે. શુદ્ધ ઉપયોગ એ ધર્મ. અશુદ્ધ ઉપયોગ એ પુણ્ય ને પાપ, એ ધર્મથી વિરુદ્ધ. એવો જે શુદ્ધોપયોગ, એવા જીવની શુદ્ધ પરિણતિ, નિર્મળ જેની અવિકૃત–વિકૃતિ વિનાની દશા, એની ખાસ પરિણતિનું આ કથન છે. લ્યો, આ પરિણતિનું કથન છે એમ આવ્યું. આવે છેને. કેવો છે ભગવાન આત્મા અંદર? **પાપરૂપી અટવીને બાળવા માટે અગ્નિ સમાન...** અગ્નિ હોય, એ અગ્નિ કોને ન બાળે? સુકા લાકડાને તો બાળે, પણ લીલાને પાછું સુકું કરતાં-કરતાં બાળે. સમજાણું કાંઈ?

(આગળ પ્રવચન ઉપલબ્ધ નથી). (પ્રમાણ વચન ગુરૂદેવ)

**આસો સુદ ૧૩, શુક્રવાર, તા. ૨૦-૧૦-૧૯૭૨**
**શ્લોક-૧૬૨-૧૬૫, પ્રવચન નં. ૧૨૫**

કળશ છે ૧૬૨.

**आत्मा भिन्नो भवति सततं द्रव्यनोकर्मराशे-**
**रन्तःशुद्धः शमदमगुणाम्भोजिनीराजहंसः।**
**मोहाभावादपरमखिलं नैव गृह्णाति सोऽयं**
**नित्यानंदाद्यनुपमगुणश्चिच्चमत्कारमूर्तिः ॥१६२॥**

**શ્લોકાર્થ : આત્મા નિરંતર દ્રવ્યકર્મ અને નોકર્મના સમૂહથી ભિન્ન છે...** જેને સુખી થવું હોય એણે શું કરવું એ ચાલે છે. આત્મા જડકર્મ ને શરીરાદિથી ભિન્ન છે એમ એની પર્યાયમાં ભાસ થવો જોઈએ. સમજાણું કાંઈ? એને ભિન્ન ન ભાસતાં, પરથી અભિન્ન ભાસે એ દુઃખરૂપ દશા, સંસારની પરિભ્રમણ દશા છે. ભગવાન આત્મા પોતે સ્પર્શથી રહિત છે, છતાં સહિત અનાદિથી જે ભાસે છે એ ભાસન જ સંસારના રખડવાનું મૂળ છે. જેને એ દુઃખથી મુક્ત થવું હોય એણે શું કરવું? આલોચના છેને. આત્મા વસ્તુ છે આનંદમૂર્તિ એ નિરંતર–કોઈ સમયનો અંતર પડ્યા વિના, દ્રવ્યકર્મ નામ આઠ કર્મ. નોકર્મ નામ શરીરાદિ, વાણી આદિ એના સમૂહથી ભિન્ન છે. એમ એની વર્તમાન પર્યાયમાં, કર્મ ને નોકર્મથી વસ્તુ ભિન્ન છે એ વાસ્તવિક છે એમ ભાસન થતાં એને આનંદ આવે, એ દુઃખને ટાળે. કેમ જોવું (એવી) આલોચના છેને? આત્માને આમ જોવો.

**અંતરંગમાં શુદ્ધ છે...** નાસ્તિથી વાત કરી પહેલી. કર્મ ને નોકર્મથી જુદો છે, પોતાના અંતરંગમાં શુદ્ધ છે. એના અંતરંગો બધા, પોતે શુદ્ધ છે, એના અંતરંગ–બધા અંગો શુદ્ધ છે, પવિત્ર છે. ભારે વાત! એમ અંતરમાં દૃષ્ટિ કરતાં, જેવું એનું સ્વરૂપ છે તેમ જેને ભાસે, જેણે આત્માને જેવો છે એવો જોયો, આલોચ્યો, ..., અનુભવ્યો, એને સુખી કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? વસ્તુ પોતે આત્મા અંતરંગમાં શુદ્ધ છે, પરથી રહિત છે, પણ પોતાના પવિત્ર ગુણ સહિત છે. આહાહા! આવું એને અંતરમાં જ્ઞાન થવું જોઈએ. સમજાણું કાંઈ?

**અને શમ-દમગુણરૂપી કમળોનો રાજહંસ છે (અર્થાત્ જેમ રાજહંસ કમળોમાં કેલિ કરે છે)...** આ રાજહંસ હોય એ કમળોમાં રમે. એ કાદવમાં ને નીચે રમે નહીં. **આત્મા શાંત... તેમ આત્મા શાંતભાવ ને જિતેન્દ્રિયતારૂપી ગુણોમાં...** જેમ રાજહંસ કમળમાં રમે છે, એમ ભગવાન આત્મા પોતાના શાંત–અકષાયસ્વભાવભાવ અને જિતેન્દ્રિય એવા **ગુણોમાં રમે છે).** એવા ગુણોમાં એ છે એમ કહે છે. સમજાણું કાંઈ? રાગમાં ને કર્મમાં નથી. એ તો પોતાનો શાંત,

આકુળતાના ભાવ રહિત નિરાકુળ શાંત આનંદભાવ એમાં જિતેન્દ્રિય (અર્થાત્) પરથી જીતીને એ રમે છે.

**સદા આનંદાદિ અનુપમ ગુણવાળો** છે. આહાહા! એ પ્રભુ આત્મા ત્રણે કાળે આનંદાદિ અનુપમ ગુણવાળો છે. આનંદ, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા વિગેરે અનંત ગુણ, સંખ્યાએ અનંત... વસ્તુએ (એક), પણ સંખ્યાએ અનંત ગુણવાળો એ છે. કહો, સમજાણું કાંઈ? **સદા આનંદાદિ**... ત્રણે કાળે એમાં આનંદ જ છે, શાંત છે. અતીન્દ્રિય આનંદનો સ્વભાવ એવા ગુણવાળો છે. એવી અંતર્દૃષ્ટિ કરતાં એને આવો આત્મા ભાસે, શ્રદ્ધામાં આવે અને અંશે એમાં ઠરે, ત્યારે એને આનંદ, શાંતિના અંશનું વેદન આવે છે. અનાદિથી એ આકુળતાને વેદે છે, દુઃખને વેદે છે. આ પૈસાવાળા હો, રાજા હો, ગરીબ હો, નારકી હો, કંથવો હો કે હાથી હો—એ બધા દુઃખને વેદે છે. એ પૈસાને અનુભવતા નથી. એ ભાવ્ય-ભાવક આવી ગયું કાલે, નહીં? પરને ભોગવતા નથી. એનો જે મિથ્યાત્વભાવ (એટલે કે) સ્વરૂપથી જૂઠો–જુદો ભાવ એને એ અનુભવે છે. સમજાણું કાંઈ?

ત્યારે ધર્મી, સદા આનંદાદિ ગુણવાળો હોવાથી... સદા આનંદાદિ ગુણવાળો છે એમ શ્રદ્ધા ને જ્ઞાનમાં આવતાં, એને સમ્યગ્દર્શન-જ્ઞાન થતાં શાંતિ થાય છે. કહો, સમજાણું કાંઈ? **અનુપમ**–જેને ઉપમા (ન દેવાય કે) શું કહે છે. આહાહા! જેના ગુણો, વસ્તુ પોતે આત્મા અસ્તિ–સત્તાવાન એની સત્તામાં (રહેલા) આનંદાદિ ગુણોને ઉપમા શું દેવી! ઓહોહો! જે નિર્વિકારી ગુણનો પિંડ પ્રભુ, સ્વભાવિક ગુણનો સાગર એને કોની ઉપમા દેવી! એવો અનંત આનંદાદિ અનુપમ ગુણવાળો છે. આહાહા! **અને ચૈતન્યચમત્કારની મૂર્તિ એવો તે...** ચૈતન્ય ચમત્કાર... અંદરમાં જોતાં, એકાગ્ર થતાં, ચૈતન્યની વ્યક્ત દશા આવે એ ચમત્કાર છે. એમાં સ્વ ને પર બધું જણાય. એવી ચમત્કારી ચીજ છે કે અલ્પકાળમાં ત્રણ કાળ જણાય. પોતામાં નથી એ ચીજ પણ ચૈતન્યની ચમત્કારદશામાં જણાય. કહો, સમજાણું કાંઈ? આવો આત્મા છે. જેવો છે એવો એને દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવે ત્યારે આવો છે એમ એને ખ્યાલમાં આવે. આહાહા!

**ચૈતન્ય ચમત્કારની મૂર્તિ એવો તે આત્મા મોહના અભાવને લીધે...** જેમાં મોહ જ નથી. સ્વરૂપમાં મોહ કેવો? મોહ કહેતાં પરમાં સાવધાનીનો ભાવ, એ મોહ વિનાનો આત્મા છે. એમ અંતરમાં દૃષ્ટિ થતાં, મોહ વિનાના આત્માનું ભાન થતાં, એને મોહ વિનાની દશાનો આનંદ પ્રાપ્ત થાય છે. લ્યો, આ સુખી કહેવાય છે એમ કહે છે. આ બધા દુઃખી છે.

શ્રોતા : બે પ્રકારના સુખ માને એમાં શું વાંધો છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : કહે છે, ... વ્યવહારે સુખી કહે છે. વ્યવહારે સુખી એટલે કે દુનિયાના પ્રતિકૂળ સંયોગમાં દુઃખી એ અપેક્ષાએ સગવડતામાં સુખી એવું વ્યવહારથી કહે છે.

પરમાર્થે તો દુઃખ જ છે. આહાહા! સુખ ક્યાં હતું ધૂળમાં? આ.... આનંદાદિ ગુણોનો પણ ગુણવાળો છે એ તો. આહાહા!

જેમાં નજર નાખતાં અનંત આનંદગુણવાળો આત્મા દૃષ્ટિમાં, અનુભવમાં આવે, એને સુખી અને એ સુખને પંથે ચઢ્યો એમ કહેવાય છે. સમજાણું કાંઈ? આ દુનિયાના રાજા-મહારાજાના કરોડ-કરોડના તાલુકા, એના પાછા બંગલા, એમાં બાગ, બગીચા ને ફૂલ-ઝાડ ને ખુરશી જુદી જુદી જાતની. અમે ખુશી છીએ માને છે અજ્ઞાની મૂઢ. દુઃખી છે, કહે છે, દુઃખી છે. 'સુખિયા જગતમાં સંત, દુરિજન દુઃખિયા..' એ ફળને આધીન પડેલા વિકલ્પવાળા દુઃખી પ્રાણી છે. 'સુખિયામાં જગતમાં સંત..' જે શાંત એવો પોતાનો સ્વભાવ, અનાકુળ આનંદાદિ અનુપમ ગુણવાળો પ્રભુ એને પ્રાપ્ત કરતાં એ સુખી છે.

ભલે પછી સાતમી નરકમાં પડ્યો હોય. આહાહા! એક ચોખાનો દાણો મળતો ન હોય, પાણીનું બિંદુ ન મળે, શરીરમાં સોળ રોગ હોય, રહેવાને ઓટલો ને મકાન ન હોય, ઓઢવાને કપડું ન હોય, નીચે પાથરવાને એવા ગોદડા-ફોદડા કાંઈ ન હોય. આહાહા! એ અગ્નિની પથારીમાં પડ્યા હોય. આહાહા! પહેલી, બીજી, (ત્રીજી) નરકમાં અગ્નિ.. અગ્નિ.. અગ્નિ. પછી બરફ–ઠંડું અનંત ગુણી ઠંડી. છતાં જે આત્મા અંદર છે એને જે પહોંચી વળે છે તે ત્યાં પણ સુખી છે. સમજાણું કાંઈ? આહાહા! અને એ સોનાના સાંકળા, શું કહેવાય તમારે? હિંડોળા. મોટા બંગલા હોય ૫૦-૫૦ લાખના, હીંચકે હિંચકતો હોય અને એક પછી એક માણસ કોઈ આવતા હોય શેઠીયા મોટા. ખમ્મા અન્નદાતા! આપને ત્યાં પેદાશ થઈ કરોડની, ફલાણે બીજ પાક્યા, ફલાણે આ થયું, એવા (શબ્દો) કાને તને પડે. એય! દુઃખી છે. એ કષાયના અંગારે સળગી રહ્યા છે એનું એને ભાન નથી.

અને સાતમી નરકમાં, આહાહા! પશુ જંગલમાં હોં, આહાહા! ચકલાનું બચ્ચું હોય લ્યોને, ગર્ભમાંથી બહાર આવ્યું. એમાં કોઈ ભાન–સમ્યગ્દર્શન, બે મહિનાની અવસ્થામાં ચકલું સમ્યગ્દર્શન પામે. ...... અને માથે ઝાડ ઉપર માળામાં પડ્યું હોય, એકલા કાંટા... કાંઈ ગોઠવ્યું હોય.... ધોમ તડકો ઉપરથી પડતો હોય અને જો વધારે ... આમ થાય હેઠે ધગધગતી વેળુમાં પડે એનું શરીર. પણ જો આત્માનું ભાન છે તો એ સુખી છે કહે છે. આત્મા જે એવીં સ્થિતિએ છે, એની એની પ્રાપ્તિ દૃષ્ટિમાં, જ્ઞાનમાં જ્ઞેય કરીને થાય, સુખી છે. આહાહા! સત્યના ગજ જ જુદી જાતના છે, સત્યનું માપણું મોટું બીજી જાતનું છે.

કહે છે કે જે આત્માને અંદરમાં મિથ્યાત્વના મોહનો અભાવ થયો, આહાહા! એને લઈને **(સમસ્ત પરદ્રવ્યભાવને) ગ્રહતો નથી જ**. આહાહા! અજ્ઞાનમાં પકડતો હતો, પરદ્રવ્ય અંદર ગરતા નહોતા, પણ મારા છે એમ પકડતો હતો. પણ ભગવાન **આત્મા મોહના અભાવને લીધે** એ રાગને પણ પકડતો નથી, એને લઈને એ પોતે આત્મા સુખી છે. આહાહા! એ ધર્મી છે. એ

આત્મામાં વસે છે. એ રાગ આદિમાં વસતા નથી એમ કહે છે. રાગાદિ હોવા છતાં એમાં એનો વાસ નથી. આહાહા! વાત તો એવી વાત છે..... આહાહા! આ બહારના લીલા, પીળા, ધોળા શરીર ને રંગ ને કપડા ને લાડવા, મકાન ને બાગ. આહાહા! એકલી હોળી સળગે છે કહે છે. ત્યાં નજરું જતાં કષાયની અગ્નિ પેદા થાય છે.

અને અંતરમાં નજર જતાં શાંતિ પેદા થાય છે એમ કહે છે. બહારમાં ભલે રોગે ઘેરાયેલો હોય, રુંવાટે-રુંવાટે અગ્નિમાં સોયું તપાવીને ચૂંબતા (-અડાડતા) હોય, આહાહા! પણ અંતરમાં મિથ્યાત્વના મોહના અભાવને લઈ એ રાગ ને દુઃખને પકડતું નથી. સમજાણું કાંઈ? આ ધર્મકથા તો જુદી જાતની છે ભાઈ! આહાહા! વીતરાગ અનંત આનંદપ્રાપ્ત ભગવાન પરમાત્મા એને જોયો પૂર્ણ. પોતાની ત્રણ કાળની પર્યાયને જોતાં આ.. આ.. બધું જણાઈ ગયું. એને જાણવાની જે શક્તિ છે એ જ દરેક આત્માની શક્તિ છે. એવી શક્તિને જેણે સંભારી અને જેની સંભાળ કરતો રાગાદિને ભૂલી ગયો, એ પોતાના આનંદસ્વભાવને લઈને, મોહના અભાવને લઈને રાગ ગ્રહતો જ નથી. આહાહા! એ રાગના શુભકર્મમાં પણ જ્ઞાની આવતો નથી. આહાહા!

બહારમાં એમ દેખાય કે આ તો રાજા છે. સમકિતી હોય, દેખાય બહારમાં એવો, સુંદર શરીર, જરીના કપડાં, જરીના, શું કહેવાય? સાફા. જરીના સાફા હોય. સમકિતી હોય, બહારમાં દેખાય, દુનિયા એમ માને કે આ એની સામગ્રી છે. એ એમ માને કે આ બાહ્ય સામગ્રીથી હું તો પર છે. મારી સામગ્રી તો મારામાં આનંદાદિ છે એ છે. એવી દૃષ્ટિને લઈને મોહના અભાવથી સુખી છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! મોહના અભાવને લીધે સમસ્ત પરદ્રવ્ય એટલે રાગાદિ વિકલ્પ બધું, એને **ગ્રહતો નથી જ.** એમ પાછું. આહાહા!

અરે! આવી વાત પણ એણે સાંભળી નહીં. અરે! આવો ભગવાન પૂર્ણાનંદનો નાથ પરમસુખના સાગરે ઝૂલતો પ્રભુ અંદર છે. આહાહા! અદ્ધરના પુલ નથી થતાં? પુલ.. પુલ. મોરબીમાં છેને ઝૂલતો પુલ. હેઠે કોઈ આધાર નહીં. એમ પરમાનંદનો ઝૂલતો પુલ આત્મા એને કોઈ આધાર નથી ક્ષેત્રનો, શરીરનો, વાણીનો. એવો અદ્ધરથી ઝૂલતો પુલ છે એ. સમજાણું કાંઈ? મોરબીમાં છે.... અહો! મુનિરાજ એમ કહે છે કે ભગવાન આત્મામાં મોહનો જ્યાં અભાવ છે, એવો આત્મા મોહ ને રાગને કેમ પકડે? જેમાં નથી તેને કેમ ગ્રહે? અને ગ્રહ્યું છે એને કેમ છોડે? આહાહા! એક શ્લોક થયો. આ અવિકૃતિકરણના શ્લોક છે. નિર્વિકારી પરિણતિના શ્લોક છે. અવિરતિકરણ ને અવિકૃતિકરણ ને..... ૧૬૩.

**अक्षय्यान्तर्गुणमणिगणः शुद्धभावामृताम्भो-**
**राशी नित्यं विशदविशदे क्षालितांहःकलंकः ।**
**शुद्धात्मा यः प्रहतकरणग्रामकोलाहलात्मा**
**ज्ञानज्योतिःप्रतिहततमोवृत्तिरुच्चैश्चकास्ति ॥१६३॥**

આહાહા! તારે બાર અંગને વિશેષ જાણવાનું શું કામ છે? કહે છે. તારો આત્મા જાણ્યો એણે બધું જાણ્યું. આહાહા! **શ્લોકાર્થ : જે અક્ષય અંતરંગ ગુણમણિઓનો સમૂહ છે...** એવો કેમ હશે? માણસને બેસવું મુશ્કેલ છે. પણ ભાઈ! એ વસ્તુ છે કે નહીં? પદાર્થ છેને? એ સત્ છેને? એ આદિ-અંત વિનાનું અક્ષયબિંબ છે. આહાહા! એમાં અનંતા-અનંતા **અક્ષય અંતરંગ ગુણમણિઓનો સમૂહ છે**... જેમાં જ્ઞાન આનંદાદિ એવા ભર્યા છે કે જેનો કોઈ દિ' ક્ષય ન થાય. આ કરોડોપતિ, અબજોપતિ કહેવાય (એની) એક ભવમાં ત્રણ-ચાર દશાઓ થઈ જાય. ઘડીકમાં કરોડપતિ ને ઘડીકમાં રાંકપતિ—એવી કેટલીય દશાઓ એક ભવમાં થાય. એ તો સંયોગની ચીજ છે.

આ તો અંતરંગ અક્ષય... આહાહા! અરે! તારા ગુણોની તને ખબર નથી. પારકાની માંડી કે આ આવા છે ને આ આવા છે. અક્ષય–ક્ષય ન થાય એવો ભગવાન અંતરંગ ગુણમણિઓનો સમૂહ છે. આહાહા! ગુણરૂપી મણિરત્નનો એ સમૂહ છે. એની આગળ આ કરોડોના હીરા, રત્ન એની કાંઈ કિંમત છે નહીં. આહાહા! હીરા આદિ પહેર્યા હોય આંગળીમાં અને મુંબઈ જેવી કોઈ ગલીમાં ગર્યો, એમાં સામેથી કોઈકને ખબર પડે, મારી નાખે. થયું છેને મુંબઈમાં. પચ્ચીસ હજારનો હીરો હતો. ..... એટલે ઓલા ડાકુને–ચોરને ખબર પડી. જોયું હશે કે અહીં ગલીમાં કોઈ વચમાં નથી. વચમાં આવીને લઈ ગયા. પણ આ શોભા આપે છે? એ નુકશાનના નિમિત્ત, દુઃખના નિમિત્ત છે બધા. રહ્યા હોય તો મમતાનું નિમિત્ત અને જાય તો દુઃખના નિમિત્ત.

જેનું–ભગવાન આત્માનું અસ્તિત્વ–હોવાપણું, અક્ષય અંતરંગ ગુણમણિઓનો સમૂહ એનું હોવાપણું છે. આહાહા! અરે! આવા આત્માને મૂકીને બધી વાતું. વ્રત કરો ને તપ કરો, ફલાણું કરો, પૂજા કરો ને ભક્તિ કરો. એ તો એનો એ સંસાર છે. સમજાણું કાંઈ? ભગવાન **અક્ષય અંતરંગ ગુણમણિઓનો સમૂહ છે**... ગુણમણિઓનો સમૂહ. એક મણિ નહીં, પણ એવા અનંત ગુણમણિનો પિંડ પ્રભુ છે. કેમ બેસે? અને જેને બેઠું એને કેમ ઉખડે? એવી ચીજ અનંત આનંદની ખાણ પ્રભુ એની જેને પ્રતીત ને વિશ્વાસ (આવ્યો), સદાકાળ રહેનારનો જ્યાં વિશ્વાસ આવ્યો, બીજો વિશ્વાસ ઉડી ગયો બધો.

એવો જે ભગવાન આત્મા **જેણે સદા વિશદ-વિશદ (અત્યંત નિર્મળ)** એટલે વિશદ-વિશદ. **શુદ્ધભાવરૂપી અમૃતના સમુદ્રમાં...** આહાહા! નિર્મળ અત્યંત શુદ્ધભાવરૂપી અંદર પરમાત્મા એવો અમૃતનો સમુદ્ર, એને જોઈને, જાણીને જેણે **પાપકલંકને ધોઈ નાખ્યા છે.** ખરેખર તો શુદ્ધભાવસ્વરૂપ ભગવાન આત્મા એમાં પાપમળ–કલંક છે નહીં. પણ જેણે એ શુદ્ધભાવનો આશ્રય લીધો અને એને શરણે ગયો, એના પાપમળ–કલંક ધોવાઈ જાય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? પાપ એટલે પુણ્ય ને પાપને નાશ કરવાનો બીજો કોઈ ઉપાય

નથી. નિર્મળ શુદ્ધભાવરૂપી અમૃતના સમુદ્ર... આહાહા! પાપકલંકને ધોઈ... પાપ શબ્દે પુણ્ય ને પાપ બેય. પુણ્ય ને પાપનો ભાવ અથવા મહાપાપ એવું જે મિથ્યાત્વ, એ શુદ્ધભાવરૂપી અમૃતના સમુદ્રમાં ધોઈ નાખ્યા છે. આહાહા!

**અને જેણે ઇન્દ્રિયસમૂહના કોલાહલને હણી નાખ્યો છે...** પાંચ જડ ઇન્દ્રિયો અને ખંડ(ખંડ ઇન્દ્રિય) એવી ઇન્દ્રિયોનો સમૂહનો કોલાહલ... વિકલ્પની લાગણીઓનો કોલાહલ... શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, જાણવા, જોવા ચક્ષુ... ઓહોહો! ભૂતડા શુભ-અશુભ વિકલ્પના, એવો જેણે કોલાહલને હણી નાખ્યો છે. આહાહા! ડાકણીઓ જે પુણ્ય-પાપની વૃત્તિઓ... શું કહેવાય એને? રાસડા લે. ચુડેલ. ચુડેલ.... ૫૯ની સાલમાં. દુકાનની પાછળ જિન હતું. અત્યારે તો આ...... મનસુખ ને. એવી રીતે જિન ચાલતું હતું. રમતી હતી બાઈયું... પહેલા ગયેલા ૫૯માં. ૧૩ વર્ષની ઉંમર હતી. નાની ઉંમર.

આસો મહિનો જ હતો તે દિ'. ૫૯ની આસો સુદ પૂનમ જ હતી. ત્યાં ઓલા શું કહે? એ તો ચુડેલ છે, ત્યાં જવાય નહીં આપણે. ચુડેલ રમે છે, ચુડેલ રાસડા લે છે. એ તો ઠીક, પણ પુણ્ય-પાપની વૃત્તિઓની ચુડેલ રાસડા લે છે. જેઠાભાઈ! આહાહા! ચુડેલ.. ચુડેલ. પછી તો અંદર જિનમાં ગયા. અરે! આ તો જિન છે. અમારે પાણી પીવું હોય.... પાણી ભરવાને.... અહીં માણસો ને મજૂરો.... એ ગામેગામ.... આટલો કોલાહલ. અરે! આ તો જિન છે. અહીં ક્યાં? આ બાઈયું નવરી થઈ રાતે અંજવાળે રાસડા લેતી હશે. આહાહા!

ઇન્દ્રિયના સમૂહના કોલાહલની વૃત્તિઓ જેણે હણી નાખી છે. આહાહા! કોલાહલ જ્યાં શાંત થઈ ગયો છે. આહાહા! એવો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એને સ્વીકારતાં જ કોલાહલનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? આ કઈ જાતનો ધર્મ આવો? આહાહા! પોષા કરવા, પડિકમણા કરવા, ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવું, ઉના પાણી પીવા—એવી વાતું કરે તો સમજાય પણ ખરું. પણ એ બધું તારું તો અજ્ઞાન છે, સાંભળને! આહાહા!

**તે શુદ્ધ આત્મા જ્ઞાનજ્યોતિ વડે...** ભગવાન શુદ્ધસ્વરૂપ પવિત્રધામ એ જ્ઞાનજ્યોતિ વડે, તેના પ્રકાશ, પ્રકાશના પૂંજ વડે **અંધકારદશાનો નાશ કરીને...** અજ્ઞાન ને રાગ-દ્વેષનો નાશ કરી **અત્યંત પ્રકાશે છે.** સૂર્ય જેમ પ્રકાશે, તેમ ચૈતન્ય ઝળહળ જ્યોતિ... આહાહા! એનું નામ ધર્મ ને એનું નામ આત્મા જાણ્યો કહેવામાં છે. આવો માને એને 'આત્મા છે' એમ વિશ્વાસ આવ્યો છે. સમજાણું કાંઈ? અત્યારે તો આ વર મૂકીને જાન. આત્મા કોણ છે ને શું છે એ કાંઈ નહીં. આ કરો ને આ કરો. ધૂળધાણી ને વાપાણી. ચાર ગતિમાં રખડવાનું છે. ભગવાન આત્મા જ્ઞાનજ્યોતિ વડે શુદ્ધ પ્રભુ પવિત્ર છે એનો જ્યાં અંતર સ્વીકાર થયો એટલે કે એ ચીજનું અંતરમાં જ્ઞાન કરીને પ્રતીત થઈ, એવી જ્ઞાનદશા અંધકારનો તો નાશ કરીને પ્રકાશે છે. જ્ઞાતા-દ્રષ્ટા થઈને પ્રકાશે છે એવું એનું સ્વરૂપ છે. ૧૬૩ થયો. ૧૬૪.

**संसारघोरसहजादिभिरेव रौद्रे-**
**र्दुःखादिभिः प्रतिदिनं परितप्यमाने ।**
**लोके शमामृतमयीमिह तां हिमानीं**
**यायादयं मुनिपतिः समताप्रसादात् ॥१६४॥**

**શ્લોકાર્થ : સંસારનાં ઘોર, સહજ ઇત્યાદિ રૌદ્ર દુઃખાદિકથી પ્રતિદિન..** આહાહા! સહજ નામ **સાથે જન્મેલ અર્થાત્ સ્વાભાવિક. (નિરંતર વર્તતી આકુળતારૂપી દુઃખ તો સંસારમાં સ્વાભાવિક જ છે.** આહાહા! પૈસા મળ્યા તો આકુળતા, ગયા તો આકુળતા, છોકરા નથી– વાંઝિયા છે તો આકુળતા, થયા તો મારા માનીને આકુળતા. આકુળતામાં સળગી રહ્યો છે કહે છે. સ્વભાવિક આકુળતા છે કહે છે. સંસારમાં તો ક્ષણે-ક્ષણે દુઃખી થઈને રહ્યો છે (એવો) એનો (વિભાવ)સ્વભાવ છે. આકુળ.. આકુળ.. આકુળ.. વિભાવસ્વભાવ. **રૌદ્ર દુઃખાદિ...** છેને. **અર્થાત્ સંસાર સ્વભાવથી જ દુઃખમય છે.** સંસાર પોતે જ દુઃખરૂપ છે. આત્મા આનંદમય તે મુક્તસ્વરૂપ છે. એની સાથે પુણ્ય ને પાપના ઉદયભાવનું જોડાણ એ દુઃખરૂપ આખો સંસાર છે. આહાહા!

સ્વાભાવિક, સાથે જન્મેલ. એ તો સંસાર છે ત્યાં સ્વભાવિક દુઃખ છે. 'સંસરણં ઇતિ સંસારઃ' સ્વભાવથી ખસીને જ્યાં રાગમાં આવ્યો છે ત્યાં બધા વિકલ્પો દુઃખરૂપ જ છે. આ રળવાના, ખાવાના, પીવાના, ભોગવવાના બધા વિકલ્પો દુઃખરૂપ છે. સંસાર સાથે જ આકુળતા રહી છે, કહે છે, સંસરણ એવો વિકારભાવ એ દુઃખ. આહાહા! કેમ દુઃખ નહીં લાગતું હોય ત્યારે? દુઃખ લાગે છે કંઈ બહારમાં? ક્યાં આ બધું...? જયંતીભાઈ! ઘોડા, અરે! મોટુરું હોય. લાખ-લાખ રૂપિયાની મોટર લ્યો. ભલે એને એમ કે.... પણ એ મોટર મારી છે ને હું એમાં બેઠો છું એ ભાવ જ દુઃખ ને આકુળતા છે. આહાહા! સમજાણું કાંઈ? રોદ્ર દુઃખાદિથી છૂટીને... દુઃખાદિ (એટલે) આકુળતા. રતિ-અરતિ બધા ભાવો આકુળતા છે એમ કહે છે.

**પ્રતિદિન પરિતપ્ત થતાં...** આહાહા! અરે! બળતા-ઝળતા અજ્ઞાની જીવો—ભગવાન આનંદની મૂર્તિ પ્રભુ આત્મા એના ભાન વિનાના પ્રાણીઓ **પરિતપ્ત થતાં...** ૧૬૪ છેને? **प्रतिदिनं परितप्यमाने...** દરેક ક્ષણે તે તપતા, બળતા, ઝળતા, સળગતા છે કહે છે. આવું હશે ધીરૂભાઈ? ક્યાં.... છોકરાઓ કામ કરે, રોટલા..... અમે ક્યાં દુઃખમાં છીએ? (સુખી) માને છે. છોકરા કામ કરે છે, એમ. આપણે દુકાન ચાલે છે અને અહીં તો આપણે નિવૃત્ત. છોકરાઓ કહે, બાપા! તમે ઘણું કર્યું.

રવજીભાઈ કહેતા રવજીભાઈ બરવાળાવાળા. એના છોકરાઓ કહેતા, બાપા! તમે બહુ કર્યું, હવે મૂકી દો, તમે ઘણું કર્યું, હવે અહીં રહો, અમારે માથે હવે..... છોકરા છેને બે. બાપા! હવે તમે અહીં રહો, તમે ઘણું કર્યું, તમારી ફરજ બજાવી ઘણી. હવે આપણે નિવૃત્તિ....

ગિરધરભાઈ! તમારે છોકરાઓ કામ કરે છે કાંપમાં અને અહીં નિવૃત્તિ. હોય અનેક.... ભ્રમણા ને રાગ-દ્વેષથી સળગી રહ્યો છે કહે છે. એ બધા કામ ઠીક ચાલે છે. ઠીક ચાલે છે એ માન્યતા આકુળતા ને દુઃખ છે. આહાહા! તમારે તો નથી છોકરો. છોકરી છે એને. છોકરી છે. લડકી હૈ? લડકા હૈ. આહાહા!

**આ લોકમાં આ મુનિવર...** મુનિપતિ લીધા છે, પણ છતાં છે મુનિ. મુનિપતિ(નો અર્થ) આચાર્ય થઈ જાય, એમ નહીં. અહીં તો મુનિ પોતે પોતાની વાત કરે છે હોં. આ **મુનિવર સમતાના પ્રસાદથી...** આહાહા! **શમામૃતમય જે હિમ-રાશિ...** આહાહા! સમતારૂપી અમૃતનો ગંજ પ્રભુ આત્મા, એવો હિમરાશી એને એ પામે છે અંદરમાં. આહાહા! અજ્ઞાની રાગ-દ્વેષ ને આકુળતાને પામે છે. ધર્માત્મા હિમનો રાશિ એવો ભગવાન આત્મા શીતળ.. શીતળ.. શીતળ સુખનો સાગર, **(બરફનો ઢગલો)...** આહાહા! ભાષા કેવી કરી છે! આત્મા આનંદ ને શાંતિ.. શાંતિ.. શાંતિનો મેરુ પર્વત છે એને ધર્મી પામે છે.

'સમામૃત સેઈયે' આવે છેને છઢાળામાં. 'યહ રાગ આગ દહૈ સદા, તાતૈ સમામૃત સેઈયે..' (ઢાળ ૬, પદ ૧૫). આહાહા! શુભ ને અશુભરાગ આગ-દાહ, અગ્નિરૂપી દાહ છે. આહાહા! એ શુભભાવ પણ હોં. દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત એ ભાવ પણ અગ્નિ–દાહ છે. શાંતિભાઈ! આહાહા! એને છોડીને ધર્માત્મા હિમનો રાશિ–ઢગલો તેને પામે છે કહે છે. ધન્ય રે ધન્ય! આહાહા! આનંદનો નાથ, અનંત ગુણનો શાંતરસનો ઢગલો, ભગવાન તો અનંત શાંતિરસનો ઢગલો એને પામે છે. એમાં એકાગ્ર થતાં તેને શાંતિ મળે છે, એમ કહે છે. આહાહા! બાકી તો રાગ-દ્વેષમાં એકાગ્રતા એ આકુળતા, એકલું દુઃખ છે. આહાહા! ભારે ભાઈ! ધર્મનું આવું સ્વરૂપ હશે?

અહીં તો કહે, વ્રત પાળો, અપવાસ કરો, તપસ્યા કરો, કર્મ લાગ્યા છે તો અપવાસ કરો તો તપથી ખરી જાય. ધૂળેય ખરે નહીં તારા અપવાસથી, સાંભળને હવે! એ તો વિકલ્પ મંદ હોય, રાગ હોય, પણ દૃષ્ટિ તો જ્યાં પર્યાય ને રાગ ઉપર પડી છે, દૃષ્ટિ તો પર્યાયબુદ્ધિ ને રાગબુદ્ધિ ઉપર છે તો એ આકુળતા ઉપર જ એની દૃષ્ટિ છે. આહાહા! નિરાકુળતાનો નાથ ભગવાન, શાંતનો બરફ, એકલી શાંતિનો બરફનો ઢગલો, એને વિકલ્પ રહિત થઈને પહોંચી વળવું, એ સુખી છે. એ આત્માને પામે છે. કહો, સમજાણું કાંઈ? એને આત્માનો ભેટો થાય છે. આહાહા! ભગવાન આત્મા આનંદની મૂર્તિ પ્રભુ, શાંતનો સાગર એને પામે એ સુખી છે. આવો આત્મા છે એ સાંભળવા મળે નહીં, કરવું શું? આ કરો.. આ કરો.. આ કરો.

**સમતાના પ્રસાદથી**... આહાહા! પુણ્ય ને પાપના વિકલ્પની જાળ દુઃખરૂપ છે, એનાથી (ભિન્ન) ભગવાન આત્મા શાંતરસનો સાગર એને માનતાં, જાણતાં, અનુભવતાં સમતા પ્રગટે. એ **સમતાના પ્રસાદથી શમામૃતમય જે હિમરાશિ** ત્રિકાળી પ્રભુ **તેને પામે છે...** એને આત્માનો

ભેટો થાય છે. આહાહા! ભારે વાતું ભાઈ! લ્યો, આ દિવાળીના દિ' છે. દિવાળી આવે એટલે બાર મહિનાનો સરવાળો કાઢે. હમણાં પાંચ લાખ પેદા કર્યા, પચાસ લાખ હતા, લાખ ખર્ચ થયો, ચાર લાખ વધ્યા, ૫૪ લાખ થયા. કરો લાપસીના આંધણ. આહાહા! મમલશેઠનું નહોતું કહ્યું? શીંગડું બાકી રહ્યું. એ કથામાં આવ્યું હતું, હમણાં જ આવ્યું હતું. લાખો-કરોડો ભેગા કરી કરીને રતન લઈ આવ્યો. રતનનો પછી બળદ બનાવ્યો. શીંગડું બાકી રહી ગયું એની માટે રાતના બાર વાગે મમલશેઠ લાકડું લેવા પડ્યો પાણીમાં–દરિયામાં. આહાહા!

શ્રેણિક રાજા ને રાણી બેઠા હતા. અરેરે! આપણા ગામમાં આવો દુઃખી! રાતના બાર વાગ્યે પાણીના હીલોળે ચડ્યો છે. આ દબાઈ જશે, મરશે. લાકડું ક્યાંય છે એને લેવા જાય છે. આ શું કરે છે? અરેરે! આપણા ગામમાં આવા ગરીબ માણસો? આપણે કેમ જોઈ શકીએ? બોલાવો માણસને. રાતના બાર વાગ્યે આવા પાણીમાં પડ્યો છે. જ્યાં આમ જોવે તો નગરશેઠ. એલા! આ સ્વપ્નુ છે કે આ શું છે આ? મમલશેઠ છો તમે? કહે, હા. આમ કેમ? એક બળદ રચ્યો છે રતનનો, એનું શીંગડું બાકી રહી ગયું. થોડાક આવા પૈસા ભેગા થઈને શીંગડું બનાવીએ તો આખો બળદ થાય. હવે એને બળદ થાવું છે. આહાહા! કથામાં આવ્યું હતું ક્યાંક. ના, ના, આ તો અહીંયા ચોપાનિયામાં. અમારે બીજું ક્યાં...? આ ચોપાનિયામાં. આપણું છે નહીં. સમજાણું કાંઈ? આહાહા!

તૃષ્ણારૂપી અગ્નિથી સળગતાને સંતોષનું કારણ તો એનો અભાવ કરીને આત્મામાં ઢળવું તે છે. ભગવાન આનંદનો નાથ શાંતિનો ઢગલો પડ્યો છે. આહાહા! વસ્તુ છેને. એનો સ્વભાવ.. સ્વ–પોતાનો ભાવ છેને. કાયમી છેને. શાશ્વત છેને. અપાર શાંતિ ને આનંદનો ભાવ અપાર ... છે. આહાહા! એને જોવા માટે હજાર આંખ્યું કરવી (અને) જગતને જોવા માટે આંખ્યું બંધ કરી દેવી. આહાહા! એવો શમામૃતમય હિમરાશી, એવો શાંતિનો ઢગલો એને પામે છે. ૧૬૫.

**मुक्त: कदापि न हि याति विभावकायं**
**तद्धेतुभूतसुकृतासुकृतप्रणाशात् ।**
**तस्मादहं सुकृतदुष्कृतकर्मजालं**
**मुक्त्वा मुमुक्षुपथमेकमिह व्रजामि ॥ १६५॥**

મુમુક્ષુનો પંથ આ છે. જુઓ! આહાહા! એ વિના... મુક્તિ એટલે શું? જુદો વાડો બાંધવો છે? અંદર હતું....... એ ધર્મના અર્થી–મોક્ષના અર્થી એને મુમુક્ષુ કહેવાય. સમજાણું કાંઈ? જેને અંતર છૂટવું છે અને બંધાવું નથી અને પૂર્ણાનંદની પ્રાપ્તિના અભિલાષી છે એને મુમુક્ષુ કહેવામાં આવે છે.

**શ્લોકાર્થ : મુક્ત જીવ વિભાવસમૂહને કદાપિ પામતો નથી...** કહે છે કે મુમુક્ષુ જે જીવ શુદ્ધ... પોતાનો આત્મા મુક્ત છે દ્રવ્યે એ જીવ **વિભાવસમૂહને કદાપિ**... આ અવિકૃતકરણના શ્લોકો છે બધા. આ વિભાવસ્વભાવને પામતો નથી એ અવિકૃતિ. વિકૃતિને પામતો નથી. આહાહા! ભગવાન આત્મા ચૈતન્યમણિરત્ન.. અંદર રાગ ને શરીરથી ભિન્ન પ્રભુ ચૈતન્યરત્ન છે. આહાહા! એ મુક્તજીવ છે. એ વિભાવસમૂહને કદાપિ પામતો નથી. અથવા સિદ્ધભગવાન જે છે મુક્ત એ પણ કદાપિ વિકારસમૂહને પામતા નથી. **કારણ કે તેણે તેના હેતુભૂત–** વિભાવના હેતુભૂત **સુકૃત અને દુષ્કૃત...** લ્યો, સુકૃત પણ વિભાવનો હેતુ ને દુષ્કૃત પણ વિભાવનો હેતુ. બેય વિભાવ છે. વ્યવહારુ સદાચરણ.. સદાચરણ એ દુષ્કૃત, એ પણ દુઃખ છે. એ સુકૃત અને દુષ્કૃત એટલે પાપ પરિણામ, એનો જેણે **નાશ કર્યો છે.**

મુનિ કહે છે કે **તેથી હવે હું સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મજાળને છોડીને...** આહાહા! શુભ-અશુભના ભાવને.. ભગવાન પાસે જવા શુભ-અશુભભાવને છોડું છું. એવા સુકૃત ને દુષ્કૃત કર્મજાળને છોડી... એ કર્મજાળ છે. આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ એ કર્મજાળ છે. રાડ નાખેને માણસ. આ વળી કેવો (ધર્મ)? હિંસા, જૂઠું, ચોરી, રળવું, ભોગવાસના એ કર્મજાળ છે. એ પાપરૂપી કર્મજાળ, આ પુણ્યરૂપી કર્મજાળ. આહાહા! મુનિ પોતે કહે છે કે **હવે હું સુકૃત ને દુષ્કૃતરૂપી કર્મજાળને છોડીને એક મુમુક્ષુમાર્ગે જાઉં છું...** મુમુક્ષુઓ ક્યે માર્ગે ગયા? કે શુભાશુભભાવ છોડી અંતરના માર્ગે ગયા, સમકિતીથી માંડીને બધા મુમુક્ષુઓ. સમજાણું કાંઈ? આહાહા! શુભ ને અશુભભાવ એને છોડીને મુમુક્ષુઓ મોક્ષમાર્ગે ગયા, હવે હું પણ એ રસ્તે જાઉં છું, એમ કહે છે.

**(અર્થાત્ મુમુક્ષુઓ જે માર્ગે ચાલ્યા તે જ એક માર્ગે ચાલું છું)**. તે જ માર્ગ ચાલુ છે એમ કહે છે. તે માર્ગમાં હું હવે જાઉં છું. આહાહા! શુભ-અશુભભાવ રહિત આત્માનું શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ મુમુક્ષુનો માર્ગ છે, એ માર્ગ ચાલુ છે કહે છે આહાહા! થઈ શકે એવું નથી એમ નહીં. ચાલુ જ છે માર્ગ. આહાહા! એ માર્ગે ચાલું છું. એનો અર્થ કે એ માર્ગ ચાલુ છે ને હું એ માર્ગે ચાલું છું. આહાહા! જાઉં છું એ માર્ગ છે, કહે છે. **તે જ એક માર્ગે ચાલું છું**... આહાહા! મુમુક્ષુમાર્ગે... મુમુક્ષુનો માર્ગ વર્તે છે. શુભાશુભભાવ રહિત શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર એ મુમુક્ષોનો માર્ગ. આહાહા! એ રસ્તે હું પણ જાઉં છું એટલે મને પણ મોક્ષ મળશે, એમ કહે છે. એ વિભાવસમૂહને ન પામે એવું સિદ્ધપદ આ માર્ગે જતાં મને પણ મળશે એમ કહે છે. આહાહા!

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો સુદ ૧૪, શનિવાર, તા. ૨૧-૧૦-૧૯૭૨
## શ્લોક-૧૬૬-૧૬૯, પ્રવચન નં. ૧૨૬

**प्रपद्येऽहं सदाशुद्धमात्मानं बोधविग्रहम् ।**
**भवमूर्तिमिमां त्यक्त्वा पुद्गलस्कन्धबन्धुराम् ॥१६६॥**

કહે છે કે ધર્માત્મા–ધર્મી ભાવના કરે છે કે મારું શરીર તો જ્ઞાનશરીર છે. અંદર જાણગ સ્વભાવ એ મારું શરીર છે. **શ્લોકાર્થ** : આ શરીર તો **પુદ્ગલસ્કંધો વડે જે અસ્થિર છે**... સ્કંધો આવે ને જાય. અસ્થિર છે આ. ઘડીકમાં કંઈક થાય, ઘડીકમાં કંઈક થાય. કારણ કે અનંતા રજકણો એનો સ્કંધ એટલે પિંડ છે, એવા અનંતા સ્કંધ છે આ. **પુદ્ગલસ્કંધો વડે જે અસ્થિર છે**... એટલે કે પુદ્ગલસ્કંધોના આવવા-જવાથી એકસરખું શરીર રહેતું નથી. **એવી આ ભવમૂર્તિને**... આ ભવની મૂર્તિ છે. ભવની મૂર્તિરૂપ કાયા... ભવનું સ્વરૂપ છે એ તો. એ આત્માનું સ્વરૂપ નથી. એ આત્માની કાયા નહીં. **એવી આ ભવમૂર્તિને છોડીને**... આ શરીર પ્રત્યે મારાપણું છોડી દઈને... કેમ કે એ આત્માની ચીજ નથી.

**હું સદાશુદ્ધ એવો જે જ્ઞાનશરીરી આત્મા**... હું તો સદાશુદ્ધ જ્ઞાન એટલે સમજણ, પ્રજ્ઞાસ્વરૂપ, જ્ઞાયકભાવ એવો જે જ્ઞાનશરીરી આત્મા... લ્યો, જ્ઞાન જેનું શરીર છે એવો આત્મા. પ્રજ્ઞા–જાણગ સ્વભાવ એવું જેનું શરીર છે. આ શરીર તો પુદ્ગલસ્કંધ વડે આવવા-જવાથી અસ્થિર છે. આ એકરૂપ ચીજ છે એમ કહે છે. મારું જ્ઞાનશરીર આત્મા એમાંથી કાંઈ જાય કે આવે એવું છે નહીં. એકરૂપ જ્ઞાનસ્વરૂપ તેનો આશ્રય કરું છું. લ્યો. ધર્મને કરનારને–ધર્મીજીવને આશ્રય હોય તો જ્ઞાનશરીરી-સ્વરૂપ ભગવાન એ આશ્રય કરવાલાયક છે.

શ્રોતા : એમાં આલોચના શું આવી?

પૂજ્ય ગુરુદેવશ્રી : આલોચના (એટલે) એને જોવું કે આ હું છું એ. આ હું છું એ જોવું એ જ સ્થિરતાનું કારણ છે. એ સ્થિરતા એ આલોચના છે. આમ ત્રિકાળી આલોચનાસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ?

કહ્યુંને જુઓને! બેયમાં નાખ્યુંને. કે આ શરીર છે એ તો પુદ્ગલસ્કંધની મૂર્તિ છે. ભવની મૂર્તિ છે. આહાહા! ભગવાન ભવના અભાવ-સ્વભાવસ્વરૂપ જ્ઞાનશરીર જેનું જાણવું.. જાણવું.. એ શરીર જ એનું સ્વરૂપ છે. એનો હું આશ્રય કરું છું, એને હું અવલંબું છું (અને) આને હું છોડું છું. દૃષ્ટિમાં શરીરને હું છોડું છું, દૃષ્ટિથી જ્ઞાનશરીરને અવલંબું ને આશ્રય કરું છું. લ્યો, આટલામાં બધું આવી ગયું ઘણું. આહાહા! ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય અનાદિ.. એ તો અનાદિ સ્વરૂપ છે. વસ્તુ છેને. આહાહા! એ અનાદિ સ્વરૂપ છે જ્ઞાનશરીર.. જ્ઞાનશરીર,

જ્ઞાનવિગ્રહ. એનો આશ્રય કરું છું, એને અવલંબું છું, એને ગ્રહું છું ને શરીરને છોડું છું. લ્યો, આ આલોચના. આનું નામ સંવર ને નિર્જરા. આલોચના એટલે સંવર થાય છેને. ગયા કાળનું પડિકમણું, ભવિષ્યના પચ્ચખાણ ને વર્તમાન (આલોચના). એ સંવર એટલે આલોચના.

વર્તમાનમાં હું... આ શરીરથી લીધું, અહીંથી લીધું વ્યવહારથી પહેલું. એના ઉપર લક્ષ છેને અનાદિનું. એ સ્કંધ, પરમાણુના રજકણનો સ્કંધ છે આ. આવે-જાય એનાથી અસ્થિર છે એ. એકરૂપ રહેતું નથી. એનું મમત્વ–મારાપણું છોડીને, હું એ જ્ઞાનશરીરી ત્રિકાળ છું એનો આશ્રય કરું છું. લ્યો, આશ્રય કર્યો એ સંવર ને નિર્જરા, એ આલોચના. કહો, સમજાણું કાંઈ? બહુ ટૂંકું. **प्रपद्येऽहं** છેને. **प्रपद्येऽहं**.. અહં–(હું) અંગીકાર કરું છું. કોને? કે જ્ઞાન–સમજણસ્વભાવરૂપ તત્ત્વ, જે એકરૂપ વસ્તુ અનાદિની, એનો હું આશ્રયે કરું છું અને શરીર જે પુદ્ગલસ્કંધ આવવા-જવા રૂપે અસ્થિર છે... આ સ્થિર, આ અસ્થિર. આ ગયા કાળનું પડિકમણું, ભવિષ્યના પચ્ચખાણ ને વર્તમાનનું સંવર–આલોચના.

**તેનો આશ્રય કરું છું**. બહુ ટૂંકું કરી નાખ્યું. કહો, જેઠાભાઈ! આ બધા પડિકમણા કર્યાં હશેને ગયા કાળના? ઘણાં ખોટા. બે વખત સાંજ-સવાર. પછી આવે ગયા કાળનું પડિકમણું, ભવિષ્યના પચ્ચખાણ, વર્તમાન કાળનું સંવર. સંવર એટલે આલોચના. વર્તમાનમાં હું સંવરરૂપે કેમ થાઉ છું? કે ત્રિકાળી જ્ઞાનસ્વભાવ-સ્વરૂપ છું એનો આશ્રય કરું છું તેથી સંવરરૂપે હું થાઉં છું. અને આનો ત્યાગ થાય છે, શરીરની મૂર્છાનો, મમત્વનો ત્યાગ થાય છે. એનું નામ સંવર. વર્તમાન સંવરરૂપી અધર્મનું અટકવું અને ધર્મનું પ્રગટવું. સમજાણું કાંઈ?

શરીર એ હું એવો જે મિથ્યાત્વભાવ, અધર્મ એનું અટકવું. અને જ્ઞાનસ્વરૂપી ભગવાન હું છું, એ છતી ચીજ છે, એનો હું આશ્રય કરીને અંગીકાર કરું છું. એ સંવરનું પ્રગટવું, ધર્મનું થવું અને અધર્મનું જવું. ધર્મનું થવું એટલે શું? ત્રિકાળી ભગવાન જ્ઞાનસ્વરૂપી શાશ્વત વસ્તુ જે છે સ્થિર.. સ્થિર.. ધ્રુવબિંબ, એને હું અવલંબુ છું એ ધર્મની પ્રગટદશા. અને આ શરીર એનું મમત્વ મારું નથી, એ તો પુદ્ગલના સ્કંધને લઈને અનેકરૂપી દશા થાય, એ મારા અધિકારની વાત નથી. આહાહા! એનું મમપણું છોડું છું અને અહીં મમપણું આદરું છું. જ્ઞાનાનંદસ્વભાવ મારો પ્રભુ એમાં મારાપણું માનું છું (અને) અહીં મારાપણું છોડું છું. લ્યો, એ ૧૬૬ થયો. ૧૬૭.

**अनादिममसंसाररोगस्यागदमुत्तमम् ।**
**शुभाशुभविनिर्मुक्तशुद्धचैतन्य भावना ॥१६७॥**

**શ્લોકાર્થ : શુભ અને અશુભથી રહિત...** શુભ ને અશુભકર્મ અને શુભ ને અશુભભાવ, એનાથી રહિત... પહેલું શરીરથી રહિત કહ્યું હતું, હવે અહીંયા શુભાશુભભાવથી રહિત. કેવો છે શુભાશુભભાવ? એનાથી રહિત તો અહીં ચૈતન્યભાવ સહિત. **શુદ્ધચૈતન્યની ભાવના...** શુદ્ધ ચૈતન્યસ્વભાવ ત્રિકાળ ટકતું ચૈતન્યભાવરૂપ તત્ત્વ એની ભાવના એટલે એમાં એકાગ્રતા, એટલે

કે શુભાશુભભાવની એકાગ્રતા છોડી અને શુદ્ધ ચૈતન્યસ્વભાવભાવ ધ્રુવ તેમાં એકાગ્રતા કરું છું. કહો, સમજાણું કાંઈ? તે **મારા અનાદિ સંસારરોગનું ઉત્તમ ઔષધ છે.** આહાહા!

**અગદ**નો અર્થ ઔષધ કર્યો છેને? **અગદ** ને? **અગદ** એટલે ક્યા? એમ ગુજરાતી..... પણ **અગદ**માંથી શું નીકળે છે. ઔષધ તો તમે ગોખી રાખેલા શબ્દો. ..... શબ્દમાંથી એ નીકળ્યું છે. **ગદ** નામ રોગ, **અ** નામ નહીં. રોગરહિત. રોગરહિત કરે એવી જે ઔષધદશા. એણે વળી કર્યું હશે. પહેલો અર્થ કર્યો હશે. ..... એટલે એમાંથી કંઈ કાઢવું જોઈએ. ઓલા **બંધુરામ**માં એમ આવ્યું. **पुद्गलस्कन्धबन्धु... प्र** એટલે બંધુ નહીં, એટલે ટકતું નહીં–અસ્થિર. એ બધા તમારા સંસ્કૃતના શબ્દો યાદ ન રહે અમારે. એનો ભાવ આ રીતે હોય એમ ખ્યાલમાં આવે. નહીંતર તો રહે નહીં. આહાહા!

કહે છે, લ્યો, આ ઔષધ કરવું હોય તો આ. રોગરહિત થવાની દશા એનું ઔષધ. એ ઔષધ મારે શુદ્ધ ચૈતન્યની ભાવના. ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ ધ્રુવ એની એકાગ્રતા એ સંસારના રોગ ટાળવાનું ઔષધ છે. આ બધા બહારના ઔષધને ગોતે, શરીરમાં રોગ થાય તો. ઘરમાં રાખે બધા રોગના ઉપાયો. રોગના ઉપાયો એટલે મટાડવાના. ઔષધિ. કબાટમાં બધું ભર્યું હોય. વીંછી કરડ્યો હોય તો ફલાણાનો કટકો રાખવો. શું કહેવાય એ? રેકોર્ડ. ...આ કરવું. બધું તૈયાર હોય જાણે. બધા રોગના સાધનો. એ માને કે રોગને મટાડવાનું સાધન છે. આહાહા!

એ તો રાગના નિમિત્તો બધા છે. રાગ તો રોગ છે. એને મટાડવાનું સાધન તો ભગવાન આત્મા છે. બહુ ટૂંકું ને ઘણું જ સીધું અને ઘણું જ સમીપ. ક્યાંય લેવા જાવું પડે એવું નથી, એમ કહે છે. નિત્યાનંદ આત્મા વસ્તુ તરીકે નિત્યાનંદ ને નિત્ય જ્ઞાનસ્વભાવ છે. એનો આશ્રય કરવો, એને અંગીકાર કરવું એટલે કે શુભાશુભભાવ રહિત થવું. એનું નામ આલોચના નામ ધર્મ નામ સંવરદશા છે. કહો, મરવા ટાણે જુઓને! ચારેકોર ધમાધમ ચાલે. પૈસાવાળો, જરી જુવાન શરીર હોય તો હાય હાય! શું થયું? બોલાવો ડોક્ટરને, બોલાવો ફલાણાને, બોલાવો ફલાણાને. બે-ચાર ડોક્ટર ભેગા થાય ને હોળી સળગે. ત્યાં તો ઓલો પતી ગયો હોય. આમાં હવે કાંઈ નથી. આમાં કાંઈ નથી. એક આત્માના ભાન વિના એનામાં કાંઈ નથી. એની નાડી જોઈ... આહાહા!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ... 'ભગવાન એકરૂપ' કહેતા હતા અમને દેખીને. નહીં ઓલો રબારી? કોઈક હતા બે-ત્રણ. અહીં નીકળ્યાને એટલે પછી .... માણસ એટલે આમ બોલવું. 'ભગવાન એક આત્મા છે' એવું બોલતા હતા. ઠીક! કીધું. વાત તો કાંઈ બીજી કરતા હશે, પણ અમને દેખીને.... આટલું તો આવ્યું આ લોકોને. ભગવાન આત્મા એક જ શરણ છે. એવું કાંઈક હતું. 'શરણ' શબ્દ નહીં પણ..... 'ભગવાન આત્મા' રબારી કહેતા થઈ ગયા. ...... પોતાનો આત્મા... 'ભગવાન આત્મા' વાત સાંભળેને બહારની. સાંભળ્યું હોયને અહીં. ત્યાં તો

આત્માને જ ભગવાન કહે છે. પ્રગટ થયેલા ભગવાન તો બધા અનંતા છે, પણ આ તો શક્તિરૂપે પોતે ભગવાન છે. એ શક્તિની વ્યક્તતા થાય એનું નામ સિદ્ધપણું છે. એ કાંઈ બહારથી આવતું નથી. આહાહા!

શુભ-અશુભથી રહિત **शुभाशुभविनिर्मुक्त** અને **शुद्धचैतन्य भावना...** પોતાનું અસ્તિ-તત્ત્વ ત્રિકાળી ધ્રુવ એની અંતરમાં એકાગ્રતા, એનો સ્વીકાર કરીને શ્રદ્ધા, સ્વીકાર કરીને એમાં સ્થિરતા... એ મારા અનાદિ સંસારનો રોગ... આહાહા! નિગોદથી માંડી નવમી ગ્રૈવેયક સુધી ગયો મિથ્યાદૃષ્ટિ. એ શુભભાવ(રૂપી) રોગ, એને માન્યો ધર્મ. એવા અનાદિ સંસારમાં રોગ... શ્રીમદ્માં આવે છેને. 'આત્મભ્રાંતિ સમ રોગ નહીં, સદ્ગુરુ વૈદ્ય સુજાણ, ગુરુ-આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ને ધ્યાન.' વિચાર એટલે જ્ઞાન કે આ છે, એનું ધ્યાન નામ સ્થિરતા. એ ઔષધ છે. ઓહો! એમાં આવે છેને. 'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય..' 'જે સમજે તે થાય' એમ જ આવ્યું છે એમાં. ભક્તિ કરે, પૂજા કરે, દયા-દાન કરે તો (કાંઈ ન થાય). મૂર્તિનું નામેય આવ્યું નથી. કારણ કે એ મધ્યસ્થ રહેવા.....

કેટલાક કહે છે, જુઓ! આમાં મૂર્તિ નથી આત્મસિદ્ધિમાં. માટે મૂર્તિ (હોતી) નથી. ત્યારે વળી આ તત્ત્વાર્થસૂત્રમાં મુર્તિ ખુલ્લી (રીતે કીધી) નથી માટે મૂર્તિ નથી. ત્યાં નિક્ષેપમાં ભલે નામ છે, પણ મૂર્તિ એવું ક્યાં છે આખા તત્ત્વાર્થસૂત્રમાં? જૈનશાસ્ત્રનું દોહન કરીને મૂક્યું એમાં તો નથી. એ તો કીધું પહેલું કે 'સ્થાપના' એ તો આવી. સ્થાપના, તો સ્થાપના ગમે તે સ્થાપના હોય, એમાં શું? પણ ભગવાનની મૂર્તિ છે ને એની પૂજા—એ ક્યાં આવી એમાં? સ્થાપના... શેરને સ્થાપવું, ચાલીસ રૂપિયાના શેર થયા એ સ્થાપવું. પણ ભગવાનની સ્થાપનામાં મૂર્તિ, એ બધું એમાં આવી જાય છે, બહાર કોઈ મુખ્યરૂપે ન પણ હોય.

એ ઘણાય કહે છે સ્થાનકવાસીમાં. જુઓ! આ તત્ત્વાર્થસૂત્ર છે એમાં મૂર્તિ ક્યાંય નથી. આ આત્મસિદ્ધિમાં ક્યાંય મૂર્તિપૂજા નથી. એ તો ગૌણરૂપે સાધારણ વાત છે. એની મુખ્યતામાં એ વાત ન હોય ભલે. માનસિક ધર્મમાં જ્યાં સુધી શુભભાવમાં છે, ત્યાં સુધી પૂજા-ભક્તિ આદિનો ભાવ હોય છે. આત્મિકધર્મમાં એ નહીં. અંદરમાં આશ્રય કરવા જાય છે ત્યાં કોઈ શુભાશુભભાવ હોતો નથી. લ્યો, આ સંસારરોગનું ઉત્તમ ઔષધ છે. આહાહા! ઘરમાં ને ઘરમાં રોગ ટાળવાનો ઉપાય છે એમ કહે છે. એ ચીજ જે પ્રભુ આત્મા... એ તે કાંઈ વાત છે!

શાશ્વત વસ્તુ આનંદ ને જ્ઞાન, આ જ્ઞાન...., એ જ્ઞાનનું સત્ત્વ, એ સત્‌નું સત્ત્વ... એ આત્મા સત્‌, એનું સત્ત્વ. એ સત્‌–શાશ્વત એનું સત્ત્વ પણ શાશ્વત, એ દ્રવ્ય ને ગુણ થયા. સત્‌ દ્રવ્ય અને સત્ત્વ ગુણ—બેય શાશ્વત. એમાં એકાગ્રતા એ પર્યાય થઈ. એ સંવર અને નિર્જરા. કહો, અપવાસ કરે તો કર્મ ખરે, આ કરે તો આ ખરે. જેમાં કર્મ નથી એનો આશ્રય કરે તો કર્મ

ખરે. સમજાણું કાંઈ? દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણે આવી ગયા. શુદ્ધ ચૈતન્ય એ દ્રવ્ય-ગુણ, ભાવના એ પર્યાય. કહો, સમજાણું કાંઈ?

છેને એકમાં બધું. શુદ્ધ ચૈતન્ય એ ત્રિકાળ... ચેતન દ્રવ્ય, ચૈતન્ય એ એનો ગુણ, ભાવના એની પર્યાય. અરે! આ શું? પોતે ચૈતન્ય આત્મા ત્રિકાળ અને એનો ચૈતન્યસ્વભાવ ગુણ એ ત્રિકાળ. એની આદિ-અંત છે? એની ઉત્પત્તિ-અભાવ છે? છે એ છે. 'છે' એવા મહાતત્ત્વને અવલંબવું, એનો આશ્રય કરવો એ એની પ્રજા કહેવાય. સંવર ને નિર્જરા એ ભગવાન આત્માની પ્રજા–પર્યાય. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ એ પ્રજા નહીં. ભારે! એ ઉત્તમ ઔષધ છે. સંસારરૂપી મિથ્યાત્વનો રોગ... પરવસ્તુ મારી એવો જે મિથ્યાત્વભાવ... સ્વવસ્તુ આ ત્રિકાળી મારી એવો જે સમ્યક્-ભાવ એ જ રોગને મટાડવાનું ઔષધ છે. આહાહા! ૧૬૮.

**अथ विविधविकल्पं पंचसंसारमूलं**
**शुभमशुभसुकर्म प्रस्फुटं तद्विदित्वा ।**
**भवमरणपविमुक्तं पंचमुक्तिप्रदं यं**
**तमहमभिनमामि प्रत्यहं भावयामि ॥ १६८ ॥**

આહાહા! આ તો ભાવનાનો ગ્રંથ છેને. કુંદકુંદાચાર્ય કહે છે કે મારી ભાવના માટે આ બનાવ્યું છે. છેલ્લું કાંઈક આવે છેને છેલ્લી ગાથામાં. ભાવના, મોક્ષનો માર્ગ એ ભાવના છે અને એ ભાવનાનો આશ્રય ત્રિકાળી દ્રવ્ય છે. તો એના જ વખાણ હોય એમાં તો. કારણપરમાત્મા ત્રિકાળી વસ્તુ એનો આશ્રય, એની એકાગ્રતા, એની ભાવના, ભાવની ભાવના, ત્રિકાળ સ્વભાવરૂપ ભાવ એની ભાવના એટલે એકાગ્રતા, લ્યો, એ સંસારના રોગને મટાડવાનો ઉપાય છે. વારંવાર આ ભાવના કરી છે. ૧૬૮.

**શ્લોકાર્થ : પાંચ પ્રકારના (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવના પરાવર્તનરૂપ)...** દ્રવ્ય નામ અનંતા રજકણો પલટો ખાઈને જેના સંયોગમાં આવ્યો અનંતવાર ક્ષેત્રમાં, એકેક ક્ષેત્રે અનંતવાર જન્મ્યો, કાળ એક-એક સમયે અનંતવાર જન્મ્યો, ભવ એક-એક ભવમાં અનંતવાર ને શુભાશુભભાવમાં અનંતવાર આવ્યો. એ પાંચેયનો પાછો શાસ્ત્રમાં વિસ્તાર છે મોટો. કરણાનુયોગમાં આનો વિસ્તાર બહુ હોય છે આમાં–જયધવલમાં. એ પાંચમાં થોડા કોણ? ઘણા કોણ? અલ્પ-બહુ... મોટું મોટું લખાણ આવે છે. શાસ્ત્રમાં તો વિસ્તાર આવેને.

પાંચ પ્રકારના **સંસારનું મૂળ વિવિધ ભેદવાળું શુભાશુભ કર્મ છે...** લ્યો. અનંતા રજકણોના સંબંધમાં આવવું, ક્ષેત્રે અનંતવાર જન્મવું, કાળે અનંતવાર જન્મ-મરણ, ભવમાં અનંતવાર ભવ કરવા ને જવા અને શુભાશુભ પરિણામ થવા ને જવા.—એવા **સંસારનું મૂળ વિવિધ ભેદવાળું શુભાશુભ કર્મ છે...** એ પાંચ (પરાવર્તન)માં આવવાનું કારણ તો શુભાશુભ

કર્મ છે. પુણ્ય ને પાપ બે ભાવ એ પાંચ પ્રકારના પરાવર્તનમાં આવવાનું મૂળિયું છે. આહાહા! સમજાણું કાંઈ?

એ શુભભાવ ધર્મનું કારણ થાય લ્યો! જે પરાવર્તનનું મૂળ છે એ ધર્મનું કારણ થાય અત્યારે એ (અભિપ્રાય બહારમાં) ચાલે છે, (અર્થાત્) શુભભાવ થાશે શુદ્ધનું કારણ, એમ. આહાહા! દૃષ્ટિમાં મોટો ફેર છે, એને અંતર આવવાનો અવકાશ નથી. કારણ કે જેનાથી (ધર્મ) થાય (એમ માને તો) એને છોડીને એ અંદરમાં જાય ક્યારે? એનાથી થાય છે (એમ અજ્ઞાની માને છે).

શ્રોતા : શુભભાવમાં શુદ્ધતાનો અંશ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : ધૂળેય નથી (શુભભાવમાં શુદ્ધતાનો) અંશ.

શ્રોતા : (ઉપાદાન-નિમિત્તની ચીઠ્ઠી)માં તો લખ્યું છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ બીજી વાત છે. એ તો એક શુદ્ધતાનો અંશ જો ન હોય... એ (શુભભાવ) તો અભવિને પણ હોય છે, એમાં શું છે? એ તો ન્યાય સિદ્ધ કરવા (કહ્યું) કે સર્વથા અશુદ્ધતા હોય તેમાંથી–અશુદ્ધતાથી ચારિત્રપણું ન થાય. એમ બીજા ગુણની પર્યાયથી (પણ) ચારિત્ર પૂર્ણ ન થાય. એથી અંદર નિર્મળતાનો એક અંશ શુભભાવ (વખતે) અનાદિથી છે એ તો. એ શુદ્ધતાનો અંશ કાંઈ સંવર-નિર્જરાનું કારણ છે એમ નથી. એ તો ચારિત્રનો એક અંશ નિર્મળ–શુદ્ધ ન હોય તો (પૂર્ણ શુદ્ધતા કેમ થાય?) એની (શુદ્ધતા) વધે તો પૂર્ણતા થાય. કાંઈ શુભ વધીને પૂર્ણતા થાય? એ બતાવવા ત્યાં વાત કરી છે (ઉપાદાન-નિમિત્તની ચીઠ્ઠી)માં.

**સંસારનું મૂળ વિવિધ ભેદવાળું શુભાશુભ**... દેખો! શુભના અસંખ્ય પ્રકાર, અશુભના અસંખ્ય પ્રકાર હાલમાં હોં. એ ભાવ ને પછી એનું ફળ કર્મ, એ બધું એકનું એક છે. કર્મ લીધું છેને ત્યાં પુણ્ય-પાપમાં. ઓલો કહે, એ તો કર્મની વાત છે શુભાશુભને છેદવાની. શુભાશુભભાવ નહીં. અહીં તો અમૃતચંદ્રાચાર્ય કહે છે, શુભાશુભભાવ કહો, શુભાશુભ કર્મ કહો, એનું ફળ અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી કહો—એ બધા બંધને આશ્રયે થતા ભાવ છે. સમજાણું કાંઈ?

એની ટીકામાં ચોખ્ખું લખ્યું છે. વ્રત, નિયમ, તપ આદિ એ કર્મ છે એમ લખ્યું છે, વિકારી કર્મ. ટીકાકારે એમ લખ્યું છે. વ્રત, સમિતિ, ગુપ્તિ, ફલાણું-ઢીંકણું, આ સંયમ એ શુભરાગનું કર્મ છે, શુભરાગરૂપી ભાવકર્મ છે. આ કર્મ તો દ્રવ્યકર્મ છે, દ્રવ્યકર્મ... બધી એક જાત છે. છ જોડણી આવે છેને. શુભાશુભભાવનો નિષેધ, શુભાશુભકર્મનો નિષેધ, શુભાશુભ સંયોગનો નિષેધ. આહાહા! એક શુદ્ધ સ્વભાવ ભગવાન આત્મા... અરે! આવો છે એમ માનવો એને પરસેવા ઉતરે છે. નથી એવો માનવો એને સરળ લાગે છે. આહાહા!

કહે છે કે **સંસારનું મૂળ વિવિધ ભેદવાળું શુભાશુભ કર્મ છે એમ સ્પષ્ટ જાણીને...** જોયું! છેને. ઓલી કોર આવ્યું. **विदित्वा.. तद्विदित्वा.. प्रस्फुटं तद्विदित्वा..** એમ કહે છે કે શુભાશુભ પરિણામ સંસારનું મૂળ છે એમ સ્પષ્ટ જાણવું પહેલું. **विदित्वा** એમ છે ચેતનજી! છે? છેને... શુભાશુભ પરિણામ **प्रस्फुटं**–પ્રત્યક્ષ સંસારનું કારણ છે એમ પહેલું **विदित्वा**. જાણવાની વાત તો આવેને, એમાં શું? **એમ સ્પષ્ટ જાણીને...** એમને એમ સાધારણ રીતે નહીં, એમ કહે છે. આહાહા! જ્ઞાનનો પ્રત્યક્ષભાવ-સ્વભાવનો આશ્રય કરી અને જાણ કે શુભાશુભભાવ તે સ્પષ્ટ સંસારનું કારણ છે. એનો એક અંશ આત્માને ધર્મમાં મદદ કરે એમ છે નહીં. એની મદદ ચાર ગતિમાં જવામાં છે. આહાહા! સમજાણું કાંઈ?

**જે જન્મમરણ રહિત છે...** ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન અસ્તિ–સત્તા મહા અનાદિ-અનંત, એ તો જન્મ-મરણ રહિત જ છે લ્યો. **અને પાંચ પ્રકારની મુક્તિ દેનાર છે...** એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ને ભવથી છૂટવાનું કારણ છે. પાંચ પ્રકારની મુક્તિ—દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભવથી ને ભાવથી મુક્તિ. એવા **(-શુદ્ધાત્માને) હું નમું છું...** એ વસ્તુને દૃષ્ટિમાં, જ્ઞાનમાં લીધી છે એથી મારું નમન, વલણ એના તરફ જાય છે. હું ભગવાનને નમું છું એ નહીં, હું તો આને નમું છું. આહાહા! એવો જે ભગવાન મુક્તિનો દેનાર, પાંચ પ્રકારે મુક્તિ–છૂટકારો થાય એવી એ ચીજ છે. એનો આશ્રય લે તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવની મુક્તિ થાય. એનાથી બંધન થાય નહીં. બંધન શુભાશુભથી થાય એમ કહ્યુંને. પાંચ પરાવર્તન(રૂપ) બંધન શુભાશુભથી થાય. આ પાંચ પરાવર્તનથી મુક્તિ (-છૂટકારો) થાય એવો આત્મા છે. આહાહા!

એવી પાંચ પ્રકારની મુક્તિ દેનાર છે. આહાહા! જેના વખાણ કરે છે એની એને ખબર નથી. કોણ છે આ તે કે એના આવા વખાણ કરે છે? એ તારો આત્મા એવો છે ભાઈ! તને ખબર નથી. વસ્તુ હોય એ કોઈ પરાધીન હોય? વસ્તુ હોય એ વિકારી હોય? વસ્તુ હોય એ અપૂર્ણ હોય? વસ્તુ હોય એ સ્વભાવથી ખાલી હોય? અને સ્વભાવ હોય એ પરિપૂર્ણ ન હોય? આહા! શાશ્વત.. શાશ્વત.. શાશ્વત. આહાહા! એવો ભગવાન અંતર ચૈતન્યભાવના.. ભાવના સ્વભાવથી ભરેલો છે એને હું નમું છું, કહે છે.

પહેલો કોઈ માણસ બહાર હોય તો એને નમું છું એમ કહેને? કે આને હું નમું છું. નજરમાં આવ્યો હોય એને નમેને? નજરમાં ન આવ્યો હોય એ કોને નમે? પીપળાને નમે? આને હું નમું છું રાજાને કે મારા બાપને. આ આત્મા આવો છે એને હું નમું છું. એ પર્યાય છે. શુદ્ધાત્મા એ ત્રિકાળ છે, એને નમું છું એ પર્યાય છે. એ આલોચના છે, એ સંવર-નિર્જરા છે. આહાહા! ભગવાનને નમવું એ પુણ્યાસ્રવ છે અને આત્માને નમવું એ સંવર છે એમ કહે છે. ....માં કહે છેને, ક્રિયા કરતાં આસ્રવ ચાર ટળે ને સંવર વધે..... ભણેલાં હોય મોટા પંડિતો એનેય ખબર નથી. આસ્રવ ચાર ટળે ભગવાનની પૂજાથી, આસ્રવ ચાર ટળે ને સંવર વધે તે જૈન.

અહીં તો કહે છે કે ભગવાન પરવસ્તુ છે એની પૂજાથી તો રાગ થાય, આસ્રવગતિ વધે, એમાં કાંઈ સંવર થાય નહીં. એ માટે તો આ વાત કરે છે. શુભશુભભાવ એ આસ્રવનું કારણ અથવા એ પાંચ પરાવર્તનનું કારણ છે. ત્યારે ભગવાન આત્મા એ શુભાશુભભાવ અથવા જન્મ-મરણ રહિત એવું તત્ત્વ છે અંદર. આત્મવિદ્યા હિન્દુસ્તાનની મોટી ચીજ હતી, એ ગૌણ થઈ ગયું. આત્મા એટલે શું? એની જ્ઞાનવિદ્યા એટલે શું? આહાહા! હિન્દુસ્તાનની અધિકતા, બીજા દેશોથી વિશેષતા આત્મવિદ્યાથી હતી. કાંઈ ઋદ્ધિ ને સમૃદ્ધિ એનાથી નહોતી. ઋદ્ધિ-સમૃદ્ધિ બીજા દેશમાં ઘણી છે, એ કાંઈ ચીજ નથી.

અમેરિકામાં જુઓ! અબજોપતિ છે. બિચારા દુઃખી.. દુઃખી.. દુઃખી. કોઈ શાંતિ મળે એવા ઉપાય ગોતે બિચારા. કોઈક ચડાવી દે કે ભગવાનની ભક્તિ કરો, આ કરો, દયા કરો ને દાન કરો, પૈસા ઘણા છે તો ખરચો, જાઓ. કોઈક વળી આ પાગલ કુતરાને મારી નાખવામાં પૈસા આપે. એટલુંય આપણે બિચારાના દુઃખ ટાળીએ છીએને. લ્યો, ઠીક! પાગલ શું, આ હડકાયા. એવા છે એ લોકામાં–ગોરામાં. પાંચ-પચાસ લાખ હોય, મરી જાય, તો આ હડકાયા કૂતરાને મારી નાખવા માટે એક સંસ્થા સ્થાપો. પચાસ (હજાર), લાખ, બે લાખ, પાંચ લાખ... એટલા માણસને દુઃખી થતા અટકાવેને. ઠીક! એને સીધો મારી નાખવાનો તારો ભાવ? આહાહા! એની સંસ્થા છે એ. આહા! છેલ્લે મરતાં એક જણો પૈસા આપી ગયો કે મારે આ કરવું છે.

અહીં તો કહે છે કે ભગવાન મારો પૂર્ણાનંદનો નાથ.. અરે! સ્વીકાર કેવી રીતે હોય? નિત્યાનંદ પ્રભુ, એકલું જેનું જ્ઞાનશરીર એકરૂપ રહેનારું સ્થિરબિંબ એવાને મારી નજરમાં શ્રદ્ધામાં લીધો છે તેથી હવે હું ત્યાં નમું છું. લ્યો, આનું નામ આલોચના. આ આલોચના. **અને પ્રતિદિન ભાવું છું.** બે વાત લીધી છેને. બે છેને અંદર. **तमहमभिनमामि** અને **भावयामि प्रत्यहं**.. બે છે. પ્રતિદિન ભાવું છું. દરેક પળે, મારો ભગવાન પૂર્ણ આનંદ ને જ્ઞાનનો સ્વભાવવાળો એમાં મારી ભાવના છે. આહાહા! ત્યાં હું નમી ગયો છું અને મારી એકાગ્રતા ત્યાં છે. શુભાશુભની એકાગ્રતા મારી છૂટી ગઈ છે એમ કહે છે. લ્યો, આનું નામ ધર્મ અને આનું નામ ધર્મી. ભારે ભાઈ! એ ૧૬૮ થયો. ૧૬૯.

**अथ सुललितवाचां सत्यवाचामपीत्थं**
**न विषयमिदमात्मज्योतिराद्यन्तशून्यम् ।**
**तदपि गुरुवचोभिः प्राप्य यः शुद्धदृष्टिः**
**स भवति परमश्रीकामिनीकामरूपः ॥१६९॥**

જે આદિ ને અંતથી ખાલી ચીજ છે, એમને એમ છે એમ સિદ્ધ કરે છે. આહાહા! મારો ભગવાન પૂર્ણ ધ્રુવસ્વરૂપ એની આદિ નથી, અંત નથી, આદિ-અંતથી એ શૂન્ય છે. આહાહા! અમૃતથી ભરેલા કળશો છે બધા.

**શ્લોકાર્થ : આ રીતે આદિ-અંત રહિત એવી આ આત્મજ્યોતિ...** ભગવાન આત્માનું તત્ત્વ–ચૈતન્યતત્ત્વ એવી વસ્તુ એની આદિ નથી. છે એને આદિ શી હોય? છે એની શરૂઆત શું હોય? છે એના અંત ક્યાં હોય? છે એ છે. એના છેડા ક્યાં હોય કે હવે અંત આવ્યો એનો? બહુ કાળ વયો ગયો. આહાહા! એ ભગવાન આત્મા શરીર, કર્મના રાગથી રહિત ને એક સમયની વર્તમાન પ્રગટ–વ્યક્ત અવસ્થાથી ભિન્ન એવું જે તત્ત્વ એને આદિ નથી. આદિ કેમ હોય? છે એને આદિ શી? છે એ નહોતું કોઈ દિ'? છે એ કોઈ દિ' નહીં રહે? આહાહા! આદિ-અંત રહિત પ્રભુ છે. મારો ભગવાન તો આદિ-અંત રહિત છે કહે છે. આહાહા! આ ભાષાનું કામ નથી હોં, આ તો ભાવનું કામ છે. એથી કહેશે. એમાં જ કહેશે. એની સાથે જ છેને આ. ...... આદિ-અંત રહિત.

વસ્તુ છે ચૈતન્ય ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મજ્યોતિ એવું આત્મતત્ત્વ એના ભૂતકાળમાં ક્યાંય નહોતું ને શરૂઆત થઈ એમ છે? છે.. છે.. છે.. છે. નહોતું એ આવે ક્યાંથી અને હોય એ જાય ક્યાંથી? આત્મા એ આદિ અને અંત રહિત છે. ભવિષ્યનો અનંત.. અનંત.. અનંત.. અનંત કાળ, જે કાળનો અંત નથી. ભવિષ્યકાળ ખૂટશે કોઈ દિ'? ભવિષ્યકાળ રહિત શકે કોઈ દિ'? આત્મા પોતાના ભાવથી રહિત થશે કોઈ દિ? આહાહા! એનો ત્રિકાળીભાવ આદિ ને અંત વિનાનો છે. સમજાણું કાંઈ?

એવી આ આત્મજ્યોતિ, એવી આ આત્મચૈતન્ય ઝળહળજ્યોતિ સૂર્ય–જ્ઞાનસૂર્ય બિરાજમાન **સુલલિત (સુમધુર) વાણીનો કે સત્ય વાણીનો પણ વિષય નથી...** આહાહા! ગમે એવી વાણીના શણગાર કરો પણ એ વાણીથી એનો વિષય (થતો) નથી. વાણી જડ છે. આહાહા! સુમધુરવાણી, એમ. સુલલિત–મીઠી મધુરી વાણી એનો પણ એ આત્મા વિષય નથી. વાણી તો જડ છે. આહાહા! **કે સત્ય વાણી...** સાચી વાણીનો પણ વિષય નથી એમ કહે છે. વીતરાગની પરમ સત્યવાણી એનો આત્મા વિષય નથી. વાણીનો વિષય ક્યાં હોય એ? આહાહા! વચનાતીત વસ્તુ, મનાતીત, રાગાતીત એવી ચીજ આત્મા ભગવાન એ મધુર વાણીનો વિષય નહીં.

અને આ સત્યભાષા.. સત્યભાષા.. ભઈ! સત્યભાષાનો તો વિષય ખરોને, એ સત્ છે એટલે. સત્ છેને ત્રિકાળી. આદિ-અંત વિનાનું સત્ છેને. સત્ એ સત્યસ્વભાવથી ભરેલું સત્ય ત્રિકાળ છે. તો સત્યવાણીનો વિષય ખરો કે નહીં? આહાહા! એ સાચી વાણી પણ એને પહોંચતી નથી. જડ છે વાણી એને શું ખબર પડે કે એવો ભગવાન છે અંદર? આહા! વાણી વાત કરે હોં કે આ આત્મા આવો છે, વાણી આવી છે. એમ વાણી વાત કરે. જાણે નહીં. વાણી વાત કરે કે આ પરમાત્મા છે એ શુદ્ધ છે, એ ધ્રુવ છે. એ વાણી વાત કરે, પણ એ વાણીનો વિષય નથી. આહાહા! વિષય એટલે ધ્યેય. વાણી દ્વારા અહીંયા પહોંચી જવાય એવી એ ચીજ નથી. 'પણ' કહ્યુંને. બે શબ્દ છે ખરાને.

**सुललितवाचां.. सत्यवाचामपीत्थं..** એમ બે થયાને. વાણીનો-સત્ય વાણીનો પણ વિષય નથી. **તોપણ ગુરુનાં વચનો વડે...** જુઓ! ભાષા. આહાહા! એમ કહે છે કે બાણ વાગ્યા એને અંદરમાં. એણે કહ્યું કે તારો આત્મા ભગવાન પૂર્ણાનંદ છે, એ તારા શ્રદ્ધા ને જ્ઞાનથી જણાય એવો છે. આહાહા! સમજાણું કાંઈ? એ ગુરુએ માર્યા વચનોના બાણ, વાગ્યા એને અંદરમાં, એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! તું વાણી ને વાણીના વિલાસથી જણાય એવો નથી હોં. તું તો તારા શ્રદ્ધા ને જ્ઞાનથી જણાય એવો આત્મા છે. આહાહા! એમ ગુરુની વાણીમાં આ આવ્યું. વાણી, તે પણ વાણીમાં આવ્યું આ. વાણી તો વાણી છે. વાણી, વાણીથી વણાય. આહાહા!

એમ કહીને વજન એમ આપે છે કે ગુરુ આવી ચીજને બતાવે છે એમ કહે છે. રાગને બતાવે ને પુણ્યને બતાવે ને પુણ્યથી થાય એમ નહીં ..., એમ કહે છે. તારો ભગવાન વાણીથી નહીં મળે, રાગથી નહીં મળે, પુણ્યથી નહીં મળે. તારો વીતરાગભાવ વીતરાગીપર્યાયથી મળે એવો છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! આત્મભગવાન એની વિદ્યા શું એની ખબર ન મળે એને. આત્મવિદ્યા.. એ આવો હોવા છતાં પણ... **તોપણ**, એમ. **ગુરુના વચનો વડે તેને પામીને...** આહાહા! ગુરુનું વચન એ હતું કે તારા જ્ઞાનની પર્યાયથી તેને જ્ઞેય બનાવ, તારી શ્રદ્ધામાં એને લાવ, એ સિવાય કોઈ રીતે સમજાય એવો આત્મા નથી. આહાહા!

**પામીને જે શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે...** ભાષા દેખો! ગુરુએ એ કહ્યું હતું એને. આહાહા! આ તો વૈકુંઠના નોતરા છે. મુક્તિમાં જનાર આવા હોય એની વાતું છે આ. આહા! એ નથી વિકલ્પનો વિષય, શુભરાગ આદિના ભાવનો વિષય નથી, વાણીનો વિષય નથી, દેહની કોઈ ક્રિયાથી પ્રાપ્ત થાય એવી ચીજ નથી. એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન એની જ્ઞાન ને શ્રદ્ધાની પર્યાય દ્વારા જ જણાય એવું એ સ્વરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ?

ઓહોહો! દિગંબર સંતોએ જંગલમાં રહીને સિદ્ધ સાથે વાતું કરી છે બધી. એ નગ્નપણું, એ નગ્નપણું એનું સફળ. બાકી અંતરના ભાવ વિના બહારના નગ્નપણા અનંતવાર લીધા, કહે છે કે એનો એ વિષય છે જ નહીં. આહાહા! હોય છે, મુનિપણાની અંતરદશા જ્યાં પ્રગટે ત્યાં બહારમાં નગ્નદશા જ હોય છે. એથી કરીને એ નગ્નદશા એ મુક્તિનું કારણ છે, એ નગ્ન થયો માટે એને આત્માનો આશ્રય પ્રાપ્ત થયો— એમ નથી. આહાહા! ભારે વાત ભાઈ!

**એવો શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે**... ભાષા દેખો! શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે એને ગુરુએ સમજાવ્યું છે કે તારી અંતરની દૃષ્ટિ વડે જણાય એવો છે. એથી એ શુદ્ધ દૃષ્ટિવાળો થાય છે એમ કહે છે. આહાહા! **તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે...** આત્મા દૃષ્ટિવાળો થાય છે એ સાધક થયો. હવે એને પરમશ્રીલક્ષ્મીરૂપી કામિની જે સ્ત્રી-મુક્તિરૂપી સ્ત્રી, પરમાનંદરૂપી દશા મુક્તિ એનો વલ્લભ થાય છે. એ પરમાનંદની અવસ્થા હવે એને નહીં છોડે. સમજાય છે કાંઈ?

**(અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે)** લ્યો. એટલે કે એ પર્યાયની પ્રાપ્તિ એને થાય છે કે જે પર્યાયનો એને વિરહ રહેશે નહીં. મુક્તિની અવસ્થાનો એને વિરહ રહેશે નહીં એમ કહે છે લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો સુદ ૧૫, રવિવાર, તા. ૨૨-૧૦-૧૯૭૨**
**શ્લોક-૧૭૦, ગાથા-૧૧૨, પ્રવચન નં. ૧૨૭**

નિયમસાર.

**जयति सहजतेज:प्रास्तरागान्धकारो**
**मनसि मुनिवराणां गोचरः शुद्धशुद्धः ।**
**विषयसुखरतानां दुर्लभः सर्वदायं**
**परमसुखसमुद्रः शुद्धबोधोऽस्तनिद्रः ॥१७०॥**

શ્લોક... લાગે છે. અષ્ટપાહુડ..... આલોચના (અધિકાર)ની ૧૧૧ ગાથા, એનો છેલ્લો કળશ છે. ભગવાન આત્મા ચૈતન્યના તેજથી ભરેલું તત્ત્વ છે. એવો જે આત્મા ચૈતન્ય ને આનંદના તેજથી પરિપૂર્ણ વસ્તુ આત્મા છે. એ સહજ....

**શ્લોકાર્થ : જેણે સહજ તેજથી રાગરૂપી અંધકારનો નાશ કર્યો છે...** જેને સહજ જ્ઞાન ને આનંદનું તેજ છે, એમાં રાગનો બિલકુલ અભાવ છે. બીજી રીતે કે સહજ તેજ પ્રભુ ચૈતન્ય એનો આશ્રય લે એને રાગનો અંધકારનો નાશ થાય છે. સમજાણું કાંઈ? **જેણે સહજ તેજથી રાગરૂપી અંધકાર...** ભાષા દેખો! રાગ અંધકાર છે, વિકલ્પમાત્ર અજ્ઞાન છે. ચાહે તો શુભ હો કે અશુભ હો, એ બધો અંધકાર છે. ભગવાન આત્માનો સ્વભાવ ચૈતન્યતેજ છે. એ ચૈતન્યના તેજ વડે... રાગમાં અજ્ઞાન છે (અને) સ્વભાવમાં એનો અભાવ છે અને એ સ્વભાવનો આશ્રય કરે છે એને અજ્ઞાન-અંધકારનો વ્યય થઈ જાય છે. આહાહા! સમજાય છે? આમ તેજ ને અંધકાર બે લીધા છે.

ભગવાન આત્મા ચૈતન્યના તેજથી... જેમ સૂર્યમાં રૂપી પ્રકાશ ભરેલો છે, એમ આમાં અરૂપી ચૈતન્યનું તેજ ભરેલું છે. સ્વભાવિક જ્ઞાનના તેજસ્વરૂપ ભગવાન આત્મા, જેને યાદ કરતાં રાગરૂપી અજ્ઞાન અંધકાર ત્યાં રહેતો નથી. સમજાય છે કાંઈ? લ્યો, આ મંગળિક પહેલું થયું. આહાહા! અરે! સૂર્ય પાસે અંધકાર કેમ હોય? એમ ચૈતન્ય સહજ વસ્તુ એની ચીજ છે એનો સ્વભાવ, સ્વભાવિક જ્ઞાનના તેજ અપરંપાર જેનો સ્વભાવ છે, એવા તેજમાં રાગરૂપી અંધકાર તો નથી, પણ જેના તેજને આશ્રયે રાગ નામ અજ્ઞાન—જેમાં જ્ઞાનનો કણ નથી, અંશ નથી—તેનો નાશ થઈ જાય છે. એમ કહીને બે વાત સિદ્ધ કરી.

એક તો સ્વભાવિક ચૈતન્ય તેજ છે ત્રિકાળ અંદર અને એનો આશ્રય કરે તો અજ્ઞાનનો નાશ થાય. બાકી કોઈ ઉપાય નથી. સમજાય છે કાંઈ? એ સ્વભાવિક ચૈતન્યના તેજ... દુનિયા બહારના તેજને વખાણે છે, પણ એ તેજને પણ જાણનારું જે તેજ ચૈતન્ય, એના તેજની શું વાત

કરવી! સ્વભાવિક ચૈતન્યના પ્રકાશથી ભરેલો પ્રભુ જેને સ્મરણ કરતાં, જેને યાદ કરતાં રાગરૂપી અંધકાર ઉત્પન્ન થતો નથી. એને 'નાશ કરે છે' એમ કહે છે. આહાહા! કહો, સમજાય છે?

**જે મુનિવરોના મનમાં વસે છે...** ચારિત્રવંત છેને એટલે કાયમ વસે છે, એમ. દૃષ્ટિમાં તો કાયમ વસે છે, પણ આ તો સ્થિરતામાં કાયમ વસે છે. અહો! સંતોના હૃદય જેને શાંતિ ને આનંદ અનંત-અનંત પ્રગટ્યો છે. એવા આનંદ ને જ્ઞાનમાં એ આત્મા વસે છે. એ મુનિવરોનું એ મન–ભાવજ્ઞાન. તેની નિર્મળ શાંતિ, નિર્મળ વીતરાગદશા, નિર્મળ શાંત(સ્વભાવ)ને આશ્રયે પ્રગટેલી નિર્મળ શાંતિ, નિર્મળ વીતરાગભાવને આશ્રયે પ્રગટેલો વીતરાગ નિર્મળભાવ—એમાં એ વસે છે. આહાહા! એમાં એ ખ્યાલમાં ને અનુભવમાં આવે છે. સમજાણું કાંઈ?

**જે શુદ્ધ-શુદ્ધ છે...** દ્રવ્યે શુદ્ધ છે ને ગુણે શુદ્ધ છે. વસ્તુ અખંડ અભેદ ચૈતન્ય અરૂપી તેજ એ વસ્તુ પણ શુદ્ધ છે અને એના જ્ઞાન-દર્શન ને આનંદાદિ ગુણો–કાયમ રહેનારો સ્વભાવ એ પણ શુદ્ધ છે. અરે! એવો પરમાત્મા પોતે, પરમેશ્વર સાક્ષાત પોતે છે વસ્તુ. આહાહા! અરે! એનું સમીપપણું કોઈ દિ' લીધું નહીં, ત્યાંથી દૂર ભાગ્યો. આ કરું, આ કરું, આ કરું. તેમાં એ પ્રભુ કેમ પ્રાપ્ત થાય? જેમાં અનંત ચૈતન્યના તેજ ભર્યા છે પ્રભુમાં, પોતે પ્રભુ હોં. આહાહા! જે અનંત આનંદનો સાગર પ્રભુ છે... એ કહેશે હમણા. એવો ભગવાન, ભાઈ! રાગને જેમાં રહેવાનો, આવવાનો અવકાશ નથી એવો ભગવાન શુદ્ધ-શુદ્ધ છે.

**જે વિષયસુખમાં રત જીવોને સર્વદા દુર્લભ છે...** એટલે પર તરફના વિષયવાળાને.. એકલો ભોગનો વિષય એમ નહીં, પણ પાંચે ઇન્દ્રિયના વિષય તરફના વલણવાળાને અને પાંચે ઇન્દ્રિય તરફના રતિવાળાને... એમાં રત છે, પાંચ ઇન્દ્રિય તરફના વલણવાળો ભાવ જે રાગ એમાં રત છે. એવા **વિષયસુખમાં રત જીવોને સર્વદા દુર્લભ છે**... એ ચીજ નિર્વિષય છે (એટલે) પરના વિષયથી પ્રાપ્ત ન થાય. સ્વ વિષય કર્યે જ એની પ્રાપ્તિ થાય એવો જીવ પરભાવ–પરવિષયના રસીલાને સર્વદા દુર્લભ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? ત્રણે કાળે ભગવાન આત્મા એવી એ ચીજ છે પ્રભુ કે બહિર્વિષય બુદ્ધિના રસીલાને એ પ્રાપ્ત થતો નથી. એને એ દુર્લભ છે. **વિષયસુખમાં રત**... આહાહા! પોતામાં આનંદ છે, એ કહેશે, એને ભૂલીને, કોઈપણ વિકલ્પમાં ને સંયોગમાં ઠીક છે એવી પ્રસન્નબુદ્ધિ, એમાં રસવાળાને આ ભગવાન આત્મા તો સર્વદા દુર્લભ છે. આહાહા!

**જે પરમ સુખનો સમુદ્ર છે...** આત્મા વસ્તુ છે, એનો સ્વ-ભાવ–કાયમી ટકતો ભાવ... ટકતું તત્ત્વ એવો આત્મા, એનું ટકતું તત્ત્વ એવો જે ભાવ એ પરમસુખનો સમુદ્ર છે. પરમ સુખથી ભરેલું એ તત્ત્વ છે. આહાહા! ભારે વાત ભાઈ! બહારના વિષયના લોલુપીઓને અંદરનો વિષય પામવો દુર્લભ છે કહે છે. સમજાણું કાંઈ? ચાહે તો શબ્દ સાંભળવાના લોલુપી (હોય), ભગવાનની વાણી સાંભળવાના લોલુપી (હોય). પર તરફના લોલુપીને સર્વદા દુર્લભ છે.

એવો જે ચૈતન્ય ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, દેહમાં બિરાજતો પ્રભુ, બધાને હોં. આહાહા! પરમાત્મા થઈ ગયા એની આ વાત નથી. પરમાત્મા જેમાંથી થાય છે એવો તું પોતે આવો છે એમ કહે છે. આહાહા!

જે પરમાત્મા થયા સર્વજ્ઞ અરિહંત, પૂર્ણ પરમાત્મદશા જેને પ્રગટી, એ દશા પ્રગટેલું પ્રગટવાનું ધામ–સ્થાન તે તું છો. સમજાણું કાંઈ? કેમકે સહજાત્મ આનંદ–સુખથી ભરેલો પ્રભુ, અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલો પ્રભુ સુખનો તો સમુદ્ર છે. કેમ બેસે? બહારના પ્રેમવાળાને ભગવાન કેમ બેસે? આહાહા! આ તો હજી સમ્યગ્દર્શનની વાત છે. લોકો એમ માને છે કે આ ..... વાતું કરે છે. અરે પ્રભુ! સુન તો સહી ભાઈ! સમજાણું કાંઈ? એ તો સુખની નદી નથી, સુખનો સમુદ્ર છે. ભાઈ! એ સુખનો સમુદ્ર કઈ દૃષ્ટિએ માપમાં આવે? એનું પ્રમાણ–માપ કરે કોણ? એવા સુખસમુદ્ર તરફ વલણવાળી દૃષ્ટિ એનું માપ કરે. સમજાણું કાંઈ?

લોકોને એવું લાગે કે આ શું કહે છે? આવો ધર્મ કઈ જાતનો છે? ભગવાન! વીતરાગનો ધર્મ આ છે હોં. આહાહા! ત્રણ લોકના નાથ જેણે વીતરાગતા પ્રગટ કરી પછી કેવળજ્ઞાન પ્રગટ્યું છે એને. એ બધી શક્તિઓ હતી એમાંથી આવ્યું હતું. તું પણ એક વીતરાગ શક્તિનો સાગર છો અને આનંદના સમુદ્રથી ભરેલો તું છો. આહાહા! આ વાત નથી, એ કથન નથી, એ વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાણું કાંઈ? કહે છે કે પર તરફના વિષયના વલણવાળાને, અંતરમાં ચીજ શું છે એ સર્વદા દુર્લભ થઈ પડી છે. સમજાણું કાંઈ? આહાહા!

**જે શુદ્ધ જ્ઞાન છે...** બે લીધીને. સુખનો સાગર ને જ્ઞાનનો દરિયો. આહાહા! કેવળજ્ઞાન આદિ જે એક સમયની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકને જાણે, એવી તો અનંતી-અનંતી પર્યાયનો પિંડ અંદર આત્મા જ્ઞાનતેજથી ભરેલો છે. આહાહા! અરે! આટલા ક્ષેત્રમાં આવડો મોટો ક્યાં રહ્યો હશે? એમ થઈ જાય. ભાઈ! ક્ષેત્રની અહીં વાત નથી. ભલે શરીર પ્રમાણે એનું ક્ષેત્ર હોય, પણ એનો સ્વભાવ તો અપાર.. અપાર–અપરિમિત આનંદ–સુખના તેજથી ભરેલો છે. આહાહા! એને આત્મા શ્રદ્ધાની ખબર નથી હોં કે આત્મા કેવડો. પોતે કેવડો ક્યાં છે, કેમ છે એની એને ખબર નથી અને એને ધર્મ કરવો છે. આહાહા!

**અને જેણે નિદ્રાનો નાશ કર્યો છે...** આહાહા! જેને એ જાગ્રત તેજ જ્યાં ભાનમાં આવ્યું, એને નિદ્રા હોતી નથી એમ કહે છે. મુનિને નિદ્રા હોય, પણ એક જરીક–બહુ ઓછી નિદ્રા (હોય). આહાહા! પાછલી રાતમાં... પિછલી રૈની એક કરવટ આમ જરી. એક પોણી સેકંડની અંદર નિદ્રા જરીક આવે, પણ એ તો એણે નિદ્રા જીતી છે કહે છે. એ તો જેટલો ભાગ છે એને ગણતરીમાં ન ગણીએ તો એ નિદ્રાને જીતી લીધી છે. આહાહા! મુનિઓ પાંચ-પાંચ, છ-છ કલાક નિદ્રા લે અને મુનિપણું હોય? ત્રણ કાળમાં ન હોય. સમજાણું કાંઈ? જેણે આત્માને ઢંઢોળીને જગાડ્યો ને જાગતો ચૈતન્યતેજ જેના અનુભવમાં આવ્યો અને તે પણ વીતરાગી ચારિત્ર સહિત

જ્યાં અનુભવમાં આવ્યો, એને નિદ્રા કેવી? કહે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? બહુ થાક લાગે તો વાંચતા વાંચતા ઝોલા આવી જાય એમ હશે? સમજાણું કાંઈ? આહાહા!

જેના–પ્રભુ આત્માના જાગૃત તેજ એણે નિદ્રાને તો જીતી છે. કેવળજ્ઞાનીને તો બિલકુલ નિદ્રા નથી. સમજાણું કાંઈ? પરમાત્મા અરિહંતદેવ ત્રિલોકનાથ વીતરાગ તીર્થંકરદેવ એને તો જરીએ નિદ્રા નથી. આખો આત્મા જગાડીને જેણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યાં છે. આહાહા! મુનિવરોએ પણ નિદ્રા જીતીને... પોણી સેકંડની અલ્પ નિદ્રા એને અહીં ગણતરીમાં ગણી નથી. મુનિને નિદ્રા આવે તો પોણી સેકંડ આવે. આહાહા! ગજબ વાત! તે પણ એણે સાંભળ્યું નથી. અરે! આત્માના સાધકની ઉગ્રદશા... આત્માનો સાધક તો સમકિતી પણ છે, પણ મુનિ તો સાધક ઉગ્રદશાએ આવેલ છે. મુનિ પોતાની વાત કરે છે હોં. મુનિદશામાં છેને. એ મુનિરાજ પોતે વાત કરે છે, ઓહો! મુનિએ તો એટલી રમતા, સમતા પ્રગટ કરી છે કે જેને નિદ્રા જ નથી. જરીક છે એને અહીં ગણી નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ?

એમ કે અમથી જાગૃતદશામાં પણ અંતર્મુહૂર્તમાં છઠ્ઠું-સાતમું હજારો વાર મુનિઓને આવે. હવે એને ચોવીસ કલાકમાં થોડો એ નિદ્રાનો ભાવ એક પાછલી રાતનો જરીક. આહાહા! બાકી તો બધોય ચોવીસે કલાક આનંદના અનુભવમાં જાગ્રત મુનિ હોય છે. એની અહીં ગણતરી ગણી નથી. આટલો બધો કાળ તો આનંદમાં રહે છે જાગ્રત. ત્યારે એને રાત્રિના છેલ્લા થોડા ભાગમાં એક આટલો (પ્રમાદ) આવે એને અમે કહીએ છીએ કે નિદ્રા એણે જીતી છે. આહાહા! સમજાણું કાંઈ? મુનિ પોતાની વાત કરે છે હોં. બાકીનો કાળ બધો જાગ્રત જ છે. ભલે છઠ્ઠું-સાતમું આવે. એક થોડો વખત પાછલી રાતમાં એક જ પડખે જરી નિદ્રા આવે તો, કહે કે એ કેટલા કલાકના થોડાક ભાગમાં–એટલો એક પોણી સેકંડ (નિદ્રા હોય). એ પણ બે-ચાર-પાંચ, અમુકવાર આવે છે એને ગણી નથી. આહાહા!

એવો ચૈતન્યનો તેજ ભગવાન, જાગીને જોયું ત્યાં નિદ્રા ને કાંઈ નથી એમાં. અરે! એની વાતું સાંભળવા મળી નહીં હોં. આ કરો ને આ કરો, આ કરો ને. એની ચીજ શું છે એના હજી એને માહાત્મ્ય આવ્યા નથી. એના માહાત્મ્ય કરવાને સર્વજ્ઞ પણ પૂરા સમર્થ નથી. એવો જે ભગવાન અંદર... ત્રિલોકનાથ પરમાત્મા સો ઇન્દ્રના પૂજનિક પણ, જેની વાણી નિમિત્તરૂપે છે, એ પણ આ કથન કરવાને સમર્થ નથી એવી એ ચીજ છે. અરે! એણે પામરમાં ખતવી નાખ્યો એને. એ સાધારણ એને ખતવી નાખ્યો. આહાહા!

કહે છે કે જેણે નિદ્રાનો નાશ કર્યો છે એવો જે ભગવાન આત્મા પૂર્ણ આનંદનો સાગર, પૂર્ણ જ્ઞાનના તેજથી ભરેલો, મુનિ કહે છે કે **તે આ (શુદ્ધ આત્મા) જયવંત છે.** આહાહા! અમારે તો એ શુદ્ધાત્મા જયવંત છે. સમજાણું કાંઈ? આહાહા! જેવો છે એવો અમને ભાનમાં વર્તે છે તો એ ભાનને લઈને કહીએ છીએ કે એ જયવંત છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? આવો આત્મા

ભગવાન છે અંદર. એ અગિયારમી ગાથાના નવ શ્લોક પૂરા કર્યાં. કહો, ગાથા એક ને શ્લોક નવ. આહાહા! કેટલાક પંડિતો એની ટીકા કરે છે. (કહે), હવે વસ્તુ થોડી ને કેટલું લાંબું લાંબું કર્યું છે. બહુ થોડું કહ્યું છે, કહે છે હોં. એ ભગવાનની મહિમામાં આટલું કહ્યું એ તો સ્વાહા થઈ જાય છે. સમજાય છે કાંઈ? એવો પરમાત્મા અંદર સહજાનંદની મૂર્તિ પ્રભુ એને આટલી રીતે કહ્યો તોપણ વાણી ને એ બધો વિકલ્પ એમાં સ્વાહા (થઈ જાય છે). કાંઈ કહેવાણું જ નથી જાણે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

આવો પ્રભુ આત્મા છે, આહાહા! એની જેની ખબરું નથી, એને જેને શ્રદ્ધા નથી, એની જેને સન્મુખતા નથી—એ બધા ધર્મ વિનાના છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ શેત્રુંજય ને સમ્મેદશિખરે ધર્મ થાય એવો આત્મા નથી કહે છે. આહાહા! સમજાણું કાંઈ? સમવસરણમાં ભગવાનની વાણી સાંભળે ને ધર્મ થાય એવો એ આત્મા નથી. આહાહા! જેને પરવિષય છૂટી ગયો અને સ્વવિષય ધ્યેયમાં આવ્યો, એને ભાનમાં આવે કે આ આત્મા આવો છે. આ બધા ભગવાનની વાતું ચાલે છે હોં. બાલગોપાલ શરીરમાં બિરાજતો પ્રભુ.., બાળક હો કે વૃદ્ધ હો, જુવાન હો કે રોગી હો, નિરોગી હો, આબરૂદાર હો કે અણ-આબરૂદાર હો, એની સાથે અંતરના તત્ત્વને કાંઈ સંબંધ નથી. (ગાથા) ૧૧૨.

**मदमाणमायलोहविवजियभावो दु भावसुद्धि त्ति ।**
**परिकहियं भव्वाणं लोयालोयप्पदरिसीहिं ॥ ११२॥**

ઓહોહો! આચાર્ય પણ ભગવાનને સાથે રાખે છે. ભગવાને આમ કહ્યું છે, એમ કહે છે. તને એમ લાગતું હોય કે અમે આ કાંઈક વધારે કહીએ છીએ અને બહુ અતિશય થઈ જાય છે, (તો) એમ નથી. ભગવાને આમ કહ્યું છે. ભાઈ! આલોચનાનો ચોથો બોલ આવો છે. ચાર બોલ કહ્યાને, એમાં ત્રણ બોલ થઈ ગયા, આ ચોથો.

**ત્રણ લોક તેમ અલોકના દ્રષ્ટા કહે છે ભવ્યને**
**–મદમાનમાયાલોભવર્જિત ભાવ ભાવવિશુદ્ધિ છે. ૧૧૨.**

ચાર બોલ હતાને એમાં ચોથો બોલ આ ભાવવિશુદ્ધિ. એની **ટીકા : આ, ભાવશુદ્ધિ નામક પરમ-આલોચનાના સ્વરૂપના પ્રતિપાદન દ્વારા શુદ્ધ-નિશ્ચય-આલોચના અધિકારના ઉપસંહારનું કથન છે.** આહાહા! નિયમસાર.. નિયમસાર.. નિયમસાર. કુંદકુંદાચાર્યે પોતાની ભાવના માટે રચ્યું એમાં શું ખામી હોય? કુંદકુંદાચાર્ય જેવા મુનિ, અરે! જેને ભગવાનના ભેટા થયા, ભરતક્ષેત્રના માનવી મહાવિદેહ જાત્રાએ ગયા. આહાહા! આઠ દિ'ની જાત્રા કરી ત્યાં હોં. એટલી તો જેમની પવિત્રતા ને એટલું તો બાહ્યની સામગ્રીનું પુણ્ય, એમણે અહીંયા શાસ્ત્ર રચ્યું એમાં શું ખામી હોય? ભાઈ! એના એકેક શબ્દોમાં ભગવાન આત્મા વીતરાગી છે એમ ઝરે છે. સમજાણું કાંઈ?

એ પોતે પરમાત્મા વીતરાગસ્વરૂપ જ છે. એ તો પહેલું કહ્યું, રાગના અંધકાર એમાં નથી, એટલે કે એ વીતરાગમૂર્તિ પ્રભુ છે, અરૂપી વીતરાગમૂર્તિ છે. એવા વીતરાગ ભગવાનની પર્યાય જેને પ્રગટ થઈ એની વાણીમાં આ આવ્યું. અહીંયા કુંદકુંદાચાર્ય એ વાણીને ઝીલીને જગત પાસે કહે છે. અરે જીવો! દુર્લભ છે આ વાત. પૈસા મળવા, આબરૂ મળવી ને બહારની પદવીઓ મળવી એ કાંઈ દુર્લભ નથી. એ તો અનંતવાર મળી અને પાછો રાંકો થઈ ગયો. ભાઈ! તારી આત્માની પદવી (મળવી) મુશ્કેલ છે. આહાહા! શ્વેતામ્બરમાં ૨૩ પદવી આવે છે. મોટો અધિકાર છે થોકડાનો... એમાં સમકિતરૂપી પદવી એક આવે છે. ૨૩ પદવીનું નામ છે એમાં થોકડામાં. સમકિતરૂપી પદવી. આહાહા!

જેણે પૂર્ણાનંદનો નાથ કબજે લીધો, જેની દૃષ્ટિમાં નહોતો એ દૃષ્ટિમાં આવ્યો, એ દૃષ્ટિની પદવી એને પ્રગટી. એ પદવી હવે મોક્ષની પદવીને લેવા તૈયાર છે. આહાહા! અલ્પ કાળમાં કેવળજ્ઞાનની પદવી લેવાને સમકિત તૈયારમાં છે. આહાહા! અને અલ્પમાં થયેલું મતિ-શ્રુતજ્ઞાન... આવે છેને ધવલમાં. મતિ-શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. આહાહા! બોલાવે છે એટલે? એ મતિ-શ્રુતજ્ઞાન જે આત્માના સ્વરૂપનું વેદન થઈને થયું એ કેવળજ્ઞાનને નજીક કાળમાં લાવશે, એમ એ કહે છે. સમજાણું કાંઈ? આ તો સધન થાય ને વળી નિર્ધન પણ થઈ જાય. પણ આ સધન થયો આત્માના ભાનમાં, એ સધન તો કેવળજ્ઞાનની લક્ષ્મીને લાવશે, એમ કહે છે. આહા! સમજાણું કાંઈ? એને અહીં ભાવવિશુદ્ધિ આલોચના કહે છે. આહાહા!

આ ભાવવિશુદ્ધિનું સ્વરૂપ છે. હવે મદની વ્યાખ્યા કરે છે. મદનો અહંકાર જેને નથી. સમજાણું કાંઈ? જેને મદ નથી. જે ભાવવિશુદ્ધિ એવી છે, ત્રિકાળી પરમાત્મસ્વરૂપની પર્યાયમાં પ્રાપ્તિ–શુદ્ધિ થઈ, એ ભાવશુદ્ધિ એવી છે કે જેને મદ હોતો નથી. **તીવ્ર ચારિત્રમોહના ઉદયને લીધે પુરુષવેદ નામના નોકષાયનો વિલાસ...** અરે! પુરુષવેદનો અંદર ઉદય થતા, એનો જે નવ કષાયનો વિલાસ **તે મદ છે. અહીં 'મદ' શબ્દનો 'મદન'** છે **એટલે કે કામપરિણામ એવો અર્થ છે.** એ પુરુષવેદના વિકારના મદનથી ભાવશુદ્ધિ પાર (-દૂર) છે. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્માને આલાચનાનો ચોથો બોલ એવી ભાવશુદ્ધિ, જેને અંતર ભાવશુદ્ધ તો ત્રિકાળ છે, પણ એને આશ્રયે ભાવશુદ્ધિ જે પ્રગટી એમાં પુરુષવેદના મદનનો અભાવ છે. આહાહા! સમજાણું કાંઈ?

માળા કેટલાકને એવું લાગે કે આ તો બહુ ઊંચી ઊંચી વાતું છે. અરે ભગવાન! તારા ઘરની, હજી તો સમ્યગ્દર્શન પામવાની આ વાત છે. અને સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન હોય નહીં અને તારા જ્ઞાન વિના ચારિત્ર હોય નહીં. એના વિના બહારમાં માથા ફોડીને પડ્યા, આ ત્યાગું ને આ ગ્રહું. આહાહા! ભાઈ! તું એમાં ખોવાઈ ગયો છો. સમજાણું કાંઈ? આ ત્યાગું ને આ ગ્રહું—એવા વિકલ્પમાં રોકાતા ખોવાઈ ગયો તું. એ ખોવાયેલાને જગાડવાની આ વાત છે.

કહે છે, મદનની ગંધ નથી જેમાં. આહાહા! કામની વાસનાની રમતું, જેમાં પ્રહલાદ–પ્રસન્નતા–રાજીપો વેદના વિષયમાં વર્તે તે ધર્મીને ભાવશુદ્ધિમાં નથી. આહાહા! સમજાણું કાંઈ?

એ મદનનો જેમાં અભાવ છે. મદન.. મદન. એ મદનો અર્થ મદન થાય. મદનો અર્થ અભિમાન અહીં લાગુ ન પડે. માન બીજે આવશે. માન બીજે ઠેકાણે આવશે. મદ એટલે માન નહીં. મદ એટલે મદન. મદન એટલે કામવાસના. એમાં અહીં પોતે પુરુષવેદને પ્રધાન ગણીને મૂક્યું પાછું. સમજાણું કાંઈ? આહાહા! ભગવાન એવો શુદ્ધચૈતન્યઘન છે કે જેને આશ્રયે ભાવશુદ્ધિ નિર્મળ પ્રગટ થઈ, એ ભાવશુદ્ધિમાં આવા મદનની વાસનાનો તો અભાવ છે. આહાહા! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ ૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં ભોગ લેતો દેખાય, કહે છે, ભાઈ! સાંભળ તો ખરો! આહાહા! એની દૃષ્ટિમાં ભગવાન વસ્યો છે એટલે કામવાસનાથી એ પર્યાય ખાલી છે, સમજાણું કાંઈ? આહાહા! અને જે વિષય નથી લેતો, પણ જેને પરવિષયના રાગનો પ્રેમ છે એ વિષયમાં જ વર્તે છે. સમજાણું કાંઈ? અને આ વિષયની વાસનામાં દેખાય છતાં એની દૃષ્ટિના વિષયમાં એ ચીજ જ નથી. સમ્યગ્દૃષ્ટિમાં વિષયમાં તો ભગવાન વસે છે. જેમાં ભગવાન વસે ત્યાં વિકાર કેમ હોય? આહાહા! સમજાણું કાંઈ? એનો અભાવ હોય છે. બીજી વાત.

**(૧) ચતુર વચનરચનાવાળા વૈદર્ભકવિત્વને લીધે... (વૈદર્ભકવિ) = એક પ્રકારની સાહિત્યપ્રસિદ્ધ સુંદર કાવ્યરચનામાં કુશળ.** એવું કાવ્ય રચે કે લાખો-કરોડો માણસ સાંભળીને ફીદા-ફીદા થઈ જાય. એવા **ચતુર વચનરચનાવાળા વૈદર્ભકવિત્વને લીધે આદેયનામકર્મનો ઉદય હોતાં...** પાછું ભેગું પૂર્વનું આદેયકર્મ જોઈએ, એમ કહે છે. **સમસ્ત જનો વડે પૂજનીયપણાથી...** આમ લોકો પૂજે. આહાહા! શું કવિ! શું કવિ! સમજાણું કાંઈ? આવું માન એને નથી, એમ કહે છે. ભાવવિશુદ્ધિવાળાને આનું માન નથી. સમજાણું કાંઈ? માનરહિતની આ વ્યાખ્યા છે. આવું માન....

... જોગીડા નહોતા? ગુજરી ગયા કે છે? નહોતા પાટણના? એક ફેરી આવ્યા હતા કવિ. હાથમાં ઓલું રાખીને આમ કરે. છે? અહીં આવ્યા હતા. ... બાહ્યમાં વાણી-બાણીની એવી રચના ને..... અરે પ્રભુ! એ શું છે? ધર્મીજીવને આવી ચીજની સામગ્રી હો, પણ એનું એને માન હોતું નથી. આહાહા! જેને સાંભળતા સાંભળનારને એમ થઈ જાય કે આવી સ્થિતિ જો આપણે હોયને તો આ લાખો માણસો સાંભળે ને આપણને મોટા તરીકે જોવે તો ખરા. સમજાણું કાંઈ? ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ એના જેણે શરણ લીધા અને જેને ભાવશુદ્ધિ પ્રગટ થઈ, એને આવા માન હોતા નથી. આહાહા! પોતાના મહાપ્રભુના માન આગળ આ માન ક્યાં ગણતરીમાં? સમજાણું કાંઈ?

જેને સિદ્ધપદની પ્રાપ્તિ થવાની તૈયારીવાળા જીવને, જેને ચક્રવર્તી ને મોટા માંધાતાઓ પણ વંદન કરશે સિદ્ધને, અરે! એને કોનું માન જોઈએ છે? સમજાણું કાંઈ? 'ણમો લોએ સવ્વ સિદ્ધાણં.' ગણધરો પણ જેને નમસ્કાર કરશે. એવી પદવીને પ્રાપ્ત થવાની લાયકાતવાળાને આ માન શા? સમજાણું કાંઈ? એ માનથી મરી ગયેલા હોય છે અને સ્વરૂપની શુદ્ધિથી જીવતા હોય છે. આહાહા! ઘડીકમાં લાલચ આવી જાય જેને. આવું... આહાહા! કેટલા માણસો ... કરે છે. એ શું છે ભાઈ? આહાહા! એ બધી પીપુડીઓ વગાડે નાગને બોલાવવા. આહાહા! એ માનમાં મરી જાય છે. ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ એવો જેણે દૃષ્ટિમાં (લીધો) અને એ ઉપરાંત વળી જેણે સ્થિરતા કરી, એને આવા માન હોતા નથી. આહાહા! એને તો પોતાના સ્વરૂપનું બહુમાન છે. એને આનું માન હોતું નથી.

ભારે! પણ આવો ધર્મ કઈ જાતનો? કેટલાક એમ કહે કે આ સોનગઢવાળાએ નવો ધર્મ કાઢ્યો. આ શું છે આ? આ પુસ્તક સોનગઢનું છે? આહાહા! અરે ભાઈ! તેં સાંભળ્યું નહોતુંને એટલે એમ લાગે હોં કે મહારાજે નવો ધર્મ કાઢ્યો. એમાં વળી એમ કહે, એના ધર્મમાં ભેળવવા માટે પૈસા ખરચે, શિબિરું કાઢે, ઢીકણું કાઢે. અરેરે! પ્રભુ! પ્રભુ! ભાઈ! તને નહીં ઠીક પડે આમાં. ઠીક માનીને ભલે બેસે, પડખું પૂરું થતાં–શરીર પૂરું થતાં, બાપા! એના ફળ જુદી જાતના આવશે હોં. અહીં તો કહે છે, આવી બાહ્ય ઋદ્ધિઓ હોય, તોપણ આલોચન કરનારને– પોતાના પડખાને જોનાર ધર્માત્મા જીવને આની કાંઈ કિંમત છે નહીં. આહાહા!

**(૨) માતા-પિતા સંબંધી કુળ-જાતિની વિશુદ્ધિથી...** મારી માતા દીવાનની બહેન હતા, રાજાની દીકરી હતી એના માન. અરે! પણ તું કોનો દીકરો ને કોની દીકરી? આહાહા! આત્મા કોઈની દીકરી નથી, કોઈની દીકરીનો દીકરોય નથી. આહાહા! માતા-પિતા, ઉત્તમકુળ... જે મહા પિતા હોય, રાજા હોય પિતા, શેઠીયા હોય મોટા અબજોપતિ, એના દીકરો હોય એને અભિમાન (હોય) કે અમારા પિતા આવા છે. અરે! તારા કુળના પિતા તો તીર્થંકર છે. સમજાણું કાંઈ? ધર્મપિતા તો પરમાત્મા છે. એનો પુત્ર ન થતાં આનો પુત્ર હું છું એમ કરીને તને અભિમાન, એ ધર્મીને હોઈ શકે નહીં એમ કહે છે. સમજાણું કાંઈ?

માતા ઉત્તમકુળની મહા ખાનદાન હોય, આબરૂ જબરી હોય, એમાં એની જાતિમાં જન્મ્યા છીએ. બહુ અમારું કુળ પચ્ચીસ-પચ્ચીસ પેઢીથી નિષ્કલંક છે. માતાનું કુળ અને પિતાનું કુળ એમાં અમે ગર્ભશ્રીમંત તરીકે અવતર્યા છીએ. આહાહા! શેના અભિમાન? ભગવાન! તું તીર્થંકરના કુળે આવ્યો છો હવે આ (માન) શા તને? જે માર્ગે ભગવાન ગયા એ માર્ગે આવ્યો એને આના માન હોતા નથી. આહાહા! ભારે વાતું ભાઈ હોં. આમાં કરવું શું? અમારે ઘરે જઈને કરવું શું, એ કાંઈ આવ્યું આમાં? એમ કેટલાક પૂછે કે તમે જે વાતું કરો છો એમાં અમારે ૨૪ કલાક કરવું શું? પણ ધર્મમાં સાચી સમજણ કરવી, શ્રદ્ધા કરવી, સ્વભાવ સન્મુખ થાવું એ

કરવું નથી? અને એ કરવું એ જ કર્તવ્ય છે, બાકી કોઈ કર્તવ્ય છે નહીં. આહાહા! હેરાન થવાના રસ્તા છે. માંડ્યા ને માળો... આહાહા!

**(૩) પ્રધાન બ્રહ્મચર્યવ્રત વડે ઉપાર્જિત લક્ષકોટિ સુભટ સમાન નિરુપમ બળથી...** મહાબ્રહ્મચર્ય હોય ત્યારે શરીરમાં એવું બળ હોય, કહે છે, એનું માન ધર્મીને હોતું નથી. આહાહા! સમજાણું કાંઈ? કાલ એક લેખ હતો. દીયો.. દીયો.. શું? ભાલના એક ગામ છે. એમાં ગરાસિયો હતો. બહુ બળવંત હતો, કહે છે. છતાં નરમ બહુ. કાલ લેખ હતો કાંઈક. આમાં જ વાંચ્યું હતું જૈન ..માં. દીવ.. દીવ ગામ છે. નામ સાંભળ્યું હતું. દીવ. એક શબ્દ રહી ગયો છે. એનો ગરાસીયો હશે. એટલું બળ કે આ રૂપાનો રૂપિયો આમ કરે તો (વળી જાય) એટલું બળ. છતાં નરમ બહુ. એટલો નરમ ગરાસિયો.... એક દાણાનું ગાડું સલવાણું હતું રસ્તામાં. કાંઈ ફેરફાર થઈ ગયો હશે અંદર થોડો. કેવી રીતે ચાલે?

એમાં કણબી ને બળદ બે. બેઠા હતા એમાં આ ઘોડેસવાર નીકળ્યા દરબાર. બેટા! કેમ બેઠા છો? ભાઈ! એમ પૂછ્યું હોં. નરમ... બેટા! અહીં કેમ બેઠા છો? બાપુ! આમ ગાડું સલવાણું છે. કોઈક આવે તો નવું ગાડું આવે, એમાં આ દાણા નાખીને લઈ જઈશું. આ ગાડું અહીં સરખું નહીં થાય. ઊંચું કોણ કરે? કેટલું ઊંચું કરે ને ક્યારે સરખું થાય? બેટા! મુંઝાઓ નહીં હોં. ક્યારે ગાડું આવે? ભાઈ! બે બળદ...... બાપુ! ત્યારે શું કરશું? બાપુ કહે, હું ટેકો આપું છું ગાડાંને. અરે બાપુ! પણ તમે આ કેમ કરશો? ભાઈ! તમે .. રહેવા દો બાપા! બળવંત દરબાર હતો. એનું નામ આપ્યું હતું. એ ગામ છે ખરું, ભાલના છે. એ ગાડાને જરી ઊંચું કરે થોડીવાર ત્યારે સમું થાય એવું હતું. ઊંચું કરવાનું તો ઘરે લઈ જાય ત્યારે થાય એવું છે.

પણ દરબારે હેઠે જઈને આમ કર્યું હોં. બળ એટલું કે આમ કરે તો કરી નાખે એવું બળ. કાઠીની જાતમાં પહેલાં નીતિવાળા બહુ હતા. ધર્મની ખબર ન હોય. આ તો અત્યારે બધા ફેરફાર.. ફેરફાર. નીતિમાં ફેરફાર. આહાહા! એણે આમ ઊંચું કર્યું ત્યારે ઓલાએ ગાડાને સરખું કરી નાખ્યું. ઊંચું થઈ ગયું ખરૂંને. આમ સરખું કરીને હેઠે જુએ તો દરબાર... કણબી થાકી ગયેલો. રેબઝેબ પરસેવે દરબાર... બાપુ! આ શું તમે....? બેટા! તમે દુઃખી થાત ત્રણ જણા. ક્યારે ગાડું ચાલત? ક્યારે ગાડું લઈ જાત? ..... ભાઈ! એમ કહ્યું. પ્રજાને બેટા તરીકે માનતીને. .... છે. કોઈ ઉપર એની નજર ખરાબ ન હોય. એવા હતા હોં એ બધા. અત્યારે તો કાળાકેર થઈ ગયા. નીતિ ફરી ગઈ. અરેરે! જેના વિશ્વાસ રહ્યા નહીં. અરે બાપુ! આ તમારું પણ કેડિયું ફાટી ગયુંને. બાપા! ફાટ્યું એ સાજું થાશે. તમે ત્રણ—બે બળદ ને તમે દુઃખી થાત. બે-ચાર કલાક.... ક્યારે આવે? .......... જૈન ...માં આવ્યું છે. આહાહા!

જુઓ! આવા છતાં બિચારા નીતિવાળા. આ તો લોકોત્તર નીતિ. એ તો લૌકિક નીતિ (અને) આ તો લોકોત્તર નીતિ. પરમાત્મા પૂર્ણાનંદનો નાથ જ્યાં ત્રણ કાળ, ત્રણ લોકને સંકેલીને

જાણીને બેઠો છે, જેને કાંઈ કરવાનું નથી પરમાં અને ઠરવાનું છે સ્વમાં, આહાહા! એવો જે ભગવાન આત્મા, કહે છે કે એને આવા માન શા? આહાહા! અમારા માતા આવા, અમારા પિતા આવા. બાપુ! માતા ને પિતા જ ક્યાં છે? ભાઈ! આત્માને માતા કેવી, પિતા કેવા, કુળ કેવા ને જાત કેવી? આહાહા! એક વાત આવી હવે. ભાઈ! હવે પૈસાની આવી.

**(૪) દાનાદિ શુભ કર્મ વડે...** દાનથી પુણ્ય બંધાય, ભક્તિથી પુણ્ય બંધાય, પૂજાથી પુણ્ય બંધાય. સમજાણું કાંઈ? દયા-દાનના ભાવથી પુણ્ય બંધાય. એથી **ઉપાર્જિત સંપત્તિ...** આહાહા! એવા પુણ્ય બાંધેલા હોય કે જેને બહારમાં લક્ષ્મી વધ્યે જ જાય. એ લક્ષ્મીના કારણમાં પુણ્ય છે એમ કહે છે. આ સમાજની વ્યવસ્થાને લઈને રળવામાં લાગીએ છીએ માટે મળે છે.—એમ નથી. આહાહા! સંતોએ પણ જેટલું કહેવું હતું એટલું કહી દીધું છે. આહાહા! પ્રભુ! તું ક્યાં છો? ભાઈ! આહા! પૂર્વના પુણ્ય એટલા હોય, શુભભાવ કર્યા હોય, પુણ્ય બંધાણા ને એ પુણ્યના ઉદય આવે એ લક્ષ્મી વધતી જ જાય હોં. કરોડ, બે કરોડ, પાંચ કરોડ, દસ કરોડ, અબજ, દસ અબજ વધ્યે જ જાય. કહે છે, એના એને માન હોય. ધર્મીને એના માન ન હોય.

અરે! એ વધ્યે શું વધ્યું? 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો.' 'કહો' કહે છે. 'વધવાપણું સંસારનું નરદેહને હારી જવો, એનો વિચાર નહીં અહો એક પળ તમને હવો.' શું વધ્યો? ભાઈ! અંતર આનંદકંદની દૃષ્ટિ ને સ્થિરતામાં વધ્યો એ વધ્યો કહેવામાં આવે છે. આહાહા! કહો, સમજાણું? દાનાદિ એટલે પુણ્યના જેટલા છે એટલા બધા શબ્દો લીધા. અને એના વડે શુભકર્મ થયું. એનાથી ઉપાર્જિત સંપત્તિ. એનાથી પૈસા મળે એમ કહે છે. અહીં ચોખ્ખી વાત છે. એય! આહાહા! મલૂકચંદભાઈ! આ તો પૂર્વના પુણ્ય હોય તો પૈસા મળે એમ કહે છે. છે એમાં? ગિરિશભાઈ પાસે છે. આનું પણ માન એને હોતું નથી. આહાહા!

એ તો સંધ્યાના રંગ છે. ખીલે તો ખીલે ને જ્યારે બંધ થાય ત્યાં અંધારા થઈ જાય. આહાહા! એ સંપત્તિની વૃદ્ધિ... વૃદ્ધિ સમજાય છે? વધ્યે જ જાય. ચાર મહિને પચાસ કરોડ, અબજ-બે અબજ વધ્યે જ જાય. ઘટાડો તો નહીં, ખોટ નહીં. આહાહા! એ પૂર્વના પુણ્યના પરમાણુ બંધાયેલા, એના ફળ જ્યારે ઉદયમાં આવ્યા એટલે લક્ષ્મી વધ્યે જ જાય. એના અભિમાન ધર્મીને ન હોય. સમજાય છે કાંઈ? એ શું વધ્યું? જડના થોથા વધ્યા. આહાહા! વિષ્ટાના ઢગલે બેસે મોટો થઈને.... સમજાણું કાંઈ? અહીં મોટપ તને આપીએ છીએ, લે! આ મોટપ. એ (જડની) મોટપ શું? બાપુ! આહાહા!

જેને મોટામાં મોટો ભગવાન આત્મા, અરિહંત પરમાત્માથી પણ પોતાની મોટપ પોતાના માટે જુદી છે. આહાહા! એવા ભગવાન (આત્મા)–પરમાત્મા એનું જેને ભાન અને એની જેની ભાવશુદ્ધિ પ્રગટી છે, એને આવા સંપત્તિના વૃદ્ધિના વિલાસથી માન હોતા નથી. માન હોતા નથી. આ માનની વ્યાખ્યા છે. બીજો પરિણામ. મદની વાત પહેલી થઈ ગઈ, આ માનની છે.

વળી બુદ્ધિનું માન. એટલી બુદ્ધિની શક્તિ હોય કે એકવાર સાંભળે તો પચાસ વર્ષ, સો વર્ષ સુધી જાય નહીં. એના.... એ કંઈ ચીજ છે? એના માન ન હોય એને. આહાહા! આ તો જ્યાં બે-પાંચ અક્ષર આવડે તો ઓહોહો.. જુઓ! આ ચોપડીમાં આ પદ છે, જુઓ! આ પુસ્તકમાં આ લખ્યું. જુઓ! મારી યાદગીરી. અરે ભગવાન! ક્યાં ગયો અને ક્યાં જાય છો તું? સમજાણું કાંઈ? ૧૧ અંગ ને ૯ પૂર્વના જાણપણા કર્યાં, પણ એ અજ્ઞાન છે બધા. અજ્ઞાન નીકળ્યા. એ બુદ્ધિના અભિમાન ન હોય.

**તપ**ના અભિમાન. અમે મહિના-મહિનાના અપવાસ વર્ષોથી કરીએ છીએ. પચાસ વર્ષથી અમારે કાયમ આ... શું પણ છે? એ શું ચીજ છે? એ તો રાગની મંદતા હોય તો કંઈક પુણ્ય થાય. એના અભિમાન ધર્મીને હોય નહીં. આહાહા! **વિક્રિયા**લબ્ધિ. શરીરમાં વિક્રિયા પ્રગટેને, હજારો રૂપની ક્રિયા કરી શકે. **ઔષધ**ની એવી કોઈ દશા પ્રગટે. ઔષધનું બહુ લક્ષ ને બહુ જ્ઞાન વધ્યું. એ જગતના વનસ્પતિના છોડેછોડને જાણે. આમાંથી આ થાય, આમાંથી આ થાય. એના એને અભિમાન ન હોય. આહાહા!

એમ **રસ...** સારા રસ ઊંચા. એમ **બળ** શરીરનું. અક્ષીણલબ્ધિ—એવી લબ્ધિ પ્રગટી હોય કે બે લાડવા મૂક્યા હોય ને ચક્રવર્તીની સેના જમે. એવી લબ્ધિ હોય પણ એનું માન ધર્મીને ન હોય. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! માયામાં તો જરી એમ કીધું છે કે શક્તિ પ્રમાણે પૈસો ન ખરચે... એ કીધું છે. યોગ્યસ્થળે ધનના વ્યયનો અભાવ તે લોભ છે. એ લોભમાં કહ્યું છે. વિશેષ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો વદ ૨, મંગળવાર, તા. ૨૪-૧૦-૧૯૭૨**
**ગાથા-૧૧૨, શ્લોક-૧૭૧-૧૭૨, પ્રવચન નં. ૧૨૮**

(નિયમસાર), ઉસમેં પરમ આલોચનાકા અધિકાર. આખિરકી ગાથામેં ભાવવિશુદ્ધિ (કહી). આત્મા પૂર્ણ શુદ્ધ ને આનંદ (સ્વરૂપ) હૈ ઉસ તરફકે ઝુકાવસે પરમ શુદ્ધભાવ, પરમ પવિત્રભાવ, પુણ્ય ને પાપસે રહિત ભાવ જો આત્મામેં હો, ઉસકા નામ ભાવવિશુદ્ધિ ઔર ઉસકા નામ ધર્મ ઔર ઉસકા નામ આલોચના કહનેમેં આતા હૈ. સમજમેં આયા? ભાવવિશુદ્ધિ, આત્મા ભાવવિશુદ્ધસ્વરૂપ હી હૈ. પરમ આનંદ, પરમ શાંત, પરમ સ્વચ્છતા, પરમ પ્રભુતા— ઐસે પવિત્ર અપને ગુણ-શક્તિસે પરિપૂર્ણ ભરા હૈ. સમજમેં આયા?

ભાવશુદ્ધિસ્વરૂપ હી આત્મા હૈ. શુદ્ધભાવ... ગુણ અનંત હૈં વે સબ પ્રત્યેક શુદ્ધ હૈં. ઐસા ભાવ નામ ગુણકી શુદ્ધિ (અર્થાત્) ગુણકા શુદ્ધસ્વરૂપ ત્રિકાલી આત્મા હૈ. ત્રિકાલી આત્મા તરફકે ઝુકાવસે, અપને અંતર આશ્રયસે જો પ્રગટદશા, જૈસે ભાવ શુદ્ધસ્વરૂપ હૈ, ઐસા હી ભાવશુદ્ધ(પના) પર્યાયમેં આના, વર્તમાન અવસ્થામેં ભાવશુદ્ધિ હોના ઉસકા નામ ધર્મ હૈ. વહ વસ્તુકા ધર્મ હૈ. ભાવશુદ્ધિ વહ આત્માકા ત્રિકાલી ધર્મ હૈ. વસ્તુ આત્મા ઉસકા ત્રિકાલી ભાવશુદ્ધ વહ ધર્મ હૈ. ઉસ ધર્મકે આશ્રયસે શુદ્ધભાવ પ્રગટ હો વહ પ્રગટ વર્તમાન ધર્મ હૈ. યહ અધિકાર હૈ. યે ભાવશુદ્ધિ જિસકો હો... અપના શુદ્ધ ચૈતન્યસ્વભાવ, પરમાનંદકી સહજાનંદકી મૂર્તિ આત્મા હૈ. આહાહા! ભાવ-હરેક ગુણ શુદ્ધ ને પવિત્રકા ધામ હી હૈ. ઐસી દૃષ્ટિ ઔર ઐસા ભાવ કરનેવાલેકો ઐસા માન નહીં હોતા, યહ ચલતા હૈ અપને. ઉસકો ઐસા અભિમાન-પરકા અભિમાન નહીં હોતા. ક્યા હૈ? દેખો!

**(૫) બુદ્ધિ...** બુદ્ધિકા ક્ષયોપશમ બહોત હો ઉસકા ભી અભિમાન... અપના શુદ્ધભાવ ત્રિકાલ ઉસકા આશ્રય કરકે જો ભાવશુદ્ધિ પ્રગટ હુઈ હો, ઉસકો ઐસી (બાહ્ય)બુદ્ધિકા અભિમાન હોતા નહીં. **તપ**કા અભિમાન નહીં હોતા. મહિના-મહિનાના અપવાસ આદિ કરે..... ભગવાન સારા ઇચ્છાનિરોધસ્વરૂપ હી આત્મા હૈ. ઉસકી દૃષ્ટિ કરનેસે ઔર ઉસમેં લીન હોનેસે ઇચ્છા-નિરોધરૂપ દશા પ્રગટ હો, ઉસકો યે તપકા અભિમાન કૈસે હો? સમજમેં આયા? તપકા અભિમાન હોતા નહીં.

**વિક્રિયાકા** અભિમાન હોતા નહીં. વિક્રિયા શરીરકી હોતી હૈ. લબ્ધિ ઐસી કિ એક શરીરમેંસે હજાર શરીર બનાના, ઉસકા ભી અભિમાન ઉસકો (નહીં હોતા). **ઔષધ...** શરીરમેં પસીના, પેશાબ આદિ ઔષધરૂપ જિસકો હો ગયા હો ઐસી લબ્ધિ હો ગઈ હો, ઉસકા ભી અભિમાન ધર્મીકો હોતા નહીં. અપના આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ સિદ્ધ સમાન અપના નિજ સ્વરૂપ હૈ. ઐસી દૃષ્ટિમેં ઔર ઉસકે આશ્રયકી ભાવનામેં ઐસા અભિમાન

ઔષધકા હોતા નહીં. **રસકા** અભિમાન... બહોત અનુકૂલ હો, હમારે રસકા પાચન હોતા હૈ. ઐસા ભી અભિમાન હોતા નહીં. આત્માકે આનંદરસકે આગે દુનિયાકે રસકા અભિમાન ક્યા? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદરસ(મય) હૈ. અતીન્દ્રિય આનંદ જો સ્વર્ગમેં ભી નહીં, ઐસા આનંદ અપને આત્મામેં હૈ. ઐસે આનંદકા અનુભવ ધર્મીકો હોતા હૈ. તો ઉસ ધર્મકી ભાવશુદ્ધિમેં ઐસા રસકા ભી અભિમાન હોતા નહીં.

**બલ**કા અભિમાન. શરીરકા બલ ઉસકા ભી અભિમાન યહાં લિયા હૈ. અનંત બલસંપન્નપ્રભુ આત્મા ઉસકા અંતર્મુખ પુરુષાર્થ કરના, વહ ભી ત્રિકાલ પુરુષાર્થકી અપેક્ષાસે અનંતવે ભાગમેં પુરુષાર્થ હૈ. તો ઉસ અપેક્ષાસે શરીરકે બલકી કુછ કિંમત, ધર્મીકો કુછ કિંમત હૈ નહીં. સમજમેં આયા? ઇતના બલ હૈ, ચક્રવર્તીકા બહોત બલ (હોતા હૈ). છન્નું કરોડ પાયદળ એક બાજુ ખેંચે તોય ખેંચાય નહીં એટલું બલ છે. શરીરકા બલ હોં. અભિમાન નહીં. મૈં આત્મા અનંત આનંદકા બલસ્વરૂપ હૂં, ઐસી ધર્મીકી દૃષ્ટિ અપના ધર્મ નામ સ્વભાવકી હોનેસે પરકી લબ્ધિ આદિકા ઉસકો અભિમાન હોતા નહીં.

**બલ ઔર અક્ષીણ..** ઐસી કોઈ લબ્ધિ પ્રગટ હો કિ દો લડ્ડુ હો, સારી ચક્રવર્તીકી સેના ખા લે–ભોજન કર લે, ઐસી લબ્ધિ. ઉસકી ક્યા કિંમત? અપના આત્મા આનંદસ્વરૂપ, જહાં સમ્યગ્દૃષ્ટિકો ધર્મીકો અપના આત્મા અતીન્દ્રિય આનંદમય ભાસા, ઉસકે આગે અક્ષીણલબ્ધિકી કિંમત કુછ હૈ નહીં. **ઇન સાત ઋદ્ધિયોં**કા અભિમાન નહીં હોતા.

**અથવા (૬) સુન્દર કામિનિયોંકે લોચનકો આનન્દ પ્રાપ્ત કરાનેવાલે શરીરલાવણ્યરસકે વિસ્તારસે હોનેવાલા જો આત્મ-અહંકાર (આત્માકા અહંકારભાવ) વહ માન હૈ.** વહ ભી ધર્મીકો હોતા નહીં. સુંદર કામિનીયોંકે લોચન નામ આંખ, ઉસકો **આનંદ પ્રાપ્ત કરાનેવાલે શરીર-લાવણ્યરસ**... શરીરકી કોમલતા–નમણાઈ ઔર સુંદર રૂપ ઐસે લાવણ્યરસકે વિસ્તારસે હોનેવાલા... શરીરકી (સુંદર) દશા હો ઉસકા અભિમાન ધર્મીકો હોતા નહીં. અંતર અનંત આનંદકે વિસ્તાર આગે ઇસકા ક્યા વિસ્તાર? યે તો જડ, માટી–ધૂલ હૈ. સમજમેં આયા? ધર્મીકી દૃષ્ટિમેં તો યે જડ, માટી ભાસા હૈ. ઉસકી સુંદરતાકા અભિમાન ધર્મીકો હોતા નહીં. અંદર સુંદર આનંદસ્વરૂપ ભગવાન આત્મા હૈ ઐસી જિસકો દૃષ્ટિ ઔર આશ્રય હુઆ, ઉસકો ઐસી ભાવશુદ્ધિમેં ઐસા માન હોતા નહીં.

**ગુપ્ત પાપસે માયા હોતી હૈ.** વહ માયા નહીં હોતી ઉસકો. ખાનગી–ગુપ્ત પાપ કરે વહ માયા. ભાવશુદ્ધિ, ઐસે ધર્મકી શુદ્ધિ જિસકો પ્રગટ હુઈ હૈ ઉસકે ઐસી માયા હોતી નહીં. **યોગ્ય સ્થાન પર ધનવ્યયકા અભાવ...** જહાં યોગ્ય સ્થલમેં લક્ષ્મીકા વ્યય કરનેકા પ્રસંગ હો, વહાં લક્ષ્મીકા વ્યય કરે નહીં વહ લોભ હૈ. અપને લડકેકા લગ્ન પ્રસંગ હો તો દસ લાખ, પાંચ લાખ ખરચ ડાલે. કન્યાકા લગ્ન હો તો દહેજમેં ભી દો-ચાર-પાંચ લાખ દે દે. બે-પાંચ લાખ તો તમારે

સાધારણની અપેક્ષાએ. એય! ક્યાં ગયા? આ તમારા ભત્રીજા આવ્યા હતાને. એણે કન્યા પરણાવી ને આઠ લાખ (ખરચ્યા). .....ધર્મકી પહેલી સીઢી. ઉસકો ચક્રવર્તીકા રાજ હો તો ભી ઉસકા સ્વામીપના ઉસકો હૈ નહીં. આહાહા! અંતર આત્મા સિદ્ધ સમાન પ્રભુ, પૂર્ણ અતીન્દ્રિય આનંદકા સ્વભાવવાલા હૈ ઐસી જહાં દૃષ્ટિ હુઈ, ઉસકે આગે બાહ્ય લક્ષ્મી આદિકી કોઈ કિંમત હૈ નહીં.

**યોગ્ય સ્થાન પર ધનવ્યયકા અભાવ...** બીજે ઠેકાણે લક્ષ્મી વાપરે, પણ જ્યાં ધર્મ ને ધર્મની પ્રભાવના આદિની જરૂર હોય, શાસ્ત્ર આદિ પ્રભાવનાની જરૂર હોય, ત્યાં લક્ષ્મીનો વ્યય ન કરે, **વહ લોભ હૈ**. ધર્મીકો ઐસા લોભ હોતા નહીં એમ કહતે હૈં. સમજાણું કાંઈ? એ હસમુખભાઈ! આ દીકરીના લગ્ન કરે, ખરચી નાખેને દસ-પંદર હજાર. દીકરાના લગ્ન કરે. લગ્ન.. લગ્ન સમજે ન? મોટો મોભો છે. અનંત આનંદ, ધર્મીજીવ ઉસકો કહીયે કિ જિસે અપને સ્વરૂપમેં અનંત અતીન્દ્રિય આનંદ હૈ ઐસા ભાન ને પ્રતીત હુઈ હૈ. ઐસા આનંદ ઇન્દ્રકે ઇન્દ્રાસનમેં ભી હૈ નહીં. સમજમેં આયા? કરોડો અપ્સરાના સંગે ઇન્દ્ર વિષય લે, અપને આનંદકે આગે જહરકા સુખ હૈ, જહર હૈ., આહાહા! ધર્મીજીવકો ભાવશુદ્ધિમેં ઐસા ભાવ હોતા હૈ કિ જરૂર જહાં હો વહાં લક્ષ્મીકા વ્યય ન કરે ઐસા હોતા નહીં. સમજમેં આયા?

લ્યો, અહીં તો એવું કહ્યું. એય! કન્યા માટે બે લાખ ખરચે, (પણ) પુસ્તક માટે પચાસ હજાર ન આપે. અને જરૂર હોય ત્યાં માન માટે પચાસ હજાર આપે. નામ રહેશે અમારૂં. અમારી માનું નામ રહેશે. લખો અહીં મોટું. વિદ્યાશાળા બનાવો, નિશાળ બનાવો, માન રહેશે અમારી માનું. એની મા મરીને ક્યાંય ગઈ હોય. એ જ કહે છે કે તને પ્રેમ અહીં છે કે ન્યાં? વહાં જો ઇતના પ્રેમ હો તો તુજે ધર્મકા પ્રેમ હૈ નહીં, એમ કહતે હૈં. જુઓને! અહીં પોતે મુનિએ કહ્યું છેને. **યોગ્યસ્થલ પર ધનવ્યયકા ભાવ વહ લોભ હૈ**.

કહે છે, **નિશ્ચયસે સમસ્ત પરિગ્રહકા પરિત્યાગ જિસકા લક્ષણ (સ્વરૂપ) હૈ...** આહાહા! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનકા પુંજ પ્રભુ આત્મા હૈ. **સમસ્ત પરિગ્રહકા પરિત્યાગ જિસકા લક્ષણ હૈ**... જિસમેં રાગકા-વિકલ્પકા ભી ત્યાગ (હૈ ઐસા) ઉસકા સ્વરૂપ હૈ. આહાહા! વહ ક્યા ચીજ હૈ ઉસકી મહિમા હી આયી નહીં. અંદર મૈં આત્મા? બડા ઇતના બડા? અરે! તું ઇતના બડા કિ સિદ્ધસે ભી અનંતગુના (બડા). આહાહા! સમજમેં આયા? **નિશ્ચયસે**-ખરેખર **સમસ્ત પરિગ્રહકા પરિત્યાગ**... જિસકો દયા, દાનકે વિકલ્પકી ભી પકડ નહીં. સ્વરૂપમેં વહ ચીજ હી નહીં. આહાહા! સચ્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો..' વહ આતા હૈ 'ચેતન'મેં. બનારસીદાસ. 'ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો..'

વહ ચીજ ભગવાન આત્મા જડ દેહસે જુદા, કર્મસે જુદા અને પુણ્ય ને પાપકે ભાવસે ભી ભિન્ન. (ઐસી) વહ ચીજ પરમ આનંદમય પરિગ્રહ, સર્વથા પરિગ્રહસે રહિત હૈ. પરિગ્રહસે રહિત હી ચીજ હૈ એમ કહતે હૈં. કહો, હસમુખભાઈ! કોણ? આત્મા–ત્રિકાલી આત્મા. ધ્રુવ.. ધ્રુવ.. નિત્યાનંદ પ્રભુ સમસ્ત પરિગ્રહસે રહિત હૈ. ત્રિકાલી વસ્તુમેં પરિગ્રહ કૈસા? રાગ નહીં, તો લક્ષ્મી ઔર પરિગ્રહ કહાંસે આયા ઉસમેં?

ઐસા **જિસકા લક્ષણ હૈ ઐસે નિરંજન નિજ પરમાત્મતત્ત્વકે પરિગ્રહસે...** આહાહા! નિરંજન–જિસમેં અંજન નામ મેલ નહીં. ઐસા નિરંજન નિજ પરમાત્મતત્ત્વ... અપના નિજ આત્મતત્ત્વ જો ધ્રુવ ચૈતન્યમૂર્તિ પ્રભુ હૈ (ઉસકે) પરિગ્રહસે–પરમાત્મતત્ત્વકે પરિગ્રહસે **અન્ય પરમાણુમાત્ર દ્રવ્યકા સ્વીકાર વહ લોભ હૈ.** આહાહા! અપના ભગવાન (બાહ્ય)પરિગ્રહસે સર્વથા રહિત હૈ ઔર અપને પરમાત્મતત્ત્વકે પરિગ્રહસે સહિત હૈ. આહાહા! પરમ ભગવાન આત્મા અંદર અરૂપીસ્વભાવ આનંદ, જ્ઞાન, શાંતિકા બેહદ સ્વભાવરૂપ આત્મા, ઉસકા જિસકો પરિગ્રહ હૈ, ઉસકી જિસકો પકડ હૈ, વહ જિસકો દૃષ્ટિમેં આયા, ઉસે અન્ય પરમાણુમાત્ર દ્રવ્યકા સ્વીકાર નહીં. ઉસકો રજકણ ને રાગકા ભી સ્વીકાર નહીં. આહાહા! ભારે વાત ભાઈ! આવો ધર્મ!

ભગવાન! તેરા સ્વરૂપ હી ત્રિકાલ રાગ ને રજકણસે રહિત હૈ. ઐસી ચીજકી જિસને પકડ કી, ઉસ ચીજકા પરિગ્રહ (અર્થાત્) યે અપની ચીજ હૈ ઐસી પકડ કી, (અબ) ઉસકે સિવા રાગ ને રજકણકા અંશ સબ પરિગ્રહકા સ્વીકાર અર્થાત્ રાગકા ભી લોભ હૈ નહીં. વ્યવહાર દયા, દાન, ભક્તિ આદિકે પરિણામ ઉસકે પકડમેં નહીં હૈ. રાગ હૈ ન રાગ. સમજમેં આયા? **અન્ય પરમાણુમાત્ર દ્રવ્યકા સ્વીકાર...** આહાહા! ચાહે તો તીર્થંકરગોત્રકા ભાવ હો, ઉસકા સ્વીકાર ભી પરિગ્રહ હૈ. આહાહા! સમજમેં આયા? ધર્મીકો ઐસે પરિગ્રહકી બુદ્ધિ હોતી નહીં. આહાહા! ષોડશકારણ ભાવના–જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે ઉસકા ભી પરિગ્રહ ધર્મીકો હોતા નહીં ઔર સ્વીકાર નહીં. આહાહા! સમજમેં આયા?

પામરકો પ્રભુતાકી કિંમત નહીં. જિસકી પર્યાયમેં–અવસ્થામેં પામરતા (અર્થાત્) એક રાગ જરી હોતા હૈ તો સુખી હો જાતા હૈ, દ્વેષ હો જાતા હૈ તો આકુલતા આ જાતી હૈ. ઉસ ચીજસે રહિત ભગવાન આત્મા હૈ ત્રિકાલ. ઇસકા જિસકો પરિગ્રહ નહીં, ઉસકો રાગકા ને રજકણકી પકડ હૈ. વહ મિથ્યાદૃષ્ટિ હૈ. ઔર જિસકો ભગવાન આત્મા... ચાહે તો બાલ-ગોપાલ સ્ત્રી-પુરુષ આદિ શરીર હો, પણ અંદરમેં ભગવાન આત્મા પૂર્ણાનંદ ને પૂર્ણ જ્ઞાનસે ભરા હૈ. ઉસકા જિસકો પરિગ્રહ હુઆ, યે મૈં હૂં ઐસા પરિગ્રહ હુઆ, ઉસકો ઉસસે (-આત્માસે) રહિત રાગકા ભાગ કિ રજકણ આદિકા લોભ હોતા નહીં. પરિગ્રહ હી હોતા નહીં, ઉસકો સ્વીકાર્ય હી નહીં. આહાહા!

પૂર્ણાનંદકા નાથકા જહાં સ્વીકાર હૈ વહાં રાગકે અંશકા ભી સ્વીકાર નહીં. યે કિસકી બાત ચલતી હૈ? કેવલજ્ઞાનીકી? યહાં તો નીચલે દરજ્જેમેં (-ગુણસ્થાનમેં) ધર્મ હો ઉસકી બાત ચલતી હૈ. ધર્મ ઉસકો હોતા હૈ કિ અપના આત્મા પરિપૂર્ણ અનંત ગુણકા પિંડ જિસકો પરિગ્રહમેં 'મેરા હૈ' ઐસા ભાન હુઆ. ઉસકો ઉસ ચીજસે રહિત કોઈ ભી રાગકા અંશ કિ રજકણ હો, સબકા સ્વીકાર નહીં. અપના હૈ ઐસા માનતા નહીં. ધર્મીકો હોતા નહીં. આહાહા! ભારે ધર્મ ભાઈ! આવો મોંઘો. અમારે રહેવું આ બધામાં, બાયડી-છોકરામાં રહેવું, ધંધા-પાણી દુકાનમાં રહેવું આખો દિ', બંગડીબજારમાં બંગડી વેચવી. બંગડીબજારમાં છે? દુકાન ક્યાં છે? આહાહા! ભારે વાત ભાઈ!

એમાં વળી પૂર્વના પુણ્ય હોય અને પુણ્યથી લક્ષ્મી વધતી હોય... એ આવી ગયુંને. આહાહા! પાંચ કરોડના દસ કરોડ, દસ કરોડના અબજ. અબજના... જાણે ક્યાંય આપણે આકાશ ને પાતાળ બે ભેગા કરીએ છીએ. આહાહા! આ અમારા પાલેજવાળાને જુઓને! ઓલો છોકરો જુદો પડ્યો ત્યાં તેર લાખની ઉઘરાણી કરી. એવું સાંભળ્યું. નહીંતર કોઈ દિ' સાત-આઠ લાખથી વધારે ઉઘરાણી નહોતા દેતા. ..... આત્મામાં, એની ખબર નથી, એની ખબરું ન મળે. આહાહા!

**અન્ય પરમાણુમાત્ર દ્રવ્યકા સ્વીકાર વહ લોભ હૈ**. જુઓ! આહાહા! એક રાગનો અંશ જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય, એ ભાવનો પકડ એ પણ લોભ છે. આહાહા! એકાદ ભવ અનુકૂળ હોય તો હું દુનિયાનું કલ્યાણ કરું, ભલે એક ભવ વધે, પણ દુનિયાના કલ્યાણ કરું. મોટો લોભ છે અનંત. સમજમેં આયા? કૌન કરે કિસકા? તેરા તુમ કર સકતા નહીં ફિર શરીર આદિ પરકા (કૈસે) કર સકે? આહાહા! **ઇન ચારોં ભાવોંસે પરિમુક્ત**... એ ચાર ભાવ... ક્યા ચાર? ક્રોધ નહીં. મદ. મદ, માન માયા ને લોભ. અહીં ક્રોધ... એ આવી ગયું. મદ... મદ–મદન–વિષયની વાસનાની કામના, મદન–ભોગની વાસના.

મદન, માન, માયા ને લોભ ઉન **ચારોં ભાવોંસે રહિત શુદ્ધભાવ વહી ભાવશુદ્ધિ હૈ**. લ્યો. આહાહા! ભારે! આ બધું લશ્કર સાથે હોય એને છોડવું શી રીતે? એ તો સાથે હોયને બધું. ક્યાં તારી સાથે છે? સાંભળને માળા! તારી સાથે છે એ તો અનંતા ગુણનો પિંડ એ તું છો. એ તારી સાથે છે. રાગ ને રજકણ એ કાંઈ તારી સાથે નથી. ભિન્ન-ભિન્ન વર્તે છે, તારાથી ભિન્ન વર્તે છે. આહાહા! ભિન્ન વર્તે તેને મારા માનવા એનું નામ મિથ્યાત્વ ને ભ્રમણા છે. આહાહા! સમજમેં આયા? ભગવાન આત્મા, અતીન્દ્રિય આનંદકા સ્વરૂપ પ્રભુ આત્માકા હૈ. અતીન્દ્રિય આનંદ ઉસકી જિસકો પકડ હુઈ, ઉસકો અબ એક રાગકે અંશકી ભી પકડ નહીં, એમ કહતે હૈં. વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ આવે ઉસકી ભી પકડ નહીં ઉસકો, એમ કહતે હૈં. કહો, પંડિતજી! વ્યવહાર રત્નત્રય તો સાધન હૈ. સાધન-ફાધન હૈ નહીં. આહાહા!

**—ઇન ચારોં ભાવોંસે પરિમુક્ત (-રહિત)...** જિસકો મદ નહીં. અપને સ્વરૂપકે આનંદકે આગે પરકે ભોગકી વાસના-મદ કહાંસે હો? આહાહા! જહાં અમૃતકા સ્વાદ આયા... સમજમેં આયા? ઉસકો વિષયસુખકા જહર કૈસે રુચે? આહાહા! ઇસકો ધર્મીકો કહીયે, એમ કહતે હૈં યહાં. સમજમેં આયા? ધર્મી ઉસકો કહતે હૈં કિ જિસકો અપને અતીન્દ્રિય આનંદ ઉસકા સ્વાદ આયા, અનુભવમેં આયા આનંદમૂર્તિ પ્રભુ. આહાહા! અરે! અપને આનંદકે સ્વાદકે આગે ઇન્દ્રકા ઇન્દ્રાસન ભી સડા હુઆ કુત્તા ને મીંદડા... મીંદડા સમજે? બિલ્લી. ઐસે દિખે. ભલે ગૃહસ્થાશ્રમમેં પડા હો સમકિતી. સમજમેં આયા? કહો, કપુરભાઈ! આવી વાત છે. બહુ ઝીણું ભાઈ! ધર્મતત્ત્વ એવું ઝીણું છે. આહાહા!

અંદર બિરાજે અમૃતનો સાગર–અમૃતકા સાગર પ્રભુ, જેના આનંદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનના વિષય પણ ઝેર જેવા દેખાય. આહાહા! ઐસી ધર્મકી દૃષ્ટિ હુઈ ઉસકો ભાવશુદ્ધિ હોતી હૈ. કહો, સમજમેં આયા? ભાવ..... નહીં તો મૈલ હૈ. રાગ રુચે, વિષય રુચે, લોભ રુચે, વહ તો મૈલ હૈ. મૈલકી રુચિ હુઈ ઉસકો નિર્મલાનંદ ભગવાનકી રુચિ હટ ગઈ. આહાહા! સમજમેં આયા? ઔર જિસકો નિર્મલાનંદ ભગવાન ઉસકી રુચિ હુઈ ઉસકો મૈલકી રુચિ હોતી નહીં. **ઐસે ભવ્યજીવોકો...** ઐસે કહા કિસકો? ભવ્યજીવોંકો. કિસને કહા? **લોકાલોકદર્શી...** જેણે લોક અને અલોક ત્રણ કાળ ને ત્રણ લોક દેખ્યા. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ વીતરાગદેવ કેવલજ્ઞાની પરમાત્માને **ભવ્યજીવોંકો**.. ભવ્યજીવોકો ઐસા કહા હૈ એમ કહતે હૈં. આહાહા!

**પરમવીતરાગ સુખામૃતકે પાનસે પરિતૃપ્ત...** કૈસે હૈં અરિહંત ભગવાન? કિ પરમ વીતરાગ સુખામૃત, અપના જો પરમ વીતરાગ નિર્દોષ સુખકી જ્યોતિ અમૃત ઉસકે પાનસે, અપને આનંદકા પાન કરના ઉસસે પરિતૃપ્ત હૈ. આનંદકે પીનેસે, આનંદકે અનુભવસે પરિતૃપ્ત હૈ. આહાહા! કહો, સમજમેં આયા? ઐસે ભગવાનકો આહાર ને પાણી ને રોગ ઐસા હોતા નહીં. ઐસા ભગવાનને ભવ્યજીવકે લિયે કહા હૈ. આહાહા! જિસને લોકાલોક દેખા હૈ ઔર પરમ... ઇતના દેખા હૈ પણ સ્વયં ક્યા હૈં અંદરમેં? **પરમ વીતરાગકે સુખામૃતકે પાનસે પરિતૃપ્ત...** આહાહા! જહાં પૂર્ણ આનંદ પ્રગટ હુઆ વીતરાગ પરમાત્માકો... સમકિતીકો પરમાનંદકે ભાનમેં પરમાનંદકા અંશમેં સ્વાદ આતા હૈ તો ઉસકો રાગ ને રજકણકા ભી લોભ હોતા નહીં. આહાહા!

યે તો પરમ વીતરાગ હૈ. **પરમવીતરાગ સુખામૃતકે...** પરમવીતરાગ સુખરૂપી અમૃત. અપના નિર્દોષ વીતરાગ સુખરૂપી અમૃતકે પીનેમેં પરિતૃપ્ત... પરિતૃપ્ત.. ઓહોહો! ભાષા દેખો! ઐસા **અર્હંતભગવન્તોંને કહા હૈ.** ઐસા અરિહંત ભગવંતોને કહા હૈ ભવ્યજીવકે લિયે. અરે આત્મા! તેરેમેં તો પરમ આનંદ હૈ ન પ્રભુ! તું ભૂલ ગયા હૈ. તુજે તેરી ખબર નહીં. બહારમાં

ઝાંવા નાખે છે. પ્રસન્નતા, પરપદાર્થકો દેખકર તુજે પ્રસન્નતા હોતી હૈ તો તેરી અંતર પ્રસન્નતાકા નાશ હોતા હૈ. આહાહા! સમજમેં આયા?

ઐસા લોકાલોકદર્શી પરમવીતરાગ... **પરમવીતરાગ સુખામૃતકે પાનમેં પરિતૃપ્ત**... પાછા પરિતૃપ્ત, તૃપ્ત પણ નહીં. પરિતૃપ્ત... અંતર આનંદ.. આનંદ.. આનંદ.. અતીન્દ્રિય આનંદમેં, પૂર્ણ આનંદકે અનુભવમેં તૃપ્તિ–પરિતૃપ્ત હો ગયે હૈં. જુઓને! મુનિ પણ! 'આનંદથી પરિતૃપ્ત થયા' એ એનું વિશેષણ આપ્યું. એવા ભગવાન વીતરાગ પરમેશ્વર ઉસને લોકાલોક દેખા, અપને પરમાનંદકે અમૃતમેં અનુભવમેં પડા હૈ, ઐસે ભગવાનને ભવ્યજીવકે લિયે કહા. આહાહા! ભવ્યજીવકે લિયે કહા. જો જીવ લાયક હૈ ઉસકો કહા. ભગવાન! તેરા સ્વરૂપ ભી, મૈં પર્યાયમેં પૂર્ણ હુઆ ઐસા હી તેરા સ્વરૂપ હૈ. ઐસી દૃષ્ટિ કર ઔર ઉસકે આનંદકા અનુભવ કર. તો તુજે આનંદકે અનુભવકે આગે છોટામેં છોટા રાગકે કણકા ભી તુજે પ્રેમ રહેગા નહીં. આહાહા!

રજકણકા તો પ્રેમ રહેગા નહીં, પણ રાગકા પ્રેમ ભી તેરેમેં નહીં રહેગા, એમ કહતે હૈં. આહાહા! ભારે વાત કરી! નવરા ક્યાં થાય ધંધા આડે? આહાહા! બહારનો દેખાવ પણ આ ચુડેલ જેવો છેને. ચુડેલ જેવો દેખાવ, આમ ભડકી જાય એવું છે. સારું-સારું આમ લાગે બહારનું. માન, પૈસા, આબરૂ, કીર્તિ—ચુડેલના ઘર છે બધા. આહાહા! એ ભવ્યને માટે લોકાલોકદર્શીએ (કહ્યું), પરમવીતરાગ આનંદમેં તૃપ્ત–પરિતૃપ્ત પ્રભુને ભવ્ય જીવકો ઐસા કહા. હે ભવ્ય! તેરેમેં પરમ જ્ઞાન ને આનંદકા પુંજ હૈ. કર્તવ્ય તેરા હૈ ઉસકા સ્વીકાર કર ઔર રાગ ને રજકણકા સ્વીકાર છોડ દે. તો તેરા કલ્યાણ હોગા ને જન્મ-મરણ રહિત હોગા. આહાહા!

પહેલા જુવાની અવસ્થા હોય ત્યાં સુધી કરવું નહીં, પછી વૃદ્ધાવસ્થા થાય (ત્યારે) પછી કરીશું, એમ કહે છે. એય નવીનભાઈ! હમણા જોડી દીધા મજૂરીએ. હા, પાડે છે હોં. આહાહા! હમણાં કરી લો એકદમ. ..... કહેતા. નરોત્તમ.... મોહનભાઈ... હમણા આવ્યો હતો નહીં? એના સાળા .... ત્યારે આવ્યા હતા. તે દિ' એક ફેરી કહેતા હતા. ઘણાં વર્ષ પહેલા આવ્યા હતા. અત્યારે તો લક્ષ્મીની રેલ ચાલે છે. એ કરીને પછી બધી વાત. રળવાની રેલ ચાલે છે એમ કહેતા. આહાહા! મારી નાખે જગતને દુનિયાની મીઠાશ, ઝેરની મીઠાશ. આહાહા!

એ અરજણભાઈ કહેતા હતા પરમ દિ'. વાણંદ છેને. એક નાગણ... નાગણ આવડી છે નાગણી.. એનું ઓલું હોયને એમાં રહે. એ રહે ત્યાં ચારેકોર થોડી કાંકરી મૂકે આમ. આવડી આવડી કાંકરી. દર હોયને દર એની ચારેકોર કાંકરી મૂકે. એ જેને કરડે, એ જ્યાં સુધી બળવાની અગ્નિ ન દેખે ત્યાં સુધી અંદર ન ગરે, કહે. એ મરી ગયો કે નહીં? બળે છે કે નહીં? એમ. એમ કહેતા હતા. પરમ દિ' કહેતા હતા. ઘણી જાતના ઝેરી.. ઝેરી. આહાહા! ..... કાંકરી, દરની પાસે થોડી કાંકરી હોય. એ કાંકરીને ઓળંગીને કોઈ આઘે ન જાય અંદર. કોઈ આવે નહીં. આવ્યું

હોય તો કરડે. કરડે એટલે બળે ત્યારે એ અંદર ગરે. નહીંતર ઝટ અંદર ગરે નહીં. આહાહા! શું કહેવાય? એ કહેતા હતા ખરા પરમ દિ'. .... હા, એ નાનું બસ, આવડું નાનું. ........

ભગવાન અમૃતનો સાગર, આહાહા! જેની દૃષ્ટિ અને રુચિ કરે સંસાર ઝેર જેવો દેખાય, હવે એને બાળ્યે છૂટકો. આહાહા! આ તો પ્રથમ દરજ્જાની વાત ચાલે છે. કોઈ કહે, ઓલા ત્યાગી થાય... હવે સમજ્યા વિનાના શું ત્યાગી થાય? આહાહા! એ તો કહ્યુંને, પરિષહથી રહિત છે. **સમસ્ત પરિગ્રહકા પરિત્યાગ જિસકા લક્ષણ હૈ**... રાગ ને રજકણથી તો રહિત આત્માનું સ્વરૂપ છે. કોનો તારે ત્યાગ કરવો છે? આહાહા! સમજાણું કાંઈ? એથી તો રહિત જ છે. જેને તું છોડવા માગે એ ચીજથી તો રહિત આત્મા છે.

આત્માની જ્યાં દ્રષ્ટિ થઈ, આહાહા! પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાનનો પુંજ પ્રભુ ઐસી જહાં દૃષ્ટિ હુઈ, રાગ ને રજકણસે રહિત હૈ તો રાગ ને રજકણકા લોભ ઉસકો રહતા નહીં. આહાહા! ભારે વાત! યહાં તો સમ્યગ્દૃષ્ટિકી બાત ચલતી હૈ. સમ્યગ્દૃષ્ટિ ઐસે નહીં કિ ભગવાન સાચા એનું નામ સમકિતી.—એમ નહીં. દેવ-ગુરુકો માનતે હૈં તો સમકિત, વહ સમકિત નહીં. દેવ-ગુરુકી માન્યતા વહ તો રાગ હૈ, વહ સમ્યગ્દર્શન નહીં. સમ્યગ્દર્શન તો, ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન ને આનંદકા પિંડ પ્રભુ હૈ ઉસકે અંતરમેં સાવધાન હોકર સ્વીકાર હો, ઉસમેં પ્રતીતિ હો ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહા!

**[અબ ઇસ પરમ-આલોચના અધિકારકી અન્તિમ ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ નૌ શ્લોક કહતે હૈં :]** અગિયારમી ગાથાના નવ હતા, બારમાના નવ. વીતરાગભાવ વર્ણવવો છેને. આહાહા! ગાથા એક ને શ્લોક નવ. ૧૭૧.

**अथ जिनपतिमार्गालोचनाभेदजालं**
**परिहतपरभावो भव्यलोकः समन्तात् ।**
**तदखिलमवलोक्य स्वस्वरूपं च बुद्ध्वा**
**स भवति परमश्रीकामिनीकामरूपः ॥१७१॥**

જુઓ! અહીં ભવ્ય આવ્યું હોં. **भव्वाणं**.. શબ્દ પડ્યો છેને એમાં–મૂળ ગાથામાં–૧૧૨ના મૂળ શ્લોકમાં. **परिकहियं भव्वाणं लोयालोयप्पदरिसीहिं**.. એથી આ છેલ્લે ભવ શબ્દ નાખ્યો એમણે અને અહીં પણ ભવિ કાઢ્યું

**શ્લોકાર્થ : જો ભવ્ય લોક...** પાછો એક ભવ્ય નહીં, **ભવ્ય લોક (ભવ્યજનસમૂહ)...** લાયક જનનો સમૂહ છે. **જિનપતિકે માર્ગમેં કહે હુએ...** જિનપતિ વીતરાગ કેવળજ્ઞાની એના માર્ગમાં કહેલો... લ્યો, આમાં 'જિનપતિ' આવ્યું. અબજોપતિ, નૃપતિ, પતિનો પતિ, લક્ષ્મીપતિ ને કરોડપતિ. અહીં જિનપતિ આવ્યું. આહા! વીતરાગસ્વભાવના એ સ્વામી છે કહે છે. વીતરાગદેવ અપના પૂર્ણ વીતરાગસ્વભાવ ઉસકા સ્વામી હુઆ, પર્યાયમેં પૂર્ણ દશા પ્રગટ હો

ગઈ. આહાહા! **ભવ્ય લોક જિનપતિકે માર્ગમેં કહે હુએ**... વીતરાગ સિવાય કોઈ કહેતા હોય તો એ માર્ગ છે નહીં. સર્વજ્ઞ વીતરાગ સિવાય ધર્મનો પંથ ને માર્ગ ત્રણ કાલ, ત્રણ લોકમાં કોઈ હોતો નથી. આહાહા!

**જિનપતિકે માર્ગમેં**... એ જિનપતિનો માર્ગ કહે છે. આહાહા! **કહે હુએ સમસ્ત આલોચનાકે ભેદજાલકો દેખકર...** એટલે ભેદને જાણીને... આલોચના (આદિ) ચાર પ્રકારના કહ્યાને.. ભેદ છે એને દેખીને **તથા નિજ સ્વરૂપકો જાનકર...** આહાહા! આલોચના, આલુંછન વિગેરે એનું જ્ઞાન કરે. પછી નિજસ્વરૂપકો જાનકર... ભગવાન આત્મા નિજ–અપના નિજસ્વરૂપ, પૂર્ણ આનંદકા ધામ ઉસકો જાનકર... આહાહા! **સર્વ ઓરસે પરભાવકો છોડતા હૈ...** ચારોં બાજુસે... કોઈ વિકલ્પકા અંશ ભી રખતા નહીં. આહાહા! વ્યવહાર રત્નત્રયકા ભાવ ભી દૃષ્ટિમેંસે છોડતા હૈ એમ કહતે હૈં. આ ભવ્યજીવ.. આહાહા! જેને અલ્પકાળમાં મોક્ષની તૈયારી થઈ ગઈ હવે. સમજમેં આયા? એ સંસારનો સંકેલ થઈ ગયો હવે. આહાહા! સમજમેં આયા?

વીતરાગ પરમેશ્વરકે માર્ગમેં કહે હુએ સમસ્ત આલોચનાકે ભેદકો જાને. એ તો પર્યાયને જાણે એમ કહ્યું. (શ્રોતાઃ દ્રવ્ય નહીં જાનતે?) પણ ગ્રહે દ્રવ્ય. એ જાણે કોને આશ્રયે? કે નિજસ્વરૂપને આશ્રયે. આહાહા! અરે! જગતને ધર્મની ચીજ શું છે–ક્યા હૈ વહ કાનમેં પડી નહીં. ઐસા દયા કરો ને વ્રત કરો ને તપ કરો ને જાત્રા કરો, ધર્મ હોગા. ધૂલમેં ભી ધર્મ નહીં. સમજમેં આયા? જિનપતિકે માર્ગમેં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમેં કહે હુએ... આહાહા! આલોચનાના ભેદને જાણીને...

**નિજસ્વરૂપકો જાનકર**... ભગવાન આત્મા અપના અનંત ગુણ શુદ્ધસ્વરૂપ ઐસા અપના સ્વરૂપ ઉસકો જાનકર... લો! **સર્વ ઓરસે પરભાવકો છોડતા હૈ**... જહાં અપના નિજસ્વરૂપકા ગ્રહણ હુઆ, રાગ ને રજકણ સબ છૂટ ગયા દૃષ્ટિમેંસે. વહ ઉસમેં ભલે હો, રાગ રાગમેં હો, રજકણ રજકણમેં હો. અપના પરિગ્રહ(પના) દૃષ્ટિ ને બુદ્ધિસે છૂટ ગયા. આહાહા! **નિજસ્વરૂપકો જાનકર સર્વ ઓરસે**... **વહ**... જિસ ભવ્ય પ્રાણીને, અપના નિજ પૂર્ણાનંદ ને અનંત જ્ઞાન ને અનંત આનંદ, અનંત-અનંત–બેહદ શાંતિકા રસકા કંદ પ્રભુ ઉસકો જિસને જાના, ઉસકો રાગ ને રજકણકી બુદ્ધિ રહતી નહીં.

**સર્વ ઓરસે પરભાવકો** છોડકર... અપને સમ્યગ્જ્ઞાનમેં સમ્યક્ ચૈતન્ય નિજસ્વરૂપકા ભાન ને પ્રતીત હુઈ, સબ ભાવ છૂટ ગયા. પર્યાયમેં હોને પર ભી દૃષ્ટિમેંસે સબ છૂટ ગયા, આહાહા! એમ કહતે હૈં. ઉસકી પર્યાયમેં નહીં, એમ. સમજમેં આયા? સમ્યગ્દર્શન હોતે... ચોથું ગુણસ્થાન હજી... આહાહા! અવિરત સમ્યગ્દૃષ્ટિ ઉસકો નિજસ્વરૂપકા ભાન ને પ્રતીત હુઆ, તો કહતે હૈં, પરભાવ છૂટ ગયા. અપની પર્યાયમેં ઉસકા આશ્રય ન રહા. પર્યાયકા આશ્રય તો દ્રવ્ય રહા.

વહ પ્રાણી... આહાહા! **વહ પરમશ્રીરૂપી કામિનીકા વલ્લભ હોતા હૈ...** વહ પ્રાણી અલ્પ કાલમેં મુક્તિરૂપી સ્ત્રી ઉસકા વલ્લભ (હોતા હૈ). મુક્તિરૂપી પરિણતિ ઉસકો નહીં છોડેગી અબ. આહાહા! સમજમેં આયા? પરમશ્રીરૂપી–પરમલક્ષ્મીરૂપી કામિની... મોક્ષરૂપી પરમકામિની નામ અવસ્થા ઉસકા વલ્લભ હોતા હૈ. વહ પરિણતિ ઉસકી હો જાયેગી એમ કહતે હૈં. પરિણતિ વલ્લભરૂપ હો જાયેગી, દૂર નહીં રહેગી. આહાહા! અરે! જૈનમેં પડે ઉસને ઐસી બાત સુની નહીં. હમ જૈન હૈં. વહ કહે હમ સ્થાનકવાસી, ઓલા કહે દેરાવાસી, આ કહે દિગંબર. ક્યા કહના હૈ જૈનમેં ઉસકી ખબર નહીં. સમજમેં આયા? જૈન કોઈ સંપ્રદાય નહીં હૈ. જૈન તો વસ્તુકા સ્વરૂપ હૈ. સ્વરૂપકી દૃષ્ટિ હો તબ જૈન હોતા હૈ. સમજમેં આયા?

જો જૈન હૈ ઔર હુઆ, (વહ) મોક્ષરૂપી લક્ષ્મીકા અલ્પ કાલમેં વલ્લભ હોગા. આહાહા! મોક્ષકી તૈયારી હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? મુક્તસ્વરૂપ ભગવાન, ત્રિકાલ મુક્તસ્વરૂપ આત્મા ઉસકા જહાં સ્વીકાર ને આદર હુઆ, પરભાવ સબ દૃષ્ટિમેંસે છૂટ ગયા. ઉસકી પર્યાયમેં અલ્પકાલમેં મુક્તિ હોગી એમ કહતે હૈં. ઇસ માર્ગસે હોગી. દૂસરા કોઈ વ્યવહાર કરતે-કરતે, રાગ કરતે, પુણ્ય કરતે-કરતે મુક્તિ હોગી ઐસા હૈ નહીં. સમજમેં આયા? આહાહા! એક-એક કળશ, એક-એક ગાથા ગજબ છે! **(અર્થાત્ મુક્તિસુંદરીકા પતિ હોતા હૈ).** લ્યો પતિ તો પાછું આવ્યુંને. ત્યાં જિનપતિ, આ મુક્તિસુંદરીનો પતિ. આહાહા! ૧૭૧ હુઆ. ૧૭૨.

**आलोचना सततशुद्धनयात्मिका या**
**निर्मुक्तिमार्गफलदा यमिनामजस्त्रम् ।**
**शुद्धात्मतत्त्वनियताचरणानुरूपा**
**स्यात्संयतस्य मम सा किल कामधेनुः ॥ १७२ ॥**

આહાહા! **શ્લોકાર્થ : સંયમિયોંકો સદા મોક્ષમાર્ગકા ફલ દેનેવાલી...** કહતે હૈં, સમ્યગ્દૃષ્ટિ ઉપરાંત જિસને આત્મામેં લીનતા, ચારિત્ર–લીનતા પ્રગટ કિયા હૈ વહ સંયમ. બાહ્યકી નગ્નદશા ને પંચમહાવ્રતકા પરિણામ વહ સંયમ નહીં. અપને આત્મામેં સુંદર આનંદમૂર્તિકા ભાન કરકે ઉસમેં લીન હોતે હૈં, રમણતા કરતે હૈં, ઐસે **સંયમીયોંકો સદા મોક્ષમાર્ગકા ફલ દેનેવાલી તથા શુદ્ધ આત્મતત્ત્વમેં નિયત આચરણકે અનુરૂપ... (નિયત) = નિશ્ચિત, દ્રઢ. (આચરણ શુદ્ધ આત્મતત્ત્વકે આશ્રિત હોતા હૈ)**. નિર્મલ આચરણ તો વીતરાગી શુદ્ધ આત્માકે આશ્રયસે હોતા હૈ. કોઈ વિકલ્પ ને વ્યવહારસે હોતા નહીં. આહાહા! શુદ્ધ પૂર્ણ પરમાત્મા અપના સ્વરૂપ, ઉસકે આશ્રયસે શુદ્ધતા હોતી હૈ. સમજમેં આયા?

**શુદ્ધ આત્મતત્ત્વમેં નિયત આચરણકે અનુરૂપ ઐસી જો નિરંતર શુદ્ધનયાત્મક આલોચના...** યહાં તો પર્યાયકો .... આલોચના.... નિર્મલદશા સંવર ને નિર્જરારૂપ દશા, મુક્તિકે કારણરૂપ પવિત્ર પરિણતિ વહ શુદ્ધનયસ્વરૂપ... શુદ્ધનયસ્વરૂપ... શુદ્ધનયનો વિષય પણ નહીં,

એમ પાછું. **નિરંતર શુદ્ધનયાત્મક આલોચના**... મુનિ પોતે પોતાની વાત કરીને વસ્તુનું સ્વરૂપ બતાવે છે. ઓહો! મેરા ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ ઉસકી ભાવશુદ્ધિ મૈંને કી. આહાહા!

મોક્ષમાર્ગકા ફલ દેનેવાલી શુદ્ધ આત્મતત્ત્વ **અનુરૂપ નિરંતર શુદ્ધનયાત્મક આલોચના**... નિરંતર આત્માકે પરમાનંદમેં આશ્રય કિયા હૈ. એક સમયકા ભી અંતર હૈ નહીં. આહાહા! આવો કેવો માર્ગ છે? ઇસમેં વ્યવહાર તો કુછ આતા હી નહીં, જાત્રા કરના, પૂજા કરના. વહ બીચમેં શુભભાવ આતા હૈ વહ બંધકા કારણ હૈ. અશુભસે બચનેકો (આતા) હૈ, પણ વહ ધર્મ નહીં. સમજમેં આયા? જિનપતિકે માર્ગકા વહ માર્ગ નહીં. એ હસમુખભાઈ! નિરંતર શુદ્ધનયસ્વરૂપ, એમ કહતે હૈં. ત્રિકાલી પરમાત્મા પૂર્ણ સ્વરૂપ ઉસકે આશ્રયસે પ્રગટ હુઈ વીતરાગી નિર્મલદશા પરિણતિ વહ શુદ્ધનયસ્વરૂપ આલોચના.

**વહ મુજે સંયમીકો**... મુજે સંયમીકો **વાસ્તવમેં કામધેનુરૂપ હો.** આહા! કામધેનુ ગાય હોતી હૈ ન. જ્યારે દોહે ત્યારે દૂધ આપે. જબ ચાહો તબ દૂધ દે. ઐસે મેરી આલોચના કામધેનુ ગાય હૈ. હૈ? આલોચના હોં. અંતર પરમાનંદસ્વરૂપ ભગવાન ઉસકે આશ્રયસે હુઈ ભાવશુદ્ધિ વહ મેરી કામધેનુ ગાય હૈ. ક્ષણે-ક્ષણે આનંદ દેતી હૈ. ચોવીસ કલાક આનંદ આપે. કામધેનુ ગાય જ્યારે જોઈએ ત્યારે દૂધ આપે. સવારના ચા કરવી હોય તો સવારે દૂધ આપે અને બપોરે કહો તો ન આપે એમ નહીં.

ત્યાં હતીને? વઢવાણમાં હતી દાદભાને ત્યાં. દાદભાને ત્યાં હતી કામધેનુ ગાય. ચુનીભાઈને ત્યાં. ચંપકલાલ ચુનીલાલ... કામધેનુ ગાય હતી વઢવાણમાં. જ્યારે જોઈએ ત્યારે દૂધ આપે. એ ગાય હતી એવી. કામધેનુ હતી. એ તો ધૂળના દૂધને આપે, કહે છે. આ આલોચના તો આનંદના દૂધને આપનારી છે. આહાહા! નિરંતર શુદ્ધનયસ્વરૂપ આલોચના **મુજે સંયમીકો વાસ્તવમેં કામધેનુરૂપ હો**. જ્યારે જ્યારે માગું ત્યારે આનંદ મને મળે, ઐસી આલોચના હૈ મેરી, એમ કહતે હૈં. વિશેષ બાત કહેંગે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો વદ ૩, બુધવાર, તા. ૨૫-૧૦-૧૯૭૨
## શ્લોક-૧૭૩-૧૭૫, પ્રવચન નં. ૧૨૯

૧૭૩ કળશ છે. નિયમસાર, પરમ આલોચના અધિકાર, એનો ૧૭૩ કળશ છે.

**शुद्धं तत्त्वं बुद्धलोकत्रयं यद्**
**बुद्ध्वा बुद्ध्वा निर्विकल्पं मुमुक्षुः ।**
**तत्सिद्ध्यर्थं शुद्धशीलं चरित्वा**
**सिद्धिं यायात् सिद्धिसीमन्तिनीशः ॥१७३॥**

ભગવાન સંતો જગતના પ્રાણીને કરુણાથી કહે છે કે હે આત્મા! તું તો ત્રણ લોકને જાણનાર છો. (શ્રોતા: ક્યારે?) અત્યારે જ. અમરચંદભાઈ! ક્યારે? જાણનાર છે, એનો સ્વભાવ તો જાણવું છે. જાણવું (સ્વભાવ છે) પછી એ કોને ન જાણે? કોને એ બાદ કરે? બધાને–ત્રણ કાળ, (ત્રણ લોક)ને જાણવાનો સ્વભાવ છે. અહીં તો એમ કહે છે કે રાગાદિ કરવાનો તારો સ્વભાવ નથી, પણ ત્રણ કાળને જાણવાનો તારો સ્વભાવ છે. આહા!

**શ્લોકાર્થ : મુમુક્ષુ જીવ ત્રણ લોકને જાણનારા નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વને બરાબર જાણીને...** પાઠમાં એમ છેને **बुद्ध्वा बुद्ध्वा**.. એટલે **बुद्ध्वा बुद्ध्वा**નો અર્થ કર્યો કે બરાબર જાણીને. આ ભગવાન આત્મા અંદર જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ પ્રભુ છે. એ તો ત્રણ લોકને, સ્વને, રાગને, પરને—બધાને જાણવાના સ્વભાવવાળું જ તત્ત્વ છે. કોઈનું કરે કે કોઈને કરે એવો એનો સ્વભાવ નથી. કહે છે કે એવું નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વ... નિર્વિકલ્પ નામ જેમાં ભેદ નથી. તો એ (કેવળી આટલું જ) જાણે ને વળી (પુરું) ન જાણે અને જાણે તો વળી રાગવાળા (હોય) એવું કાંઈ છે નહીં. **નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વ...** અભેદ રાગ વિનાનું આત્મતત્ત્વ ચિદાનંદ પરમાત્મા પોતાનો નિજ સ્વભાવ.

નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વને મુમુક્ષુ જીવે (એટલે) હિતના કામીએ–મોક્ષના અભિલાષીએ એ તત્ત્વને બરાબર જાણીને... જેવી વસ્તુ છે, સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ જેવો આત્મા છે એવો કહે છે, એ તો શરીર, વાણી, કર્મ વિનાનો આત્મા છે, પુણ્ય-પાપના રાગ વિનાનો આત્મા છે અને ખરેખર તો એક સમયની પર્યાયમાં એ ત્રિકાળી તત્ત્વ આવતું નથી. ધ્રુવ નિત્ય રહેનારું છેને. ભગવાન આત્મા નિત્ય છેને. આદિ નહીં, અંત નહીં, એવું તત્ત્વ અંદર નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વ છે. એને બરાબર જાણીને... આહાહા!

એવો ભગવાન આત્મા એને બરાબર પર્યાયમાં, જેવો છે તેવો જાણીને **તેની સિદ્ધિને અર્થે...** પહેલું જ્ઞાન ને દર્શન કહ્યું. ઝીણી વાત છે ભાઈ! બહારની આ પ્રવૃત્તિ ને સંપ્રદાયની

શૈલીથી વીતરાગમાર્ગ જુદી જાતનો છે. ચૈતન્ય ભગવાન એકલો જ્ઞાનનો પુંજ છે. એ તો ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવો એનો સ્વભાવ છે. એવા તત્ત્વને બરાબર જાણીને... એ જાણનાર-દેખનાર જ છે એવો અનુભવ શ્રદ્ધા-જ્ઞાનમાં કરીને, એની સિદ્ધિને અર્થે (એટલે) એની આત્માની પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિને અર્થે, **શુદ્ધ શીલને (ચારિત્રને) આચરીને...** અંતર સ્વરૂપમાં ચારિત્ર એટલે રમણતા... જે આનંદ ને જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા છે એને જાણી, શ્રદ્ધી (અને) મુક્તિને માટે એમાં ચારિત્રનું આચરણ કરીને... સ્વરૂપમાં રમણતા કરવી એ ચારિત્ર છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

**તેની સિદ્ધિને અર્થે**... જેવો એ ભગવાન (આત્મા) જ્ઞાનમૂર્તિ પ્રભુ નિર્વિકલ્પ શુદ્ધ તત્ત્વ છે તેને તે રીતે અંતર્મુખ થઈને જાણીને... બરાબર જાણીને એટલે કે જેવો છે તેવો સમ્યગ્જ્ઞાનમાં યથાર્થ રીતે અંતર જાણીને, એની પ્રાપ્તિને માટે–પૂર્ણ દશાની પ્રાપ્તિને માટે સ્વરૂપમાં ઠરવું, આનંદમૂર્તિ ભગવાન આત્મા એમાં રમણતા કરવી એ ચારિત્ર. આહાહા! એવા **શુદ્ધ શીલને આચરીને**... શીલ એટલે ચારિત્ર. આહાહા! આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા એમાં રમણતા... ચારિત્ર, શીલ નામ રમણતા... જે રાગમાં ને પુણ્યમાં ને પાપમાં અનાદિથી રમે છે, શુભ-અશુભ રાગમાં રમે છે એ પાપ છે, એ દુઃખ છે, એ સંસારની સિદ્ધિને માટે છે, સંસારની પ્રાપ્તિ–રખડવા માટે છે. આહાહા! શુભ ને અશુભ રાગ, પુણ્ય ને પાપના ભાવ બેય સંસારની સિદ્ધિને માટે છે. સંસારની પ્રાપ્તિ–રખડવા માટે છે. મુમુક્ષુ કહ્યા છેને પહેલાં.

પોતાની પૂર્ણ નિર્મળદશાની પ્રાપ્તિની ઇચ્છાવાળો મુમુક્ષુ વાસ્તવિક ભગવાન જ્ઞાનાનંદના સ્વરૂપમાં અંતર્મુખ થઈને જાણીને, પછી અંતરમાં લીન થવાને, મુક્તિ થવા માટે અંતરમાં લીન થવાને, લીન થવાનું આચરણ કરીને **સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે...** એ જીવ મુક્તિરૂપી પોતાની પરિણતિ–અવસ્થા, મોક્ષદશારૂપી પોતાની અવસ્થા, એનો એ સ્વામી થાય છે. કહો, ભગવાનજીભાઈ! આહાહા!

શ્રોતા : અહીં સ્વામી એટલે .....

પૂજ્ય ગુરુદેવશ્રી : એ તો ઉપમા આપી છે. જેમ આ સ્ત્રીનો સ્વામી પતિ કહેવાય છે, એમ આત્મા ભગવાનસ્વરૂપ એવા ભગવાનને આરાધીને–સેવીને, અંતરમાં લીનતા કરીને મુક્તિરૂપી પરિણતિ–અવસ્થા એને અહીંયા સ્ત્રી ગણીને એનો એ વલ્લભ થાય છે, એટલે એ નિર્મળ પરિણતિ કોઈ દિ' એને છોડશે નહીં. એ દશા પ્રગટ થઈ એ થઈ. સમજાણું કાંઈ?

આરે, ધર્મની વાતું આખી બીજી જાતની. ઓલા કહે, વ્રત પાળવા, અપવાસ કરવા, જાત્રા કરવા ને ભક્તિ કરવી, એ ઝટ સમજાય. એ તો બધી વાતું રાગની છે, સાંભળને! એ તો પાપથી બચવાનો ભાવ હોય, અશુભ ચારિત્રનું પાપ હોં, એવા અશુભથી બચવાનો ભાવ હોય તો એ શુભ હો, પણ એ ધર્મ નથી. જેનાથી જન્મ-મરણ ટળે અને જેનાથી મુક્તિ મળે એ ચીજ

તો, અંતર સ્વરૂપ છે એને જાણીને ઠરવું અંદર એ મુક્તિનો ઉપાય છે. કહો, સમજાય છે કાંઈ? આગળ કહેશે. એ સતત સુલભ છે. ભાઈ! પણ તું દુર્લભ માની બેઠો છો પોતે અંતર. આહાહા! પોતાની ચીજ પોતાને દુર્લભ કેમ હોય? જે સ્વરૂપે છે... આ દેહ તો બધા હાડકા, માંસ, જડ, ધૂળ છે, કર્મ ધૂળ છે, પુણ્ય ને પાપના ભાવ મેલ, દુઃખ છે. એને પોતાના કરવા એ દુર્લભ છે. કેમકે પરવસ્તુ પોતાની થઈ શકે નહીં, પણ પોતે જે રીતે છે એ રીતે પ્રાપ્તિ કરવી એ તો સતત સહજ–સુલભ છે. પંડિતજી! આહાહા!

ભગવાન! અહીં તો ભગવાન તરીકે જ બોલાવ્યા છે બધાને. ભગવાન છો ભાઈ! તને ખબર નથી. તારી ચીજ છે એ તો ભગવાનસ્વરૂપ જ છે. આહાહા! એનું એન્લાર્જ કરવાનું છે. એની એકાગ્રતા કરતાં વર્તમાન પર્યાય–અવસ્થામાં પરમાત્મ થાય એને સિદ્ધ કહેવામાં આવે છે. આહાહા! કહે છે કે એ ત્રણ વાત લીધી દર્શન-જ્ઞાન-ચારિત્રની. નિયમસાર છેને. નિયમસાર એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહેવું કોને? કે ભગવાન આત્મા એકલો જ્ઞાનપુંજ, ત્રણ કાળ ત્રણ લોકને જાણવાના સ્વભાવનું સત્ત્વ, એને જાણીને ઠરવું. એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી ગયા. સમજાણું કાંઈ? આવી હોય? ધર્મદેશના જુદી જાતની છે. કંદમૂળ ન ખાવા, રાત્રે ચોવિહાર કરવો એવી વાતું... એ તો રાગની મંદતાના કાળમાં એવી વાત હોય જરી કે આ ન હોય. એ ચીજ મૂળની ચીજ નથી. સમજાણું કાંઈ?

મૂળ ચીજ તો સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ, આહાહા! સાક્ષાત્ અંદર સ્વરૂપ, ભગવાનનું સ્વરૂપ જ તું છો. તારું સત્ત્વ, તારો સ્વભાવ, તારી શક્તિ, તારું તત્ત્વ ભગવાનથી ઉપર છે. એક સમયના રાગને છોડી દે લક્ષમાંથી. એક સમયની પર્યાય પણ દૃષ્ટિમાંથી છૂટતાં આખું સત્ત્વ પૂર્ણાનંદથી ભરેલું છે. એવડો, એ તું છો. આહાહા! એને અંદરમાં જાણીને, એની સિદ્ધિને અર્થે એટલે આત્માની પ્રાપ્તિ–પૂર્ણ પ્રાપ્તિને અર્થે શુદ્ધ શીલને આચરીને... આહાહા! શુદ્ધ ભગવાન આનંદસ્વરૂપ એમાં ઠરવું એ ચારિત્ર. ચારિત્ર કોઈ ક્રિયાકાંડ આ ને આ એ ચારિત્ર નહીં. સ્વરૂપની ધ્રુવતામાં ઠરવું, ભગવાન નિત્યાનંદ પ્રભુ નિત્યતત્ત્વ આખું અવિનાશી અનાદિ-અનંત એમાં જાણીને ઠરવું એ ચારિત્ર છે. આહાહા!

એ મુક્તિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે એટલે કે એને મોક્ષરૂપી દશા પ્રગટ થાય છે અને એનો સ્વામી કાયમ રહે છે. જે દશા પ્રગટી એ પ્રગટી એ કાયમ રહેવાની છે. આહાહા! જુદી જાતની વાત છે. અજાણ્યો માણસ હોયને (એને એમ લાગે કે) આવો માર્ગ કેવો હશે? આપણો આ જૈનમાર્ગ હશે? આહાહા! જૈનમાં એમ કે આઠમના અપવાસ કરવા, પૂનમના કે ચૌદસના અપવાસ કરવા, જાત્રા કરવી, કંદમૂળ ન ખાવું, ભગવાનના દર્શન કરવા, લ્યો એવું બધું આવે. એ તો બધી શુભ વિકલ્પની વાતું છે, પુણ્યની વાત છે. સમજાય છે કાંઈ?

ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ, એ જ્ઞાન છે એ કોને ગ્રહે ને કોને છોડે? એ તો જ્ઞાનસ્વરૂપી છે પ્રભુ આત્મા અંદર ચૈતન્યપુંજ એનો સૂર્ય. આ સૂર્ય પરમાણુનો પુંજ છે, આ ભગવાન (આત્મા) જ્ઞાનનો પુંજ છે આત્મા ચૈતન્યપુંજ. આ કોઈ દિ' સાંભળ્યું ન હોય. .... હશે ક્યાં? આહાહા! બીડી વિના ચાલે નહીં, તમાકુ વિના ચાલે નહીં, બે બીડીયું પીવે ત્યારે તો એને દસ્ત ઉતરે પાયખાનામાં. આવા જેને લક્ષણ હોય એને એમ કહેવું કે આવો તું છો. (પર્યાયમાં) ગમે એવો હોય પણ છો તો આવો, લે! તારી પર્યાયમાં ગમે તે જાત હોય, પણ વસ્તુ તો છે એ છે. ભગવાનસ્વરૂપી પ્રભુ છે. કહો, ભીખાભાઈ! આહાહા!

આ દેહાદિનું લક્ષ છોડી દે એકવાર. આ તો માટી, જડ છે. અંદર જ્ઞાનાવરણીય (આદિ) કર્મ જે છે એ જડ છે, અજીવ છે. એ કાંઈ તું નથી, તારામાં નથી, તારે લઈને નથી. એમાં કાંઈ પુણ્ય ને પાપનો ભાવ થાય શુભ-અશુભરાગ એ વિકાર છે, દોષ છે, વિભાવ છે, અધર્મ છે. એનાથી ભિન્ન ભગવાન આત્મા અંદર જ્ઞાનસ્વરૂપે ચૈતન્યબિંબ બિરાજે છે. એને જાણીને ઠર, તને મુક્તિ થશે, ચોક્કસ થશે. આહાહા! સમજાણું કાંઈ? એ ૧૭૩ શ્લોક પૂરો થયો. ૧૭૪.

**सानन्दं तत्त्वमज्जज्जिनमुनिहृदयाम्भोजकिंजल्कमध्ये**
**निर्व्याबाधं विशुद्धं स्मरशरगहनानीकदावाग्निरुपम् ।**
**शुद्धज्ञानप्रदीपप्रहतयमिमनोगेहघोरान्धकारं**
**तद्वन्दे साधुवन्द्यं जननजलनिधौ लंघने यानपात्रम् ॥१७४॥**

આહાહા! કળશમાં એકલા અમૃત ભર્યા છે. કહે છે, **શ્લોકાર્થ : તત્ત્વમાં મગ્ન એવા જિનમુનિના હૃદયકમળના કેસરમાં જે આનંદ સહિત બિરાજમાન છે...** આહાહા! કેવો છે ભગવાન આત્મા અંદર? કે જેની અંતરમાં દૃષ્ટિ અને સ્થિરતા થઈ એવા સંતોના જ્ઞાનમાં હૃદયકમળના કેસર... આહાહા! કમળમાં કેસર હોય છેને એનું કસ. ઝીણી તાણાવાણા મૂક્યા હોય છે કમળમાં. એમ આ વીતરાગી સંતો–વીતરાગી મુનિઓ કે જેનું ઠરવું જેમાં છે, એ ચીજમાં મગ્ન **એવા જિનમુનિના હૃદયકમળના કેસરમાં...** એના જ્ઞાનના સારમાં 'અંતરમાં આનંદમાં બિરાજમાન આત્મા છે' એમ દેખાય છે, એમ કહે છે. આહાહા! ઓલામાં પહેલું જ્ઞાન કહ્યું હતું, આમાં આનંદ લીધો છે. અતીન્દ્રિય આનંદ હોં. આ ઇન્દ્રિયોના સુખ તો અજ્ઞાનીઓની કલ્પના છે. ધૂળમાંય સુખ નથી ક્યાંય. આહાહા! સમજાણું કાંઈ?

પાંચ ઇન્દ્રિયના વિષયો, તેમાં (સુખની) કલ્પના એ તો દુઃખ છે, કષાયની અગ્નિ ભઠ્ઠી છે. ભગવાન આત્મા અંતરમાં અતીન્દ્રિય આનંદ સહિત બિરાજમાન છે. પણ કોને બિરાજમાન છે? કીધું. છે તો ખરો, પણ જેની અંતર્દૃષ્ટિ અને સ્થિરતા થઈ છે એને 'આનંદ સહિત બિરાજમાન આત્મા છે' એમ ભાસે છે. કોને આ વાત કરે છે? ચોથા આરાના જીવને આ વાત કરે છે? આ તો પાંચમા આરાના જીવને વાત છે. કહેનાર પણ પાંચમા આરાના મુનિ છે અને

કહે છે પાંચમા આરાના જીવને. એમ ભૂલી જા તું. એમ ન માન કે હું પામર છું. અરે! મારે આના વિના ચાલે નહીં, આના વિના ચાલે નહીં.

ભગવાન! તેં તો અનાદિથી પુણ્ય-પાપના રાગ વિના રોળવ્યું છે. 'રોળવ્યું' સમજાય છે? પુણ્ય-પાપ વિના તેં ચલવ્યું છે (કેમકે) તારી ચીજમાં પુણ્ય-પાપ નથી. આહાહા! કહો, સમજાય છે કાંઈ? પુણ્ય ને પાપના રાગ વિના જ તારું ટકવું બન્યું છે. શરીર-વાણીથી રહિત જ છે. આ તો માટી, જડ, જગતની ધૂળ છે. આહાહા! માટીના પરપોટા થયા, એ પાછા માટીમાં સમાઈ જાશે. આ કાંઈ આત્મા નથી. ભગવાન આત્મા એના જ્ઞાનમાં બિરાજે છે. છે તો ત્રિકાળી, પણ જેની દૃષ્ટિ તે તરફ ગઈ અને જેનું ઠરવું એમાં થયું-રહ્યું, એના જ્ઞાનમાં બિરાજમાન છે. કહો, નેમિદાસભાઈ! નેમિદાસભાઈને આજ મેળ ખાઈ ગયો. મેં કીધું, કાલ એવું હતું તો આવ્યા શું કરવા? ત્યાં તો રોતા હતા હજી ઝાલ્યા ત્યાં તો.... હવે અહીં અત્યારે ભૂલી ગયા, દિવસ ભૂલી ગયા.

શું હશે આ? જગતની મોહજાળ. અહીં તો કહે છે, મોહજાળ વિનાનું તારું તત્ત્વ છે અંદર. આહાહા! ભાઈ! તને ખબર નથી. તું કેવડો અને ક્યાં, કેમ છે તેની તને ખબર નથી. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ અરિહંત પરમાત્મા જગતને ફરમાવે છે, જાહેર કરે છે. જાહેર થાઓ કે જેના જ્ઞાન ને સ્થિરતામાં ભગવાન બિરાજે છે એમ જાહેર થાઓ. સમજાણું કાંઈ? આહાહા! સ્ત્રી ને પુરુષ ને પાવૈયાના શરીર ને ઢોરના શરીર ન જો. એ તો જગતના જડની બધી રચના છે. જડની રચના એ ચૈતન્યની નહીં. આહાહા! સમજાણું કાંઈ? અરે! આવો મનુષ્યભવ મળ્યો એમાં જો કરવાનું હોય તો આ છે હોં પ્રભુ! આહાહા! એમ કહે છે. બાકી તો બધા ચૂંથણા અનંતકાળથી ચૂંથ્યા. આહાહા! પાપ ને પુણ્ય કરી-કરી ચોરાશીના અવતારમાં રખડી રખડીને રહ્યો છે. ક્યાંય પાર ન મળે. આહાહા!

ઓલા કંચનબેન રોતા હતા. ખબર છે? એ બા! એ બા! એમ કરતા હતા. ..... આ ચોથની રાત હતી લ્યો. ... પછી ફરી ગયા હતા. હે બા! ઓલું કેન્સર થયેલુંને. બંગલા–હજીરા ત્રણ હતા મોટા. અઢી-અઢી લાખના બંગલા ને પાંચ-સાત લાખ રૂપિયા. બે જણા હતા..... કાંઈ કોઈ શરણ નથી. ધૂળેય શરણ નથી. ત્યાં ક્યાં ઝાંવા નાખે છે? જ્યાં જાવું જોઈએ ત્યાં જાતો નથી અને ન જાવું જોઈએ ત્યાં રખડે છે. ભગવાનજીભાઈ! અહીં તો આ વાત છે. આહાહા! જે વસ્તુ અંદર તત્ત્વ આનંદમૂર્તિ પ્રભુ છે એ તો આદિ-અંત વિનાની ચીજ છે. વસ્તુ છે એની આદિ હોય? એ તો છે, છે ને છે. છે એનો કોઈ દિ' અંત–નાશ હોય ભવિષ્યમાં? એ તો સત્ છે. એવું આ જે તત્ત્વ ભગવાન અંદર એમાં જેની મગ્નતા છે, એની સન્મુખતા જેને છે, એવા જિનમુનિ... એ વીતરાગ મુનિઓને હોય છે. વીતરાગ સિવાય અન્યમતિમાં આ વસ્તુ હોઈ શકે નહીં ત્રણ કાળ, ત્રણ લોકમાં. સમજાણું કાંઈ?

એમ કહ્યું કે નહીં? શેઠ સાહુજી કહેતા હતા કે ઓલામાં (પણ) કાંઈક છે ભાઈ? અજૈનમાં પણ જ્ઞાન, ધ્યાન છે. ૪૦ કરોડ રૂપિયા. લોકો તો અંજાઈ જાય, ૪૦ કરોડ સાંભળે ત્યાં. અરે! ધૂળમાં શું હતા તારા ૪૦ કરોડ? એક ફેરી કહે કે અન્યમાં પણ કાંઈક ધ્યાન છે. ધૂળેય નથી ધ્યાન. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો એ વાત બીજે ક્યાંય છે જ નહીં. એમાં લીનતાનું ધ્યાન, એ જેણે આત્મા એવડો હોય એમ જાણ્યું એને લીનતા હોય. એવડો આત્મા જાણ્યા વિના એના ધ્યાન હોય (નહીં). અજૈનમાં પણ ધ્યાન છે કહે. પછી ખૂબ ઝાટક્યા હતા હોં. અહીં અમારે શું કાંઈ પૈસા-બૈસા લેવા છે?

પછી તો અહીં ફતેહપુરમાં કહ્યું હતું, ખૂબ કહ્યું હતું. કીધું, શેઠ! આ જ્યાં હોય ત્યાં ૪૦ કરોડ રૂપિયા... ....આપણે એક અબજપતિ છે. બે અબજપતિ છે અત્યારે આપણે જૈનમાં. આપણે જયપુર છે ને એક ગોવાવાળા અબજપતિ હોં, સો કરોડનો અબજ. નેમિદાસભાઈ! ધૂળમાં શું છે? કાંકરા ઘણા છે આ નદીમાં. પણ તારે શું છે? આહાહા! જ્યાં હોય ત્યાં મોટપ માને. અન્યમાં પણ કાંઈક છે. શું માનો છો આ બધું? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા જિનેશ્વરદેવે જે જોયું ત્રણ કાળ, ત્રણ લોક, એણે કહ્યો આત્મા એ સિવાય જગતમાં કોઈ કહી શકે જ નહીં. સમજાણું? વાતું બીજી કરે એ અત્યારે ગપ માર્યા છે બધાએ. નેમિદાસભાઈ! જુઓ! આ શું કીધું?

**જિનમુનિના હૃદયકમળ**... જેણે રાગની એકતા તોડી છે એમ કહે છે. આહાહા! અને જેણે અંતરમાં આનંદસ્વભાવની એકતા જોડી છે. સમજાણું કાંઈ? અનાદિથી એણે આનંદની એકતા તોડી છે અને રાગની એકતા જોડી છે, એ ઊંધાઈ છે. ધર્માત્માએ રાગની એકતા–રાગ મારો એ એકતા તોડી છે, પરમાનંદનો નાથ હું છું એવી એકતા જોડી છે. આઠ વર્ષની બાલિકા હોય, પણ સમ્યગ્દૃષ્ટિ હોય તો એણે આત્માની એકતા જોડી છે. આહાહા! સમજાણું કાંઈ? અનાદિની વિકલ્પની સાથેની એકતા હતી એ સંસાર, મિથ્યાત્વ–સંસાર હતો. એ જેણે તોડીને આત્મસ્વભાવની સાથે જેણે દૃષ્ટિ ને સ્થિરતાને જોડી છે, એના હૃદયકમળના કેસર–એના જ્ઞાનના કસમાં ભગવાન આનંદમૂર્તિ બિરાજે છે. શું કહે છે આ? આ તો જાણે કેવળજ્ઞાનની વાતું હશે? આ તો સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને આવું હોય એની વાત છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા. એ સમકિત નહીં. આહાહા! પૂર્ણાનંદનો નાથ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ.. (સચ્ચિદાનંદ)=સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન, આનંદ—એ સચ્ચિદાનંદ પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ, એમાં જેની લીનતાનું જોડાણ છે એને આનંદ સહિત બિરાજમાન છે. આહાહા! ભાષા કેવી વાપરી છે! **જે બાધા રહિત છે...** કેવો છે પ્રભુ અંદર ધ્રુવ નિત્યાનંદ, વિકાર–પર્યાયની વિકારદશા વિનાનું તત્ત્વ? બાધા–વિઘ્ન જેને નથી. દુનિયાની આડખીલ જેને નથી, કર્મની આડખીલ ને રાગની આડખીલ જેને

નથી. આવા કર્મ સહિત.. કર્મ સહિત છે એને આવો કહેવો? એ તો તેં માન્યો છે, વસ્તુ એ નથી. સમજાય છે કાંઈ? ગુજરાતી થોડા થોડા સમજતે હો ન ભૈયા? ખંડવામાં તો થોડું થોડું ચાલે ગુજરાતી. સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ એટલે સમજમેં આતા હૈ. છે નું હૈ એટલું. આહાહા!

ભગવાન આત્મા ધ્રુવસ્વરૂપ નિત્યાનંદ આત્મા એને તો કોઈ બાધા છે જ નહીં. સંસારની આડખીલ નથી, કર્મ નથી, રાગ નથી, રોગ નથી, આહા! એવું એ તત્ત્વ અંદર છે. સાંભળ્યું ન હોય એટલે (એમ લાગે કે) આ શું કહે છે, કોની વ્યાખ્યા કરે છે. આ ભગવાન થઈ ગયેલાની વાત હશે? તું ભગવાન પોતે છો એની વાત છે અહીં, સાંભળને! આહાહા! પરમાત્મા અને તારામાં કાંઈ ઓછપ છે નહીં. એવો તું ભગવાન અંદર પૂર્ણાનંદ છો. પણ કોઈ દિ' સાંભળ્યું ન હોય, વિચાર્યું ન હોય, ક્યાં બેસે અંદર? નજર ક્યાં નાખવી ને ક્યાં, કેવડો એ છે? સમજાય છે કાંઈ? આહાહા!

**જે વિશુદ્ધ છે...** ભગવાન નિત્યાનંદ તત્ત્વ જે છે એ તો વિશુદ્ધ છે. લ્યો, આ વિશુદ્ધ આવ્યું. એય! વિશુદ્ધિ ને વિશુદ્ધ .... કીધું. વિશુદ્ધિ... એક જ છે.... 'વિશુદ્ધ' છેને? **વિશુદ્ધં** પાઠમાં છે. એ તો કાંઈ શબ્દમાં..... વિશુદ્ધ... ધ્રુવ જે વસ્તુ નિત્ય છે એ તદ્દન વિશુદ્ધ છે. પર્યાયની અવસ્થામાં–હાલતમાં મલિનતા છે. એ તો એક સમયની છે. કોઈપણ પ્રાણીને મલિનતા ને સંસારની દશા હોય તો એક સમયની છે. એક સેકંડનો અસંખ્યમો ભાગ–એક સમય. એ સિવાય આખું તત્ત્વ જે છે એ વિશુદ્ધ નિર્મળાનંદ છે. આહાહા! મોટી (ભૂલ છે, પણ) છે એક સમયની. એક સમયની ભૂલે આખો સંસાર અત્યાર સુધી ગાળ્યો છે. આહાહા! એને ત્રિકાળી તત્ત્વ ઉપર દૃષ્ટિ પડતાં એક સમયની ભૂલ બળી જાય છે, ટળી જાય છે. સમજાણું કાંઈ?

**જે કામદેવના બાણોની ગહન (-દુર્ભેદ્ય) સેનાને બાળી નાખવા...** આહાહા! પાંચ ઇન્દ્રિયોના વિષયોના કામબાણ, આહાહા! એવા બાણોની ગહન–દુર્ભેદ્ય સેના, એને બાળી નાખવા માટે... બાળી એટલે જલાના કહ્યું. **દાવાનળ સમાન છે...** ભગવાન ત્રિકાળી વસ્તુ કામવાસનાના દાવાનળને બાળી નાખવામાં સમર્થ છે. સમજાણું કાંઈ? આહાહા! બાળી નાખે, દાવાનળ જેમ સળગાવી દે. આહાહા! ઇન્દ્રના ઇન્દ્રાસનો ને ઇન્દ્રાણીઓના ભોગ એક સમયના રાગની લાલચની રમતું છે બધી. એ બધી દુઃખરૂપ દશા છે. એવા **કામદેવના બાણોની ગહન (-દુર્ભેદ્ય) સેના...** અનંતકાળથી ભેદાણી નહોતી એવી દુર્ભેદ્ય સેનાને બાળી નાખવા દાવાનળ–અગ્નિ છે એ તો. આનંદસ્વરૂપ એવો ભગવાન આત્મા, અતીન્દ્રિય આનંદની દૃષ્ટિ જ્યાં થઈ એણે કામવાસનાને બાળી નાખી છે. સમજાણું કાંઈ? આહાહા!

**કામદેવના બાણોની ગહન સેના...** ગહન એટલે દુર્ભેદ્ય, ઊંડી સેના. અનાદિથી વાસના વિષયની, ભોગની. એકલા સ્ત્રીના વિષયની એમ નહીં. આબરૂની, રૂપની (વાત) એ બધું

સાંભળીએ એ કામબાણ છે બધા. આબરૂ એના વખાણ સાંભળતાં ખુશી થાય, એ કામબાણ વાગ્યા છે એને. પૈસાવાળાના બહુ વખાણ કરે હોં. તમે અબજોપતિ, તમે આમ કર્યું, તમે આમ કર્યું. આમ મીઠું લાગે. એ તો ઝેર છે. આહાહા! ધૂળેય કર્યું નથી. કરે શું? કરે રાગ. કારખાનામાં કરી શકે આત્મા? એ તો પરની ક્રિયા છે.

પાંચ ઇન્દ્રિયોના વિષયો–કામદેવના બાણોની દુર્ભેદસેના... ગહન કીધુંને ગહન. એવી સેનાને બાળી નાખવા માટે ભગવાન આનંદતત્ત્વ આત્મા એની નજરું પડતાં કામદેવની વાસનાને બાળીને ભસ્મ કરી નાખે છે. આહાહા! સમજાણું કાંઈ? જગતની મીઠાશ હોય છેને મીઠાશ. છોકરો સારો પાકે આહાહા.. કામબાણ છે હોં ભીખાભાઈ! આહા! આ હીરાભાઈ સારો પાક્યો, પૈસા વધાર્યા. એ કાને સાંભળે ત્યાં ખુશી થાય. એ કામબાણનો ઘા છે એમ કહે છે. આહાહા! ..લાલજી! આ ભગવાનની કથા આવી છે. જિનેન્દ્રદેવ વીતરાગ પરમાત્મા એની ધર્મકથા તો આ જાતની છે. આહાહા!

ભાઈ! તને તેં ભાળ્યો નથી હોં, તેં તને જોયો નથી હોં. આહાહા! કેવા સ્વરૂપે તું છો, કેવા ભાવે ભરેલો છો? શેનાથી તું ખાલી છો ને શેનાથી તું ભરેલો છો? ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા! ભગવાન આત્મા, જેનામાં નજર પડતાં, એ તો કામની વાસનાને બાળી નાખવા દાવાનળ છે. સમજાણું કાંઈ? આવી વીતરાગની ધર્મકથા છે. જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ સો ઇન્દ્રના પૂજનિક કેવળજ્ઞાની પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. સીમંધર પરમાત્મા તીર્થંકરદેવ સાક્ષાત્ બિરાજે છે. ૫૦૦ ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, સો-સો ઇન્દ્રો સભામાં હોય છે. ગણધરની સભામાં આ વાત પરમાત્મા કહે છે. પરમાત્માની વાણીમાં આ આવે છે. સમજાણું કાંઈ?

આ તો કહે, દયા પાળો પરની, કાં ભગવાનની ભક્તિ કરો, તમારે થઈ જશે મુક્તિ. શરીર વયું જશે, મુક્તો ક્યાંથી થાતો હતો અંદર? સાંભળને વાત! એય! તારી દયા પાળતાં તો આવડી નથી. તું કેવડો છો એવું જાણ્યા વિના એની–જીવની દયા પાળી શકે જ નહીં. આવડા મોટાને નાનો માનવો એ જ હિંસા છે. આહાહા! એવો ભગવાન આનંદનો નાથ પ્રભુ.. આહાહા! શું કહે છે? આ ધર્મકથા કહેતા હશે? આ ધર્મનો માર્ગ આવો હશે? લોકોએ અજૈનને જૈનના નામે ચલાવ્યું છે. રાગનો માર્ગ એ અજૈનનો માર્ગ છે, જિનનો નહીં. આહાહા!

**અને જેણે શુદ્ધજ્ઞાનરૂપ દીપક વડે...** આનંદ નાખ્યું હતુંને, હવે જ્ઞાન બાકી રહ્યું. **અને જેણે શુદ્ધજ્ઞાનરૂપ દીપક વડે...** અંદર જ્ઞાનની મૂર્તિ પ્રભુ જ્યાં નજર કરીએ અંદરમાં, એ વડે **મુનિઓના મનોગૃહના ઘોર અંધકારનો નાશ કર્યો છે...** આહાહા! ધર્માત્માએ અંતર જ્ઞાનસ્વરૂપમાં નજર કરતાં, એના મનોગૃહમાં રાગ ને દ્વેષનો અંધકાર હતો એનો એણે નાશ કરી નાખ્યો છે. એવો એ ભગવાન બિરાજે છે અંદર. આહાહા! પ્રકાશ પાસે અંધારું આવતું

નથી. આહાહા! સમજાણું કાંઈ? **શુદ્ધજ્ઞાનરૂપી દીપક વડે**... ચૈતન્યના પ્રકાશના પુંજના દીવા–સૂર્ય વડે **મુનિઓના મનોગૃહના**... મુનિઓના મનમાં થતાં રાગાદિ અંધકાર એનો એણે નાશ કર્યો છે. આહાહા! **તેને–સાધુઓ વડે વંદ્ય**... એ સાધુ સંતો વડે વંદ્ય છે. આહાહા! અજ્ઞાનીઓ વડે વંદ્ય નથી, અજ્ઞાનીઓને આદર નથી અંદરથી. સમજાણું કાંઈ?

ધર્માત્મા વડે એ વંદ્ય છે. કારણ કે પૂર્ણસ્વરૂપ છે એવો સ્વીકાર કરીને ઠરે છે એને વંદનીક ને પૂજનીક માનવામાં આવ્યો છે. નેમિદાસભાઈ! આહાહા! ક્યા ઘરની વાત છે? અહીં તો પરલોકેથી આત્મા.., આલોક એટલે આ જગત, એથી પરલોક આત્મા ભગવાન, એની વાત છે ભાઈ! સમજાણું કાંઈ? **અને જન્માર્ણવને ઓળંગી જવામાં**... આહાહા! જન્માર્ણવ—જન્મરૂપી દરિયો મોટો.. ચોરાશીના અવતાર કીડા, કાગડા, કૂતરા, નારકી, નિગોદના ભવ–જન્મરૂપી મોટો દરિયો છે. ચોરાશીના અવતાર, ભાઈ! એને ઓળંગી જવામાં એ ત્રિકાળી આનંદતત્ત્વ **નૌકા** સમાન છે. નૌકામાં બેસીને જેમ દરિયો પાર પડે, એમ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એમાં બેસતાં–શ્રદ્ધા કરીને ઠરતાં નૌકા સમાન છે. આખો સંસારસમુદ્ર ભગવાન આત્માને આશ્રયે તરી જવાય છે. એ સિવાય તરવાનો કોઈ ઉપાય છે નહીં. આહાહા!

લોકોએ બાહ્ય ક્રિયાકાંડમાં એવું ગૂંચવી નાખ્યું કે આ તત્ત્વ આખું પડ્યું રહ્યું. મૂળ વાત પડી રહી, દુલ્હા વિનાની જાન–વર વિનાની જાન. આત્મા કોણ ને શું એ વિનાની વાતું બધી. આહાહા! કહો, સમજાણું કાંઈ? લ્યો, આ સાધુ થવાના હતા દિગંબર સાધુ. રહી ગયા વળી. સાંભળ્યું ને... ઓય માળે! માર્ગ તો આમ છે. સાધુપણું કેવું? ગૃહસ્થ છે, મા-બાપ છે, પૈસા છે, બાયડી છે, છોકરો છે. એકદમ દિગંબર મુનિ–સાધુ થવાના હતા. જ્ઞાનચંદજી લાવ્યાને પહેલા? ... માર્ગ તો ભાઈ! આવો છે. ..લાલજી! શું નામ? શાંતિસાગર. સજ્જન છે. અત્યારે ઘરમાં..... દીક્ષા લેવાના, દિગંબર સાધુ થવાના હતા. અહીંની વાત સાંભળી. અરે! આ તો બીજી વાત છે. મિત્રસેનજી! આહાહા! અંદર ચીજ છે એને હજી જાણ્યા ને ઓળખ્યા વિના તારા ત્યાગ ક્યા? ધૂળમાં? આહાહા!

**નૌકારૂપ તે શુદ્ધ તત્ત્વને—હું વંદું છું.** આવું જે અંદર જ્ઞાનાનંદ... પણ શું હશે આવું તે કાંઈ? ભાઈ! તારામાં બે અંશ છે. એક સંસારના રાગનો અંશ એટલે પર્યાય અને એક ત્રિકાળી ધ્રુવ અંશ એ ભગવાન પોતે. આહાહા! ધ્રુવ છે, નિત્ય છે અને અવસ્થા બદલે છેને. અવસ્થા બદલે તે એક ક્ષણની અવસ્થા છે (અને) ત્રિકાળી ધ્રુવ છે. उत्पादव्ययध्रौव्य युक्तं सत्.. ઉત્પાદ-વ્યય એ પર્યાય છે, ધ્રુવ એ ત્રિકાળી ધ્રુવ, ધ્રુવવસ્તુ. એ ત્રિકાળી ધ્રુવની આ વાત ચાલે છે. આહાહા! સમજાણું કાંઈ? **જન્માર્ણવને ઓળંગી જવામાં**... ઓહોહો! સંસારરૂપી મોટો દરિયો એને ઓળંગી જવામાં એ નિત્યાનંદ પ્રભુ નૌકા સમાન છે. એમાં જે બેઠો એ સંસારથી તરીને

પાર થઈ જાય છે. આહાહા! મુનિરાજ કહે છે, હું એવા તત્ત્વને વંદું છું. આહાહા! મારું એવું તત્ત્વ એને હું વંદું છું કહે છે, એટલે એનો હું આદર કરું છું. ૧૭૫ કળશ.

**अभिनवमिदं पापं यायाः समग्रधियोऽपि ये**
**विदधति परं ब्रूमः किं ते तपस्विन एव हि।**
**हृदि विलसितं शुद्धं ज्ञानं च पिंडमनुत्तमं**
**पदमिदमहो ज्ञात्वा भूयोऽपि यान्ति सरागताम्॥ १७५॥**

અહીં તો રાગને જ પાપ કહ્યું છે. અરે! આચાર્ય મુનિરાજ કહે છે કે, **શ્લોકાર્થ : અમે પૂછીએ છીએ કે—જેઓ સમગ્ર બુદ્ધિવાળા હોવા છતાં...** બધામાં જેની બુદ્ધિ પહોંચે એવો માનવા છતાં... માણસ એવા હોય છેને 'સબમેં લગતી.' કોઈ વાત નીકળે તો અમે જાણીએ છીએ. આહાહા! બુદ્ધિ, મોટી બુદ્ધિવાળા હોય છતાં **બીજાને 'આ નવું પાપ કર' એમ ઉપદેશે છે...** આહાહા! એમાં જરીક ઝીણી વાત છે હોં. રાગ કરવા જેવો છે એવો જે ઉપદેશ (કરે), આ શું તને લાગ્યું છે? એમ કહે છે. **सरागताम्** છેને છેલ્લો શબ્દ? રાગ કરવો એ પોતે પાપ છે કહે છે. વીતરાગમાર્ગમાં તો વીતરાગીસ્વરૂપ ભગવાન આત્મા એને આશ્રયે વીતરાગતા પ્રગટે એ ધર્મ છે. કહે છે, તેં બહુ જાણ્યું ને વાંચ્યું બહુ ઘણું, બહુ બુદ્ધિવાળો કહેવાય છોને? સમગ્ર બુદ્ધિવાળો છતાં, 'આ નવું પાપ–રાગ કર, વિકાર કર' આ ઉપદેશ ક્યાંથી આવ્યો તને? સમજાણું કાંઈ? આહાહા! મુનિએ પણ ગજબ કામ કર્યું છેને! રાગ હોં, પછી શુભ-અશુભ બેય.

આહાહા! ભાઈ! રાગ કરવો એ તો પાપ છે. અરે! શુભભાવ હોય તોય નિશ્ચિતરૂપે એ પાપ છે. ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એમાંથી ખસીને રાગ થવો એ તો હિંસા છે, પોતાના સ્વરૂપની હિંસા છે. આહાહા! અરે! જ્ઞાનનો જાણનાર એને તું રાગ કર એમ કહે, એ આવી ક્યાંથી તારી નવી બુદ્ધિ પાપની? એમ કહે છે. આહાહા! ચિદાનંદ ભગવાન આત્મા, અતીન્દ્રિય આનંદની વીતરાગમૂર્તિ પ્રભુ અંદર છે એમાં વ્યાપ ઠર ને જાણ, એ વાત છોડી દઈને આ ક્યાંથી તને નવું પાપ આવ્યું છે? ભીખાભાઈ! આવી વાત છે અહીં તો. આહાહા! બધી બુદ્ધિ ધૂળ થાય છે, પણ આ તને શું થયું? રાગ કરવા જેવો છે, વ્યવહાર કરવા જેવો છે—એવી દૃષ્ટિ, વાત ક્યાંથી તું લાવ્યો?

કહે છે. ચરણાનુયોગમાં તો આવે છે. આવતું નથી એટલે કથનની શૈલી છે. જણાવે છે કે આવા જીવને આવો રાગ છે. કરવા જેવો છે એ નહીં. કરવા જેવું તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એ ત્રીજી ગાથાએ કીધું **नियमेण जं कज्जं...** એક જ કરવા જેવું છે. અંદર ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન ને આનંદનું સ્વરૂપ એનું જ્ઞાન, શ્રદ્ધા ને ઠરવું—એ જ કરવા જેવું છે. આહાહા! મિત્રસેનજી! કોની વાત ચાલે છે? પંચમ આરાના પ્રાણીને આવું થઈ શકતું હશે? અમે તો

બિચારા સાધારણ પ્રાણી છીએ. અરે ભગવાન! તું એમ ન માન. આહાહા! કહે છે કે તારી બુદ્ધિમાં ઘણું જાણવું આવ્યું હોય, પણ આ નવું પાપ ક્યાંથી કાઢ્યું?

**તેઓ શું ખરેખર તપસ્વી છે?**... આહાહા! વિકાર કરવા જેવો છે અને લાભદાયક છે એમ કહે એ મુનિ છે? કહો, કાંતિભાઈ! આહાહા! સંતોની કથની પણ ગજબ! એમાં દિગંબર સંતો એટલે! એ જ સંત છે, બીજે ક્યાંય સંત હોઈ શકે નહીં. આ વીતરાગ પંથ સિવાય, દિગંબર વીતરાગ પંથ સિવાય બીજે ક્યાંય સંતપણું કે સમકિતી હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? આહાહા! અન્યમાં તો ક્યાં હતું? વીતરાગ સિવાય વેદાંત ને ફલાણા ને ઢીંકણા ને બાવા નાગા ફરે જંગલમાં. ભાઈ! આ તત્ત્વ ક્યાંય નથી હોં.

કહે છે કે અરે! **તેઓ શું ખરેખર તપસ્વી છે?** એમ કહે છે. જે રાગનો લાભ બતાવે, જે રાગ સંસારમાં દાખલ કરે એ રાગ કરવા જેવો બતાવે, એ શું મુનિ છે? આહાહા! વીતરાગી મુનિ તો વીતરાગતાની વાત કરે. વીતરાગ.. વીતરાગ.. વીતરાગ. રાગરહિત સ્વરૂપમાં દૃષ્ટિ કર, રાગરહિત જ્ઞાન ને રાગરહિત ઠર, એ વાત સંતો કહે. આહાહા! વીતરાગે એ કહ્યું છે. વચ્ચે વ્યવહારની વાતું જણાવી છે એ જુદી વાત છે. એ તો જણાવી છે કે આ ઠેકાણે આવો ભાવ હોય આટલી દશામાં. પણ એ કરવા જેવું છે એ તને ક્યાંથી આવ્યું? સૂઝ ક્યાંથી પડી તને? કહે છે. વીતરાગમાર્ગમાં આવું તો ક્યાંય છે જ નહીં. એય ચેતનજી!

'મુહુ.. મુહુ.. વીતરાગ..' આત્માવલોકનમાં આવે છે. સંતો ધર્માત્મા તો 'વીતરાગ.. વીતરાગ.. વીતરાગ' બસ એ વાત કરે. રાગ આવે એને જણાવે, પણ રાગ કરવા જેવો ને લાભદાયક એ વાત ક્યાંથી આવી ભાઈ? વીતરાગમાર્ગમાં એ ક્યાંથી આવી? એનું આશ્ચર્ય બતાવે છે હોં. અરે! એ શું! ... મુનિ કહેવાય? આહાહા! કીધુંને, મોટી બુદ્ધિવાળો. આમ બધામાં પહોંચે બુદ્ધિ, આનું આમ, આનું આમ. કરતાં કરતાં અહીં લાગુ પાડ્યું ઊંધું. તારી બુદ્ધિ-ક્ષયોપશમ ઘણા ઉઘાડવાળી છે. આ દુનિયામાં નથી કહેતા? ના, ના, એમ નહીં. ..... એમ આવે છે. (કોઈપણ) વાત કરે તો, હા, અમે બધું જાણીએ છીએ. જાણે હોં, ખબર નહીં એમ નહીં. પણ તેથી શું?

આ રાગ કરવાનું કહેવું એ તારા જાણપણામાં હોળી છે કહે છે. એ બુદ્ધિવાળો કહેવાય નહીં. આહાહા! **તેઓ શું ખરેખર તપસ્વી છે?** એમ કહે છે જુઓ! **અહો! ખેદ છે કે તેઓ હૃદયમાં વિલસિત શુદ્ધજ્ઞાનરૂપ...** અંદર ભગવાન આત્મા શુદ્ધજ્ઞાનનો પિંડ પ્રભુ, વિલસિત શુદ્ધજ્ઞાન ત્રિકાળ... **અને સર્વોત્તમ પિંડરૂપ** છે... અંદર પદાર્થ, બળમાં અનંત બળવાળો આત્મા છે. **આ પદને જાણીને...** જોયું! એમ કે ખ્યાલમાં આવ્યું હતું, સાંભળ્યું હતું તેં એને. વળી **ફરીને પણ સરાગતાને પામે છે!** ઓલી રાગની એકતા કરે, રાગથી લાભ મનાવે—આ શું થયું તને? આહા! મુનિએ પણ કળશ કર્યા છેને! વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો વદ ૪, ગુરુવાર, તા. ૨૬-૧૦-૧૯૭૨**
**શ્લોક-૧૭૬-૧૭૭, પ્રવચન નં. ૧૩૦**

પરમ આલોચના અધિકાર. છેલ્લી ગાથા એના આખિરના કળશો છે. ૧૭૬ કળશ છે.

**जयति सहजं तत्त्वं तत्त्वेषु नित्यमनाकुलं**
**सततसुलभं भास्वत्सम्यग्दृशां समतालयम् ।**
**परमकलया सार्धं वृद्धं प्रवृद्धगुणैर्निजैः**
**स्फुटितसहजावस्थं लीनं महिम्नि निजेऽनिशम् ॥१७६॥**

**શ્લોકાર્થ : તત્ત્વોમાં તે સહજ તત્ત્વ જયવંત છે...** આ નવ તત્ત્વ અથવા નવ પદાર્થ અથવા સાત તત્ત્વ, એમાં ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્ય જ્ઞાયકભાવ એ જયવંત વર્તે છે. આત્માની પર્યાયમાં ભલે પુણ્ય-પાપ, સંવર-નિર્જરા, બંધ, મોક્ષ હો, પણ એ તો પર્યાય છે. એ બધી પર્યાય ને વિભાવાદિ આસ્રવ, પુણ્ય-પાપ તત્ત્વોમાં સહજતત્ત્વ સહજાનંદ ધ્રુવ શુદ્ધ ચૈતન્ય કારણપ્રભુ જયવંત વર્તે છે. એની અંતર દૃષ્ટિ કરવી ને જોવું એનું નામ આલોચના છે. ભગવાન આત્મા એક સમયમાં, બીજા તત્ત્વો સંવર-નિર્જરા-મોક્ષ આદિ તત્ત્વોમાં પણ સહજતત્ત્વ જયવંત વર્તે છે. સંવર-નિર્જરા-મોક્ષ તો પ્રગટ પર્યાયરૂપ છે, નવી પ્રગટ કરવાની છે. આસ્રવ, પુણ્ય-પાપ, બંધ એ તો વિકારરૂપ પરિણામ છે. એ બધા તત્ત્વોમાં પણ, ત્રિકાળી જ્ઞાયકભાવ જે સમ્યગ્દર્શનનો વિષય છે એ તત્ત્વ સહજ જયવંત છે. એમ અનાદિ-અનંત વીતરાગમૂર્તિ સ્વરૂપ આત્મા જયવંત વર્તે છે. સમજાય છે કાંઈ?

કોને? જેણે એ દૃષ્ટિમાં લીધો છે એને. આમ વાત છે. ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ, નિત્યાનંદ ધ્રુવસ્વરૂપ જયવંત વર્તે છે. સ્વભાવિકતત્ત્વ, ધ્રુવતત્ત્વ, જ્ઞાયકતત્ત્વ, પરમસ્વભાવભાવ, ધ્રુવભાવ.. ધર્મી જીવને–સમ્યગ્દૃષ્ટિને એ ભાવ દૃષ્ટિમાં આવ્યો હોવાથી જયવંત વર્તે છે. આહાહા! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. ..લાલજી! એક સમયની જે ઉત્પાદ-વ્યય(રૂપ) પર્યાય છે તેનાથી ભિન્ન ધ્રુવતત્ત્વ છે એની વાત છે. ઉત્પાદ-વ્યય(રૂપ) પર્યાયમાં તો આસ્રવ, પુણ્ય-પાપ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એ બધા એમાં આવે, એ ઉત્પાદ-વ્યય પર્યાયમાં આવે. એ બધા તત્ત્વોમાં પણ ત્રિકાળી જે ધ્રુવતત્ત્વ એ જયવંત વર્તે છે. આહાહા! કેમકે જેની સમ્યક્-દ્રષ્ટિ છે અને જેની દૃષ્ટિ સમ્યક્ ધ્રુવને અવલંબી છે, ચૈતન્ય ભગવાન જ્ઞાયકભાવ એને અવલંબી છે, કહે છે, એને આવું તત્ત્વ જયવંત વર્તે છે.

દૃષ્ટિમાં નહોતું ત્યારે 'નહોતું' એમ હતું, પણ દૃષ્ટિ થઈ અંદર, ભગવાન પૂર્ણાનંદ પ્રભુ સમ્યગ્દર્શનની પર્યાયમાં ભાસ્યમાન થયું એ ધ્રુવતત્ત્વ જયવંત વર્તે છે. કહો, સમજાય છે કાંઈ?

અને તે ધ્રુવ તે જ ઉપાદેય છે. પુણ્ય ને પાપ એ ઉપાદેય નથી, સંવર-નિર્જરા-મોક્ષની પર્યાય પણ ઉપાદેય નથી. કેમકે પર્યાય છે એ એક સમયની અવસ્થા છે. ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન... આહાહા! મુનિએ પણ કામ કર્યાં છેને! શબ્દોમાં એ વાત નહોતી આવી. ઓહોહો! તત્ત્વોમાં એટલે સાત તત્ત્વોમાં જે સહજ ધ્રુવતત્ત્વ છે એ જયવંત વર્તે છે. સમ્યગ્દૃષ્ટિને માન્યતામાં એ તત્ત્વ આવ્યું છે એથી જયવંત વર્તે છે, એમ કહે છે. આહાહા! સમ્યગ્દૃષ્ટિનો વિષય તે ત્રિકાળી ધ્રુવ છે. પર્યાયબુદ્ધિ નહીં. 'પર્યાયબુદ્ધિ નાહીં' આવે છેને? સમયસાર નાટકમાં 'પર્યાયબુદ્ધિ નાંહી..' સમ્યગ્દૃષ્ટિની, એક સમયની પર્યાય, રાગ-પુણ્યાદિ એના ઉપર એની બુદ્ધિ નથી. આહાહા!

**–કે જે સદા અનાકુળ છે...** કેવું તત્ત્વ છે? સદા આનંદસ્વરૂપ છે. ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા એ તો અનાકુળ આનંદની મૂર્તિ છે. આહાહા! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનમાં જે ધ્રુવ તત્ત્વનું ભાન થયું એ તત્ત્વ સદા આનંદમૂર્તિ છે એમ કહે છે. આહાહા! **જે સદા અનાકુળ છે**... સદા ત્રિકાળ અનાકુળ છે. પર્યાયમાં રાગાદિ આકુળતા (હોવી) અને ટળીને સંવર, નિર્જરા, મોક્ષ અનાકુળતા થાય એ તો પર્યાયમાં–અવસ્થામાં થાય છે. વસ્તુ છે એ તો ત્રિકાળ આનંદકંદ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ નિત્યાનંદ ધ્રુવ સદા અનાકુળ છે. એ ત્રિકાળી આનંદસ્વરૂપ જ છે આત્મા. એની ચીજમાં દુઃખ ને અશાંતિની ગંધ નથી. એવો ભગવાન આત્મા આશ્રય કરવાલાયક છે અને એ જ એક ઉપાદેય છે. આહાહા!

**જે નિરંતર સુલભ છે...** જેણે એને જાણ્યો એને નિરંતર સુલભ છે. સમજાય છે કાંઈ? ભગવાન પૂર્ણાનંદ પ્રભુ સામાન્ય જે ત્રિકાળીસ્વભાવ એ જેને જ્ઞાનમાં આવ્યો, જેણે જ્ઞાનમાં લીધો (અને) સતત સુલભ છે. ધર્મીને એ ધ્રુવતત્ત્વ નિરંતર સુલભ છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને એ દુર્લભ છે. જેની બુદ્ધિ પર્યાય ઉપર, રાગ ઉપર, પુણ્ય ઉપર, નિમિત્ત ઉપર છે એવા મિથ્યાદૃષ્ટિને એ તત્ત્વ દુર્લભ છે. આહાહા! અરે! એવો ભગવાન આત્મા ત્રિકાળ આનંદનો નાથ પ્રભુ છે, છતાં એ ઉપર નજર નહીં કરતા અજ્ઞાનીની નજરું અનાદિની પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ, કાં એને જાણનારી જ્ઞાનની વર્તમાન પ્રગટ અવસ્થા ઉપર એની દૃષ્ટિ હોવાથી એને આ ચીજ દુર્લભ થઈ પડી છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

વસ્તુ છેને પોતે ત્રિકાળ, અસ્તિ છેને, સત્તા છેને, હોવાપણે એ ધ્રુવતત્ત્વ છેને. હોવાપણે છે એમ જેને ચોથે ગુણસ્થાને અંતરમાં સમ્યક્-જ્ઞાનમાં જ્યાં ભાસ્યું... સમજાય છે કાંઈ? કહે છે, એકત્વ-વિભક્ત (થયો). આહાહા! એની ધ્રુવધારાને પકડી છેને (અને) પર્યાયબુદ્ધિ જેણે છોડી છે. હરિભાઈ! ભારે આવો ધર્મ ભાઈ! ધર્મ એટલે એનો સ્વભાવ. સ્વભાવ એટલે ત્રિકાળી તત્ત્વ, ધર્મી. એવું જે ત્રિકાળી ધ્રુવતત્ત્વ ભગવાન આત્મા પૂર્ણ, એક સમયની વર્તમાન પર્યાયથી પણ ભિન્ન. આહાહા! એક સમયની પર્યાય જે છે પ્રગટ, એનાથી ધ્રુવતત્ત્વ ભિન્ન છે.

**જે નિરંતર સુલભ છે**... જેણે જાણ્યું એને નિરંતર સુલભ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એવી ચીજ ભગવાન આત્મા ત્રિકાળી કારણપરમાત્મા પોતે.. કારણપરમાત્મા પોતે ધ્રુવ એ જેને જ્ઞાનમાં આવ્યો એને નિરંતર સુલભ જ છે. એ જ્ઞાનમાં, નિરંતર શ્રદ્ધામાં વર્તે છે. આહાહા! આવો ધર્મ કેવો હશે? કહો, સમજાય છે કાંઈ? એ કહ્યું હતુંને. ગયા કાળની અપેક્ષાએ, કીધુંને. આ તો જાણ્યો એને નિરંતર સુલભ છે. સમગ્રબુદ્ધિનો અર્થ કર્યો છે ... ભાષામાં. મોટી–બડી બુદ્ધિવાળો, એમ. આ.... સમગ્રબુદ્ધિ છેને... બડી બુદ્ધિવાળા. મૂળ તો એ કહેવું છે, ઘણી બુદ્ધિવાળા. આહાહા!

**જે પ્રકાશવંત છે...** ભગવાન આત્મા જ્ઞાનના પ્રકાશવાળું ત્રિકાળી તત્ત્વ છે. આ વર્તમાન પર્યાયની વાત નથી. પર્યાયે તો એને જાણ્યો છે, પણ જાણ્યો છે કેવો? કે આવો. સમજાણું કાંઈ? આહાહા! દિગંબર મુનિઓએ પણ ગજબ કામ કર્યા છેને! આમ ભાષામાં લાવીને મૂક્યું છે તત્ત્વ. ભાવમાં હતું, ભાષામાં આવી ગયું. લ્યો, આવી ગયું એટલે બતાવી કે આ વસ્તુ છે. આહાહા! સમ્યગ્દર્શનમાં, પ્રથમ સમ્યગ્દર્શનમાં આત્મા ત્રિકાળી ધ્રુવ છે એનો જ આશ્રય હોય છે. એના આશ્રય વિના સમ્યગ્દર્શન ત્રણ કાળ, ત્રણ લોકમાં થતું નથી. દેવ, ગુરુ ને શાસ્ત્રથી પણ સમ્યગ્દર્શન થતું નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? જેને પડખે ચડતાં સમ્યગ્દર્શન થાય. 'પડખે' સમજે ન? સન્મુખ થતાં. એવો જે ભગવાન આત્મા સદા અનાકુળ છે અને સદા પ્રકાશવંત છે. એમ કહીને આનંદ ને જ્ઞાનમય કહ્યો. સમજાણું કાંઈ?

**જે સમ્યગ્દૃષ્ટિઓને સમતાનું ઘર છે...** કેમકે આત્મા વસ્તુ વીતરાગમૂર્તિ આત્મા છે. એનો સ્વભાવ ત્રિકાળ વીતરાગસ્વરૂપ જ છે. પર્યાયમાં પ્રગટે એ તો વીતરાગદશા થઈ, પણ એ દશા આવી ક્યાંથી? કે ત્રિકાળી વીતરાગમૂર્તિસ્વરૂપ છે એમાંથી દશા આવે છે. આહાહા! એ પ્રભુ ચૈતન્ય આત્મા નિત્યાનંદ પ્રભુ સમતાનો પિંડ છે, એ સમતાનું આલય–ઘર છે, વીતરાગી સમતાનું એ સ્થાન છે. એનો આશ્રય લેતાં સમ્યગ્દૃષ્ટિને સમતાભાવ પ્રગટ થાય છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી સમતાભાવ પ્રગટ થાય એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? કોના ઘરની આ વાત ચાલે છે? ભગવાન! તારા ઘરમાં આવી ચીજ છે. તારા ઘરને તેં કોઈ દિ' જોયું નથી. આહાહા!

ભજનમાંય આવે છેને. ભજનમાં નથી આવતું? 'હમ તો કબહુ ન નિજઘર આયે, પરઘર ભ્રમત (બહુત દિન બીતે), નામ અનેક ધરાયે.' પુણ્ય કર્યા ને પાપ કર્યું, સ્વર્ગમાં ગયો, મનુષ્ય થયો. એ બધા અનેક નામ પરને કારણે ધાર્યા. 'હમ તો કબહુ ન નિજઘર આયે..' નિજઘર નિજાનંદસ્વરૂપ ભગવાન આત્મા, ત્રિકાળી સહજાનંદની મૂર્તિ એના ઘરમાં કભી સમ્યગ્દર્શન બિના આતા નહીં–આવે નહીં. આહાહા! સમ્યગ્દૃષ્ટિઓને એ વીતરાગતાનું સ્થાન છે. આહાહા! નિત્યાનંદ પ્રભુ ધ્રુવસ્વરૂપ અનાકુળ આનંદ ને વીતરાગનું સ્થાન છે. વીતરાગતા

પ્રગટ કરવી હોય તો એમાં વીતરાગતા છે. આહાહા! એવો વીતરાગસ્વભાવ ભગવાન આત્મા એની નજરે વીતરાગતા પ્રગટ થાય છે. આહાહા! પર્યાય અને રાગની નજરે વીતરાગતા પ્રગટ થતી નથી. સમજાય છે કાંઈ?

આવો ધર્મ કેવો હશે? વ્રત પાળવા, અપવાસ કરવા, જાત્રા કરવી એવું તો બધું સાંભળ્યું છે. એ બધો ભાવ શુભભાવ છે, ધર્મ નહીં. સમજાય છે કાંઈ? વ્રત કરવા, તપ કરવા, જાત્રા કરવા ને ભક્તિ કરવી, પૂજા કરવી એ બધો શુભભાવ છે, ધર્મ નહીં. ધર્મ તો ત્રિકાળી પરમાત્મા સહજાનંદની મૂર્તિ પ્રભુ એની દૃષ્ટિ કરતાં, એનો આશ્રય કરતાં ધર્મ થાય છે. આવી વાત છે. આહાહા! સમાજને તો આકરી પડી એવી છે ભાઈ! કુંદકુંદાચાર્ય કહે છે કે મેં આ ગ્રંથ મારા ભાવના માટે બનાવ્યો છે. મારી ભાવના માટે મેં બનાવ્યું છે આ શાસ્ત્ર. લોકો સાંભળે. આહાહા!

એમ ધર્મીની ભાવનામાં પણ ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા, વર્તમાન એક સમયની દશા પાછળ ધ્રુવતત્ત્વ આત્મા જે છે એને અહીંયા સમ્યગ્દૃષ્ટિની સમતાનું ઘર કહ્યું છે. સમજાણું કાંઈ? આહાહા! 'સમામૃત પીજીયે' નથી આવતું છઢાળામાં? 'રાગ દાહ દહે સદા, તાતૈં સમામૃત સેઈયે..' છઢાળામાં છે. રાગ પછી શુભ હો કે અશુભ બેય. 'રાગ આગ–દાહ દહૈ સદા..' રાગરૂપી અગ્નિ તો બાળે છે ક્ષણે-ક્ષણે. આહાહા! શુભરાગ હોય તો? એ પણ અગ્નિ છે. આહાહા! કહે છે કે જેને સમામૃત–સમતારૂપી અમૃત પીવું હોય એણે નિજઘરમાં નજરું કરવી. આહાહા! પુણ્ય ને પાપના રાગમાં નજર છોડી દેવી. ભારે આકરું કામ જગતને. બહારમાં એવા ઘૂસી ગયા છે એમાં આ હાથ આવવું કઠણ પડે. એક તો સાંભળવા મળતું નથી. આ કરો ને આ કરો ને આ કરો. આખો દિ' આ જ કે અહિંસા કરો, વ્રત પાળો ને ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરો. કરો.. કરો.. કરો.. પણ અહીં તો કહે છે કે કરવાનું છોડી દે (અને) જાણવાનું કર.

દૃષ્ટિમાંથી છોડી દે. હોય, અશુભથી બચવા માટે શુભભાવ હોય છે, (પણ) એ (ભૂતાર્થ) વસ્તુ નહીં, ધર્મ નહીં અને એ ધર્મનું કારણ પણ નહીં. આહાહા! ધર્મનું કારણ તો ભગવાન આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ છે. વીતરાગને જે પૂર્ણ વીતરાગતા પ્રગટ થાય છે એ ક્યાંથી આવે છે? સ્વભાવમાંથી આવે છે કે બહારથી આવે છે? અંદર વીતરાગસ્વભાવ છે એમાંથી આવે છે. સમજાય છે કાંઈ? કહે છે કે સમ્યગ્દૃષ્ટિને... જેની દૃષ્ટિ ત્રિકાળી આનંદકંદના સ્વીકારમાં છે, જેની દૃષ્ટિમાં ત્રિકાળ ભગવાન આનંદકંદપ્રભુ એનો જેને સ્વીકાર છે એને જ વીતરાગતાનું ઘર છે. આહાહા! ભારે આ તો એકેક વાતે..! દુનિયાથી ઉલટી વાત છે. આ તો વીતરાગમાર્ગ છે. દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવો નથી. નાથુલાલજી!

**જે પરમ કળા સહિત વિકસિત નિજ ગુણોથી વિકસેલું (-ખીલેલું) છે...** કહે છે કે જેટલા આત્મામાં અંતર અનંત ગુણો છે બધા પરમ કળા સહિત વિકસિત છે, વિકસાવેલા જ છે.

નિજગુણોથી વિકસેલું–ખીલેલું પડ્યું છે અંદર. આહાહા! આ પર્યાયની વાત નથી. ત્રિકાળ ભગવાન આત્મા અનાદિ-અનંત જે ચીજ છે, એમ એના અનંત ગુણો જ્ઞાન-દર્શન એ (પણ) અનાદિ-અનંત છે. વસ્તુ જેમ અનાદિ-અનંત છે, એમ એના ગુણો પણ અનાદિ-અનંત છે. આહાહા! ભારે વાત! સાંભળવી મુશ્કેલ પડે એવી છે.

જે હું ભગવાન આત્મા નિત્ય છે, એમ એના જ્ઞાન, દર્શન, આનંદ (આદિ) અનંત ગુણો પણ નિત્ય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એવા ભગવાન આત્માની દૃષ્ટિ કરનારને સમ્યગ્દર્શન થાય છે. ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું પગથિયું–સોપાન. ત્રિકાળી ભગવાન નિત્યાનંદ પ્રભુ એનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન થાય છે. રાગ ને પર્યાય ને દેવ-ગુરુનો આશ્રય લેતાં પણ સમ્યગ્દર્શન થતું નથી. આહાહા!

**પરમ કળા સહિત વિકસિત નિજ ગુણોથી વિકસેલું છે**... અંદર અનંતા ગુણો પ્રગટરૂપ શક્તિએ પડ્યા છે, ખીલેલા પ્રગટ જ છે. ગુણ છેને. આ પર્યાયની વાત નથી. ત્રિકાળી ગુણો **જેની સહજ અવસ્થા સ્ફુટિત (-પ્રકટિત) છે...** એ પણ નિશ્ચય છે. સ્વભાવિક અવસ્થા એટલે એનું નિશ્ચય સ્વરૂપ સ્ફુટિત–પ્રગટ જ છે અંદર. પર્યાયમાં પ્રગટ થવું એ તો અવસ્થા છે, પણ વસ્તુ તો સહજ અવસ્થારૂપ ત્રિકાળ છે. આરે, આવી વ્યાખ્યા કેવી? સમજાણું કાંઈ? જેની સહજ અવ.. અવ એટલે નિશ્ચય, સ્થપણું–ટકવું... જેમ આ ભગવાન આત્મા અવિનાશી, એવા જ એના અનંતા ગુણો અવિનાશી છે, નિશ્ચય-સ્થ—નિશ્ચયથી અંદર રહેલા છે.

**અને જે નિરંતર નિજ મહિમામાં લીન છે.** કેવો છે ભગવાન આત્મા નિત્ય પ્રભુ? ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનો છે. **उत्पादव्ययध्रौव्ययुक्तंसत्** એ આખો પ્રમાણનો વિષય છે. પણ ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનો જે ત્રિકાળી ધ્રુવ, એ નિરંતર નિજ મહિમામાં લીન છે. અંતર એના અનંતા ગુણોની મહિમામાં લીન છે. એની મહિમા બહાર આવતી નથી. આહાહા! પર્યાયમાં પ્રગટ થાય એ અનંતમા ભાગની અવસ્થા છે. કેવળજ્ઞાન પણ અનંતમા ભાગની અવસ્થા છે. કેવળજ્ઞાન એ વ્યવહાર છે, નિશ્ચય નહીં. એક સમયની પર્યાય છે કેવળજ્ઞાન. સદ્ભૂત-વ્યવહાર પર્યાય છે, નિશ્ચય નહીં. નિશ્ચય તો ત્રિકાળી જ્ઞાયકભાવનો પિંડ પ્રભુ સહજ પોતાની–નિજ મહિમામાં નિરંતર લીન છે. આહાહા!

એવો આત્મા તે ધર્મીને ઉપાદેય નામ આદરણીય છે. એની આગળ કોઈ ચીજ આદરણીય છે નહીં. સંવર અને નિર્જરા ને મોક્ષની પર્યાય પણ આવા આત્માના આશ્રય આગળ ધર્મીને આદરણીય નથી. હરિભાઈ! ભારે વસ્તુ આવી! અત્યારે તો ક્રિયાકાંડમાં બધું સલવાઈ ગયા છે. આ કરવું ને આ કરવું, આ વ્રત પાળવા, વ્રતના અતિચાર ટાળવા. પણ એ (વ્યવહાર) વસ્તુ જ જ્યાં અંદરમાં નથી. આહાહા!

આ દેહના રજકણો તો માટીના છે. એનાથી તો જુદો છે, પણ અંદરમાં કર્મના રજકણો છે એનાથી (પણ) ભગવાન આત્મા જુદો છે. એનાથી તો જુદો, પણ દયા-દાન-વ્રતના પરિણામ વિકારી છે એનાથી પણ જુદો છે. એનાથી તો જુદો, પણ એને જાણનારી વર્તમાન જ્ઞાનની પર્યાય જે છે એનાથી પણ જુદો છે. એને અહીં કારણપરમાત્મા ને આત્મા કહેવામાં આવે છે. આહાહા! **જે નિરંતર નિજ મહિમામાં લીન છે**. આહાહા! આ નિજ તત્ત્વ ત્રિકાળી, પોતાનો ત્રિકાળી સ્વભાવ એ જ આશ્રય કરવાલાયક ને ઉપાદેય છે. ધર્મીને બીજી કોઈ ચીજ ઉપાદેય છે નહીં. આહાહા! એ ૧૭૬ કળશ થયો. (હવે) ૧૭૭.

**सहजपरमं तत्त्वं तत्त्वेषु सप्तसु निर्मलं**
**सकलविमतलज्ञानावासं निरावरणं शिवम् ।**
**विशदविशदं नित्यं बाह्यप्रपंचपराङ्मुखं**
**किमपि मनसां वाचां दूरं मुनेरपि तन्नुमः ॥ १७७॥**

**શ્લોકાર્થ : સાત તત્ત્વોમાં સહજ પરમ તત્ત્વ...** પુણ્ય-પાપ તત્ત્વ, આસ્રવ-બંધ તત્ત્વ, સંવર, નિર્જરા ને મોક્ષ તત્ત્વ—એ બધા તત્ત્વોમાં સહજ પરમતત્ત્વ, ભગવાન ધ્રુવ પરમતત્ત્વ એ **નિર્મળ છે...** એ કેવળજ્ઞાનની પર્યાય આગળ પણ એ પરમતત્ત્વ નિર્મળ છે. આ કેવી વાત હશે! સાત તત્ત્વ હૈ કિ નહીં? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. **સાત તત્ત્વોમાં સહજ પરમતત્ત્વ...** નિત્યાનંદ પ્રભુ ધ્રુવતત્ત્વ કારણપરમાત્મા એ તત્ત્વ નિર્મળ છે. ઓહોહો! કેવળજ્ઞાની આગળ પણ આ સહજ તત્ત્વ નિર્મળ છે. કેવળજ્ઞાન તો એક સમયનો પર્યાય છે. બીજે સમયે નવો ઉગે ને કેવળજ્ઞાન થાય છે. એનું એ કેવળજ્ઞાન રહેતું નથી કેવળજ્ઞાન તો પર્યાય છે, ગુણ નથી. આહાહા! પ્રગટે એ પર્યાય પ્રગટે. ગુણ પ્રગટે? ગુણ તો ત્રિકાળ છે. એ પ્રગટેલી પર્યાય આગળ પણ (ત્રિકાળી) તત્ત્વ જે છે એ નિર્મળ છે, એમ કહે છે. આહાહા! સમજાય છે કાંઈ?

આ તો ભગવાન આત્માને કેમ ભેટા કરવા એની વાતું છે. સમ્યગ્દૃષ્ટિને આવો આત્મા અંદર શ્રદ્ધા-જ્ઞાન...... પરમતત્ત્વ જે ત્રિકાળી ધ્રુવ ભગવાન એ નિર્મળ છે. આહાહા! કેમકે એ તત્ત્વનો આશ્રય કરવા જેવો છે. સંવર, નિર્જરા ને મોક્ષની પર્યાયનો પણ આશ્રય કરવા જેવો નથી. કહો, સમજાય છે કાંઈ? આહાહા! આવી વાતેય કોઈક દિ' કાને પડે, ત્યાં બેસવી... આહાહા! દયા પાળો, અહિંસા પાળો, વ્રત કરો ને .. છોડી દો, વિષય છોડી દો, ફલાણું છોડી દો, ક્રોધ, માન..... બધી વાતું વ્યવહારની છે. એય! ભગવાન આત્મા એક સમયમાં, સાતેય તત્ત્વમાં પૂર્ણ તત્ત્વ ભગવાન નિર્મળ પોતે એ નિર્મળ છે. આહાહા! કે જેનો આશ્રય કરવાથી નિર્મળતા પ્રગટ થાય છે, કે જેના ઘરમાં એકલી નિર્મળતા જ ભરી છે. સમજાણું કાંઈ?

પણ ત્યારે આમાં વ્યવહાર ક્યાં ગયો? વ્યવહાર હોય, જાણવા જેવો છે, આદરવા જેવો નથી. વ્યવહાર એ તત્ત્વ છે. સમજાય છે કાંઈ? પર્યાય પોતે વ્યવહારતત્ત્વ છે. દયા, દાન,

આદિના વિકલ્પો વ્યવહાર અશુદ્ધતત્ત્વ છે. આ નવા સાંભળેને તો ભડકે. શું કહે છે? આપણો જૈનધર્મ આવો હશે? જૈનધર્મ તો દયા પાળવી, અપવાસ કરવા, ઉણોદરી કરવી, જાત્રા કરવી, ભક્તિ કરવી, પૂજાનો ઠાઠ રચાવવો બે-પાંચ હજાર, દસ હજાર ખરચીને. આવો ધર્મ સાંભળ્યો હતો. આ ધર્મ કઈ જાતનો? આહાહા!

યે એક હી ધર્મ હૈ. બાકી સબ બાતમેં રાગકી મંદતા હો તો પુણ્ય હૈ, ધર્મ નહીં, ધર્મકા કારણ નહીં. ધર્મનું કારણ તો આત્મા ત્રિકાળી ધ્રુવ તે. આહાહા! એમ આવ્યું કે નહીં એમાં? હરિભાઈ! દોષ જ છે સબ વ્યવહાર. એક સમયનો પર્યાય પણ આશ્રય કરવાલાયક નથી. કેમ કે પર્યાયમાંથી પર્યાય આવતી નથી. પર્યાય અંદર ધ્રુવમાંથી–ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ પ્રભુ દ્રવ્યમાંથી (આવે). સાત તત્ત્વોમાં... અહીં ચોખ્ખી વાત કરી. ઓલામાં, **તત્ત્વોમાં તે સહજ તત્ત્વ જયવંત છે**, એમ કહ્યું. અને ચોખ્ખું કર્યું કે ક્યું તત્ત્વ? કે આ. સહજ પરમતત્ત્વ ભગવાન આત્મા નિત્યપણે રહેનારું તત્ત્વ, એકરૂપ ધ્રુવ રહેનારું તત્ત્વ એ નિર્મળ છે.

**સકળ-વિમળ (સર્વથા વિમળ) જ્ઞાનનું રહેઠાણ છે...** પૂર્ણ જ્ઞાન એવું નિર્મળ, અંદર ત્રિકાળ હોં, એ એનું રહેઠાણ છે. કેવળજ્ઞાન રહેઠાણ નહીં, એ તો એક સમયની પર્યાય છે. **સકળ-વિમળ (સર્વથા વિમળ) જ્ઞાનનું** સ્થાન છે. ભગવાન આત્મા અંતર ધ્રુવ પૂર્ણ નિર્મળ જ્ઞાનનું સ્થાન છે. આહાહા! સમજાય છે કાંઈ? અંદર ભર્યું છે બધું. સકળ-વિમળ જ્ઞાન... કેવળજ્ઞાનની વાત નથી. પૂર્ણ જ્ઞાનસ્વભાવ ત્રિકાળ એવું જે સકળ-વિમળ જ્ઞાન એનું સ્થાન છે રહેઠાણ. રહેવાલાયક હોય તો એ તત્ત્વ છે. પૂર્ણ નિર્મળ જ્ઞાનને રહેવાને માટે હોય તો આ તત્ત્વ છે. આહાહા! એ જ્ઞાનમાંથી જ્ઞાનની પર્યાય આવે. કંઈ સાંભળવાથી, શાસ્ત્રમાંથી–પુસ્તકમાંથી આવતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્યના શ્લોક છે. પદ્મપ્રભમલધારિદેવ નગ્ન દિગંબર સંત હતા. આત્મજ્ઞાની, ધ્યાની, ભાવલિંગી મુનિ હતા. જેને આત્મા ત્રણ કષાયના અભાવથી ખીલી ગયો હતો. જે જંગલમાં વસતા હતા. મુનિઓ જંગલમાં જ વસે અને મુનિઓ દિગંબર જ હોય. એને વસ્ત્રનો તાણો પણ હોય નહીં. આવી (-ભાવલિંગ) દશા હોય તો ઓલાને વ્યવહાર કહેવાય. ત્રિકાળી આનંદકંદનો આશ્રય લઈને જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થયું હોય એ નિશ્ચય, પછી પંચમહાવ્રતના પરિણામ ને નગ્નદશા (હોય) એને વ્યવહાર કહેવામાં આવે.

પણ જો આ ચીજ નથી (તો) થોથા છે. એના પાંચ મહાવ્રત ને નગ્નપણું થોથા છે. એ મુનિપણું નહીં. મુનિપણું તે રાગ એ મુનિપણું હશે? શરીરની ઝટ નગ્નદશા એ મુનિપણું છે? ભગવાન ત્રિલોકનાથ આત્મા પરમ વિમળ જ્ઞાનનો નાથ એને આશ્રયે પ્રગટેલું જે જ્ઞાન, શ્રદ્ધા ને શાંતિ એ મુનિપણું છે. એની તો જેને ખબરેય ન હોય એને ક્યાંથી આ પ્રગટે? આ કાંઈ કરશું તેમાંથી પ્રગટશે. એ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યા આચરણ છે. સમજાણું કાંઈ?

કેવો છે? **નિરાવરણ છે...** ભગવાન આત્માનું સ્વરૂપ ત્રિકાળી નિરાવરણ છે. એને આવરણ-ફાવરણ છે નહીં. (કર્મના) આવરણનું નિમિત્ત તો વર્તમાન પર્યાયની સાથે છે. ત્રિકાળીને આવરણ-ફાવરણનું નિમિત્ત કાંઈ છે નહીં. ત્રિકાળી ભગવાન નિરાવરણ અંદર બિરાજે છે. આહાહા! નિરાવરણ છે, એ **શિવ (કલ્યાણમય) છે...** ભગવાન આત્મા શિવ છે. કલ્યાણની મૂર્તિ છે ત્રિકાળ હોં. ત્રિકાળ કલ્યાણસ્વરૂપ છે. એનો આશ્રય લે એને કલ્યાણદશા પ્રગટ થાય છે. કહો, અમરચંદભાઈ! આવું ભારે આકરું. લોકો પણ એવા-એવા.... મારફાડ કરીને કહે છે. એક જ ત્રિલોકનાથ ધ્રુવ તારું તત્ત્વ, ધ્રુવ ચિદાનંદ ભગવાન અનાદિ-અનંત એવું એક તત્ત્વ એ ચીજ તું (છો), તે સદા નિરાવરણ અને કલ્યાણમય છે. એ શિવસ્વરૂપ છે. શિવ એટલે ઓલા શંકર નહીં હોં. શિવ એટલે કલ્યાણ સ્વરૂપ. ત્રિકાળ સ્વરૂપ એ કલ્યાણસ્વરૂપ જ છે, કે જેનો આશ્રય લેવાથી કલ્યાણદશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે. સમજાય છે કાંઈ?

**સ્પષ્ટ-સ્પષ્ટ છે...** અત્યંત સ્પષ્ટ છે એમ કહે છે મૂળ તો. અત્યંત પ્રગટ છે, પ્રત્યક્ષ છે એમ કહે છે. વસ્તુ જે છે અંદર ત્રિકાળી આનંદકંદ પ્રભુ, એ મતિ-શ્રુતજ્ઞાનમાં અત્યંત સ્પષ્ટ છે. અહીં એ નથી કહેવું. આ તો ત્રિકાળી અત્યંત સ્પષ્ટ જ વસ્તુ છે. એ મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાનમાં પ્રત્યક્ષ આવે છે. સમજાણું કાંઈ? ત્યારે એને સમ્યગ્દર્શન કહેવાય છે. કેમ? **સ્પષ્ટ-સ્પષ્ટ છે**. એટલે બેનો અર્થ અત્યંત સ્પષ્ટ છે. દ્રવ્યે સ્પષ્ટ છે, ગુણે સ્પષ્ટ છે અને અત્યંત સ્પષ્ટ છે. પરિપૂર્ણ સ્પષ્ટ પ્રભુ અંદર એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ, નિત્યાનંદ નિજ સ્વરૂપ સ્પષ્ટ-સ્પષ્ટ અત્યંત છે. એમ કહીને એમ કહ્યું કે એવો જે સ્પષ્ટ-સ્પષ્ટ ભગવાન આત્મા, એનો જે આશ્રય લે છે તો એવા મતિ અને શ્રુતજ્ઞાનમાં સ્પષ્ટપણે એ આત્મા જણાય છે. સમજાણું કાંઈ?

મતિ ને શ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થાય છે એમ કહે છે. મતિ-શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યું છેને તત્ત્વાર્થસૂત્રમાં? એ તો પરને (જાણવાની) અપેક્ષાએ. સ્વને (જાણવાની) અપેક્ષાએ પ્રત્યક્ષ છે. આહાહા! દિગંબર સંતોની વાણી તો જુઓ! એક વાર તો જરી ઉભા કરે એવું છે. પ્રમાદમાં પડ્યો હોય, જાગ રે જાગ! તારામાં તાકાત અનંતી પડી છે. એ તાકાતમાંથી અનંતમા ભાગની તાકાત–પુરુષાર્થ તારે (પ્રગટ) કરવાની છે. આહાહા! અનંતું.. અનંતું ત્રિકાળ બળ પડ્યું છે અંદર. એનો આશ્રય લેતા જે અનંત બળની પર્યાય પ્રગટ થાય એ તો અનંતમા ભાગની પ્રગટ થાય છે. આહા! આવું નિશ્ચયનું સ્વરૂપ એકલું? એ કોને લઈને (પ્રગટ) થાશે? શું વ્યવહાર કારણ-ફારણ હશે કે નહીં? .... એ કારણ પણ, ત્રિકાળી વસ્તુ તે કારણ છે. એ પંડિતજી! આહાહા! વસ્તુ હોય ત્યાં જાયને.

**નિત્ય છે...** આત્માનો સ્વભાવ જે ત્રિકાળી આનંદ પ્રભુ એ તો નિત્ય છે. કેવળજ્ઞાન આદિની પર્યાય જે થાય એ તો અનિત્ય છે. કેવળજ્ઞાન પર્યાય પણ અનિત્ય છે. કારણ કે સમયે-

સમયે ઉત્પાદ-વ્યય ઉત્પાદ-વ્યય થયા કરે છે. આ વસ્તુ તો ત્રિકાળ નિત્ય છે. આહાહા! સમજાય છે કાંઈ? **નિત્ય છે, બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ છે...** અલિંગગ્રહણમાં તો આવ્યું છે કે યતિની બાહ્યક્રિયાનો જેમાં અભાવ છે. ૨૮ મૂળગુણનો વિકલ્પ ને નગ્નપણું એ ચીજમાં છે જ નહીં. યતિની બાહ્યક્રિયાનો જેમાં અભાવ છે. આહાહા! સમજાણું કાંઈ?

૨૦ બોલ છેને અલિંગગ્રહણના (એમાં) ૧૭મો બોલ છે. ૨૦ બોલમાં ૧૭મો બોલ છે. યતિની બાહ્યક્રિયાનો જેમાં અભાવ છે. ૨૮ મૂળગુણ જેને કહીએ એ બધા વિકલ્પો ને રાગ છે. નગ્નદશા અજીવની ને રાગ તે આસ્રવ. એ આસ્રવ ને અજીવના તત્ત્વથી ભગવાન આત્મા ભિન્ન છે. સમજાણું કાંઈ? પંચમહાવ્રતના પરિણામ પણ આસ્રવ છે, સંવરધર્મ નહીં. અને દેહની ક્રિયા એ તો જડની–અજીવની છે. એ દેહની અવસ્થા અને રાગના પરિણામ આસ્રવ, એનાથી ભગવાન ભિન્ન છે અંદર. આહાહા! આવો આત્મા!

અહીં તો સાંભળવામાં એમ આવે કે આત્માએ આમ કરવું, દયા પાળવી, ષોડશકારણ ભાવના કરવી (તો) તીર્થંકરગોત્ર બંધાય. 'ષોડશકારણ ભાવના ભાય' આવે છે કે નહીં? ષોડશકારણ ભાવના એ તો રાગ–આસ્રવ છે. શું કહેવું છે તારે? કહે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આસ્રવ છે, ધર્મ નહીં. ધર્મની પર્યાય તો ત્રિકાળી ભગવાન આનંદકંદને આશ્રયે પ્રગટ થાય છે. આહાહા! અરે! સાંભળવા મળે નહીં એ કે દિ' વિચારે, કે દિ' રુચિમાં લે અને ક્યારે પરિણમે? આહાહા! દુર્લભ વસ્તુ છે (એમ લોકો કહે છે). સુલભને દુર્લભ કરી નાખી છે.

**બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ છે...** જેટલા વ્યવહારના વિકલ્પ... મુનિ કહેવા માંગે છે. વ્યવહારના વિકલ્પ ને વિધિએ આમ કરવું, ન કરવું—એવા વિકલ્પ બધા, એવા પ્રપંચથી તો પરાઙ્મુખ છે આત્મા. નિત્યાનંદ ભગવાન ધ્રુવ કારણપરમાત્મા જે પ્રભુએ કહ્યો, એવો જે ત્રિકાળી સ્વભાવ પુણ્ય-પાપના વિકલ્પથી પરાઙ્મુખ–જુદો છે. પરાઙ્મુખ–એનાથી વિમુખ છે. આહાહા! **અને મુનિને પણ મનથી તથા વાણીથી અતિ દૂર છે...** મુનિને પણ... સમકિતીને તો છે, પણ મુનિ, જેને અંતર આનંદના ધામમાં આવીને ચારિત્ર પ્રગટ્યા, એને પણ મન ને વાણીથી દૂર છે. મન, વાણીથી તે જણાય એવો નથી. આવું આ પાંચમા આરાના માટે હશે? તો કોને માટે આ કહે છે? પાંચમા આરાના સંત પાંચમા આરાના જીવને માટે કહે છે. ચોથો આરો ક્યાં છે અત્યારે?

મુનિ ધર્માત્મા જેને અંતરમાં ત્રણ કષાયનો અભાવ થઈને અનંતી-અનંતી શાંતિ સ્વભાવને આશ્રયે પ્રગટ થઈ છે, એવા સંત જે પંચ પરમેષ્ઠીમાં મળે છે, ભળે છે, એને પણ મનથી, વાણીથી અતિ દૂર છે. આ વાણી તો જડ છે, મન પણ જડ છે. અને ભાવમન તો સંકલ્પ ને વિકલ્પ એ તો રાગ છે. એનાથી દૂર છે. **અતિ દૂર છે**, એમ પાછું. આહાહા! મનથી જણાય

એવો નથી, વાણીથી સંભળાય એવો નથી. વાણીથી સંભળાય એ આત્મા નહીં એમ કહે છે. આહાહા! આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય નથી હોં. બધે ગોટા વાળ્યા છે. અન્યમતિ વેદાંતીઓએ તો મોટા ગોટા વાળ્યા છે. વેદાંતમાં આવી વાતું કરે, આત્મા આવો ને આવો, સર્વવ્યાપક છે ને બધાં (અસ્તિત્વ) થઈને એક જ છે—એ ગોટેગોટા છે.. આહાહા! આ વસ્તુ ભગવાન, મુનિ કહે છે તે પ્રમાણે છે. એ સિવાય ક્યાંય છે નહીં.

**તેને અમે નમીએ છીએ.** આહાહા! આવું તત્ત્વ જે ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદ ને શિવસ્વરૂપ આત્મા ધ્રુવ એને અમે વંદન કરીએ, નમીએ છીએ. અમારું વલણ તેમાં જાય છે. પુણ્ય-પાપના વ્યવહારમાં અમારું વલણ જાતું નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? તીર્થંકર ભગવાનને વંદન કરવું એ પણ એક શુભભાવ છે, ધર્મ નહીં. આ તો કહે, અમે આને નમીએ છીએ. પોતાનો ભગવાન આત્મા આબાળ-ગોપાળ દેહની અંદર બિરાજમાન (દેહથી) ભિન્ન પ્રભુ છે. સમજાણું કાંઈ? બાળક હો, વૃદ્ધ હો, યુવાન હો, સ્ત્રી હો, પુરુષ હો, એ તો જડ માટીના પૂતળાના નામ છે. ભગવાન આત્મામાં એ તો કાંઈ છે નહીં. આહાહા!

એવો આત્મા તેને અમે નમીએ છીએ એમ કહે છે. આહાહા! અમે એટલે બધા મુનિઓ ધર્માત્મા. અમારું નમન જાય છે તો ત્યાં જાય છે. નિત્યાનંદ પ્રભુ એમાં અમારી નજર હોવાથી, એમાં અમારી લીનતા હોવાથી અમે તેને જ નમીએ છીએ. કહો, સમજાય છે કાંઈ? એ વીતરાગી પરિણતિની વાત કરે છે. વીતરાગી પરિણતિ એ તરફ ઢળેલી છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો બધું એકલું નિશ્ચય.. નિશ્ચય (કહે છે). સાચેસાચું, નિશ્ચય એટલે સાચું. વ્યવહાર એટલે ઉપચાર આરોપ. આહા! અરેરે! માણસપણા અનંતવાર મળ્યા, અનંતવાર દ્રવ્યલિંગી સાધુ થયો.

છઢાળામાં આવે છેને? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ (સહિત) મુનિવ્રત અનંતબૈર ધારણ કિયા, પણ લેશ સુખ ન પાયો. એનો અર્થ કે પંચમહાવ્રતના પરિણામ ને ૨૮ મૂળગુણ એ દુઃખરૂપ છે, આસ્રવ છે એટલે દુઃખરૂપ છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' એટલે કે એ પંચમહાવ્રતના પરિણામમાં સુખ નથી, એ તો આસ્રવ–રાગ છે.

આત્મા એ રાગથી ભિન્ન ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જેમાં આનંદ છે, એનો આશ્રય કરે તો આનંદ થાય છે, એને આત્મજ્ઞાન કહેવામાં આવે છે. એ આતમજ્ઞાન કર્યું નહીં. મુનિવ્રત, બાર વ્રત ને ઢીંકણા ને ફીકણા ને પંચમહાવ્રતને પાળ્યા, ધૂળધાણી ને વાપાણી. એમાં કાંઈ આત્માનું કામ સર્યું નહીં. આહાહા! લોકોને બહારની ક્રિયાકાંડનો મહિમા (છે તેથી) મિથ્યાદૃષ્ટિને અંતરની મહિમા આવતી નથી.

ચીજ આ છે. વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં આ આવ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા! **અમે નમીએ છીએ** એમ કહે છે. ઓહોહો! સદાય.. સદાય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ નિર્વિકલ્પતત્ત્વ એમાં અમારું વલણ છે. વલણ નામ એમાં અમે ઝૂક્યા છીએ, એમાં અમારી દશા છે. રાગ ને પુણ્ય-પાપ એ વાત અમારામાં નથી, એ ભિન્ન છે. વ્યવહાર રત્નત્રયના વિકલ્પ ઉઠે એમાં અમે નથી, એ તો આસ્રવ છે. આસ્રવમાં અમે નથી અને અમે છીએ ત્યાં આસ્રવ નથી. આહાહા! અરે! એવી વાતેય સાંભળી નહીં અને ધર્મ કર્યા, ધર્મ કર્યા, ધર્મ કર્યા (એમ) પોકાર કર્યા. ધૂળેય ધર્મ નથી, સાંભળને! ધર્મ મોંઘા છે, દુર્લભ છે અનાદિકાળના અણ-અભ્યાસે. સમજાય છે કાંઈ? આ બે શ્લોક થયા લ્યો. હવે બે આવશે એ પર્યાયના આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો વદ ૬, શુક્રવાર, તા. ૨૭-૧૦-૧૯૭૨
## શ્લોક-૧૭૮-૧૭૯, ગાથા-૧૧૩, પ્રવચન નં. ૧૩૧

નિયમસાર, પરમ આલોચના અધિકાર. ૧૭૮ કળશ છે. કળશ છે.

**जयति शांतरसामृतवारिधि-**
**प्रतिदिनोदयचारुहिमद्युतिः ।**
**अतुलबोधदिवाकरदीधिति-**
**प्रहतमोहतमस्समितिर्जिनः ॥१७८॥**

વીતરાગ ભગવાન પરમાત્મા અરિહંત થયા એના ગુણગ્રામ ગાય છે. કાલે બે શ્લોકમાં તો દ્રવ્યદૃષ્ટિની વ્યાખ્યા હતી. હવે એ વસ્તુ જે આત્મા, પરમાનંદની મૂર્તિ પ્રભુ આત્મા, અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા એના આશ્રયે, સુખસ્વરૂપ ભગવાન આત્મા એના આશ્રયે, સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ એને આશ્રયે થાય છે. શાંતિ, સુખ આત્માના આનંદ સિવાય ક્યાંય છે નહીં. પૈસામાં, આબરૂમાં, કીર્તિમાં, ભોગમાં, ખાવા-પીવામાં સુખ માને છે એ ભ્રમ છે, ઝેર પીવે છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે એને છોડીને કોઈપણ પરચીજમાં કંઈક પણ પ્રસન્નબુદ્ધિ, હિતબુદ્ધિ, સુખબુદ્ધિ થાય, એ હળાહળ ઝેર પીવે છે. આહાહા! સમજાય છે કાંઈ?

અમૃતનો સાગર પ્રભુ, વસ્તુ તરીકે એનું અતીન્દ્રિય અમૃત આનંદનું સ્વરૂપ છે. અરે! એના તરફના ઝુકાવ ને વલણ વિના... આ આલોચનાનો અધિકાર છેને. એને જોવું, જાણવું, માનવું છોડી દઈને પરને જોવે, જાણે ને માને એ એકલું મિથ્યાત્વ, અજ્ઞાન ને ઝેર છે. દલીચંદભાઈ! આવી વાત છે ભાઈ! આહાહા! જેણે ઝેરને ટાળ્યા છે અને અમૃતસાગરપ્રભુ એના અવલંબે–આશ્રયે જેણે સર્વજ્ઞપદ–પરમાત્મપદ–અરિહંતપદ પ્રાપ્ત કર્યું છે એની અહીંયા પ્રશંસાની વ્યાખ્યા છે. સમજાય છે કાંઈ?

**શ્લોકાર્થ : જે (જિન)...** શ્લોકાર્થ છે ૧૭૮નો. જિન–વીતરાગ પરમાત્મા **શાંત રસરૂપી અમૃતના સમુદ્રને ઉછાળવા માટે...** આહાહા! કહે છે કે ભગવાન આત્મામાં અંતરમાં શાંત.. શાંત.. શાંત અતીન્દ્રિય રસ ધ્રુવપણે અંદર પડ્યો છે. એને પ્રગટ કરીને ઉછાળવામાં... શાંતરસરૂપી અમૃત... આહા! પુણ્ય ને પાપના શુભાશુભભાવ એ તો ઝેર છે. ભગવાન આત્માએ–પરમાત્માએ અતીન્દ્રિય અમૃતરૂપી સાગર એવા ભગવાન આત્મામાં એકાગ્ર થઈ જેણે શાંતરસને ઉછાળ્યો છે. દરિયામાં જેમ ભરતી આવે ભરતી. ભરતી સમજતે હો? બાઢ આતી હૈ ન બાઢ? આહા!

એમ ભગવાન પરમાત્મા અરિહંતને... અંતર અમૃતસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ મોજૂદ ચીજ છે–વસ્તુ છે એમાંથી પ્રગટ કરીને **શાંતરસરૂપી અમૃતના સમુદ્રને,** આહાહા! **ઉછાળવા માટે પ્રતિદિન ઉદયમાન સુંદર ચંદ્ર સમાન છે...** જેમ પૂનમના ચંદ્રથી દરિયામાં બાઢ આવે–ભરતી આવે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ચંદ્રમાના પૂનમને દિ'. કેમકે ચંદ્રની કળા પૂર્ણ પૂનમને દિ' થાય છે, સોળ કળા તે દિ' ખીલે છે. તે દિ' દરિયાને નિમિત્ત છે ને દરિયો તે દિ' ઉછળે છે. ભરતીમાં તે દિ' ઉછળે છે.

એમ પરમાત્માના આત્માએ શાંત.. શાંત.. વીતરાગીરસ, આહાહા! એવા અમૃતના સમુદ્રને ઉછાળવા માટે પ્રતિદિન (અર્થાત્) સમય-સમયમાં ઉદયમાન સુંદર ચંદ્ર સમાન છે. જેની દશામાં શાંતરસ ઝરે છે પૂરો, એને અહીંયા અરિહંત પરમાત્મા (કહે છે). 'ણમો અરિહંતાણં' કહે છેને. એ ણમો બોલે એને ખબર પણ ન મળે (કે) અરિહંત કોણ હોય ને અરિહંત શું છે, શું કરવા એ નમસ્કાર કરવાલાયક છે. એણે આત્માના અતીન્દ્રિય આનંદનો અમૃતનો સાગર એની પર્યાયમાં ઉછાળ્યો છે. બહાર લાવ્યા છે અંદરથી. આહા! સમજાણું કાંઈ?

વિકલ્પથી માંડીને બધી દુનિયા પ્રત્યેથી ઉદાસ થઈ, આત્માના આનંદમાં ગરકાવ થઈને, એકાગ્ર થઈને જેણે સુંદર ચંદ્ર સમાન... સુંદર ચંદ્ર સમાન, પાછું એમ. તે દિ' ચંદ્રને કાંઈ વાદળ કે એવું (હોય) નહીં. આહાહા! એવા સુંદર ચંદ્રમા જેમ દરિયામાં બાઢ–ભરતી લાવે, એમ પરમાત્માએ અનંત આનંદનો નાથ પ્રભુ અંદર આત્મા એમાં એકાગ્ર થઈને એની પર્યાયમાં–અવસ્થામાં–વર્તમાન દશામાં અમૃતના સાગરને ઉછાળ્યા છે. આહાહા! જેની પર્યાયમાં અનંતું અમૃતપણું પ્રગટ થઈ ગયું છે. સ્વભાવમાં તો અમૃતસ્વરૂપ હતું. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર–અમૃતનો સાગર છે. એના સમ્યગ્દર્શનના સુખમાં, સમ્યગ્દર્શન એનું થતાં જેને આનંદના લેશ (-આંશિક) સ્વાદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો સડેલા મીંદડા ને કૂતરા જેવા લાગે. સમજાય છે કાંઈ?

એવો જે ભગવાન આત્મા એને પહેલો સમ્યગ્દર્શન દ્વારા આશ્રય કરી જેને આનંદના સ્વાદ આવ્યા હતા, વિશેષપણે અંદરમાં એકાગ્ર થઈને વીતરાગભાવ દ્વારા એકાગ્ર થઈ અમૃતના વીતરાગના વહેણલા જેની દશામાં વાયા, એને અરિહંત કહીએ. સમજાય છે કાંઈ? એ **પ્રતિદિન ઉદયમાન**... આહાહા! ચંદ્ર તો અમુક વખતે પૂનમ થાય, વળી ચૌદશ થાય, વળી તેરસ થાય, બારસ થાય. આ તો સમય-સમય પ્રત્યે, એક સેકંડના અસંખ્ય ભાગમાં–એક સમયે, સમય-સમય પ્રત્યે સુંદર ચંદ્ર સમાન... જેમ દરિયામાં ઉછાળો લાવે ચંદ્ર, એમ જેને આત્માની શાંતિનો પર્યાયમાં ઉછાળો આવ્યો છે, ભરતી આવી છે. આહાહા! બે (શ્લોકમાં) દ્રવ્યદૃષ્ટિની વાત હતી, આ પ્રગટ થયેલી પર્યાયની વાત છે. સમજાય છે કાંઈ?

**અને જેણે અતુલ જ્ઞાનરૂપી સૂર્યનાં કિરણોથી...** આહાહા! ચૈતન્ય ભગવાન જ્ઞાન-સ્વભાવી પ્રભુ જેના જ્ઞાનના ગર્ભમાં અનંતા-અનંતા કેવળજ્ઞાની પર્યાયો પડી છે, ત્યારે કેવળજ્ઞાનનો પ્રસવ–ઉત્પત્તિ એમાંથી થાય છે. એવો જે ભગવાન આત્મા અતુલ જ્ઞાનસૂર્યના કિરણોથી... ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ એમાં એકાગ્ર થઈને, ઉપમા વિનાના જ્ઞાનરૂપી સૂર્યની પર્યાય–કિરણ એનાથી **મોહતિમિરના સમૂહનો નાશ કર્યો છે**... ભગવાને પર તરફના વલણના રાગનો નાશ કર્યો છે. પોતાના વલણની પૂર્ણ દશા જેણે પ્રગટ કરી છે. આહાહા! કહો, સમજાય છે કાંઈ? આવો વીતરાગ સર્વજ્ઞનો ધર્મ છે. તીર્થંકરદેવ અરિહંત પરમાત્મા આત્માની પર્યાયમાં શાંતસાગર ઉછળીને લાવ્યા છે. શાંતિના, અનંત આનંદના વેદનમાં ને જ્ઞાનની પ્રગટ કિરણની દશા દ્વારા જેણે રાગ ને દ્વેષ ને અજ્ઞાન સ્વભાવને હણી નાખ્યો છે. એમ કહીને હણવાનો ઉપાય પણ આત્માના અંદર સ્વભાવમાં એકાગ્ર થવું એ એક જ છે. મલૂકચંદભાઈ! આ સ્વરૂપની વ્યાખ્યા ચાલે છે.

**કિરણોથી મોહતિમિર**—પર તરફના સાવધાનીનો ભાવ એવો જે અંધકાર **નાશ કર્યો છે**... પ્રકાશ પ્રગટ કર્યો ને અંધકારનો નાશ કર્યો છે. આહાહા! આવા અરિહંત ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર છે. અરિહંતોના વાડામાં જન્મ્યાને અરિહંત કેવા હોય અને અરિહંતપણું ક્યાંથી પ્રગટ થયું એની ખબર ન મળે. એકાદ અપવાસ કર્યા, બહુ તપસ્યાઓ કરી ને કેવળજ્ઞાન પામ્યા. આહાહા! ભાઈ! તને ખબર નથી. અપવાસાદિની વાત એ તો વિકલ્પ–રાગ છે. એનાથી કેવળજ્ઞાન થાય નહીં. ભગવાન જેમાં પૂર્ણ જ્ઞાનસ્વરૂપ પડ્યું છે, અનાદિ પડ્યું જ છે પૂર્ણ. એમાં એકાગ્ર થવાથી જ્ઞાનના પ્રકાશનો કિરણ થાય અને અજ્ઞાનનો અંધકાર નાશ થાય છે. જ્ઞાનપ્રકાશનો ઉત્પાદ, અંધકારનો નાશ, ધ્રુવપણાની કાયમ .... સમજાણું કાંઈ?

**તે જિન જયવંત છે.** આહાહા! મુનિરાજ શું કહે છે? જિન અમારી શ્રદ્ધામાં જયવંત વર્તે છે. ક્યાં હશે, કેમ હશે એમ (શંકા) છે નહીં. અરિહંત ભગવાન મહાવિદેહમાં બિરાજે છે, કહે છે કે તે જયવંત વર્તે છે. એવા પરમાત્માની હાજરી મનુષ્યદેહમાં મહાવિદેહમાં અત્યારે છે. સમજાય છે કાંઈ? ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા, પણ મહાવિદેહમાં વિરહ છે નહીં. જયવંત વર્તે એમ કહીને.... આહાહા! પરમાત્મા જિન જયવંત વર્તે છે. અમારી દૃષ્ટિમાં ભગવાન તરવરે છે. આત્મા પૂર્ણાનંદનો નાથ તો તરવરે, પણ વિકલ્પ આવ્યો છે તો એવા અરિહંત પણ અમારી દૃષ્ટિમાં તરવરે છે. બિરાજમાન તીર્થંકર જયવંત છે. આહાહા! સમજાય છે કાંઈ? આ વંદન કરવાના વિકલ્પની એ રીત છે.

**તે જિન જયવંત છે**. વીતરાગભાવે અતીન્દ્રિય આનંદની પર્યાયની ભરતી લાવીને ભગવાન બિરાજે છે તે જયવંત છે. ક્યાં હશે, કેમ હશે—એમ (શંકા) નથી. આહાહા! ભગવાન

બિરાજે છે મહાવિદેહમાં. જિન ભગવાન જયવંત છે, જેણે અંતરના ભગવાનને ઢંઢોળીને–જગાડીને પરમાત્મપદ મેળવ્યું છે. સમજાણું કાંઈ? બીજો શ્લોક ૧૭૯.

**विजितजन्मजरामृतिसंचयः**
**प्रहतदारुणरागकदम्बकः ।**
**अघमहातिमिरव्रजभानुमान्**
**जयति यः परमात्मपदस्थितः ॥१७९॥**

**શ્લોકાર્થ : જેણે જન્મ-જરા-મૃત્યુના સમૂહને જીતી લીધો છે...** આહાહા! આ તે વાત! અરે! ચોરાશી લાખના અવતાર કરી કરીને મરી ગયો અનંત વાર. છે એ પ્રાણી દુઃખી છે. સમજાય છે કાંઈ? જેને, મિથ્યાત્વભાવ, રાગમાં સુખ છે, પુણ્યમાં ધર્મ છે, પરચીજની સગવડતામાં પ્રસન્નતા છે—એવી જે બુદ્ધિ મિથ્યાત્વ છે એવી બુદ્ધિથી જન્મ-મરણ ચોરાશીના કરી રહ્યો છે. સમજાણું કાંઈ? આહાહા! અહીંયા તો અબજોપતિ દેખાય બહારમાં, (પણ) અંદરમાં રાગના ભાવને, શરીરને પોતાનું માનતા મિથ્યાત્વના ભાવનું ઝેર પીવે છે એ. દુઃખી છે દુઃખી. એવા દુઃખને (અર્થાત્) **જન્મ-જરા મૃત્યુના સમૂહને**... આહાહા! જેણે જીતી લીધો છે.

અજ્ઞાનભાવથી જે સંસાર હતો જન્મ-જરા-મરણ... આહાહા! એકેક મનુષ્યના ભવમાં નવ-નવ મહિના ઊંધે માથે લટકવા જેલમાં, એવા અનંતા ભવ અને તેના પ્રસવકાળે એના દુઃખો ભૂલી જાય... એ બધા દુઃખો (અર્થાત્) જન્મ-જરા મૃત્યુના સમૂહને જેણે જીતી લીધો છે. જિન છેને જિન. જિન એટલે જીત્યા છે. એણે આ જીત્યું છે. **જેણે દારુણ રાગના સમૂહને હણી નાખ્યો છે...** જન્મ-મરણની પહેલી સાધારણ વાત કરીને એનું કારણ (બતાવે છે). આહાહા! રાગનો કણ પણ દુઃખરૂપ છે. ચાહે તો શુભરાગ હો કે અશુભ રાગ. આહાહા! દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, જાત્રાનો રાગ એ તો પુણ્ય છે, એ રાગ પણ દુઃખ છે. **જેણે દારૂણ રાગના સમૂહને હણી નાખ્યો છે**... આકરો જે રાગ, અગ્નિ જેવો દાહ, એવા રાગને હણી નાખ્યા જેણે.

**જે પાપરૂપી મહા અંધકારના સમૂહને માટે...** પાપ ને પુણ્યભાવ બેય પાપ છે. શુભ ને અશુભભાવ બેય પાપ છે. એવા મહા અંધકારના સમૂહને... મહા અંધકાર.. આહાહા! પ્રકાશની મૂર્તિ પ્રભુ છે, ત્યારે પુણ્ય ને પાપના ભાવ મહા અંધકાર છે. સ્વરૂપચંદભાઈ! અહીં તો આ વાત છે ભાઈ! અરે! ચોરાશીના અવતાર માથે ... પડી છે અને અહીં ખુશી–રાજીપો બતાવે છે, એ પાગલ છે. સમજાય છે કાંઈ? જેને માથે જન્મ-જરા-મરણ તોળાઈ રહ્યા છે, આ ચોરાશીના અવતાર. આહાહા! અને વર્તમાનમાં એ સંયોગની સગવડતામાં રાજીપો બતાવે છે. પાગલ છે કહે છે, ગાંડો છે, ઘેલો છે. આહાહા! એ હરિભાઈ! શું હશે આ?

બાયડી પરણીને આવે અને આહાહા.. જાણે શું જીત્યા. એ આવે છેને 'જીત્યા ટોડરમલ..' ...... દૂધ ફાટી જાય એ બીજી વાત છે. આ તો પરણવા જાય ત્યારે એમ કહે છે. શું

લાવ્યો? જાણે જીત્યા ટોડરમલ. જાણે આ તો શું લઈને આવ્યા? કરોડપતિની દીકરી, દસ લાખનો, શું કહેવાય એને? કરિયાવર. આહાહા! મરી ગયો છે, સાંભળને માળા! તારા મોહના–રાગના દારૂણમાં સળગી ગયો છે. તને ખબર નથી અને તને રાજીપો આવે છે. આહાહા! એવા મહા અંધકારને જેણે નાશ કરી નાખ્યો છે.

એ દાદુમાં આવે છે. 'દાદુ દુનિયા બાવરી, ખોટા કરે ગલ..' એમાં આવે છે ભાઈ! વળી યાદ આવ્યું પાછું. 'દાદુ દુનિયા બાવરી, ખોટા કરે ગલ, ગાડે બેસાડીને હેલ લાવ્યા ને જાણે જીત્યા ટોડરમલ.' એ (દોહો) છે. સમજાણું કાંઈ? 'દાદુ દુનિયા બાવરી..' અરેરે! દુનિયા ગાંડી છે, પાગલ છે. 'દાદુ દુનિયા બાવરી, ખોટા કરે ગલ..' ખોટા રાજીપા કરે છે. ભગવાનજીભાઈ! આહાહા! એમાં પાંચ લાખ પેદા થાય મહિને અને બાયડી પરણીને આવે તો એમ કહે કે આ તો કંકુવરણી બાઈ છે હોં. બહુ પુણ્યશાળી બહુ પણ. પરણ્યા ને પાંચ લાખ પેદા થયા.

એક કહેતો હતો કે આ બાયડી પરણ્યા ત્યારથી નખ્ખોદ વળી ગયું છે. રાણપરમાં એ રહેતા.... મગનભાઈ નહોતા? ...... નવી પરણ્યા. બાઈ તો ઓલી હતી પણ નવી પરણ્યા.... વિસાશ્રીમાળી હતા.... મગનભાઈ લાંબા. નવી પરણ્યા હતા. નવી પરણ્યા એટલે ઘસારો લાગે.... વહોરવા જાઈએ તો કાંઈ ન મળે. ..... અરે! ધૂળેય નથી, સાંભળને! ....... આહાહા! ...... એવી બાઈ આવી હોય તો કહે, કંકુવરણે પગલા ઘરમાં આવ્યા ત્યારથી ઘર ભરાણું છે. ઘર ભરાણું છે કે હોળી સળગી છે? તારા ઘર ભર્યા છે બધા અંદરમાં. આહા! ભાન ન મળે. પાગલ છે માળા, કહે.

વીતરાગ પરમાત્મા... આહા! સમાધિશતકમાં પૂજ્યપાદ સ્વામી તો ત્યાં સુધી કહે છે કે અમથો સમ્યગ્દષ્ટિ હોય ને રાગ આવે તોય પાગલ છે.. આહાહા! રાગ આવે શુભરાગ હોં. આહાહા! એને .... પાગલપણું છે કહે છે. અરર! એને ઠેકાણે રાગમાં હિત માને, લાભ માને એ તો પાગલનો સરદાર છે. આહાહા!

**પાપ ને પુણ્યરૂપી મહા અંધકારના સમૂહ માટે સૂર્ય સમાન છે...** સૂર્ય ઉગે ને અંધકાર રહે નહીં. એમ જ્યાં ચૈતન્યસૂર્યને જગાડીને કેવળજ્ઞાન પામ્યા, ત્યાં અંધકારનો અણુ પણ રહેતો નથી. **અને જે પરમાત્મપદમાં સ્થિત છે...** પરમાત્મપદ અહીંયા પર્યાયની વાત છે હોં. પોતાનું પરમસ્વરૂપ જે હતું પૂર્ણાનંદ અંદર, એમાં એકાગ્ર થઈને પર્યાયમાં પરમાત્મપદ લાવ્યા છે, પ્રગટ થયું છે **તે** પ્રભુ **જયવંત છે.** આહાહા! જુઓ! આલોચનાના અધિકારમાં છેલ્લી આ વાત મૂકી. આહાહા! સમજાણું કાંઈ?

પરમાર્થ વસ્તુ–ભગવાન ત્રિકાળી આનંદ ને જ્ઞાનસ્વરૂપ પ્રભુ એનું આલંબન જેણે લીધું, એને ઉગ્ર આલંબને તો કેવળજ્ઞાન પ્રગટ થાય. જઘન્ય આલંબને સમકિત થાય, મધ્યમ

આલંબને ચારિત્ર, ઉત્કૃષ્ટ આલંબને કેવળજ્ઞાન થાય. સમજાણું કાંઈ? આહાહા! 'આલંબન' શબ્દ વાપર્યો છે ૧૧૯ ગાથામાં. નીચે નોટમાં છેને. વાપર્યો છે. ૧૧૯ ગાથામાં, ૮૩ ગાથામાં.....

**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે** મુનિ **અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...** શરીરમાત્ર (પરિગ્રહ), એક નગ્ન મુનિ હતા. માતાએ જન્મ્યા એવો દેહ દેખાતો હતો. અંતરના આનંદસ્વરૂપમાં એ જુદી ચીજ હતી. મુનિ હોં. **એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) પરમ-આલોચના અધિકાર નામનો સાતમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.** લ્યો, સાત અધિકાર થયા સાત. આહાહા!

## શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર

હવે આવે છે પ્રાયશ્ચિત્ત.. **શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર**. આઠમો (અધિકાર). અને ગાથા નવ. એના પછી. હૈ કિ નહીં ઉસમેં? **હવે સમસ્ત દ્રવ્યકર્મ...** આ જડકર્મો જે જ્ઞાનાવરણાદિ આઠ રજકણો છે એ જડકર્મને અહીં દ્રવ્યકર્મ કહે છે. **ભાવકર્મ...** પુણ્ય-પાપના ભાવ થાય તેને અહીંયા ભાવકર્મ કહે છે, એ અરૂપી વિકાર છે. **તથા નોકર્મના...** આ શરીર ને વાણી—એ બધાના **સંન્યાસના હેતુભૂત...** એ બધાનું ત્યાગનું કારણ **શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર કહેવામાં આવે છે.** જડકર્મ, ભાવકર્મ એટલે પુણ્ય-પાપનો ભાવ, જડ એટલે રજકણો, નોકર્મ—શરીર, વાણી—એના ત્યાગનું કારણ, સંન્યાસનું કારણ શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર કહેવામાં આવે છે.

મૂળ તો વીતરાગી પરિણતિની વ્યાખ્યા કરતાં આ બધી વ્યાખ્યા કરી. પ્રતિક્રમણ તો એ, પ્રાયશ્ચિત તો એ, પ્રત્યાખ્યાન તો એ, સંવર તો એ, સમાધિ તો એ. ભગવાન આત્મા પૂર્ણ પ્રભુ ધ્રુવ નિત્યાનંદ નાથ એને શરણે જઈને જે દશા પ્રગટે, એને આ બધા નામોથી ઓળખાવ્યા છે. સમજાણું કાંઈ? ભિન્ન ભિન્ન હશે વીતરાગતાની વાત? ક્યાંથી ખસ્યો છે અને કેમ આવ્યો એટલું બતાવવા એના ભેદ પાડ્યા છે. ત્યાં તો વીતરાગતા એક જ છે. શુદ્ધ ભગવાન આત્મા અંતરમાં અવલંબનમાં ગયો એટલે શુદ્ધ પરિણતિ વીતરાગીદશા ઉત્પન્ન થાય એને ધર્મ કહો, એને મહાવ્રત કહો, એને સમિતિ કહો, એને ગુપ્તિ કહો, પચ્ચખાણ–પ્રત્યાખ્યાન કહો, પડિકમણું કહો—એ બધી એક ચીજ છે. આહા! સમજાણું કાંઈ? ૧૧૩.

**वदसमिदिसीलसंजमपरिणामो करणणिग्गहो भावो ।**
**सो हवदि पायछित्तं अणवरयं चेव कायव्वो ॥ ११३ ॥**

જુઓ! 'નિરંતર કર્તવ્ય છે' આવી ગયું છેને ત્રીજી ગાથામાં. આ પાંચ મહાવ્રત એ નિશ્ચયની વાત છે. વ્યવહાર પાંચ મહાવ્રતના વિકલ્પ જે છે એ તો રાગ છે. એની અહીં વાત નથી. છેને વ્રત ને સમિતિની? એ બધા વીતરાગી પરિણામ છે જીવના, એને અહીંયા વ્રત કીધા છે. આ લોકો કહે છે બાર વ્રત કે પંચમહાવ્રત, એ તો બધો વિકલ્પ ને રાગ ને આસ્રવ છે, એ ધર્મ નહીં. ધર્મ તો સ્વરૂપ ભગવાન આત્મા એમાં વીંટાઈ જવું, સ્થિર થઈ જવું એને અહીંયા નિશ્ચય વ્રત કહેવામાં આવે છે. આહાહા! સમજાય છે કાંઈ?

**વ્રત, સમિતિ, સંયમ, શીલ, ઇન્દ્રિયરોધરૂપ છે ભાવ જે**
**તે ભાવ પ્રાયશ્ચિત્ત છે, જે અનવરત કર્તવ્ય છે. ૧૧૩.**

**ટીકા : આ, નિશ્ચય-પ્રાયશ્ચિત્તના સ્વરૂપનું કથન છે.** પ્રાયશ્ચિત્ત, આ પાપ લાગે ને પ્રાયશ્ચિત્ત નથી લેતા? એ વ્યવહાર છે, એ નહીં. આ તો પુણ્ય ને પાપને છેદી નાખવાની આત્માની જે દશા, ભગવાન આત્મા તરફ઼ ઝુકતાં જે પુણ્ય-પાપ છેદાઈ જાય એવી દશાને પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આરે, ભારે વાતું. આહાહા! અરે! એના ઘરમાં શું ભર્યું છે એની એને ખબર નથી. સમજાય છે કાંઈ? અને પામર જ્યાં હોય ત્યાં ગોતે-શોધે જાણે અહીંથી ધર્મ થાશે, અહીંથી થાશે. શેત્રુંજય જાઈએ તો ધર્મ થાશે? સમ્મેદશિખર જાઈએ તો થશે? ઉત્તરમાં સમ્મેદશિખરમાં ધર્મ થાય ને દક્ષિણમાં અહીં થાય. બેય(ની જાત્રા), કહે છે, એ શુભભાવ હોય તો પુણ્ય છે, ધર્મ નહીં. આહાહા!

ધર્મ તો પરમાત્મા પોતે શુદ્ધ અખંડ આનંદનો નાથ એના ઉપર આરૂઢ થાય એને ધર્મ થાય. શેત્રુંજય ઉપર ને સમ્મેદશિખર ઉપર આરૂઢ થાય એને શુભભાવ હોય તો પુણ્ય થાય. આહા! ધર્મ નહીં. આહાહા! અરે! જૈનસંપ્રદાયમાં જન્મ્યા (એવા) કેટલાકને તો ભ્રમણાનો પાર ન મળે. ગજબ છેને! અરિહંત જેવા ત્રણ લોકના નાથ, જેની ગણધરો મહિમા ગાતાં-ગાતાં ગાઈ શક્યા નથી. એવા ભગવાનના નામના વાડામાં તો જન્મ્યા, અમે સ્થાનકવાસી છીએ, અમે દેરાવાસી છીએ, પણ એ અરિહંત કોણ છે એની એને ખબરું ન મળે. સ્વરૂપચંદભાઈ!

**પાંચ મહાવ્રતરૂપ...** આ બાજુ છે. પંચમહાવ્રત નિશ્ચય નિર્વિકલ્પદશા છે. ૧૧૯માં આવે છેને ૧૧૯ ગાથા. ધ્યાન તે જ બધુંય છે, ધ્યાન તે જ બધુંય છે. બહુ ટૂંકામાં લખી નાખ્યું. મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, ૧૩ પ્રકારનું ચારિત્ર, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન—એ બધું ભગવાન (આત્મા)ના ધ્યેયને પકડીને ધ્યાન થાય એમાં સમાઈ જાય છે. આહાહા! ૨૪૦ (પાને) એનો વિસ્તાર કર્યો છે. ૨૪૦માં છેને. **પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત, આલોચના વગેરે બધું ધ્યાન જ છે**. ટીકા. પ્રાયશ્ચિત્તની ૧૧૯ ગાથા છે. એટલે બધે.... પ્રાયશ્ચિત્ત માંહ્યલી ૧૧૯ ગાથા. આહાહા!

નિયમસારે પણ ખજાના ખોલી નાખ્યા છે બધા! આહાહા! કાલ કોઈકને પૂછ્યું હતું કે નિયમસાર કેટલીવાર વંચાણું? કહે, બરાબર આવ્યું નથી. આ છઠ્ઠી વાર ગુજરાતી વંચાય છે. હિન્દી બે વાર તો વંચાણું છે. એકવાર હીરાભાઈના મકાનમાં, એક વાર અહીયા ઓલી ચર્ચા થઈ હતી. એટલામાં બે જ વાર વંચાણું હશે? ઘણા વર્ષ થઈ ગયા. બે વાર હિન્દી ને છ વાર ગુજરાતી—આઠ વાર થયું. ૯૪ પહેલા ત્યાં વંચાણું. પછી અહીં વાંચ્યું ૨૦૦૦માં. ........ (ગુજરાતી ટીકા થયા પછી) ૨૦૦૭માં પહેલું વંચાણું હોં.

**પાંચ મહાવ્રતરૂપ**... આત્માના શુદ્ધ નિર્દોષ વીતરાગીપરિણામને અહીંયા પંચમહાવ્રત કહ્યા છે. આ દુનિયા જે વર્તમાન કહે છે કે અમે પંચમહાવ્રત પાળીએ છીએ, એ તો રાગ–વિકલ્પ ને આસ્રવ છે. સમજાણું કાંઈ? અને એ પણ સમ્યગ્દર્શન વિનાના સાધુઓ, એ સાધુ બધા સમજવા જેવા છે. આહાહા! દેહની ક્રિયા કરી શકું છું, પુણ્યના પરિણામથી ધર્મ થાય—એ (માનનારા) બધા મિથ્યાદૃષ્ટિ છે, જેની દૃષ્ટિમાં અનંત સંસાર તોળાઈ રહ્યો છે માથે. આહાહા! સમજાય છે કાંઈ? એ મહાવ્રતની વ્યાખ્યા આ નહીં. આ તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને પકડીને એમાં વીંટાઈ જાય, લીન થઈ જાય, એનું દર્શન કરી અને લીન થાય—એવા વીતરાગી નિર્દોષ આનંદાદિના પરિણામ એને અહીંયા પંચમહાવ્રત કહે છે. આહાહા!

અહિંસા (એટલે) રાગની ઉત્પત્તિ ન થાય અને વીતરાગીદશાની ઉત્પત્તિ થાય એને અહીંયા અહિંસાવ્રત કહેવામાં આવે છે. આહાહા! ભારે આકરું પડે. પામર પ્રાણી સાધારણને (લાગે કે) અરે! આવું હોય? ભાઈ! પામર નથી, તને ખબર નથી. તું વાણીમાં ન આવે એવો છો. સર્વજ્ઞની વાણીમાં તારી પ્રભુતાનો પાર ન આવે એવો તું છો. આહાહા! પણ એ નિજઘરમાં શું પૂર્ણ ચીજ છે? એકેકે ગુણે પૂર્ણ છે એને અવલંબીને જે દશા પ્રગટ થાય એને મહાવ્રત કહેવામાં આવે છે. આહાહા! એ અહિંસા, વીતરાગીદશા પ્રગટ થાય તે સત્ય, અચૌર્ય—એ વીતરાગી પરિણતિ તે અચૌર્ય, બ્રહ્મચર્ય નામ આનંદમાં રમણતા થાય એ બ્રહ્મચર્ય. એકલું શરીરથી બ્રહ્મચર્ય પાળે શુભરાગ એ બ્રહ્મચર્ય નહીં. બ્રહ્માનંદ ભગવાન આત્મા એના આનંદમાં રમે તે બ્રહ્મચર્ય કહેવામાં આવે છે.

અને અપરિગ્રહ—એ રાગ વિનાની ચીજ એને પકડતા જે સ્થિરતા થાય એનું નામ અપરિગ્રહ છે. એક વાર ઓલા કહેતા હતા. અધ્યાત્મી હતો. (કહે), વારંવાર પુનરુક્ત કરે છે. અમે તો ભિન્ન-ભિન્ન વાત કરીએ. એમ એક જણો કહેતો હતો. અમારે ઘણા.... ....... પણ વસ્તુ એ છે, સાંભળને માળા! આ આચાર્ય શું કહે છે? મારી ભાવના માટે મેં આ નિયમસાર બનાવ્યું છે. વારંવાર એ સ્વરૂપનું વર્ણન જ શુધ્ધ-આચરણનું છે. સ્વરૂપ-આચરણનું વર્ણન છે. સમજાણું કાંઈ? ક્રિયાકાંડ, દયા-દાન ને વ્રતના વિકલ્પ એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી, એ કાંઈ

ધર્મ નથી. આહાહા! એની દયા ન આવી એને હોં. પોતાની દયા ન આવી. અરે! હું આ ક્યાં છું? આહાહા! સમજાણું?

શાસ્ત્રમાં આવે છે. દ્રૌપદીને લઈ જાય છે એક દેવ ઘાતકીખંડમાં. આમાંય આવે છે. લઈ જાય છે એમાં જ્યાં આંખ ઉઘડે ત્યાં, શું છે આ? આ વન શું? આ શું છે? આ સ્વપ્નું આવે છે કે આ શું છે આ? પદ્મરથ રાજા છેને એ લઈ ગયો છે. દેવ એને સહાયક હતા. દેવ લઈ ગયો અહીંથી. ધર્મરાજાના મહેલમાં હતા. અગાશીમાંથી એને ઉપાડી ગયો. આમ આંખ્યું જોવે કે આ શું છે? ત્યાં રાજા આવે છે કે આ મારો મહેલ છે, મારો બગીચો છે. હવે તું ખુશી થા, રાજી થા. મારો ભાઈ શ્રીકૃષ્ણ, મારા ધણી અર્જુન જ્યાં સુધી ન આવે ત્યાં સુધી તું જીવિત છે. શાંતિ રાખ. હું શ્રીકૃષ્ણની બેન બ્રહ્મચારીણી છું. એણે બેન તરીકે માની છે. મારા ધણી અર્જુન છે. પાંચ પતિ નહીં. એ તો શ્વેતામ્બરે નાખ્યું છે. એ મારી તપાસ કરવા ન આવે ત્યાં સુધી મારે આહાર-પાણી નહીં. કેવું.... અરર!

અહીં ભગવાન આત્માને જ્યાં સુધી હું ન તપાસું ત્યાં સુધી...... હું ઢંઢોળીને એને સાવધાન કરું છું. આહાહા! જગાડ્યો આત્માને. જેણે પંચમહાવ્રત સ્વરૂપ ધારણ કર્યું, જેને જ્ઞાનની શાંતિના અંકુરા ફૂટ્યા છે, આહાહા! સમજાણું કાંઈ? એને અહીંયા મહાવ્રત કહેવામાં આવે છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ એને કહેવાય છે હોં. બહારના પંચમહાવ્રત એમ નહીં. આહાહા! આવી વાતું. આમાંથી કાઢે કે જુઓ! અહીં પંચમહાવ્રતને ધર્મ કહ્યો છે. એ કાઢે. ક્યા પંચમહાવ્રત? સાંભળને! ચારિત્રથી તો હજી મિથ્યાત્વ છે, રાગથી ધર્મ માને, પુણ્યથી ધર્મ માને, મિથ્યાત્વ છે. વ્યવહાર મહાવ્રત પણ ક્યાં છે તારે? આહાહા!

આકરું કામ દુનિયાથી જુદું પડવું, સમાજથી જુદું પડવું, દુનિયાના રાગથી જુદું પડવું, આહાહા! સમાજમાં ...... હોય મોઢા આગળ, પ્રમુખ તરીકે બેસાડ્યા....લ્યો. સંઘ બહાર કરો. લાખ વાર સંઘ બહાર લ્યોને ભાઈ! તારા આવા સંઘ નથી (જોઈતા) લે! આહાહા! ભગવાને તો એમ ફરમાવ્યું કે પંચમહાવ્રત તો ધ્યાનસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? જેણે આત્માને ધ્યેય કરીને જેના ધ્યાન (પોતાના) આત્મામાં જામ્યા છે. આહાહા! એવી ધ્યાનની દશાને ભગવાન પંચમહાવ્રત કહે છે. સમજાણું કાંઈ? પછી આવશે. એ વિના...... અહીં એ જ કહેવું છે. આહાહા!

જ્યારે ભગવાન નિજઘરમાં આવે છે અને જ્યારે એના ઉછાળા વીતરાગની પર્યાયના પરિણમે છે. ઓહોહો! એ આનંદના સ્વાદ લેતી વીતરાગદશા પ્રગટે છે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન કહીએ, એને સમ્યગ્જ્ઞાન કહીએ, એને સમ્યક્-ચારિત્ર કહીએ, પણ આ દશાને હોં. એ પંચમહાવ્રત... આવે છેને પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમાં. જેટલે અંશે રાગ છે એટલા અંશે બંધ છે. આ મહાવ્રત તે રાગ નથી, એ તો અબંધપરિણામ છે. આહાહા! અત્યારે લોકો જેને મહાવ્રત કહે

છે એ તો રાગ છે. એ મહાવ્રત તો અજ્ઞાનીને હોતા નથી છતાં એ માને છે. આ તો ધર્મીને મહાવ્રત આવા હોય છે. સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણાનંદનો નાથ પરમેશ્વર એમાંથી જેણે પ્રભુતા–પરમેશ્વરતા પ્રગટ કરી છે, એવા જે નિર્દોષ વીતરાગી નિર્વિકલ્પ આનંદના.. આનંદના પીણા જે પીવે છે, આહાહા! એને અહીં પાંચ મહાવ્રત કહેવામાં આવે છે. બાબુલાલજી! અત્યારે તો ગોટા ઉઠ્યા છે મોટા બધા. તમારા જેવા મોઢા આગળના માણસને જુદું પડવું હોય તો આકરું પડે. આવો શેઠિયા! નાખો આમાં પૈસા, આપો આમાં...... આહાહા! મારા ઘરે .... જુદું છે ભાઈ!

**પાંચ સમિતિરૂપ...** એ પણ વીતરાગીદશા છે. જોઈને ચાલવું એ પણ જોઈને ઠરવું અંદરમાં. ભગવાન પૂર્ણાનંદનો નાથ એને જોઈને ઠરવું એનું નામ સમિતિ છે. જોઈને ચાલવાનો વિકલ્પ તો રાગ ને આસ્રવ છે. ... વખાણ કરે છે (કે) પંચમહાવ્રતના પાળનાર, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, તેર પ્રકારના ચારિત્રને પાળનારા. ચારિત્ર ચક્રવર્તી. આહાહા! બાપુ! ધન્ય અવતાર! ચારિત્ર ચક્રવર્તી થાય એ ધન્ય અવતાર છે ભાઈ! પણ નથી ને મનાણા છે એ કે દિ' આવશે સવળે રસ્તે? કાનજીભાઈ! આ તો અંતર વસ્તુ છે. ભગવાના પરમાત્મા પોતે જ પૂર્ણ સ્વરૂપ છે. ધ્રુવ અનાદિ-અનંત નિત્ય છેને. આદિ-અંત વિનાનું તત્ત્વ છેને. સત્ છેને. સત્ત્વ છેને એનું સત્નું સત્ત્વ ત્રિકાળ. હોવાપણે છેને. ભલે ધ્રુવ પણ ધ્રુવ હોવાપણે છેને. ભલે અરૂપી પણ વસ્તુ છેને. આહાહા! જે વિકલ્પની આંખે જણાય નહીં, પણ જણાય એવી એક ચીજ છેને. અંદર જ્ઞાન ને શ્રદ્ધા દ્વારા જણાય એવી ચીજ છે કે નહીં? સમજાણું કાંઈ?

એવા એને અંતર વસ્તુને જોઈ અને અંદર ઠરવું એ ઇર્યાસમિતિ કહેવાય. ઇર્યા નામ પંથમાં, મોક્ષના માર્ગ–પંથમાં રહેવું એનું નામ ઇર્યાસમિતિ છે. આહાહા! ભાષા(સમિતિ). ભાષા નામ બોલવાનો વિકલ્પ ને બોલવું એ આત્માની ચીજ નથી. જેમાં સત્નું પરિણમન થઈ જવું, શુદ્ધ ભગવાન પરમાનંદનો નાથ એના સત્નું પરિણમન સત્રૂપે થવું એ ભાષાસમિતિ છે. એષણા—આહાર ગોતવો એ એષણાસમિતિ વિકલ્પ છે–રાગ છે. આત્માને શોધવો અંદર પૂર્ણાનંદનો નાથ એ એષણા. શોધીને એમાંથી સારો ખોરાક લઈ લેવો, આનંદનો ખોરાક લેવો એનું નામ એષણા છે. સમજાય છે કાંઈ?

એષણામાં નિર્દોષ આહાર લેને, બહારનો હોય એ. આ અંદરનો નિર્દોષ આહાર લે. આહાહા! કાયમ રહેનારું તત્ત્વ જે આત્મા છે.. છે.. છે ને છે. ભૂતકાળે, અત્યારે ને ભવિષ્યે આખું તત્ત્વ ધ્રુવ એનો ખોરાક શોધીને અંદરથી કાઢવો અને એ નિર્દોષ આહારનો અનુભવ કરવો એનું નામ એષણાસમિતિ છે. સ્વરૂપચંદભાઈ! આ તો બધી જાત બીજી. આમ જોઈએ તો બીજું ને નીકળે બીજું અહીં તો.

આદાન-નિક્ષેપણા સમિતિ—સ્વરૂપને ગ્રહવું ને રાગને છોડવો એનું નામ આદાન-નિક્ષેપ સમિતિ વ્રત છે. આદાન ... નહીં હો. ... શ્વેતામ્બરમાં છે. આદાન-નિક્ષેપણ. શ્વેતામ્બરમાં ... આયાન-નિક્ષેપણા આવે છે. એનો .... છે. વાસણ-બાસણ કેવા? ભાઈ! મુનિને વાસણ કેવા ને કપડા કેવા? અંતરની આનંદની લહેર જ્યાં છૂટે છે એની આગળ પાંચેય ઇન્દ્રિયના વિષયો અટકી ગયા છે, આખા શરીરમાં ઇન્દ્રિયનો પ્રસાર થઈ ગયો છે, આહાહા! એને અહીંયા એષણાસમિતિ કહે છે. આયાન.. આયાન.

આદાન-નિક્ષેપણ—પોતાના સ્વરૂપને ગ્રહ્યું છે, ત્યાં સ્થપાણો છે, રહ્યો છે. આનંદમાં રહેનારને આદાન-નિક્ષેપ સમિતિ હોય છે. કહો, આ વાત ત્યાં હતી શાંતિભાઈ? એ તો સાધુ થવાના હતા, દિગંબર મુનિ વૈરાગી મુનિ. અત્યારે વૈરાગી છે. મુનિ–દિગંબર મુનિ થવાના હતા. એમાં આ સાંભળ્યું. કહો, આ સોનગઢ તો બીજો માર્ગ કહે છે. આહાહા! એ આત્મજ્ઞાન ને સમ્યક્ વિના એવા બાહ્ય ત્યાગ અનંતવાર કર્યા, એમાં કાંઈ વળ્યું નહીં. ધૂળેય વળ્યું નહીં. આહાહા! ભોગીઓ જેમ પાપને ભોગવે, એમ આ વળી પુણ્યને ભોગવે. વિકારનું ભોગવવું તો બેયને એક સરખું છે. સમજાય છે કાંઈ?

જોગીઓ તો આત્માના આનંદને ભોગવે એને જોગી કહેવામાં આવે છે. એ ... પાઠમાં આવે છેને. વિકલ્પ આદિ બધા છોડી દેવા ને નિર્વિકલ્પમાં રમણતા કરવી એનું નામ પાંચમી સમિતિ છે. એ પણ અંદર શીલરૂપ વીતરાગી પર્યાય છે. શીલમાં આ બધું આચારણ આવે પ્રાયશ્ચિત્ત, પડિકમણું (આદિ). ત્યાં ૧૧૯માં નામ જુદા આપ્યા છે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ—તેર અને પછી પડિકમણું, પ્રત્યાખ્યાન એવા નામ આપ્યા છે. એ બધું આમાં સમાઈ જાય છે શીલમાં. આત્માનો શીલસ્વભાવ–બ્રહ્માનંદનો સ્વભાવ, ભગવાનને અંદરમાં પકડીને બ્રહ્માનંદમાં રહે એનું નામ શીલ, એનું નામ પ્રત્યાખ્યાન, પડિકમણું—જે કહો એ એનું નામ.

**સર્વ ઇન્દ્રિયોના ને મનવચનકાયાના સંયમરૂપ પરિણામ...** લ્યો. પાંચ ઇન્દ્રિયો અને મનથી છૂટી સંયમરૂપ પરિણામ... એમ કીધુંને. વીતરાગી સમ્–સમ્યગ્દર્શન સહિત, અંદર યમ–લીનતા થવી એનું નામ સંયમ પરિણામ છે. **તથા પાંચ ઇન્દ્રિયોનો નિરોધ...** પાંચ ઇન્દ્રિયનો નિરોધ... ઇન્દ્રિયો ને મનવચનકાયના સંયમરૂપ પરિણામ એમાં આવી ગયું. સંયમ લેવો છેને. બાર પ્રકારના સંયમ છેને એટલે એને ખુલાસો એ કર્યો. પાંચ ઇન્દ્રિય ને છઠ્ઠું મન ને છકાય, એમ. **ઇન્દ્રિયોનો નિરોધ—એ પરિણતિવિશેષ તે પ્રાયશ્ચિત્ત છે.** લ્યો. એ અંતરની નિર્દોષ દશા, નિર્વિકલ્પદશા, એ પર્યાયવિશેષ તે પ્રાયશ્ચિત્ત છે. એનું નામ પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે અને એ મોક્ષનો માર્ગ છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)



Vitragvani

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

: સહપ્રકાશક :
શ્રી  કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

www.vitragvani.com